# ગુરુકહાન : દૃષ્ટિ મહાન

(ભાગ-૧૦)



આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો

-: પ્રકાશક :-

**ઓમકારભાઈ જયકિશનભાઈ ભક્ત**

નનસાર, સુરત

सर्वज्ञ वीतरागाय नमः।

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

## (ભાગ–૧૦)

**આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામીના**
**દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો**


-: સંકલનકાર :-

**જિતુભાઈ નાગરદાસ મોદી**

(નિવૃત્ત સંપાદક : આત્મધર્મ)

**પ્રશમ જિતુભાઈ મોદી**

(સંપાદક : આત્મ-જાગ્રતિ)



-: પ્રકાશક :-

**ઓમકારભાઈ જયકિશનભાઈ ભક્ત**

**મુ.પો. નનસાર, તાલુકો : કામરેજ, સુરત**

પ્રથમ આવૃત્તિ

વિ.સં. ૨૦૭૩ | વીર સં. ૨૫૪૨ | ઈ.સ. ૨૦૧૬

-: **પ્રકાશન તિથિ** :-

કુંદકુંદાચાર્ય આચાર્યપદવી દિન, માગશર વદ-૮

તા. ૨૧-૧૨-૨૦૧૬

## : પ્રાપ્તિસ્થાન :

* **હીનાબેન વી. ભક્ત**
G-૧૧૪, આશીર્વાદ પેલેસ
ભટાર રોડ
**સુરત (ગુજરાત)**
ટે. નં. : ૦૨૮૧-૨૨૩૮૭૧૦

* **બિપિનભાઈ જે. મોદી**
૩૫/૩૬, ડી.કે. નગર
કતારગામ
**સુરત ૩૯૫૦૦૪**
મો. નં. : ૦૯૪૨૭૧૪૧૦૧૮

* **વિજયભાઈ એમ. બોટાદરા**
બી/૨૭, સેકન્ડ ફ્લોર
''ન્યુ મહાવીર પ્રકાશ''
ઘાટકોપર (ઇસ્ટ)
**મુંબઈ-૪૦૦૦૭૭**
મો. નં. : ૦૯૮૧૯૧૯૫૩૫૩


* **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ
વીલેપાર્લે (વેસ્ટ)
**મુંબઈ-૪૭૦૦૫૬**
ટે.નં. ૦૨૨-૨૬૧૩૦૮૨૦ / ૬૧૦૪૯૧૨

* **ચિંતન જિતુભાઈ મોદી**
'ક્રમબદ્ધ નિવાસ'
૪૫, કહાન નગર સોસાયટી
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
મો. નં. : ૦૯૯૨૫૮૬૨૫૬૮
૦૯૭૨૨૮૩૩૧૪૩

## મૂલ્ય : સ્વાધ્યાય

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**ફોન (૦૨૮૪૬) ૨૪૪૦૮૧**

ટાઈપ સેટીંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
**ભાવનગર**
**મો. ૯૭૨૫૨ ૫૧૧૩૧**




ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે જૈનજગતમાં પ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે; જેઓની શીતળ છત્રછાયામાં ૫૭ વર્ષ સુધી સોનગઢમાં જીવન વીતાવવાનું પરમ સૌભાગ્ય અમારા પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને તેમના જ દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનોના અમૂલ્ય ખજાનામાંથી ચૂટેલાં ૨૫ પ્રવચનનાં સંકલનરૂપ આ 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન' ભાગ–૧૦ અર્પણ કરતાં અમે જીવનની ધન્યતા અનુભવીએ છીએ.

–સંકલનકાર


પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય
સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૂહાન ! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે.

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે—તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો !

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા.

નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય–'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'–ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે– 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮મા મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર

શેઠ દ્વારા ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળ્યા – 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે–'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહા વીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧મા ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫મા વઢવાણમાં ૧૫

વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬મા વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭મા દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ—ઐસા હમે લગતા હૈ'—અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩) થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર

ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે....! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩મા બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩મા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે "....ભગવાન કુંદકુંદની વાણી સમજીને મહારાજશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે....."

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી

એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતા તેમણે લખેલ કે કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં. એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના આવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮મા નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦મા સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)મા—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)મા—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુઝે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં. બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે

'.....આપકી વાણીમેં તીર્થંકરોંકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામાં આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં—વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપરીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં **CD** યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહના પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ—રાજધાની દિલ્હીમાં—વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા/છે. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગ્રતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડૉ. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ટોડરમલ સ્મારક ભવનનું ઈ.સ. ૧૯૬૭મા નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. નવા પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩મા ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે—પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ ઓહોહો....! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમો આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગરનિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય—ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા

હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા જ દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં—સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતા ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં—એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસ્રષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર, શ્રી

પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧મા વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ.....શરમ..... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ.....ભૂલી જાઓ.... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખતા નથી. અમે

તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન–સત્‌સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતાં કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો !!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યૂઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી–નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારેય બે ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાના માટે બનેલો આહાર–ઉદ્દિષ્ટ ભોજન–પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ—વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્‌ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫મા રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે ?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય—ચાહે તે પોતાનો શિષ્ય ભલે હોય તોપણ—તેની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટિની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વપ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું હતું. "સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે"—એ "ક્રમબદ્ધપર્યાય"ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ "ક્રમબદ્ધપર્યાય" શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

"તું પરમાત્મા છો—એમ નક્કી કર ! તું પરમાત્મા છો—એમ નક્કી કર !"—એવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનાર સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો !

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

—સંકલનકાર

# પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિષ્કૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઈતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જે કોઈ થયા હોય તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સર્જ્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫-૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્‌રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શન-શ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્‌વત્ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યાં, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી—એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતાં હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછી-વધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય-વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઈત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગ-પ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્ પુરુષાર્થ અપનાવે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન-અધ્યાત્મયુગના સર્જક છે કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના બોધથી

જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેના બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસ-રાત એ નિશ્ચયનું શ્રવણ, ચિંતન ને ઘોલન કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશ-અમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૨૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ–પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D. (Blu-ray Disc)**માં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુઓના આત્મહિતનું સાધન પ્રદાન કર્યું છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ ટેપ-પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'** રૂપે સીડી પ્રવચનો તેમજ અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગ્રત થતાં શ્રી જયસુખભાઈ ભાયાણી, શ્રી ન્યાલચંદભાઈ હરજીવનદાસ સંઘરાજકા, સ્વ. જયંતીલાલ ચમનલાલ દોશી-પરિવાર, શ્રીમતી પ્રવીણાબેન શશીકાંતભાઈ ખારા–પરિવાર, શ્રીમતી ઉષાબેન રમેશચંદ્ર શાહ-પરિવાર તથા નિરૂબેન વિનુભાઈ ભક્ત-પરિવારે પ્રકાશન માટે પ્રમોદ બતાવતા અત્યાર સુધીમાં ભાગ-૧ થી ભાગ-૯ સુધી પ્રકાશિત કરવામાં આવ્યા છે જેનો વ્યકિતગત ઉપરાંત કેટલાક મુમુક્ષુમંડળોમાં સભામાં નિયમિત લાભ લેવામાં આવે છે.

ઓમકારભાઈ જયકિશનભાઈ ભક્ત-પરિવાર દ્વારા અભ્યાસી મુમુક્ષુઓના દ્રવ્યદૃષ્ટિપ્રધાન પુરુષાર્થની અભિવૃદ્ધિની અનુમોદનાનો લાભ લેવાની ભાવના થતાં 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન, ભાગ-૧૦' તેમના દ્વારા સીડી સહિત પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

આ પુસ્તક-પ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીનું દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્ય જીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં, પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણા કરતાં અંદરથી ઉછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'**ના માધ્યમથી આપણે સૌ ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ—

—સંકલનકાર

❀

# અનુક્રમણિકા

## ગુરુ કહાન : દ્રષ્ટિ મહાન (ભાગ-૧૦)



| ક્રમ | શાસ્ત્ર | ગાથા/શ્લોક | તારીખ | (DVD) પ્રવચન નં. | પેઈજ નં. |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી સમયસાર | ગાથા-૭૬ | ૧૪-૧૦-૬૧ | ૧૦૫ | 1 |
| ૨. | શ્રી સમયસાર | ગાથા-૬ | ૩-૧૨-૭૧ | ૨૮ | 15 |
| ૩. | શ્રી સમયસાર | ગાથા-૬ | ૪-૧૨-૭૧ | ૨૯ | 26 |
| ૪. | શ્રી નિયમસાર | શ્લોક-૧૧૯ | ૨૪-૧૧-૭૯ | ૯૦ | 36 |
| ૫. | શ્રી સમયસાર | ગાથા-૭૭ | ૧૫-૧૦-૬૧ | ૧૦૭ | 46 |
| ૬. | શ્રી સમયસાર | સ્યાદ્. બોલ ૯-૧૨ | ૨૬-૮-૬૨ | ૩૪૭ | 60 |
| ૭. | શ્રી કળશટીકા | કળશ-૭-૮ | ૧૫-૩-૬૫ | ૯ | 74 |
| ૮. | શ્રી કળશટીકા | કળશ-૧૧૫ | ૨૦-૧૨-૬૭ | ૧૦૦ | 87 |
| ૯. | શ્રી નિયમસાર | શ્લોક-૧૭૩-૧૭૫ | ૨૦-૫-૮૦ | ૧૨૯ | 101 |
| ૧૦. | શ્રી સમયસાર | ગાથા-૧૧ | ૨૪-૭-૭૮ | ૪૨ | 112 |
| ૧૧. | શ્રી સમયસાર | ગાથા-૭૬ | ૧૪-૧૦-૬૧ | ૧૦૪ | 124 |
| ૧૨. | શ્રી યોગસાર | ગાથા-૩૮-૪૨ | ૨૨-૬-૬૬ | ૧૫ | 138 |
| ૧૩. | શ્રી પરમાત્મપ્રકાશ | ગાથા-૫૭-૫૮ | ૧૭-૭-૭૬ | ૩૭ | 152 |
| ૧૪. | શ્રી કળશટીકા | કળશ-૨ | ૨-૯-૬૭ | ૪ | 164 |
| ૧૫. | શ્રી સમયસાર | ગાથા ૮૯-૯૧ | ૧૬-૬-૬૯ | ૧૬૬ | 177 |
| ૧૬. | શ્રી સમયસાર | શક્તિ-૧-૩ | ૨૮-૮-૬૨ | ૩૪૯ | 191 |
| ૧૭. | શ્રી કળશટીકા | કળશ-૨૮-૨૯ | ૯-૧૦-૬૭ | ૩૬ | 205 |
| ૧૮. | શ્રી સમયસાર | ગાથા-૩૦૬-૩૦૭ | ૧૫-૬-૬૨ | ૨૭૬ | 219 |
| ૧૯. | શ્રી નિયમસાર | ગાથા-૧૨૪ | ૨-૬-૮૦ | ૧૪૨ | 234 |
| ૨૦. | શ્રી પરમાત્મપ્રકાશ | ગાથા-૯૭-૯૮ | ૨૩-૧૨-૭૬ | ૧૬૬ | 247 |
| ૨૧. | શ્રી સમયસાર | પરિશિષ્ટ | ૨૩-૮-૬૨ | ૩૪૪ | 257 |
| ૨૨. | શ્રી પરમાત્મપ્રકાશ | ગાથા-૧૦૭ | ૧-૧-૭૭ | ૧૭૪ | 272 |
| ૨૩. | શ્રી પરમાત્મપ્રકાશ | ગાથા-૧૯૭ | ૧૨-૫-૭૭ | ૨૩૬ | 284 |
| ૨૪. | શ્રી સમયસાર | ગાથા-૩૬ | ૧૦-૧૦-૭૮ | ૧૦૪ | 295 |
| ૨૫. | બહેનશ્રીનાં વચનામૃત | બોલ ૫૯-૬૧ | ૨૩-૬-૭૮ | ૧૮ | 307 |

પ્રવચન શરૂ કરતાં પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા કરવામાં આવતું

# માંગલિક

।। णमो लोए सव्व अरिहंताणम् ।।

।। णमो लोए सव्व सिद्धाणम् ।।

।। णमो लोए सव्व आयरियाणम् ।।

।। णमो लोए सव्व उवज्झायाणम् ।।

।। णमो लोए सव्व त्रिकाळवर्ती साहूणम् ।।

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः।।

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम्।।

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावायभावाय सर्वभावान्तरच्छिदे।।

त्रिकाळ दिव्यध्वनि दातार....

❀

# ગુરુ કહાન-દૃષ્ટિ મહાન

(ભાગ-૧૦)

**શ્રી સમયસાર, ગાથા-૭૬**
**પ્રવચન નં.૧૦૫, તા.૧૪-૧૦-૧૯૬૧**
**(૧)**

'સમયસાર'નો કર્તા-કર્મ અધિકાર, ૭૬મી ગાથામાં પ્રશ્ન થયો. શિષ્યએ પ્રશ્ન કર્યો, ભગવંત ! આત્મા, પુદ્‌ગલ રાગાદિને જાણતો થકો એટલું તો કાર્ય કરે છે. આત્મા કર્તા થઈને રાગ ને વ્યવહાર, વિકલ્પ, શરીરાદિનું જાણપણારૂપ કાર્ય તો કરે છે. તો જાણવારૂપ કાર્ય કરવામાં પર સાથે કોઈ કર્તા-કર્મ સંબંધ છે કે નહિ ? એ પ્રશ્ન થયો. સમજાય છે કાંઈ ? જાણવારૂપ કાર્ય તો કરે છે, કાર્ય તો છે. વ્યવહાર-રાગ, જડનું જાણવું, નિજ જ્ઞાનસ્વભાવમાં પોતાથી પોતામાં જાણવારૂપી વ્યાપ્ય-કાર્ય વ્યાપકનું કરે છે. તો પુદ્‌ગલ સાથે એને કર્તા-કર્મ છે કે નહિ ? પોતાનું કામ તો કરે છે તો બીજાનું પણ કામ સાથે કરી લે. એક ગાયનો, એ દાખલો આપણે ઘણી વાર આપીએ છીએ. એક ગાયનો ગોવાળ એમ પાંચ ગાયનો ગોવાળ. ગોવાળ સમજો છો ? ગ્વાલા હોતા હૈ ન . એક ગાયને ચરાવવા જાય તો સાથે પાંચ ગાયને ચરાવે, એમાં શું છે ? એમાં તકલીફ શું છે ?

આત્મા પરપદાર્થ, વ્યવહાર, દયા, દાન, રાગ શરીરને જાણવારૂપી કાર્ય ન કરે તો તો ઠીક, પણ જાણવારૂપ કાર્ય તો કરે છે, તો પર સાથે કર્તા-કર્મ સંબંધ છે કે નહિ ? જાણવારૂપી કાર્ય અથવા કર્તા અને દેહાદિ કે શરીરાદિ કે વ્યવહારાદિ, રાગાદિ એનું કાર્ય, એવો કોઈ સંબંધ છે ? તો કહે છે, એમ નથી.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક કામ (કરે તો સાથે) બીજા પણ કરે. એ ત્રીજી ગાથામાં આવ્યું હતું ને ? ત્રીજી ગાથામાં-'**एयत्तणिच्छयगदो**'. આત્મા પોતાના અનંત ધર્મને ચૂંબે છે. એ ત્રીજી

ગાથામાં આવ્યું હતું.

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**

એની ટીકામાં આવ્યું હતું. ભગવાન આત્મા અથવા અનંત દ્રવ્ય, પોતાના અનંત ગુણ-ધર્મને ચૂંબે છે. એટલું તો કામ છે તો એની સાથે પરદ્રવ્યને ચૂંબે છે કે નહિ ? તો કહ્યું કે ભગવાન આત્મા કે પ્રત્યેક દ્રવ્ય પોતાના ધર્મ-ગુણને ચૂંબે છે-સ્પર્શે છે, આલિંગન (કરે) છે, આલિંગિત છે. છતાં પરદ્રવ્યને ચૂંબવું કે કોઈ દ્રવ્યને સ્પર્શવું, એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે છે એ ત્રણકાળમાં નથી. સમજાય છે કાંઈ ?

પોતાના સ્વભાવને દ્રવ્ય અડે છે-પ્રત્યેક પરમાણુ, આત્મા, ધર્માસ્તિ; પણ પરદ્રવ્યને એક પરમાણુ બીજા પરમાણુને અડે છે, સ્પર્શે છે (એમ) ત્રણકાળ ત્રણલોકમાં નથી. એવી ટીકા ત્રીજી ગાથામાં 'અમૃતચંદ્રાચાર્યદેવે' લીધી હતી. તો શું (કહ્યું) ? એમાં એવો પાઠ લીધો છે કે અનંત ધર્મને ચૂંબતો હોવા છતાં, આમ કરતો હોવા છતાં, આટલું તો કરે છે, તો પરદ્રવ્યને ચૂંબે છે કે નહિ ? પોતાના ધર્મને ચૂંબતો હોવા છતાં પરદ્રવ્યને ચૂંબતો નથી, સ્પર્શતો નથી, અડતો નથી. અહીંયાં એવો પ્રશ્ન કર્યો છે. ભગવાન ! આત્મા પરને જાણે તો છે તો જાણવાના કાર્યની સાથે કર્તા થઈને પરનું-પુદ્‌ગલનું, રાગનું કાર્ય એનું છે, એવો કોઈ સંબંધ છે ? તો કહે છે, નથી.

**ટીકા :- 'પ્રાપ્ય,...'** આ પુદ્‌ગલની વાત ચાલે છે, હોં ! પ્રાપ્ય-જે રાગ જે સમયે આવવાનો છે તેને પુદ્‌ગલ પ્રાપ્ય નામ પ્રાપ્ત કરે છે. એ પર્યાય નિયત છે. જ્ઞાનીને જે રાગ જ્ઞેયરૂપ, વ્યવહાર રત્નત્રયરૂપ, શરીરની ક્રિયારૂપ જે પર્યાય જડમાં થવાની છે, તે સમયનું ઉલ્લંઘન નથી કરતી. તે પર્યાય પ્રાપ્ય છે અર્થાત્ નિશ્ચિત છે અર્થાત્ તે દ્રવ્ય તે જ પર્યાયને પ્રાપ્ત કરે છે તેને અહીંયાં પ્રાપ્ય કહે છે. છે, જે થનારી છે, થનારી જે છે તેને પ્રાપ્ય કરે છે. શું કહ્યું?

વ્યવહાર રત્નત્રયમાં અહીંયાં પુદ્‌ગલના પરિણામ લેવા છે ને ? એ પુદ્‌ગલના પરિણામ છે. રાગ, વ્યવહાર રત્નત્રયનો રાગ જે સમયે જે પર્યાયમાં થવાવાળો છે તેને પુદ્‌ગલ પ્રાપ્ય કરે છે, પ્રાપ્ત થાય છે. પુદ્‌ગલ પહોંચી વળે છે. તેને પુદ્‌ગલ પહોંચી (વળે છે). પહોંચી વળે છે કહે છે ને ? પહોંચે છે. એ રાગને પુદ્‌ગલ પહોંચે છે, તેનું નામ પ્રાપ્ય, આત્મા નહિ. આત્મા તો કહેશે, એ પુદ્‌ગલ જે રાગને જે સમયે પ્રાપ્ય-પહોંચે છે, તે જ સમયે આત્મા પોતાનું જ્ઞાન કરીને, તેના જ્ઞાનની પર્યાયને પ્રાપ્ય-તે સ્વપરપ્રકાશક પર્યાય તે પ્રકારની થવાની છે તેને એ પ્રાપ્ય નામ પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત (છે), ભાઈ ! અંતરની ચીજ એવી છે. નિશ્ચય અને વ્યવહાર સર્વથા ભિન્ન છે. વ્યવહારમાં નિશ્ચયનો અભાવ (છે) અને નિશ્ચયમાં વ્યવહારનો અભાવ (છે), તે વિના બે ચીજ સિદ્ધ-સાબિત થતી નથી. કહે છે કે એ પ્રાપ્ય-વ્યવહાર રત્નત્રયનો રાગાદિ એટલે શરીર, વાણી, મન બધું, સુખ-દુઃખની કલ્પના વગેરે. તેને પુદ્‌ગલ પહોંચી વળે છે, પુદ્‌ગલ પહોંચે છે, પુદ્‌ગલ એને પ્રાપ્ત કરે છે. તે જ પર્યાય નિશ્ચિત છે, તે પુદ્‌ગલમાંથી આવે છે

અને પુદ્ગલ તેને જ પ્રાપ્ત કરે છે.

**'વિકાર્ય,...'** પૂર્વની અવસ્થા પલટીને વિકાર્ય-ફેરફાર, પૂર્વની અવસ્થા ફેરફાર-વ્યય થઈને નવી અવસ્થા વિકાર્ય નામ પલટો થયો. એ પણ પુદ્ગલમાં પલટો થયો, પુદ્ગલમાં પૂર્વ અવસ્થાનો વ્યય થઈને વિશેષ અવસ્થાનો પલટો થયો એ વિકાર્ય. **'નિર્વર્ત્ય...'** વર્તમાન અવસ્થાપણે નિપજ્યો. છે તો તેની તે, પણ એક નિશ્ચિત, એક ફેરફાર, એક ઊપજવું-એવા ત્રણ વ્યાપ્ય લક્ષણરૂપી જડનું કાર્ય, એ પુદ્ગલનું કાર્ય, પુદ્ગલનું વ્યાપ્યરૂપ કર્મ, તેને પુદ્ગલ પહોંચે છે, આત્મા નહિ. સમજાય છે કાંઈ ?

**'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય...'** નિશ્ચિત, ફેરફાર, ઊપજવું. એ ત્રણના લક્ષમાં ફેર છે, વસ્તુની એની એ છે. **'વ્યાપ્યલક્ષણવાળું...'** અવસ્થા લક્ષણવાળું, કદાચિત્ થવાવાળી અવસ્થારૂપ લક્ષણવાળું **'પુદ્ગલના પરિણામસ્વરૂપ જે કર્મ...'** પુદ્ગલના પરિણામસ્વરૂપ કર્તાનું કાર્ય. એ પુદ્ગલ કર્તા છે અને તેનું એ વ્યાપ્ય-પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય તેનું કાર્ય છે. ઓહોહો..! પહેલી લીટી ચાલે છે, ભાઈ, 'મૂળજીભાઈ' ! હજી તો પહેલી લીટી ચાલે છે. સમજાય છે કાંઈ ? તે કર્તાનું કાર્ય છે. કોનું ? એ પુદ્ગલનું બદલવું થયું એને પુદ્ગલ કહ્યું. રાગનો ભાવ આદિ પુદ્ગલનું બદલવું થઈને વિકારરૂપ થયું, તે જ ઉપજ્યું, તે જ નિશ્ચિત હતું, તેને પુદ્ગલ કર્તા થઈને કાર્યને કરે છે.

અહીં તો ભેદથી સમજાવવું છે ને. નહિતર તો પર્યાય અને પર્યાયવાન એ સમયે અભેદ છે. પુદ્ગલની સાથે અભેદ છે, આત્માની સાથે અભેદ નહિ. સમજાય છે કાંઈ ? 'રવજીભાઈ' ! ઝીણું બહુ, હોં ! ન્યાં ક્યાંય આવ્યું નહિ હોય. શું કહેવાય એને ? ઈંગ્લેન્ડ ગયા હતા કે અમેરિકા ? ઈંગ્લેન્ડ. થોથેથોથા બધાં. કહો, સમજાણું કાંઈ ? એમ હશે ? 'મૂળજીભાઈ' ! બેરિસ્ટર થયા છે ને.

આ તો ભગવાન આત્મા પોતાનું બેરિસ્ટરપણું કરે ઈ શું ? ઓહો..! એ પુદ્ગલ કર્મનું કાર્ય છે. જુઓ ! શાસ્ત્રમાં એમ લીધું છે કે વ્યવહાર રત્નત્રય પાપ છે. સમજા છે કાંઈ ? શું કહ્યું ? વ્યવહાર રત્નત્રય પાપ છે, નિશ્ચયથી પાપ છે. એ પુદ્ગલનું કાર્ય પાપ છે, નિજ આત્માનું કાર્ય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ ? ઈ કહે છે કે પુદ્ગલના પાપ પરિણામ એ આત્માના હોય ? આત્મા પવિત્ર સ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ સ્વભાવ, એ પરિણમનારો પોતામાં પાપપર્યાય ઉત્પન્ન કરે ? એ તો પાપને જાણવારૂપ અને પોતાને જાણવારૂપ જ્ઞાનના કાર્યરૂપ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યને પ્રાપ્ત કરે. સમજાય છે કાંઈ? ઘણી ઝીણી વાત છે, ભાઈ ! આહાહા..!

'યોગસાર'માં કહે છે ને ? 'પાપ પાપને તો સહુ કહે, પણ અનુભવીજન પુણ્યને પાપ કહે.' સમજાય છે કાંઈ ? પુણ્યને પાપ કહે. 'યોગસાર'માં કહે છે. અને પુણ્ય-પાપના અધિકારમાં છેલ્લી ગાથા છે ને ? પુણ્ય-પાપ અધિકાર છે ને ? એની છેલ્લી ગાથામાં શિષ્યએ પ્રશ્ન કર્યો છે કે પ્રભુ ! તમે આ શેનો અધિકાર કહો છો ? પહેલા પુણ્યનો અધિકાર તો આવી ગયો. આ શેનો અધિકાર છે ? પાપનો અધિકાર છે આ વ્યવહાર રત્નત્રય ?-કે હા, પાપનો અધિકાર છે.

'જયસેનાચાર્યદેવ' પુણ્ય-પાપ (અધિકારની) છેલ્લી ગાથાની ટીકામાં (કહે છે), આ પાપ અધિકાર છે. પાપ કેમ ? એ વ્યવહાર રત્નત્રય વ્યવહારથી પવિત્રતાનું કારણ પરંપરા મોક્ષનું કારણ છે એમ કહેવામાં આવે છે; પણ સ્વરૂપથી પતીત, નિર્વિકલ્પ શાંતિથી પતીત થાય છે, તેથી વ્યવહાર રત્નત્રયને અમે પાપ કહીએ છીએ. સમજાય છે કાંઈ ?

અહીં તો પુદ્‌ગલ કહ્યા પછી તારે શું લેવું છે ? પુદ્‌ગલ જ એ પાપને પહોંચી વળે છે. ભગવાન પાપને પહોંચી વળે ? ચિદાનંદ સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા, એ તો પોતાની શાંતિ, અવિકારી પરિણામને પહોંચી વળે, પહોંચે છે. વિકારને પહોંચે તે પુદ્‌ગલ, આત્મા નહિ. વિકારને હું પહોંચું છું એવી માન્યતા એ આત્મા નથી, અનાત્મા છે. આહા..હા..! 'સેઠી' !

કહે છે, '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું પુદ્‌ગલના પરિણામસ્વરૂપ...**' પુદ્‌ગલના પરિણામસ્વરૂપ અથવા પુદ્‌ગલ કર્તા અને એના કર્મસ્વરૂપ કાર્ય, એમાં '**પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' ધ્યાન રાખજો ! નિશ્ચય સમ્યગ્દૃષ્ટિને વ્યવહાર રત્નત્રયનો જે રાગ શુભભાવ છે, નિશ્ચય સમ્યગ્જ્ઞાનીને વ્યવહાર રત્નત્રયનો રાગ છે, શરીર, વાણી, મન આદિ બધું, તેમાં '**પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ...**' રાગની આદિમાં આત્મા છે ? નહિ. સમજાય છે કાંઈ ? વ્યવહાર રત્નત્રયના રાગની આદિમાં આત્મા છે ?-કે નહિ. વ્યવહાર રત્નત્રયના રાગની આદિમાં પુદ્‌ગલ છે. સમજાય છે કાંઈ ? આ તો કર્તા-કર્મ અધિકારનો નિચોડ છે. આ ૭૫થી ૭૯ ગાથા.

ભગવાન જ્ઞાનનું લક્ષણ પૂછ્યું છે ને ? જ્ઞાનીનું ચિહ્ન પૂછ્યું છે ને ? જ્ઞાનસ્વરૂપ થયો, જ્ઞાન થયો, ધર્મી થયો, મોક્ષમાર્ગનો પંથ પકડ્યો એનું લક્ષણ શું છે ? તો કહે છે કે એ વ્યવહાર રત્નત્રયનો રાગ અને દયા, દાન આદિના વિકલ્પમાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક, અંતર્વ્યાપક, પુદ્‌ગલદ્રવ્ય અંતર્વ્યાપક પ્રસરવાવાળું (છે). આદિ-તેમાં પુદ્‌ગલ આદિ છે. વ્યવહાર રત્નત્રયના રાગમાં શરીરની અવસ્થામાં, વાણીની અવસ્થામાં પુદ્‌ગલ આદિમાં છે, આત્માની ઇચ્છા કે જ્ઞાન આદિમાં નથી. અહીં તો ઇચ્છાને જ પુદ્‌ગલ કહી દીધું છે. જ્ઞાનની વિચિક્ષણતા થઈ કે આમ બોલવું. તો એ બોલવાની પર્યાયમાં આદિમાં જ્ઞાનની પર્યાય છે ?-કે નહિ. સમજાય છે કાંઈ ? રાગ થયો, કષાયની મંદતા, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ સુવિશુદ્ધ, સવિશુદ્ધ પરિણામની આદિમાં આત્માનો કોઈ અંશ છે ? આત્મા આદિમાં છે ? આદિમાં છે જ નહિ. એ તો રાગ અને મન, વાણી, દેહની પર્યાય અને સુખ-દુઃખની કલ્પનાની આદિમાં તો પુદ્‌ગલ જ છે, તેની મધ્યમાં પુદ્‌ગલ છે અને અંતમાં પણ પુદ્‌ગલ છે. ઓ..હો..હો...! સમજાય છે કાંઈ ?

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાતા-દૃષ્ટામાં વ્યાપક થઈને વ્યાપે છે, પરની પર્યાયમાં વ્યાપતો નથી. એ પરદ્રવ્ય છે, રાગ પરદ્રવ્ય છે, વ્યવહાર રત્નત્રય પરદ્રવ્ય છે, પાપ છે, તિરસ્કાર કરવાયોગ્ય છે, કુશીલ છે, વ્યભિચાર છે, અભિસારિકા છે. સમજાય છે કાંઈ ? એવું પુદ્‌ગલ અંતર્વ્યાપક થઈને વ્યભિચારી ભાવમાં પુદ્‌ગલ અંતર્વ્યાપક થઈને આદિમાં એ, મધ્યમાં એ અને

અંતમાં (એ વ્યાપે છે). આદિ, મધ્યનો અર્થ કોઈ સમયભેદ નથી, સમયભેદ નથી. જેમ પેલા પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યનો સમયભેદ નથી, એમ આદિ, મધ્યમાં (સમયભેદ નથી). અહીં તો જોર દેવું છે કે એ વિકારના પરિણામમાં અને શરીરની પર્યાયમાં આદિમાં ક્યાંય આત્મા પ્રેરક છે ?

આ શરીરની અવસ્થા થાય છે ને ? તો આત્માની કંઈક પ્રેરણા થઈ તો આમ થયું ને તેમ થયું, એમ છે ?- ત્રણકાળમાં નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? અરે..! રાગની પ્રેરણાની આદિમાં આત્મા ? આત્મા તો પવિત્ર સચ્ચિદાનંદ ધામ, જ્ઞાનપુંજ સ્વરૂપ (છે) એવું ભાન થયું તો જ્ઞાનનું દ્રવ્ય, જ્ઞાનનો ગુણ અને જ્ઞાનની પર્યાય, શરીર-વાણી-મનની પર્યાય, હલનચલન અને રાગની પર્યાયની આદિમાં આત્મા ત્રણકાળમાં નથી. દૃષ્ટિનો વિષય બનાવીને બેનો ભેદ કર્યો છે અને બેનો ભેદ ન હોય તો બે રહેતા નથી. નિશ્ચયનો નિશ્ચય અને વ્યવહારનો વ્યવહાર. નિશ્ચયમાં વ્યવહારનો અભાવ (છે) અર્થાત્ સ્વદ્રવ્યમાં પરદ્રવ્યનો અભાવ (છે) અને વ્યવહાર પરદ્રવ્ય છે એમાં સ્વદ્રવ્યનો અભાવ છે. સમજાય છે કાંઈ ?

કહે છે, ઓહો..! ભગવાન ! અમે કર્યું, અમે કર્યું. અહીં કર્તા-કર્મની વાત છે ને ? રાગની મંદતા મેં કરી. વ્યવહાર શ્રદ્ધા, વ્યવહારુ જ્ઞાન, વ્યવહારુ રાગના-અઠ્યાવીસ મૂળગુણના પરિણામ મેં કર્યા. ભગવાન ! મેં કર્યા (એમ માનનાર તો) અનાત્મા છે, એ આત્મા નહિ. એને આત્મા કહેતા નથી. એ મેં નથી કર્યા પણ એ પુદ્ગલ દ્વારા કરવામાં આવ્યા છે. એની આદિમાં, મધ્યમાં, અંતમાં પુદ્ગલ જ છે. હું તો એની આદિ, મધ્ય કે અંતમાં નથી. એ પછી આવશે. અહીં તો હજી પુદ્ગલની વાત કરે છે ને. સમજાય છે કાંઈ ?

એની ચીજ એવી છે ! જ્ઞાનસ્વરૂપ પ્રભુ, જ્ઞાનનો પુંજ, હિંડોળે જેમ હિંચકે... હિંડોળો કહે છે ને ? ઝુલના. ઝુલા.. ઝુલા. એમ જ્ઞાનસ્વરૂપ પ્રભુ પોતાની પર્યાયમાં પરિણમનારો, પોતાની નિર્દોષ પર્યાય, નિર્વદ્ય, નિર્દોષ, નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પર્યાયમાં વ્યાપીને વ્યાપક આત્મા થઈને એ કાર્ય (થાય છે). એની આદિમાં-રાગની આદિમાં આત્માની પર્યાય, દ્રવ્ય કે ગુણ ત્રણેમાંથી એક્કે નથી. સમજાય છે કાંઈ ? ત્રણે નથી, ત્રણે નથી. એનું પુદ્ગલદ્રવ્ય છે એ શક્તિવાન, એના ગુણ છે એ શક્તિ, એ વ્યાપક થઈને રાગાદિ, વ્યવહાર આદિ, દેહાદિ, વાણી આદિની અવસ્થા થાય છે, આત્માની નહિ. આહા..હા...! ભારે નિમિત્તના ઝઘડા, ભાઈ ! કહો, સમજાય છે કાંઈ !

શરીર શું આત્માની પ્રેરણા વિના ચાલે છે ? અંગુઠો ઊંચો કરવો, જીભ હલવી. અરે..! ભગવાન ! તારે શું પરનું કાર્ય કરવું છે ? કે એના જ્ઞાનનું કાર્ય તારે કરવું છે ? તારું કર્તૃત્વ શું છે ? અને તારું વ્યાપકપણું ક્યા કર્તૃત્વમાં છે ? કહે છે કે વ્યવહારી રાગ-દ્વેષ, સુખ-દુઃખ કલ્પના, દયા, દાન, સેવા આદિનો ભાવ અને એ સંબંધી થનારી દેહની પર્યાયનું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય તે સમયે તે જ થનારી પર્યાય છે. એની વિકાર્ય પૂર્વ અવસ્થા પલટીને ઉત્પન્ન થઈ એમાં પુદ્ગલ જ અંતર્વ્યાપક થઈને, અંતઃવ્યાપક થઈને આદિ, મધ્ય, અંતમાં વ્યાપ્ત થઈને પુદ્ગલ જ વ્યાપે છે.

એ પુદ્‌ગલ જ વ્યાપક થઈને અવસ્થાને પ્રાપ્ત કરે છે, આત્મા નહિ. એને અહીંયાં આત્મા કહેતા નથી કે જે રાગને પ્રાપ્ત કરે, રાગમાં ફેરફાર કરે, રાગમાં ઊપજે એ આત્મા નહિ.

અહીંયાં તો હજી સાત તત્ત્વમાં તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં આત્મા કેવો છે ? આસ્રવ તો પરતત્ત્વમાં ગયા. અહીં તો આસ્રવ અને અજીવ બધાને પરમાં નાખ્યા છે. આસ્રવ અને અજીવ બધા પુદ્‌ગલમાં અંતર્વ્યાપક થઈને (કાર્ય) કરે છે. સમજાય છે કાંઈ ? '**પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...**' આ ગ્રહણ નામ પ્રાપ્ય. શું કહે છે ? એ પુદ્‌ગલ જ પ્રાપ્ય-રાગાદિની પર્યાયને પુદ્‌ગલ ગ્રહણ કરે છે અથવા પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. શરીર કી અવસ્થા આમ થાય છે તેને પુદ્‌ગલ ગ્રાહ્ય કરે છે અથવા પુદ્‌ગલ એને પહોંચે છે. આત્મા એને પહોંચે છે અને આવી અવસ્થા થાય છે એમ ત્રણકાળમાં નથી. સમજાય છે કાંઈ ?

'**તેને ગ્રહતું,...**' તેને (એટલે) કોને ? તેને. કોને ? પુદ્‌ગલદ્રવ્ય અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપ્ત થઈને જે થાય છે તેને પુદ્‌ગલ ગ્રહણ કરે છે. '**તે રૂપે પરિણમતું...**' તે રૂપ પુદ્‌ગલ પરિણમતું થકું. અધ્યાત્મના અંતર આત્માની દૃષ્ટિનો વિષય ચાલે છે. સમજાય છે કાંઈ ? એમાં કર્તા-કર્મ સંબંધ પુદ્‌ગલની સાથે કે રાગની સાથે આત્માને છે નહિ. જ્યાં-ત્યાં મેં કર્યું, મેં કર્યું એ જ અજ્ઞાન છે. 'શકટનો ભાર જેમ શ્વાન તાણે'. ગાડાનો ભાર. ગાડું.. ગાડી. .. ગાડી હોય છે ને ? એને કૂતરો તાણે છે. એમ શરીરની ક્રિયા મારી, રાગ મારો, વાણી મારી, હું છું તો વ્યવસ્થિતરૂપે વાણી બોલાય છે. આત્મા છે તો વ્યવસ્થિતરૂપે બોલાય છે. શું આત્માના અસ્તિત્વમાં વાણીનો પ્રવેશ છે ? વાણીની અવસ્થામાં પરમાણુનો અંતર્વ્યાપક પ્રવેશ છે, અંતર્વ્યાપક પ્રવેશ છે. શું આત્માનો અંતર્વ્યાપક પ્રવેશ છે ? રાગ વ્યવહાર, રાગ, દયા, દાનમાં પુદ્‌ગલનો અંતર પ્રવેશ છે કે પવિત્ર પ્રભુનો પ્રવેશ છે ? સમજાય છે કાંઈ ?

તે પુદ્‌ગલ પરિણામને ગ્રહતું, કોણ ?-પુદ્‌ગલ. '**તે-રૂપે પરિણમતું,...**' એ વિકાર્ય. '**અને તે-રૂપે ઊપજતું,...**' એ નિર્વર્ત્ય. '**તે પુદ્‌ગલપરિણામને કરે છે;...**' પુદ્‌ગલ અંતર્વ્યાપક થઈને એ પુદ્‌ગલ પરિણામને કરે છે. સમજાય છે કાંઈ ? 'અજીતપ્રસાદજી' ! શું કહે છે આ ? વ્યવહાર રત્નત્રયમાં પુદ્‌ગલ અંતર્વ્યાપક થઈને પ્રસરે છે. ભગવાનના ધામમાં તો પવિત્રતા પડી છે. ભગવાન આત્માના ધામમાં તો શુદ્ધતા પડી છે. અશુદ્ધતા ક્યાંથી પ્રસરે અને અંકુરા એમાંથી ફૂટે ? એ તો રાગ અને પુણ્યના દયા, દાનના ભાવ એ પુદ્‌ગલ પરિણામને પુદ્‌ગલ કરે છે.

'**આમ પુદ્‌ગલદ્રવ્ય સાથે કરવામાં આવતા...**' હવે આવે છે. આમ (એટલે) આ કહ્યું ને ? પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એમાં આદિ, મધ્ય, અંતમાં અંતર્વ્યાપક થઈને ગ્રહતું, પરિણમતું, ઊપજતું પુદ્‌ગલપરિણામમાં પુદ્‌ગલ. '**આમ પુદ્‌ગલદ્રવ્ય સાથે કરવામાં આવતા...**' પુદ્‌ગલદ્રવ્યથી થનાર, પુદ્‌ગલદ્રવ્યથી કરવામાં આવતા પુદ્‌ગલ પરિણામને. '**પુદ્‌ગલદ્રવ્ય વડે કરવામાં આવતા પુદ્‌ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' હવે આવ્યું. સમજાય છે કાંઈ ? જાણતો હોવા છતાં. જાણતો હોવા છતાં કેમ ? પાઠમાં એ લીધું ને ? જાણે છે તો કર્તા-કર્મ

સંબંધ છે ? જાણવાનું કાર્ય તો કરે છે. એટલો સંબંધ તો છે એમાં જ્ઞેય-જ્ઞાયકનો. તો જ્ઞેય-જ્ઞાયકની સાથે કર્તા-કર્મ સંબંધ છે કે નહિ ? બિલકુલ સંબંધ ન હોત તો તો અમે પૂછત નહિ, પણ સંબંધ તો છે. છે, સાંભળ !

પુદ્ગલપરિણામ વ્યભિચાર રાગ, પુણ્યનો વિકલ્પ આવ્યો અને મન, વાણી, દેહની જે પર્યાય થઈ તે પુદ્ગલપરિણામમાં પુદ્ગલ અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં પ્રવેશ કરીને, ગ્રહતું પરિણમતું ઉત્પન્ન થાય છે. એવા '**પુદ્ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' જાણે છે કે છે. પરની અસ્તિ છે. એનું જ્ઞાન મારામાં અસ્તિ છે. એ સંબંધીનું જ્ઞાન મારામાં અસ્તિ છે અને એ રાગાદિ છે તે મારામાં અસ્તિ નથી. એ પુદ્ગલમાં અસ્તિરૂપ છે. સમજાય છે કાંઈ ? આવું '**જ્ઞાની જાણતો હોવા છતાં...**' શું કહે છે ? પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને તો જાણે છે, એમ વ્યવહાર રત્નત્રયને જાણતો હોવા છતાં, જાણતો હોવા છતાં, એ જાણવાનું કાર્ય પોતાનું અને પોતાના અસ્તિત્વમાં છે અને એ ચીજ છે તે પરના અસ્તિત્વમાં અને પરનું કાર્ય છે. સમજાય છે કાંઈ ?

ઓ..હો..! ભેદજ્ઞાન કળા ! '**भावयेद्भेदविज्ञान**' ઈ આવે છે ને ? 'સંવર અધિકાર'માં આવે છે. ' **अच्छिन्नधारया**'. એવો પાઠ છે. ' **अच्छिन्नधारया**'. અહીંયાં એક વેદાંતી હતો. આવ્યો હતો. એક વેદાંતી હતો. 'નાગર ગુલાબરાય'. ઘણા વર્ષ પહેલાં. આ શ્લોક જ્યાં સાંભળ્યો ને... આ તો વેદાંતી.. આ..હા..! '**भावयेद्भेदविज्ञान अच्छिन्नधारया**' શ્લોક મોઢે કર્યો. એની એક દીકરી ક્ષયમાં હતી, ક્ષયમાં. શું છે ? '**भावयेद्भेदविज्ञान**'માં કેટલો ધ્વનિ છે ! ભેદજ્ઞાન કરવામાં રાગ, વિકલ્પ, પુણ્ય, દેહાદિ છે અને ભેદજ્ઞાન કરનારના દ્રવ્ય, ગુણ અને એની પર્યાય ભિન્ન છે. એમ સિદ્ધ થયા પછી તેનાથી ભેદ કરતાં.. કરતાં.. કરતાં.. કરતા... જ્યાં પૂર્ણ ભેદ થઈ ગયો, અભેદ એકાકાર (થયો ત્યાં) કેવલજ્ઞાન થઈ ગયું. જુઓ ! વસ્તુમાં આવી સ્થિતિ કહેનાર સર્વજ્ઞ સિવાય કોણ છે ? સમજાય છે કાંઈ ? ત્રણકાળ ત્રણલોકમાં બીજી વસ્તુ ક્યાંથી લાવવી ? ભેદ કરવો. તો ભેદ કોનો (કરવો) ? એકમાં ભેદ કરવો કે બે હોય એમાં (ભેદ કરે ને). બેનું અસ્તિત્વ સિદ્ધ કર્યું. વિકારનું-અવિકારનું, જડનું-ચૈતન્યનું અને અનાદિનો ભેદ નહોતો એ પણ સિદ્ધ થયું. અનાદિની ભૂલ પણ સિદ્ધ થઈ અને એમાંથી નીકળ્યો, ભેદ કર્યો, છૂટો પડ્યો. તો શું કહે છે ?

હજી એ રાગાદિ વસ્તુ છે. પૂર્ણ કેવળજ્ઞાન થયું નથી તો રાગાદિ છે, વ્યાપક થઈને પુદ્ગલનું કાર્ય છે. તેને જાણતો હોવા છતાં જાણવાનું કાર્ય, પરિણમવાનું કાર્ય, પરિણમન પરથી ભિન્ન થયું, પરિણમનારો, દ્રવ્ય કૂટસ્થપણે રહેનાર અને વિકારથી ભિન્ન થનાર અને વિકાર પણ ભિન્ન થઈ ગયો. વિકારનું અસ્તિત્વ, તેને જાણનારી પર્યાયનું અસ્તિત્વ, પર્યાયનો પ્રવાહ જેમાંથી આવે છે એવા દ્રવ્ય-ગુણનું પણ અસ્તિત્વ (છે). સમજાય છે કાંઈ ?

કહે છે, '**આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા...**' આત્માથી કરવામાં આવતા બિલકુલ નહિ, એ આત્માનું કાર્ય નહિ. રાડ નાખે. અરેરે..! આ તો નિશ્ચય, વ્યવહારનો લોપ થઈ જાય

છે. પ્રભુ ! તારે વ્યવહારને શું કરવો છે ? તારે આત્માનું કાર્ય કરવું છે કે તારે હજી પુદ્ગલ અને રાગનું કાર્ય કરવું છે ? શું છે ? તારે કોઈ કર્તવ્ય કરવું છે ને ? અને કર્તવ્ય નિર્દોષ કરવું છે કે સદોષ કરવું છે ? જો નિર્દોષ કરવું છે તો સદોષનું જ્ઞાન કરનારો રહે તો નિર્દોષ થવાશે, પણ સદોષનું કાર્ય કરનારો થઈશ તો નિર્દોષ નહિ થાય. સમજાય છે કાંઈ ? આ ટીકા તો 'અમૃતચંદ્રાચાર્ય'એ (કરી એવી) ભરતક્ષેત્રમાં બીજે નથી. બીજે તો ક્યાં હોય, પણ જૈનદર્શનની આ કર્તા-કર્મની અલૌકિક રચના.. ઓ..હો..હો...! કેવળજ્ઞાનને ખડું કરી દીધું છે.

છ દ્રવ્ય અને છ દ્રવ્યને જાણનાર ભગવાન આત્મા ભિન્ન). એ છ દ્રવ્યમાં રાગ પણ આવી ગયો. આસ્રવતત્ત્વ એમાં (આવી ગયું). બધું હોય, એના સમયમાં, એના કાળે, એના પરિણમનમાં એના પર્યાય કાળે, તેને જાણનારો ભગવાન, તેને જાણતો હોવા છતાં. હવે દૃષ્ટાંત આપે છે. આચાર્ય સરળ વાત કરવા માટે દૃષ્ટાંતને સરળ બનાવીને સિદ્ધાંત સરળ રીતે કહે છે.

**'જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...'** માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને આદિમાં માટી. આહા..હા...! દૃષ્ટાંત કડક છે. આ દૃષ્ટાંતમાં આદિમાં માટી (કહ્યું). ઘણીવાર કહેતા હતા ને દાખલો કઠણ, સિદ્ધાંત તો પછી રહ્યા. ઘડાની પર્યાયમાં આદિમાં માટી (વ્યાપી છે). કુંભાર હતો તો માટીમાંથી ઘડો થયો એ વાત સાચી નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? શું કહે છે ? **'માટી પોતે...'** પોતે. કુંભારની અપેક્ષા વિના નિરપેક્ષપણે (વ્યાપે છે). આહા..હા...! રાડ નાખી જાય ! કુંભાર વિના ઘડો થતો હોય તો બતાવી દો. પણ બધા ઘડા કુંભાર વિના જ થયા છે, સાંભળ તો ખરો. માટી પોતે ઘડારૂપે નિરપેક્ષપણે સ્વયં થાય છે, પરની અપેક્ષા વિના-નિશ્ચય. નિમિત્તનું જ્ઞાન કરાવવા બીજી ચીજ કહે. એ તો સ્વપરપ્રકાશક જ્ઞાનનો સ્વભાવ છે તો બીજી વસ્તુ કઈ હતી તેનું જ્ઞાન કરાવવા માટે છે. એ કાર્ય કરનારી છે એમ ત્રણકાળમાં નથી. કુંભાર ઘડો (બનાવનાર નથી). કેમ બેસે ?

ચોખા પાણી વિના રંધાતા હોય તો બતાવી દો. અહીંયાં કહે છે, ભગવાન ! સાંભળ તો ખરો. એ ચોખા સ્વયં રંધાવાની પર્યાયનું કાર્ય સ્વયં, અગ્નિ અને પાણીની અપેક્ષા રાખ્યા વિના, નિરપેક્ષપણે ચોખા રંધાવાની પર્યાયનું કાર્ય કરે છે. આહા..હા...! આ તો માટીનું દૃષ્ટાંત આપ્યું છે, પણ બધા દ્રવ્ય લઈ લેવા. આહા..હા...! પેલી સંયોગદૃષ્ટિ છે ને ? સંયોગ... સંયોગ... સંયોગ.. સંયોગ. કુંભારનો આમ આમ હાથ થાય છે ને ? તો આમ થયું. એ સંયોગને જોનારો બે દ્રવ્યને એક બુદ્ધિથી જુએ છે.

**'માટી પોતે...'** પોતે શબ્દ લીધો છે. **'ઘડામાં અંતર્વ્યાપક થઈને...'** અંતર્વ્યાપક થઈને માટીને પ્રસરવાવાળી પર્યાયનો સમય-કાળ છે તો ખરેખર ઘડાની પર્યાય થવાની નિશ્ચિત છે, તે પ્રાપ્યને માટી પહોંચી વળે છે. માટી પહોંચે છે, કુંભાર પહોંચતો નથી. સમજાય છે કાંઈ ? '...જી' ! આ વેપાર-બેપાર, ધંધા-બંધાને આત્મા નથી પહોંચી શકતો એમ કહે છે. આહા..હા...! લાકડી અહીંયાંથી ફરે છે ને ? જુઓ ! અહીંયાંથી અહીંયાં ફરે છે ને ? તો કહે છે કે આંગળીને કારણે

નહિ, ઈચ્છાથી નહિ, જ્ઞાનથી નહિ. એ તો પોતાની પર્યાયનું પ્રાપ્ય છે, તે સમયે એમ થવાનું. એ પ્રાપ્યને પરમાણુ પહોંચી વળે છે. નિયત પર્યાય થવાની તેને પહોંચી વળે છે. પૂર્વની અવસ્થા ફરીને વિકાર્ય થયું અને નિપજ્યું, એ પરમાણુ અંતર્વ્યાપક થઈને એમ થઈ છે. સ્વયં એમ થાય છે.

કહો, આ રોટલીમાં પણ એમ હશે ? રોટલી.. રોટલી. તો પછી ચકલા ને વેલણની શું જરૂર છે ? શું કરવા રાખે છે ? નીચે ચકલો રાખે છે, એના ઉપર વેલણ. બરાબર ગોળ ચક્કર ફરે માટે ફરે. એમ ને એમ વેલણું મૂકી દીધું, લો. અરે..! ભગવાન ! કોણ મૂકે અને કોણ ફેરવે ? તને ખબર નથી. સમજાય છે કાંઈ ? એ વેલણની પર્યાય, ચકલાની પર્યાયને વેલણની આમ આમ પર્યાય થાય છે, એ પ્રાપ્ય અવસ્થાને તે પરમાણુ પહોંચે છે અને રોટલીની પર્યાયને રોટલીના પરમાણુ પહોંચે છે. શું વેલણની પર્યાય પહોંચી વળે છે ? આહા..હા...!

અહીંયાં તો એથી પણ આકરો અધિકાર છે. અહીંયાં તો કહે છે કે રાગ, દયા, દાન, ત્રિલોકનાથની ભક્તિ શુભયોગ-શુભોપયોગ (છે). કહે છે કે જેમ માટી પોતે અંતર્વ્યાપક થઈને ઘડામાં આદિ-મધ્ય-અંતમાં (વ્યાપે છે). જુઓ તો ભાષા ! આ ચાર ગાથામાં પ્રાપ્ય, વિકાર્ય નિર્વર્ત્ય, આદિ-મધ્ય અને અંત, ગજબ કામ ! સમજાય છે કાંઈ ? માટી ઘડામાં આદિમાં છે, માટી ઘડામાં મધ્યમાં છે, માટી ઘડાના અંતમાં છે. આદિ-મધ્ય અને અંતમાં ઈ જ છે, જે કહો તે જ છે, એમ કહે છે. સમય ત્રણ ભેદ છે એમ નહિ-આદિમાં ને પછી મધ્યમાં ને પછી અંતમાં. એ પરમાણુ પુદ્ગલ જ એની આદિ, મધ્ય અને અંતમાં એ જ પુદ્ગલ છે કે જેથી ઘડાની પર્યાય થાય છે, કુંભારથી નહિ કે કુંભાર આદિમાં છે તો ઘડાની પર્યાય થઈ કે એ ઘડાની પર્યાય નિયત જે માટીમાંથી આવવાની હતી તે કુંભારનું પ્રાપ્ય થઈ ગયું. સમજ્યા ? અને કુંભારે માટીમાં ફેરફાર કરી નાખ્યો તો કુંભારનું વિકાર્ય થઈ ગયું, એમ ત્રણકાળમાં નથી.

આ તો હજી દૃષ્ટાંત આપે છે. દૃષ્ટાંતનો સિદ્ધાંત તો આત્મામાં ઉતારવો છે, પણ દૃષ્ટાંતમાં જ હજી ડખલ ઊભી કરે, દૃષ્ટાંતના ન્યાયમાં ડખલ ઊભી કરે કે નહિ, એમ નહિ, એ તો નિશ્ચયની વાત છે. પ્રભુ ! નિશ્ચય એ સત્ય છે અને જેટલા વ્યવહારના કથન (આવે) એ અસત્ય છે. નિમિત્ત જોઈને અન્યથા કથન કરે છે, તેનાથી થયું નથી છતાં કથન કરવું એ વ્યવહારનયનો વિષય છે. તેને એમ માનવું, જેવું કહ્યું એમ માનવું એ મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. સમજાય છે કાંઈ ?

અહીંયાં કહે છે, અહીં તો બહુ સૂક્ષ્મ છે. આસ્રવની પર્યાય. **'માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,..'** માટી ઘડામાં ઘડાની આદિમાં, મધ્યમાં અને અંતમાં વ્યાપ્ત થઈને **'ઘડાને ગ્રહે છે.'** જુઓ, પ્રાપ્ય. ઘડાની પર્યાય પ્રાપ્ય એ નિયત છે, ધ્રુવ છે. નહિતર પ્રાપ્ય કઈ રીતે કહેવું ? તે સમયમાં નિશ્ચિત છે, બીજો આઘોપાછો સમય થતો નથી. આહા..હા...! માટી પોતે ઘડાને ગ્રહે છે. ઘડાને ગ્રહણ કરે છે અર્થાત્ પ્રાપ્ય થાય છે. એ ઘડાનું પ્રાપ્ય જે નિયત છે તેને માટી પહોંચી વળે છે.

**'ઘડારૂપે પરિણમે છે...'** ઘડારૂપે. કેટલાક તો એમ કહે છે કે માટીનું રૂપાંતર ભલે થાય પણ આકાર તો કુંભાર વિના થતો નથી. વ્યંજનપર્યાયની આકૃતિ તો એનો હાથ આમ.. આમ..

આમ થાપ મારે છે (તેથી થાય છે). આકૃતિને તો પરથી માનવી પડશે. ભગવાન ! અહીં તો બધું લઈ લીધું છે. એ ઘડાનો ગુણ, માટીનો પ્રદેશત્વ ગુણ અને બધાને, એ બધા ગુણ પોતાની પર્યાયમાં પ્રાપ્ય થઈને પહોંચી વળે છે. આકૃતિની પ્રાપ્ય પર્યાય જે તે સમયે પ્રાપ્ય છે તેને માટી પહોંચી વળે છે. (કુંભારનો) હાથ-બાથ તેને પહોંચતો નથી. સમજાય છે કાંઈ ?

(કોઈ એમ કહે કે) એમ કેમ થાય ? માટીનો ઘડો બનાવવો હોય તો ઘડો બને, કોડિયું બનાવવું હોય તો કોડિયું બને, નળિયા બનાવવા હોય તો (નળિયા બને). નળિયા.. નળિયા સમજો છો ? છાપરા ઉપર (લગાડે). અરે..! ભગવાન ! તું શું કહે છે ? આમ બનાવવું હોય તો આમ બને, આમ બનાવવું હોય તો આમ બને. આ તું શું કહે છે ? એ તો માટીની જે પર્યાય પ્રાપ્યરૂપ જે સમયે જે આકૃતિ અને જે પ્રકારના વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું રૂપાંતર થવાનું પ્રાપ્ય છે, તેને માટી પહોંચે છે. બીજો આમ બનાવે, ત્રીજો આમ બનાવે, ભગવાન ! એ વસ્તુમાં નથી. એ તો ઈશ્વરકર્તા જેવી ચીજ થઈ ગઈ. ઈશ્વરને તો એનો ચૈતન્ય કર્તા અને આનો હાથ કર્તા. માટીમાં આમ કરે ને આમ થાપ કરે, ખાડો પડી જાય, આમ થઈ જાય, આમ થાય, અરે..! પ્રભુ! તને શું થયું છે ? એ તો ભ્રમ છે, ભગવાન ! એ ભ્રમ તારે ટાળવો પડશે, હોં ! શાંતિ જોઈતી હોય તો ટાળવો પડશે, પ્રભુ ! કર્તા-કર્મ વસ્તુ એ રીતે નથી.

માટીની પર્યાયનું ઘડાનું કાર્ય કુંભારથી થયું,વ્યવહારના કથન અન્યથા કથન છે, વસ્તુ એમ છે જ નહિ. ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' દૃષ્ટાંત દઈને સિદ્ધાંત સિદ્ધ કરે છે. આ તો હજી દૃષ્ટાંત છે. દૃષ્ટાંતમાં પણ જ્યાં ગોટા ઊઠે તો સિદ્ધાંતને તો એ સમજી શકે નહિ. તો કહે છે, માટી અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં... આહા..હા..! ક્યાંય પણ કુંભારનો હાથ આમ થયો (માટે થયું એમ નથી). ચોખા-બોખા પાકે ને ? આમ પાણી કાઢે છે કે નહિ ? પાણી કાઢીને. ચોખા અંદર રહી જાય, લ્યો ! આ ચોખા રાંધે છે કે નહિ ? એમાં પાણી હોય ને ? ઓસાવે. ઓસાવે એટલે આમ હેઠે જરી પહોળુ રાખે. .. રાખે. આમ પાણી નીકળી જાય. જુઓ ! કળા તો જુઓ. આત્માની કેવી કળા છે, કેવું કાર્ય કરે છે ! અરે..! ભગવાન ! એને આત્મા જ કહેતા નથી. સાંભળ તો ખરો ! આહા..હા...! એ તો પુદ્ગલના પરમાણુ તે સમયે એવી પર્યાયને પ્રાપ્યરૂપ થવાનું નિયત હતું તેને પરમાણુ પહોંચી વળે છે. ત્યાં તારી આંગળી પહોંચી વળે છે કે તારી ઈચ્છા પહોંચી વળે છે, તારિ વિચિક્ષણતા પહોંચી વળે છે, એ ભ્રમ છે, મોટો ભ્રમ છે. નિશ્ચય પણ સત્ય અને વ્યવહાર પણ સત્ય, એ ભ્રમ છે, એમ છે નહિ. વ્યવહાર વ્યવહાર તરીકે સત્ય છે. છે એટલી અપેક્ષાએ, પણ એ પોતાથી છે અને પોતાનું કાર્ય છે એવું સત્ય નથી. અસ્તિત્વ સિદ્ધ કરે છે ને ? છે તો સિદ્ધ કરે છે.

**'ઘડારૂપે પરિણમે છે...'** કોણ ? માટી. **'અને ઘડારૂપે ઊપજે છે...'** નિર્વર્ત્ય. ઘડારૂપે પરિણમે છે ને ? પહેલા પિંડ હતો. એ તો માટી એને પરિણમાવે છે. બીજું કોઈ એમ કરી શકે છે એમ ત્રણકાળમાં નથી અને ઘડાને ઘડારૂપે ઉત્પન્ન થતી જુઓ. શું કહ્યું ? નિર્વર્ત્ય. માટી ઘડારૂપે

(પરિણમી છે). ઘડાનું રૂપ આવ્યું ને ? એ આકાર ને આમ. એ આકારરૂપે માટી ઉત્પન્ન થાય છે અને એના આદિ-મધ્ય-અંતમાં માટી છે. આકારમાં ફેરફાર થયો તો એની આદિમાં એની આંગળી છે, ત્રણકાળમાં એમ નથી. સમજાય છે કાંઈ ?

વળી કોઈ કહે છે કે વિચિક્ષણ પુરુષને કેમ બોલાવો છો ? વાંઢા માણસ હોય, સ્ત્રી વિનાના અને આવડતું ન હોય, રોટલી બનાવે, વેલણ ફેરવે (તો) એક ખૂણો આમ નીકળે ને એક ખૂણો આમ નીકળે. એની રોટલી ગોળ ન હોય. આવડે ક્યાંથી ? એને ક્યાંથી આવડતી હોય ? લોટનું ગોયણું કરે ને ? એક વાંઢાની રોટલી આવી હતી. 'વડોદ.. વડોદ'. 'ઉમરાળા' પાસે ત્રણ ગાઉ છે ને ? 'વડોદ'. કીધું, આ રોટલી આવી કોણ બનાવી ? તો કહે, એક વાંઢો છે એને આવડતી નથી. એક ખૂણો આમ ને એક ખૂણો આમ. કારણ કે એને આમ ગોળ ચક્કર (કરતા આવડે નહિ). તો એ આવડતને લઈને ગોળ ચક્કર થયું છે ને ? અને આવડત નહોતી તો રોટલી ગોળ નહિ થઈ ને આડીઅવળી થઈ ગઈ. આડીઅવળીને શું કહે છે ? ટેઢી હો ગયી, ટેઢી. એમ છે નહિ. ત્રણ કાળમાં નથી. એ આડીઅવળી થવાની પર્યાયને લોટ પહોંચે છે. લોટને શું કહે છે ? આટા. લોટ જ આડીઅવળી થવાની આકૃતિમાં પહોંચી વળે છે. વિકૃત થઈને ગોયણાનું આવું પરિણમન થયું એ લોટથી થયું છે અને લોટ જ તે આડીઅવળી રોટલીમાં ઉત્પન્ન થયો છે. લોટ જ તેમાં ઉત્પન્ન થયો છે, એનો હાથ અને એનો જીવ ઉત્પન્ન થયો નથી. સમજાય છે કાંઈ ? ભારે વાત છે આ. દુનિયાથી જુદી જાતની છે.

મોક્ષમાર્ગ, બાપા ! વીતરાગ માર્ગ તો કોઈ જુદો જ છે. કુંભાર પણ સાધારણ વાત કરે છે કે દયા પાળો, પરની દયા પાળો એવી વાત તો એ પણ કરે છે. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણ્યા, એની વાત એવી હોય ? પરની દયા પાળો, આમ કરો. એ તો કુંભાર પણ કહે છે. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથની પર્યાયનો વિકાસ થયો.. એ આવે છે ને ? ભાઈ ! તમે નથી નાખ્યું ? 'પ્રવચનસાર'ની પ૨મી ગાથામાં આવે છે. '**गेण्हदि उप्पज्जदि**' આવે છે ને ? ત્યાં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય લીધું છે. 'પ્રવચનસાર'ની પ૨મી ગાથા. છે ૩૨મી ગાથામાં. પછી પ૨ ગાથાની ટીકમાં 'અમૃતચંદ્રાચાર્યે' લીધો, કેવળીનો અધિકાર. કેવળજ્ઞાની પોતાની પર્યાયને પ્રાપ્ય કરે છે, ફેરફાર કરે છે અને ભગવાન પોતાની પર્યાયમાં ઊપજે છે. જ્ઞેયને પ્રાપ્ત કરતા નથી, જ્ઞેયમાં ઊપજતા નથી અને જ્ઞેયને ફેરવતા નથી. એ 'પ્રવચનસાર'ની પ૨મી ગાથામાં છે. સમજાય છે કાંઈ ? અહીંયાં આ શબ્દ છે ને ? '**ण वि परिणमदि ण गिण्हदि**'. આવા શબ્દો 'પ્રવચનસાર'ની પ૨મી ગાથામાં પડ્યા છે. ઓ..હો..હો...!

શું કરે કેવળી અને શું કરે આત્મા ? જ્ઞેયને આત્મા પહોંચી વળે કે જ્ઞેયને આત્મા ફેરવે કે કેવળી આત્મા જ્ઞેયમાં ઊપજે, ત્રણકાળ ત્રણલોકમાં નથી. એ તો પોતાની કેવળજ્ઞાન પર્યાય પ્રાપ્ય, જે જે સમયે થવાની છે તેને જ પહોંચે છે. એ તો ભેદથી સમજાવવું છે ને ? છે તો અભેદ. સમજાવવાની શૈલી શું કરવી ? કર્તા, કર્મ બેને ભિન્ન કરીને બતાવે છે. છે તો એનું કાર્ય અને કર્તા,

પણ શું કર્તા, કર્મ ભિન્ન છે ? એ તો સમજાવવાની શૈલીમાં અભેદને સમજાવવામાં ભેદથી સમજાવે છે. પરનો ભ્રમ ન રહે અને પોતાની પર્યાયનું કાર્ય પોતાથી થાય છે, એમ સમજવાથી એને ભ્રમ મટી જાય છે. તેથી ભેદથી સમજાવ્યું છે. કેવળી પણ જ્ઞાનની પર્યાયને પહોંચી વળે છે, પરિણમે છે, ઊપજે છે. એ તો એમ સહજ બની રહ્યું છે, પણ બતાવવું છે સ્વતંત્ર કેવળીનો આત્મા. એ જ્ઞેય લોકાલોક છે તો પોતાની જ્ઞાનપર્યાય સ્વપરપ્રકાશને પહોંચી વળે છે એમ નથી. સમજાય છે કાંઈ ? લોકાલોક છે તો પહોંચી વળે છે ? લોકાલોક તો અનાદિથી પડ્યા છે.

પોતાનો સ્વભાવ સચ્ચિદાનંદ પ્રભુ કેવળજ્ઞાન સર્વજ્ઞથી ભરેલો છે, તેમાં કર્તા, કર્મ પોતાની પર્યાયનું કાર્ય કરતાં-કરતાં પૂર્ણ જ્યાં કાર્ય થઈ ગયું, બસ, એ કાર્ય સાદિ-અનંત એમ ને એમ ચાલુ છે. કેવળજ્ઞાનની પર્યાયનું કાર્ય સદા ચાલુ છે. સદશ પર્યાય એવી ને એવી ચાલે છે તો ઈ અપેક્ષાએ પર્યાયને કૂટસ્થ પણ કહેવામાં આવી છે. કારણ કે સદશરૂપે એવી ને એવી સાદિ-અનંત રહે છે. કેવળજ્ઞાની પોતાની પર્યાયને પહોંચે છે, પોતામાં ઊપજે છે અને પોતામાં પરિણમે છે. પરમાં પહોંચે છે કે ઊપજે છે એમ કેવળજ્ઞાની નથી.

એમ શ્રુતજ્ઞાની. જેમ કેવળજ્ઞાની, એમ ભાવશ્રુત જ્ઞાની. આ એની વાત ચાલે છે ને. અહીં તો ભાવશ્રુતજ્ઞાનીની વાત ચાલે છે. સમજાય છે કાંઈ ? ભાવશ્રુતજ્ઞાની પણ પોતામાં જે રાગાદિ દેખાય છે, તે પોતામાં નથી. પર્યાયમાં અસ્તિરૂપે જ્ઞાન કરતી વખતે તેના ધર્મને જાણે છે, પણ જ્ઞાતા-દ્રષ્ટા તરીકે હું એને પ્રાપ્ત કરું એમ વસ્તુમાં નથી. 'સેઠી' ! બહુ ધર્મ સહજ અને સરળ. સહજ સત્‌નો ધર્મ છે. પોતાના આશ્રયે થવાવાળી ચીજ, પરનો જેને આશ્રય નથી, અપેક્ષા નથી. નિરપેક્ષ ધર્મ દશા.

કહે છે કે એ વ્યવહાર રત્નત્રય છે એ તો પુદ્‌ગલના પરિણામ (છે). એ છે તો આત્મામાં એ સંબંધીનું જ્ઞાન થયું ?-કે ના. એ તો પોતાનું જ્ઞાન કરતાં જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશકની એવી પ્રગટ થાય છે કે એનું જ્ઞાન પોતાનું વ્યાપ્ય થાય છે, પણ એ ચીજ પોતાનું વ્યાપ્ય થાય છે એમ આત્મામાં નથી. શ્રુતજ્ઞાનીમાં એમ નથી, સમ્યગ્દષ્ટિમાં એમ નથી. સમજાય છે કાંઈ ?

'**તેમ,...**' પેલો તો દષ્ટાંત આપ્યો, હોં ! માટીના ઘડાનો દષ્ટાંત આપ્યો. માટી ઘડામાં પ્રાપ્ય થઈને ઊપજે છે, તેને પહોંચે છે, ઘડામાં પરિણમે છે, ઘડારૂપે ઊપજે છે. '**તેમ, જ્ઞાની...**' સમ્યગ્જ્ઞાની આત્મા-સમ્યગ્દષ્ટિ આત્મા '**પોતે બાહ્યસ્થિત...**' જુઓ, ભાષા ! '**પોતે બાહ્યસ્થિત (બહાર રહેલા) એવા પરદ્રવ્યના...**' શું કહે છે ? સ્વયં બાહ્યસ્થિત. તે પણ સ્વયં એને કારણે બાહ્યસ્થિત છે. રાગ પોતાના સ્વરૂપમાં નથી, જ્ઞાનસ્વરૂપમાં રાગ નથી. રાગ સ્વયં બાહ્યસ્થિત છે, સ્વયં બાહ્યસ્થિત છે. શરીરની પર્યાય સ્વયં બાહ્યસ્થિત છે. વાણીની પર્યાય બાહ્યસ્થિત છે. રાગથી માંડી બધા દ્રવ્યની પર્યાય સ્વયં બાહ્યસ્થિત છે. સમજાય છે કાંઈ ? '**તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત (બહાર રહેલા) એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,...**' જેમ માટી ઘડામાં અંતર્વ્યાપક થઈને આદિ, મધ્ય, અંતમાં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યરૂપ થાય છે,

તેમ ભગવાન આત્મા સ્વયં, ભગવાન આત્મા સ્વયં બાહ્યસ્થિત તેને કારણે રાગાદિ આવ્યા છે, પરિણમ્યો, શરીરાદિની અવસ્થા પલટી, વાણીની પલટી. એ બાહ્યસ્થિત પરદ્રવ્યના પરિણામમાં. એ પરદ્રવ્યના પરિણામ છે. રાગાદિ પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ ? સ્વદ્રવ્ય નહિ.

'**પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,...**' ભગવાન આત્મા એ રાગની અંદર પેસીને અને શરીરની પર્યાયમાં પેસીને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' એ રાગની આદિમાં આત્મા નથી. પહેલા એમ કહ્યું હતું કે વ્યવહાર-રાગમાં આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલ છે. અહીંયાં કહે છે કે એ રાગ ને વ્યવહાર ને દેહની અવસ્થામાં જ્ઞાની આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને તેને ગ્રહતા નથી. એ વ્યવહાર-રાગમાં આદિમાં આત્મા નથી. એમ ઈચ્છા થઈ કે દેહની અવસ્થા આમ થાય એની આદિમાં આત્મા નથી. ઈચ્છાની આદિમાં આત્મા નથી તો દેહની અવસ્થામાં આદિમાં આત્મા છે, એ વસ્તુ છે નહિ. સમજાય છે કાંઈ ? 'મૂળજીભાઈ' ! કોને રાખવા અને કોને ટાળવા ? આહા..હા...!

ભગવાન તારી લીલા.. 'સ્થિરતા એક સમયમાં, .. ઊપજે, વિણસે સબ હી, ઉલટપલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કબહિ, અબધુ નટનાગર કી બાજી, કયા જાને બ્રાહ્મણ કાજી' બ્રાહ્મણ નામ વેદ અને કાજી નામ કુરાન. 'કયા જાને બ્રાહ્મણ કાજી, અબધુ નટનાગર કી બાજી'. ચૌદ બ્રહ્માંડનો નટ આત્મા, પોતાની જ્ઞાનની પર્યાયમાં પરિણમનારો રાગાદિમાં અંતર્વ્યાપક થઈને, પેસીને તેને જાણનારો નથી, અંદર પેસી જાણનારો નથી તો જેની આદિ-મધ્ય-અંતમાં, રાગના આદિ-મધ્ય-અંતમાં આત્મા છે એમ નટનાગર પ્રભુ આત્મા છે જ નહિ. સમજાય છે કાંઈ ? નવી અવસ્થા ઉત્પન્ન થાય છે, જૂની જાય છે, ધ્રુવ રહે છે. 'ઉલટપલટ ધ્રુવ સત્તા રાખે' એવી ચીજ ભગવાન આત્મા પોતાનું પ્રાપ્ય જ્ઞાનની પર્યાયને પહોંચે છે, પણ એ સંબંધીનું જ્ઞાન થયું.. અહીં પ્રશ્ન ઈ છે કે જેવો દયાનો રાગ આવ્યો, કોઈ ભક્તિનો રાગ આવ્યો, કોઈ વિષયનો અશુભરાગ આવ્યો એવું જ અહીંયાં જ્ઞાન થાય છે તો એની આદિમાં-રાગની આદિમાં જ્ઞાન છે ?-નહિ. સમજાય છે કાંઈ ? અને પોતાના જ્ઞાનની આદિમાં રાગ છે ?-નહિ. એ ગાથા પછી લેશે. સમજાય છે કાંઈ ?

કહે છે, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને. રાગની આદિમાં પ્રભુ છે (એમ નથી). જ્ઞાન કરે છે ને તો રાગમાં આદિમાં, રાગની શરૂઆત થઈ એમાં જરીક આત્માનું પ્રેરકપણું થયું એમ છે ?-બિલકુલ નથી. આ તો વસ્તુદૃષ્ટિ અને વસ્તુના કાર્યની વાત ચાલે છે ને ? પર્યાયનું અસ્તિત્વ તો પહેલા સિદ્ધ કર્યું જ છે. વિકાર પોતાનો પોતાની પર્યાયમાં છે, ત્રણકાળમાં પરથી નથી, એ વાત પહેલી સિદ્ધ રાખીને પછી કહે છે કે પર્યાયમાં થનારા વિકાર, એ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિમાં તારા વ્યાપકથી વ્યાપ્ય નથી. સમજાય છે કાંઈ ?

તારું પ્રયોજન સિદ્ધ કરવું છે કે નહિ ? તારે હિત કરવું છે કે નહિ ? કે સ્વચતુષ્ટયમાં આમ છે ને આમ છે ને પરમાં નથી અને પર મારામાં નથી. એ તો જાણ્યું. પછી શું થયું ? પ્રયોજન-

આત્માનું હિત-શાંતિનું સિદ્ધ કરવું છે કે નહિ ? તો એ પર્યાયનયને વ્યવહારનય કરીને ઊડાવી દીધી અને મુખ્યને નિશ્ચય કરીને અંદર આશ્રય લીધો. એકાકાર પ્રભુ ભૂતાર્થ પડ્યો છે, ચિદાનંદ પ્રભુ છે એની દૃષ્ટિ થઈ તો કહે છે કે વ્યવહારની આદિમાં આત્મા છે જ નહિ. આહા..! આ તો અમે વ્યવહાર કર્યો, અમે વ્યવહાર કર્યો. પાછા વાંધા શું પાડે કે શ્રાવકનું ષટ્ કર્તવ્ય આવે છે ને ? શ્રાવકનું ષટ્ કર્તવ્ય દિન દિન પ્રત્યે.. 'પદ્મનંદિ પંચવિંશતિઃ'માં આવ્યું, 'શ્રાવક ઉપાસક'માં આવ્યું કે હમેશા દેવપૂજા, ગુરુભક્તિ,.. સમજાય છે ? સ્વાધ્યાય, સંયમ, દાન અને તપ (કરવા). ભગવાન ! ઈ કહે છે ઈ કઈ દૃષ્ટિથી ? ત્યાં વ્યવહારનયથી એ સમયે એ રાગ આવવાનો છે, એને કરવો એમ વ્યવહારનયથી કથન છે. કરવું-ફરવું શું છે ? સમજાય છે કાંઈ ?

શાસ્ત્ર વ્યવહારનયથી કથન કરે છે. લાવે છે ને રાગની આદિમાં આત્મા છે એમ સિદ્ધાંત થઈ જાય છે, એમ નથી. ભારે કઠણ પડે. અહીં તો હવે વારંવાર વાત આવી ને. નવા માણસને તો આમ માથુ ફાટી જાય છે. આ તે જૈનદર્શનની વાત કરે છે ? આ તો કયાંની વાત કરે છે ? બંધ તો દસમાં ગુણસ્થાન સુધી છે. આત્મા બંધ કરે છે. 'ગોમ્મટસાર' બોલે છે, આવડા મોટા અક્ષરથી લખ્યું છે. સો રૂપિયાનું પુસ્તક છે. મોટા-મોટા અક્ષરે (લખ્યું છે), જ્ઞાનાવરણીથી જ્ઞાન રોકાય છે અને આત્મા છ કારણથી જ્ઞાનાવરણી બાંધે છે. સાંભળો ! છ કારણ આવે છે ને ? અહીં કહે છે કે એ છ કારણ-ફારણ આત્માની દૃષ્ટિ અને પર્યાયમાં નથી. આહા..હા...! 'ગોમ્મટસાર' કહે કે છ કારણે જ્ઞાનાવરણી બંધાય. જ્ઞાનની આશાતના, જ્ઞાનનું વિઘ્ન વગેરે. એ તો પર્યાયમાં વિરોધનો વિકલ્પ છે એને જણાવે છે.

અહીં કહે છે કે એ વિકલ્પનું પ્રાપ્ય આત્મા છે જ નહિ. આહા..હા...! ભાઈ ! 'જ્યાં-જ્યાં જે-જે યોગ્ય છે, તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થીજન એહ' જ્યાં-જ્યાં જે કહ્યું હોય તેનું શું હાર્દ છે-શું હૃદય છે તેને જાણીને તેનું જ્ઞાન અને પ્રતીત કરવા. એમ ને એમ લખેલું છે એ માની લેવું (એમ નથી). કોઈ શબ્દ નહિ કે અમારો આશય આ છે. પુદ્ગલ નહિ કહે. આ તો પુદ્ગલની પર્યાય છે. સમજાય છે કાંઈ ?

કહે છે કે '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી;...**' કયા રૂપે ? છ કારણે જ્ઞાનાવરણી બંધાય, છ કારણે દર્શનાવરણી બંધાય, વેદનીય આટલા કારણે બંધાય, મોહનીય આટલા કારણે બંધાય. ભગવાન ! એ પરિણામ જ તારા નથી, હોં ! અહીંયાં જ્ઞાનીનું લક્ષણ બતાવવું છે ને ? તો એ તો કહે છે ને કે દસમા ગુણસ્થાન સુધી આવા કારણ છે ને ? લોભ છે, થોડું થોડું કારણ હશે તો બંધાય છે ને ? સાંભળ તો ખરો, પ્રભુ ! એ તો દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિમાં પોતાનું વ્યાપ્ય ઈ છે જ નહિ. એમાં પ્રાપ્ય નથી, વિકાર્ય અને નિર્વર્ત્ય નથી. એમાં ઉત્પન્ન થતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

## શ્રી સમયસાર, ગાથા-૬
## પ્રવચન નં.૨૮, તા.૩-૧૨-૧૯૭૧
## (૨)

છઠ્ઠી ગાથા. શિષ્યનો પ્રશ્ન છે. આ શરૂઆતની મૂળ ગાથા છે. આ શુદ્ધાત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? જાણવું જોઈએ. ... સ્વરૂપ એટલે એનો સ્વભાવ-ભાવ જાણવો જોઈએ?

**શ્રોતા :-** પર્યાય આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણવું જોઈએ એ પર્યાય થઈ. એ 'ચેતનજી'! એ જાણવું જોઈએ એ પર્યાય આવી. કાર્ય શેમાં થાય ? દ્રવ્ય-ગુણમાં કાર્ય થાતું હશે? કાર્ય તો પર્યાયમાં છે. સમજાણું કાંઈ? મૂળ દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ ધ્રુવ છે. મારામાં પર્યાય નથી કે અશુદ્ધતા નથી, એનો નિર્ણય કોનામાં આવે છે ? એ તો પર્યાયમાં કાર્ય આવે છે ને, દ્રવ્યમાં તો કાંઈ કાર્ય (થતું નથી), એ તો વસ્તુ છે ઈ છે. એટલે કહે છે કે શુદ્ધાત્મા કોણ છે આ કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? જાણવું જોઈએ એ તો પર્યાય થઈ. એય..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... પોતાનું સ્વરૂપ શું છે એનું ? આપણે ગાથાર્થ થઈ ગયો છે.

**ટીકા :- 'જે પોતે પોતાથી સિદ્ધ હોવાથી (કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી) અનાદિ સત્તારૂપ છે...'** શુદ્ધ ભગવાન આત્મા પોતે પોતાથી છે. કોઈ એનો ઉત્પન્ન કરનાર અને કોઈથી ઉત્પન્ન થયો છે એમ છે નહિ. અનાદિ છે, એમ કહે છે. પોતે પોતાથી સાબિત છે, સિદ્ધ છે. એટલે કે પોતાથી પોતે છે. એને કોઈ ઉત્પન્ન કરનાર કે કોઈથી ઉત્પન્ન થયો એમ છે નહિ. **'અનાદિ સત્તારૂપ છે,...'** એમ કહે છે કે અનાદિ સત્તારૂપ છે, એનું સ્વરૂપ શું છે એ જણાણું નહિ માટે અનાદિ સત્તારૂપ છે એમ કરીને ખુલાસો કર્યો. ગજબ કરે છે ને ! આવ્યો છે ને, ક્યાંક પ્રશ્ન આવ્યો છે. પ્રશ્ન છે.

આ તો છે, વસ્તુ જે છે એ તો છે. છે એ કયે કાળે નથી કે એની આદિ હોય ? સમજાણું કાંઈ ? વસ્તુ છે એ તો છે. ગમે તે કાળ ગયો, ગતકાળમાં છે.. છે.. છે.. એને આદિ છે ? આદિ નથી માટે જણાણો નથી ? જણાણો નથી માટે અનાદિ કરીને સમાધાન કરી નાખ્યું, એમ કહે છે. પ્રશ્ન આવે છે. બધા બહારના ઘણા આવે છે. અત્યારે તો 'સમયસાર' ચાલ્યું છે ને એટલે લોકોને ઘણો ખળભળાટ થઈ ગયો છે.... કોઈ સમજવાનો, એને ઊડાડવાનો. એમાં કાંઈ નવું નથી. હવે તો ઘણા જિજ્ઞાસુ થયા છે. સમજવા માટે ઘણા જિજ્ઞાસુ (તૈયાર થયા છે). આ શું છે, એમ

પહેલાં લક્ષમાં તો લ્યો. આ જન્મ-મરણ ટાળવાના ઉપાયની રીત શું છે ? બાકી બધું ઠીક, દયા, દાન, વ્રત પાળે ને પુણ્ય થાય ને સ્વર્ગમાં જાય. ત્યાંથી મરીને ઢોર થઈને નરકમાં જશે. આવું અનંતવાર થયું છે.

આ આત્મા શુદ્ધ કોણ છે કે જેને જાણ્યે મુક્તિ થાય ? સમજાણું કાંઈ ? કહે છે કે એ ભગવાન આત્મા અનાદિ સત્તારૂપ પોતાથી છે, એ પોતા વડે છે, પોતાથી છે. એ અનાદિની સત્તા કીધી. અનાદિ (કાળમાં) નહોતું જણાણું માટે અનાદિ એમ નહિ. એ છે ત્યાં પછી પ્રશ્ન શું ? ભારે જગતને ! વસ્તુ છે ઈ છે પછી એમાં પ્રશ્ન શું ? .. એમ ને એમ છે. ... સમજાણું કાંઈ ? ... ગમે તે ખુલાસો કરે, કરશે શું ? તું છો, ક્યારનો છો ?-કે છો, પછી છોને ક્યારનો એ પ્રશ્ન લાગુ થતો નથી. સમજાણું કાંઈ ? કોઈથી ઉત્પન્ન થયો નથી માટે અનાદિ હોવાપણે છે, અનાદિ હોવાપણે છે. સમજાણું કાંઈ ?

જેને અંદરથી પ્રશ્ન ઊઠ્યો છે એને આ ઉત્તર કહેવામાં આવે છે, એમ કીધું છે ને ? એમ ને એમ સાંભળવા આવ્યા કે ચાલો ભાઈ, બધા ભેગા સાંભળીએ. સવાર પડે એટલે આપણે સાંભળવું અને એને કહેવું. એને માટે નથી. એ.. 'હિમંતભાઈ' ! એને એમ થયું કે ઓહો..! આ દેહમાં રહ્યા ... આ આત્મા છે એ શુદ્ધ કોને આશ્રયે છે કે જે જાણવાની જરૂર છે ? જેનું સ્વરૂપ જાણવાની જરૂર છે એમ કહે છે. જાણવું જોઈએ. બીજું બધું એક કોર રાખીને આ શું ચીજ છે ? એવો જેને અંતરથી ધગશ થઈને પ્રશ્ન ઊઠ્યો છે એને આ ઉત્તર દેવામાં આવે છે. ... એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા છે.

કહે છે, જે અનાદિ છે. ભાઈ ! વસ્તુ તો અનાદિ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? '**કદિ વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે,...**' (પહેલા) સત્તાની વાત કરી, હવે એ કોઈ દિ' નાશ પામે છે ? વસ્તુ હોય એ નાશ પામે ? પદાર્થ સત્ છે, સત્ છે એનો નાશ કે દિ' હોય ? તેથી ... કદી એટલે ભવિષ્યમાં કોઈ દિ' '**વિનાશ પામતો નહિ હોવાથી...**' એ ભવિષ્યમાં અનંત છે. એનો અંત નથી કે અમુક કાળે એનો અંત આવી જાય. સંસારનો (નાશ) થાય તો અંત આવી જતો હશે કે નહિ ? સંસારનો નાશ થાય ત્યારે. એ તો સંસારનો નાશ થયો, આત્માનો નાશ થયો ? સંસારની વિકારી પર્યાયનો અંત આવ્યો. વસ્તુ તો છે ઈ છે. અનાદિ-અનંત છે, અનંત. અનાદિ અવિનાશી-નાશ ન પામે એવી. સમજાણું કાંઈ ?

'**નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી...**' છે એ વર્તમાનમાં પણ પ્રત્યક્ષ નિત્ય ઉદ્યોતરૂપ છે, પ્રકાશરૂપ છે, ક્ષણિક નથી. ... છે એમ નથી. એ વર્તમાનની સ્થિતિ કહી. '**સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે...**' એ જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય એવી જ્યોતિ છે એમ કહે છે. વિશદ્ છે ને શબ્દ ? વિશદ્ જ્યોતિ છે. ભગવાન આત્મા અંદરમાં ચૈતન્યસ્વરૂપ એ પ્રત્યક્ષ વિશદ્ જ્યોતિ છે. એ વર્તમાનમાં જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય એવી જ્યોતિ છે. એ પરોક્ષ રહે એવી એ ચીજ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? 'સમયસાર' તો કેવળીના પેટ ખોલ્યા છે. એટલે એ તો બહુ ગંભીર છે.

સમજાણું કાંઈ ?

કહે છે, નિત્ય ઉદ્યોતરૂપ છે. કાયમ એવો ને એવો પ્રગટ.. પ્રગટ.. પ્રગટરૂપ (છે). '**ક્ષણિક નથી અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ...**' જ્યોતિ છે. સ્પષ્ટ ચૈતન્યના પ્રકાશસ્વરૂપે જ્યોતિ છે. એટલી ઉપમા આપી. પ્રકાશમાન જ્યોતિ છે. '**એવો જે જ્ઞાયક એક...**' એવો જે એક જ્ઞાયક '**ભાવ છે,...**' એવો એક જ્ઞાયક ભાવ છે. ત્રિકાળી જાણવાના સ્વભાવવાળો અનાદિ-અનંત એક જ્ઞાયકભાવ છે. એ વસ્તુ લીધી. એવો જે ભગવાન આત્મા અનાદિ-અનંત નિત્ય ઉદ્યોતરૂપ સ્પષ્ટ પ્રકાશમાન ચૈતન્ય જળહળ જ્યોતિ લીધી છે.

'**તે સંસારની અવસ્થામાં...**' હવે અવસ્થા-પર્યાય લીધી. બીજાના ઘર જોયા પણ પોતે કોણ છે એમ કોઈ દિવસ જોયું નહિ. આહા..હા...! બધાની મોટી ડિગ્રી મેળવી. આ કોણ છે ? શું છે આ ? જરા એની સામે તો જો ! એની સામું જોવું મૂકીને બધાને જોવા માંડ્યું પણ જોનારને એણે જોયો નહિ. જોનાર એવો છે કે જે સંસાર દશામાં, વસ્તુ તો છે ઈ છે, આમ ત્રિકાળ કીધી, વસ્તુ કીધી એ તો ધ્રુવ કીધી, એ સંસાર દશામાં '**અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી...**' એટલી અપેક્ષા લીધી કર્મના બંધની પર્યાયનું નિમિત્તપણું '**અપેક્ષાથી ક્ષીરનીરની જેમ કર્મપુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં,...**' કર્મના રજકણો સાથે ભગવાન આવી જ્ઞાયકની સત્તા, એક ક્ષેત્રે, એકમાં અવગાહન રહ્યું હોવા છતાં ક્ષીરનીરની જેમ હો, દૂધ અને ઘડાની જેમ નહિ. ક્ષીર-દૂધ અને પાણી. દૂધ અને પાણી. ક્ષીર એટલે દૂધ. દૂધની ધોળાશ અને દૂધ એની પેઠે નહિ. દૂધ ... અભેદ છે. ક્ષીર એટલે દૂધ અને પાણી. એની પેઠે બે પણે રહીને '**કર્મપુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં...**' એક ક્ષેત્રે બે ભેગા રહેવા છતાં.

'**દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે...**' ઓહો..હો..! એનો ભગવાન આત્માનો સ્વભાવ... સમજાણું કાંઈ ? દ્રવ્ય સ્વભાવની અપેક્ષાથી, એટલે શું કહ્યું ? બંધપર્યાયના નિમિત્તથી એકમેક જાણે દૂધ અને પાણી જેવા દેખાય, પણ એનો વસ્તુ સ્વભાવ જોઈએ, દ્રવ્ય વસ્તુ ભગવાન આત્મા, એના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે '**દુરંત કષાયચક્રના ઉદયની વિચિત્રતાને વશે,...**' કષાયસમૂહનો અપાર ઉદય છે, કહે છે. કષાયનો ઉદય, કર્મનો ઉદય છે ને. કષાયસમૂહનો અપાર ઉદય છે. જેનો અંત લાવવો મુશ્કેલ છે, કહે છે. દુરંત. છે ને. '**વિચિત્રતાના વશે...**' એ કર્મના ઉદયની વિવિધતા અને વિચત્રતાને વશે. એને વશે, હોં !

'**પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર...**' ઉદયને વશે. અહીં સ્વભાવને વશે નથી એટલે ઉદયને વશે કહે છે. કહો, સમજાણું કાંઈ ? ઉદયને લઈને નહિ, પણ ઉદયને વશને લઈને. તાબે થાય છે. આમ તાબે નહિ થતાં આમ તાબે થાય છે. પર્યાયદૃષ્ટિ રહે છે, દ્રવ્યદૃષ્ટિની ખબર નથી એટલે કર્મના ઉદયને વશે કહે છે. ... આ શું માંડી છે ? આહા..હા...!

તું કોણ છો આ ? અને કેવો છો ? ક્યારનો છો ? કેમ છો ? એવી વાત છે. કહે છે કે છે તો છે

ઈ જ્ઞાયકભાવ, પણ કર્મના નિમિત્તને તાબે થયેલો છે. નિમિત્ત એને તાબે કરે છે એમ નહિ. સમજાણું કાંઈ ? અનાદિના દ્રવ્ય સ્વભાવથી જોઈએ તો કષાયચક્ર અપાર છે. એની વિચિત્રતા. ઉદયની અનેકતા છે ને. એકરૂપ ઉદય નથી. તેના વશે પ્રવર્તતા. તેને વિષે પ્રવર્તતા '**જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી...**' નિમિત્તને વશે થતાં અનેક પ્રકારના પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા શુભ-અશુભ ભાવ, તે રૂપે જ્ઞાયકભાવ થયો નથી. કેમકે શુભ-અશુભ ભાવ એ તો અચેતન છે. દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ અચેતન છે, એમાં ચેતનનો અંશ નથી. એના અસ્તિત્વમાં સિદ્ધ કરવું હોય ત્યારે એની પર્યાય છે, પણ જ્ઞાયકભાવ પોતે એ રૂપે થયો નથી. કારણ કે એ રૂપે થાય તો જડ થઈ જાય. એ તો જ્ઞાયક છે. ચૈતન્યપ્રકાશનું નૂર પ્રભુ છે. આત્મા તો ચૈતન્યપ્રકાશનું પુર છે. એ ચૈતન્યપ્રકાશ શુભાશુભ રૂપે થઈ જાય તો જડ થઈ જાય. સમજાણું કાંઈ ? આહા..હા...! આ શરીર રૂપે તો થયો નથી, વાણી રૂપે તો થયો નથી, કર્મ રૂપે તો થયો નથી, પણ એ શુભાશુભ ભાવરૂપે વસ્તુ થઈ નથી. આહા..હા...! અરે..! એનો એણે વિચાર કર્યો નથી. એ 'પોપટભાઈ' ! એ જ ધંધો કર્યો છે ?

ભગવાન ! તું કોણ છો ? કોણ છો શુદ્ધ કે જાણવો જોઈએ ? એમ કહે છે. ભાઈ ! તું આવો છો. કર્મને વશે થયેલા પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા શુભાશુભભાવ, સિદ્ધ કરી પર્યાયને. સમજાણું કાંઈ ? પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર શુભાશુભભાવ, હોં ! ... એને ઉત્પન્ન કરનાર શુભાશુભભાવ. એમના સ્વભાવે દ્રવ્યસ્વભાવ જ્ઞાયકસ્વભાવ જાણકસ્વભાવ ભગવાન આત્મા એ શુભાશુભ પરિણામરૂપે કેમ થાય ? થયો જ નથી. એ રૂપે થાય તો જડ થઈ જાય. એ તો જ્ઞાયક છે. ચૈતન્ય રસકંદ છે. સમજાણું કાંઈ ? આ તો અંતરની અધ્યાત્મની વાત છે. એમાં જરી મગજને કેળવવું પડે. એ મેટ્રીક ભણવા માટે કેટલા વર્ષ કરે છે ? ધૂળધાણી રખડવાના રસ્તા છે. આહા..!

પ્રભુ ! તું કોણ છો ? જ્ઞાયક ચૈતન્યરસ સ્વરૂપ, જાણકસ્વભાવ સ્વરૂપ એ અજાણ સ્વરૂપ એવા શુભાશુભ ભાવ, જાણકસ્વભાવસ્વરૂપ તે અજ્ઞાન એવા શુભાશુભભાવ, એ રૂપે થયો નથી. સમજાય છે કાંઈ ? અહીં તો કહે, દયા, દાન, વ્રતના ભાવ કરો એટલે કલ્યાણ થઈ જશે. ... માટે દ્રવ્ય એ રૂપે થયું નથી અને એ રીતે થાય છે એમ માન એ મિથ્યાત્વભાવ છે. આહા..! ભારે પણ વાત, ભાઈ ! સમજાણું કાંઈ ?

કહે છે, વસ્તુ તો આ જાણકસ્વરૂપી સત્તા, એને સંસારના બંધપર્યાયની અપેક્ષાથી જોઈએ તો તો એના ઉદયના વશે, અનેક પ્રકારની વિચિત્રતાના ઉદયને વશે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર એવા શુભાશુભભાવ છે, પણ દ્રવ્ય સ્વભાવ એ રૂપે પરિણમ્યો નથી. સમજાણું કાંઈ ? એ પંડિતજી ! પુણ્યભાવપણે, શુભભાવપણે જ્ઞાયકભાવ, પુણ્યભાવ અચેતનપણે જ્ઞાયકભાવ થયો નથી. એ પર્યાયમાં તને ભાસે છે કે આ શુભ છે, વસ્તુમાં છે નહિ. આહા..હા...! લ્યો, સમજાણું કાંઈ ?

'**પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો...**' શુભાશુભ એક પ્રકારના નથી ને. શુભાશુભ ઘણા પ્રકારના છે. શુભભાવ અસંખ્ય પ્રકારના છે, અશુભભાવ અસંખ્ય પ્રકારના છે. '**તેમના સ્વભાવે પરિણમતો નથી...**' વાહ ! વસ્તુ તો વસ્તુ તરીકે જ અનાદિ રહી છે. '**જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી)...**' એ ખુલાસો કર્યો છે. એનો અર્થ જાણકસ્વભાવ વસ્તુ જે છે, ચૈતન્ય સ્વરૂપી જાણકસ્વભાવ અસ્તિ સત્તા હોવાપણે છે, એ પુણ્યના હોવાપણે કોઈ દિ' થતો નથી, શુભભાવના હોવાપણે થતો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? કોઈ ઠેકાણે એમ આવે શુભભાવ વખતે સમ્યક્પણે આત્મા શુભપણે પરિણમ્યો છે. એય..! 'પ્રવચનસાર'માં આવે છે ને ? ... ન્યાં એમ કહે, અહીંયાં એમ કહે. એ તો પુણ્યભાવનું પરિણમન જ્ઞાનની અપેક્ષાએ જોતાં એના પર્યાયમાં છે એટલું સિદ્ધ કર્યું છે, દ્રવ્ય સ્વભાવમાં તો છે નહિ. સમજાણું કાંઈ ? ત્યારે ઈ એમ કહે છે, શુભભાવ તન્મયપણે થાય છે, માટે એ વખતે દ્રવ્ય પણ એમાં તન્મય થઈ ગયું. સમજાણું કાંઈ ? પર્યાયમાં શુભભાવ થયો તો પર્યાયમાં તન્મયપણે છે. એ શુભરાગ ભિન્ન રહી ગયો અને પર્યાય ભિન્ન છે એમ નથી. દ્રવ્ય તો ભિન્ન જ છે. સમજાણું કાંઈ ?

શુભ કે અશુભભાવ જીવના પર્યાયપણે પર્યાયમાં તન્મયપણે છે. તેથી, એ શુભ-અશુભભાવ પર્યાયમાં તન્મયપણે-તે રૂપપણે છે. એથી દ્રવ્ય તે રૂપે પરિણમ્યું છે એમ નથી. .. ... જીવ પોતે તન્મય થયો એટલે એની દશામાં પરિણમે. ... આમ રહી ગયું અને પર્યાય ભિન્ન રહી ગઈ છે (એમ નથી). સમજાણું કાંઈ ? આ તો વીતરાગના ઘરમાં જાવું હોય એની વાતું છે. સમજાણું કાંઈ ? મોટાના ઘરે જાવું હોય તો કેટલી તૈયારી કરે છે ને ! આ તો ત્રણ લોકનો નાથ આત્મા, એને ભગવાને જે વર્ણવ્યો એવો એને જોવા જાય તો એની તૈયારી કેટલી હોય ? સમજાણું કાંઈ ? આહા..!

કહે છે, દ્રવ્ય સ્વભાવ સ્વ-ભાવ પોતાનો જ્ઞાયકભાવ, જે જાણકભાવ, જ્ઞાનભાવ, એ જ્ઞાનભાવ વસ્તુ એ પુણ્ય અને પાપના, દયા, દાન ને વ્રતના પરિણામ, કામ, ક્રોધના પરિણામપણે એ વસ્તુ થઈ નથી. એ વસ્તુ તે રીતે દ્રવ્યમાં તે રૂપે દ્રવ્ય થયું જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? ગંભીર વાત છે, ભાઈ ! એના પોતાના ઘરમાં શું છે અને શું નથી થયું અને શું થાય છે, શેમાં થાય છે એના એણે કોઈ દિ' વિચાર કર્યા જ નથી. એમ ને એમ ઓઘે-ઓઘે કરો ધર્મ. પેલા કહે, પૂજા, ભક્તિ કરો. આ કહે, દયા, દાન કરો. ઓલા કહે, આ ખાવું, ન ખાવું. બધા સલવાણા ... સમજાણું કાંઈ ?

આ આત્મા દેહના રજકણથી, કર્મના રજકણથી તો ભિન્ન એ રૂપે તો થયો નથી. એ જડ તો જડરૂપે થઈને રહ્યા છે, પણ ચૈતન્ય પુણ્ય-પાપરૂપે થઈને રહ્યો જ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? ... એટલે સમજ્યા વિના હાંકો.

કહે છે, એ '**સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો...**' ભાવ શબ્દે વિકારી દશા. સમજાણું

કાંઈ ? તેમના સ્વભાવે એ વિકારીના ભાવે જ્ઞાયક ભગવાન ત્રિકાળી વસ્તુ થઈ નથી. સમજાણું કાંઈ ? એટલે કે '**(જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી)...**' ખુલાસો કરે છે. જડનો અર્થ પુણ્ય-પાપના ભાવ અચેતન જડ. એ ચૈતન્ય તે ચૈતન્ય રૂપે રહ્યો છે, એ અચેતન રાગ-દ્વેષના પરિણામપણે થયો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

બીજી રીતે કહીએ તો આ વ્યવહાર રત્નત્રયના જે શુભ પરિણામ કહેવાય ને ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ, શાસ્ત્ર ભણવાનો રાગ, એ બધો રાગ છે. આહા..હા...! એ શુભરાગપણે વસ્તુ પરિણમી જ નથી. સમજાણું કાંઈ ? શુભરાગ વસ્તુના સ્વભાવમાં તન્મય છે જ નહિ. વ્યવહાર રત્નત્રય જે કહેવાય એ વિકલ્પ-રાગ એ દ્રવ્ય સ્વભાવથી જોઈએ તો એ દ્રવ્ય સ્વભાવ એ રૂપે થયો જ નથી અને એ રૂપે થયો નથી એનાથી આત્માને લાભ થાય (એમ માને તો મિથ્યાત્વ છે).

'**તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી...**' પહેલું એ લીધું. પહેલું અપ્રમત્ત ન લીધું, ભાઈ ! ... અપ્રમત્તપણું લીધું અને પછી અર્થમાં જ્ઞાયકભાવ તે અપ્રમત્તપણે નથી. જ્ઞાયકભાવ તે અપ્રમત્તપણે નથી. ... જ્ઞાયક ભાવ આમ પરિણમે છે ખરો ને ? પરિણમે છે ને અનાદિનો ઈ. પ્રમત્ત-અપ્રમત્ત નહિ. સમજાણું કાંઈ ? ગાથામાં એમ કહ્યું, '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' જાણક જે ભાવ, જાણક જે ભાવ એ પ્રમત્ત અને અપ્રમત્ત નથી. એનો ખુલાસો કરતાં એમ કહ્યું કે ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ, જ્ઞાયકભાવ ચીજ, એ પુણ્ય-પાપના ઉત્પન્ન કરનારા શુભ અને અશુભભાવ (તે રૂપે થઈ નથી). એટલે શું કહ્યું ? કે શુભ-અશુભ ભાવ પુણ્ય-પાપને, બંધને ઉત્પન્ન કરે છે. પુણ્ય-પાપ આત્માની શાંતિને ઉત્પન્ન કરે છે એમ છે નહિ. આહા..! ... વાત સાંભળીને હોય ને એટલે આ બધી (વાત) એવી લાગે. '..ભાઈ'! .. ત્યાંના અગ્રેસર છે. ... આહા..હા...! મારગડા નાથ! તારા જુદા. સમજાય છે કાંઈ ? સંપ્રદાયમાં આ વાત સાંભળવાને ગંધેય નથી.

ભગવાન આત્મા ચૈતન્યરસનું સત્ત્વ એવો પ્રભુ, એ પુણ્ય-પાપના રજકણને, બંધને ઉત્પન્ન કરનારા ભાવો, એમ કહીને એમ કહ્યું કે એ ભાવો રજકણને-બંધને ઉત્પન્ન કરનારા છે. અબંધસ્વરૂપના પરિણામ બંધને ઉત્પન્ન કરનારા છે. એ અબંધસ્વરૂપી જ્ઞાયકભાવ વસ્તુ, એને ઉત્પન્ન કરનારા એ શુભાશુભભાવ નથી. સમજાણું કાંઈ ? કેમકે એ તો અચેતન છે એ ચૈતન્યને કેમ ઊપજાવે ? તેમ ચૈતન્ય પોતે તે પુણ્ય-પાપપણાને-શુભાશુભ ભાવને કેમ ઊપજાવે ? એ અચેતન છે. સમજાણું કાંઈ ? આ ટીકા તો ૯૦૦ વર્ષ પહેલાંની છે, કે સોનગઢની છે ?

**શ્રોતા :-** ગુજરાતીમાં..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુજરાતીમાં કે ગમે તે ભાષામાં લખાઈ હોય. એનો અર્થ શું થયો ? ન્યાય, લોજીકથી પણ એને બેસે છે કે નહિ ?

વસ્તુ છે એ વસ્તુ છે. એ શુભાશુભપણે થઈ હોય તો, શુભાશુભ ભાવ પલટતાં પોતે નાશ

થઈ જાય. સમજાણું કાંઈ ? એ ભગવાન જ્ઞાનરસનો નાથ, એકલો જ્ઞાન-સમજણનો પિંડ ધ્રુવ ચૈતન્ય જ્ઞાયકભાવ, એવું જે વસ્તુનું સ્વરૂપ ચૈતન્ય પોતાનું નિજ સત્તાનું, એ આ પુણ્ય-પાપની અચેતન સત્તારૂપે એ સત્તા થઈ નથી. કહો, સમજાણું કાંઈ ? આમાં તો ઘણા બોલો સાફ થઈ જાય છે. શુભાશુભભાવ કરશું તો આપણને પરંપરાએ કાંઈક લાભ થશે. શુભભાવ તે શુદ્ધોપયોગનું કારણ છે.

**શ્રોતા :–** શાસ્ત્રમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શાસ્ત્રમાં આવે એ શું અપેક્ષા આવે એ સમજ્યા વિના.. પહેલા શુભ હોય છે એનો અભાવ કરીને શુદ્ધ થાય છે. તો તો પછી અશુદ્ધભાવનો અભાવ કરીને શુદ્ધ થાય છે એટલે અશુદ્ધ કારણ અને શુદ્ધ કાર્ય, એમ છે ?

**શ્રોતા :–** 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લખ્યું છે ને એમાં. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં .. આ તો યાદ આવી જાય. ન્યાં એમ કહ્યું છે, લ્યો ! શુભથી શુદ્ધ થાય તો તો અશુભથી શુદ્ધ થાય અને શુભ છૂટીને શુદ્ધ થાય છે. એમ શુદ્ધ થાય છે એ અંદર આત્માનો આશ્રય લઈને પરિણમન ધર્મનું (થાય) એ શુભને લઈને નથી. એ તો દ્રવ્ય સ્વભાવનો આશ્રય કરતાં શુદ્ધતા પ્રગટ થાય છે. આહા..! ભારે વાતું, ભાઈ ! સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે ભગવાનનો આશ્રય, ગુરુનો આશ્રય અને શાસ્ત્રનો આશ્રય કે પંચ પરમેષ્ઠીનો આશ્રય કરતાં રાગ ઉત્પન્ન થાય. એ રાગ પુણ્યબંધને ઉત્પન્ન કરે. આ તો વાત છે ને. સમજાણું ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છે ને, ખબર છે ને. ... વાત છે ને ઈ ? ... સમજાણું કાંઈ ? .... અહીં તો શરીરની ક્રિયા આત્મા કરે, આત્મા કરી શકે. હાલવું, ચાલવું, બોલવું, દયા પાળવી. કહે છે કે એ રૂપે થતો નથી તો એ કરી શી રીતે ? સમજાણું કાંઈ ?

અહીંયાં તો કહે છે કે પુણ્ય ને પાપના બંધના ઉત્પન્ન કરનારા રજકણોનો સંગ્રહ થાય, બંધનો, એને ઉત્પન્ન કરનારા શુભાશુભભાવ છે. એકલા અશુભભાવ છે એમ નથી કહ્યું. કહો, 'ભીખાભાઈ' ! ... એને પંથે ચાલતા... એ શુભ ને અશુભની ક્રિયાના પંથે અનંત વાર ગયો. એનાથી પુણ્ય અને પાપની ઉત્પત્તિ થઈ. આહા..હા...! એનાથી ધર્મની ઉત્પત્તિ ન થાય. આહા..હા...! અરે..! એને સાંભળતા એમ લાગે કે અર..ર..ર..! હાય.. હાય..! આ તો નાશ થઈ જશે. પુણ્ય-પાપરૂપે થયો નથી, એને પુણ્ય-પાપને નાશ કરનાર કહેવો. ઉત્પન્ન કરનાર તો નથી પણ નાશ કરનાર કહેવો ... સમજાણું કાંઈ ? એવી વસ્તુસ્થિતિ ભગવાન આત્મા..

પરની સાથે તો કાંઈ સંબંધ નથી. ધૂળ ને ધમાહા. શરીર, વાણી, મન, પૈસો, આબરૂ, કીર્તિ એ તો ક્યાંય જગતની ચીજ. બાયડી, છોકરા એ તો જગતના પદાર્થ છે. એની સાથે તારે

કાંઈ મેળ નથી, પણ અહીં પુણ્ય-પાપના ઉત્પન્ન કરનારા શુભાશુભભાવ સાથે તારા દ્રવ્યને મેળ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એ 'મનસુખ' ! પુસ્તક રાખ્યું છે કે નહિ ? ઠીક. ... ... કહો, સમજાણું કાંઈ ?

આ છઠ્ઠી ગાથા ચાલે છે. કહે છે, પ્રભુ ! (શિષ્યએ) પૂછ્યું છે, પ્રભુ ! શુદ્ધ કોને કહીએ કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? તો કહે છે કે આ જ્ઞાયકભાવ જે ત્રિકાળ છે ને, એ શુભાશુભ ભાવપણે થયો નથી એને ખરેખર શુદ્ધ કહેવામાં આવે છે, પણ એને જાણવાની પર્યાય ... કારણ કે એકલું શુદ્ધ છે, શુદ્ધ છે પણ જાણ્યું નહિ, જાણવામાં આવ્યું નહિ કે આ શુદ્ધ છે, તો એને જ્ઞાન તો નથી. સમજાણું કાંઈ ? પર્યાયમાં શુદ્ધનું ભાન તો ન થયું તો આ શુદ્ધ છે એમ આવ્યું ક્યાંથી ? એ અપેક્ષાએ એને શુદ્ધની પર્યાય સહિતનો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? .... એ લીધું છે. અગિયારમી ગાથામાં લીધું, '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' એ તો વસ્તુસ્થિતિ દ્રવ્યદૃષ્ટિનો વિષય આખો ઈ. ભૂતાર્થ વસ્તુ તે શુદ્ધનય. સમજાણું કાંઈ ? એ શુદ્ધનય આ વસ્તુ છે એમ જે જ્ઞાનમાં, શ્રદ્ધામાં જણાણું તેથી એને અભેદ ગણીને શુદ્ધનય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આટલું બધું જાણવું આ બધું... બીજો રસ્તો નથી, બીજો રસ્તો નથી. જાણનારને જાણ્યા વિના બીજો રસ્તો નથી. બીજી જગ્યાએ જાય તો જાણવું પડે છે કે નહિ કે આ ચીજ મારે જોઈએ છે કે એમ ને એમ કહેતો હશે કે બે રૂપિયાનું શાક આપજો ? કયુ શાક ? મને ખબર નથી. મારા બાપે મગાવ્યું છે. મૂર્ખો લાગે છે. પચાસ શાક છે. કયું જોઈએ છે ? દસ રૂપિયાનું શાક. મને બે રૂપિયા આપ્યા છે. મૂર્ખો લાગે છે. ... તને ? કારેલાનું કહ્યું છે ?-હા. કારેલાનું કહ્યું છે. જેઠ મહિનો છે ને. એ ભૂલી ગયો. પણ ભૂલી ગયો તો બીજું શું તને .... ? આ આત્મા કોણ છે ? ઈ આપણને કાંઈ ખબર નથી. કહો, સમજાણું કાંઈ ? ... ૪૨ વર્ષ થયા. 'સુંદર વોરા'ના અપાસરે. ... જતા હતા ને ? ... એય..! 'રામજીભાઈ' ! જોયા હતા તમે ? ... 'સુંદર વોરા'નો અપાસરો છે ને ? ત્યાં અમે ઉતરેલા. ઈ ત્યાં હતો. ... પછી ... મેં કીધું, તમે આ સામાયિક કહો છે એ ત્રસ કહેવાય કે સ્થાવર ? (સંવત) ૧૯૭૬ની સાલ. મહારાજ ! મને શીખવ્યું નથી. એ તો બહુ ભોળા બિચારા. ઘણા વર્ષ થઈ ગયા. ... ૨૪ ને ૨૮ = ૫૨ (વર્ષ થયા). 'દરિયાપરિયા' પાસે ઉતર્યા હતા ને. બહુ માણસ. ... ઈ તો પણ ૧૯૭૬ની વાતું છે. ... કીધું, આ તમે સામાયિક કરો છો. એ સામાયિક ત્રસ છે કે સ્થાવર ?

અહીં તો કહે છે કે તું પુણ્ય અને પાપ નહિ. એને ઉત્પન્ન કરનારા ભાવ એ તું નહિ. કહો, સમજાણું કાંઈ ? આહા..હા..! '**તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી**;...' છે ને ? '**स्वभावेनापरिणमनात्प्रमत्तोऽप्रमत्तश्च न भवति**' ... શું કહેવાય તમારે ? પ્રાસ મેળવવાનો હોય.. આમાં કાંઈ પ્રાસ મેળવવાનો નથી. ભગવાન ! તું પૂછે છો કે શુદ્ધાત્મા કોને કહેવો ? તો અમે તને કહીએ છીએ કે જે આત્મા વસ્તુ છે એ પ્રમત્ત-અપ્રમત્તપણે થઈ નથી એને વસ્તુ કહીએ. સમજાણું કાંઈ ? ... ઝીણી નથી, બાપા ! તારા ઘરની વાત છે. સમજાણું કાંઈ ? અનંતા

સાંભળીને મોક્ષ ગયા અને તું પણ મોક્ષને લાયક છો. ના ન પાડ, ન સમજાય એમ ન કહે. કલંક લાગે છે એને. સમજાણું કાંઈ ? ભગવાન ! તું તો ત્રણ લોકનો નાથ છો. આહા..હા..! ત્રણ કાળ ત્રણ લોકને જાણીને એથી અનંત ગુણો હોય તો લાવ એને હું જાણી શકું. એવો તારો સ્વભાવ છે, એવું તારું સ્વરૂપ શક્તિરૂપ સત્ત્વરૂપ અનાદિનું છે. એ તું છો. આ શુભાશુભભાવ પણ તું નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

હવે કહે છે, '**તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' એ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી '**ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' જે ભાવ છે, જ્ઞાયકભાવ અનાદિ-અનંત નિત્ય ... એ અવસ્થાની દૃષ્ટિમાં એને શુભાશુભભાવ પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા દેખાય છે. એ રૂપે આત્મા પરિણમ્યો નથી. તેથી, તેને પ્રમત્ત-અપ્રમત્ત હોઈ શકે નહિ. વસ્તુના સ્વરૂપમાં પ્રમત્ત-અપ્રમત્તપણું હોઈ શકે નહિ. '**તે જ સમસ્ત અન્યદ્રવ્યોના...**' પ્રમત્ત-અપ્રમત્ત વિનાનો જે જ્ઞાયકભાવ છે '**તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' અન્યદ્રવ્યના ભાવથી, હોં ! વિકારી આદિ ભાવથી ભિન્નપણે... વિકારી પરિણામ એ અન્યદ્રવ્યનો ભાવ છે, સ્વદ્રવ્યનો નહિ. એનાથી ભિન્નપણે, ભિન્ન પડે, એનું લક્ષ છોડીને દ્રવ્યની સેવા કરતાં. એમ આવ્યું ને ? આહા..હા..! ભિન્નપણે ઉપાસવામાં આવતો. કોણ ?-જે જ્ઞાયકભાવ છે એ. તે જ, શબ્દ છે ને માથે ? જ્ઞાયકભાવ ચૈતન્ય સ્વભાવભાવ.. ધીમે ધીમે તો ચાલે છે. થોડો વિચાર કરે તો એને બેસે એવું છે. એમ ને એમ કાંઈ .. જેમ ચાલતું નથી. સમજ્યા ?

આવો જે જ્ઞાયકભાવ, '**તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' જે જડ અને જડના બધા ભાવો, પુણ્ય-પાપના, એનાથી ભિન્નપણે ઉપાસવામાં આવતો. એનો અર્થ થઈ ગયો. વિચાર અને લક્ષ છોડ્યું, એનાથી જુદો પડ્યો એટલે એનું લક્ષ ગયું દ્રવ્ય ઉપર. સમજાણું કાંઈ ? દ્રવ્ય ઉપર લક્ષ ગયું એટલે દ્રવ્યની પર્યાયે સેવા કરી.

ફરીને, ફરીને. આવે છે ને. હળવે-હળવે આવે છે. ભગવાન આત્મા જે જ્ઞાયક સ્વભાવ એ પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા વિકલ્પો શુભાશુભપણે થયો નથી. તે જ જ્ઞાયક પરદ્રવ્યની ક્રિયા અને પરદ્રવ્યનો ઉદયભાવ વિકારી પોતામાં થતો, એમ ન લો તો પરદ્રવ્યના ભાવોથી ભિન્ન, પોતાના વિકારી ભાવથી પણ નહિ, પરથી ખસ્યો એટલે વિકારી ભાવથી ખસી ગયો અને પર્યાયથી પણ ખસી ગયો. અન્યદ્રવ્યના ભાવ લીધા છે ને. એટલે વિકારી પર્યાય એક કોર રહી ગઈ. અન્યદ્રવ્યનો જે ભાવ, જડનો જે ભાવ, જડનો, શુભાશુભભાવ ભલે હો, પણ જડના ભાવથી જ્યાં ભિન્ન પડ્યો એટલે પુણ્ય-પાપના ભાવથી પણ ભિન્ન પડી ગયો અને દૃષ્ટિ પર્યાય ઉપર ન રહેતાં દ્રવ્ય ઉપર ગઈ. સમજાણું કાંઈ ? દૃષ્ટિ જ ગઈ. દૃષ્ટિ પર્યાય છે.

ભિન્નપણે ઉપાસવામાં આવતો ને ? ઉપાસવામાં આત્માની જ્ઞાયકભાવની સેવા કરતાં, એમ કીધું. પરની સેવા કરે, એમ માણસ કહે છે ને ? આ સેવા કરો, સેવા કરો. સેવા ગહનો ધર્મ. ... ધૂળેય નથી. કોણ કરી શકે ? સેવા કરે કોણ ? ... મોઢા આગળ પડે, ગામના જરી મોઢા

આગળ હોય ને ? સેવક મંડળી તરીકે, એકલા માન માટે. કોની સેવા કરે ? આહા..હા..! રાગની સેવા કરનારો મૂઢ અને મિથ્યાદષ્ટિ છે, અહીં તો કહે છે. સમજાણું કાંઈ ? એ રાગની ઉપાસના કરનારો પુણ્યભાવની ઉપાસના કરનારો એ મૂઢ અજ્ઞાની છે. આ તો દ્રવ્યની ઉપાસના કરનારો. આહા..હા...! ઉપાસના.. ઉપાસવામાં આવતો, ઉપાસવામાં આવતો કોણ ?-દ્રવ્ય, પણ ઉપાસવામાં આવતો કઈ પર્યાય ? નિર્મળ પર્યાયે તેને સેવવામાં આવતો. કહો, સમજાણું કાંઈ ?

'**સમસ્ત અન્યદ્રવ્યોના...**' આ અન્યદ્રવ્યના ભાવો એટલે જડ બીજા, હોં ! શુભાશુભભાવ નહિ. એ તો અન્યદ્રવ્યથી ખસ્યો એટલે ચૈતન્ય જ્ઞાયકભાવ ઉપર આવ્યો એટલે પુણ્ય-પાપથી ખસી ગયો અને પર્યાયની દષ્ટિમાંથી ખસી ગયો. સમજાણું કાંઈ ? ભારે વાતું, ભાઈ ! એક જણ કહેતો હતો, હોં ! સોંઘો ધર્મ હતો એને તમે મોંઘો કરી નાખ્યો. એક જણ એમ કહેતો હતો. ... શું કહેવાય આપણે ? ... અમે તો ભગવાનની સેવા કરીએ છીએ ને તમે આ લાકડું વચમાં નાખ્યું. શેત્રુંજયની જાત્રા કરીએ ને કલ્યાણ થઈ જાય, જાઓ ! આ સમેદશીખરની કરીએ... ધૂળેય ન થાય, સાંભળને ! જાત્રા કહેવી કોને ? એ તો શુભભાવ હોય, અશુભથી બચવા. એ કાંઈ ધર્મ છે એમ નથી; પણ આવ્યા વિના રહે એમ પણ નથી, છતાં તે હેયરૂપ છે. આહા..હા...!

અહીં તો ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપે ચૈતન્યમૂર્તિ ધ્રુવ, તેની ઉપાસના. તે જ જ્ઞાયકભાવ, તે જ જ્ઞાયકભાવ સમસ્ત અન્યદ્રવ્યના ભાવ-જડના ભાવ, જડનું દ્રવ્ય અને જડના ભાવ, તેનાથી ભિન્નપણે ઉપાસવામાં આવતા, એનાથી લક્ષ છોડતાં જ્યાં દ્રવ્યના લક્ષમાં ગયો તો લક્ષ થયું એ પર્યાય ઉપાસવામાં આવતી. એ પર્યાયે દ્રવ્યને સેવ્યો. સમજાણું કાંઈ ? એ.. 'બાબુભાઈ' ! આ બધું સમજવું પડશે, હોં ! ... શબ્દો ગોખી ગોખીને... એય..! પર્યાયનું આવ્યું, લ્યો.

પર્યાયનું નામ જ ન લેવું. એય..! 'ચેતનજી' ! ... જાણવામાં તો આવે ને ? આહા..હા..! ઉપાસમાં આવતો ઈ શું છે ?-પર્યાય છે. કોને ઉપાસવામાં આવતો ?-દ્રવ્યને. શું ઉપાસવું ? ઉપાસવું એટલે શું ? જ્ઞાયકભાવ ઉપર એકાકાર થવું એ એની ઉપાસના, એ એની સેવા કરી કહેવામાં આવે છે. પુણ્ય-પાપના રાગને પોતાના માનીને એની સેવા કરતો એ મૂઢ અને અજ્ઞાની હતો. સમજાણું કાંઈ ? એ દૃષ્ટિ ફરી ત્યાં સૃષ્ટિ ઉત્પન્ન થઈ બીજી. ભગવાન આત્મા.. આહા..હા...! અરે..! તારી સમૃદ્ધિ અને ૠદ્ધિ એકલા જ્ઞાયકભાવથી ભરેલી છે. .. પ્રધાનતા ગણવી છે ને, પારિણામિક ભાવ .. જ્ઞાયકભાવ જાણનાર પારિણામિકભાવ ત્રિકાળ છે. એવા ભાવની સેવા કરતાં.. ઉદયની સેવા તો અનાદિનો કરતો હતો, એમાં તારે જાણવું છે શું ? સમજાણું કાંઈ ? પારિણામિક જ્ઞાયકભાવ, એની સેવા, ઉપાસના. એવા જીવતત્ત્વનો સેવક થયો, જીવનો ઉપાસક થયો. કોનો ઉપાસક છો ? વીતરાગભાવ એવો આત્મા, તેનો ઉપાસક છું. રાગનો અને પુણ્યનો, નિમિત્તનો ઉપાસક નથી. સમજાણું કાંઈ ? સમજાય છે કે નહિ,

'ગુલાબચંદભાઈ'? આ તો કો'ક દિ' આવે એટલે એવું ઝીણું લાગે ને. .... કરવા જેવું આ છે, બાકી બધા હેરાન થવાની અગ્નિથી સળગે છે. ધર્મને નામે રાગની ક્રિયા, પુણ્યની ક્રિયા કરે માને કે અમારે ધર્મ થાય. મિથ્યાત્વથી લેપાય છે.

કહે છે, '**તે જ...**' એટલે જે જ્ઞાયકભાવ શુભાશુભ પરિણામે પરિણમ્યો નથી અને જેને ... કરીને અપ્રમત્ત અને પ્રમત્ત નથી એવો જે જ્ઞાયકભાવ, આહા..હા...! પરથી ખસી અને સ્વભાવના અસ્તિની સેવા એટલે કબુલાતમાં આવ્યો. આ જ્ઞાયકભાવ તે હું, એની સેવા કરી એને શુદ્ધ કહેવાય છે. એટલે કે શુદ્ધ તો હતો, પણ સેવા કરીને પરિણતિમાં શુદ્ધતા થઈ એને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. કોણ ? પર્યાય શુદ્ધ એમ નહિ, ત્રિકાળ શુદ્ધ છે. આ નહિ. જેણે પરનું લક્ષ છોડી, સ્વદ્રવ્યના લક્ષને .. બંધાણો, એની સેવા-ઉપાસના કરી એવા ઉપાસકને આ શુદ્ધ થયું. સમજાણું કાંઈ ? લ્યો, આ એક બોલનો પેરેગ્રાફ થયો. વિશેષ આવશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

卐

**આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. જેમ બરફ શીતળતાની મોટી પાટ છે તેમ આત્મા શીતળતાની મોટી પાટ છે, અનંત અનંત અતીન્દ્રિય આનંદની મોટી પાટ છે, અનંત સર્વજ્ઞતાની મોટી પાટ છે, આત્મા એટલે અનંતી પ્રભુતાની મોટી પાટ છે, અનંતી વિભુતાની મોટી પાટ છે. એમ અનંત અનંત ગુણોથી પૂર્ણાનંદથી ભરેલી મોટી પાટ છે. વસ્તુ છે તે સદાકાળ એવી ને એવી જ રહી છે, ભલે નરક નિગોદ આદિના અનંતા ભવો કર્યા છતાં વસ્તુ જ્ઞાનાનંદસ્વરૂપ એ તો સદાકાળ એવી ને એવી રહી છે. એનો અંદરમાં વિશ્વાસ આવવો જોઈએ. (દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૮૩૪)**

## શ્રી સમયસાર, ગાથા-૬
## પ્રવચન નં.૨૯, તા.૪-૧૨-૧૯૭૧
## (૩)

'સમયસાર' છઠ્ઠી ગાથા ચાલે છે. અહીંયાં સુધી આવ્યું છે. પહેલો પેરેગ્રાફ આવ્યો છે ને ? આ આત્મા છે એ વસ્તુ અનાદિ-અનંત નિત્ય ઉદ્યોત સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. એવો એકરૂપ ભાવ જ્ઞાયકભાવ એ સંસારની બંધ અવસ્થાની અપેક્ષાએ જોઈએ તો તેમાં પુણ્ય-પાપના .. બંધનની ઉત્પત્તિના કારણો એવા શુભ અને અશુભભાવ, નિમિત્તને વશે પ્રવર્તતા.. સમજાણું કાંઈ ? કર્મના નિમિત્તને વશે પ્રવર્તતા એ ભાવપણે, આત્મા વસ્તુ જે છે, એ ભાવપણે પરિણમતી નથી. સમજાણું કાંઈ ? તેથી, તે પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. એ શુભાશુભભાવપણે થાય તો તો એના ભેદો દેખાય કે આ ગુણસ્થાન સહિત છે. ... તેથી એ પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી.

'**તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' એવો જે ભગવાન અનાદિ-અનંત ઉદ્યોતમાન પ્રકાશ જ્યોતિ, એને અન્ય દ્રવ્યોના ભાવો એટલે જડ અને જડના ભાવ, એનાથી લક્ષ છોડી '**ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' એ જ્ઞાયકભાવ, શુદ્ધ ધ્રુવભાવને પરના લક્ષથી છૂટી, એવા જ્ઞાયકભાવને ઉપાસવામાં આવતો, ભિન્નપણે સેવવામાં આવતો, પરથી ભિન્નપણે આત્માના સ્વભાવને સેવવામાં આવતો આત્મા, એને '**શુદ્ધ કહેવાય છે.**' શુદ્ધનું ભાન થયું ત્યારે એને આ આત્મા શુદ્ધ છે એમ કહેવામાં આવે. સમજાણું કાંઈ ? જે વસ્તુ છે એ દૃષ્ટિમાં ન આવે અને જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી ચીજ આ છે, આ છે, એ જાણે કોણ ? ગ્રહે કોણ ? સમજાણું કાંઈ ? છેલ્લો શબ્દ હતો.

'**તે જ સમસ્ત...**' તે જ એમ કહ્યું ને ? એવો જે ભગવાન જ્ઞાયકસ્વરૂપ, જે નિમિત્ત વશે પ્રવર્તતા શુભાશુભભાવમાં થતો નથી-પરિણમતો નથી-વિકારપણે આવતો નથી એવો જે આત્મા, એને પરથી જુદાપણે ઉપાસવામાં આવતા. પોતાના સ્વભાવમાં એકાગ્ર થતો, એવા જીવને આ દ્રવ્ય શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ખરેખર તો નિશ્ચય અને વ્યવહાર નય છે ને નય. વ્યવહાર પણ એને કહેવાય કે એને ઉપાસવામાં આવતા જો પરિણતિ પ્રગટી એને નિશ્ચય કહેવાય અને રાગ બાકી રહ્યો રાગ એને વ્યવહાર કહેવાય, એને નય લાગુ પડે. સમજાણું કાંઈ ? જે આત્મા પોતાના ધ્રુવ ચૈતન્ય શુદ્ધ આનંદ, જ્ઞાનભાવ સ્વભાવ, એની સેવા કરતાં-એમાં આવતાં, ત્યારે તેને નિશ્ચયનય, એનો વિષય દૃષ્ટિમાં આવ્યો અને શુદ્ધ પરિણમનમાં ખ્યાલમાં આવ્યો કે આ વસ્તુ છે. દૃષ્ટિ તો શ્રદ્ધા છે પણ એના જ્ઞાનમાં પણ આવ્યો

કે આ આત્મા ધ્રુવ અને શુદ્ધ છે. એવું જેને પ્રગટ્યું, એવા જીવને નયનું પરિણમન થયું એમ કહેવામાં આવે છે. એવા જીવને..

અહીં તો એકલી અસ્તિની જ વાત છે. સમજાણું કાંઈ ? અને એમાં બે નયોનો નિષેધ થયો. એક નયનો આશ્રય થયો, બે નયનો નિષેધ થયો. અસદ્‌ભુત વ્યવહાર ઉપચાર અને અસદ્‌ભુત વ્યવહાર અનુપચાર, એ બે નયનો એમાં નિષેધ થયો. સમજાણું કાંઈ ? ... આ તો સાદી વાત છે. વસ્તુ જે છે, જ્ઞાનભાવ-સ્વભાવભાવ, એ જ્યારે શુભાશુભભાવપણે થઈ નથી એવી ચીજને સેવવામાં આવતાં, સમજાણું કાંઈ ? ... એટલે કે એને સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ થતાં એના ધ્યેયમાં આ શુદ્ધ હતું એવું એને ભાન થયું. સમજાણું કાંઈ ? એટલે એમાં શુભ-અશુભભાવ જાણવામાં આવે, નથી અને જાણવામાં આવે એને અસદ્‌ભુત ઉપચાર કહે છે. નથી એમાં થતાં, જાણવામાં પણ ન આવે અબુદ્ધિપૂર્વક એવા ભાવ વિકારને અસદ્‌ભુત અનુપચાર કહેવામાં આવે છે. આવું છે. નવા માણસને તો અભ્યાસ ન મળે... એય 'મનસુખ' ! ક્યાં ગયો તમારો ... ગયો ? છે ? ... કોઈ દિ' અભ્યાસ ન મળે. ... પ્રયોજનભૂત આ છે એમ એને દૃષ્ટિમાં આવતું નથી.

કહે છે કે જ્યારે આ આત્મા પોતાના સ્વભાવની સેવા કરે છે, જ્ઞાયકભાવ વસ્તુનો ભાવ, એની સેવા કરે છે ત્યારે તેને શુદ્ધનય નિશ્ચયનયની ધ્યેય જે વસ્તુ, એ લક્ષમાં આવી એટલે એના પરિણમનમાં નિર્મળતા આવી. હજી જે રાગ બાકી રહી ગયો એ રાગનો એમાં નિષેધ થયો. સમજાણું કાંઈ ? ખ્યાલ આવે એવો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ પણ હિંસા છે. રાગની વૃત્તિ ઊઠે છે એનો આમાં નિષેધ છે. સમજાણું કાંઈ ? ત્યારે એને અહિંસા સ્વભાવ શુદ્ધની સેવા કરતાં અહિંસક સ્વભાવ ઉત્પન્ન થયો. બાકી રાગ રહ્યો, ખ્યાલમાં આવે એવો એક રાગ અને એક ઉપયોગ સ્થૂલ છે તેથી એ ખ્યાલમાં ન આવે એવો એ રાગ, ખ્યાલમાં આવે એવા રાગને અસદ્‌ભુત ઉપચાર, અસદ્‌ભુત તે આત્મામાં નથી, પણ પર્યાયમાં છે એનું નામ જાણવું એનું નામ ઉપચાર કહેવામાં આવે છે; અને બીજો રાગ આમાં નથી, પણ પર્યાયમાં જે કચાશને લઈને છે, પણ એ ખ્યાલમાં નથી આવતો એથી એને અસદ્‌ભુત અનુપચાર કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ ! એનો નિષેધ થયો. સમજાણું કાંઈ ? એ રાગ આમાં ભળતો નથી, ભિન્ન રહે છે. ભિન્ન ઉપાસવામાં આવ્યો ને ? અહીં તો ગાથા જ આખી 'સમયસાર'ની શરૂઆત કરનારી છે. સમજાણું કાંઈ ?

અનાદિનું જે શુભાશુભ ભાવ ઉપર લક્ષ હતું, એટલે કે એને નિમિત્ત ઉપર વશ થયેલું લક્ષ હતું. એ મિથ્યાદૃષ્ટિ હતો. એ હવે એનું લક્ષ છોડી ચૈતન્ય મહાપ્રભુ જ્ઞાયકભાવ, આનંદભાવ, જ્ઞાયક એટલે જ્ઞાનપ્રધાનતાથી વાત છે, એકલો જ્ઞાનભાવ અનાદિ-અનંત નિત્ય સ્પષ્ટ, એના તરફના વલણમાં એની ઉપાસના થઈ, પેલા ધ્રુવની. સમજાણું કાંઈ ? અહીં ઉપાસના હતી પુણ્ય-પાપના શુભાશુભભાવની એ મિથ્યાત્વ હતું. ત્રિકાળ જ્ઞાયકભાવની ઉપાસના એ પર્યાય

છે, પણ ધ્રુવની ઉપાસના (કરે છે). એમ કીધું ને, **'તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો...'** ધ્રુવ સેવવામાં આવતો એમ કીધું. એય..! ધ્રુવ સેવાતો હશે ? એનો અર્થ એ કે જ્ઞાયકભાવ તરફનો ઝુકાવ, એ એની સેવા કહેવામાં આવે છે એટલે કે એના સન્મુખની ભાવના, એણે આખાને સ્વીકાર્યો, નહોતો દૃષ્ટિમાં-આ છે જ નહિ એને ઠેકાણે એને સ્વીકાર્યો ઈ એની સેવા કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ ! આવી કથા સાંભળતા માણસને (એમ લાગે) આ તે જૈનધર્મ હશે ? વાડાવાળાને તો આકરું લાગે. એ 'ચીમનભાઈ' ! આ બધા તો અગ્રેસર છે ત્યાં. સામાયિક ને પોષા ને પડિકમણા કરે તો સમજાય તો ખરું કે આ કાંઈક કરીએ છીએ. એ તો બધો વિકલ્પ છે. સમજાય છે ? એ રાગથી ભિન્ન પડીને જે ત્રિકાળી જ્ઞાયકભાવની સન્મુખ થયો ત્યારે તેનો સ્વીકાર થયો, એ એની સેવા છે. કહો, સમજાણું કાંઈ ? ... અલ્પ શબ્દોમાં ઘણું ગૂઢ ભર્યું છે. એક-એક ગાથાએ ચૌદ પૂર્વનો સાર ભરી દીધો છે. સમજાણું કાંઈ ?

કહે છે કે જ્યારે અમે, **'તે જ...'** તે જ એટલે ? કે જે શુભાશુભભાવે પરિણમ્યો નથી એવો જે ત્રિકાળી જ્ઞાયકભાવ, તેને **'સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...'** પરના લક્ષથી છૂટીને પરથી ભિન્નપણે આરાધકપણે ઉપાસવામાં આવતો, તે દ્રવ્યનું આરાધનપણું કર્યું, વસ્તુની આરાધના કરી, વસ્તુની સેવા કરી, વસ્તુની ઉપાસના કરી એટલે કે આખી ચીજ આવી ચીજ છે એમ પ્રતીત અને જ્ઞાનમાં સ્વીકાર થયો. 'હિંમતભાઈ' ! આવો છે આ જૈનધર્મ. ન્યાં શેઠ હતા તો ત્યાં તો બધા પોષા ને પડિકમણા ચાલે. .... બાપુ ! વસ્તુ જ આ છે અને આ સમજ્યા વિના તારા નિવેડા આવે એવા નથી. ચોરાશીના અવતાર.. આ..હા..હા...! એણે વિચારે કે દિ' કર્યો છે. નિમિત્તને વશ પડેલો અને વશે થયેલો.. સમજાણું કાંઈ ? ... છો, પ્રભુ ! સમજાણું કાંઈ ? .... એની પર્યાય નિમિત્તને વશ થયેલી શુભાશુભભાવ કર્યા કરે. આહાહા..! એ રૂપે થયો નથી એની સેવા કરવાથી, એનો સ્વીકાર કરવાથી, એની સન્મુખ થઈને આ જ વસ્તુ છે એમ પરિણમન કરવાથી એવા જીવને આ વસ્તુ શુદ્ધ છે, એ શુદ્ધનયનો વિષય છે, એવું નયનું જ્ઞાન એને યથાર્થ થયું. સમજાણું કાંઈ ? 'બાબુભાઈ' ! આવું ઝીણું છે.

**'અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો...'** એનો અર્થ. જડથી તો ભિન્ન છે. સમજાણું ? પણ જડથી ભિન્ન પડતાં પુણ્ય-પાપના ઉત્પન્ન કરનારા ભાવોથી પણ ભિન્ન પડી ગયો. એનાથી તો ભિન્ન પડ્યો પણ વર્તમાન પર્યાય ઉપર દૃષ્ટિ રહી નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ ? આ તો હજી પ્રથમ સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય એની વાત છે. આ તો પ્રથમ ધર્મ, એકડાનો પહેલો એકડો છે આ તો. અરે..રે..! કહે છે, એવો ભિન્નપણે ઉપાસવામાં આવતો (એટલે) બીજા ભાવ છે ખરા. અન્ય દ્રવ્ય અને દ્રવ્યનો ભાવ છે. ભિન્નપણે ઉપાસવામાં આવતો, ત્યારે એનાથી ભિન્ન બીજી ચીજ છે. એટલે કર્મનો ઉદય નિમિત્ત છે એને તો અહીં સ્વીકાર્યું. છે બીજી ચીજ. સમજાણું કાંઈ ? એક જ આત્મામાં પરના લક્ષે ભૂલ થવી એમ હોઈ શકે નહિ. પર હોય તો એને લક્ષે ભૂલ થાય, સ્વલક્ષ છોડીને. આ વાત વેદાંતમાં પણ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? એક

તરફના લક્ષમાં હતો, એક બીજી ચીજ હતી. એનાથી ભિન્નપણે સેવવામાં આવતો. એની દૃષ્ટિ ફરી. તે જ આખો જ્ઞાયકભાવ, એ ઉપર દૃષ્ટિ પડતાં એના તરફના ઝુકાવમાં એનું સેવન કર્યું એવા જીવને ઓલો શુદ્ધ છે એમ (કહેવાણું). '...ભાઈ'! આવું સ્વરૂપ છે. એ.. 'રસિકભાઈ'! તમારા 'લક્ષ્મીચંદભાઈ'એ તો આવું સાંભળ્યું નહોતું. ... આ વાત જ ક્યાં (હતી). થોડી જ્યાં કહી ત્યાં ભડકતા હતા.

(સંવત) ૧૯૮૫માં કહ્યું, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. હાય.. હાય..! ઈ વાત અહીં અત્યારે આજે આવી. ... જુઓ, ભાઈ ! આ પરલક્ષને લઈને જે પરદ્રવ્યાનુસારી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ, પૂજા, ભક્તિનો રાગ એ હિંસા છે. એ ભડક્યા. રાગ તે હિંસા છે. અહિંસા ધર્મ આમ સાધારણ કહે છે એમ એ નથી. રાગથી ભિન્ન પડીને પોતાના આત્માનું સેવન કરે એ પર્યાયને અહિંસા ધર્મ કહેવામાં આવે છે. વીતરાગી ભાવની સેવા કરતાં જે પર્યાય પ્રગટે એને અહિંસા કહેવાય. આહા..! એ અહિંસાં પરમો ધર્મ છે. સમજાણું કાંઈ ?

બે નયનો નિષેધ થયો. એકનો આદર થયો ત્યાં બેનો નિષેધ થયો. 'ભિખાભાઈ' ! ક્યા બે ? રાગાદિ છે નહિ ને આત્મામાં. ઉપચાર અને અનુપચાર. કારણ કે ઉપયોગ સ્થૂળ છે. ખ્યાલમાં આવે છે કે આ રાગ છે, ભિન્ન છે, છતાં આત્માનો છે એમ કહેવું એ ઉપચાર વ્યવહાર અસદ્ભુત છે. સમજાણું કાંઈ ? તે જ કાળે ઉપયોગની સ્થૂળતા હોવાને લઈને એક સમયની અંદરમાં વિકાર જાણવામાં આવ્યો ઈ સ્થૂળ આવ્યો, બીજો જાણવામાં ન આવ્યો એ અંદર બાકી રહી ગયો એને અહીંયાં અસદ્ભુત અનુપચાર એટલે કે છે, સમજાણું કાંઈ ? જાણવામાં આવતો નથી છતાં છે એને અસદ્ભુત ઉપચારનય કહે છે. બેનો નિષેધ થયો. હવે ત્રીજાની વાત.

ચોથું પદ. એમાં ત્રીજા નયનો નિષેધ છે. સદ્ભુત ઉપચારનયનો નિષેધ છે. સદ્ભુત ઉપચાનો નિષેધ. ઈ ચોથા પદની અંદરમાં એ વર્ણવે છે. ધીમે-ધીમે લઈએ, આ તો સમજવાની વાત છે. અરે..! જ્યાં વિશ્રામ લેવો જોઈએ એ ધામ શું છે એની એને ખબર નથી. જેમાં ઠરવું જોઈએ, વિશ્રામ મળે એવું ધામ જ્ઞાયકભાવ, એની ખબરું વિના જ્યાં ત્યાં વિશ્રામ લેવા, પુણ્ય પરિણામમાં અને આમાં ને પાપ પરિણામમાં સુખ માનીને વિશ્રામ લેવો એટલે એમાં સુખ માનવું, મિથ્યા ભ્રાંતિમાં-ભ્રમમાં પડ્યો છે.

બીજો પેરેગ્રાફ. ગાથાનું ચોથું પદ. '**ण वि होदि अपमत्तो ण पमत्तो जाणगो दु जो भावो । एवं भणंति सुद्धं**' એને શુદ્ધ છે એમ જાણવું. જાણવું એનો અર્થ ઈ જ. જાણવું એટલે ? '**भणंति**' એટલે કહેવું નહિ, એને શુદ્ધ છે એમ જાણવું. શુદ્ધ છે એમ જાણવું છે ને ? આત્મા પૂર્ણાનંદ પ્રભુ જ્ઞાયકભાવની ચીજ અનાદિ-અનંત, એનું આખું સત્ત્વ જ્ઞાયકભાવરૂપ સત્નું સત્ત્વ. એની સેવા કરતાં.. સમજાણું કાંઈ ? સેવા કરનારને આ આત્મા ધ્રુવ શુદ્ધ છે એમ એને જાણવામાં આવ્યું, એમ કહેવું છે. 'પંડિતજી' !

હવે '**णादो जो सो दु सो चेव**' ચોથું પદ છે. ચોથા પદનો આ બીજો પેરેગ્રાફ છે. '**વળી દાહ્યના (–બળવાયોગ્ય પદાર્થના)...**' જુઓ ! દાખલો અગ્નિનો (આપે છે). દાહ્ય જે બળવા યોગ્ય પદાર્થને આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે, એને બાળનાર કહેવાય છે. આ લાકડા હોય એને આકારે અગ્નિ થાય છે ને ? છાણા હોય, શું કહેવાય ? ... અડ્યા. અડાયા એટલે એ છાણ પડ્યું સૂકું થઈ ગયું હોય ઈ અડાયું કહેવાય અને લીલું છાણું હોય એને લાવીને ... નાખીને કરે એને છાણા કહેવાય. અડાયા આવે છે ને. અડાયા હોય છે ને ? પડ્યા હોય તો આમ સૂકાય જાય. અડાયા હોય એ રીતે અગ્નિ એને આકારે પરિણમી જાય એ અગ્નિનો આકાર અને બળી ચીજ છે એને આકારે નથી થઈ. જ્ઞેયાકાર જણાય છે પણ છે જ્ઞાનાકાર. સમજાણું કાંઈ ? અડાયા, છાણા, લાકડા, કોલસા. નાના મોટા કોલસા હોય ને ? .. શું કહેવાય છે ? સગડીયું. સવારના જ્યાં હોય ત્યાં સગડી સળગતી હોય છે. જે જાતના કોલસા જેવા આકારે હોય એવી અગ્નિ થાય.

એ '**(–બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી...**' પણ થઈ છે કોણ ?–અગ્નિ. બળવાયોગ્ય પદાર્થને આકારે થઈ છે અગ્નિ. બળવાયોગ્ય પદાર્થને આકારે બળવાયોગ્ય પદાર્થ થયા નથી. સમજાણું કાંઈ ? ઈ શું કહ્યું ? દાહ્ય. અહીં જીવ પદાર્થ છે, હોં ! નહિતર તો .. જ્ઞાયકને જાણવું છે ને. જાણે છે, ઈ જાણે છે એ સમયે જ્ઞાયક એ નહિ, કોને જાણે એની વાત નથી. અહીં તો પર્યાયમાં જેમ અગ્નિ બળવા યોગ્ય પદાર્થને આકારે, બળવા યોગ્ય પદાર્થને આકારે અગ્નિ થઈ છે. બળવા યોગ્ય પદાર્થના આકારસ્વરૂપે થઈ નથી. એના આકાર રૂપે પોતે અગ્નિ થયેલી છે, એ આકાર અગ્નિનો છે. સમજાણું કાંઈ ? બળવા યોગ્ય પદાર્થનો એ આકાર નથી. બરાબર હશે ? આવા ન્યાય અને આવો ધ્વનિ.. ... આમ દેખાય કે અગ્નિ લાકડા કે અડાયાના આકારે થઈ. .. શું કહેવાય ? પ્લાસ્ટીકની દોરી. સિંદરી જાડી આવડી મોટી. ... એના આકારે થાય છે, છતાં એના આકારે થઈ નથી, એ પોતાને આકારે થઈ છે. સમજાણું કાંઈ ? બળવા યોગ્ય લાકડાના આકારે થયેલું અસ્તિત્વ અગ્નિમાં છે. બરાબર છે ?

'**દાહ્યના (–બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન...**' નામ આને બાળે છે એમ કહેવાય છે. '**તોપણ...**' આમ હોવા છતાં પણ. ધ્યાન રાખે તો સમજાય એવું છે. આ બહુ સાદી ભાષામાં આવે છે. સંસ્કૃત ને વ્યાકરણ ને મોટા-મોટા આવા એવું કાંઈ નથી. ઈ પોતે સાદો છે. સમજાણું કાંઈ ? આવું હોવા છતાં '**દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી...**' એ આકારવાળા બળવા યોગ્ય પદાર્થ હતા એવે આકારે અગ્નિ થઈ, તેથી બળવા યોગ્ય પદાર્થને આકારે થઈ માટે તેને અશુદ્ધતા આવી એમ નથી. બળવાયોગ્યને કારણે અશુદ્ધતા થઈ એમ નથી. સમજાણું કાંઈ ?

'**તેવી રીતે...**' એ દૃષ્ટાંત થયો. લોકોને સમજવામાં સહેલું પડે એટલે દાખલો એને માટે છે. દાખલામાં અટકવા માટે નથી. આ દાખલો, લ્યો. પણ દાખલાનો સિદ્ધાંત શું ? એને સિદ્ધાંત સમજાવામાં સરળ પડે માટે દાખલો આપવો જોઈએ. અગ્નિ તો બરાબર છે. આ અગ્નિ છે એ

બળવાયોગ્યને આકારે થઈ છતાં, બળવાયોગ્ય પદાર્થને કારણે એ આકાર છે એવી અશુદ્ધતા એને નથી. '..ભાઈ' !

**'તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને...'** એટલે જ્ઞાયકભાવને જાણનાર એવા આત્મભાવને. જ્ઞેયાકાર-રાગ, શરીર, વાણી આદિ જે ભાવ છે તે પ્રકારના આકારરૂપે પરિણમન હોવા છતાં તે ભાવને **'જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...'** એ રાગનો, શરીરનો જાણનાર છે એમ એ પ્રસિદ્ધ છે. એના આકારનું પરનું જે સ્વરૂપ છે એ જ સ્વરૂપે જ્ઞાનાકાર થાય. સમજાણું કાંઈ ? આહા..હા...! આ તો થોડો અભ્યાસ જોઈએ. 'મનસુખભાઈ' ! હળદરના ગાંઠિયે ગાંધી ન થવાય, એમ કહે છે. એક-એક ગાથા આ તો.. આહા..હા...! વીતરાગભાવના વલણના ભાવ છે આ બધા. સમજાણું કાંઈ ? પોતે વીતરાગભાવ સ્વરૂપ છે, એના વલણનો જ આ ભાવ છે. સમજાણું ?

કહે છે કે અગ્નિને દાહ્યકૃત દાહ્યને આકારે પરિણમવા છતાં એ અગ્નિને દાહ્યકૃત અશુદ્ધતા લાગુ પડતી નથી, એ તો અગ્નિનું પોતાનું જ પરિણમન છે. અગ્નિના અસ્તિત્વમાં એનું પરિણમન છે, એને (ઈંધનને) લઈને પરિણમન છે એમ છે નહિ. આ..હા..! સમજાણું કાંઈ ? **'તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવને...'** (એટલે) જ્ઞાયકભાવને. એને જાણવું એવું **'જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...'** રાગને જાણે, શરીરને જાણે, એમ કહે છે ને ? જ્ઞાન રાગને જાણે, શરીરને જાણે એવું એમાં પ્રસિદ્ધ છે. સમજાણું આમાં ? **'તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...'** રાગનું રાગપણાના સંબંધનું પોતાનું જ્ઞાન તે જ્ઞેયાકારે થયું પણ તે જ્ઞાન-આકાર છે, એ છે તો આ જાણવું થયું એમ એને અશુદ્ધતા નથી. સમજાણું કાંઈ ? બળવાયોગ્ય પદાર્થ હતા તો અગ્નિ એ આકારે થઈ એમ નથી. એમ રાગ ને શરીર છે તો તે પ્રકારના જ્ઞાનમાં તે પ્રકારનું જ્ઞાન થયું એમ નથી. એ જ્ઞાયક છે તેથી તેના પર્યાયમાં પોતાને કારણે જ્ઞેયાકારનો ભાવ જ્ઞાનાકારપણે પરિણમ્યો છે. આના અસ્તિત્વને લઈને આ અસ્તિત્વ છે એમ નથી. કહો, સમજાણું કાંઈ ?

વસ્તુ છે એ તો ત્રિકાળ કીધી પહેલી. હવે એમાં જ્ઞાનનું જ્ઞાયક આવ્યું ને, જાણનાર. પોતાને જાણનાર એ વાત અત્યારે નથી. જાણનાર. કોનો ?-જ્ઞેયનો. જ્ઞેયનો જાણનાર માટે એટલી જ્ઞેયની પરાધીનતા આવી અને પર્યાયમાં જાણવાના આકારે પરિણમેલું જ્ઞાન, જેવું જ્ઞેય છે તે રીતે પરિણમ્યું માટે તેને અશુદ્ધતા આવી એમ નથી. એના પર્યાયનું અસ્તિત્વ જ જ્ઞેયાકારે થવાનું- પોતાના જ્ઞાનાકારે થવું એ પોતાથી થયેલું છે. સમજાણું કાંઈ ? દ્રવ્ય તો આમ સિદ્ધ છે, પણ એની પર્યાયમાં આ રાગનું જ્ઞાન, શરીરનું જ્ઞાન એમ જે કહેવું, એથી એને અશુદ્ધતા આવતી નથી. એ તો એણે નિમિત્તનું જ્ઞાન કર્યું છે. એ જ્ઞાન, નિમિત્તમાં અસ્તિત્વમાં છે માટે અહીં નિમિત્તનું જ્ઞાન થયું છે (એમ નથી). પોતાના અસ્તિત્વની પર્યાયનું જ્ઞાન તે કાળે પોતાથી થયું છે. સમજાણું કાંઈ ? આમાં માથાકૂટમાં કોણ પડે ? 'મૂળચંદજી' કહેતા. (સંવત) ૧૯૮૦ સાલનું ચોમાસુ પૂરું થયું ને. ૪૭ વર્ષ થઈ ગયા. ૧૯૮૦ સાલનું ચોમાસુ. ... જુઓ ભાઈ !

આપણને શ્રદ્ધા ગણધર જેવી મળી છે. આપણે આડુંઅવળું બીજું કાંઈ માનવું નહિ. યથાશક્તિ ત્યાગ કરો, ચારિત્ર પાળો, જાવ. 'બોટાદ'ના અપાસરામાં ૧૯૮૧ના કારતક સુદ-૧૫ની રાત્રે કહ્યું હતું. .... અરે..! ભગવાન ! શું થાય ?

વસ્તુ.. વસ્તુ શું છે ? જેની સત્તા સ્વયંસિદ્ધ છે એને પરની અપેક્ષા છે નહિ. એ તો પહેલું કહ્યું, છે એને પરની અપેક્ષા નથી, દ્રવ્યને. હવે અહીં તો એની પર્યાયને પરની અપેક્ષા નથી એ સિદ્ધ કરવું છે. આહા..હા...! પહેલાં કહી ગયા હતા ને ? '**કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી.**' છે ને ? પોતાથી સિદ્ધ છે, એ તો વસ્તુ કીધી. વસ્તુ જ્ઞાયકભાવ ત્રિકાળી. જ્ઞાયકભાવ જાણે છે, એમ જે ધ્વનિ આવ્યો, આને જાણે છે, રાગને જાણે, શરીરને જાણે એટલે એનું-બીજાનું અસ્તિત્વ છે માટે અહીંયાં જ્ઞાનના અસ્તિત્વનું પરિણમન એવું થયું, એમ નથી. 'છોટાભાઈ' ! ભારે વાતું, ભાઈ !

પર્યાયમાં જ્ઞાન એવું થયું. અગ્નિ જેવો સામે બળવાયોગ્યનો આકાર હોય એવો જ દેખાય. સમજાણું કાંઈ ? એમ જ્ઞાનમાં જે પ્રકારનો રાગ, જે પ્રકારનો દ્વેષ, જે પ્રકારનો વિકલ્પ કે જે પ્રકારની શરીરની આકૃતિની અવસ્થા (હોય) એવું અહીં જ્ઞાન થાય. જ્ઞાન તો સત્ય હોય એમ થાય કે અસત્ય હોય એમ થાય ? સમજાય છે કાંઈ ? એવું જ્ઞાન જ્ઞેયના આકારે પરિણમતા છતાં, એ જ વિધિપણે પરિણમતા છતાં, એ જ્ઞેય છે તો આ થયું એવી અસત્યતા એને લાગુ પડતી નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? '..ભાઈ' ! વેપારીઓને આ બધું સમજાય છે કે નહિ ? વેપારમાં બધા હુશિયાર કહેવાય. ક્યાં ગયા '...ભાઈ' ? નથી ? શું આ કહેવાય છે ?

કહે છે કે બળવાયોગ્ય પદાર્થને કારણે અગ્નિનો આકાર થયો છે એમ નથી. અગ્નિના આકારનું અસ્તિત્વ સ્વયંસિદ્ધ પોતાથી થયું છે. એમ જ્ઞાનના પર્યાયમાં વસ્તુ તો સ્વયંસિદ્ધ છે એનું કીધું, હવે તો અહીં જ્ઞાન પરને જાણે છે એવો જે ઉપચાર-સદ્ભુત ઉપચાર, છે જ્ઞાન પોતાનું, પણ આ રાગને જાણે અને એ આકારે પરિણમ્યું છે એમ નથી. સમજાણું કાંઈ ? પેલું તો સહેલુંસટ હતું. 'અહિંસા.. ' ભગવાને અહિંસા કીધી છે. બીજા જીવોને ન મારવા એ બધા સિદ્ધાંતનો સાર છે. એ 'ચીમનલાલભાઈ' ! 'હિરાજી મહારાજ'ને તમે નહિ જોયા હોય. જોયા છે ? ... ગુજરી ગયા. ... ચૈત્ર વદ-૮. ૫૪ વર્ષ થયા. બહુ સરળ, ભદ્રિક. તત્ત્વની કંઈ ખબર નહિ. ... હિરા એટલા હીર, બીજા સૂતરના ફાળકા. એમ કહેવાતું, હોં ! તમે તો જોયા નહિ હોય, ૫૪ વર્ષ પહેલાંની વાત છે ને. બહુ વૈરાગ્ય, કષાય મંદ, બ્રહ્મચર્ય, શાંત, હજારો માણસમાં વ્યાખ્યાન કરે પણ આંખ ઊંચી (થાય નહિ). ભગવાને આમ કહ્યું છે, ભાઈ ! તત્ત્વની વાત સાંભળેલી નહિ. બસ, એટલું, પરને ન મારવા એ અહિંસા સિદ્ધાંતનો બધો સાર છે. અહીં કહે છે, મારવો, ન મારવું સિદ્ધાંતમાં છે જ નહિ. બીજાને મારી શકે ન મારી શકે એ વાત આત્મામાં છે જ નહિ.

અહીં તો આત્મામાં પરની જે ચીજ છે તે જ પ્રકારે જ્ઞાનનું થવું છતાં એને કારણે એ છે માટે અહીં થયું છે એમ નથી. પરને કરવું, દયા (કરવી) એ તો નથી પણ પરની દયા પળી-એ જીવ ત્યાં બચ્યો એવું અહીં જ્ઞાન થયું એ જ્ઞાન એવું થયું કે આ છે અત્યારે, પણ એ બચ્યો છે એવી

પર્યાય છે, એનું અહીં જ્ઞાન થયું એથી બચ્યો એની પર્યાયને કારણે અહીં જ્ઞાન થયું એમ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! ... જડથી પણ ધર્મ થાય છે. જડમાં ચૈતન્ય પેસે છે અને ચૈતન્યમાં જડ પેસે છે. ભગવાને આત્માને મૂર્ત કીધો છે. એ બધો ... એ તો નિમિત્તની અપેક્ષાથી ... નિમિત્ત છે, નિમિત્ત ન હોય તો બંધાય નહિ, એ 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં કહ્યું છે. માટે ભગવાનના દર્શન વીતરાગ ભાવ આવે ત્યાંથી. ભગવાનની મૂર્તિ દેખીને વીતરાગભાવ આવે. અરે..! દેખીને રાગ પણ આવે નહિ, સાંભળને ! રાગ તો તારા પોતાથી (થાય છે), ન્યાં મૂર્તિમાંથી રાગ ક્યાં આવતો હતો ! સમજાણું કાંઈ ? જિનબિંબ જડ છે, જડમાંથી વીતરાગભાવ આવે છે. ... મૂર્ત કહ્યો છે, પરમાણુને અમૂર્ત કહ્યો છે એ અપેક્ષાઓ ઉપચારથી કહેવામાં આવે છે. આહાહા..! એને યથાર્થપણે માની લે... ત્રિકાળ ભગવાન તો અરૂપી અને અમૂર્ત જ છે, ત્રણકાળમાં મૂર્ત કોઈ દિવસ થયો નથી. અરે..! દૃષ્ટિ ફેરે આખી વાત-શાસ્ત્રનો અર્થ ખોટો થઈ ગયો.

કહે છે, '**જ્ઞેયાકાર થવાથી...**' કોણ ?-જ્ઞાયકભાવ. જ્ઞાયક જાણે છે, જાણનાર છે. એનો અર્થ થયો કે જાણે છે. કોને ?-પરને. બાળે છે. કોને ? જડને. અગ્નિ બાળે છે. કોને ?-જડને. એમ જ્ઞાન જાણે છે. કોને ?-પરને. એવો ધ્વનિ જ્ઞાયકમાં આવે છે, કહે છે. છતાં એ પરને જાણવું એ વાત યથાર્થ છે નહિ. પરને બાળવું એ અગ્નિમાં જેમ યથાર્થ નથી, એ અગ્નિ પોતે જ પોતાને આકારે પરિણમેલી છે. સમજાણું કાંઈ ? '**જ્ઞેયાકાર થવાથી તે ભાવને...**' ઓલામાં કહ્યું હતું ને ? '**તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' તે ભાવને એટલે જ્ઞાયકભાવને '**જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...**' આ જાણે છે, આ જ્ઞાયક છે એ જાણનાર છે. પરનો જાણનાર છે એમ પ્રસિદ્ધ તો છે ને ?

'**તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...**' એ જ્ઞેયના કારણે આકારે અહીં પરિણમ્યું માટે એને કારણે પરિણમ્યું એવી અશુદ્ધતા છે નહિ. પોતાને જ કારણે જ્ઞાન તે સમયે પોતાથી સ્વયંસિદ્ધ પરિણમ્યું છે, એ જ્ઞાનનો જ આકાર છે. આરે.. આરે..! સમજાણું કાંઈ ? સામે ધર્મ શબ્દ કહે. શબ્દ છે. જ્ઞાનમાં પણ એમ જ જણાય કે આ ધર્મ છે. જણાય કે નહિ ? પણ એ ધર્મ શબ્દ છે એને કારણે અહીં જ્ઞાન ધર્મના જ્ઞાનપણે પરિણમ્યું, ધર્મના ભાવપણે પરિણમ્યું એમ નથી. એ વખતે ધર્મનું જ્ઞાન-ધર્મ શબ્દનું જ્ઞાન પોતાના સ્વતઃ તે પર્યાયના સામર્થ્યથી પોતે પરિણમ્યું છે. પરની અપેક્ષાથી એવો આકાર એમાં આવ્યો, જેવું એ છે એવું અહીં જણાણું માટે એટલી પણ પરની અપેક્ષા આવી એમ એમાં નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? દ્રવ્યમાં તો વાળ્યો અંદરમાં, પણ પર્યાયમાં પણ અંદરમાં વાળ્યો. બહારનું લક્ષ છોડી દે. આહા..! સમજાણું કાંઈ ?

અગ્નિ જણાણી. અગ્નિ જણાય છે ? જ્ઞાન જણાય છે. અગ્નિ તો પર છે. એમાં થાય એમ ખરું કે અગ્નિને જ્ઞાન જાણે છે. એમ કહેવાય પણ ખરું, છતાં અગ્નિ છે માટે અગ્નિનું જ્ઞાન થયું એમ નથી. તે સમયનો તે જ્ઞાનનો પર્યાય તે પ્રકારે પોતાના અસ્તિત્વથી રચાયેલો છે. '**જ્ઞેયકૃત**

**અશુદ્ધતા તેને નથી;...**' કોને ?-જાણનાર આત્માને. પર્યાયમાં, હોં ! દ્રવ્યમાં નહિ, દ્રવ્યની વાત એક કોર રહી ગઈ. જાણવાની પર્યાયમાં જ્ઞાયક છે એને જાણે છે એ જ પ્રકારના આકારે જ્ઞાન જ્ઞેયાકાર રૂપે પરિણમ્યું છે, છતાં એ જ્ઞેયાકારની એને અપેક્ષા છે એમ નથી. આહા..હા...! ભારે વાત, ભાઈ ! એ સમયના જ્ઞાનનું પરિણમન જ સ્વતઃ તે પ્રકારનું પોતાના અસ્તિત્વને પરની અપેક્ષા રાખ્યા વિના આવું હોય છે. અહીં કંઈક પકડવું હોય, ઘણા ભાવ ભિન્ન-ભિન્ન આવે છે. સમજાણું કાંઈ ?

અહીં કહ્યું છે, નિમિત્તથી કાંઈ ન થાય તો સમયસાર લઈને શું કરવા બેસો છો ? શું કહેવાય ઈ ? 'પદ્મપુરાણ'. 'પદ્મપુરાણ' લઈને બેસો. જો નિમિત્તથી કાંઈ વિશેષતા ન હોય તો. વાત જ ખોટી છે એની. એ વખતે જ્ઞાનમાં તે પ્રકારનું જેવું સામે નિમિત્ત છે એવું એ પરિણમન હોવા છતાં એ પરિણમનની અસ્તિ પર્યાયની સ્વતઃ પોતાથી છે, આને કારણે નહિ. સમજાણું કાંઈ ? નિમિત્તથી થાય છે એમ ઉડાવ્યું. એને ઘરે. નિમિત્ત નિમિત્તના ઘરે ન હોય ? .. પર્યાયના ઘરમાં નહિ, એમ કહે છે. ન્યાયથી વાત છે ને ! પોતાનું અસ્તિત્વ છે એનો સ્વીકાર થયો ... હવે જ્ઞાનમાં જાણવામાં આવે છે, જ્ઞાન અધુરું છે, અરે..! પૂર્ણ હોય તોપણ કેવળી પરને જાણે છે એ તો વ્યવહાર કીધો. સમજાણું કાંઈ ?કેમ ?-કે પરમાં એ જ્ઞાન તન્મય થતું નથી. .. એમ આ જ્ઞાન રાગ, પર્યાય આદિ જે વ્યવહાર હોય તેને જાણે, છતાં એ જ્ઞાન જ્ઞાનપણે પોતાથી પરિણમ્યું છે. રાગનું, શરીરનું અસ્તિત્વ છે માટે પરિણમ્યું છે એવી અપેક્ષા એને નથી. સમજાણું કાંઈ ? પેલા કહે, ન્યાયના ગ્રંથો શીખો. આ બધા ન્યાય જ છે આમાં. ન્યાયના ગ્રંથ વિના ન સૂઝ પડે. આ ન્યાય નથી ?

કારણ કે '**જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી...**' તે ભાવને એટલે આત્મભાવને, પર્યાયને આને જાણે છે એમ હોવા છતાં તેનાથી આ જાણવાની પર્યાય થઈ છે, એવે જ આકારે થઈ છતાં તેનાથી થઈ છે એવી અશુદ્ધતા જ્ઞાનની પર્યાયને નથી. એ.. 'હરિભાઈ' !

સાંભળવામાં શબ્દો આવે. જ્ઞાન પણ થયું. આ આમ છે એમ જ્ઞાન જાણે, પરિણમે, છતાં એ સાંભળવાના શબ્દોને કારણે જ્ઞાન એમ પરિણમ્યું છે, એમ નથી. એ જ્ઞાનનો તે સમયનો પર્યાય તે સ્વ અને પર જે આવું છે, એને જાણવાનો પર્યાય છે, પરિણમવું તે કાળનું એનું સ્વયં સત્ પરની અપેક્ષા વિનાનું તે છે. આહા..! સમજાણું કાંઈ ?

'**કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં...**' અશુદ્ધતા .. ન્યાયથી સિદ્ધ કરે છે. '**જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...**' ભલે રાગને, શરીરને જાણવાના કાળમાં જ્ઞેયાકાર અવસ્થા (થઈ). અવસ્થા કોની છે ?-પોતાની. જ્ઞેયાકાર અવસ્થા છે એની, જ્ઞેયની અવસ્થા નથી. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે-જાણનારપણે જણાયો, જાણનારપણે જણાયો, '**તે સ્વરૂપ-પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ,...**' જ્ઞાયક જ છે. ... તેમ જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયકપણે જણાયો, એમ સ્વરૂપ પ્રકાશનની અપેક્ષાએ પણ જ્ઞાયક જ છે. પહેલો શબ્દ છે ને.

**'દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી...'** કર્તા અને કર્મ બે જુદા ન હોય. જાણનાર કર્તા અને એનું કર્મ જ્ઞેય, એમ નહિ. જાણનાર કર્તા અને જ્ઞાનનું પરિણમન જે થયું એ એનું કર્મ-એ એનું કાર્ય, પરનું કાર્ય નહિ, પરને લઈને નહિ. કર્તાને લઈને જ્ઞાનની પર્યાયમાં પરનું જાણવું થયું એ પોતાની જ જ્ઞેયાકાર અવસ્થા છે. જ્ઞેયના સંબંધના આકાર જ્ઞાનાકારની અવસ્થા પોતાની છે. સમજાણું કાંઈ ? ... નિમિત્ત ને વ્યવહારને તો ઉડાવી દીધા. જેમ છે એમ છે, ઉડાવી નાખતા નથી, છે એમ છે. છે તેનું જ્ઞાન થયું એ છે માટે અહીં જ્ઞાન થયું એમ નહિ. પોતાની જ્ઞાનની પર્યાય એ પ્રકારમાં ... સ્વને ને પરને પરિણમવાની અવસ્થાના આકારવાળો એને પરની અપેક્ષાની અશુદ્ધતા આવતી નથી. કેટલું... દીધું. પ્રત્યેક તત્ત્વને નિશ્ચય જે સત્ય છે તેના તરફનું વર્ણન નહીં અને એકલા આ વ્યવહારની વાતો બંધ બેસી જાય તો કહે આ તો એકાંત છે ! એમ છે. જ્ઞાનના પરિણમનમાં નિમિત્ત જણાય છે, માટે એ પણ કારણ અને જ્ઞાન પણ કારણ. નિમિત્ત કારણ તો છે ને ? નિમિત્તનો અર્થ શું થયો ? આમાં એ નથી, એનામાં એ છે. એનું જ્ઞાન થતાં, એ છે માટે એનું અહીં જ્ઞાન થયું છે એમ પણ નથી. એ સંતોએ સ્વતંત્રતાની પ્રસિદ્ધિ કરી. એમ નહીં, બધી સ્વતંત્રતા એમ નહીં... એકાંત છે.

**'(સ્વપરને જાણવાની) અવસ્થામાં પણ, દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે...'** કેમ ? એ વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

**ભાઈ! તારા વર્તમાન અંશને તું માને છો, પણ તે અંશ કોના આધારે થાય છે? તે અંશ કોનો છે? શું તે 'જાણવા'રૂપ અંશ કોઈ પરમાણુ કે રાગનો છે? અંદર ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ છે તેનો તે અંશ છે. તે અંશ ત્રિકાળી જ્ઞાયક-અંશીને જણાવે છે. પર્યાય તો પલટતી હોવાથી અનિત્ય જ છે ને? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-મોક્ષમાર્ગ-પણ પર્યાય હોવાથી અનિત્ય છે. અરે! કેવળજ્ઞાનની પર્યાય પણ દરેક સમયે બદલાતી હોવાથી નાશવાન છે, કેમ કે પર્યાયની મુદત જ એક સમયની છે, અને વસ્તુ તો ત્રિકાળ ધ્રુવ છે.**

**(દ્રવ્યદષ્ટિ જિનેશ્વર - પર્યાયદષ્ટિ વિનશ્વર, બોલ નં. ૮૪૨)**

## શ્રી નિયમસાર, શ્લોક-૧૧૯
## પ્રવચન નં.૯૦, તા.૨૪-૧૧-૧૯૭૯
## (૪)

'નિયમસાર' ધ્યાનની વ્યાખ્યા. છેલ્લો છે. ચાર ધ્યાનોમાં... ચાર ધ્યાન કહ્યાને? આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુકલધ્યાન. એમાં આર્તધ્યાન અને રોદ્રધ્યાન હેય છે, છોડવા લાયક છે. ધર્મધ્યાન પહેલું ઉપાદેય છે. પહેલું ધ્યાન એ .... શુદ્ધતાની અલ્પતા. સ્વઆશ્રય આવ્યું હતું ને? સ્વ-આત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન. ટીકામાં આવ્યું હતું. સ્વ આત્મા... ઝીણી વાત બહુ, ભાઈ! .. કહેતા હતા. 'નાઈરોબી'વાળા. .. હતા ને? ...વાળા નહિ. ... ગયા, એ તો ગયા. આવું ઝીણું ત્યાં ન ચાલે. 'નાઈરોબી'માં. આહાહા..!

અહીંયાં કહે છે, સ્વ જે આત્મા, એ સ્વ આશ્રિત જઘન્ય ધર્મધ્યાન થાય. તે પહેલા ઉપાદેય છે. પછી શુકલધ્યાન થાય એ તો ઉપાદેય છે જ. અહીં ધર્મધ્યાનમાં શુભભાવ ઉપાદેય છે એમ નથી. સમજાણું કાંઈ? ક્યાંક આવી ગયું છે ને? સ્વ-આત્મા-આશ્રિત નિશ્ચયધર્મધ્યાન અને શુકલધ્યાન. વાત એ છે કે આ ચૈતન્ય પરમ અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય અનંતજ્ઞાન, અતીન્દ્રિય અનંત શાંતિ, અવિકારી ત્રિકાળ સ્વભાવ, એનો આશ્રય લેતાં ધર્મધ્યાન થાય. લાખ વાત બીજી હોય તોય. શુભભાવ હોય.

**શ્રોતા :–** વ્યવહાર ધર્મધ્યાન કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહાર ધર્મધ્યાન એટલે પુણ્ય. આ નિશ્ચય ધર્મધ્યાન એટલે શુદ્ધ. આહાહા..! શુદ્ધ સત્ સ્વરૂપ અસ્તિ છે ને? અસ્તિ છે એ તત્ત્વ છે. તત્ત્વ છે તો એ તત્ત્વ સ્વભાવથી ખાલી ન હોય. સ્વભાવવાન છે. સ્વભાવ છે તેની હદ ન હોય. અનંત અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત શાંતિ, અનંત વીતરાગતા એવી અનંત અનંત શકિત એટલે સ્વભાવ, એ આત્મા. એવા આત્માના આશ્રયે જેઓ જઘન્ય પામે એને અહીંયાં ધર્મધ્યાન કહેવામાં આવે છે. શુભભાવની અહીંયાં વાત જ નથી. ઝીણી વાત છે. છોકરાવ છે ને. સાત, આઠ, દસ... પૈસા ઘણા. એમ કહે, આ બહુ ઝીણુ. આત્મા અકારક છે. નિમિત્ત-નિમિત્ત સંબંધે કાળ કહેવાય છે. એ કાળે પર્યાયમાં અકારક કહેવાય છે. એના બાપ-દાદાએ સાંભળ્યું ન હોય. આહા..! પ્રભુનો માર્ગ તો આ છે, ભાઈ! પ્રભુ! તું પ્રભુ થવાને લાયક છો, હોં! .... એનો અર્થ પ્રભુ થવાને લાયક એટલે પ્રભુ તું છો. આહાહા..! ભગવાન છો, પરમેશ્વર છો. અનંત અનંત ગુણનો સાગર છો, ગુણનો સાગર છો. અરૂપી છે, ક્ષેત્ર નાનું છે એથી સ્વભાવની હદ ન હોઈ શકે. શરીર પ્રમાણે ક્ષેત્ર નાનું એટલે સ્વભાવની મર્યાદા ન હોય.

મર્યાદા તો અપરિમિત જેનો સ્વભાવ છે એવો જે ભગવાનઆત્મા, એનો આશ્રય લેવો, અવલંબન લેવું, એને ધ્યેય બનાવીને ધ્યાનમાં રહેવું એ નીચલું ધર્મધ્યાન, જઘન્ય દશા ધર્મધ્યાન કહેવાય છે.

**'ત્રીજું પ્રથમ તો ઉપાદેય છે...'** પ્રથમ એ શ્રેણી આ અપેક્ષાએ ઉપાદેય છે, આદરણીય છે. **'અને ચોથું સર્વદા ઉપાદેય છે.'** પૂર્ણાનંદના નાથમાં પૂર્ણ આશ્રય કરીને ઠરવું એ તો ઉપાદેય છે જ. એનાથી જ કેવળ થાય છે. આહાહા..! બાહ્યક્રિયાની કોઈ વાત આમાં આવી નહિ. બાહ્ય આવી ક્રિયા કરે, આવું કરે તો આમ થાય. આવા નિમિત્તો કરે, ભકિત કરે, પૂજા કરે, સાધર્મીઓને સહાય કરે, સાધર્મીને મદદ કરે, કર્મથી પડતાને સ્થિર કરે. એ બધા વિકલ્પો છે. આહાહા..!

સ્વ-આશ્રય. પ્રભુ આત્મા સત્ સત્ અસ્તિ, સત્‌પણે અસ્તિ અને અપરિમિત સ્વભાવપણે અસ્તિ, એવા ભગવાનઆત્માનો આશ્રય લેતાં જે દશા થાય તેને ધર્મધ્યાન કહેવામાં આવે છે. એ પહેલે ધર્મધ્યાન શરૂઆતમાં ઉપાદેય છે, પૂર્ણ શુકલધ્યાન ન થાય ત્યાં સુધી ઉપાદેય છે.

**'ચોથું સર્વદા ઉપાદેય છે.'** પૂર્ણ આત્મા આનંદમાં પૂર્ણ રીતે સ્વ-આશ્રયમાં એકદમ લીન થઈ જવું, એ તો સર્વદા ઉપાદેય છે. આ ધર્મધ્યાનના ભેદ છે. આહાહા..! પરિભ્રમણ કરતાં અનંતકાળ થયા કદી એણે સાચી સમજણ, સમ્યગ્દર્શન કેમ પામવું એની સમજણ પણ કરી નહિ. આહાહા..! બીજા બધી વાતું કરી. મૂળ ચીજ કેમ પમાય, એનો એણે પ્રયત્ન-પ્રયાસ કર્યો નથી. પ્રથમમાં પ્રથમ પ્રયત્ન અને પ્રયાસને ધર્મધ્યાન કહે. ઉત્કૃષ્ટ પ્રયત્ન અને પ્રયાસને શુકલધ્યાન કહે. એ શુકલધ્યાન સર્વદા ઉપાદેય-આદરણીય છે.

**'એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :'** શ્લોક. ઉપરનો.

**निष्क्रियं करणातीतं ध्यानध्येयविवर्जितम्।**
**अन्तर्मुखं तु यद्धयानं तच्छुक्लं योगिनो विदुः।।**

**શ્લોકાર્થ :- 'જે ધ્યાન નિષ્ક્રિય છે,...'** આકરું પડે, ભાઈ! જે ધ્યાનમાં રાગની ક્રિયાનો અંશ પણ નથી. રાગ છે એ સક્રિય છે. એ રાગની સક્રિય અપેક્ષાએ ધ્યાન છે તે નિષ્ક્રિય છે. દ્રવ્યની અપેક્ષાએ નિષ્ક્રિય તે સક્રિય છે. દ્રવ્યની અપેક્ષાએ નિષ્ક્રિય, એ રાગની અપેક્ષાએ નિષ્ક્રિય એ દ્રવ્યની અપેક્ષા સક્રિય છે. શું કીધું એ? નિષ્ક્રિય કીધું એ તો રાગની અપેક્ષાએ. બાકી ધ્યાન છે એ તો પરિણતિ છે, પરિણતિ છે તે સક્રિય છે. ત્રિકાળી દ્રવ્ય તે નિષ્ક્રિય છે. આહાહા..!

નિષ્ક્રિય ધ્યાન **'ઇન્દ્રિયાતીત છે,...'** ઇન્દ્રિયથી અતીત અનિન્દ્રિય. ભગવાન અનિન્દ્રિયસ્વરૂપ છે. આહાહા..! આવું આકરું લાગ્યું ને? આ પ્રતિક્રમણની વ્યાખ્યા બધી આકરી આવી ને. 'નાઈરોબી'વાળા ભાઈને એમ થયું ને કે સરળ કહેજો સરળ. ગુજરાતી ચાલશે, પણ આ આકરું પડશે. પહેલુંવહેલું છે. આહાહા..! શું બને છે? કેમ કરે? જે સમયે જે પર્યાય

થવાની તે થવાની. એમાં કોઈની કરી થાય.. આહાહા..! કરી થાય પણ તે પ્રકારે પર્યાય થવાને કાળે થાય તેને કરી થાય. આહાહા..!

અહીં કહે છે, ધ્યાન, શુક્લધ્યાન, ઊંચું ધ્યાન '**નિષ્ક્રિય છે,...**' જેમાં રાગનો અંશ પણ નથી. '**ઇન્દ્રિયાતીત છે,...**' અનિન્દ્રિયમય ધ્યાન છે. ઇન્દ્રિયથી અતીત-ભિન્ન છે. આહાહા..! '**ધ્યાનધ્યેયવિવર્જિત...**' છે. આ ધ્યાન કરવા લાયક દ્રવ્ય છે અને હું ધ્યાન કરું છું એવો ધ્યાન અને ધ્યેયનો વિકલ્પ રાગ, એથી રહિત છે. ત્યાં ધ્યાન અને ધ્યેયનો વિકલ્પ પણ નથી. આહાહા..! પંચમઆરાના મુનિઓ જગતને જાહેર કરે છે. એને ખબર નથી કે આ પંચમઆરો છે? હલકો કાળ છે. કાળ હલકો છે તો એ આત્મા ક્યાં હલકો છે? આહાહા..! આત્મા તો પ્રભુ છે ને, બાપુ! તારી માન્યતામાં ખામી છે. માન્યતામાં એ વાત કોઈ રીતે બેસતી નથી. આ પ્રભુ છે, ભગવાન છે, પરમેશ્વર પૂર્ણ સ્વરૂપ છે. તેનું જે ધ્યાન, એ ધ્યાન ને ધ્યેય, ધ્યેય તે આત્મા અને ધ્યાન તે પર્યાય. એવા ધ્યાન-ધ્યેયના વિકલ્પથી અતીત છે. એવા ધ્યાન-ધ્યેયનો પણ ત્યાં વિકલ્પ છે નહિ. એવું શુક્લધ્યાન. એણે સાંભળીને નક્કી તો કરવું પડશે ને? શુક્લધ્યાન કોને કહેવું? પરમધ્યાન કોને કહેવું? આહાહા..!

'**(અર્થાત્ ધ્યાન ને ધ્યેયના વિકલ્પો રહિત) છે અને અંતર્મુખ છે,...**' તે ધ્યાન તો અંતર્મુખ છે. અંતર્મુખ એટલે અંતર્મુહૂર્ત એમ નહિ. અંતર્મુહૂર્ત જુદું અને અંતર્મુખ જુદું. અંતર્મુહૂર્ત તે કાળ બતાવે છે. અહીંયાં અંતર્મુખ એ ત્રિકાળી સ્વભાવ સન્મુખતા બતાવે છે. આહાહા..! આવો ઉપદેશ છે. ભગવાન પૂર્ણસ્વરૂપ પરમેશ્વર ભગવત્સ્વરૂપ એની અંતર્મુખ, એની સન્મુખ. આહાહા..! '**તે ધ્યાનને યોગીઓ શુક્લધ્યાન કહે છે.**' તે ધ્યાનને સંતો શુક્લધ્યાન કહે છે. એ શુક્લધ્યાન વડે કેવળ થાય છે. કોઈ ક્રિયાકાંડથી અને વ્યવહારથી કેવળજ્ઞાન થાય એમ નથી એમ બતાવવું છે. આહાહા..!

'કુંદકુંદાચાર્યે' પોતે પોતાના માટે બનાવ્યું છે ને? એમાંથી આ કહ્યું. હું પણ જ્યારે પૂર્ણ ધ્યાન અને ધ્યેયના વિકલ્પ રહિત પૂર્ણ દ્રવ્યનો આશ્રય અંતર્મુખ લઈ અને થઈશ ત્યારે કેવળજ્ઞાન થશે, એ વિના થશે નહિ. ભલે અત્યારે એ છે નહિ પણ આમ કરીશ તે દિ' કેવળજ્ઞાન થશે. એમ અત્યારથી કબુલાત કરે છે. આહાહા..! ભલે પંચમઆરામાં આવી રીતે શુક્લધ્યાનનો અભાવ છે, પણ આ ભગવાનઆત્મામાં શુક્લધ્યાન થવાની લાયકાત છે. એ શુક્લધ્યાન કરશે ત્યારે કેવળ પામશે. એમ પોકાર કરતાં દેહ છોડીને સ્વર્ગમાં ચાલ્યા ગયા છે. એમ અંદરમાં ભાવના કરતાં-કરતાં દેહ છૂટી સ્વર્ગમાં ચાલ્યા ગયા છે. આહાહા..!

'**હવે આ ૮૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :**' એ ૧૧૯મો શ્લોક.

**ध्यानावलीमपि च श्द्धनयो न वक्ति**

**व्यक्तं सदाशिवमये परमात्मतत्त्वे।**

**सास्तीत्युवाच सततं व्यवहारमार्ग-**
**स्तत्वं जिनेन्द्र तदहो महदिन्द्रजालम्।।११९।।**

આહાહા..! હે નાથ! તારી નયની વ્યાખ્યા ઈન્દ્રજાળ જેવી છે. એક કોર ઈન્દ્રજાળ જેમ વિસ્તાર કરે અને એક કોર પાછું સંકેલી લે. એકકોર નયના વિસ્તારની વ્યાખ્યા કરે, એક કોર સંકેલીને અંદરમા વયો જા. આહાહા..!

**શ્લોકાર્થ :- 'પ્રગટપણે સદાશિવમય (નિરંતર કલ્યાણમય)...'** ભગવાનઆત્મા સદા શિવમય છે, સદા કલ્યાણમય છે એમ પહેલું એને અનુભવમાં બેસવું જોઈએ. આ આત્મા '**પ્રગટપણે...**' શકિત છે એ શકિત પણ પ્રગટ છે. '**પ્રગટપણે સદાશિવમય...**' આહાહા..! વ્યકત છે ઈ પર્યાયની અપેક્ષાએ ભલે એને અવ્યકત કહ્યો, દ્રવ્યની અપેક્ષાએ તો દ્રવ્ય વ્યકત છે. '**સદાશિવમય...**' સદા કલ્યાણમય ભગવાન છે. આહાહા..! જેમાં અકલ્યાણનો અંશ નથી, સંસારની જેમાં ગંધ નથી. અતીન્દ્રિય આ પૂર્ણ આનંદની જ્યાં ગંધ છે એવો સ્વભાવ શિવમય ભગવાનઆત્મા છે. આહાહા..! આત્માને મૂકીને બધી વાતું. ધર્મ કરો... ધર્મ કરો... પણ ધર્મ કોણ કરે? અને કરનાર કોણ? કરનાર કોણ અને કરે છે એ કેવડો? ધર્મ કરે. ધર્મ તો પર્યાય છે, પણ ધર્મ કરનાર છે કેવડો? આહાહા..! વરને મૂકીને જાન જોડી દીધી. આહાહા..!

ભગવાનઆત્મા... આ અતિશયોકિત નથી, હોં! વિશેષ વિશેષ મહિમા કરીને આ વાત નથી, વસ્તુ સ્વરૂપ એવું છે. સદાશિવમય... આહાહા..! સદાશિવમય નહિ હોય તો કલ્યાણમાં સદાશિવમય થશે ક્યાંથી? લોગસ્સમાં નથી આવતું? '**શિવમય..**' શ્વેતાંબરમાં આવે છે. નમોત્થુણં. શિવમય,... આપણામાં દિગંબરમાં પણ નમોત્થુણં આવે છે. સામાયિકમાં આવે છે. સામાયિકમાં દિગંબરમાં એ નમોત્થુણં લોગસ્સ આવે છે. પાઠ છે, શાસ્ત્ર છે. બધા વાંચ્યા છે. અહીંયા છે. નમોત્થુણં પણ છે. દિગંબરમાં પરિચય નથી. શ્વેતાંબરમાં તો પહેલેથી સામાયિક શીખવે ત્યારથી શીખવે.

શિવમય અચળ. શિવસ્વરૂપ છે પ્રભુ. આહાહા..! કલ્યાણસ્વરૂપ. શિવ એટલે કલ્યાણસ્વરૂપ છે. શિવ એટલે ઓલા શિવ-શંકર નહિ. આ તો ભગવાન પોતે શિવસ્વરૂપ જ છે. આહાહા..! આ વાત વિશ્વાસમાં લીધા પછી એને સમકિત થાય. આહાહા..!

ભગવાનઆત્મા '**સદાશિવમય...**' સદાશિવમય, ત્રિકાળ શિવમય. કોઈ દિ' અકલ્યાણ અને અંદર અલ્પ કલ્યાણમય એ સ્વરૂપ નથી. સદા કલ્યાણમૂર્તિ પ્રભુ છે. આહા..! એવી વાત આત્મા છે અહીં તો. આત્મા વિના બધી વર વિના જાન (જોડી). (એને) જાન ન કહેવાય માણસના ટોળા કહેવાય. મુખ્ય આત્મા ન મળે પછી આ વ્યવહાર.. વ્યવહાર... વ્યવહાર. એ વ્યવહારનું ક્યાં? આહાહા..!

'**પ્રગટપણે સદાશિવમય...**' છે? આહાહા..! છે ને? ૧૧૯ છે ને? ''**व्यक्तं सदाशिवमये**' બીજું પદ છે. '**व्यक्तं सदाशिवमये**' આહાહા..! વ્યકત એટલે પ્રગટ. ૪૯ ગાથામાં એમ કહે કે

વ્યકતની અપેક્ષાએ દ્રવ્ય અવ્યકત છે. આવે છે ને? ભાઈ! પર્યાયને વ્યકત અને અવ્યકતનું જ્ઞાન મિશ્રિત હોવા છતાં વ્યકતને તે સ્પર્શતો નથી. શું કહ્યું ઈ? ૪૯ ગાથામાં છે. વ્યકત એટલે પર્યાય, અવ્યકત એટલે દ્રવ્ય. બેયનું જ્ઞાન એકસાથે હોવા છતાં તે વ્યકતને અડતો નથી, વ્યકતને સ્પર્શતો નથી. આહાહા..! અરે..રે..! આવી વાતું ક્યાં (છે)? મૂળ વાત રહી ગઈ. થોથા ખાંડ્યા ઉપરથી.

**શ્રોતા :–** મૂળ વાત કઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મૂળ વાત આ. '**સદાશિવમય...**' ત્રિકાળ શિવમય, ત્રિકાળ કલ્યાણમય. કલ્યાણ પર્યાયમાં કરવું એ જુદી વસ્તુ છે. આ તો વસ્તુ સદા કલ્યાણમય છે. શિવ. આહાહા..! '**પ્રગટપણે સદાશિવમય (નિરંતર કલ્યાણમય)...**' સદા એટલે. એવો જે ભગવાન, '**એવા પરમાત્મતત્ત્વને...**' એવા પરમાત્મતત્ત્વને. સદાશિવમય એવું પરમાત્મતત્ત્વ. દેહથી ભિન્ન ભગવાન, રાગથી પણ ભિન્ન ભગવાન, સદા કલ્યાણમય એવું પરમાત્મતત્ત્વ. આહાહા..! બાળગોપાળ આદિ બધા. શરીર ગમે તે હો. સ્ત્રીના શરીર હોય કે પુરુષના શરીર હોય, તિર્યંચના શરીર હાથી, ઘોડા, કીડી, કાગડાના શરીર હોય, ભગવાન અંદર તો સદાશિવમય છે. આહાહા..!

વસ્તુ છે કે નહિ? પદાર્થ છે કે નહિ? અસ્તિ છે કે નહિ? અસ્તિ છે તો એ કાયમ છે કે નહિ? કાયમ છે તો તે પરની અપેક્ષા વિના છે કે નહિ? પરની અપેક્ષા વિના છે તો સદાશિવમય છે. આહાહા..! આવો ઉપદેશ ક્યાંય સાંભળ્યો હતો, 'વીરચંદભાઈ' ? 'લાઠી'માં (સંવત) ૧૯૮૫ની સાલમાં બધા પોષા કરે, પડિક્કમણા કરે. .... આ કર્યું, આ કર્યું, આ છોડ્યું, આ મૂક્યું. આહાહા..!

પ્રભુ! તું પહેલી એક વાત નક્કી કર. બીજી બધી વાત પછી. 'છ ઢાળા'માં આવે છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આહાહા..! 'છોડી દ્વંદ્વ ફંદ' દ્વૈત પણ છોડી. 'દ્વંદ્વ ભેદ દ્વંદ્વ પદ છોડી નિજ આતમ ઉર ધ્યાઓ.' નિજ ઉત્તમ આત્મ ભગવાન, આહાહા..! એ સદાશિવમય નિજ પરમાત્મા જ છે. પોતે નિજ પરમાત્મસ્વરૂપ છે. આહાહા..! એક પૈસો ખોવાઈ જાય તો ગોતવા માટે રાત્રે કેટલો મથે. દીવો કરે, આ ક્યાં ગયો? ક્યાં ગયો?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રૂપિયો નહિ, બે રૂપિયા કહો. ગિની ગઈ હોય, લ્યોને, ગિની. આહાહા..! ધૂળ માટે ગોતવા માટે, દીવા અને માણસ દોડાવે. મારી નજર પહોંચતી નથી, તમે જુઓ ક્યાં છે. ગિની પડી છે. આ પડ્યો રહ્યો મોટો સદાશિવ-કલ્યાણમય (પદાર્થ). આહાહા..! એને જોવા માટે નવરો થા ને. ત્યાં દીવાનો પ્રકાશ, ચૈતન્યનો પ્રકાશ ત્યાં મૂક. પર્યાયમાં ચૈતન્યનો પ્રકાશ ત્યાં મૂક. આહાહા..!

'**એવા પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.**' આહાહા..! મુનિઓની દશા તો જુઓ! આવું જે સદા કલ્યાણમય, પરમાત્મમય તત્ત્વ, એનું આ ધર્મધ્યાન

કરને, શુકલધ્યાન કરને, આ કર-એવી પર્યાયના ભેદોની ઉપાધિ કહેતા નથી, કહે છે. આવું છે પણ વાંચ્યું નહોતું કોઈ દિ'. વાંચ્યું હતું આ? આહા..! શ્વેતાંબરના શાસ્ત્ર દુકાન ઉપર વાંચતા. આમાં હતા ખરા ને. (સંવત) ૧૯૬૫-૬૬ની સાલ. 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન'. પણ આ ક્યાં છે? બાપા! આ તો એકલા હીરાના ઝરણા છે. અરે..! આવું એક-એક પદ, એક-એક લીટી કયાં છે? ભાઈ! બીજાને પક્ષ લાગે. પક્ષ નથી, પ્રભુ! વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

અહીં તો પ્રભુ એમ કહે છે કે '**સદાશિવમય (નિરંતર કલ્યાણમય) એવા (નિજ) પરમાત્મતત્ત્વને..**' એમાં આ ધ્યાન, ધર્મ અને આ શુકલધ્યાન ને એ ભિન્ન-ભિન્ન ધ્યાનની પર્યાયો પૂર્ણ સ્વરૂપમાં ભગવાન કહેતા નથી. આહાહા..! .. બહુ ઝીણું. 'નાઈરોબી'માં તો આવવું પડશે. ન્યાંને લાયક ન્યાં આવશે, અહીંને લાયક અહીં આવે. આહાહા..! અરે..રે..! પ્રભુ તો અનંત અમૃતનો દરિયો છે. આહાહા..! ક્ષેત્ર ભલે અસંખ્ય પ્રદેશ છે. પ્રદેશનું અહીં કામ નથી. એમાં ભરેલો અમૃત સ્વભાવ (છે). અમૃત, અતીન્દ્રિય અમૃત. શિવ એટલે ઉપદ્રવ રહિત અમૃત. અમૃતનો સાગર એવું પરમાત્મતત્ત્વ, એમાં ત્રણલોકના નાથ... આહાહા..! '**ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.**' તદ્દન શુદ્ધનય છે એ તો ત્રિકાળી પરમાત્મતત્ત્વ એમ કહે છે. ત્રિકાળી પરમાત્મતત્ત્વ છો એમ શુદ્ધનય કહે છે.

'**ધ્યાનપંક્તિ; ધ્યાનપરંપરા.**' ધ્યાનની પરંપરા અને એ પણ પર્યાય છે. ત્રિકાળી જે જ્ઞાયક સ્વભાવ અમૃતનો સાગર પૂર્ણ પ્રભુ એકલો અમૃતનો સાગર ધ્રુવ વજ્રનો બિંબ પડ્યો છે અમૃતનો સાગર, એમાં શુદ્ધનય જે છે, પરમશુદ્ધનય, એ આનું ધર્મધ્યાન અને આ શુકલધ્યાન ને એ ધ્યાનની પર્યાયની વાતું શુદ્ધનય નથી કહેતી. આહાહા..! સમજાય એટલું સમજવું, બાપુ! વીતરાગનો માર્ગ તો આવો છે. આહાહા..!

પ્રભુ! ત્રણલોકનો નાથ ત્યાં કહેતો હશે વ્યાખ્યાનમાં પ્રભુ. મહાવિદેહમાં કરોડો વર્ષ. કરોડો વર્ષ રહેવાના છે. સભામાં દિવ્યધ્વનિ કેવી હશે! આહાહા..! એવા મુનિઓની આ શ્રેણી, છદ્મસ્થની.. આહાહા..! ભગવાન તું બીજું ભૂલી જા. કહે છે કે બીજું તો ભૂલી જા પણ શુદ્ધનય ત્રિકાળી દ્રવ્ય સિવાય ધ્યાન કરવું અને ધ્યાનની ધારા વધવી, એવી પર્યાયની વાત શુદ્ધનય નથી કહેતી. આહાહા..! પાગલ લાગે એવું છે. શું આ કહે છે? આહાહા..!

**શ્રોતા :-** પાગલપણું મટાડ્યું છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બધા ભગવાન (છે). આબાળગોપાળ એ પરમતત્ત્વ સદા કલ્યાણમય, એમાં શુદ્ધનય એકલી પરમશુદ્ધનય એ તો એ ધ્રુવ પરમાત્મતત્ત્વ છે કલ્યાણમય એને કહે છે. એનું ધ્યાન કર ને એનું આમ કર એ શુદ્ધનય કહેતી નથી. આહાહા..! ધંધાપાણી ધમધોકાર ચાલતો હોય... જુઓ! પાગલ જુઓ! આહાહા..! આ લાવ... આ લાવ... આ લાવ... આ લાવ.. આ લ્યો... આ કરો... આ અહીં ફેરવી દ્યો. આકરી વાત છે. આહાહા..! ધમધોકાર ધંધા ચાલતા હોય. ધંધામાં ગુંચાઈ જાય. આહાહા..!

અહીં તો પ્રભુ ત્યાં સુધી કહે છે, 'પદ્મપ્રભમલધારીદેવ' નવસો વર્ષ પહેલા પંચમઆરાના સાધુ (આમ કહે છે). ઓહોહો..! પ્રભુ! પણ તમને નથી શુક્લધ્યાન, નથી શુક્લધ્યાનનું ફળ એ બધું કહે છે, ધ્યાન અને ધ્યાનાવલી વાત જ અમારામાં નથી. અમે તો સદા શિવમય છીએ. સાંભળ. આહાહા..! 'છોટાભાઈ'! ભગવાન.. આહાહા..! આવી વાણી ક્યાં? એકવાર તો ઠારી દે. જાણપણું ઓછું-વત્તું હોય એની સાથે કાંઈ સંબંધ નથી. સભાને રંજન કરતા ન પણ આવડે, એની સાથે શું છે? આને રંજન કરતા આવડે. પણ એ કહે છે રંજન કરતા આવડે એ પર્યાય પણ શુદ્ધનય કહેતી નથી. આહાહા..! શું કહ્યું ઈ? ભગવાનઆત્માનું રંજન એટલે નિર્મળ ધ્યાન, આ અતીન્દ્રિય આનંદનો અનુભવ વધતો શુદ્ધ વધતો, વધતો શુદ્ધ વધતો વધતો શુક્લધ્યાન કેવળજ્ઞાન (થાય) એવી ધારાને શુદ્ધનય કહેતી નથી. આહાહા..! 'રમણીકભાઈ'! સમજાય છે આ? આવું છે, બાપુ! આહાહા..!

પ્રભુ! તારી પ્રભુતામાં ધ્યાનની પર્યાયને પણ કહે છે ઈન્દ્રજાળ છે. આહાહા..! તારી પ્રભુતા, પૂર્ણ પરમેશ્વરતા, પૂર્ણ કલ્યાણમય નાથ, એમાં ધ્યાનાવલી, ધ્યાનની ધારા, સ્વરૂપની ધ્યાનની ધારા એ તો પર્યાય છે. ભલે ધર્મધ્યાન હોય, ધર્મધ્યાન વધતું હોય, શુક્લધ્યાન હોય એ તો પર્યાય છે. એ ધર્મધ્યાનાવલી હોવાનું પણ (શુદ્ધનય કહેતી નથી). આહાહા..!

પ્રભુ! તારામાં શરીર, વાણી, મન તો નથી, કર્મ સંયોગી તો નથી, વિકાર તો નથી, તારા દ્રવ્યમાં તારી વિકારી પર્યાય તો નથી પણ દ્રવ્યમાં નિર્વિકારી ધર્મધ્યાનની ધારા, શુદ્ધતા જે વધતી જાય શુદ્ધ ધ્યાનાવલી... આહાહા..! એ '**હોવાનું પણ...**' બીજાની તો શું વાત કરવી? કહે છે. 'પણ' શબ્દ વાપર્યો છે ને? બીજાની તો શું વાત કરવી કે એમાં રાગ છે, પુણ્ય છે, કર્મ છે, શરીર છે. એની તો શું વાત કરવી, બાપુ! એ તો છે જ નહિ. છે પણ એનામાં છે, તારામાં નથી. આહાહા..! જેનું અસ્તિત્વ છે એ એનામાં છે અને ધ્યાનનું અસ્તિત્વ તો પર્યાયમાં છે. આહાહા..! એ ધ્યાનની ધારાની અવસ્થા, શુદ્ધનય ત્રિકાળ કલ્યાણમય પરમાત્માની અંદર એ નથી. એ પર્યાય શુદ્ધ ત્રિકાળી સ્વભાવમાં નથી. આહાહા..! આકરું લાગે, ભાઈ! આ પંચમઆરાના સાધુ છે. દિગંબર તો મુનિ છે. એ તો શ્રોતાને કહે છે. લાજ નથી આવતી? કે કઈ સભા કેવી છે અને એને તમે આવી મોટી વાત કરો. સમાજને જોઈને વાત કરો. એ સાંભળ... સાંભળ... તું, આત્માને જોઈને વાત કરીએ (છીએ) અમે તો. આહાહા..! ગજબ વાત છે.

'**પ્રગટપણે સદાશિવમય...**' વસ્તુ જે છે આત્મા, એ '**પ્રગટપણે સદાશિવમય (નિરંતર કલ્યાણમય)...**' નિરંતર આનંદમય, નિરંતર પૂર્ણમય... આહાહા..! નિરંતર પ્રભુમય, નિરંતર ઈશ્વરમય, નિરંતર અખંડ વીર્યમય, અખંડ વીર્ય પૂર્ણ પુરુષાર્થ વીર્યમય અખંડ છે. આહાહા..! '**એવા પરમાત્મતત્ત્વને...**' એવા કીધું ને? '**પ્રગટપણે સદાશિવમય (નિરંતર કલ્યાણમય) એવા પરમાત્મતત્ત્વને વિષે...**' એવું પરમાત્મતત્ત્વ ભગવાનઆત્મા (એના વિષે). આહાહા..! થોડું આકરું લાગે પણ પ્રભુ! તારી મોટપનો પાર નથી. તારી મોટપની પર્યાયની વાત કરતા કહે છે

અમને લજ્જા આવે છે. આહાહા..! અમે બીજી વાત તો શું કરીએ? પણ તું અખંડાનંદ સદા નિરંતર આનંદમય, કલ્યાણમય, ધ્રુવ આનંદ (છો) એને ધ્યાન કરવાની પર્યાય કહેતા પણ લજ્જા આવે છે. આહાહા..! છે?

એ '**ધ્યાનાવલી હોવાનું પણ...**' પણ કેમ કહ્યું? કે બીજું તો શું કહેવું? એમાં વળી દયા, દાન ને વ્રતના પરિણામ છે, ફલાણું છે, ભક્તિના (પરિણામ છે), એની વાત તો શું કરવી? પ્રભુ! પણ '**ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.**' આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ સદા કલ્યાણની મૂર્તિ, ત્રિકાળ કલ્યાણસ્વરૂપ, એમાં કલ્યાણનું ધ્યાન કરવું, એવી જે પર્યાય તે શુદ્ધનય કહેતી નથી. શુદ્ધનય તો સદા પરમાત્મા કલ્યાણમય છે એમ કહે છે. આહાહા..! ભાગ્ય છે ને, બાપા! આવી વાત ભાગ્યશાળી વિના કાને પડે નહિ. આહાહા..!

ભગવાનની વાણી છે, સંતોની વાણી છે આ. દિગંબર સંતો એકાદ ભવમાં મોક્ષ જનારા. આહાહા..! 'પદ્મપ્રભમલધારિદેવ'. એમાં એક શૈલી મગજમાં આવી, ભવિષ્યમાં તીર્થંકર થવાના લાગે છે. વાંચતા એવું મગજમાં આવ્યું હતું. આહાહા..! મુનિ છે. એવી શૈલી એમાં હતી. આહાહા..! જેને સમાજની પડી નથી, જેને સમાજનો સમુદાય માનશે કે નહિ માને? ભાગ પડશે કે નહિ પડી જાય, એને કાંઈ પડી નથી. એને એક જ કલ્યાણમય પરમાત્માનું વલણ (વર્તે છે) પણ એ વલણ પણ કહે છે કે શુદ્ધનય તો કહેતી નથી, બાપા! આહાહા..! શુદ્ધનય પર્યાયને કબુલતી નથી. 'દેવીલાલજી'! આહાહા..! આવું ક્યાં સાંભળવા મળે? સ્થાનકવાસીમાં છે? દેરાવાસીમાં છે? ક્યાંય છે નહિ, બાપા! દિગંબરમાં છે પણ એને ક્યાં ખબર પડે છે? એનામાં બધું ઘણું પડ્યું છે, પણ અત્યારે કંઈક કરે છે. આહાહા..! પુણ્યથી ત્યાગ થાય એવું લખાણ આવે છે. કરુણાદીપમાં આજે આવ્યું છે. ત્યાગ છે. ત્યાગ વિશેષ કરે છે એ પુણ્યને લઈને ત્યાગ કરે છે. આહાહા..!

અહીં તો કહે છે કે શુદ્ધનય પરમસત્તા કલ્યાણની મૂર્તિ, પ્રભુ! ધ્રુવ, એના ધ્યાનની વાત શુદ્ધનય કહેતી નથી. 'દેવીલાલજી'! ભગવાન! આહાહા..! તારા પૂર્ણ પ્રભુની વાત તો જો! આહાહા..! આમાં ઝઘડા શા? વાદવિવાદ શા? ભાઈ! ભલે ન બેસે. અને એને બેસનારા થોડા હોય. વસ્તુ બધી છે. વસ્તુ બધા ભગવાન છે, સદાકલ્યાણમય પરમાત્મા છે પણ બેસવાની વાત બાપા! બહુ થોડાને હોય. આહાહા..!

અહીં કહે છે, '**ધ્યાનાવલી હોવાનું પણ...**' બીજી વાત તો શું કરવી? '**શુદ્ધનય કહેતો નથી. તે છે (અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે)...**' આહાહા..! એ શુકલધ્યાન અને ધર્મધ્યાન, નિશ્ચય નિર્મળપર્યાયની શુદ્ધિની વૃદ્ધિ. પર્યાયમાં, હોં! શુદ્ધિ, શુદ્ધિની વૃદ્ધિ.. શુદ્ધિની વૃદ્ધિ... શુદ્ધિની વૃદ્ધિ... આહાહા..! એ ધ્યાનાવલી '**એમ (માત્ર) વ્યવહારમાર્ગે સતત કહ્યું છે.**' ગજબ વાત છે, બાપા! આહાહા..! એ તો શુદ્ધતાના પર્યાયભેદો વ્યવહારમાર્ગે કહ્યા છે. 'યશપાલજી'! આહાહા..! પ્રભુ! આમાં શેની તકરાર લેવી? બાપા! આહાહા..!

સત્તાનો સ્વીકાર કરનાર પર્યાયને પણ શુદ્ધનય સ્વીકારતી નથી. આહાહા..! પૂર્ણાનંદનો નાથ, નિરંતર શિવમય, સદા કલ્યાણમય પરમાત્મા, એને નિરંતર રહેનારું તત્ત્વ, એને નિરંતર નહિ રહેનારી પર્યાય, ધર્મધ્યાનની, શુકલધ્યાનની હોં! નિરંતર નહિ રહેનારી ધર્મધ્યાન અને શુકલધ્યાનની પર્યાય (તેને પણ શુદ્ધનય સ્વીકારતી નથી). કેમ કે પર્યાય તે વ્યવહાર છે અને દ્રવ્ય તે નિશ્ચય છે. આહાહા..! 'પંચાધ્યાયી'માં છે, 'પંચાધ્યાયી'માં. પર્યાય વ્યવહાર છે, દ્રવ્ય નિશ્ચય છે. આ પર્યાય છે ને આ? ધ્યાનાવલી, ધ્યાન અને શુદ્ધતાના પર્યાય વધે અને વધે અને એક પછી એક વધે, એ તો ભેદ પડ્યો અને ત્રિકાળની અપેક્ષાએ તે ભેદ છે. શુદ્ધનય ધ્યાનાવલીને પણ કહેતો નથી. આહાહા..! એ વ્યવહારનય કહે. અરેરે..! આહાહા..! જુઓ તો ખરા! દયા, દાન, વ્રત, ભક્તિને વ્યવહાર કહ્યો. એ તો અસદ્ભૂત વ્યવહાર છે. આ ધ્યાનાવલી સદ્ભૂત વ્યવહાર છે. આહાહા..! એ પણ વ્યવહારનય કહે. આહાહા..! **'એમ માત્ર'** પાછી ભાષા જોઈ?

'**તે છે (અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે) એમ (માત્ર) વ્યવહારમાર્ગે...**' આહાહા..! '**કહ્યું છે.**' ત્રિકાળી દ્રવ્ય કલ્યાણમય પ્રભુમાં એના ધ્યાનની, આનંદની ધારા વધતી જાય અને પૂર્ણ આનંદનું, જ્ઞાન શુકલધ્યાનમાં થાય, એ વાત... અરે..! પૂર્ણ આનંદ થઈ જાય મોક્ષપર્યાય, એ પણ શુદ્ધનય કહેતી નથી. શુદ્ધ તો કહે સદાય કલ્યાણમય, ત્રિકાળમય પ્રભુ આત્મા છે. આહાહા..! આકરું પડે એવું છે. ... આહાહા..! પણ આમાં છે કે નહિ? કે ઘરનું કહેવાય છે?

**શ્રોતા :–** એક બાજુ હા અને એક બાજુ ના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આહાહા..!

'હે **જિનેન્દ્ર!**' મુનિરાજ કહે છે 'હે **જિનેન્દ્ર!**' એક કોર શુદ્ધનયમાં ધ્યાનની પર્યાય કહેતા નથી અને એક બાજુ ધ્યાનની પર્યાયને વ્યવહાર કહે છે, પ્રભુ! આ તો તારી ઈન્દ્રજાળ નય છે. એમાંથી પહોંચવું જગતને આકરું છે. આહાહા..! આવા સંતો જગતમાં સિદ્ધ સમાન. નગ્ન મુનિ દિગંબર જ્યારે હશે ત્યારે... આહાહા..! ધન્યઘડી ! ધન્યકાળ..! આહાહા..!

**શ્રોતા :–** ભાવિ તીર્થંકરની વાત ૨૧૨ કળશમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભાવિ તીર્થંકરનું મગજમાં આવ્યું હતું. તીર્થંકર થવાના છે. વાંચનમાં ક્યાંક આવ્યું હતું. કાંઈ બધું યાદ રહે છે? આહાહા..!

'**શુદ્ધનય કહેતો નથી.**' વ્યવહારમાર્ગે કહે છે. ધર્મધ્યાન અને શુકલધ્યાનની પર્યાય એ વ્યવહારમાર્ગે કહે છે. ઓલા દયા, દાન અને વ્રત વ્યવહારરત્નત્રયની તો વાત પણ નહિ. એ તો આગળ આવશે હમણા. હમણા કહેશે આગળ. બીજે પાને આવશે. (કળશ-૧૨૧). '**મોક્ષનું કાંઈક કથનમાત્ર (-કહેવામાત્ર) કારણ છે તેને પણ (અર્થાત્ વ્યવહારરત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં (-ઘણા ભવોમાં) સાંભળ્યું છે અને આચર્યું (-અમલમાં મૂક્યું) છે.**' એના પછીના (કળશમાં) છે, એક પાના ફેરે, પછીના એક પાના ફેરે (છે). જે મોક્ષનું કંઈક કથનમાત્ર, વ્યવહાર નામમાત્ર છે. આહાહા..! આ તો મોક્ષનું કારણ છે.

ધ્યાનાવલી તો કારણ છે. વ્યવહાર તો કથનમાત્ર છે. આહાહા..! કહેવામાત્ર છે. આહાહા..!

'**હે જિનેન્દ્ર! આવું તે તત્ત્વ (તેં નય દ્વારા કહેલું વસ્તુસ્વરૂપઃ, અહો! મહા ઈન્દ્રજાળ છે.**' અહો! પ્રભુ! ઈન્દ્રજાળ છે. એક કોર પર્યાયની વાતું કરવી. પર્યાય પર્યાય દીઠ નિર્મળ થાય તેની વાત કરવી, એક બાજુ દ્રવ્ય એકરૂપ છે એ વાત કરવી. પ્રભુ! આ તો ઈન્દ્રજાળ જેવું છે. પર્યાયની વાત કરતાં વિસ્તાર પામે અને દ્રવ્યની વાત કરતા સંકેલ પામી જાય. ઈન્દ્રજાળની જેમ સંકેલ પામી જાય. આહાહા..! ઈન્દ્રની જાળ જેમ આમ વિસ્તાર પામે અને સંકેલાઈ જાય. એમ શુદ્ધનયથી સંકેલ પામે, વ્યવહારનયથી પર્યાયની વાત કરે. આહાહા..! '**હે જિનેન્દ્ર! આવું તે તત્ત્વ ( તેં નય દ્વારા કહેલુ વસ્તુસ્વરૂપ), અહો! મહા ઈન્દ્રજાળ છે.**' આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**સંસારમાં રખડતાં રખડતાં અનંતવાર મનુષ્યદેહ પામીને આત્માના ભાન વિના મર્યો, પણ આત્મા શું છે તેની વાત જાણી નથી; કદી આત્માનો યથાર્થ વિચાર પણ કર્યો નથી, તેથી અહીં તેનો મહિમા બતાવતાં કહે છે કે બહારની ચિંતા ટાળીને જેઓ આત્માના સ્વરૂપમાં ઠર્યા છે તેઓ તો કરવાયોગ્ય કાર્ય જ કરી બેઠા છે, તેમની શું વાત! પણ જગતની ચિંતા છોડીને જેને આત્માની ચિંતાની પકડ પણ થઈ કે અહો! મારા આથ્માને મેં અનંતકાળથી ઓળખ્યો નથી, અનંતકાળમાં કદી આત્માનું ધ્યાન કર્યું નથી, આત્માને ભૂલીને બાહ્ય પદાર્થોની ચિંતામાં જ રખડ્યો છું, માટે સત્સમાગમે આત્માને જાણીને તેનું જ ધ્યાન કરવાયોગ્ય છે.-આવી આત્માની ચિંતાનો પરિગ્રહ કરે-પકડ કરે-તેનું જીવન પણ પ્રશંસનીય છે.**

**(દ્રવ્યદષ્ટિ જિનેશ્વર - પર્યાયદષ્ટિ વિનશ્વર, બોલ નં. ૮૫૧)**

**શ્રી સમયસાર, ગાથા-૭૭**
**પ્રવચન નં.૧૦૭, તા.૧૫-૧૦-૧૯૬૧**
**(૫)**

'સમયસાર'નો 'કર્તા-કર્મ અધિકાર', એની ૭૭મી ગાથા. આત્મા પરિણામને જાણે છે. બધા પરિણામ છે ને પાઠમાં ? આ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. તો પોતાની જ્ઞાનદશા, વિકારથી ભિન્ન, પુણ્ય-પાપના જે વિકલ્પ છે એનાથી ભિન્ન થઈને, પોતાની જ્ઞાનપર્યાય, શાંતપર્યાય, શ્રદ્ધાપર્યાય, પર્યાય નામ અવસ્થા-હાલત, તેને જાણવા છતાં એ જણાય છે, એ ચીજનું કાર્ય એનું અને એને કરનારો આત્મા, એવો કોઈ સંબંધ છે કે નહિ ? એવો પ્રશ્ન કર્યો છે, એનો ઉત્તર આપ્યો છે. એનું આવી ગયું, જુઓ ! અહીં સુધી આવ્યું છે.

એ પુણ્ય-પાપના ભાવને જાણનાર તો આત્મા છે-જ્ઞાન છે. રાગ ને દયા, દાન, ભક્તિ, વ્રત, તપના વિકલ્પ ઊઠે છે એ રાગ છે, વિકાર છે, એ ધર્મ નથી. તેનાથી ભિન્ન આત્મા, તેનાથી ભિન્ન કરીને પોતાના જ્ઞાનમાં એનું જાણવું થાય છે અને એ જ્ઞાન નામ પોતાની શુદ્ધ પરિણતિને આદિ-મધ્ય અને અંતમાં કરનારો આત્મા છે. ત્યારે એ લીધું છે ને ? ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ પ્રકાશપુંજ છે. એ પોતાના પરિણામ નામ પર્યાય-નિર્મળ અવસ્થાનું કાર્ય કરનારો અને નિર્મળ અવસ્થા ધર્મની, એ તેનું કર્તવ્ય છે. એ નિર્મળ અવસ્થાને આત્મા પ્રાપ્ત થાય છે, પલટે છે અને નિર્મળ અવસ્થામાં ઊપજે છે. અને ત્રણ બોલમાં નિર્મળ અવસ્થામાં આદિ-મધ્ય-અંતમાં આત્મા જ કરનારો છે.

સ્વતંત્રપણે કરે સો કર્તા. એનો અર્થ શું થયો ? હું આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છું. એવી જે શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા-ચારિત્રની પર્યાય થઈ, તેનો સ્વતંત્રપણે આત્મા કર્તા થઈને આદિમાં કર્તા આત્મા, મધ્યમાં કર્તા આત્મા અને અંતમાં પણ કર્તા આત્મા. રાગ દયા, દાન, ભક્તિ, વ્રતનો વિકલ્પ ઊઠે છે તો એ નિર્મળ પર્યાયની આદિમાં રાગ છે તો નિર્મળ પર્યાય થઈ અને રાગ કર્તા થયો અને નિર્મળ પર્યાય કાર્ય થયું, એવું વસ્તુસ્થિતિમાં નથી. 'શાંતિભાઈ' ! સમજાય છે કાંઈ ?

જ્ઞાનમૂર્તિ પ્રકાશપુંજ ચૈતન્ય વસ્તુ છે. એવી અંતરની દૃષ્ટિ અને શ્રદ્ધા-જ્ઞાન જામી ગયા, તો રાગનું જ્ઞાન કરે છે તો જ્ઞાન પોતાનું કાર્ય થયું, શ્રદ્ધા પોતાનું કાર્ય થયું, શાંતિ પોતાનું કાર્ય થયું અને શ્રદ્ધા, જ્ઞાન, શાંતિની પર્યાયમાં આદિ-શરૂઆતમાં પણ આત્મા છે, મધ્યમાં પણ આત્મા છે અને અંતમાં પણ એ જ છે. કોઈ બીજાની મદદ મળી, રાગની મંદતાની, નિમિત્તની, પુણ્યની (સહાયતા મળી) એનાથી વ્યાપ્ય-આત્માનું કામ થયું એમ નથી. 'ધર્મચંદજી' ! આદિ-

મધ્ય-અંતમાં વ્યાપ્ત થઈને ભગવાન આત્મા, નિજ પરમ પ્રકાશપુંજ ચૈતન્યપ્રભુ, ચૈતન્યપ્રકાશની દૃષ્ટિ કરીને એ ચૈતન્યપ્રકાશ સ્વભાવ, પોતાની નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતારૂપ પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં વ્યાપ્ત થઈને તેને ગ્રહતો, નિર્મળ પર્યાયને પકડતો થકો, તેને પ્રાપ્ત કરતો થકો, રાગને પ્રાપ્ત કરતો થકો એમ વસ્તુના સમ્યગ્જ્ઞાનમાં, સમ્યગ્દૃષ્ટિ અને વસ્તુ સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ ? તે રૂપ પરિણમતો થકો. હું તો જ્ઞાન છું, જાણનાર-દેખનાર છું, હું શુદ્ધ ચૈતન્ય, સચ્ચિદાનંદ પ્રભુ છું. તો પોતાની પર્યાયમાં તે પરિણમનનો કર્તા થયો અને તે રૂપ ઉત્પન્ન થયો થકો. પોતાની સમય સમયની નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પર્યાયમાં આત્મા ઉત્પન્ન થયો થકો. સમજાય છે કાંઈ ? લ્યો, આત્મા ઉત્પન્ન થયો થકો, આ શું ?

નિર્મળ અવસ્થા જે છે, એમાં આત્મા ઊપજે છે. એમાં કોઈ રાગ ઊપજે છે કે બહારની અનુકૂળતા નિમિત્ત મળ્યું, એનાથી એ પર્યાય ઊપજે છે એમ નથી. સમજાય છે કાંઈ ? અરે..! એણે ચીજ-વસ્તુ શું છે, જેમાં-સ્વભાવમાં ત્રિકાળ જ્ઞાન ભર્યું છે. સર્વજ્ઞ સ્વભાવ ત્રિકાળ જ્ઞાન આત્મામાં ભર્યું છે. અંતર શક્તિમાં. એવી શક્તિની વ્યકતતા પ્રગટ કરવાની પ્રતીત થઈ, પ્રતીત થઈ અને એને પ્રગટ કરવાનું જ્ઞાન થયું કે આત્મા જ સર્વજ્ઞ શક્તિમાંથી વ્યકત થાય છે અને એમાં સ્થિરતા એકાકાર લીન થયો એમાં આત્મા જ ઉત્પન્ન થયો. આત્મા પોતાની પર્યાયમાં ઉત્પન્ન થયો. નિર્મળ દશામાં આત્મા ઉત્પન્ન થયો. એ ઉત્પન્ન (થવામાં) આદિ-મધ્ય-અંતમાં આત્મા જ છે. આદિ-મધ્ય-અંતમાં રાગાદિ સમ્યક્ સ્વભાવ અને વસ્તુ સ્વભાવમાં નથી. અજ્ઞાની માની લે તો એના મિથ્યાભ્રમનો કર્તા-કર્મ થઈને ઉત્પન્ન કરે. રાગ મારું કાર્ય છે, હું રાગનો કરનારો એમ અજ્ઞાનમાં માની લે, વસ્તુ સ્વભાવમાં એમ નથી. સમજાય છે કાંઈ ?

કહે છે કે એ આત્મ પરિણામને કરે છે. તે આત્મપરિણામને. આત્માના પરિણામ જ એને કહ્યા. ચૈતન્ય જ્ઞાન, દર્શન, આનંદની પર્યાય વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ, તેને અહીંયાં આત્મપરિણામ કહે છે. રાગને આત્મપરિણામ કહેતા જ નથી. એ તો પુદ્‌ગલના પરિણામ છે. સમજાય છે કાંઈ ? 'પરમાત્મ પુરાણ' છે ને, 'પરમાત્મ પુરાણ' 'દીપચંદજી'એ બનાવ્યું છે. 'પરમાત્મ પુરાણ' એમાં લખ્યું છે કે અભવિને જ્ઞાનપરિણતિ જ નથી. જ્ઞાનપરિણતિ છે જ નહિ. મિથ્યાદૃષ્ટિને જ્ઞાનપરિણતિ છે જ નહિ. એ તો રાગપરિણતિ છે. જ્ઞાનપરિણતિ તો સમ્યગ્જ્ઞાનીને હોય છે. સમજાય છે કાંઈ ? 'પરમાત્મ પુરાણ'માં 'દીપચંદજી'એ લખ્યું છે.

જ્ઞાનપરિણતિ કોને કહે ? સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનપ્રકાશનો પુંજ આત્મા છે. નિરંજન નિરાકાર અખંડ સ્વરૂપ પોતાનું છે, એનો આશ્રય કરી, દૃષ્ટિ કરી જે નિર્મળ પર્યાય નિર્વિકારી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર થયા એ જ આત્માની પરિણતિ છે. મિથ્યા રાગ-દ્વેષ પરિણતિ તે આત્માની પરિણતિ નથી, એ ખરેખર તો જડની પરિણતિ છે. સમજાય છે કાંઈ ? આ આત્માની ખબર ન મળે અને બહારમાં ફાંફાં મારે જાણે બહારથી ક્યાંકથી મળશે. ધર્મ અહીંથી મળશે, અહીંથી મળશે. ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત, તપ, જપ, ભક્તિ, સ્મરણના રાગભાવને

દુનિયાએ ધર્મ માની રાખ્યો છે, એ ધર્મ-બર્મ છે જ નહિ. 'ધર્મચંદજી' ! મોટી તકરાર કરે છે. અરે..! ભગવાન !

તારા સ્વભાવમાં શું વિકૃતની ખાણ પડી છે ? તારા નિધાનમાં શું વિકારની ખાણ-નિધાન છે કે એમાંથી વિકાર ઉત્પન્ન થાય ? સ્વભાવમાં તો નિર્વિકારી સ્વભાવનું નિધાન-ખાણ આત્મા છે. આવા નિજ આત્માનું સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન થયું તો આત્મા જ નિર્વિકારી પરિણતિમાં ઉત્પન્ન થનારો, આત્મા ઉત્પન્ન થવાવાળો છે એમ ભેદથી સમજાવ્યું. સમજાય છે કાંઈ ? પોતાની પર્યાય અભેદ દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય છે. તેમાં રાગાદિનો અધિકાર, પુણ્ય આદિનો અધિકાર, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગનો અધિકાર, નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય એમાં રાગનો અધિકાર છે જ નહિ. રાગ સ્વામી અને નિર્મળ પર્યાય એનું સ્વ, એમ છે જ નહિ. ભગવાન આત્મા રાગ અને વિકલ્પથી પર થઈને, પોતાના શુદ્ધ જ્ઞાનાનંદની પર્યાય (પ્રગટ કરે) તે પોતાનું સ્વ અને આત્મા એનો સ્વામી છે. સમજાય છે કાંઈ ? તે આત્મપરિણામને કરે છે.

તેમ, તેમ આ પ્રકાર કહ્યો તે. પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય. આદિ-મધ્ય અને અંત. '**આમ આત્મા વડે કરવામાં આવતું...**' લ્યો. આત્મા જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ પ્રકાશનો પુંજ દ્વારા. લ્યો, લોકો કહે છે કે નિમિત્ત દ્વારા થાય છે, વ્યવહાર દ્વારા થાય છે, પર દ્વારા થાય છે, વિકલ્પ દ્વારા થાય છે. પહેલાં બહુ કહેતા હતા, નિમિત્ત વડે થાય છે, નિમિત્ત વડે થાય છે, નિમિત્ત વડે થાય છે. પરિણમે છે ઉપાદાન, પણ નિમિત્ત વડે થાય છે. અહીં તો કહે છે, શુદ્ધ ઉપાદાન વડે આત્મા પોતાની નિર્મળ પર્યાયે પરિણમે છે. નિમિત્ત નામ બાહ્ય નિમિત્ત તો નહિ, પણ વિકલ્પ છે એ પણ અભ્યંતર નિમિત્ત છે. વ્યવહાર રાગ દયા, દાન, વ્યવહાર રત્નત્રયનો છે એ અભ્યંતર નિમિત્ત છે, પેલું બાહ્ય નિમિત્ત છે. નિમિત્ત વડે નહિ. સમજાય છે કાંઈ ?

'**આત્મા વડે કરવામાં આવતું...**' કર્તા-કર્મ છે ને ? ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, પોતાના આત્મા વડે કરવામાં આવતા આત્મપરિણામને, પોતાના પરિણામ જે શુદ્ધ થયા, પર્યાય શુદ્ધ થઈ, શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની નિર્મળ દશા આત્માના અવલંબને થઈ અને આત્મા જે પર્યાયમાં ઉત્પન્ન થઈને આવ્યો, એવા આત્મપરિણામને. આટલી વાત છે. હજી એ લોકો કહે છે, નહિ, નહિ, નહિ. સમ્યગ્દર્શનને પર્યાય કેમ કહો છો ? સમ્યગ્દર્શનને ગુણ કહો. આહા..હા...! અહીં તો કહે છે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર-ત્રણે આત્માના પરિણામ છે. પરિણામ કહો, પર્યાય કહો, અવસ્થા કહો, હાલત કહો, દશા કહો. સમજાય છે કાંઈ ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો ગુણ છે. અરે..! ભગવાન ! એને ગુણ કહ્યા એ તો વિકાર દોષ છે, તો દોષનો અભાવ થઈને નિર્મળ દશા થઈ તો દોષને બદલે તેને ગુણ કહ્યો, છે તો પર્યાય. સમજાય છે કાંઈ ? એમાં તકરાર કરે. અરે..! પણ ક્ષણે ક્ષણે તકરાર ?

તારી ચીજ અંતર પડી છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ પ્રકાશનો પુંજ પડ્યો છે. એની દૃષ્ટિ થવાથી પર્યાય પ્રગટ થાય છે. શું ગુણ પ્રગટ થાય છે ? અહીં તો ત્રણેને આત્મપરિણામ કહ્યા.

મોક્ષમાર્ગ આત્માની પર્યાય છે, પરિણામ છે, અવસ્થા છે, દશા છે, હાલત છે. એવા **'આત્મપરિણામ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...'** અહીં આવ્યું. આવી પોતાની નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય-અવસ્થા, જે સ્વભાવમાં અંતર એકાગ્ર થઈને, સ્વભાવમાં લીન થઈને સ્વભાવની શક્તિમાંથી વ્યક્તપણે આત્મા ઉત્પન્ન થયો, એવા આત્મપરિણામને ધર્મી જાણતો હોવા છતાં. આવા આત્મપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં. અહીં એ પ્રશ્ન છે ને ? પોતાના પરિણામને જાણે છે તો પર સાથે કોઈ કર્તા-કર્મ સંબંધ છે ?-કે નહિ.

**'જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને...'** જુઓ ! આ દૃષ્ટાંત. **'માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...'** ઘડાની આદિમાં માટી, ઘડાની મધ્યમાં માટી, ઘડાના અંતમાં માટી (છે). ઘડાની શરૂઆતમાં કુંભારની આંગળી શરૂઆત છે અને પછી આકૃતિ થવા મંડી એમ નથી. અરે..! તારી પર્યાયને સ્વતંત્ર બતાવવા માટે તો માટીના ઘડાનું દૃષ્ટાંત આપે છે. માટી પોતે ઘડામાં સ્વયં અંતર્વ્યાપક (થાય છે). લાખ વર્ષ માટી પડી રહો, પણ શું કુંભાર વિના ઘડો થાય છે ? એમ લોકો કહે છે. અરે..! ભગવાન ! સાંભળ તો ખરો. એ માટીના સ્વકાળે ઘડાની જ્યારે પર્યાય થવાની છે તો એ માટીમાં પડેલી પર્યાય તે જ સમયે ઉત્પન્ન થવાની છે તો એ જ ઘડારૂપ આકૃતિ પરિણમે છે. માટી સ્વયં ઘડાની પર્યાય ધારણ કરે છે. ઘડાની અવસ્થાને માટી અવસ્થાયી, અવસ્થાયી અવસ્થાપણે પરિણમે છે. કુંભાર એ અવસ્થાપણે પરિણમે તો અવસ્થાયી કુંભાર થાય અને ઘડાની પર્યાય એની અવસ્થા થઈ જાય. એમ છે નહિ. સમજાય છે કાંઈ ?

શરીર, વાણી, મન આમ ચાલે. એ જડની અવસ્થા છે. તારાથી થતી હોય તો શરીરમાં પક્ષઘાત થાય છે, પક્ષઘાત, ઈચ્છા થાય કે આમ ચલાવું. ક્યાંથી ચાલે ? એની પર્યાય થવાની નથી અને તારી ઈચ્છાથી થાય છે એમ છે નહિ. એ પરમાણુ પોતાની પર્યાયમાં અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં પરમાણુ પ્રસરે છે, વ્યાપ્ય અવસ્થા થાય છે. તારા આત્માથી ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી થતી. સમજાય છે કાંઈ ?

**'માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...'** ત્યારે ઈ કહે છે ને ? જુઓ, ભાઈ ! આટલા ડુંગરા તોડી નાખ્યા, નદી આમ વાળી. ભગવાન ! ઈ પરમાણુ છે કે નહિ ? અને એ પરમાણુ છે તો શક્તિરૂપ ગુણનો પિંડ છે. એમાં પ્રગટ થવાની પર્યાય-આમ વળાંક થવો, સ્કંધનું આમ થવું એ પર્યાયને પરમાણુ પ્રાપ્ત થાય છે. શું તારા હથિયાર આમ નાખ્યા તો પાણી આમ વળી ગયું ? હથિયારથી ધૂળમાં ખાડા પડી ગયા ? હથિયારના રજકણની પર્યાયને હથિયાર પ્રાપ્ત થાય છે. નીચેની પરમાણુની પર્યાય છે તેને પરમાણુ પ્રાપ્ત થાય છે. હથિયાર પણ બીજા પરમાણુની પર્યાયમાં વ્યાપ્ત થઈ શકતા નથી તો આત્મા વ્યાપીને તે પરમાણુની પર્યાયને કરે (એમ) ત્રણ કાળ, ત્રણ લોકમાં થતું નથી. સમજાય છે કાંઈ ?

જુઓ, આ આંગળી છે. આ આંગળીએ લાકડીને આમ કરી એમ ત્રણ કાળમાં નથી અને

આંગળી આમ પડી તો આમ થયું, એમ ત્રણ કાળમાં નથી. એ પરમાણુ રજકણ અસ્તિ જગતની વસ્તુ છે, સત્ છે તો સત્ પોતાના ઉત્પાદપણે ઉપજનારા પરમાણુ છે. આ આંગળીના પરમાણુથી આમ થાય છે એમ ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. બરાબર છે ? ભારે કઠણ, ભાઈ !

પહેલા 'વસ્તુવિજ્ઞાનસાર'માં આવ્યું હતું ને, 'વસ્તુવિજ્ઞાનસાર', (સંવત) ૨૦૦૩ની સાલ. ૧૫ વર્ષ થયા. એમાં આવ્યું હતું. લાકડીનો દૃષ્ટાંત (આપ્યો હતો). બધે ઠેકાણે લાકડી હાથમાં હોય ને, પરસેવાવાળી આંગળી ન અડે માટે. તે પોતાથી ઉત્પન્ન થાય છે, પોતાથી ઊંચી નથી થતી, આંગળીથી ઊંચી નથી થતી. એની દશામાં અવસ્થા થવાવાળી (થઈ છે). જે પરમાણુથી થઈ છે, પરમાણુ એમાં પ્રસર્યા છે. આદિ-મધ્ય-અંતમાં પરમાણુ છે. એના, હોં ! આ આંગળીના પરમાણુ પણ નહિ. 'ધર્મચંદજી' ! અને પેટ્રોલ વિના મોટર ચાલે છે. એ 'વસ્તુવિજ્ઞાનસાર'માં આવ્યું છે. પંદર વર્ષ પહેલા. ભડકી ગયા. પેટ્રોલ વિના ચાલે ? પેટ્રોલના પરમાણુ ભિન્ન છે અને મોટરના એક એક રજકણ ભિન્ન છે અને એક-એક રજકણના પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય સમયે સમયે પરથી ભિન્ન થાય છે. બીજા પરમાણુ સ્કંધમાં છે તો તેનાથી પણ આ ભિન્ન છે, અડતો જ નથી. એક પરમાણુ બીજા પરમાણુ કદી અડતો નથી અને બીજા પરમાણુથી તે પરમાણુમાં પર્યાય થાય અને સ્કંધથી ત્યાં મોટરની પર્યાય અટકી જાય અને પેટ્રોલના સ્કંધ આવ્યા માટે મોટર ચાલે, એ અજ્ઞાનીનો ભ્રમ છે. સંયોગ જુએ છે. એની પર્યાયનો સ્વયંસિદ્ધ કાળ સ્વતંત્ર છે તેને જોતો નથી. સમજાય છે કાંઈ ? ભડકી ગયા. 'વસ્તુવિજ્ઞાનસાર' આવ્યું ને ? દસ હજાર પુસ્તક છપાયા હતા. પાંચ હજાર ગુજરાતી, પાંચ હજાર હિન્દી. હિન્દુસ્તાનમાં મફત ગયા. વાંચીને કેટલાક ભડક્યા. અરે..! આ શું આવ્યું ? એ આવ્યું-સ્વતંત્રતાનો ઢંઢેરો. આ શું થયું ?

એક બ્રહ્મચારી વળી તકરાર કરતા હતા. વસ્તુવિજ્ઞાન.. 'ઇન્દૌર'માં. 'કાનજીસ્વામી' કહે છે, આ મોટરમાં આપણે નથી જતા. મોટર આપણને નથી લઈ જતી. આપણે આપણાથી જઈએ છીએ અને મોટર મોટરથી જાય છે એમ કરીને મશ્કરી કરતા હતા, મોટરમાં બેઠા બેઠા. આહા..હા...! ભગવાન ! પ્રભુ ! તું સાંભળ તો ખરો. એક-એક રજકણનું અસ્તિત્વ છે તો દેખાય છે કે ન હોય તે દેખાય ? સસલાના શિંગડા છે ? છે નહિ તો દેખાય ક્યાંથી ? આકાશના ફૂલ છે ? નથી તો ક્યાંથી દેખાય ? આ કોઈ ચીજ છે કે નહિ ? આ દેખાય છે કે નહિ ? છે તે દેખાય કે ન હોય તે દેખાય ? છે તો એમાં ત્રણ પ્રકારનું સત્ છે કે નહિ ? એક ધ્રુવરૂપ સત્, એક ઉત્પાદ-નવી પર્યાય થાય છે અને પૂર્વની પર્યાય વ્યય થાય છે. એમ પ્રગટ એક-એક પરમાણુમાં એક સ્કંધમાં દેખાય છે. સંયોગથી થયું (એવી) દૃષ્ટિ, બે દ્રવ્યની એકતાબુદ્ધિવાળો માને છે.

ખરેખર તો '**માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે,...**' શું કહ્યું ? પોતાનો આત્મા રાગથી પણ ભિન્ન જાણ્યો તો પોતાની જ્ઞાનપર્યાયની આદિ-મધ્ય-અંતમાં આત્મા પરિણમે છે. રાગથી પણ (પરિણમતી) નથી તો સંયોગી ચીજથી મારી ચીજ ભિન્ન પરિણમે છે. એવું ભાન થયું. બધા દ્રવ્યમાં એક-એક દ્રવ્યની પર્યાય બીજા

દ્રવ્યને કારણે નથી થતી, એમ (લઈ લેવું). સમજાણું કાંઈ ? પોતાનો આત્મા પણ રાગને કારણે નિર્મળ પર્યાયને પ્રાપ્ત નથી થતો. એક ક્ષેત્રાવગાહ, એક સમયનો કાળ, ભાવનું ભિન્નપણું. સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી વસ્તુ. એમાં એ ક્ષેત્રમાં 'હું શુદ્ધ જ્ઞાનાનંદ છું' એમ સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થનારી નિર્મળ પર્યાય અને રાગ. ચારિત્રના એક ગુણની એક પર્યાય, એ એક પર્યાયના બે ભાગ. એક શુદ્ધ, એક અશુદ્ધ. સમજાય છે કાંઈ ? પર્યાયનો જે અશુદ્ધ ભાગ છે એનાથી શુદ્ધ નથી. પર્યાય એક, કાળ એક, ક્ષેત્ર એક, ભાવ બે. સમજાય છે કાંઈ ? તો બીજી પર્યાય બીજી પર્યાયનું કરી દે, ઈ તું ક્યાંથી લાવ્યો ? તારી એક સમયની એક પર્યાયના બે ભાગ. સમજાય છે કાંઈ ? રાગભાગ પર્યાય તો ચારિત્રમોહની વિપરીત અવસ્થા છે. તો એ રાગ અને અરાગ, જેટલી સ્વભાવને આશ્રયે (પર્યાય) થઈ, રાગ ગયો પરમાં અને (નિર્મળ) પર્યાય રહી પોતામાં. શુદ્ધતા રહી પોતામાં અને અશુદ્ધતા ગઈ પુદ્ગલમાં. એક પર્યાયના બે ભાગની આવી વહેંચણીનો વિવેક છે. સમજાય છે કાંઈ ? ભારે કઠણ, ભાઈ !

એક સમયની પર્યાય આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, શુદ્ધ ચિદાનંદ અતીન્દ્રિય આનંદ છે, એવી દૃષ્ટિ થઈ તો એક આનંદગુણની એક પર્યાય, પર્યાય નામ અવસ્થા, અવસ્થા નામ હાલત. એક પર્યાયમાં બે ભાગ. થોડો દુઃખરૂપ, થોડો સુખરૂપ. એક આકુળતારૂપ, એક અનાકૂળતારૂપ. એક સમયના બે ભાગમાં બે ભાવ. એક ભાવને આ પર્યાય સ્પર્શતી નથી અને નિર્મળ પર્યાય વિકારને સ્પર્શતી નથી. ભારે વાત, ભાઈ ! સમજાય છે કાંઈ ? ભગવાન ! તારો સ્વભાવ જ એવો છે. જ્ઞાનાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદથી ભરેલો દરિયો. આત્મા આનંદકંદ એમાં છે. એ બહારથી મળતો નથી. બહારની ક્રિયાકાંડ, આમ તેમ, નામ જપવું, ભક્તિ કરવી, પૂજા કરવી, સેવા કરવી ને આમ કરવું ને તેમ કરવું, મરી જાય તોપણ એનાથી ધર્મ નથી, લે. સમજાય છે કાંઈ ? એ તો બધી રાગની ક્રિયા (છે). દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ (કરવી એ) અશુભથી બચવા એમ કહેવામાં આવે છે. ખરેખર તો એના કાળે એ રાગ આવે છે, અશુભથી (બચવા એમ તો) વ્યવહારે (કહેવામાં આવે છે.) અશુભવંચનાર્થ શુભ. એ તો કથનની પદ્ધતિ છે. એ જ સમયે જ્ઞાનીને પણ રાગની પરિણતિ જે શુભની થવાની છે તે નિયત જ થશે, પણ એ પર્યાયનું પોતામાં કાર્ય છે અને પોતાની પર્યાય કર્તા છે. એક સમયની પર્યાયના બે ભાગ. નિર્મળ પર્યાય કર્તા, મલિન પર્યાય કાર્ય, એમ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

કહે છે કે '**માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે,...**' માટી ઘડાને ગ્રહે છે, માટીથી ઘડો સ્વયં તેની તાકાતથી પ્રાપ્ત થાય છે. કુંભારની તાકાતથી ઘડો થાય એ અજ્ઞાનીની ભ્રમણા છે. ભારે કઠણ વાત ! જીવ અને અજીવ જગતની બે ચીજ છે. આ તો સ્થૂળ દૃષ્ટાંત આપ્યો. અંદર મેળવવા માટે પોતાની જ્ઞાનપર્યાયમાં આત્મા વ્યાપ્ત થઈને પરિણમે છે, ઉત્પન્ન થાય છે. એમ વિકારી પર્યાયને પ્રાપ્ત, પલટવું અને ઊપજવું થાય છે, જેમ માટી ઘડામાં અંતર્વ્યાપક થઈને ઊપજે છે, તેમ આત્મા વિકારમાં અંતર્વ્યાપક થઈને ઊપજે છે

એમ નથી. આહા..હા...! વાહ પ્રભુ ! એ ચૈતન્યની વસ્તુ જ એવી છે. સાધારણ જનતાને અને વેદાંત આદિ એક જ દ્રવ્ય માનનારા તો ભડકી જાય. આહા...હા...! આ શું કહે છે ?

એક વસ્તુ અનંત વસ્તુથી ભિન્ન. એમાં એક-એક ગુણ, એક-એક ગુણથી ભિન્ન. એની એક- એક પર્યાય, એક-એક પર્યાયથી ભિન્ન. એમાં એક પર્યાયના બે ભાગમાં, એક-એક પર્યાયના બે ભાગ ભિન્ન. ઓ..હો..હો...! ... જાય નહિ. સમજાય છે કાંઈ ? 'શાંતિભાઈ' ! એક જ દ્રવ્ય. વળી અનંત દ્રવ્ય અને અનંત ક્ષેત્ર ભિન્ન-ભિન્ન પ્રદેશ ને કાળ ભિન્ન-ભિન્ન ને ગુણ ભિન્ન-ભિન્ન, પરિણમન અનિત્ય. આ તો બધી માયા છે. માયા-યામા. યા તે નથી. અરે..! તે નથી એમ નહિ, તે છે. બધું માયા છે, એમ નથી. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એ તો પોતાની અપેક્ષાથી મિથ્યા (છે).

અહીં કહે છે, જગતની બધી ચીજ અનંત છે, સ્વયંસિદ્ધ છે, એમાં આત્મા પણ સ્વયંસિદ્ધ છે. પોતાના આત્માનો બોધ થયો, ભાન થયું, મનન કરીને, મંથન કરીને રાગથી, વિકલ્પથી મારી ચીજ પર છે, એવું ભાન થયું એ ધર્મદશા છે. એ સિવાય કોઈ દિ' ધર્મ-ફર્મ થતો નથી. કુગુરુએ શાસ્ત્રના નામે એવા લાકડા નાખી દીધા કે આ ધર્મ છે. મરી જાઈશ. આત્મા શું ચીજ છે એનો પત્તો લાગે નહિ. અમને પૈસા આપો, લાડવા ખવડાવો, તમારું કલ્યાણ થઈ જશે. ભોજન દો, ભોજન દો. કોણ ખવડાવે ? સાંભળ તો ખરો. શાસ્ત્રમાં એવું આવે છે, હોં ! એ 'પદ્મનંદિ પંચવિંશતિઃ'માં આવે છે કે નહિ ? ભાઈ ! 'પદ્મનંદિ પંચવિંશતિઃ'માં આવે છે. મુનિ આત્મજ્ઞાની ધર્માત્મા વીતરાગી સંત છે. વીતરાગ સંત જે મોક્ષમાર્ગ પોતાના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રને સાધે છે, તો એ સાધનનું સાધન તો શરીર છે અને શરીરનું સાધન આહાર છે અને આહારનું સાધન શ્રાવક છે. લો, લગાવી દીધો નિમિત્ત-નિમિત્ત સંબંધ. તો શ્રાવકે, જે આત્મા આત્મસ્વરૂપનું સાધન કરે છે, તેને મોક્ષમાર્ગ શ્રાવકે આપ્યો. એવો પાઠ છે. અરે..! સાંભળ તો ખરો, એની શું શૈલી છે ? એ તો પરંપરામાં નિમિત્ત શું છે એ બતાવે છે. પરને લાડવા આપવાથી મોક્ષ થઈ જાય છે ? એવી ક્રિયા અનંત કાળમાં નથી કરી ? અનાદિકાળનો આત્મા છે, છે ને છે. તો અનાદિકાળથી આવી ક્રિયા (કરે છે). અરે..! મરી ગયો ઈ કરી કરીને.

અહીં તો કહે છે, એ નિજ સ્વરૂપનો મોક્ષમાર્ગ સાધે છે. શરીર નિમિત્ત પડે છે. શરીરમાં આહાર નિમિત્ત પડે છે. આહારમાં દેનાર શ્રાવકનો વિકલ્પ નિમિત્ત પડે છે. એવો નિમિત્ત-નિમિત્ત માર્ગ કહીને, મોક્ષમાર્ગ આપ્યો એવું વ્યવહારનયનું કથન છે. મોક્ષમાર્ગની પોતાની પર્યાય રાગ દઈ શકતી નથી. એક પર્યાયના બે ભાગમાં રાગ નિર્મળતાને આપી શકે નહિ, નિર્મળ પર્યાયનો એક અંશ, એક પર્યાયમાં, એક પર્યાયમાં બીજો રાગ અંશ. એ રાગ અંશ નિર્મળ પર્યાય દઈ શકતો નથી અને શ્રાવક દઈ શકે છે (એ ક્યાંથી બને ?) સમજાય છે કાંઈ ? દઈ શકતો હોય તો તો રાગ કર્તા થયો અને નિર્મળ પર્યાય કાર્ય થઈ. 'સેઠી' ! કઠણ વાત. વાત તો બે ને બે ચાર જેવી વાત છે. એમાં ક્યાંય ત્રણ કાળ, ત્રણ લોકમાં ફરે નહિ એવી ચીજ છે. એના

માનવામાં અંદરમાં .. ઊઠે છે.

ચીજ શું છે ? હું જ્ઞાયકમૂર્તિ છું. તો કહે છે, '**માટી પોતે ઘડામાં...**' દાખલો આપે છે, હોં ! પછી અંદર ઊતારશે. '**અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ, જ્ઞાની...**' હું ચિદાનંદ સ્વરૂપ જ્ઞાનપુંજ છું. નિર્વિકાર નિરંજન નિરાકાર સચ્ચિદાનંદ પ્રભુ આત્મા હું જ છું. બીજી કોઈ ચીજ મને સહાય કરનારી નથી. એમ '**જ્ઞાની પોતે બાહ્યસ્થિત...**' જુઓ ! ઓહો..હો..! '**પોતે બાહ્યસ્થિત...**' શું કહે છે ? આત્માની નિર્મળ પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં આત્મા વ્યાપક થયો અને એ જ પર્યાયમાં રાગભાગ છે એ સ્વયં બાહ્યસ્થિત છે. નિર્મળ પર્યાય-અવસ્થા થઈ (કે) હું જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છું, એવી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની જે નિર્મળ પર્યાય થઈ, એ અંતરસ્થિત છે. એ આત્મપરિણામ અંતરસ્થિત છે અને એ જ પર્યાયમાં જરી વિકલ્પ ઊઠે છે, શુભરાગ, શુભ, હોં ! પુણ્ય, એ પોતે બાહ્યસ્થિત છે. ઓ..હો..! સમજાય છે કાંઈ ? હજી તો પરથી વહેંચણી કરવાની તાકાત નથી, એને રાગથી પૃથક્ કરવાની તાકાત ક્યાંથી આવે ? અને રાગ અને નિર્મળ પર્યાય વચ્ચે વહેંચણી કરવી છે. સમજાય છે કાંઈ ?

કહે છે કે ભગવાન ! તું જ્ઞાનાનંદ સ્વરૂપ છો. તારી ચીજ જ્ઞાનપ્રકાશ પુંજ તારો આત્મા છે. એવી અંતર દૃષ્ટિ કરો, તેનું જ્ઞાન કરો, તેમાં લીન થાઓ તો જ્ઞાનીની જે પર્યાય જ્ઞાનરૂપ થઈ, એ તો પોતાનું કાર્ય અને પોતાનું કર્તૃત્વ તેમાં છે; પણ એ જ પર્યાયમાં રાગભાગ થોડો રહે છે પૂર્ણ સર્વજ્ઞ પરમાત્મા થયા પહેલાં, આ સાધકની વાત ચાલે છે ને ? '**જ્ઞાની પોતે બાહ્યસ્થિત...**' ઓ..હો..! શું કહે છે ? એ નિર્મળ દશા તો પોતાનો આત્મા પ્રાપ્ય કરીને, પરિણમન કરીને થઈ. આત્મા નિર્મળ પર્યાયમાં ઉત્પન્ન થયો. એ જ પર્યાયમાં જે રાગભાગ છે, એમાં આત્મા ઉત્પન્ન થયો નહિ. એમાં તો પુદ્ગલ ઉત્પન્ન થયું, એ પુદ્ગલનું પ્રાપ્ય કાર્ય છે. સ્વભાવ તે સ્વભાવ.

આમ ન હોય તો કાં તો ભાન થઈને કેવળજ્ઞાન થઈ જાય, એક સમયમાં પૂર્ણ દશા થઈ જાય. તો પૂર્ણ દશા ન હોય ત્યારે જ્યારે શુદ્ધતાના ભાનની શરૂઆત થઈ અને પૂર્ણતા ન થઈ તો બે વચ્ચે બે ભાગ તો છે જ. એક રાગ છે, એક નિર્મળ પર્યાય (છે). તો કહે છે તે સમયની દશામાં જે નિર્મળ પર્યાય શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદની છે તેમાં આત્મા તો ઊપજે છે, પ્રાપ્ય કરીને, ગ્રહણ કરીને ઊપજે છે, પરિણમે છે અને તે જ પર્યાયમાં જરી દુઃખની અવસ્થા છે, રાગની અવસ્થા છે, અસ્થિરતાની અવસ્થા થઈ.. સમજાય છે ? અને જોગગુણની કંપનની અવસ્થા છે, એ બધી બાહ્યસ્થિત છે. તેનું કારણ કે જે નિર્મળ પર્યાય-અવસ્થા થઈ, તે અંતર્મુખના આશ્રયે થઈ છે અને એ જ પર્યાયમાં એક ભાગ દુઃખ અને રાગ રહી ગયો, એ બાહ્ય લક્ષે ઉત્પન્ન થઈ છે.

બહિર્મુખ અને અંતર્મુખ-એક પર્યાયમાં બે ભાગ છે. ખરેખર તો અહીં એ પર્યાયનો ભાગ જ પોતાનો ગણ્યો નથી. રાગ અને દુઃખની પર્યાય પુદ્ગલની પર્યાય છે, એમ કહી દીધું છે. પુદ્ગલના જ પરિણામ છે. પુદ્ગલ તેને પ્રાપ્ય કરીને ગ્રહણ કરે છે. કેમ ? અંતર્મુખ ચૈતન્યદ્રવ્ય

એવું પડ્યું છે. તો જ્યાં અંતર્મુખ દૃષ્ટિ થઈ, અંતર્મુખ જેટલી સ્થિરતા થઈ, તે તો આત્મા. પણ જેટલી એ પર્યાય બહિર્મુખ રહી એ પુદ્‌ગલનું કાર્ય છે એમ કહેશે. કારણ કે બે દિશા ફેર છે ને ? બે દિશા ફેર છે. દિશા ફેર છે તો દશા ફેર છે, દશા ફેર છે તો કાર્યનો ફેર છે. એક વસ્તુ '**भूदत्थम**' જ્ઞાનાનંદ સ્વરૂપના આશ્રયે જેટલી નિર્મળ પર્યાય થઈ, તેને આત્માના પરિણામ કહ્યા. તેમાં આદિ-મધ્ય-અંતમાં આત્મા વ્યાપે છે. એ જ પર્યાયમાં બહિર્મુખ બુદ્ધિમાં.. હજી પૂર્ણ અંતર્મુખ થયો નથી, તો બહિર્મુખ બુદ્ધિમાં જેટલો રાગ અને દુઃખની અવસ્થા થાય છે, તે પુદ્‌ગલનું જ કાર્ય અને પુદ્‌ગલ વ્યાપીને તેમાં ઉત્પન્ન થાય છે. ભગવાન અંતર્મુખ જ્ઞાયકભાવના મધ્યબિંદુમાંથી ઊછળે છે એ રાગમાં વ્યાપતો નથી. સમજાય છે કાંઈ ? 'ઈશ્વરચંદજી' !

જુઓ ! આ ભગવાન આત્મા, અંદર જ્ઞાનપ્રકાશ પુંજ સ્વયંસિદ્ધ પ્રભુ છે. ખબર નથી, ખબર નથી. પામર થઈ ગયો. કહે છે કે તારી પ્રભુતાની એક સમયની પર્યાય પ્રગટ થઈ અને તે સમયે પામરતાની એક પર્યાય રહી ગઈ, ભાગ રહી ગયો. બે પર્યાય તો નથી. સમજાય છે કાંઈ ? પણ એક અંશ વસ્તુ.. વસ્તુ.. વસ્તુ છે, એમાં અંતર્મુખ થયો તો એ જ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય આત્માની પર્યાય થઈ અને એમાં જેટલો ભાગ બહિર્મુખ રહી ગયો, તે જ પુદ્‌ગલનું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય (છે), એમ બે વચ્ચે વિવેક કર્યો છે. સમજાય છે કાંઈ ?

કહો, હવે આ બાયડી, છોકરા, શરીર-ફરીર તો ક્યાંય રહી ગયા ધૂળમાં. આ મારું શરીર ને આ મારી વાણી ને આ મારી બાયડી ને આ મારા છોકરા. એમ કહે છે ? શું કહે છે ? હમારા લડકા, હમારી લડકી, હમારી બહુ. અરે..! ભગવાન ! તારે કેટલા પતિ કરવા છે ? પૈસાનો પતિ, પત્નીનો પતિ, રાજનો પતિ, મનુષ્યનો પતિ, ધૂળનો પતિ, લખપતિ, કરોડપતિ, અબજપતિ અને રાગનો પતિ. વિકલ્પ ઊઠે છે એ રાગનો પતિ. મિથ્યાદૃષ્ટિ રાગનો પતિ થાય છે. સમજાય છે કાંઈ ? શુભાશુભ પરિણામ... છે ને ? અહીંયાં લખ્યું છે ને ? શુભાશુભ પરિણામનું સ્વામીપણું તે મિથ્યાદર્શન છે. એ ચાકળામાં લખ્યું છે. સામે લખ્યું છે. શુભાશુભ પરિણામનું સ્વામીપણું તે મિથ્યાદર્શન છે. વિકાર કૃત્રિમ એક સમયની પર્યાયનો અંશ, તેનો સ્વામી (થાય) એ તો મિથ્યાદૃષ્ટિ, પર્યાયબુદ્ધિ, મૂઢબુદ્ધિ થઈ.

પછી જે લખ્યું છે ને ? '**पज्जयमूढा हि परसमया**'. જ્ઞેય અધિકાર, પ્રવચનસાર. '**पज्जयमूढा हि परसमया**' એક સમયના રાગાદિમાં મૂઢ થઈ ગયો અથવા વિકાસના એક સમયમાં આટલો આત્મા એમ મૂઢ થઈ ગયો તો એક સમયની પર્યાયમાં દૃષ્ટિ છે, એનો વિસ્તાર રાગ અને નિમિત્ત ઉપર જાય છે, અંતરમાં જાતો નથી. સમજાય છે કાંઈ ? એક સમયની અવસ્થા ક્ષયોપશમ, જ્ઞાન, દર્શન, વીર્ય આદિ ઉપર દૃષ્ટિ થઈ એનું લંબાણ રાગમાં, નિમિત્તમાં અને પરમાં જશે; પણ એક સમયનો આટલો અંશ હું નહિ, હું તો જ્ઞાયક પૂર્ણ શુદ્ધ છું.

એવી દૃષ્ટિ થઈ તો કહે છે કે '**જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' ઓ..હો..હો..! રાગનો કણ ઉત્પન્ન થયો, દુઃખની દશા થોડી રહી, સમજાય છે ? અને કર્તુ-કર્મ

પરિણમન પણ પૂર્ણ નિર્મળ નથી થયું, કર્તા, કરણ, સંપ્રદાન શક્તિ પણ પૂર્ણ નિર્મળ નથી થઈ. જેટલી મલિનતા બાહ્ય દૃષ્ટિથી, બાહ્ય લક્ષથી રહી, તે બધાને બાહ્યસ્થિત કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ ? આત્મા જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ, એમાં અંતર્મુખનું જેટલું એકાકાર ધ્યાન થયું તે જ આત્માના પરિણામ છે, જેટલું બાહ્યમાં ધ્યાન લાગ્યું તેટલા પુદ્ગલના પરિણામ. એ પુદ્ગલ પરિણામમાં... પુદ્ગલ પરિણામ કેવા છે ? બાહ્ય સ્થિતિ. સ્વયં બાહ્ય સ્થિત. આત્માએ રાગ ઉત્પન્ન કર્યો માટે બાહ્ય સ્થિત છે એમ નથી. ભારે વાત, ભાઈ ! સમજાય છે કાંઈ ? તો શરીરની આવી પર્યાય ઉત્પન્ન કરે, આમ હલનચલન કરે, લાડવા બનાવે, રોટલી બનાવે, દાળ બનાવે, શાક બનાવે, પુસ્તક બનાવે, એક અક્ષર બનાવે.. ભગવાન ! પરની પર્યાય કરવાની તારી તાકાત ત્રણ કાળમાં નથી. એ પરદ્રવ્યની તાકાત તારાથી પર્યાય થઈ એવી એનામાં તાકાત નથી. સમજાય છે કાંઈ ? અહીં તો રાગની ઉત્પત્તિ આત્માની તાકાતથી છે એની ના પાડે છે. આ..હા..હા...!

અહીં તો વ્યવહાર રત્નત્રય... મૂળ વ્યવહાર કેમ વારંવાર કેમ લે છે ? મૂળ ઈ ભૂલ રહી ગઈ છે. બાકી તો શરીર, વાણી, મનની સ્થિતિ એને માટે પણ અત્યારે તો ગપ મારે છે કે અમારાથી થાય છે, અમારાથી થાય છે. વ્યવહારથી તો થાય છે ને ? શું ધૂળમાં વ્યવહારથી થાય છે ? વ્યવહારથી કહેવામાં આવે છે, એમ (વાસ્તવિકતા) નથી.

અહીં તો રાગનો કર્તા પણ વ્યવહારથી પરિણમન છે એવો ધર્મ લીધો, પણ હું પરિણમું એવી બુદ્ધિ ખસી ગઈ છે તો એ રાગની પર્યાયને પુદ્ગલનું વ્યાપ્ય કહીને બાહ્ય સ્થિત છે એમ કહેવામાં આવ્યું છે. ત્યાં 'પ્રવચનસાર'માં ૪૭ નયમાં કર્તૃત્વ નય લીધી. એની પર્યાયને જ્ઞેય કહીને જ્ઞાન કરાવ્યું છે. અહીંયાં કહે છે કે '**મારા દ્રવ્ય-ગુણમાં તો છે જ નહિ, મારી પર્યાયમાં રાગનું અસ્તિત્વ નથી.**' ઓ..હો..! દૃષ્ટિપ્રધાન કથન અને જ્ઞાનથી જાણવાની-જ્ઞેય બનાવવાની લાયકાત, એ બન્નેની વસ્તુસ્થિતિ જુદી છે. સમજાય છે કાંઈ ?

એવું ગંભીર અનેકાંત છે. અનેકાંતપણું મહાન ગંભીર. અનેકાંત કહો કે અમોઘ શસ્ત્ર કહો. અમોઘ નામ નિષ્ફળ ન નજાય એવું સફળ શસ્ત્ર; અને એ અનેકાંતના ફળમાં અમૃતનો અનુભવ આવે છે તેને અનેકાંત કહે છે. આમ ને આમ વાત કરવામાં અનેકાંત નથી, વાચ્યમાં અનેકાંત છે. '**મારા દ્રવ્યમાં, મારી શક્તિમાં અને મારી અવસ્થામાં રાગ છે જ નહિ.**'

રાગ બાહ્ય સ્થિત દશા, એને આત્મા, જેમ માટી ઘડામાં અંતર્વ્યાપક થઈને પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય થઈને ઊપજે છે, એમ આત્મા, '**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' આહા..હા...! જુઓ તો ખરા ! એ ભગવાન આત્મા જ્યાં અંતર્મુખની દશા થઈ, જેમાં મહાન શક્તિ પડી છે એવી દૃષ્ટિ અંતર્મુખ થઈ તો બહિર્મુખ એવો રાગ એની આદિમાં આત્મા નથી. એ પર્યાયનો એક અંશ રાગ રહ્યો

એની આદિમાં નિર્મળ પર્યાય નથી, તો પર્યાયને કરનારો આત્મા એની આદિમાં છે જ નહિ. માટી ઘડાની આદિમાં છે એમ આત્મા રાગની આદિમાં છે, એમ છે જ નહિ. સમજાય છે કાંઈ ? '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' ભગવાન આત્મા બહિર્મુખ ઢળનારી દિશા અને અંતર્મુખ ઢળનારી દશા, અંતર્મુખ ઢળનારી દશા અને બહિર્મુખ ઢળનારી દશામાં આત્મા બહિર્મુખ ઢળનારી દશામાં આત્મા અંતર્વ્યાપક થઈને તેને પ્રાપ્ત કરતો નથી. માટી ઘડાને પ્રાપ્ત કરે છે, તેમ આત્મા રાગને પ્રાપ્ત કરતો નથી. આ..હા..! ભારે લાગે એને.

એક પર્યાય ને.. આહા..હા..! એક વસ્તુ, અનંત ગુણ, એક સમયમાં અનંતી પર્યાય એમાં પણ કેટલીક વિકારી છે અને કેટલીક નિર્વિકારી છે. નિર્વિકારી પર્યાયને પ્રાપ્ત કરનાર આત્મા છે, વિકારી પર્યાયને પ્રાપ્ત કરવું આત્માનું કાર્ય નથી. આ વાત તો અંતરમાં જરી દર્શનમોહનો જરી રસ ઘટાડે અને પુરુષાર્થની ઉગ્રતા વધારે ત્યારે એને અંદર રુચિ થાય છે. અંદર નિર્ણય થવો જોઈએ. મહાન પુરુષાર્થ, અનંત પુરુષાર્થ, અનંત પુરુષાર્થ. અનંત કાળમાં નહિ કરેલો અપૂર્વ પુરુષાર્થ. અપૂર્વનો અર્થ પૂર્વે એક સમય પણ કદી કર્યો નથી. એ પુરુષાર્થની અંતર ગતિની કિંમત નહિ અને બહિર્મુખ પુરુષાર્થની ગતિમાં બધું દેખાય છે, (એ) આત્માનો નાશ કરે છે. સમજાય છે કાંઈ ? '...' ! બહુ આકરી વાત છે, હોં ! દિલ્હીમાં કઠણ પડે. આ..હા..! અરે..! પ્રભુ ! તારી લીલા..! તારા પરિણમનમાં પણ બે ભાગ પાડીને તારી અંતર્મુખમાં વ્યાપ્ય, બહિર્મુખમાં ન (વ્યાપ્ય) એ તો વસ્તુની સ્થિતિ એવી છે. સમજાય છે કાંઈ ? પર્યાય જેટલી બહિર્મુખ ડોકિયા કરે,.. ડોકિયા સમજ્યા ? લક્ષ કરે,...

કહે છે કે '**પોતે બાહ્યસ્થિત...**' તે પણ સ્વયં બાહ્યસ્થિત, તારું કરેલું નહિ. એનો અર્થ એવો નથી કે કર્મથી થયું છે. અહીંયાં તો વિકાર અને કર્મ, બેય વ્યવહારની એક જાત ગણીને એમાં બાહ્યસ્થિત એનું કાર્ય કહ્યું છે. અરે..! આવું કહ્યું ત્યાં બીજી ગડબડ કરે. જુઓ ભાઈ ! બાહ્ય સ્થિતમાં અંતર્વ્યાપક તો કર્મ છે, કર્મથી વિકાર (થાય છે), જ્યાં સુધી (કર્મનો) ઉદય હશે ત્યાં સુધી વિકાર થશે. બાહ્યસ્થિત કર્મ છે અને બાહ્યસ્થિત વિકાર છે અને બાહ્યસ્થિત નોકર્મ છે, તો એનાથી વિકાર થયો. અરે..! એમ નથી. સાંભળ તો ખરો. થાય તો છે એના પુરુષાર્થની નબળાઈને લઈને, પોતાની પર્યાયમાં સ્વકાળમાં, વ્યાપ્ય, પ્રાપ્ય આદિથી; પણ અંતર્મુખની દૃષ્ટિથી વિરૂદ્ધ ભાવ છે તો અંતર્મુખના પદાર્થથી જેમ કર્મ બહિર્ છે, તેમ વિકારને બહિર્ ગણીને બાહ્ય સ્થિત છે, એમાં આત્મા પ્રાપ્ત થતો જ નથી. તેને આત્મા પ્રાપ્ત કરતો નથી. સમજાય છે કાંઈ ?

'**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' આહા..હા...! આ તે કંઈ અધ્યાત્મરસની એકલી રેલમછેલ છે. એ અંતરમાં પ્રસર્યો. સમજ્યા ? સિંહણનું દૂધ લોઢાના પાત્રમાં રહી શકે નહિ. તોડી નાખે, ફડાક દઈને. સિંહણનું દૂધ સોનાના પાત્રમાં રહે છે. એમ આત્મામાં જ્ઞાનાનંદ શુદ્ધ પરિપૂર્ણ સ્વભાવ છે, એમાં રાગનો અવકાશ ક્યાં છે ? અને રાગ કાર્ય અને હું કર્તા, એનો

અવસર ક્યાં છે ? એમાં ક્ષેત્ર ક્યાં છે ? એમાં મારો ભાવ ક્યાં મારી પર્યાયમાં આવ્યો ? કાલે આવ્યું હતું ને, અવકાશ ક્યાં છે ? નહિ ? પહેલું આવી ગયું છે. .. ક્યાં છે ? એ કળશમાં આવ્યું હતું, કળશમાં. હિન્દી ચાલે છે ને ? ક્યાં અવકાશ છે ? ક્યાં અવસર છે ? આ શું કહે છે ? કાળ તો એક સમય છે ને ? રાગ મારું કાર્ય અને હું કર્તા, એવી કર્તા-કર્મની સ્થિતિને આત્મામાં ક્યાં અવકાશ છે ? એકવાર સચ્ચિદાનંદ પ્રભુની મહત્તા દૃષ્ટિમાં લે તો તને ખ્યાલમાં આવશે કે ભગવાન જ્ઞાનમૂર્તિની પ્રકાશની પર્યાય અંતર્મુખથી થઈ. બહિર્મુખથી બેના ભાગ પાડી દીધા, ફડાક દઈને. એક જડની પર્યાય અને એક ચૈતન્યની. લે, એક સમયમાં બે પર્યાય રહે ? બે ભાગની જ બે પર્યાય કરી નાખી. આહાહા..! તકરાર કરતા હતા ને, એક સમયમાં બે ભાગ ? એક પર્યાયના બે ભાગ ? એવો પ્રશ્ન આવ્યો હતો. મળ્યો હતો, કહ્યું હતું. તમે પૂછ્યું ને એક સમયના બે ભાગ ? અરે..! પ્રભુ ! આ તો ચૈતન્ય સ્વભાવ. શક્તિમાં તો અનંત કેવળજ્ઞાન ને અનંત વીતરાગદશા, અવિકારી દશા, શાંતદશા પ્રગટ થવાની નિધિ (છે). એવી નિધિના અવલંબનમાં જે નિર્મળ દશા થઈ અને તે જ સમયે એકદમ પૂર્ણ થઈ જાય એમ કદી નથી. સાધકને અસંખ્ય સમય તો લાગે જ છે. કેવળજ્ઞાન લેવામાં અસંખ્ય સમય તો લાગે જ છે. છઠ્ઠે-સાતમેથી પણ કેવળ લેવામાં અસંખ્ય સમય તો લાગે જ છે. જ્યારે અસંખ્ય સમય રહ્યો.. સમય નામ સૂક્ષ્મ કાળનો એક અંશ, એવા અસંખ્ય. એમાં બે ભાગ રહી ગયા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હો. બે ભાગ કર્યા. બધામાં ભાગ કર્યા ને. બે ભાગ જ છે. સમજાય છે કાંઈ ?

'**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી.**' ભગવાન આત્મા હું જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ પ્રકાશપુંજ છું. નિરંજન પ્રકાશનો પુંજ મારો અખંડ પદાર્થ છે. એવી દૃષ્ટિ થઈ તો કહે છે કે રાગભાગ તો છે, અસ્તિ છે, વ્યવહાર છે, નિમિત્ત છે. નિમિત્ત છે એનો અર્થ કે સ્વભાવની સાથે એટલો રાગભાગ છે, પણ એ નિમિત્તમાં આત્મા વ્યાપતો નથી અને એ નિમિત્ત અહીંયાં નિર્મળ પર્યાયમાં આવીને વ્યાપતું નથી અને નિર્મળ પર્યાય રાગથી રચાતી નથી અને નિર્મળ પર્યાય રાગને રચતી નથી. સમજાય છે કાંઈ ?

માટી જેમ ઘડામાં આદિ-મધ્ય-અંતમાં ઉત્પન્ન થતી હતી અને પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય થઈને ગ્રહણ કરતી હતી, પરિણમન કરતી હતી, ઊપજતી હતી. તેમ ભગવાન આત્મા જ્ઞાનપ્રકાશપુંજ મારી સ્વયંસિદ્ધ ચૈતન્ય વસ્તુ છે, એવી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાનો અંશ પ્રગટ થયો તો કહે છે, એ પર્યાય, એ ગુણ-શક્તિ અને શક્તિવાન ત્રણે રાગને ગ્રહતા નથી, રાગને અડતા નથી. તો તો બે એક થઈ જાય. વ્યવહાર-નિશ્ચય એક થઈ જાય. પુદ્‌ગલના પરિણામ (અને) ચૈતન્યના પરિણામ બે એક થઈ જાય. સમજાય છે કાંઈ ?

'**તે રૂપે પરિણમતો નથી...**' શું ? જ્ઞાનમૂર્તિ પ્રકાશપુંજ આત્માનું ભાન થયું તો એ

અંતર્મુખની જે પર્યાય-અવસ્થા થઈ-નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન-ધર્મરૂપી દશા. ધર્મદશા એ રાગરૂપ અધર્મ દશાને ઉત્પન્ન કરતી નથી, પરિણમવાતી નથી, એમાં આત્મા આવતો જ નથી. ભગવાન મેલમાં કેમ આવે ? મેલ.. મેલ.. સમજ્યા ? મળ.. મળ. ગંદકી... મેલ. આ..હા..! મહેલ નહિ, હોં ! મહેલ બનાવે ઈ નહિ. મલિનતા, મલિનતા. અશુચિ મળરૂપ છે. આસ્રવ મળરૂપ છે, શેવાળરૂપ છે. એ અશુચિમાં આત્મા કેમ આવે ? આત્મા એને કહે છે કે નિર્વિકલ્પ વસ્તુની શ્રદ્ધા-જ્ઞાન થયા તેને આત્મા કહે છે. એ આત્મા મલિન પરિણામમાં ઉત્પન્ન થતો નથી અને તે રૂપે ઉત્પન્ન નથી થતો. એવા રાગરૂપ વ્યવહારરૂપ ઉત્પન્ન થતો નથી.

**'માટે, જોકે જ્ઞાની પોતાના પરિણામને જાણે છે...'** જોકે જ્ઞાની પોતાના પરિણામને-નિર્મળ શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન, નિર્દોષ નિર્વિકારી આત્માની શક્તિની વ્યક્તતારૂપ પરિણામને જાણે છે. સમજાય છે કાંઈ ? પોતાના પરિણામને જાણે છે, એમ લીધું છે. દ્રવ્ય-ગુણને નથી જાણતા ? એ તો જાણે છે પણ નવી પર્યાય ઉત્પન્ન થઈ તેને પણ જાણે છે, એમ કહે છે. સમજાય છે કાંઈ ? ત્રિકાળ દ્રવ્ય-ગુણને તો પરિણતિ જાણે છે, પરંતુ જ્ઞાન એ જ્ઞાનની પરિણતિ ઉત્પન્ન થાય છે તેને પણ જ્ઞાન જાણે છે. ઉત્પન્ન થાય છે તેને જાણે છે. સમજાય છે કાંઈ ? છે તેને તો જાણે જ છે. વસ્તુ અને વસ્તુની શક્તિ, પણ પરિણતિ જે થઈ તેને પણ જ્ઞાન જાણે છે. પોતાના પરિણામને જાણે છે. પર્યાયને જાણવું સિદ્ધ કરવું છે ને ? કેમકે પર્યાયને-અવસ્થાને જાણે છે તો પરના કાર્ય, પરની અવસ્થાના કાર્ય કરે છે, એમ લો ને. એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ ?

આમ હોવા છતાં, **'જ્ઞાની પોતાના પરિણામને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...'** પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યની તો .. વાત કરી. આદિ-મધ્ય-અંત (કહીને) ખલાસ કરી નાખ્યું. ઝાટકીને વ્યવહાર અને નિશ્ચય બે ભિન્ન (કરી નાખ્યા). ઝાટકીને કહે છે ને ? સુપડામાં નથી હોતું ? સુપડું હોય ને ? કણ હોય ને, કણ. એમાં ફોતરી હોય ને, ફોતરી. આમ કરે છે ને ? ફોતરી નીકળી જાય છે અને વસ્તુ-કણ રહી જાય છે. અને બહુ ન નીકળે તો આમ ફોતરીને ધબ્બા મારે છે. આમ મારીને ફડાક દઈને તેમાં જે ફોતરી હોય તે ફડાક દઈને બહાર નીકળી જાય. એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી જ્ઞાનાનંદ એમાં જ્યાં વીર્યની સ્ફુરણા થઈ ત્યાં રાગનો કણ ફોતરાની જેમ.. ફોતરાને શું કહે છે ? છિલકા. ફોતરાની જેમ નીકળી જાય છે, મારા સ્વભાવમાં છે જ નહિ. સમજાય છે કાંઈ ?

વીર્ય, સમ્યક્ વીર્યનું જ્યાં પંડિતવીર્ય ખીલ્યું, એ તો સમ્યગ્દૃષ્ટિનું પણ પંડિતવીર્ય જ છે. એ તો છઠ્ઠે ગુણસ્થાને વીર્ય છે તે પંડિતવીર્ય છે. સમજાય છે કાંઈ ? સ્વરૂપની રચના કરે એ વીર્યનું કાર્ય છે. તો પોતાનું વીર્ય જ્યાં પોતાની નિર્મળ પર્યાયની રચનાનું કાર્ય કરે છે તો તે જ સમયે રાગ, વિકાર, દયા, દાન, ભક્તિ, પૂજાનો રાગ એવું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એવું જે પરદ્રવ્યનું કાર્ય, પરદ્રવ્યરૂપ પરિણામ એવું જે વ્યાપ્ય લક્ષણવાળું જે કાર્ય, તેને નહિ કરનાર, એવા તે

જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તા-કર્મ ભાવ નથી. કહો, સમજાય છે કાંઈ ? આ તો માખણ છે. સમજાય છે કાંઈ ? માખણ છે, માખણ.

એક વાર પેલા દરબાર આવ્યા હતા ને, દરબાર, ભાવગનર દરબાર વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. માનસ્તંભ વખતે. એ વ્યાખ્યાન એવું આવ્યું તો બોલ્યા, બિચારા, હોં ! એને તો ક્યાં બેસે ? પણ જરી એટલું બોલ્યા. કરોડ રૂપિયાનો તાલુકો. ભાવનગર દરબાર છે. મહારાજ ! આજે... શું કીધું ? મલાઈ. આજે મલાઈ પીરસી છે. ઊંચી વાત લાગે ને ! આ કાંઈક કરે છે, કાંઈક ન્યાયથી વાત કરે છે. મલાઈ છે. બાપા ! મલાઈ તો આ છે. એ તો હજી સ્થૂળ વાત કરી. સમજાય છે કાંઈ ?

બે ભાગ કરવાનું કારણ કહ્યું ને ! અંતર્મુખ અને બહિર્મુખ. એવા બે ભાગ થયા વિના સાધકપણું હોતું નથી અને બાધકપણું પણ સામે જરી ન હોય તો પરમાત્મા થઈ જાય, કેવળજ્ઞાન થઈ જાય. બહિર્મુખને પુદ્ગલમાં નાખી દીધું, અંતર્મુખને આત્મામાં રાખ્યું. બહિર્મુખમાં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય આત્માનું નહિ અને પોતાના પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યમાં પુદ્ગલ નથી. વ્યવહાર પોતાના પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યમાં નથી અને પોતાની નિર્મળ પર્યાય પુદ્ગલના-વ્યવહારના પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યમાં નથી. આદિમાં નહિ, મધ્યમાં નહિ, અંતમાં નહિ. શરૂઆતમાં થોડુંક તો છે ને ? થોડુંક.. થોડુંક. થોડી ચિનગારી નાખે ને ? ચિનગારી શરૂઆત કરે તો પછી ભડકો થાય. એમ થોડુંક તો છે ને ? આત્માની નિર્મળ પર્યાયમાં રાગમાં થોડી ચિનગારી આદિમાં (છે કે નહિ ?)-નહિ, અને રાગની મંદતાની થોડી ચિનગારી નિર્મળ પર્યાયની આદિમાં છે કે નહિ ?-નહિ. અરે..! બહિર્મુખ વૃત્તિ અને અંતર્મુખ પરિણતિ, બેનો મેળ ક્યાંથી થાય ? બહિર્મુખ વૃત્તિ અને અંતર્મુખ પરિણતિ. સમજાય છે કાંઈ ? બેનો મેળ ક્યાંથી થાય ?

અનંત કાળનો પોતાનો જ્ઞેયસ્વભાવ આત્મા છે તેને કદી એણે જ્ઞેય બનાવ્યો જ નથી. રાગ અને નિમિત્તને (જ્ઞેય) બનાવ્યા, એ તો અનાદિથી મિથ્યાદષ્ટિપણે બની જ રહ્યા છે. જ્ઞેયને બનાવ્યું જ્ઞાનમાં, પોતાના જ્ઞેયને જ્ઞાનમાં બનાવ્યું તો અંતર્મુખની પરિણતિ બાહ્ય બહિર્મુખની વૃત્તિમાં તેને પ્રાપ્ત થતો નથી. તેને નહિ કરનારો. તેને આત્મા કરતો નથી. **'તેને નહિ કરતા એવા જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.'**

**ભાવાર્થ :- '૭૬મી ગાથામાં કહ્યું હતું તે અનુસાર અહીં પણ જાણવું, ત્યાં 'પુદ્ગલકર્મને જાણતો જ્ઞાની' એમ હતું તેને બદલે અહીં 'પોતાના પરિણામને જાણતો જ્ઞાની' એમ કહ્યું છે- એટલો ફેર છે.'** હવે ત્રીજો પ્રશ્ન ઊઠે છે. બે પ્રશ્ન તો થઈ ગયા. હવે ઊઠ્યો ત્રીજો પ્રશ્ન-કર્મના ફળનો. સમજ્યા ? એમાં કર્મનું ફળ જે સુખ-દુઃખની કલ્પના થાય છે ને ? સુખ-દુઃખની કલ્પના. એને આત્મા જાણે છે, તો સુખ-દુઃખની સાથે કર્તા-કર્મનો કાર્ય સંબંધ છે કે નહિ ?- નહિ. એ વાત વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

**શ્રી સમયસાર, સ્યાદ્વાદના બોલ-૯-૧૨**
**પ્રવચન નં.૩૪૭, તા.૨૬-૮-૧૯૬૨**
**(૬)**

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં પરિશિષ્ટ ચાલે છે. 'સમયસાર'. એમાં સ્વ આત્મા સ્વદ્રવ્યથી, સ્વક્ષેત્રથી, સ્વકાળથી અને સ્વભાવથી પોતાથી છે અને પરવસ્તુના દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી નથી. એનો અધિકાર ચાલે છે. સમજાણું ? એમાં આઠ બોલ ચાલ્યા. નવમો ચાલ્યો હતો પણ ફરીને જરી. નવમો.

આ આત્મતત્ત્વ અનેકાંત જેવું એનું સ્વરૂપ છે એટલે કે સ્વકાળપણે પોતાની ગુણની પર્યાયપણે પોતાથી પોતામાં છે. એમ જો જાણે તો એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર રહેતાં એકપણું, ગુણરૂપે એક છે કાળ, ત્રિકાળ અને પર્યાયરૂપનો કાળ એક એક સમયનો ભિન્ન ભિન્ન છે. એ કાળનો પર્યાય ભિન્ન ભિન્ન જ્ઞેયાકાર પરિણમન હોવા છતાં એ સ્વકાળના અસ્તિત્વથી પરિણમન થઈ રહ્યું છે. પરદ્રવ્યની વર્તમાન અવસ્થાનું નિમિત્ત તો એક અવલંબનમાત્ર છે. પણ કાંઈ એને લઈને ત્યાં સ્વકાળનો અનંત ગુણનો એક સમયનો પર્યાય પરને લઈને થાય છે એમ નથી.

**શ્રોતા :–** ન આવે તો ન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ એ પ્રશ્ન જ ક્યાં છે ન આવે તો ન થાય એ. સમજાય છે ? એ તત્-અતત્‌માં તો આવી ગયું. ઘટ હોય તો ઘટનું જ્ઞાન થાય, પટ હોય તો પટનું જ્ઞાન થાય, ગોળ હોય તો ગોળનું જ્ઞાન થાય, એમ નથી. એ જ્ઞાન જેમાં જ્ઞાનસ્વભાવ ભર્યો છે એને જ્ઞાન થાય છે. એની પર્યાયમાં જ્ઞાન જ્ઞેયાકારરૂપે થવાનું જ્ઞાન પરિણમનનો પોતાનો સ્વભાવ છે. એટલે જ્ઞાન પરજ્ઞેયને જાણતા કાંઈ પરજ્ઞેયને લઈને જ્ઞાનનો પર્યાય નથી. એમાં એ જ્ઞેય અને જ્ઞાન જુદા છે એમ સિદ્ધ કર્યું હતું, તત્-અતત્‌માં. નહિતર તો ભાઈ ઘટને, પટને આ પદાર્થ છે ને એ કાળે તેવું જ્ઞાન થાય. માટે ઘટને-પટને-જ્ઞેયને કારણે આ જ્ઞાન છે એમ જો માને તો મિથ્યાદૃષ્ટિ પોતાની વર્તમાન પર્યાયની સ્વતંત્રતાને ખોઈ બેસે છે. તો એના અંતર દ્રવ્ય ઉપર એની દૃષ્ટિ કોઈ રીતે અનેકાંતપણે જાય નહિ. સમજાય છે કાંઈ ?

જો પરવસ્તુને લઈને જ્ઞાન થાય. ઘટ પાસે બેસાડો પટને-લુગડાને. આ લાકડી રાખો, લ્યો. આનાથી જ્ઞાન થાય તો આ લાકડીને જ્ઞાન થવું જોઈએ. ન સમજાણું ? આ પુસ્તકને લઈને જ્ઞાન થતું હોય, આ જ્ઞેયને લઈને જ્ઞાન થતું હોય અને જ્ઞેય પ્રમાણે આ જ્ઞાન થતું હોય તો આને આ લાકડાને થવું જોઈએ. જુઓ! આ આની સમીપમાં છે, જુઓ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોના પ્રમાણે ? આ લાકડાને હોવું જોઈએ જો એનાથી થતું હોય તો. જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાનો સ્વભાવ છે કે જે જ્ઞેય પદાર્થ છે એ જ પ્રકારે જ્ઞાન પરિણમનનો પોતાનો સ્વભાવ ગુણમાંથી આવીને પોતે સ્વતંત્ર પરિણમે છે. માટે, પરપદાર્થ હોય તો અહીં જ્ઞાન છે, ન હોય તો જ્ઞાન નથી, એણે વસ્તુને માની અને ઓળખી નથી. સમજાણું કાંઈ ? એ તત્-અતત્માં આવ્યું હતું. પરને લઈને જો જ્ઞાન થતું હોય તો જ્ઞાન વિનાની ચીજને ત્યાં મૂકો તો એને પણ જ્ઞાન થવું જોઈએ.

અહીંયાં તો હવે કાળની અપેક્ષાએ વાત ચાલે છે. '**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ...**' આત્મા. વસ્તુ ચૈતન્યમૂર્તિ ચૈતન્ય પ્રકાશ એ '**પૂર્વાલંબિત પદાર્થોના નાશ સમયે...**' જ્ઞાનની વર્તમાન અવસ્થામાં જે કાંઈ પૂર્વે અવસ્થા હતી, જડની કે બીજા ચૈતન્યની, એ એનું નિમિત્ત હતું ત્યાં. સમજાણું ? પૂર્વે જેનું આલંબન કર્યું હતું એટલે નિમિત્ત. એવા પદાર્થના વિનાશકાળે-જ્યાં એ પદાર્થની અવસ્થા પલટી એટલે મારો જ્ઞાનપર્યાય એને લઈને નાશ પામ્યો એમ અજ્ઞાની માને છે. પરલક્ષી વૃત્તિવાળો, પરઆશ્રયની દૃષ્ટિવાળો એના જ્ઞાનની પર્યાયમાં પરલક્ષી નિમિત્ત જે અવલંબન વર્તે છે એના કાળે મારું જ્ઞાન થયું, એને અવસ્થા છે ત્યાં મને જ્ઞાન થયું, એમ માનનારો પોતાના જ્ઞાવ અવસ્થામાં વર્તમાન સ્વતંત્ર સ્વયંસિદ્ધ અસ્તિત્વને ખોઈ બેસે છે. સમજાય છે કાંઈ ? આ તો ભાઈ ચૌદ બોલ છે એ જરી (સૂક્ષ્મ છે). આમાં કાંઈ કોઈ વસ્તુ એમાં દાખલો અને ફલાણું-ફલાણું એમાં નથી આવતું.

પૂર્વે, જોયું! '**પૂર્વાલંબિત...**' જે જ્ઞાનની દશામાં જે બીજું નિમિત્ત હતું કે સામે ચીજો (હતી) એની જ્યાં પર્યાય પલટી, એનો કાળ પલટ્યો ત્યાં મારો કાળ પણ એને લઈને પલટ્યો એટલે મારા જ્ઞાનની દશા પણ નાશ થઈ ગઈ એમ માનીને જ્ઞાનનું અસત્પણું માની, મારા જ્ઞાનની વર્તમાન દશા મારાથી નથી પણ એનાથી હતી, એમ માનીને વર્તમાન જ્ઞાનના પર્યાયમાં જ્ઞાનનું અસત્પણું માની, અંગીકાર કરીને નાશ પામે છે. એ પોતાના સ્વભાવના અસ્તિત્વને દૃષ્ટિમાંથી ખોઈ બેસે છે. સમજાય છે કાંઈ ? આ કાળ એટલે સમય-સમયની સામે આ અક્ષરો જો ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન.. ભિન્ન.. અક્ષરનો પર્યાય ત્યાં ત્યાં પણ જે રીતે છે એમ જ્ઞાનમાં આવે એ તો પોતાના જ્ઞાનપર્યાયના સ્વકાળના સ્વપરપ્રકાશના સામર્થ્યમાં સામર્થ્યને લઈને આવે છે. એટલે આમ જાણે જ્ઞેયની અવસ્થા અક્ષર જ્યાં પલટ્યો, એક અક્ષર લક્ષમાંથી પલટીને બીજો અક્ષર જ્યાં આમ ગયો ત્યાં મારું જ્ઞાન પણ એ જાતનું નાશ થઈ ગયું એમ માને છે. સમજાણું કાંઈ ?

એવા '**જ્ઞેય પદાર્થોના નાશ સમયે...**' જ્ઞાનનું અસત્પણું માની, પોતાની જ્ઞાનદશા મારાથી મારા વડે મારામાં થઈ એમ ન માનતો પરને લઈને થઈ હતી, એ પર જ્યાં પલટ્યું ત્યાં મારો પણ પલટો અને નાશ થઈ ગયો. એમ માનીને પોતાના આત્માની વર્તમાન દશાના સત્ને પરથી માનતો અસત્પણે માની રહ્યો છે. સમજાય છે કાંઈ ? કાલે સવારથી બીજું આવશે, હોં!

આ તો જરી છે ને ચાલતો અધિકાર છે ને. કાલે શક્તિઓનું પૂર્વરૂપ. ૪૭ શક્તિઓનું પૂર્વ અનેકાંતનો બીજો ભાગ. આ અનેકાંતનો પહેલો ભાગ છે. ચૌદ બોલ. સમજાણું કાંઈ ? એ જરી સહેલા પડશે એમ કહેવું પણ પછી સામાને.. આ કરતા તો સહેલું પડશે જરી. છે તો આનાથી પણ ઝીણું એ. પણ જરી એમાં શક્તિ અને વસ્તુનું વર્ણન આવતાં જરી ઠીક પડશે. કહો, 'ભીખાભાઈ' ! આ જ્ઞાન સાંભળવાને લઈને છે ને જ્ઞાન ? પણ જેટલા શબ્દોનું અવલંબન લ્યે તે જાતનું જ્ઞાન ત્યાં વર્તે છે, લ્યો!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બોલાય શું ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખ્યાલમાં આવતી નહોતી. બસ, એ વાત કહે છે, લ્યો!

એટલે જ્ઞાન નામનો આત્માનો સ્વભાવ વર્તમાન પોતાના પર્યાયથી કામ-કાર્ય કરી રહ્યો છે એમ ન રહ્યું. અહીં સામાની સમજાવવાની શબ્દની પર્યાયના અવલંબને કામ કરતું એ પર્યાય ગઈ તો અહીં પણ નાશ થઈ ગયો એમ માનીને પોતાના વર્તમાન સ્વકાળ ગુણની પરિણતિનો શ્રદ્ધામાં નાશ કરે છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** શબ્દો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જોઈએ શેમાં ? પોતાના અસ્તિત્વમાં જોઈએ કે એના અસ્તિત્માં જોઈએ ? સામાની અસ્તિત્વની પર્યાયના સ્વકાળમાં એનું પરિણમન છે. આના સ્વકાળની, સ્વકાળ નામ વર્તમાન પર્યાયના સ્વકાળમાં પોતાનું પરિણમન છે. એના પોતાના પરિણમનમાં પરનો અસત્ ભાવ છે, સદ્ભાવ નથી. આવી ચૈતન્ય મહાત્મ્ય ચમત્કાર વસ્તની એણે ઓળખાણ કોઈ દિ' કરી નથી. એકદમ નવું જ્ઞાન જ્યાં ઊઘડે અંદરથી એટલે નિમિત્ત તો જાણે ઘણા અવલંબનમાં, લક્ષમાં આવ્યા એટલે મારો જ્ઞાન પર્યાય એને લઈને થયો, એમ માની પોતાની જ્ઞાનની વર્તમાન અવસ્થાના સત્તાનો શ્રદ્ધામાં અસ્તિત્વ તરીકે સ્વીકાર કરતો નથી. એ નાસ્તિક થાય છે.

**શ્રોતા :–** ...જ્ઞાન ઊઘડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળમાંય... એ તો પોતાના પર્યાયનો કાળ છે. પરને લઈને ઊઘડતું હશે ? સમજાણું ? સમજાય છે આમાં કાંઈ ? જુઓ ! આ દેશનું પર્યટન નથી કરતાં ? ભિન્ન-ભિન્ન સ્ત્રી, ભિન્ન-ભિન્ન પુરુષો, ભિન્ન-ભિન્ન રેલો, ભિન્ન-ભિન્ન પાટા બધી ચીજો આમ દેખતા ભિન્ન-ભિન્ન સ્થળો (જોઈને) કેટલી બુદ્ધિ ખીલે ! કાશ્મીર જાય ત્યાં આમ કેવા પચરંગી ફૂલો ફૂળઝાડ.. આહા..હા...! એ જ્યાં જ્ઞાનનો પર્યાય પરને લઈને લક્ષમાં હતો એમ માનનાર એ ફટ જાણે ઝાડ ફર્યા અને ગામ ફર્યું ત્યાં મારી પર્યાય પણ એને લઈને ફરી એમ માની.

**શ્રોતા :–** એ હોય તો જ્ઞાન થાય ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળેય નથી. એ તો પોતાના જ્ઞાનના સ્વકાળના પર્યાયના પરિણમનને લઈને પોતાને જ્ઞાન થાય છે, પરને લઈને ત્રણ કાળમાં થતું નથી. જુઓ, આમાં અસ્તિ અને નાસ્તિ આવું ન સમજે તો એ નાસ્તિ જીવ છે એમ કહે છે. નાસ્તિક છે. આમ આત્મા-આત્મા કરે પણ આ રીતે ન માને તો એ નાસ્તિક જીવ છે. સમજાણું કાંઈ ?

**'ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વકાળથી (–જ્ઞાનના કાળથી) સત્‌પણું પ્રકાશતો...'** અરે..! મારો તે જ્ઞાનનો પર્યાય તે મારાથી મારું જાણવામાં આવે એ મારો પર્યાય મારું સત્ છે. મારા સ્વકાળની વર્તમાન અવસ્થા મારાથી સત્ છે, પરને લઈને ત્રણ કાળમાં નથી. ભગવાનને લઈને નથી, પ્રતિમાને લઈને આ પર્યાય નથી. આમ ભાળે કહે છે કે ઓહો..હો...! અવસ્થા ! ભગવાનની આમ. ઓહો..હો...! તે શું છે ? ભાળે છે કોને ? એને ભાળે છે કે તને ? તારી પર્યાયને ભાળે છે, પર નહિ.

**શ્રોતા :–** કર્મના ક્ષયોપશમના કાળે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ધૂળેય નથી કર્મનો .. એનો પોતાનો કાળ છે આ. કહે છે ખરા એ. કર્મના ક્ષયોપશમ કાળે એમ કાળે ત્યાં યોગ્યતા એની લેવી. કર્મના ક્ષયોપશમની યોગ્યતા તેની લેવી ત્યારે અહીં જ્ઞાન થાય. પોતાના જ્ઞાનની પર્યાયના સ્વકાળની યોગ્યતા શાસ્ત્રમાં કહી નથી. વળી એમ કહેનારા મળે છે, લ્યો ! કેમ 'આત્મારામભાઈ' ! સમજાણું કાંઈ ?

અરે..! ભગવાન ! એના ઘરની વાત છે ઈ. પહેલા જ્ઞાનાવરણીના ક્ષયોપશમની યોગ્યતા કીધી છે. એની ક્ષયોપશમની યોગ્યતા થાય ત્યારે અહીં જ્ઞાન થાય. અહીં યોગ્યતા નથી કીધી. હવે સાંભળને. સમય સમયનો અહીંયાં જ્ઞાનનો પર્યાય ભિન્ન ભિન્ન પરિણમન સ્વકાળે થાય એ પોતાથી થાય છે, પરને લઈને ત્રણ કાળમાં નથી. એમ નહિ માનનાર પોતાના વર્તમાન અંશના અસ્તિત્વનો સ્વીકાર કરતો નથી. અને એમ સ્વીકાર કરતો નથી એટલે ત્રિકાળના પર્યાયનો સ્વીકાર નહિ એટલે દ્રવ્ય-ગુણનો પણ સ્વીકાર કરતો નથી. સમજાય છે કાંઈ ?

ત્યારે ધર્મીજીવ પોતાનો જ્ઞાનસત્તા સ્વભાવ સ્વકાળથી સત્‌પણું પ્રકાશતો. આમાં એ જ્ઞાનનો પર્યાય સાથે બધા ગુણોનો પર્યાય બધો છે. આનંદનો, વીર્યનો, શ્રદ્ધાનો, ચારિત્રનો. સમજાય છે ? કર્તા-કર્મ બધા ગુણોનો સ્વકાળપણે મારા જ્ઞાનમાં એ બધું આવતાં **'સત્‌પણું પ્રકાશતો...'** જ્ઞાનની વર્તમાન દશાને મારાથી થઈ એમ પ્રકાશતો થકો **'અનેકાંત જ તેને જીવાડે છે...'** એટલે કે વસ્તુ તરીકે એકરૂપ રહેવા છતાં પર્યાય તરીકે ભિન્ન-ભિન્ન સ્વકાળે મારો પર્યાય થાય એ પણ મારું અસ્તિ છે. સમય પૂરતું અસ્તિ છે. ત્રિકાળ છે તે ત્રિકાળ પૂરતું અસ્તિ છે. બેયને અનેકાંતપણે આ રીતે જાણતો પોતાની પર્યાયમાં શાંતિને વધારે છે અને પરની નાસ્તિપણે પરિણમે છે.

**શ્રોતા :–** પોતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બેસે ને. ત્રિકાળ વસ્તુ છે. ત્રિકાળ જ્ઞાયકભાવ ત્રિકાળ છે, પણ એ દ્રવ્ય

અપેક્ષાએ. એ પણ ત્રિકાળ સહિત વર્તમાન ભિન્ન-ભિન્ન સ્વકાળની પર્યાયનો સ્વીકાર છે એનું નામ અનેકાંત છે. બે ધર્મ થઈ ગયા ને ? એક દ્રવ્ય ધર્મ, એક પર્યાય ધર્મ. સમજાય છે કાંઈ ?

એક દ્રવ્યનો સ્વભાવ, એક વર્તમાન પર્યાયનો સ્વભાવ. બેયનો સ્વીકાર પોતાથી માનતા એનું પૂર્ણ રૂપ એની દૃષ્ટિમાં આવતાં પરથી નાસ્તિરૂપ એનું પરિણમન થાય છે. સમજાણું કાંઈ ? જ્ઞાન સ્વકાળથી, જ્ઞાનના કાળથી, જ્ઞાનને કાળે, જ્ઞાનને વખતે, જ્ઞાનને ટાણે. એ ગુણનું, એ જ્ઞાનનો પર્યાય એ જ્ઞાનનું ટાણું છે. ટાણું સમજો છો ? અમારી કાઠિયાવાડી ભાષા છે. જ્ઞાનનું ટાણું એટલે જ્ઞાનનો કાળ, જ્ઞાનનો વખત, જ્ઞાનનો સમય. એ સત્‌પણું પ્રકાશતો થકો અનેકાંત એને જીવાડે છે. અનેકાંત એટલે ? મારાપણે સત્ છે અને પરપણે અસત્ છે. એમ અનેકાંત માનતો પોતાની શાંતિને, શ્રદ્ધાને, જ્ઞાનની પર્યાયને જાળવી રાખે છે. એ નવ બોલ થયો.

‘**વળી જ્યારે તે જ્ઞાનમાત્રભાવ પદાર્થોના આલંબનકાળે...**’ નાસ્તિથી પહેલી વાત કરે છે હવે. સમજાય છે ? પણ ‘**જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ પદાર્થોના આલંબનકાળે જ (-માત્ર જ્ઞેય પદાર્થોને જાણવા વખતે જ) જ્ઞાનનું સત્‌પણું માનીને...**’ એને જાણવા કાળે મારું જ્ઞાનનું સત્‌પણું (છે). એના જાણવા કાળે. પોતાના પર્યાયને ‘**અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે,...**’ પરને લઈને મારો જ્ઞાનપર્યાય છે એમ માનનાર સ્વના જ્ઞાનની પર્યાનો નાશ કરે છે.

‘**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરકાળથી (-જ્ઞેયના કાળથી) અસત્‌પણું...**’ છે. સમજાય છે ? ઓલામાં સ્વકાળથી સત્‌પણાનો બોલ હતો. આમાં પરકાળથી અસત્‌પણાનો બોલ છે. પણ એક એકમાં ડબલ બોલ કરતા જાય છે. એક અજ્ઞાનીનો અને એક જ્ઞાનીનો. અજ્ઞાની પરથી અસત્ ન માનતા પરથી સત્ માને છે. જ્ઞાની જ્ઞાનમાત્ર ભાવ,... કહો સમજાણું ? ‘**પરકાળથી (-જ્ઞેયના કાળથી) અસત્‌પણું પ્રકાશતો...**’ મારા જ્ઞાનનો પર્યાય મારાથી થાય છે, પરથી અસત્ છે. એમ પ્રકાશતો અનેકાંત સત્ મારો પર્યાય છે અને પરથી નથી. એમ ‘**અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી.**’ એ દસ બોલ થયા.

‘**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ,...**’ હવે ભાવ આવ્યો. એ સ્વદ્રવ્યથી અસ્તિ વસ્તુથી અને પરદ્રવ્યથી નાસ્તિ. પછી સ્વક્ષેત્રથી આત્મા અસંખ્ય પ્રદેશમાં રહેલો પૂર્ણ રૂપથી અસ્તિ, પરક્ષેત્રથી નાસ્તિ. એમ સ્વપર્યાયનો વર્તમાન કાળ જે છે એનાથી હું છું અને પરકાળથી નથી. એ છ બોલ થયા. હવે બે બોલ ભાવના રહ્યા. ભાવ-ભાવ. વસ્તુનો ભાવ જે કાયમી એ ભાવને ન માનતો. સામાના ભાવમાંથી દરેડો થઈને મારી દશા થાય છે એમ માનનાર પોતાના ભાવના અસ્તિ પદને વર્તમાન દશાની શક્તિના પરિણમન વહનને પોતે માનતો નથી.

વળી ‘**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતા એવા પરભાવોના...**’ પરભાવ એટલે શક્તિઓ. પરદ્રવ્યની શક્તિઓ, પરપદાર્થનો સ્વભાવ, પરપદાર્થના ગુણો, પરપદાર્થની શક્તિ સદૃશ્યરૂપે તેને અહીંયાં ભાવ કહેવામાં આવે છે. ‘**આ જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતા એવા પરભાવોના પરિણમનને લીધે...**’ એ પરભાવો આમ અંદર શક્તિમાંથી આવે છે ને ?

પરિણમે છે ને ? એને જ્ઞાયકભાવને પરભાવપણે માની. મારી પર્યાયમાં મારો પર્યાય ભાવમાંથી ટપકે છે એમ ન માનતા પરભાવમાંથી મારી પર્યાય પરિણમે છે. સમજાય છે ? મારો પર્યાય મારી ખાણ છે એમાંથી આવે છે એમ ન માનતા મારો પર્યાય પરની ખાણમાંથી પરિણમે અને વહે છે. સમજાણું કાંઈ ? સમજાય છે ? ભાષા તો સમજી લેવી. ગુજરાતી થોડી થોડી સમજી લેવી. નહિતર એ સમજાય એવું નથી.

**'જ્ઞાનમાત્ર ભાવ,...'** ભાવ નામ ગુણ. **'જાણવામાં આવતા એવા પરભાવો...'** એટલે પર શક્તિઓ પરદ્રવ્યની. આ ભગવાન કેવળજ્ઞાની છે શક્તિરૂપે, હોં ! આ આનંદરૂપે છે, આ પરમાણુ વર્ણ-ગંધરૂપે છે, ફલાણું. એવા ભાવમાંથી જાણે મારું ભાવનું વર્તમાન પરિણમન એવા પરભાવથી જાણે આવતું હોય અને પરની તાકાતમાંથી વહેતું હોય એમ માનીને પોતાનો સ્વભાવ ત્રિકાળ છે, એમાંથી આ અવસ્થા વહે છે એમ ન માનનાર પરભાવથી પોતાને અસ્તિ માને છે. સમજાણું કાંઈ ?

**'જ્ઞાયકસ્વભાવને પરભાવપણે માનીને-અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-ભાવથી સત્‌પણું પ્રકાશતો...'** અહો..! એ મારું નિધાન, ચૈતન્ય નિધાન ખાણ અનંત ગુણનો ભંડાર (છે), એમાંથી વર્તમાન અંશ એ ભાવમાંથી આવે છે. એ ભાવની ખાણમાંથી આવે છે. ગુણમાંથી પરિણમનનું વહન થાય છે, બીજાના ગુણને કારણે અહીં વહન થાય છે એમ નથી. બીજાના ગુણો જોયા. એમ કહે છે ને ? ભગવાનના ગુણો જુઓ. ભગવાનના ગુણોને સ્મરો. એમાં ક્યાં આવ્યું ? સાંભળ તો ખરો. ભગવાનના ગુણના સ્મરણમાંથી વિકલ્પ ઊઠે છે એ તો. એમાંથી કાંઈ આત્માના ભાવમાંથી પરિણમન આવતું નથી.

**શ્રોતા :-** .. થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** **'वन्दे तद्‌गुणलब्धये'** આવે છે ને ? શું કીધું એ શ્લોક ? **'मोक्षमार्गस्य नेतारं भेतारं कर्मभूभृताम। ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्‌गुणलब्धये।।'** **'वन्दे तद्‌गुणलब्धये'** એનો ખુલાસો કર્યો છે. કેટલાક કહે, જુઓ ! ભગવાનના ગુણો, એ ભક્તિ કરનાર એના ગુણોને યાદ કરે માટે એના ગુણ જેવા થવા માટે ભક્તિમાંથી તેના ગુણનું પરિણમન પોતાનું થાય છે. 'દેવીલાલજી'! નહિ ? એમ નથી. એ તો કહે છે કે મારો ભાવ, તમારા ભાવ જેવો મારો ભાવ છે. એટલે મારા ભાવમાંથી મારો પર્યાય મારે તમને જેવા ગુણો પ્રગટેલા છે, ગુણમાંથી પર્યાય એવા જ મારા ગુણમાંથી મારો પર્યાય પ્રગટવાનો. મારી એકાગ્રતા, મારું ધ્યેય-લક્ષ ત્યાં છે. કાંઈ તમારે લઈને મને **'वन्दे तद्‌गुणलब्धये'** તમારા ઉપર લક્ષ રાખીને મારા ગુણની તમારા જેવી પ્રાપ્તિ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ ? શ્લોક આવે છે ને 'સંમતભદ્રાચાર્ય'નો ? શું કીધું પહેલું ?

**'मोक्षमार्गस्य नेतारं'** હે નાથ ! આપ મોક્ષમાર્ગના દોરનાર છો. મોક્ષમાર્ગના દોરનાર છે.

નેતા-નેતા. દોરનાર. '**ज्ञातारं विश्वतत्त्वानां**' અને '**कर्मभूभृताम**' કર્મના પથરાને આપે તોડી નાખ્યા છે. કર્મના ડુંગરાને આપે તોડી નાખ્યા. એ બધા વ્યવહારના વચન છે. '**भेतारं कर्मभूभृताम**' કર્મરૂપી ભૂ-પૃથ્વી એના ટૂકડા કરી નાખ્યા છે. '**ज्ञातारं विश्वतत्त्वानां**' સર્વ તત્ત્વોને જાણનાર છો માટે આપના ગુણની પ્રાપ્તિ માટે વંદન (કરું છું). એ વ્યવહારના વિકલ્પની કથન પદ્ધતિ એવી હોય, એના અંતર ભાવમાં એમ નથી. મારા ગુણોની પ્રાપ્તિ, પ્રભુ તમારામાં જે ભાવ છે એવા જ મારામાં ભાવ પડ્યા છે. મારો ભાવ જ આખો ચિદ્‌ઘન આનંદપિંડ ચૈતન્યસમુદ્ર પડ્યો છે. એમાંથી, મારા ભાવમાંથી અવસ્થા આવે છે, નહિ કે વિકલ્પ ને રાગ અને તમારા લક્ષે આવે છે. એમ છે નહિ. સમજાય છે કાંઈ ? એવું છે ભાઈ આ. '**નાશ પામે છે,...**'

'**જ્ઞાયકસ્વભાવને પરભાવપણે માનીને...**' પરભાવપણે પોતે માને છે. સત્ પરભાવને લઈને મારા જ્ઞાયકભાવનું વહન થાય છે. એમ માની પોતાના ભાવનો નાશ કરે છે એટલે પોતાના શક્તિના સામર્થ્યને શ્રદ્ધામાં લેતો નથી. પોતાની શક્તિનું જે સ્વભાવ સામર્થ્ય છે એને પ્રતીતમાં લેતો નથી. '**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-ભાવથી સત્‌પણું પ્રકાશતો...**' તે જ્ઞાનમાત્રભાવનું સ્વભાવથી સત્‌પણું પ્રકાશતો. અરે ! મારા ભાવમાંથી જ બધી શક્તિ વહે છે. પર્યાયની શક્તિ વર્તમાન ગુણની દશા, એનું વહન અંતરના પ્રવાહ-ખાણમાંથી આવે છે. એમ પોતાના ભાવને પોતાથી અસ્તિ માનતો એ જ્ઞાની પોતાના ભાવને જીવતા, ટકતા રાખે છે. એને સમ્યગ્દર્શન અને જ્ઞાન પર્યાયમાં વર્તે છે. કહો, સમજાણું ? '**સ્વ-ભાવથી સત્‌પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે-નાશ પામવા દેતો નથી.**' એ ૧૧મો બોલ થયો.

૧૨મો. '**વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ 'સર્વ ભાવો હું જ છું'...**' અહીં બતાવવું છે તો હવે પરથી અસત્‌પણું. પણ પહેલો ઓલો માને છે કે પરથી હું બધો છું. એનો પહેલો બોલ લે છે. '**જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ સર્વ ભાવો હું જ છું...**' બધાના બીજાના જે ગુણો તે હું છું. બીજાની શક્તિઓ જે બધી છે તે જ હું છું. સમજાણું કાંઈ ? એ જ્ઞાનમાત્ર ભાવ. ભગવાન આત્મા ભાવ સ્વભાવરૂપ એ '**સર્વ ભાવો હું જ છું...**' એમ માનનારો. આ બધાના ભાવ તે હું છું. એના બધા જે જે ભાવમાંથી કાર્ય થાય છે ને એ બધા એના ભાવમાંથી થતાં એ મારા ભાવમાંથી થાય છે. '**એમ પરભાવને...**' પોતાના ભાવમાં માનતો-ખતવતો એ '**પરભાવને જ્ઞાયકભાવપણે માનીને-અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે,...**' પોતાની સત્તાનું સામર્થ્ય એને તો એ માનતો નથી. મારી સત્તામાં પરમેશ્વરપદ પડ્યું છે. મારી સત્તાના ભાવમાં પરમેશ્વરપદ પડ્યું છે. એને હું પરમેશ્વર પદ ઉકેલીને પર્યાયમાં પરમેશ્વરપદ લાવવાનો છું. સમજાય છે કાંઈ ? કો'કના પરમેશ્વર પદમાંથી મારું પરમેશ્વર પદ લાવીશ એમ વસ્તુમાં નથી, પણ અજ્ઞાનીને એ જાતનો ભરોસો અને વિશ્વાસ આવતો નથી. કારણ કે શક્તિરૂપ છે ભાવ અને પ્રગટરૂપ પર્યાય (છે) તે આ પર્યાય

ક્યાંથી વહે છે અને કેવા ભાવનું સામર્થ્ય છે, એને એ ભરોસો બેસતો નથી. પ્રગટ વ્યક્તિ પર્યાયની છે અને ભાવ છે તે અવ્યક્ત અપ્રગટ છે અને આખું સ્વરૂપ જ એ પૂર્ણ છે. એવા પૂર્ણ સ્વભાવની દૃષ્ટિ નથી માટે આ બધો ભાવ પરભાવને લઈને હું છું. બીજા બધા ભાવ તે જ હું છું એમ માનીને પોતાના ભાવને જ્ઞાયકભાવને પરરૂપે અંગીકાર કરે (છે) અને પોતાનો નાશ કરે છે.

'**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરભાવથી અસત્‌પણું પ્રકાશતો...**' જુઓ ! '**(તે જ્ઞાનમાત્ર ભાવનું)...**' જ્ઞાન ભાવ-ભાવ એમ દર્શનભાવ, આનંદભાવ, શાંતિભાવ બધા ગુણો. એના ભાવનું '**પરભાવથી અસત્‌પણું...**' પરની શક્તિથી જ મારી નાસ્તિ. પરના અનંત ગુણો અને પરમાણુના અનંત ગુણોનો જે ભાવ (છે) એની શક્તિની મારામાં નાસ્તિ છે. મારામાં પરની શક્તિની અસ્તિ નથી. એમ '**પરભાવથી અસત્‌પણું પ્રકાશતો થકો અનેકાંત તેને પોતાનો નાશ કરવા દેતો નથી.**' સમજાણું કાંઈ ? અનેકાંત શું આવ્યું ? કે હું મારા પર્યાય, મારા ગુણ વડે છું એ મારો ભાવ અને પરના ગુણ વડે હું નથી. એમ અનેકાંત સ્વીકારતો, પોતાની દૃષ્ટિ પોતામાં રાખતો પોતાના અસ્તિત્વને પરિણમાવે (છે), શુદ્ધપણે પરિણમાવે છે. બાર થયા બાર બોલ. હજી તો ચૌદ મોટા કળશ આવશે હજી તો. એ પછી.

૧૩મો. જુઓ ! આ ચાર બોલને બીજી રીતે પણ વિશેષ વર્ણવ્યા છે. સમજાય છે કાંઈ ? એ વસ્તુ છે ને આત્મા ? આમ જ્ઞાયકભાવ વસ્તુ... વસ્તુ... વસ્તુ... એકરૂપ વસ્તુ તે પોતાનું સ્વદ્રવ્ય અને તે જ્ઞાયકમાં વિકલ્પ સહિત ભેદ પાડવા કે આ જ્ઞાન અને દર્શન એવા ભેદ પાડવા એને પરદ્રવ્ય કહેવામાં આવે છે. કેમકે એવા ભેદના આશ્રયે ધર્મ થતો નથી માટે તેને પરદ્રવ્ય ગણવામાં આવ્યું છે. ભારે વાત ! સમજાય છે કાંઈ ? આમાં ઉતાર્યા છે અને એ સિવાય વિશેષ કળશમાં ઉતારેલા છે.

ભગવાન આત્મા વસ્તુ તરીકે, પદાર્થ તરીકે એકરૂપ જ્ઞાયક અનંત ગુણનો પિંડ એકરૂપ છે. એનું નામ સ્વદ્રવ્ય, એનું નામ સ્વભાવ. સ્વભાવ એટલે પોતાનું તત્ત્વ-દ્રવ્ય. અને એ એકરૂપમાં વિકલ્પથી ભેદ પાડવો, એવા વિકલ્પથી ભેદ પાડ્યો કે આ જ્ઞાન અને આ દર્શન અને આ, એ પરદ્રવ્ય કહેવામાં આવે છે. એવા પરદ્રવ્યની સ્વદ્રવ્યમાં નાસ્તિ વર્તે છે. સમજાણું નહિ ? આ ઝવેરીના વેપારી. સમજાણું કાંઈ ? ફરીને. વન્સ મોર કરતા હતા ને તે દિ' ? એક ફેરી કર્યું હતું ને ? જુઓ ! ચારેય બોલ ઝીણા આવશે.

દ્રવ્ય છે ને વસ્તુ ? વસ્તુ છે ને વસ્તુ પદાર્થ ? ભિન્ન અખંડ અનંત ગુણનો પિંડ એકરૂપ વસ્તુ. એવા એકરૂપ દ્રવ્યની અપેક્ષાએ આત્મા સ્વદ્રવ્યથી અસ્તિ છે અને એ જ દ્રવ્યને રાગ દ્વારા ભેદના વિચાર કરવા કે હું જ્ઞાન છું અને દર્શન છું અને આ છું એ ભેદ કરવો એને પરદ્રવ્ય કહેવામાં આવે છે. એકપણાની અપેક્ષાએ, અભેદની અપેક્ષાએ એ જ દ્રવ્યમાં ભેદપણાનો વિચાર કરવો એને પરદ્રવ્ય કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ?

ભેદ વ્યવહાર થઈ ગયો. નિશ્ચય અભેદ છે. ઓલો વ્યવહાર થઈ ગયો. વ્યવહાર થયો તે

પરદ્રવ્ય થયું. કેમ ?-કે ભેદને આશ્રયે પોતાની નિર્મળ દશા પ્રગટ થતી નથી. માટે, એને પરદ્રવ્ય (કહેવામાં આવે છે). જેમ પરદ્રવ્ય વસ્તુ છે એમાંથી પોતાની નિર્મળ પર્યાય આવતી નથી એમ અખંડ વસ્તુમાંથી ભેદના જ લક્ષમાં ગયો તો એનાથી પણ નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી. માટે તેને પરદ્રવ્ય ગણી, પરની નહિ આ એમાં ને એમાં ભેદ પાડીને. એકમાં. આહા..હા...! સમજાણું કાંઈ ? પરનું ક્યાં ગયું આમાં ? 'ભીખાભાઈ' ! આ તો હવે એમાં ને એમાં બે પ્રકાર.

વસ્તુ એકરૂપ ચીજ, અનંત ગુણ-પર્યાયનું એકરૂપ દ્રવ્ય. એ દ્રવ્ય એટલે વસ્તુ. એ આખી અખંડ વસ્તુ એકની અપેક્ષાએ સ્વદ્રવ્ય કહેવામાં આવે છે અને એને ભેદ વિચારવા કે આ આવો છે અને આ જ્ઞાન છે અને આવો દર્શન છે એવો વિકલ્પ ઊઠાવવો એને જ અહીંયાં પરદ્રવ્ય તરીકે ખરેખર ગણવામાં આવ્યું છે. એ પરદ્રવ્યની સ્વદ્રવ્યમાં નાસ્તિ અને સ્વદ્રવ્યની પરદ્રવ્યમાં નાસ્તિ. સમજાણું આમાં ?

હવે ક્ષેત્રથી. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર એની સત્તાની પહોળાઈ છે. પહોળાઈ સમજાય છે ? શું કહેવાય છે તમારે ? ચૌડાઈ. ભગવાન અસંખ્ય પ્રદેશી ચૌડાઈ વસ્તુ. એ અસંખ્ય પ્રદેશીનું એકરૂપ તેને સ્વક્ષેત્ર કહીએ. અસંખ્ય પ્રદેશીનું એકરૂપ એને સ્વક્ષેત્ર કહીએ. એ સ્વક્ષેત્રથી છે. પણ અસંખ્ય પ્રદેશમાં ભેદ પાડવો કે આ પ્રદેશ.. આ પ્રદેશ... આ પ્રદેશ... આ પ્રદેશ... એના ને એના પ્રદેશનો ભેદ પાડીને ઊભા રહેવું એને પરક્ષેત્ર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? બહુ ઝીણું પણ, બાપા ! રાત્રે કહ્યું હતું, નહિ? આવ્યું હતું, નહિ? હતા કે નહિ રાત્રે ? એમાં છે એ કળશમાં છે. એમાં છે. એમાં છે ત્યારે કાઢ્યું છે કે નહિ ? સમજાણું કાંઈ ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પરદ્રવ્ય જ છે. નિશ્ચયમાં સ્વક્ષેત્રનું એકરૂપ છે અસંખ્યપ્રદેશી અને એના ભેદ ક્ષેત્રના પાડવા, હોં ! ઓલા દ્રવ્યનો ભેદ હતો. આ ક્ષેત્રનો ભેદ પાડીને આ.. આ... આ... આ.. આ પ્રદેશ.. આ પ્રદેશ... આ પ્રદેશ... (એ) પરક્ષેત્ર. એને પરક્ષેત્ર ગણવામાં આવ્યું છે. અને તે પરક્ષેત્રથી, અસંખ્ય પ્રદેશી એકરૂપ ક્ષેત્ર પરક્ષેત્રથી નાસ્તિ અને પરક્ષેત્રમાં સ્વક્ષેત્રની નાસ્તિ. એમ સ્વક્ષેત્રની અભેદતાની દૃષ્ટિ કર્યા વિના એને નિર્મળ દશા સમ્યગ્દર્શનાદિ થતું નથી. સમજાણું કાંઈ ?

એમ હવે કાળના બે ભેદ. વસ્તુ આત્મા ત્રિકાળ એકરૂપ છે. વસ્તુ ત્રિકાળ એકરૂપ. વસ્તુ એકરૂપ. કાળ એટલે એની મૂળ અવસ્થા એટલે અવ-નિશ્ચય એનું સ્વરૂપ. ત્રિકાળ એનું સ્વરૂપ તે સ્વકાળ અને એની એક સમયની પર્યાયનો ભેદ વિચારવો તે પરકાળ. સમજાય છે કાંઈ ? અવસ્થાથી અવસ્થાંતરનો વિચાર એકરૂપ ત્રિકાળમાંથી ત્રિકાળ વસ્તુ તે સ્વકાળ. પહેલું કીધું હતું, સ્વકાળનો પર્યાય તે સ્વકાળ. પરનો કાળ તે એનો સ્વકાળ એનો આમાં પરકાળનો અભાવ. સમજાણું કાંઈ ? બાપુ ! ચૈતન્ય નિધાનની સમૃદ્ધિ.. આહા..હા...! તું કોણ છો તારી મહિમા વાણીએ આવી નથી. પૂરી વાણી, સર્વજ્ઞની વાણીમાં ન આવ્યો. એટલું વસ્તુનું

સામર્થ્ય. એક અપેક્ષાએ આવ્યો અને એક અપેક્ષાએ ન આવ્યો, એમ બે વાત છે. સમજાણું કાંઈ ?

પરમાત્મસ્વરૂપ ચૈતન્ય ઝળહળ જ્યોતિ, અનંત અનંત ગુણના સામર્થ્યમાં એક એક ગુણમાં અનંત અનંત સામર્થ્ય, એવો ભગવાન, એને કહે છે, સ્વકાળનું રૂપ જુઓ તો એ ત્રિકાળી એકરૂપ રહેનારો તે એનો સ્વકાળ અને એક અવસ્થાથી બીજી અવસ્થાનો અસ્થાંતરનું લક્ષ કરવું એને પરકાળ કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ !

હજી તો ઓલા પરને લઈને જે માને છે એ તો ક્યાંય સ્થૂળમાં રહ્યા. આ મને જ્ઞાનનો પર્યાય પરને લઈને થાય. આને લઈને થાય... આને લઈને થાય.. ક્ષેત્ર અમારું આને લઈને ટકે, કાળ અમારો આને લઈને થાય, ભાવ અમારો આને લઈને આવે. એ તો ક્યાંય રહ્યું. સમજાય છે કાંઈ ? પણ વસ્તુ તરીકે પ્રભુ સ્વકાળ એકરૂપ દશા, એકરૂપ દશા, એને આત્માની એકરૂપ દશાને સ્વકાળ કહીએ તો એની ભિન્ન ભિન્ન અવસ્થાને પરકાળ કહીએ. સમજાય છે કાંઈ ?

ભૂત, વર્તમાન અને ભવિષ્ય બધા ભેદ પાડવા એ પરકાળ છે. એ એકરૂપ સ્વકાળ ભગવાન ચૈતન્ય ઝળહળ જ્યોતમાં પરકાળનો અભાવ છે. હજી એના ખ્યાલમાં વાત લે નહિ, વિચારમાં કેમ મૂકે ? અને એની દૃષ્ટિ પંથમાં, દૃષ્ટિના પથમાં શું આ છે એમ આવે ક્યાંથી ? એમ ને એમ ઓઘે-ઓઘે અનાદિકાળથી ખૂંચ્યા. ઓઘે-ઓઘે સમજાય છે ને ? સમજ્યા વિના કુટારા કર્યા, આમ થયો ધર્મ અને આમ થયો. ચીજનું શું લક્ષણ છે ? આ સ્વકાળનું ખરું લક્ષણ આ. સમજાણું કાંઈ ? અને એની અવસ્થાંતરના ભેદો એ બધા પરકાળ છે. એવા પરકાળની સ્વરૂપમાં નાસ્તિ છે.

બીજી રીતે ભાવ. હવે આત્મામાં અનંત ગુણ ભાવરૂપ છે તે સ્વભાવ છે. અનંત ગુણ ભાવરૂપ એકરૂપ છે તે સ્વભાવ છે અને એ ગુણમાં ભેદ વિચારવો કે આ જ્ઞાનગુણ અને દર્શનગુણ અને ચારિત્રગુણ ભાવની અપેક્ષાએ, એને પરભાવ કહેવામાં આવે છે.

**શ્રોતા :-** પહેલામાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલું તો દ્રવ્ય કીધું હતું, દ્રવ્ય. એને ઓલા ગુણભેદ થયો એ પરદ્રવ્ય થઈ ગયું. ગુણભેદ થયો એ પરદ્રવ્ય થયું અને અહીં ભાવભેદ થયો એ પરભાવ થયો. એમાં એ વસ્તુમાં તો ગુણભેદ થયો ને એમાં ? એને પરદ્રવ્ય કીધું. અહીં ભાવભેદને પરભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

ત્રિકાળ સ્વભાવ જ્ઞાન, દર્શન અને પૂર્ણ ચૈતન્યસ્વભાવ, એકરૂપ ભાવનો પિંડ એ સ્વભાવ- પોતાનો ભાવ અને એ ભાવમાંથી ભેદ પાડીને વિકલ્પમાં-વિચારમાં લેવું એને પરભાવ કહેવામાં આવે છે. આ પરભાવ એટલે ઓલી ચીજ પર નહિ. આ પરભાવ એટલે ઓલો રાગ પરભાવ નહિ. ભેદનો વિકલ્પ ઊઠ્યો ને, એને એકરૂપના ભાવમાંથી ભેદ પાડ્યો તેને પરભાવ કહેવામાં આવે છે. એ પરભાવમાં સ્વભાવની નાસ્તિ છે. એકરૂપમાં પરભાવ નથી અને પરભાવમાં એકરૂપ નથી. ઓહો..હો...! અનેકાંત વસ્તુ.. સમજાય છે ? શું અનેકાંત છે ?

અનેકાંત-અનંકાંત તો બધા પોકારે છે. અનેકાંત છે. વસ્તુ આચાર્યોએ અનેકાંત કીધી છે. તમે (કહો છો) એમાં એકાંત થાય છે, નિશ્ચયથી ધર્મ થાય અને વ્યવહારથી ન થાય; પણ એ જ અનેકાંત છે. સ્વદ્રવ્યને આશ્રયે ધર્મ થાય અને ભેદ અને પરને આશ્રયે ન થાય એનું નામ અનેકાંત છે. આને લઈને થાય અને આને લઈને થાય એવું અનેકાંત ક્યાંથી લાવ્યો ? ફૂદડીવાદ ? સમજાણું કાંઈ ? એ ભાવના બોલ.

એમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ચાર પ્રકાર થયા. એટલે એમાં આવી ગયું કે નહિ ? દ્રવ્યે વસ્તુ દ્રવ્ય છે. તે દ્રવ્ય પર્યાયની અપેક્ષાએ નથી. પરની અપેક્ષા તો નથી જુદી વાત, પણ એક સમયના અનંતા ગુણોનો એક સમયનો પર્યાય એ રૂપે દ્રવ્ય નથી. દ્રવ્યમાં તે અનંત ગુણના પર્યાયની નાસ્તિ છે. એક અંશના પર્યાયની ત્રિકાળ વસ્તુમાં નાસ્તિ છે. અરે..! તારું એકરૂપ છે એના ઉપર દૃષ્ટિ મૂકવાની છે. અનેક રૂપનું જ્ઞાન કરવાનું છે અંદર છે એ, પણ અનેકપણાનો આશ્રય થાય અને નિર્મળ પર્યાય થાય એમ છે નહિ. સમજાણું કાંઈ ? બાર થયું.

એ દ્રવ્ય-ક્ષેત્ર, કાળ, ભાવ આવ્યા. શું કીધું સમજાણું આમાં ? બાર બોલ થયા બાર. 'સેઠી' ! ભારે પણ વખત બધો ગાળ્યો છે ને પરમાં. આ શાસ્ત્ર .. છ કાયના બોલ શીખ્યા. અને આ શું કહેવાય ઓલા ? જીવવિચાર. જીવવિચાર, અજીવવિચાર, ફલાણું, અરે..! ખરો જીવવિચાર તેં કોઈ દિ' કર્યો નથી. ક્યાંથી કરે ? ગોખીને બેઠો. બાસઠ શીખ્યો, અઠ્ઠાણું બોલનું શું કાંઈક આવે છે. .. આવે છે ને ? 'જ્ઞાનસાગર'માં આવે છે. 'જામનગર'નું છપાયેલું આવે છે ને એમાં ? ઘણાય બોલ આવે. આ શીખ્યા... આ શીખ્યા... હવે શીખ્યા, પણ આ તો સમજ. મૂળિયા જાણ્યા વિના એના ફળ ક્યાં ? કેરી જોઈતી હોય તો કેરી જ્યાં જ્યાં લટકે ત્યાં પાણી પાયે કેરી વધશે ? કે એ કેરી જ્યાંથી રસ ચડીને વધે એના મૂળમાં પાણી નાખે તો વધે. ડોલ ત્યાં માથે નાખી આવે. કેરી પાકી હોય ને ? કેરી સમજો છો ? આમ-આમ. કેરી પાકે છે ને ? પચાસ-સો મણ હોય એક આંબે, હોં! મોટો આંબો હોય ને તો એમાં સો મણ કેરી. તો દરેક ઠેકાણે ડોલ રાખીને કેરીને બોળે, કેરીને બોળે. મૂળમાં પાણી પાય તો ત્યાં રસ એને ચડે. એમ ભગવાન આત્મા એક સમયમાં અભેદ ચૈતન્ય દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી ચારેયનું એકરૂપ પાછું છે. એ વળી ચાર ભેદે સમજાવવા માટે કહ્યા છે. સમજાણું ?

એના એકરૂપમાં અંદર તારું પાણી એટલે વીર્ય. સમજાણું ? પાણી એટલે વીર્ય. પાણીયાળો નથી કહેતા ? માણસ નથી કહેતા કે આ પાણીયાળો છે. વીર્યવાળો છે એમ કહે છે કે નહિ ? એમ એકરૂપ ચીજમાં અનેકપણું બધું સમજીને. સમજવાનું બધું અને દૃષ્ટિ દેવાની એકમાં. એ નિધાનમાં દૃષ્ટિ દેવાથી તારો પર્યાય નિર્મળ થાય, બાકી થાય નહિ. બાર બોલ થયા. હવે તેરમો.

**'જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનિત્ય જ્ઞાનવિશેષો વડે પોતાનું નિત્ય જ્ઞાનસામાન્ય ખંડિત થયું માનીને નાશ પામે છે,...'** શું કહે છે ? ૧૩મો બોલ. આ જ્ઞાનમાત્ર ભાવ નિત્ય છે એમાંથી

વર્તમાન નિત્ય જ્ઞાન વિશેષ દશા થાય છે ને વિશેષ ? ત્રિકાળ જ્ઞાન નિત્ય અને વર્તમાન અવસ્થા વિશેષ અનિત્ય. એ અનિત્ય જ્ઞાનવિશેષો વડે એ પોતાનું નિત્ય જ્ઞાન સામાન્ય. અરે..રે..! આ પર્યાય તો અનિત્ય ક્ષણિક, ક્ષણિક, આ નહિ... આ નહિ... આ નહિ. મારું જ્ઞાન સામાન્ય ખંડિત થયું, મારું જ્ઞાન એકરૂપ નાશ (પામ્યું). એમ માનીને પોતાની વર્તમાન દશાને અનિત્યપણે પણ મારો ભાવ છે એમ ન માનતો એ પોતાના પર્યાયનો નાશ કરે છે. સમજાણું કાંઈ ? ત્યાં '**ભાવ અનિત્ય જ્ઞાનવિશેષો...**' એ અનિત્ય જ્ઞાન વિશેષો છે, હોં ! શું કીધું ?

એ પરના અનિત્ય વિશેષો નથી. આત્મપદાર્થમાં સામાન્યરૂપ ત્રિકાળ એની વિશેષ દશાઓ વર્તમાન અનિત્ય વિશેષ એની અવસ્થા છે. પણ એને જ્ઞાનમાત્ર અનિત્ય જ્ઞાનવિશેષો પોતાનું નિજ... અરે...! પણ આ વિશેષો આ શું ? મારું એકરૂપ ... અરે..! હું તો નાશ થઈ ગયો. વિસ્તરણ, વિંખાઈ ગયો. બધા મારા રૂપો અનિત્યપણે પરિણમતા વિખાય જાવ છું. વિખાય જાઉં છું સમજો છો ? ટૂકડા થઈ ગયા. અમારી કાઠિયાવાડી ભાષા. જુઓ ! એ છોકરા પણ સમજે અમારી કાઠિયાવાડી ભાષા અને તમે ન સમજો. ભાષાને જાણવી જોઈએ. સમજાણું ?

કહે છે, '**જ્ઞાનમાત્ર ભાવ...**' એકરૂપ ભાવ '**અનિત્ય જ્ઞાનવિશેષો વડે...**' એ અવસ્થામાં જુદી જુદી અવસ્થા... ઓહો..હો...! ઘણા હોં પણ. ... આવ્યું લાગે છે. શું કહે છે ?

ભગવાન આત્મા એકરૂપ જ્ઞાનસ્વભાવમાં અનેકપણું પરિણમન દેખીને મારું એકરૂપ જ્ઞાન ખંડ-ખંડ વિખાઈ ગયું, ટૂકડા થઈ ગયા એમ માનીને અજ્ઞાની નાશ પામે છે. '**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) જ્ઞાનસામાન્યરૂપથી નિત્યપણું પ્રકાશતો...**' ભલે પર્યાયમાં વિશેષતા હો, પણ જ્ઞાન નિત્યપણે તો કાયમ છે. સ્વભાવપણે તો કાયમ છે. પર્યાયમાં અનેકતા, અનિત્યતા, વિવિધતા, વિશેષતા હોવા છતાં જ્ઞાનગુણ તો સામાન્ય છે એટલે આત્મા તો સામાન્ય છે. એમ પોતાને જ્ઞાન એટલે આત્મ સામાન્યરૂપથી '**નિત્યપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે–નાશ પામવા દેતો નથી.**'

'**વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ નિત્ય જ્ઞાનસામાન્યનું ગ્રહણ કરવા માટે...**' અજ્ઞાનીની વાત ચાલે છે પહેલી. જ્ઞાનમાત્ર ભાવ ત્રિકાળ. નિત્ય જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. સામાન્ય, એને ગ્રહણ કરવા માટે '**અનિત્ય જ્ઞાનવિશેષોના ત્યાગ વડે ...**' એ પર્યાયનું અનિત્યપણું છોડ... છોડ... છોડ.. આ શું ? એ કીધું નહિ ? એક ફેરી અનિત્યની વાત ચાલતી હતી. બાવો કહે, અરે..! અનિત્ય આત્મા ? એ જાણે મહારાજ મોટા અધ્યાત્મી છે એટલે નિત્યની વાત કરશે. નિત્યની કરતા હશે. એટલે ઓલો બાવો બિચારો સાંભળવા આવેલો. (સંવત) ૧૯૯૯ની સાલમાં રાત્રે. જ્યાં (કહ્યું કે) આત્મા નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. અનિત્ય ! અરે..! અનિત્ય એની પર્યાય અનિત્ય છે. એને અનિત્યપણું દેખીને મારું જ્ઞાન નિત્ય છે. નિત્ય રાખવા માટે એ અનિત્યના વિશેષોને છોડી દે. એ દૃષ્ટિમાંથી છોડી દે, એના

અસ્તિત્વનો સ્વીકાર ન કરે અથવા જ્ઞાનવિશેષનો ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે. 'સેઠી' ! આ ચૌદ બોલ વખતે કોઈ દિ' અહીંયાં તમે નહિ હો. પછી વાંચ્યું હશે કે નહિ આ આખું 'સમયસાર' ? વાંચ્યું છે ?

'**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) જ્ઞાનવિશેષરૂપથી...**' એ જ્ઞાન વિશેષરૂપથી અનિત્ય એનો સ્વભાવ છે. જ્ઞાનનું સામાન્ય રૂપ ત્રિકાળ રહેવા છતાં જ્ઞાનનું વિશેષ રૂપ થવું, પર્યાય રૂપ થવું, વિશેષદશા રૂપે થવું, અવસ્થારૂપ થવું એ એનો સ્વભાવ છે. એમ પોતાને પ્રકાશતો થકો. '**અનિત્યપણું પ્રકાશતો થકો...**' દેખો ! નિત્યપણું પણ ત્રિકાળ છે અને વર્તમાન પર્યાય પોતાના ગુણોની પર્યાયનું અનિત્યપણું પ્રકાશતો થકો '**અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી.**' લ્યો, સમજાણું ? જુઓ ! ચૌદ બોલ સરસ થયા. હજી ચૌદ બોલના કળશ છે એમાં વળી. પછી લેશું પાછળથી. લેવા તો છે, હોં ! મૂકવાના નથી કાંઈ.

'**અહીં તત્-અતત્‌ના ૨ ભંગ,...**' અહીં તત્-અતત્‌ના ૨ ભંગ. આવ્યું હતું ને જ્ઞાન અને જ્ઞેય. જ્ઞાન જ્ઞાનપણે છે અને જ્ઞેયપણે નથી. અજ્ઞાની જ્ઞાનને જ્ઞેયપણે માને છે અને જ્ઞાનપણે માનતો નથી. '**એક અનેકના બે ભંગ.**' વસ્તુ એકરૂપે છે અને ગુણ-પર્યાયથી અનેક છે. બેય છે. અજ્ઞાની એકને માને અને અનેકને ન માને, અનેકને માને અને એકને ન માને તે પણ વસ્તુના સ્વભાવની શ્રદ્ધાથી ભ્રષ્ટ થયેલા છે. '**સત્-અસત્‌ના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ૮ ભંગ,...**' ઓલા ચાર અને આઠ આ. દરેક વસ્તુ પોતાના દ્રવ્યથી છે, ક્ષેત્રથી છે, કાળથી છે, ભાવથી છે. પરદ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી એમ આઠ ભંગ થયા. આપણે સૂક્ષ્મ પણ થોડા ઉતાર્યા.

'**નિત્ય-અનિત્યના ૨ ભંગ...**' જ્ઞાન ભગવાન નિત્યપણ છે અને પર્યાયની વિશેષ અપેક્ષાએ અનિત્ય પણ છે. '**એમ બધા મળીને ૧૪ ભંગ થયા. આ ચૌદ ભંગોમાં એમ બતાવ્યું કે-એકાંતથી જ્ઞાનમાત્ર આત્માનો અભાવ થાય છે...**' એક જ નિત્ય માનવું, અનિત્ય જ માનવું, સ્વથી છે એમ માનવું, પરથી નથી એમ ન માનવું. પરથી નથી અને સ્વથી છે એમ ન માનવું. એવા એકાંતથી એક જ ધર્મને માનવાથી '**જ્ઞાનમાત્ર આત્માનો અભાવ થાય છે...**' જ્ઞાનમાત્રનો નાશ થઈ જાય છે. '**અને અનેકાંતથી આત્મા જીવતો રહે છે;...**' લ્યો ! હવે એ જીવન શક્તિ આવશે. '**અનેકાંતથી આત્મા જીવતો રહે છે;...**' જીવતો એટલે જેવો છે એવો જીવન એનું ઉઝળે છે, જીવન એનું ઉઝળે છે, ઉજાસ થાય છે.

'**અનેકાંતથી આત્મા જીવતો રહે છે;...**' વસ્તુની દૃષ્ટિ, પર્યાય દૃષ્ટિ સત્‌પણે છે, પરપણે નથી. એથી આત્મા એની પર્યાયમાં જીવતો જાગતી જ્યોત થાય છે. સમજાણું ? '**એકાંતથી આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપે સમજાતો નથી,...**' આ ચૌદ બોલમાં એક બોલ માને અને બીજો બોલ ન માને, બીજો માને અને પહેલો ન માને તો '**તે સ્વરૂપે સમજાતો નથી,...**' કેવું સ્વરૂપ છે

એવું એને સમજણમાં આવે નહિ. એના જ્ઞાનમાં બેસે નહિ. એટલે કે '**સ્વરૂપમાં પરિણમતો નથી,...**' એનું પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે થતું નથી.

'**અને અનેકાંતથી...**' જુઓ ! એ ચૌદ બોલ જે રીતે છે એમ સમજવાથી '**તે વાસ્તવિક સ્વરૂપે સમજાય છે,...**' કોણ ?-તે આત્મા. એ વાસ્તવિક સ્વરૂપે સમજાય છે અને '**સ્વરૂપમાં પરિણમે છે.**' માટે આ ચૌદ બોલ કહેવામાં આવ્યા. એના ચૌદ ભંગો કહેશે. સમજાય છે કાંઈ ? એના ચાર બોલ પાછા એ ઉતાર્યા છે ને ઓલામાં કાંઈક ? કળશમાં બીજી રીતે (છે) કે જ્ઞાન જ્ઞાનને આધારે છે કે જ્ઞાન જ્ઞેયને આધારે છે ? એક બોલ વધારે. બાકી આ તો બીજા આવી ગયા.

આત્મા આત્માને આશ્રયે છે કે આત્મા જ્ઞેયને આશ્રયે છે ? આત્મા અસ્તિ છે કે નાસ્તિ ? આત્મા એક છે કે અનેક ? અનિત્ય-નિત્ય. છ બોલ તો આવી ગયા. પણ આ આત્મા આત્માને આશ્રયે છે કે જ્ઞેયને આશ્રયે છે ? એ જરી ઝીણી વાત કરી છે. આત્મા જ્ઞાયકભાવપણે જ્ઞાયકભાવને આશ્રયે છે અને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયનું જ્ઞાન થાય છે, થાય છે પોતાનું, પણ એને જ્ઞેય ગણીને તે જ્ઞાયકભાવ જ્ઞેયપણે નથી. શું કીધું સમજાણું કાંઈ ? છતાં જ્ઞેયને આશ્રયે છે એમ પર્યાયમાં કહેવાય છે. જ્ઞાનનો પર્યાય પરના જ્ઞેયને જાણવાના સામર્થ્યરૂપે પરિણમે છે. એને જ્ઞેયનું જ્ઞાન કરીને.. જ્ઞાન તો પોતાનું પરિણમ્યું છે, પણ જ્ઞેયનું જ્ઞાન છે અને જ્ઞાનનું જ્ઞાન આનું નથી એમ ગણીને એ આત્મા પરજ્ઞેયને આશ્રયે પર્યાય અપેક્ષાએ છે એમ કહેવામાં આવે છે. ભારે ઝીણી વાત. 'દેવીલાલજી'!

ભગવાન આત્મા જ્ઞાન જ્ઞાનનો સહારો છે. સહારો એટલે આશ્રય. સહારો એનો છે કે જ્ઞાનને જ્ઞેયનો સહારો છે ? સાંભળ તો ખરો. એ બેય વાત છે એક અપેક્ષાએ. એક અપેક્ષાએ જ્ઞાન જ્ઞાનના સહારાનું છે, વસ્તુ વસ્તુના સહારાની છે અને એની પર્યાયમાં જ્ઞેયનું જ્ઞાન થયું એ છે પોતાનું, પણ પરનું જ્ઞાન છે એમ ગણીને એ જ્ઞાન-દ્રવ્ય પરના સહારાનું છે એમ પર્યાયની અપેક્ષા કહેવામાં આવે છે. આહા..હા...! ભારે ઝીણી વાતું પણ, ભાઈ ! 'સેઠી' ! જોયું !

આ રીતે, ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ આ અધિકાર ૪૧૫ ની ટીકાનો પૂર્ણ કરી અનેકાંત અને.. અનેકાંત એટલે સ્યાદ્વાદ અને ઉપાય-ઉપેય ભાવની વ્યાખ્યા કરવા માટે પોતે ટીકા શરૂ કરી છે. એમાં આ એક અનેકાંતના બે પ્રકાર છે. સ્યાદ્વાદથી કહેવું એવા .. એમાં આ ચૌદ બોલનો એક પ્રકાર કહ્યો. એના હજી ચૌદના કળશો આવશે. હવે એનો બીજો ભાગ જે અનેકાંતનો છે.. સમજાય છે ? એ કાલથી સવારમાં 'સમયસાર' શરૂ કરવામાં આવશે. ઉપાય-ઉપેય તો પછી. લ્યો ! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

卐

## શ્રી સમયસાર કળશટીકા, કળશ -૭-૮
## પ્રવચન નં.૯, તા.૧૫-૩-૧૯૬૫
## (૭)

કલશ-ટીકાનો જીવ અધિકાર ચાલે છે. છ કળશ થઈ ગયા. સાતમો કળશ.

**अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।**
**नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति।।७।।**

આ તેરમી ગાથાનો ઉપોદ્‌ઘાત છે. ૧૩મી ગાથા આવે છે ને એના પહેલાનો આ કળશ છે. જુઓ ! શું કહે છે ? '**अतः तत् प्रत्यग्ज्योतिश्चकास्ति**' '**અહીંથી હવે...**' '**तत्**' '**તે જ...**' '**प्रत्यग्ज्योति**' '**શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ...**' પહેલામાં '**प्रत्यग्ज्योति**'નો અર્થ સર્વજ્ઞ કર્યો હતો ને ? અહીં તો વસ્તુ લેવી છે ને હવે તો ? '**प्रत्यग्ज्योति**' એટલે શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ. એકલો આત્મા શુદ્ધ ચેતનસ્વરૂપ, એ વસ્તુને '**चकासति**' '**શબ્દો દ્વારા યુક્તિથી કહેવામાં આવે છે.**' એ વસ્તુ શુદ્ધ ચૈતન્ય પદાર્થ જે સમ્યગ્દર્શનનો વિષય, ધ્રુવ જ્ઞાયકભાવ એ સમ્યગ્દર્શનનો વિષય એવી જે વસ્તુ '**શબ્દો દ્વારા યુક્તિથી કહેવામાં આવે છે. કેવી છે વસ્તુ ?**' '**शुद्धनयायत्तं**' '**शुद्धनय**' નામ '**વસ્તુમાત્રને...**' જુઓ ! શુદ્ધનય એટલે વસ્તુમાત્ર.

એ વસ્તુ પોતે જ શુદ્ધનય. એમ. નય એટલે જ્ઞાન અને જ્ઞાનનો વિષય એવા બે ભેદ જ નથી અહીં. અધ્યાત્મમમાં શુદ્ધનય... નય તો છે જ્ઞાનનો ભાગ પણ અહીંયાં નયનો વિષય એ આખું ચૈતન્ય ધ્રુવ નિર્વિકલ્પ પદાર્થ એને જ અહીં શુદ્ધનય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ**' એમ કીધું છે ત્યાં. અગિયારમીમાં એ જ શૈલી છે.

'**शुद्धनयायत्तं**' '**વસ્તુમાત્રને આધીન છે.**' '**કેવી છે વસ્તુ ?**' '**વસ્તુમાત્રને આધીન છે.**' એમ ભાષા છે. શું કહ્યું સમજાણું આમાં ? કેવી વસ્તુ છે આત્મા ચેતનમાત્ર વસ્તુ ? કે જે વસ્તુમાત્રને આધીન છે. પોતાને જ આધીન એ વસ્તુ છે, પરને આધીન નથી. રાગને, નિમિત્તને, સંયોગને આધિન એ વસ્તુ છે જ નહિ. એને અહીંયાં શુદ્ધનય અથવા વસ્તુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ઓલામાં ત્યાં કહ્યું હતું. કાલે તો શુદ્ધનયમાં આવ્યું હતું ને ?

**શ્રોતા :-** વસ્તુમાત્ર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ વસ્તુમાત્ર.

કહે છે, વસ્તુ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેને આત્મા કહીએ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, બંધ એ તો વિકાર છે, એ આત્મા નહિ, એ શુદ્ધનય નહિ. શુદ્ધનય એટલે

**'વસ્તુમાત્રને...'** **'आयत्तं'** છે ને ? **'આધીન છે.'** એને અહીં વસ્તુ કહીએ. **'ભાવાર્થ આમ છે – જેને અનુભવતાં. સમ્યક્ત્વ થાય છે તે શુદ્ધ સ્વરૂપને કહે છે :–'** શું કહે છે ? એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્ય વસ્તુ, પોતે જ પોતાના નિર્મળ પર્યાયથી પ્રગટ થાય એ પોતાને જ આધીન વસ્તુ છે. પુણ્ય અને પાપ, વ્યવહાર-વિકલ્પ કે નિમિત્ત કે શ્રવણ કરીને પ્રગટ થાય એવી એ વસ્તુ નથી, એમ કહેવું છે અહીં. એક સમયનો શુદ્ધ ચૈતન્ય ભંડાર ભગવાન એ વસ્તુ, વસ્તુમાત્રને આધીન છે. પોતાના સ્વભાવને જ આધીન વસ્તુ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** આધીન એટલે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને સ્વાધીન. સ્વ આધીન–પોતાને આધીન છે એ. પોતાને તાબે છે. કોઈ રાગ અને પુણ્યને તાબે નથી. કર્મને તાબે નથી, રાગને તાબે નથી, કર્મ એટલે જડને તાબે નથી અને વિકારને તાબે નથી.

એકલી ચૈતન્ય વસ્તુ જ્ઞાયક આનંદ, એવી જે વસ્તુ એ પોતાના જ વસ્તુને આધીન (છે). ઓલામાં નહોતું આવ્યું શુદ્ધનયમાં ? **'शुद्धनयतः'** **'નિર્વિકલ્પ વસ્તુમાત્રની દૃષ્ટિથી જોતાં...'** એમ આવ્યું હતું ને ? આઠમે પાને માથે. **'शुद्धनयतः'** **'નિર્વિકલ્પ વસ્તુમાત્રની દૃષ્ટિથી જોતાં...'** શુદ્ધનયની વ્યાખ્યા જ એ કરી. આહા..હા...! કથનપદ્ધતિ જ બહુ સરસ છે. પોતે જ પોતાને આધીન છે. પોતે એટલે નિજ. નિજ એટલે જ્ઞાયક સ્વરૂપ, પૂર્ણાનંદ આત્મા. એ પોતે પોતાને જ આધીન છે. રાગને કે વિકલ્પને આધીન એ વસ્તુ કોઈ દિ' નથી. સમજાણું કાંઈ ? એય..! દેવાનુપ્રિયા ! આ નવું-નવું છે આ બધું ત્યાં. ત્યાં જાણે પહેલાં સાંભળી લીધું એટલે બધું આવી ગયું એમ નથી એમાં. એ તો બે-ચાર દિ' (રહેશે) પછી ભાગશે. ટિકિટ લઈ આવ્યા છે. કહો, સમજાણું ?

વસ્તુ વસ્તુમાત્રને આધીન છે. એ વ્યવહાર વિકલ્પ એ વસ્તુ નહિ. વસ્તુ વસ્તુમાત્રને આધીન છે એમાં શું કહ્યું ? વ્યવહારના વિકલ્પને-ભેદને આધીન એ વસ્તુ નથી. સમજાણું કાંઈ ? આત્મા વર્ણવવો છે ને ? ૧૩મી ગાથાની શરૂઆતનો આ તો એનો ઉપોદ્‌ઘાત છે. ૧૩મેથી નવ તત્ત્વનું વર્ણન જે વિસ્તારથી કરવાનું છે એનો પહેલો (ઉપોદ્‌ઘાત કરે છે). આત્મવસ્તુ, વસ્તુ વસ્તુને આધીન છે. ભગવાન આત્મા એક સમયનો શુદ્ધ ચૈતન્યદળ, પૂર્ણ નિર્વિકલ્પ વસ્તુ, એ નિર્વિકલ્પ વસ્તુ પોતે જ નિર્વિકલ્પને આધીન છે.

**શ્રોતા :–** આટલુ કહેવા માટે બાર અંગ અને ચૌદ પૂર્વની રચના કરી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને માટે બાર અંગ અને ચૌદ પૂર્વની રચના છે. કહો, સમજાણું કાંઈ ? ક્યાં ગયા 'દેવશીભાઈ' ? અહીં ન દેખાણા. મોઢા આગળ આવોને અહીં મોઢા આગળ. તમે તો મુખ્ય માણસ કહેવાઓ. સમજાય છે કાંઈ ?

કહે છે કે અમે શબ્દો દ્વારા અને યુક્તિ દ્વારા આત્મા વસ્તુને કહેશું. પણ એ આત્મા હવે કેવો છે ? કે **'शुद्धनयायत्तं'** વસ્તુમાત્રને આધીન છે. ચિદાનંદ જ્યોત એનો નિર્મળ નિર્વિકલ્પ પર્યાય

પણ એ વસ્તુમાં અભેદ છે. એ વસ્તુ છે એની. રાગ ને વિકલ્પ ને વ્યવહાર ને નિમિત્ત એ વસ્તુ નથી, એ અવસ્તુ છે. ખરેખર ભેદ પણ અવસ્તુ છે. બહુ ટૂંકી એવી શૈલી કરી છે ને. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા એક સમયનો નિર્વિકલ્પ ચૈતન્ય પદાર્થ, અભેદ વસ્તુ એ વસ્તુ વસ્તુને જ આધીન છે, ત્રણ કાળમાં પરને આધીન છે નહિ. એવી દૃષ્ટિ થતાં વસ્તુનો અનુભવ થાય એને અહીંયાં નિર્વિકલ્પ અનુભવ કહેવામાં આવે છે. આહા..હા...! બહુ ઝીણું ! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ચાલતા પ્રવાહથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ચાલતો પ્રવાહ ખોટો હોય તો એનાથી વિરુદ્ધ જ હોય. એમાં શું ? અનાદિથી અજ્ઞાની બહારથી માની બેઠો છે કે આ આત્મા કાંઈક દયા, દાન, વ્રત, ભક્તિ કરીએ તો પ્રાપ્ત થાય. કાંઈક વ્યવહાર શુદ્ધ હોય તો પ્રાપ્ત થાય એ વાત બિલકુલ ખોટી છે, એમ કહે છે અહીં.

**શ્રોતા :–** આગમમાં ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આગમમાં અને અધ્યાત્મમાં બેયમાં એક જ છે. બેમાં વિરુદ્ધ છે કાંઈ ? કહો, સમજાણું કાંઈ ?

‘**વસ્તુમાત્રને...**’ જુઓને ! શુદ્ધનય. વસ્તુ પરમાત્મ નિજ સ્વરૂપ જ્ઞાયક સ્વભાવનો આખો રસકંદ. સમજાણું ? એવો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ પોતાને જ આધીન છે, એ બીજાને આધીન છે નહિ. સમજાણું કાંઈ ? ‘**ભાવાર્થ આમ છે – જેને અનુભવતાં સમ્યક્ત્વ થાય છે તે શુદ્ધ સ્વરૂપને કહે છે :–**’ જેનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય એવા શુદ્ધ સ્વરૂપને કહેવામાં આવે છે. જેનો અનુભવ કરવાથી એટલે શુદ્ધ ચૈતન્ય એક સમયમાં પૂર્ણ આનંદ, એનો અનુભવ કરવાથી સમ્યક્ થાય. કોઈ ભેદનો, વ્યવહારનો અને વિકલ્પનો અનુભવ કરવાથી સમ્યક્ત્વ થાય એ વસ્તુ છે નહિ. ભારે વાત, ભાઈ ! રાડ નાખશે ઓલા તો બધા. બહાર આવશે (તો કહેશે) આ શું પણ કહે છે ? એકાંત છે, અરે..! એકાંત છે. સાંભળને હવે, એકાંત જ છે એ. એકાંત એટલે તદ્દન શુદ્ધ સ્વરૂપ પરમાર્થ નિશ્ચય. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** અનુભવ કરવો એનો અર્થ શું છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનુભવ એટલે આત્માના આનંદનો અનુભવ કરવો. અંતર્મુખ થઈને એનો–આનંદનું વેદન કરવું એ અનુભવ. અનુસરવું–ચૈતન્ય અખંડાનંદ પૂર્ણ એનું ધ્યેય કરીને અનુસરવું, એનું વેદન થવું એ અનુભવ. નિર્વિકલ્પ વેદન દ્વારા તે સમ્યગ્દર્શન થાય છે. એ વસ્તુના અનુભવ દ્વારા, ત્રિકાળ શુદ્ધ આત્મપદાર્થ, એના અનુભવ દ્વારા એટલે એને વેદન દ્વારા આ વસ્તુ છે એમ તેનું સમ્યગ્દર્શન થાય છે. વાત ઝીણી છે, ભાઈ ! લોકોને બહારનું એટલું મળ્યું અને સાંભળ્યું છે ને પ્રવાહ.. એ પ્રવાહ ખોટો છે. આ પ્રવાહ બીજી જાતનો છે. એને બેસાડવું પડશે જો સત્યનું શરણ લેવું હોય તો. ‘**તે શુદ્ધ સ્વરૂપને કહે છે :–**’

‘**यदेकत्वं न मुञ्चति**’ ‘**यत्**’ ‘**જે શુદ્ધ વસ્તુ...**’ છે... ‘**एकत्वं**’ની વ્યાખ્યા. ‘**શુદ્ધપણાને નથી**

**છોડતી.**' વસ્તુ વસ્તુ છે એ એકપણાને છોડતી નથી કદિ. નવ તત્ત્વના ભેદરૂપ થવા છતાં એ વસ્તુ વસ્તુ તરીકે જ રહી છે. પર્યાયમાં નવપણાના ભેદરૂપે પરિણમતી છતાં વસ્તુ વસ્તુરૂપે છે. વસ્તુ નવપણે એકાકાર થઈ ગઈ નથી. આહા..હા...! નવ તત્ત્વનો અનુભવ તે મિથ્યાત્વ છે. રાડ નાખી જાય. ક્યાં ગયા 'દિલ્હી'વાળા ભાઈ ? કાલે સાંજે કહેતા હતા ને ? રાડ નાખે. પણ સાંભળ તો ખરો, ભાઈ !

ભેદરૂપ પર્યાયના ભેદરૂપનો એકલો અનુભવ એમાં આખી ચીજ એક સમયમાં ધ્રુવ ધ્રુવ ધાતુ આખું સત્-સત્. સત્‌નું દળ. ઓલો તો એક સમયનો ભેદરૂપ ભાવ. આખું સત્‌નું પરમાર્થ આખું દળ, જે અનાદિ-અનંત જેનું સત્ત્વ છે એવા દળના અનુભવ વિના એકલા પર્યાયના ભેદનો અનુભવ એકલો નવ તત્ત્વનો, એ નવ તત્ત્વ તો એકલા રાગાદિના. સમજાણું કાંઈ? એ નવમાં સંવર-નિર્જરા-મોક્ષનો નિર્મળ પર્યાય ન આવે. આમાં આવશે અહીંયાં વાત કરશે એમાં. ફેર છે એમાં. સમજાણું કાંઈ ? ૧૩મી ગાથામાં આવે છે કે નવ તત્ત્વનો અનુભવ એ વસ્તુ છે. એટલે કે ભેદરૂપે વસ્તુ છે પણ એનો ભેદનો એકલો અનુભવ, એમાં તો સંવર-નિર્જરા-મોક્ષ ન આવે. અનાદિના નવનો અનુભવ છે એ. આમાં તો આવશે. પર્યાયમાં સંવર-નિર્જરા-મોક્ષરૂપે પરિણમી છે એ વસ્તુ. છતાં એકરૂપ ચૈતન્ય દ્રવ્યપણું એનું છૂટ્યું નથી. શું સમજવું આમાં ? 'પોપટભાઈ'! નવ તત્ત્વનો એક પ્રકાર.

**'યત્'** '**જે શુદ્ધ વસ્તુ શુદ્ધપણાને નથી છોડતી. અહીં કોઈ આશંકા કરશે...**' જુઓ ! અહીં આશંકા જ વાપરી છે. કોઈ જાણવાની અભિલાષા કરે કે ભાઈ ! '**જીવવસ્તુ જ્યારે સંસારથી છૂટે છે ત્યારે શુદ્ધ થાય છે.**' આપ તો શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ.. છો એમ કહો છો, પણ સંસારની વિકારી પર્યાય, ઉદયભાવનો મલિન ભાવ છૂટે તો એને શુદ્ધ કહેવામાં આવે અને એ છૂટ્યા વિના તમે વસ્તુને શુદ્ધ કેમ કહો છો ? પ્રશ્ન સમજાય છે આમાં ? '**જીવવસ્તુ જ્યારે સંસારથી છૂટે છે...**' મલિન દશા ઉદય ભાવના ભાવ વિકારી પરિણામ અસિદ્ધ ભાવ, એનાથી છૂટે ત્યારે શુદ્ધ થાય છે. એમ શિષ્યની શંકા છે.

'**ઉત્તર આમ છે-જીવવસ્તુ...**' વસ્તુ જે પદાર્થ અનંત ગુણનો રસકંદ એકલો તે '**દ્રવ્યદૃષ્ટિએ વિચારતાં...**' એ વસ્તુની કાયમી ચીજની દૃષ્ટિએ વિચારતાં '**ત્રણે કાળ શુદ્ધ છે.**' એ ત્રિકાળી શુદ્ધ છે. પર્યાયથી અશુદ્ધ છે એ વસ્તુ અહીં નથી. અહીં તો વસ્તુ ત્રિકાળ શુદ્ધ છે. સમજાણું કાંઈ ? એક સમયમાં વસ્તુ જે વસ્તુ આખી અખંડ આનંદ, જ્ઞાયકરસ સત્ત્વ આખું, પૂર્ણ સત્ત્વ, ત્રિકાળનું એકલું સત્ત્વ એ શુદ્ધ જ છે. કહો, સમજાણું ? જીવવસ્તુ ભગવાન આત્મા, જેમાં અનંત ગુણ ધ્રુવરૂપે રહ્યા છતાં, એ વસ્તુદૃષ્ટિએ જોઈએ અથવા વિચાર કરીએ તો ત્રિકાળ શુદ્ધ છે.

'**તે જ કહે છે-**' દેખો ! '**નવતત્ત્વગતત્વેऽપિ**' '**જીવ...**' હું જીવ છું એવા વિકલ્પ ભેદ. '**અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપ તે રૂપ પરિણમી છે...**' પર્યાયરૂપે પરિણમી છે.

પર્યાયમાં નવનું પરિણમન છે. પર્યાયમાં નવનું પરિણમન પર્યાયરૂપે-અવસ્થારૂપે છે, અસ્તિપણે છે, નથી એમ નથી. સમજાણું કાંઈ ? ભાઈ ! વીતરાગમાર્ગ એવો છે, વસ્તુ સ્વભાવ એવો છે. એ વસ્તુ પોતે પર્યાય નામ અવસ્થામાં નવપણે પરિણત છે. કોઈ કહે બિલકુલ વ્યવહારથી પણ નથી (તો) એમ છે નહિ. સમજાણું કાંઈ ? 'જયંતિભાઈ'! એ આત્મા-આત્મા કરે પણ આવો આત્મા ક્યાંય નથી. હવે ખૂબ ચાલે છે ત્યાં. એમ કે અહીંનું બધું ત્યાં ચાલે 'મુંબઈ'માં એટલે ઓલા કહે અહીં ચાલે ગીતાનું આવે, ઓલો કહે ફલાણાનું આવે.

બાપા ! એ વસ્તુ શું છે ? પદાર્થ શું છે ? કોઈએ કરેલો ક્યાં છે અને કોઈનો કહેલો છે માટે છે એમ પણ ક્યાં છે ? છે જ વસ્તુ એવી. એક એક પદાર્થ સ્વભાવરૂપ ચૈતન્યવસ્તુ, એનો વસ્તુરૂપ સ્વભાવથી જોઈએ, એકરૂપ ચીજ જોઈએ તો તે ત્રિકાળ શુદ્ધ છે અને તે સમ્યગ્દર્શનનો વિષય છે અને તે જ શુદ્ધ તે સમ્યગ્દર્શનનું કારણ છે. સમજાણું કાંઈ ? વિકલ્પ-બિકલ્પ ભેદ કોઈ સમ્યગ્દર્શનનું કારણ છે જ નહિ. પણ સંસાર અવસ્થામાં નવપણે પરિણત છે, પરિણત છે. છે છે હતું ને એમાં તો ? આપણે હૈ નાખ્યું છે. ઈ છે એમ રાખવું, છે ઈ રાખવું. અસ્તિપણે સિદ્ધ કરે છે. આમ આખી ચિદ્ઘન વસ્તુપણે વસ્તુ હોવા છતાં પર્યાયમાં અવસ્થાનું પરિણમન એની દશામાં નવ રૂપે છે. સમજાણું ?

'**તોપણ શુદ્ધસ્વરૂપ છે.**' તોપણ વસ્તુ વસ્તુ તરીકે તો શુદ્ધ સ્વરૂપ જ છે. આહા..હા...! સમજાણું કાંઈ આમાં ? એક જ સેકન્ડના અસંખ્ય ભાગની અંદર એનું પરિણમન ભલે નવ પ્રકારે, અમુક પ્રકારે ભેદ-ભેદરૂપે હો, વસ્તુ તરીકે જુઓ તો વસ્તુ તો શુદ્ધ એકરૂપ ધ્રુવધારા, ધ્રુવધારા સત્‌ની સત્તાની ધારા એકરૂપ ત્રિકાળ છે. સમજાણું કાંઈ ? શબ્દો ઓછા પડે છે. લખ્યું છે ને ભાઈએ બધું, નહિ ? 'નિયમસાર'માં. મુનિને શબ્દો ઓછા પડે છે, કહેતા કહેતા શું કહેવું ? એવી વસ્તુ, વસ્તુ ઓહો..હો...! ચૈતન્ય મહાન પરમાત્મ મહાન પદાર્થ એક સમયનો અનંત ગુણનો રાશિ ભગવાન એકરૂપે મહાન પદાર્થ... આહા..હા...! એને ત્રણકાળ સ્પર્શતા નથી, કાળભેદ જેને અડતો નથી. સમજાય છે કાંઈ ? એવી ચૈતન્ય વસ્તુ શુદ્ધ છે. પર્યાયરૂપે નવપણે પરિણમન હોવા છતાં વસ્તુ તો શુદ્ધ જ છે. આહા..હા...! એ સર્વજ્ઞ ભગવાન સિવાય આવી વસ્તુની મર્યાદા છે એમ કોઈ નહિ જોઈ શકે. સમજાય છે કાંઈ ? વસ્તુની મર્યાદા એવી છે. એનો ગઢ જ એ જાતનો છે. પર્યાયમાં નવ રૂપ પરિણમન, વસ્તુ તરીકે એક. આ ચીજ જેણે આખું જોયું છે ત્રણકાળ એને જ જ્ઞાનમાં એ આવે. સમજાણું કાંઈ ?

'**ભાવાર્થ આમ છે-**' જુઓ ! તાત્પર્ય એમ છે કે '**જેમ અગ્નિ દાહકલક્ષણ છે,...**' દાહકલક્ષણવાળી છે-બાળવાના લક્ષણવાળી છે. '**તે કાષ્ઠ,...**' નામ લાકડા, '**તૃણ,..**' નામ ખડ '**છાણાં...**' આ છાણાં હોય છે ને છાણા ? '**આદિ સમસ્ત દાહ્યને દહે છે,...**' બધાને. એ અગ્નિ દહવા-બળવાલાયકને બાળે છે. બળવા લાયકને બાળે છે. એમ છે ને ? કાંઈ આકાશને બાળતી નથી. સમજાણું કાંઈ ? '**જેમ અગ્નિ દાહકલક્ષણ છે, તે કાષ્ટ, તૃણ, છાણાં આદિ સમસ્ત દાહ્યને**

**દહે છે,...**' બધા દાહ્યને-બળવાલાયકને બાળે છે. '**દહતો થકો અગ્નિ દાહ્યાકાર થાય છે;...**' ભાષા જુઓ ! એ અગ્નિ બાળવાને લાયક છે છતાં, એ પોતે બળવાલાયક જે લાકડા આદિ, એને આકારે અગ્નિ પર્યાયમાં થાય છે. સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે બહુ.

અગ્નિ વસ્તુ છે એ દાહ્યાકાર થાય છે. બળવાલાયક લાકડા-તરણા આદિ એ રૂપે પરિણમતા એ એને આકારે અવસ્થામાં થાય છે. '**પરંતુ તેનો વિચાર છે કે જો તેને કાષ્ટ, તૃણ અને છાણાની આકૃતિમાં જોવામાં આવે તો...**' એની આકૃતિની અવસ્થામાં જોવામાં આવે લાકડા, પાંદડા આદિથી '**તો કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એમ કહેવું સાચું જ છે,...**' એ પર્યાયરૂપે આકૃતિ છે એ બરાબર છે. સમજાય છે કાંઈ ? અગ્નિ. આ તો દૃષ્ટાંત (છે). પછી ચૈતન્ય(માં ઉતારશે). અગ્નિ જે છે... અગ્નિ કહે છે ને ? કે અગ્નિ લાકડા, તરણાને બાળતી, દાહતી બળવા લાયકની આકૃતિપણે પરિણમે છે, એ પર્યાય એ રૂપે થાય છે. સમજાય છે કાંઈ ?

'**કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એમ કહેવું સાચું જ છે,...**' એ વસ્તુ પર્યાયપણે એ છે એ ખોટું નથી, તદ્દન ભ્રમ છે એમ નથી. '**અને જો અગ્નિની ઉષ્ણતામાત્ર...**' દેખો ! ભાષા આ લીધી. પહેલું લીધું કે દાહકલક્ષણ લીધું. છતાં એનો ઉષ્ણ સ્વભાવ એક જ લો. '**ઉષ્ણતામાત્ર વિચારવામાં આવે તો ઉષ્ણમાત્ર છે,...**' ઉષ્ણ સ્વભાવમાત્ર અગ્નિ છે. એ પર્યાયની આકૃતિ અવસ્થામાં છે એને ગૌણ કરી દ્યો તો એકલી અગ્નિ ઉષ્ણતામાત્ર છે. '**કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એવા સમસ્ત વિકલ્પ જૂઠા છે;...**' સમસ્ત ભેદ જૂઠા છે. જૂઠાણું ભારે લે છે.

'**તેવી જ રીતે...**' હવે દૃષ્ટાંતનો સિદ્ધાંત. '**નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે,...**' આત્મા જ્ઞાયકમૂર્તિ એક સ્વરૂપે ત્રિકાળ શુદ્ધ હોવા છતાં એના નવ તત્ત્વનું પરિણમન, અહીં હવે શુદ્ધ અને અશુદ્ધ બેય લેવું છે. સમજાણું કાંઈ ? '**નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે,...**' નવ તત્ત્વરૂપ જીવના પરિણામ છે. એક હું જીવ છું એવો વિકલ્પ એ જીવના પરિણામ. અજીવ છે એનું જ્ઞાન પણ એ વખતે અજીવના પરિણામ. એમ આસ્રવ દયા-દાનનો વિકલ્પ છે, પુણ્ય-પાપનો વિકલ્પ છે એ પણ એક પર્યાયમાં એ છે. એ રૂપે છે. એ જીવના પરિણામ છે. પુણ્ય-પાપરૂપ આસ્રવ એ પણ જીવના પરિણામ છે. રાગમાં અટકવું એ ભાવબંધ એ જીવના પરિણામ છે. આત્માની શુદ્ધતા સંવર-નિર્જરા અને મોક્ષ એ પરિણામ છે, વસ્તુ નહિ. આત્મા એક સમયમાં અખંડાનંદ ધ્રુવ, એનો અનુભવ, એનું જ્ઞાન, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે, એ પરિણામ છે. એ પર્યાય પરિણામ છે. છે, નથી એમ છે નહિ. સમજાય છે કાંઈ ?

'**નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે, તે પરિણામો કેટલાક શુદ્ધરૂપ છે, કેટલાક અશુદ્ધરૂપ છે;...**' લ્યો ! ભગવાન આત્મા એક સમયમાં આમ ધ્રુવ ધાતુ સત્ આખું સત્, પૂર્ણ વસ્તુ (છે). એવી દ્રવ્યદૃષ્ટિએ એને સમ્યગ્દર્શનનો એ વિષય એ રીતે ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય હોવા છતાં એની પર્યાયમાં નવ પ્રકારના પરિણમનની પર્યાય છે. એમાં કેટલીક શુદ્ધ છે અને કેટલીક અશુદ્ધ છે.

એ બધી પર્યાયો છે. મોક્ષ પણ એક પર્યાય છે. કહો, 'સેઠી' ! શું છે ? કેવળજ્ઞાન પણ એક પર્યાય છે. આહા..હા...! વસ્તુ પર્યાયપણે નથી, વસ્તુ એકરૂપ ત્રિકાળ ધ્રુવ છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ એ પણ એક પર્યાય એટલે અવસ્થા છે. સિદ્ધ દશા પણ જીવદ્રવ્યની એક પર્યાય છે. સિદ્ધપણું એ જીવદ્રવ્યની અવસ્થા છે, વસ્તુ નહિ, ત્રિકાળી વસ્તુ નહિ. સમજાણું કાંઈ ?

**'નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે, તે પરિણામો કેટલાક શુદ્ધરૂપ છે,...'** એ પવિત્ર છે, સંવર-નિર્જરા-મોક્ષ પરિણામ પવિત્ર છે, પણ છે પરિણામ, વસ્તુ નહિ, વસ્તુ ત્રિકાળ ધ્રુવ છે. આહા..હા...!

**શ્રોતા :-** ત્રિકાળ શક્તિ અને ત્રિકાળ પરિણામ બંને બતાવે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રિકાળ પરિણામ નહિ પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... તે. અવસ્થા... અવસ્થા... અવસ્થા... અવસ્થા... અવસ્થા... અવસ્થા... અને વસ્તુ... વસ્તુ... વસ્તુ... એમ. સમજાય છે કાંઈ ? ઝીણી વસ્તુ છે, ભાઈ !

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ એક વસ્તુ આત્મા (જોઈ). એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સત્તા સત્ત્વ આખું અખંડાનંદ પ્રભુ, ધ્રુવ એ તો એકરૂપે શુદ્ધ છે પણ એની પર્યાયમાં નવ રૂપે પરિણામ પરિણમેલા છે. પુણ્ય ને પાપનો વિકલ્પ છે વિકાર, એ રૂપે થયેલી પર્યાય છે. રાગના બંધન વિકારી પુણ્ય એમાં અટકેલો પણ એ પરિણમન એની પર્યાયમાં છે. કર્મમાં છે અને કર્મને લઈને છે એની અહીં વાત જ નથી. સમજાય છે ?

એ તો નિમિત્તની વાત કરે ત્યારે નિમિત્ત કોણ હતું ઈ (કહેવાય). અહીં નિમિત્તનું જ્ઞાન કરાવવું નથી. અહીં તો અંતરનું દ્રવ્ય અને પર્યાય બેનું જ છે. સમજાણું કાંઈ ? આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ ધ્રુવ, અખંડ અભેદ વસ્તુ, એની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ ? એ સિવાય સમ્યગ્દર્શન નથી. છતાં એ સમ્યગ્દર્શન પર્યાય છે. સમજાણું કાંઈ ? શું કહે છે કાંઈ સમજતા નથી. શું છે ? ભાઈ ! ભાષા કંઈક સમજાય છે કે નહિ ? નથી સમજતા ? હિન્દીમાં નથી ચાલતું. એ તમને હિન્દીમાં પણ ઝીણું પડશે. અહીંયાં એમ કહે છે કે એક સમયમાં આત્મા શુદ્ધ અખંડાનંદ પ્રભુ છે. ત્યાં તો એ ચીજ ચાલતી નથી ને. શું કહે છે ? હિન્દી કહ્યું ને. હિન્દી ચાલે છે ને. હવે આ હિન્દી ચાલે છે ને. શું કહે છે ? એ હિન્દી-હિન્દી કહે છે.

અહીં એમ કહે છે કે આત્મા એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ અખંડ આનંદકંદ ધ્રુવ છે. વસ્તુ સ્વરૂપે ત્રિકાળ એક છે. એની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે, એનું નામ ધર્મની પહેલી સીડી છે. પણ આમ હોવા છતાં, ત્રિકાળ એક હોવા છતાં એક સમયમાં ત્રિકાળ ધ્રુવ જ્ઞાયકભાવ (વિદ્યમાન છે). આ તો અધ્યાત્મ વાત છે એટલે ભાષા પણ જરી સૂક્ષ્મ પડે. કદિ સાંભળી નથી. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આ આત્મપદાર્થ ધ્રુવ અખંડ રસકંદ એકલો ચિદાનંદ પૂર્ણ સ્વરૂપ અભેદ એ તો શુદ્ધ જ છે. એમાં નવ ભેદ નથી. વસ્તુમાં નવ ભેદ

નથી. અને એની પર્યાયનો વિચાર કરતાં, અવસ્થા, ચાલતી અવસ્થાનો વિચાર, પર્યાયનો વિચાર કરતા... પણ હજી પર્યાય એટલે શું એ પણ નહિ સાંભળ્યું હોય. પર્યાય નામ વર્તમાન હાલત-દશા, એનો વિચાર કરતા એ નવ તત્ત્વરૂપ પર્યાયરૂપ આત્મા થયો છે. નવ તત્ત્વની પર્યાયરૂપ-પરિણમનરૂપ આત્મા થયો છે. વસ્તુ તરીકે જુઓ તો એકરૂપ ત્રિકાળ આનંદકંદ શુદ્ધ છે. સમજાણું કાંઈ ? આ તો ઘણી સૂક્ષ્મ વાત છે. કદિ સમ્યગ્દર્શન કેમ થાય અને સમ્યગ્દર્શન ધર્મ કેમ થાય એની ખબર પણ ન હોય કે સમ્યગ્દર્શન શું છે. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે ને, કહ્યું ને? જેનો અનુભવ કરતા સમ્યક્ત્વ થાય છે. પહેલાં વાત આવી ગઈ ને ? એક સમયમાં ભગવાન આત્મા ચૈતન્યજ્યોત પ્રકાશનો સૂર્ય એકરૂપ ત્રિકાળ, એનો અનુભવ કરતાં સમ્યગ્દર્શન થાય છે. કોઈ ક્રિયાકાંડથી, દયા, દાન, વિકલ્પ આદિથી સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા...! કહો, અહીં તો વ્યવહાર કરતાં-કરતાં સમ્યગ્દર્શન થાય છે એમ પણ નહિ. એય..! 'દેવાનુપ્રિયા'! બરોબર છે અહીં સુધી. અહીં સુધી એટલે શું ? પછી વાટ ક્યાં સુધી જોવી ? કર્યું નથી ને વાટ જોવી ? એક સમયમાં ભગવાન આત્મા આ શરીર, વાણી, મનથી તો દૂર ભિન્ન છે. શરીર, કર્મ, વાણી આ તો માટી-ધૂળ એનાથી તો ભિન્ન છે પણ એમાં પુણ્ય અને પાપનો શુભાશુભભાવ (થાય છે) એનાથી પણ એ ચીજ ભિન્ન છે. એ તો ભિન્ન છે પણ પોતાના સ્વભાવના આશ્રયે અંતર અનુભવ કરતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની મોક્ષમાર્ગ પર્યાય (પ્રગટ થાય) છે, એ પર્યાયથી પણ વસ્તુ ભિન્ન છે. વસ્તુ એટલી જ નથી. આહા..હા...! અને આત્મામાં મોક્ષ ઉત્પન્ન થાય છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ એ પણ એક સમયની પર્યાય છે. એ પર્યાય જેટલો દ્રવ્ય નથી. દ્રવ્ય ત્રિકાળ ધ્રુવ શુદ્ધ છે. આહા..હા...! કહો, સમજાય છે કે નહિ ? કોઈ દિ' ચોપડો હાથમાં લીધો ન હોય. 'જયંતિભાઈ'! લીધું હશે ? 'આકડિયા'માં લેતા હશે ? .. પૈસા તો લે. એમાં આ અધિકાર. એકલું સત્ ! એકલું નિતરતું સત્ !!

વસ્તુ જે એક સમયની છે, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ધ્રુવ ચૈતન્ય અનાદિ-અનંત, એ તો કાળની અપેક્ષા લઈને કહીએ, વસ્તુ ધ્રુવ અનંત ગુણ રસકંદ એક વસ્તુ આત્મા. એમાં તો પર્યાયભેદ પણ નથી. મોક્ષની પર્યાય છે એ પણ એમાં ભેદમાં નથી. એ પર્યાયનો પણ એમાં અભાવ છે. સમજાણું કાંઈ ? આ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કોને કહેવું એની ખબર ન મળે. ચારિત્ર તો ક્યાંય રહી ગયું. આ તો બહારની ક્રિયા કાંઈ કરે તો થઈ ગયું ચારિત્ર. ધૂળમાંય ચારિત્ર નથી. ચારિત્ર તો પોતાનું સ્વરૂપ એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં ધ્રુવ ચિદાનંદ ધાતુ, પૂર્ણાનંદથી ભરેલું પૂર્ણ જ્ઞાન આનંદનો દળ એ પિંડ છે, એકરૂપ વસ્તુ છે એને અહીંયાં દ્રવ્ય (કહે છે) અને એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન (છે). પછી સ્વરૂપમાં લીન થવું એ ચારિત્ર. સમજાણું કાંઈ ?

અહીં તો બે વાત સિદ્ધ કરવી છે કે એવી ચીજ વસ્તુ તરીકે એકરૂપ ચિદાનંદ ભગવાન પોતાનો છે છતાં પર્યાયમાં પર્યાય નામ પરિણામમાં, પરિણામ નામ વર્તમાન પરિણતિનો

સ્વભાવ ધર્મમાં એ નવ રૂપનું પરિણમન એમાં થયું છે. વાર્તા હોય તો ઠીક પડે. એ તો અનાદિથી સાંભળી છે, એમાં છે શું ? '**नवतत्त्वगतत्वेऽपि**' જીવ નવ પ્રકારના પરિણામમાં પર્યાયે આવ્યો છતાં એ વસ્તુ તરીકે તો શુદ્ધ ત્રિકાળ એકરૂપ છે. આહા..હા...! એ પરિણામ કેટલાક શુદ્ધરૂપ છે. ભગવાન આત્મા પોતાના એક સમયમાં પૂર્ણ આનંદ શુદ્ધ વસ્તુ, એનો અંતરમાં અનુભવ કરતાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ નિર્વિકારી અવસ્થા થાય એ પરિણામ છે. એ શુદ્ધ પરિણામ છે. અને જેટલો રાગ-દ્વેષ-પુણ્ય-પાપનો વિકલ્પ બાકી રહે છે એ અશુદ્ધ પરિણામ છે. શુદ્ધ અને અશુદ્ધ બે પ્રકાર. એમાં અશુદ્ધના ચાર પ્રકાર. પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ. શુદ્ધના ત્રણ પ્રકાર (સંવર, નિર્જરા અને મોક્ષ).

અગ્નિનું દૃષ્ટાંત આપ્યું હતું ને ? કે અગ્નિ બળવાલાયક, જલવા લાયકપણે આકૃતિ પર્યાયમાં થાય છે. પણ એ પર્યાય આકૃતિ જોતાં છે. અગ્નિની ઉષ્ણતા જોતાં એકલી ઉષ્ણતા છે. એમ ભગવાન આત્મા નવની આકૃતિ પર્યાયપણે પરિણતિ અવસ્થામાં છે. સમજાણું ? નવ પરિણામમાં જોવા જાય તો નવેય તત્ત્વ સાથે છે. પર્યાયરૂપે નવ પ્રકાર અસ્તિરૂપે છે. આહા..હા...!

'**અને ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે...**' ઓલામાં ઉષ્ણ હતું ને ? અગ્નિનું ઉષ્ણતામાત્ર ગુણથી લીધું હતું ને ? ચેતનામાત્ર, '**ચેતનામાત્ર અનુભવ કરતવામાં આવે તો નવે વિકલ્પ જૂઠા છે.**' 'મોતીરામજી'! બહુ સૂક્ષ્મ વાત છે. કદિ અભ્યાસ કર્યો નથી. ઓ..હો...! અનંત કાળ સંસારમાં રખડવામાં ગયો પણ કદિ સાચું સમ્યગ્દર્શન કર્યું નહિ અને સમ્યગ્દર્શન કોને આશ્રયે પ્રગટે એ વાત યથાર્થપણે સાંભળી પણ નથી. સમજાણું કાંઈ ? અને એ સમ્યગ્દર્શન વિના બધું શૂન્ય છે. ચાલતું મડદું છે, મડદું. ચાલતું મૃતક કલેવર.

એ અહીં આચાર્ય મહારાજ 'કુંદકુંદાચાર્ય' દિગંબર મુનિ સંત બે હજાર વર્ષ પહેલાં થયા છે. એની ટીકા કરનાર 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ નવસો વર્ષ પહેલાં દિગંબર મુનિ (થયા) છે, એમણે આ કળશો બનાવ્યા છે. એની ટીકા 'રાજમલે' સાડા ત્રણસો વર્ષ પહેલાં લગભગ બનાવી છે. અલૌકિક વાત છે. ચાલતી ભાષામાં આ વાત આવી છે હવે, પ્રવાહ.

'**જો ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે તો...**' એક આત્મા જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... ચેતના લીધું પણ જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક.. જ્ઞાયક... એ જ્ઞાયક... જ્ઞાયક ચેતનામાત્ર આત્મવસ્તુ છે. સ્વભાવ ચેતનામાત્ર વસ્તુ છે '**એવો અનુભવ કરવામાં આવે તો નવે વિકલ્પ જૂઠા છે.**' નવની પર્યાય અંતર વસ્તુમાં એક થતી નથી. એ અપેક્ષાએ જૂઠા છે. જૂઠા છે એ જરી 'ફુલચંદજી'ને અટકતું હતું. ઘડીકમાં સાચા અને ઘડીકમાં ખોટા ? પહેલાં કીધા કે નવ તત્ત્વ સાથે (છે). એ સાથે એટલે પર્યાયપણે સાચા છે. વસ્તુ તરીકે વસ્તુમાં ભેદ નથી માટે ખોટા છે એમ કહ્યું. જૂઠા છે. સમજાણું કાંઈ ? સમ્યગ્જ્ઞાનમાં એ આત્મા અખંડ પ્રભુ, ચેતનામાત્ર આત્માને જોતાં ભગવાન આત્મામાં એ નવ પ્રકારનું પરિણમન વસ્તુમાં નથી. વસ્તુમાં હોય તો અભેદમાં

ભેદ આવે તો એક વસ્તુ થઈ જાય. સમજાણું કાંઈ ?

**'જો નવ પરિણામોમાં જ જોવામાં આવે તો નવે તત્ત્વ સાચાં છે...'** એ તો વાત કરી પહેલી. વ્યવહારનયથી વર્તમાનનયથી નવ પ્રકારની શુદ્ધ-અશુદ્ધ પર્યાયથી જુઓ તો આત્મા નવપણે છે. પણ એકલા ચેતનમાત્ર દૃષ્ટિથી જુઓ તો નવ પરિણામના ભેદ એમાં છે જ નહિ. છે નહિ એ અપેક્ષાએ જૂઠા. સમજાણું કાંઈ ? શું દર્શન અને શું દર્શનનો વિષય ? સમજાણું કાંઈ ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આઠમામાં આવે છે. સાંભળવું હોય તો અહીં આવે છે. અહીં તો પહેલાં નવ તત્ત્વ જૂઠા ઠરાવે. પછી વળી એ ઠરાવશે આગળ. સમજાણું કાંઈ?

એક સમયની આત્માની પર્યાયના ભેદથી એને જુઓ તો નવ રૂપે પરિણમન એમાં છે. શુદ્ધ-અશુદ્ધ પર્યાય એમાં પરિણમન રૂપ છે. વસ્તુ ચેતના ધ્રુવ જ્ઞાયક એકાકાર ભગવાન અંતર દરબારમાં જુઓ તો એ નવનો ભેદ એમાં છે જ નહિ. સમજાણું કાંઈ ? એકલા નવની પર્યાય અનાદિથી ભેદરૂપ છે એનો અનુભવ તો મિથ્યાત્વ છે એ વાત પહેલાં કરી. અહીંયાં તો સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનની પર્યાય થઈ તો પર્યાયથી જુઓ તો નવ છે, સ્વભાવથી જુઓ તો નવ નથી, એમ અહીં કહે છે. સમજાણું કાંઈ ? અનાદિના નવ જુદા, આ નવ જુદા. નવ પ્રકાર જુદા છે. બે પ્રકારની રીત જુદી છે. અનાદિના નવ છે એ તો મિથ્યાદૃષ્ટિમાં નવ (છે,) એમાં સંવર-નિર્જરા-મોક્ષ શુદ્ધ છે નહિ. એ તો માને છે કે અમારો આસ્રવ થોડો ઘટ્યો તો અમને સંવર થઈ ગયો. થોડી નિર્જરા થઈ તો અશુદ્ધતી તો નિર્જરા થઈ ગઈ. અજ્ઞાની નવ તત્ત્વ એમ માને છે, એ નવ તત્ત્વ નથી.

અહીંયાં તો આત્મા ચૈતન્યજ્યોતિ ભગવાન, ચૈતન્યસૂર્ય આત્મા વસ્તુ છે. એની અંતર અભેદદૃષ્ટિથી જુઓ તો નવ પર્યાયના અવસ્થાનો-પરિણામનો ભેદ એમાં છે જ નહિ. એ છે નહિ અપેક્ષાએ જૂઠા છે, અસ્તિ તરીકે એમાં છે. સમજાણું કાંઈ ? કહો, 'ભગવાનભાઈ'! આવું સાંભળ્યું હતું ક્યાંય ? કેટલા વર્ષ ગયા 'ભાવનગર'માં સાંભળતા-સાંભળતા ? આ વળી સાચું અને આ ખોટું. કોણ જાણે આ શું હશે ? કરોને સામાયિક ને પોષા ને પડિકમણા, જાત્રા ને ભક્તિ, થઈ જશે ધર્મ. ધૂડમાંય ધર્મ નથી. સમ્યગ્દર્શન વિના સામાયિક ક્યાંથી આવી ? આત્માના અનુભવ વિના શેમાં આસન લગાબવું ? સામાયિક તો અંતરમાં આસન લગાવવું એ છે. તો એ ચીજ શું છે અને એ ચીજનો અનુભવ શું છે એની ખબર વિના સામાયિક અને પ્રોષધ અને પ્રતિક્રમણ ક્યાંથી આવ્યા ? સમજાણું કાંઈ ?

આચાર્ય મહારાજ 'અમૃતચંદ્રાચાર્યદેવ' નવસો વર્ષ પહેલાં જંગલમાં વસતા હતા. એ તાડપત્ર ઉપર કળશો લખ્યા. ટીકા લખી અને ટીકાનો સાર લખ્યો. કળશમાં ઘણું ભર્યું છે તો એનું અહીં રહસ્ય ઉદ્‌ઘાટન કર્યું છે. સમજાણું કાંઈ ? ભગવાન ! તારી ચીજ અંદરમાં એક સ્વરૂપે અખંડાનંદ પ્રભુ છે. ચેતનામાત્રથી જુઓ તો શુદ્ધ ધ્રુવ છે. એ દ્રવ્યદૃષ્ટિ કરવી એનું નામ દ્રવ્યદૃષ્ટિ

છે. સમજાણું કાંઈ ? પણ પર્યાયથી જુઓ તો પર્યાય છે ખરી. પર્યાયનું જ્ઞાન અને દ્રવ્યદૃષ્ટિનું જ્ઞાન બે મળીને પ્રમાણજ્ઞાન છે. બેમાંથી એકને કાઢી નાખે તો વસ્તુ રહેતી નથી. એકલા દ્રવ્યને સમજે અને પર્યાયને ન માને તો મિથ્યાદૃષ્ટિ છે. એકલી પર્યાયને માને અને દ્રવ્યને ન માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? અજ્ઞાન છે, અજ્ઞાન. જૈનમાં રહેતા હોવા છતાં અજ્ઞાન છે, વસ્તુની ખબર નથી.

**'ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે તો...'** આ તો શબ્દ હિન્દી આવે પણ સમજે ક્યાં ? કોઈ દિ' સાંભળ્યું ન હોય ને. કથા ને વાર્તા સાંભળી હોય. ભક્તિ કરવી અને જાત્રા કરવી, જાવ થઈ ગયો ધર્મ. હિન્દી નથી સમજતા ? એમાં આ ભાવ તો પાછા સૂક્ષ્મ છે ને. આ નવ વિકલ્પ જૂઠા છે. ભેદ જૂઠા છે એમ કહેવું છે. પર્યાય પર્યાય તરીકે એમાં નવ પ્રકાર છે, પણ વસ્તુ અભેદથી જોતાં ભેદ એમાં છે નહિ. છે નહિ એ અપેક્ષાએ જૂઠા કહેવામાં આવ્યા. આહા..હા...! કહો, સમજાય છે કાંઈ ?

એમ આત્માને અંતરથી ઓળખવો. પૂર્ણ શુદ્ધ અખંડ આનંદ, એનું અંતર જ્ઞાન કરવું, અનુભવ કરવો એ પહેલાંમાં પહેલો ધર્મ છે. છતાં એ ધર્મરૂપી પર્યાય છે. ધર્મ કોઈ દ્રવ્ય અને ગુણ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ ? એ ધર્મરૂપ આત્મા પરિણમે છે. આત્મા પરિણમે છે અને આત્મા એવો ને એવો રહે છે. .. માં કામ કરે નહિ. શું ચીજ છે. અભ્યાસ નહિ, અભ્યાસ. કહો, સમજાણું કાંઈ ? આ સાત શ્લોક. ૧૩મી ગાથા જે શરૂ કરી છે-'**भूदत्थेणआभिगदा**' એનો ઉપોદ્‌ઘાત છે. એ ગાથા પૂરી કરી એના પછીનો કળશ હવે છે. ૧૨મી ગાથા પૂરી થઈ તો ઓલું કીધું-'**उभयनयविरोध्वंसिनि**' પછી આ શરૂ કર્યું '**व्यवहारनयः स्याद्यद्यपि प्राक्पदव्या**' નવ તત્ત્વનો વિકલ્પ છે ખરો, આમ છે, એમ કરીને તેરમાંનો ઉપોદ્‌ઘાત કર્યો. પછી '**एकत्वे नियतस्य**' નિશ્ચય સમ્યગ્દર્શનની વાત કરી. વ્યવહાર નવ તત્ત્વના ભેદનું સમ્યગ્દર્શન વ્યભિચાર છે. એકલો આત્મા અખંડાનંદ પૂર્ણનો અનુભવ અને દૃષ્ટિ તે સમ્યક્ નિશ્ચય છે. આ એનો ઉપોદ્‌ઘાત છે.

હવે ૧૩મી ગાથા પૂરી. નવ તત્ત્વની વાત કરી થોડી. એમાંથી એ કળશ કર્યો.

**चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं**
**कनकमिव निमग्नं वर्णमालाकलापे।**
**अथ सततविविक्तं दृश्यतामेकरूपं**
**प્रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम्।।८।।**

સાર એકલું માખણ કાઢ્યું છે. કળશ કરીને. ટીકા તો કરી પાછું કળશ માખણ છે, હોં ! એની પાછી આ ટીકા છે આ. '**आत्मज्योतिः दृश्यताम्**' દેખો ! આત્મજ્યોતિ ભગવાન એક સમયમાં ચૈતન્યસૂર્ય, જ્યોતિ છે, જ્યોતિ આત્મા. '**જીવદ્રવ્યનું શુદ્ધ જ્ઞાનમાત્ર,...**' જ્યોતિની વ્યાખ્યા કરી. '**આત્મજ્યોતિ અર્થાત્ જીવદ્રવ્યનું શુદ્ધ જ્ઞાનમાત્ર,...**' એ જીવ ભગવાન આત્મા,

એનો ત્રિકાળ જ્ઞાયક શુદ્ધ માત્ર. '**दृश्यताम्**' '**दृश्यताम्**'ની વ્યાખ્યા. '**સર્વથા અનુભવરૂપ હો.**' આહા..હા...! જોવું એમ નહિ.

ભગવાન આત્મા એક સમયમાં ચૈતન્યજ્યોતિ, આત્મજ્યોતિ, જ્ઞાયકજ્યોતિ વસ્તુ. શુદ્ધજ્ઞાનમાત્ર વસ્તુ એનું નામ આત્મજ્યોતિ. '**दृश्यताम्**' '**સર્વથા અનુભવરૂપ હો.**' '**दृश्यताम्**' એનો અનુભવ હો. એનું દેખવું. દેખવાનો અર્થ એનો અનુભવ કરવો, ત્યારે એનું નામ દેખવું કહેવામાં આવે છે અને '**સર્વથા અનુભવરૂપ હો**' નો અર્થ કે અખંડ પૂર્ણ વસ્તુની એકાકાર થઈને એકલો અનુભવ (થવો). સર્વથામાં કોઈ રાગ બાકી રહી જાય અને ભેદ એમ નહિ. એકલા ત્રિકાળી જ્ઞાયકભાવનો અનુભવ હો. આચાર્ય તો કહે છે કે અમારે તો એક હો, બીજું કાંઈ જોઈએ નહિ. 'પોપટભાઈ'!

**શ્રોતા :–** ...કરે તો જાગી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જાગી જાય.

'**સર્વથા અનુભવરૂપ હો.**' અમારે તો એક જ વસ્તુ છે, બીજું કાંઈ જોઈતું જ નથી. આચાર્ય કહે છે, હોં ! છે તો ખરી. પણ જરી થોડો વિકલ્પ ઊઠે છે ને ? એકલો આત્મા રહી જાઉં અનુભવમાં. અનુભવમાં એકલો આત્મા, જેમાં ભેદ બિલકુલ છે નહિ. '**સર્વથા અનુભવરૂપ હો.**' સર્વથા વળી શાસ્ત્રમાં ? કોઈ કહે કથંચિત્ એય..! 'દેવાનુપ્રિયા'! બહુ સરસ આવશે, હોં ! આમાં બહુ સરસ છે. ઓલા બધા લગાવે ને કથંચિત્. ધૂળ કથંચિત્ ? એક સમયમાં ભગવાન આત્મા અનંત ગુણરાશિ એકરૂપ એનો સર્વથા અનુભવ એક જ પ્રકાર હો. કથંચિત્ અનુભવ હો અને કથંચિત્ રાગ રહો, ભેદ હો એમ નહિ. કહો, સમજાણું કાંઈ ? '**સર્વથા અનુભવરૂપ હો.**' આહા..હા...!

પૂર્ણ દ્રવ્ય સ્વભાવ, શુદ્ધ વસ્તુનો સ્વભાવ, એ તરફનું અમારું વલણ પૂર્ણ હો. એમ કહે છે મૂળ તો. સર્વથાનો અર્થ પૂર્ણ વલણ હો. થોડું છે એ પૂર્ણ વલણ (થાઓ). એ સર્વથા એકરૂપ અનુભવ હો. સમજાય છે કાંઈ ? જુઓ ! આચાર્ય પોતે કહે છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ'. પર્યાયમાં નવ પ્રકાર હોવા છતાં અમને તો આ આત્મ ચૈતન્યજ્યોતિરૂપ એનો સર્વથા એકરૂપ જ અનુભવ હો. એમાં ભેદરૂપ પરિણતિ ઉપર લક્ષ જે થોડું છે એ રહો નહિ. સમજાય છે કાંઈ ? પણ આ સર્વથા અનુભવમાં કાંઈક આશ્રય કોઈનો લેવો કે નહિ ? આશ્રય ચિદાનંદ '**भूदत्थमस्सिदो खलु**' એની તો વ્યાખ્યા ચાલે છે અહીં. આખો સર્વથા ભગવાન. જેને નજરુંમાં લેતા જેના નિધાન પર્યાયમાં પ્રગટ થાય એવો ભગવાન આશ્રયમાં છે. જેને નજરમાં લેતા એ નજરુંમાં નિધાન પ્રગટ થાય. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** અગમ પ્યાલા પિયો મતવાલા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, તો એ જ પ્યાલો મતવાલા. તીનો અધ્યાત્મવાસા. અજર પ્યાલા

એટલે ? એનો અર્થ એવો નથી કે આ જીરવી શકાય નહિ. એમ નહિ. જીરવી શકાય નહિ એમ સમજે ને. વસ્તુ જ આ છે. આ જ કરવાની આ એક જ વાત છે. બીજી વાત છે નહિ. ઓલા અજર પ્યાલાને તો ઓલો જર તો જડ ખાય છે વિષ્ટાને અનાદિથી. કહો, સમજાણું કે નહિ ? ઝેર તો અનાદિથી પીવે છે. વિકારના પરિણામ કરીને ઝેર તો અનાદિથી પીવે છે. શું એમાં નવું કરવું છે ? એમ કે અજર પ્યાલા ... થોડું થોડું બીજું હોય ને.

'**दृश्यताम्**' ભગવાન આત્માને દેખો અર્થાત્ પર્યાયના ભેદને ન દેખો. આહા..હા..! દિગંબરના વચનો તીવ્ર અને રહસ્ય સમજી શકાય (એવા છે). આવે છે ને 'શ્રીમદ્'માં ? જુઓને એક આવી ભાષા પણ ન મળે ઓલામાં. વાચ્યના ઠેકાણા ન મળે તો વાચક (શબ્દો) ક્યાંથી આવે એવા ? ઓહો..! કહે છે, '**आत्मज्योतिः दृश्यताम्**' ભગવાન આત્મા એટલે જીવદ્રવ્ય એની જ્યોતિ એટલે શુદ્ધ જ્ઞાનમાત્ર ભાવ ત્રિકાળ એકલો. મતિ, શ્રુતના ભેદ પણ નહિ. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ને અવધિ, મનઃપર્યવ, કેવળ એ નહિ. એક જ્ઞાનમાત્ર ત્રિકાળ જે આ વસ્તુ, એનો જ અનુભવ હો. એ જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ ? આ વ્યવહાર મોક્ષમાર્ગ, નિશ્ચય મોક્ષમાર્ગ મારે છે ને ? વ્યવહાર-ફ્યવહાર એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. જોડે વિકલ્પના ભેદો કેવી જાતના હોય છે એનું જ્ઞાન કરાવ્યું. મોક્ષમાર્ગ બે હોતા નથી. એક જ મોક્ષમાર્ગ. ભગવાન આત્મા પૂર્ણ આનંદનો દૃષ્ટિથી, જ્ઞાનથી, લીનતાથી અનુભવ કરે, એ એક જ મોક્ષમાર્ગ છે. સમજાય છે કાંઈ ?

'**કેવી છે આત્મજ્યોતિ ? આ અવસરે નાટ્યરસની પેઠે...**' જોયું ! '**એક જીવવસ્તુ આશ્ચર્યકારી અનેક ભાવરૂપ એક જ સમયે દેખાય છે,...**' શું કહે છે ? '**આ અવસરે નાટ્યરસની પેઠે...**' નાટકમાં રસ હોય છે ને ? '**એક જીવવસ્તુ આશ્ચર્યકારી અનેક ભાવરૂપ એક જ સમયે દેખાય છે, એ જ કારણથી આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે.**' લ્યો ! નાટક સમયસાર આપ્યું. પર્યાયમાં અશુદ્ધતા દેખાય, વસ્તુએ ત્રિકાળ શુદ્ધ દેખાય, કોઈ પર્યાયમાં અશુદ્ધતા દેખાય. આશ્ચર્યકારી વસ્તુ છે. પર્યાયમાં નવરૂપ પરિણમન, વસ્તુમાં એકરૂપ વસ્તુ. આશ્ચર્યકારી વસ્તુ (છે) આ. કહો, સમજાણું ? નાટકમાં પણ આવે ને ઘડીકમાં એક પીંગળા રાણી થઈને આવે, ઘડીકમાં વળી દાસી થઈને આવે, વળી એનો એ રાજા થઈને આવે. એમ આત્મા વસ્તુ તરીકે એકરૂપ શુદ્ધ, પર્યાયમાં અનેક વિચિત્રતા. બેયની વિચિત્રતાવાળી વસ્તુ આશ્ચર્યકારી છે. પોતાને જ કારણે, હોં ! પરની વાત, અપેક્ષા લીધી જ નથી અહીંયાં.

'**એક જ સમયે દેખાય છે,...**' આમ નવ રૂપ પરિણમન, આમ એકરૂપ વસ્તુ. '**આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે.**' આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર (છે). એ 'રાજમલજી' સમયસાર નાટકના મર્મી. એમ 'બનારસીદાસે' કહ્યું. સમયસાર નાટકના મર્મી છે ઈ. શાસ્ત્રના મર્મી છે કે શાસ્ત્રને શું કહેવું છે. એની મર્મ દેખીને ટીકા કરી છે. '**તે જ કહે છે.**' એ હવે દેખાડવામાં આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી સમયસાર કળશટીકા, કળશ-૧૧૫**
**પ્રવચન નં.૧૦૦, તા.૨૦-૧૨-૧૯૬૭**
**(૮)**

**भावास्रवाभावमयं प्रपन्नो**
**द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः।**
**ज्ञानी सदा ज्ञानमयैकभावो**
**निरास्रवो ज्ञायक एक एव।।३-११५।।**

**ખંડાન્વય સહિત અર્થ :-** '**अयं ज्ञानी निरास्रवः एव**' એ '**अयं**' શબ્દ ત્યાં મૂક્યો છે. પછી નથી આવતો એટલે કીધું, ત્યાં એણે જ્ઞાની ઉપર નાખ્યો ને. અન્વયાર્થ બરાબર ઠીક કર્યો. '**अयं ज्ञानी निरास्रवः एव**' એટલે કે ધર્મી જીવ ચૈતન્યદ્રવ્ય સ્વરૂપ અખંડ પૂર્ણ શુદ્ધ પવિત્ર (છે), એવી દૃષ્ટિ થઈ છે તેથી જ્ઞાની તે દ્રવ્યરૂપ છે. '**દ્રવ્યરૂપ વિદ્યમાન છે તે...**' દૃષ્ટિ થઈ છે. સમજાણું કાંઈ ? '**अयं ज्ञानी निरास्रवः एव**' '**દ્રવ્યરૂપ વિદ્યમાન છે તે જ્ઞાની...**' એમ. વસ્તુ જે છે પદાર્થ ચૈતન્ય દ્રવ્યરૂપ વસ્તુ. શુદ્ધ ધ્રુવ એકરૂપ ત્રિકાળ, એ જેની દૃષ્ટિ થઈ છે તો જ્ઞાની દ્રવ્યરૂપ જ છે. ધર્મીને પર્યાયરૂપ દૃષ્ટિ નથી. કહો, સમજાણું કાંઈ ?

'**अयं ज्ञानी निरास्रवः एव**' એમ ઉપાડ્યું ને પહેલેથી ? આ દ્રવ્યરૂપ વિદ્યમાન છે પદાર્થ, તે જ્ઞાની દ્રવ્યરૂપ જ વિદ્યમાન છે. વસ્તુ તેની હયાતી પૂર્ણ છે તે જ જ્ઞાની. તે જ્ઞાનીની દૃષ્ટિમાં દ્રવ્ય સ્વભાવ છે તે જ જ્ઞાની, એમ કહે છે. પૂર્ણ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય પદાર્થ એ દ્રવ્ય છે તે જ વિદ્યમાન છે. એવી જે દૃષ્ટિ છે એવો જે જ્ઞાની. જ્ઞાની જ દ્રવ્યરૂપ છે એમ અહીં કહે છે. '**સમ્યગ્દૃષ્ટિ જીવ આસ્રવથી રહિત છે.**' દ્રવ્યરૂપ વિદ્યમાન છે એવું જે ભાન અને એ જ્ઞાની દ્રવ્યરૂપ જ છે તેથી તેને આસ્રવ હોતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? પર્યાયદૃષ્ટિમાં, અવસ્થા દૃષ્ટિમાં, અવસ્થાના અંશમાં પ્રતીતવાળો જે મિથ્યાદૃષ્ટિ છે તેને જ મિથ્યાત્વનો આસ્રવ છે અને એને અહીંયાં આસ્રવ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ દ્રવ્ય સ્વરૂપ (છે), એવી જ્યાં દૃષ્ટિ નથી અને પર્યાયદૃષ્ટિ છે, અંશ ઉપર રાગ અને પુણ્ય આદિ કે ઉઘાડ વિકાસ અંશ એના ઉપર દૃષ્ટિ છે, એ મિથ્યાદૃષ્ટિ છે, પર્યાયદૃષ્ટિ છે. તેથી તે મિથ્યાદૃષ્ટિ તે આસ્રવવાળો છે. એને જ આસ્રવ છે અને એને જ આસ્રવને કારણે બંધન થાય છે. સમજાણું કાંઈ ? '**દ્રવ્યરૂપ વિદ્યમાન છે તે જ્ઞાની અર્થાત્**

**સમ્યગ્દષ્ટિ જીવ...**' તો વસ્તુ છે ધ્રુવ ચૈતન્ય એ જ્યાં દૃષ્ટિમાં આવ્યો છે એટલે જ્ઞાની પોતે દ્રવ્યરૂપ જ વિદ્યમાન છે. સમજાણું કાંઈ ? તેથી આસ્રવથી રહિત છે. તેથી એને મિથ્યાત્વનો આસ્રવ છે તે રહિત છે. તે જ આસ્રવ અહીંયાં ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ ?

'**ભાવાર્થ આમ છે કે-સમ્યગ્દષ્ટિ જીવને નોંધ કરી...**' નોંધ આવ્યું હતું ને પહેલું ? કેવળજ્ઞાનમાં નોંધ છે. ત્યાં ત્રીજે પાને આવ્યું હતું અને આજે પણ આવ્યું. કેવળજ્ઞાનમાં નોંધ છે કે આ જીવ કેટલે કાળે મોક્ષ જશે એમ આવ્યું હતું પહેલું. નોંધ છે એટલે જ્ઞાન છે. જુઓ ! અહીં નોંધ છે ને ? '**(સમજપૂર્વક) વિચારતાં...**' સમ્યગ્દષ્ટિ જીવને સમજણપૂર્વક, યથાર્થ જ્ઞાનપૂર્વક જોતાં, '**વિચારતાં આસ્રવ ઘટતો નથી.**' કહો, સમજાણું કાંઈ ? વસ્તુ છે એ શુદ્ધ ચૈતન્યઘન છે દ્રવ્યરૂપ વસ્તુ; અને એ જ વસ્તુપણાની દૃષ્ટિ થઈ એટલે અભેદ વસ્તુ પોતે છે એ સમ્યગ્દષ્ટિ છે એમ કહે છે. વસ્તુ છે એ જ સમ્યગ્દષ્ટિ છે. જેને પર્યાયદૃષ્ટિ છે એ મિથ્યાદૃષ્ટિ છે. એને લઈને એને આસ્રવ છે એમ કહે છે. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા દ્રવ્ય-વસ્તુ ત્રિકાળ શુદ્ધ સત્ત્વ મહાચૈતન્ય પ્રભુ એવું જે દ્રવ્ય, તે જ વિદ્યમાન છે સમકિતીને તો. અથવા સમકિતી દ્રવ્યરૂપ જ છે. સમજાણું કાંઈ ? ભારે વાત. તેથી સમ્યગ્દષ્ટિ જીવ આસ્રવથી રહિત છે. '**સમ્યગ્દષ્ટિ જીવને નોંધ કરી (સમજપૂર્વક) વિચારતાં આસ્રવ ઘટતો નથી.**' કેમકે વસ્તુ દૃષ્ટિ છે અને વસ્તુ પોતે છે. દૃષ્ટિ થઈ છે વસ્તુની એટલે વસ્તુ પોતે જ આ સમ્યગ્દષ્ટિ છે. વસ્તુ સ્વરૂપ પોતે થયો તો વસ્તુ પોતે દ્રવ્ય વિદ્યમાન સમકિત દૃષ્ટિમાં છે. તેથી વસ્તુની દૃષ્ટિમાં અને વસ્તુમાં આસ્રવ ઘટતો નથી. કહો, સમજાણું કાંઈ ? જુઓ ! દ્રવ્યનો મહિમા જ્યાં દૃષ્ટિમાં આવ્યો અને અનુભવ થયો (તો) કહે છે કે એ તો દ્રવ્યદૃષ્ટિવંત જ છે સમકિતી. ચાહે ચોથે હોય, પાંચમે હોય કે છઠ્ઠે હોય. સમજાણું ? '**સમજપૂર્વક વિચારતાં આસ્રવ ઘટતો નથી.**'

'**કેવો છે જ્ઞાની** ?' '**एकः**' '**રાગાદિ અશુદ્ધ પરિણામથી રહિત છે,...**' એ તો નાસ્તિથી વાત કરી. એકનો અર્થ તો શુદ્ધ સ્વરૂપ પરિણમ્યો છે એ છે. શું કીધું ? કે ધર્મી જીવની દૃષ્ટિ દ્રવ્ય ઉપર, વસ્તુ ઉપર એટલે પોતે વસ્તુ જ છે એ. એથી એક છે ઈ. એક છે એટલે ? શુદ્ધ સ્વરૂપ પરિણમ્યો છે. '**રાગાદિ અશુદ્ધ પરિણામથી રહિત...**' એટલે અનેકપણે પરિણમ્યો નથી. એ તો નાસ્તિથી વાત કરી. સમજાય છે કાંઈ ? વસ્તુ જ્ઞાનાનંદ સ્વરૂપ ચૈતન્યબિંબ એકલું સત્ત્વ તત્ત્વ, એવી દૃષ્ટિ હોતાં એ દ્રવ્યરૂપ છે એ એકરૂપ છે. એ એકરૂપ છે. પર્યાયદૃષ્ટિમાં, અંશ દૃષ્ટિમાં પુણ્ય-પાપ આદિ અનેકપણે અનેકદૃષ્ટિ છે એ અનેક છે. સમજાય છે કાંઈ ?

'**एकः**' '**રાગાદિ અશુદ્ધ પરિણામથી રહિત છે,...**' રાગાદિ એટલે ? વિકલ્પ જે છે એનાથી સમ્યગ્દષ્ટિ રહિત છે. કહો, આ વ્યવહાર-વિકલ્પ છે ને એનાથી ધર્મી સમ્યગ્દષ્ટિ રહિત છે એમ કહે છે. વ્યવહાર જેટલા કહેવાય ને ? શાસ્ત્રમાં વ્યવહાર કહ્યા હોય એ બધા વિકલ્પો છે એનાથી

સમ્યગ્દૃષ્ટિ (ભિન્ન) એકરૂપ છે. વિકલ્પ તો અનેકરૂપ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? '**अयं ज्ञानी निरास्रवः एव**' '**एकः**' એમ એની સાથે મેળવ્યું. '**अयं ज्ञानी निरास्रवः एव**' '**एकः**' શ્લોકો એવા ને ટીકા પણ કરનાર એવા નીકળ્યા છે ને. એવું નાખ્યું છે. '**एकः**' એટલે શુદ્ધ સ્વરૂપ. ઓલા અશુદ્ધ છે એમાં તો અનેક ભિન્ન ભિન્નતા ભિન્નતા છે. આ તો શુદ્ધ ભગવાન દ્રવ્યસ્વભાવ, એવી દૃષ્ટિને લઈને દ્રવ્યરૂપ હોવાથી તેનું પરિણમન શુદ્ધરૂપ એક જ છે. શુદ્ધરૂપ એક જ છે. શુદ્ધના અંશો વધે એ અપેક્ષા નથી લેવી અહીંયાં. અહીં શુદ્ધરૂપ એક છે. અશુદ્ધના અનેક પ્રકાર તે મિથ્યાદૃષ્ટિને હોય છે, સમ્યગ્દૃષ્ટિને હોતા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? આ..હા...!

'**શુદ્ધસ્વરૂપ પરિણમ્યો છે.**' ઓલું દ્રવ્ય લીધું હતું. દ્રવ્યરૂપ વિદ્યમાન છે જ્ઞાની. ત્યારે અહીં '**एकः**'ની વ્યાખ્યા કરી. એ શુદ્ધરૂપે પરિણમ્યો છે. શુદ્ધ દ્રવ્યરૂપ છે, વસ્તુરૂપ છે તેથી શુદ્ધરૂપ વસ્તુ શુદ્ધ છે તેથી શુદ્ધરૂપ પર્યાય થઈ છે. પર્યાયમાં-અવસ્થામાં સમ્યગ્દૃષ્ટિને શુદ્ધરૂપ દશા થઈ છે. સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધ પર્યાય છે જ નહિ. કહો, સમજાણું આમાં ? '**શુદ્ધસ્વરૂપ પરિણમ્યો છે.**' ધર્મની દૃષ્ટિ દ્રવ્ય વસ્તુ હોવાથી દૃષ્ટિમાં દ્રવ્ય છે અને દ્રવ્યરૂપ થઈ ગયો છે માટે એકરૂપ એનું પરિણમન છે. શુદ્ધ સ્વભાવનું જ વીતરાગી પરિણમન તે એક જ પરિણમન છે. એ શુદ્ધ સ્વરૂપનો અર્થ જ વીતરાગી પરિણમન છે. સમજાણું કાંઈ ?

'**વળી કેવો છે** ?' '**ज्ञायकः**' જુઓ ! છે ને ? છેલ્લે છે ચોથી લીટીમાં. '**ज्ञायकः**' એક '**एकः**' '**ज्ञायक :**' એમ લીધું. '**एकः**' '**ज्ञायक :**' '**एकः**' '**ज्ञायक :**' જ્ઞાયક એટલે '**સ્વદ્રવ્યસ્વરૂપ-પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત જ્ઞેય વસ્તુઓને જાણવાને સમર્થ છે.**' આ જુઓ આ બે નાખ્યું. ધર્મી. જુઓ ! અહીં નાખ્યો ન્યાય. શું કીધું ? કે એક શુદ્ધ સ્વરૂપ પરિણમન છે એવો જે જ્ઞાયક એકરૂપ જ્ઞાયક છે. તેથી જે સ્વ સ્વરૂપ છે તેને જાણે છે અને પુણ્ય-પાપનો વિકલ્પ આદિ પરદ્રવ્યસ્વરૂપ છે, એને જાણવાનો, જાણવું એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ? લ્યો ! ચોથું પદ આવ્યું હતું ને છઠ્ઠી ગાથામાં ? '**णादो जो सो दु सो चेव**' જ્ઞાયક લીધો હતો ને ? શુદ્ધ તે જ્ઞાયક. જે જ્ઞાયક શુદ્ધ છે તે પરિણમે છે તો જ્ઞાયકરૂપે જ પરિણમે છે. એકરૂપ પરિણમે છે. જાણનાર તે જાણનાર જ છે. રાગાદિને જાણનાર પણ જાણનાર તે જાણનાર રૂપે રહે છે, રાગરૂપ નથી.

એમ અહીંયાં કીધું, જ્ઞાયક વસ્તુસ્વરૂપ ચૈતન્યદ્રવ્ય એવી જે દૃષ્ટિ એટલે દ્રવ્ય સ્વરૂપ, એવો જે આત્મા આસ્રવરહિત છે. તે એક જ્ઞાયક છે. એકરૂપ શુદ્ધ સ્વરૂપનું પરિણમન સ્વ-પરને જાણવું એકરૂપ છે. ફક્ત પોતે પોતાને જાણે છે અને રાગ, વિકલ્પ જે વ્યવહાર આદિ જે કહેવાય એ બધો પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યમાં નથી, સ્વગુણમાં નથી અને એની પર્યાયમાં એ નથી. વ્યવહાર જેટલો કહેવાય દયા, દાન, વિકલ્પ પણ એ દ્રવ્યની પર્યાયમાં નથી. સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધરૂપે પરિણમ્યું છે. માટે એની પર્યાયમાં નથી, એમ કહે છે અહીં. સમજાણું કાંઈ ? ભારે વાતું આકરી.

જગતને ક્યાં ઊભા રહીને... કહો, 'ભગવાનજીભાઈ'! આવો ભગવાન છે, કહે છે. બધું જાણે. એને જાણવું એક જ્ઞાયક છે. એક જ્ઞાયક છે. એક એટલે શુદ્ધરૂપે પરિણમન છે એ જ્ઞાયકરૂપ છે એમ કહે છે. એ સ્વને જાણે અને રાગાદિ છે એને જાણે છે. રાગ એના નથી, રાગ એમાં નથી, રાગ છે પર એને અહીં જ્ઞાયક થઈને સ્વને જાણતા પર છે એમ જાણે છે. સ્વદ્રવ્ય-પરદ્રવ્યને જાણવાનું કાર્ય એક જ છે એનું. એમ કહે છે. આરે..! કહો, સમજાણું કાંઈ ?

પહેલો એક શબ્દ હતો એ છેલ્લી લીટીનો, નહિ ? છેલ્લી લીટીનો. હવે આવશે ત્રીજી લીટીનો, હવે આવશે ત્રીજીનો એક. એક (શબ્દ) છે ને બે (વાર) ? એક પદમાં બે શબ્દ છે. એટલે પહેલો જે આવ્યો એ છેલ્લો આવ્યો. '**निरास्रवो ज्ञायक एक**' ભારે ! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ તે જ્ઞાયક છે. જ્ઞાયક છે એટલે જાણનાર છે. સ્વ અને પરને જાણવું એ જ એનું કાર્ય છે. 'ભીખાભાઈ'! સમજાણું કાંઈ ? એક.

'**વળી કેવો છે ? સ્વદ્રવ્યસ્વરૂપ-પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત જ્ઞેય વસ્તુઓને જાણવાને સમર્થ છે.**' અહીં તો બે જ વાત લીધી છે. સ્વદ્રવ્યસ્વરૂપ એનું જે દ્રવ્યરૂપ છે એનું પરિણમન શુદ્ધરૂપ છે એ સ્વદ્રવ્યસ્વરૂપ છે અને એ સિવાય રાગાદિ બધું પરદ્રવ્યસ્વરૂપ છે. એકરૂપ પરિણમતો સ્વને-પરને જાણે છે. કહો. રાગનો વિકલ્પ એનું કર્તવ્ય નથી પણ એનામાં નથી. વ્યવહારનું કર્તવ્ય તો સમકિતીને નથી પણ સમકિતીને વ્યવહાર નથી. એ સમકિતીનો વ્યવહાર નથી એમ કહે છે અહીં. કહો, 'નેમિદાસભાઈ'! ભારે વાતું ! આ તો ક્યાંય...

વસ્તુ છે ને ? અહીં તો વસ્તુ સિદ્ધ કરવી છે ને. ભગવાન આત્મા મહાચૈતન્ય પ્રભુ. મહા ચૈતન્યપ્રભુ. એવું નથી ગીતામાં એ લોકો કહેતા ? ચૈતન્ય મહાપ્રભુ. એવું આવે છે. એવું આવે છે. કોઈક થઈ ગયો. ચૈતન્ય મહાપ્રભુ. ચૈતન્ય મહાપ્રભુ આ. બીજો ચૈતન્યમહાપ્રભુ કોણ ? સમજાણું કાંઈ ? મહાપ્રભુ અનંત અનંત પ્રભુ ગુણ છે એનો ? પ્રભુ એટલે સામર્થ્ય. મહા સામર્થ્ય જેનું. એક એક ગુણનું અનંત સામર્થ્ય, આખા દ્રવ્યનું મહાસામર્થ્ય છે. એવો મહાપ્રભુ, એવો જે દૃષ્ટિમાં આવ્યો એ પોતે દ્રવ્યરૂપ જ થઈ ગયો. ધર્મી દ્રવ્યરૂપ છે. ધર્મી પર્યાયરૂપ, રાગરૂપ છે એમ નહિ. પછી પર્યાય એટલે રાગાદિ નહિ પણ દ્રવ્યરૂપ થતાં દ્રવ્યનું પરિણમન જે થયું એકરૂપ પરિણમન છે એમ કહે છે. કારણ કે દ્રવ્ય સ્વભાવ શુદ્ધ છે એને આશ્રયે પરિણમન થાય તો એકરૂપ જ થાય છે. નિમિત્તને આશ્રયે થાય તો તો વિવિધ પ્રકારના થાય. નિમિત્તને આધિન સમકિતી છે નહિ. કહો, સમજાણું કાંઈ ? છે ને પુસ્તક સામે ? ઝીણી વાતું છે, ભાઈ ! આ તો આત્માની. એણે કોઈ દિ' કરી નથી. શું છે અને કેમ છે એ જાણવાનો પ્રયત્ન કર્યો નથી. ભગવાન આત્મા ચૈતન્યપ્રભુ જ્ઞાયક એક. બસ, એ તો એક સ્વને-પરને સમસ્ત જ્ઞેયોને જાણવાને સમર્થ છે. કહો, સમજાણું ?

'**ભાવાર્થ આમ છે કે જ્ઞાયકમાત્ર છે, રાગાદિ અશુદ્ધરૂપ નથી.**' જુઓ ! એક તો ઓલું શુદ્ધ સ્વરૂપ કીધું હતું ને ? '**રાગાદિ અશુદ્ધ પરિણામથી રહિત છે, શુદ્ધસ્વરૂપ પરિણમ્યો છે.**'

'**एकः**'માં, એમ કહ્યું હતું. એ અહીં લીધું પાછું. એ તો જ્ઞાયકમાત્ર છે. જાણનાર-જાણનાર, સ્વ-પરને જાણવું, સ્વપરનું જાણવું. સ્વપરનું જાણવું એ પોતામાં પોતાનું પોતામાં રહીને છે. સમજાણું ? '**રાગાદિ અશુદ્ધરૂપ નથી.**' ધર્મીને અશુદ્ધતા નથી. કેમકે દ્રવ્યરૂપ છે એટલે અશુદ્ધતા ત્યાં છે જ નહિ. વ્યવહાર છે જ નહિ એમ કહે છે. રાડ નાખે કે અર..ર...! નિરપેક્ષા નયા મિથ્યા. અરે..! સાંભળને. નિશ્ચયની અપેક્ષાએ તો પરની અપેક્ષા છે નહિ. પછી એક વ્યવહાર છે, ભિન્ન છે-ભિન્ન છે. એવો ભિન્ન રાગાદિ છે એ સ્વદ્રવ્યમાં નથી, એના પરિણમનમાં નથી. દ્રવ્યમાં નથી, પરિણમનમાં નથી. ભિન્ન છે. એ તો જાણે છે. ભિન્ન છે એ જાણે છે. કહો, સમજાણું કાંઈ ?

'**રાગાદિ અશુદ્ધરૂપ નથી.**' આહા..હા...! ભગવાન ચૈતન્ય મહા જ્ઞાનરૂપી મોટો પર્વત. લ્યો ! એમ આવ્યું છે ને ? 'સમયસાર'. 'સમયસાર' મોટો ડુંગર ઉપાડ્યો અને ભવ્યોને અર્પ્યો. ભવ્યોને અર્પણ કર્યો. છેલ્લે 'કુંદકુંદાચાર્યે' 'સમયસાર'રૂપી મોટો પર્વત ઉપાડ્યો. એ તો પર્યાય. આ તો દ્રવ્ય મોટું. ભવ્ય જીવોને અર્પ્યો. જુઓ ! ભાઈ આ છો તું. આહા..હા...! ભગવાન આત્મા મહા અનંત ગુણરાશિ એકરૂપ પ્રભુ, એવી જે વસ્તુ, એનું જે શુદ્ધ પરિણમન તેમાં અશુદ્ધ પરિણમન નથી. સમ્યગ્દૃષ્ટિ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ છે તેથી એનું શુદ્ધ પરિણમન છે. એની પર્યાયદૃષ્ટિ નથી એટલે અશુદ્ધ પરિણમન એને નથી. આહા..હા...! ઓલા તો કહે, વ્યવહાર પહેલો ચોથે, પાંચમે, છઠ્ઠે. પછી નિશ્ચય. અરે..! ભગવાન ! શું કરે છે આ તું ? ક્યાં કરે છે વાતું ? વસ્તુની તને ખબર જ નથી. વસ્તુ કેવી છે ? વસ્તુમાં શું છે ? વસ્તુદૃષ્ટિ થતાં શું થાય છે અને શું નથી એમાં ? સમજાણું કાંઈ ? આ તો કહે વ્યવહાર પહેલો. નિશ્ચય આઠમે. એ વ્યવહાર આ શુભ ઉપયોગ.

અહીં તો કહે, શુભ ઉપયોગ જ્ઞાનીને છે જ નહિ. એમ કહે છે. સાંભળને. કહો, સમજાણું આમાં ? જેના ફળ સાદિઅનંત કેવળ જ્ઞાન ને આનંદ. સમજાય છે ? એવું જે સમ્યગ્દર્શન, એનું જે ધ્યેય દ્રવ્ય એ દ્રવ્યમાં દૃષ્ટિ થતાં ધર્મીને અશુદ્ધતા છે જ નહિ. ખરેખર ધર્મીને સંસાર નથી એમ કહે છે, લ્યો ! એય...! આહા..હા...! ભારે વાત, ભાઈ ! દેખાય છે ને આ બધું બહાર ? બહાર તો દુનિયા આખી પડી છે, તેથી શું છે ? સમજાણું કાંઈ ? એય..! 'હીરાભાઈ'! ક્યાં આવી, એનામાં પર્યાય ક્યાં આવી ? દૃષ્ટિમાં પર્યાય ના પાડે છે અહીં, જુઓને ! પહેલું દ્રવ્ય લીધું પછી દ્રવ્ય જ છે દૃષ્ટિમાં. વસ્તુ પોતે સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યસ્વરૂપ જ છે. કહો, સમજાણું આમાં ? હવે એમાં તકરાર પાછી. માણસને શાસ્ત્ર ભણવામાં તકરાર. અટકવાના સાધન તે કેટલા, જુઓને ! છૂટવાનું સાધન એક. ધ્રુવ દ્રવ્ય સ્વરૂપનો અનુભવ થવો તે. કહો, સમજાણું આમાં ?

આ તો વીતરાગ શાંતરસનું કથન છે, ભાઈ ! ભગવાન આત્મા શાંતરસથી ભરેલો છે. એ શાંતરસનો કંદ તે દ્રવ્ય છે. એકલો વીતરાગરસ અકષાય સ્વભાવ એ સ્વભાવ સ્વરૂપ તે દ્રવ્ય છે. અને તે દ્રવ્ય, તેવું દ્રવ્ય સમકિતીને વિદ્યમાન છે, કહે છે. એને બીજું વિદ્યમાન છે નહિ. તેથી તેનું શુદ્ધ શાંતરસનું પરિણમન છે એમ કહે છે. એટલે કે અકષાયનું જ પરિણમન છે એમ કહે છે. એને કષાયનું પરિણમન, વ્યવહાર-વિકલ્પનું પરિણમન છે જ નહિ. હા, એને અને આને જાણવાનું

પરિણમન એના જ્ઞાયકભાવમાં છે. આહા..હા...! કહો, સમજાણું આમાં ? ઝીણું પડે એવું છે ને ? 'કાનાતળાવ' ! છે ? પુસ્તક રાખ્યું છે ? પુસ્તક રાખ્યું છે ને ? ઝીણી વસ્તુ આવી છે આત્માની. એ વિના ક્યાંય સુખ થાય એવું નથી. બધા હેરાન થઈને દુઃખી પડ્યા છે બિચારા, એમ કહે છે. આહા..હા...! ક્યાં ગયા ? 'મલૂપચંદભાઈ'! એ દુઃખી થયા છે બધા.

**શ્રોતા :–** સત્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સત્ય છે. જોયું ! એમ છે. કૃષિકાર છે, લ્યો 'કાનાતળાવ'નો. ત્યાં એને કણબી કહે છે. તમે તો વાણિયા કેટલા વર્ષના આમાં છો. ત્યાં તે દિ' ગયા હતા. બહુ માણસ, હજારો માણસ, હોં ! બહુ માણસ. ઘણા લોકોને પ્રેમ છે. 'કુંડલા' પાસે છે. કહો, સમજાણું આમાં ?

પરમ સત્ય જ આ છે અને આ સત્ય એને નિર્ણય કરીને અનુભવમાં લેવું પડશે. સુખી થાવું હોય તો. નહિતર દુઃખી થઈ રહ્યો છે. કહો, 'ભીખાભાઈ'! આહા..હા...! હવે એમાં હીરોભાઈ નહિ આવે, કહે છે. એના પ્રત્યેનો વિકલ્પ છે એ, કહે છે, દ્રવ્યમાં નહિ આવે. દ્રવ્યમાં તો દ્રવ્યનું પરિણમન વળશે તે આવશે. રાગનું પરિણમન એ દ્રવ્યનું કે દિ' પરિણમન છે ? એમ કહે છે. ભગવાન આખો ડુંગર ફાટ્યો. સમજાય છે ? ચૈતન્ય ભગવાન જ્ઞાનરસનો કંદ. શું તમારે કહેવાય છે આ ? લાવા-લાવા. ડુંગરામાંથી લાવા નીકળે છે ને ? લાવા નથી નીકળતા ? આ શાંતરસના લાવાનો ડુંગર છે આત્મા. ઓલા લાવા અગ્નિ જેવા નીકળે ને આ પત્થરમાંથી નીકળે છે ને ક્યાંક પરદેશમાં ? જ્વાળામુખી. આ તો શાંતરસનો મુખી. એકલો અકષાય સ્વભાવ. સ્વભાવ તે... સ્વભાવ તે... સ્વભાવ તે એનું માપ ને હદ ને પરિમિતતા શું ? અપરિમિત સ્વભાવ. એવું દ્રવ્ય. સમ્યગ્દૃષ્ટિને એ દ્રવ્યરૂપ છે. એનું પરિણમન શુદ્ધ છે, એને અશુદ્ધ નથી. સમજાણું ?

**'વળી કેવો છે ?'** '**सदा ज्ञानमयैकभावः**' સમજાણું ? '**સર્વકાળ ધારાપ્રવાહરૂપે...**' જુઓ ! અહીં તો સર્વ કાળ (કહ્યું). કોઈ વખતે પણ તેને રાગ પરિણામ છે અને વ્યવહાર છે એનામાં એમ નથી. સદા કાળ, એમ કહે છે. આહા..હા...! દ્રવ્ય જેમ સદા કાળ વસ્તુ છે, એમ સદા કાળ એનું પરિણમન જે નિર્મળ છે એ સદાકાળ. સમજાણું ? '**સર્વકાળ ધારાપ્રવાહરૂપે ચેતનરૂપ એવો છે એક પરિણામ જેનો,...**' સર્વ કાળ ધારાપ્રવાહ રૂપ ચેતનરૂપ એવો છે એક પરિણામ જેનો. એવો છે એ. આહા..હા...! કહે છે, સમ્યગ્દૃષ્ટિને તો સદાય એકરૂપ ધારાપ્રવાહ જ્ઞાન જ પરિણામ છે, એમ કહે છે. ધારાપ્રવાહ. વસ્તુ દ્રવ્ય જે કાયમ ધ્રુવ છે તો એનું પરિણમન જ્ઞાયકમય એ જ્ઞાનમયના પરિણામ ધારાવાહી એક જ છે પરિણામ. એમાં રાગના પરિણામ અને કોઈ વખતે જ્ઞાન પરિણામ અને કોઈ વખતે રાગ પરિણામ એવું કાંઈ છે નહિ. આહા..હા...! ભારે વાત, ભાઈ !

સત્યનું સ્વરૂપ છે એ લોકોને બિચારાને ખ્યાલમાં આવતું નથી. એને મહાવસ્તુ પ્રભુ મોટો. ઓહો..હો...! મહાસત્ત્વ કહ્યું હતું ને કાલે ભાઈ ! નહિ ? મહાસત્ત્વ કહ્યું હતું, હોં ! 'અષ્ટપાહુડ'માં છે. મહાસત્ત્વ. ચેતનનું મહાસત્ત્વ. સમજાણું ? આ સત્ સત્ સત્ત્વવાળો નથી

માણસ કહેતા ? કસવાળો છે. એવો આત્મા ચેતનનો મહાસત્ત્વવાળો છે. ચેતનના મહાસત્ત્વવાળો છે. એવા અનંત ગુણનું ધ્રુવ એવો મહાસત્ત્વવાળો એ આત્મા છે. આ પૈસાવાળાને પહેલા કાંઈક નહોતા કહેતા ? શું કાંઈક ભાષા કરતા. કસવાળો. કસ કહેતા. નહોતા કહેતા ? ગામડામાં દસ-પંદર હજારની મૂડી હોય તો કસવાળો કહેતા. પહેલાં તો બહુ કહેતા ને ? ભાઈ કસવાળા છે. કસ એટલે સમજાય છે ? ધારાવાહી આવી ને. માલ તો ઠીક પણ કસ એને કહે છે ખરેખર તો. ઓલું પાણી નીકળે છે. કસ એને કહે છે લોકો. આમ પાણી નીચે ચાલતું હોય ને અને ઉપરથી ખબર પડે કે અહીં કસ છે આમાં પાણીનો ધોરિયો (છે). એ લોકો તપાસ કરે. કસ જોવે. એ કસ. એ જોવે કે આ ઠેકાણે ધોરિયો ચાલતો લાગે છે. જમીન ઉપરથી નક્કી કરી લે. અહીં કસ છે આમાં. ... પ્રવાહ. અહીં ધારાવાહ આવ્યું ને એટલે જરી. સમજાણું ? એ બહુ હોંશિયાર માણસ હોય ને કણબી ને યુરોપિયન આદિ પણ બહુ ઊંડે-ઊંડે પાણીનો પ્રવાહ ક્યાં જાય છે આમ કાન રાખીને એ પ્રવાહને પકડે. એક માઈલ છેટે પાણીનો પ્રવાહ ધોધમાર જાય છે આમ. એમ કહે. સમજાણું કાંઈ ?

એમ આ ભગવાન આત્મા '**સર્વ કાળ ધારાપ્રવાહરૂપે ચેતનરૂપ એવો છે એકપરિણામ જેનો,...**' સમજાણું ? આહા..હા...! એ કસ કહેતા, કસ. અમે સાંભળ્યું છે બધું. ઘણું સાંભળ્યું છે બધું. રસ્તામાં આમ જઈએ ને ... તો ઓલા માણસો, કોઈ જૂના માણસ (એમ કહે), આ કસ છે. એટલે શું પણ તમે કહો છો કસ છે ? અહીં ધૂળ છે. નીચે પાણીનો ધોર ચાલ્યો જાતો લાગે છે. પાણીનો પ્રવાહ જાતો લાગે છે નીચે. હાથ, બે હાથ, ચાર હાથ છેટે પ્રવાહ જાય છે. એમ આત્માનો પ્રવાહ. એ વિકલ્પની પાછળ ચૈતન્ય ભગવાનનો પ્રવાહ ચૈતન્યપ્રવાહ વહે છે, કહે છે. એકલો ચૈતન્યનના પ્રવાહના પરિણામ તે આત્માના છે. સમજાણું કાંઈ ? લ્યો, ભારે પણ. આચાર્યોએ પણ જંગલમાં રહીને કેવી રીતે કરુણાના ધોધ વહેવરાવ્યા છે ને ! અરે..! ભગવાન ! તું આવો છો ને પ્રભુ ! તું પણ આવો છો ને. તારી પાસે ક્યાં ખોટ છે કે ક્યાંક પરમાંથી લેવું છે તારે, રાગમાંથી. અહીં ભગવાન છે ને મોટો. એ જ્યાં દૃષ્ટિમાં લીધો તો એનું પરિણમન ધારાવાહી ચેતન જ પરિણમશે, કહે છે. જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એ પ્રવાહ વહે છે, બસ. બીજો પ્રવાહ છે નહિ. આહા..હા...! કહો, સમજાણું આમાં ?

'**सदा ज्ञानमयैकभावः**' સદા જ્ઞાનમય. જ્ઞાનમય એટલી ભાષા લીધી ને ? ઓલો રાગ નહિ, એમ કહેવું છે. રાગ જે છે ને ? વિકલ્પ નહિ. જ્ઞાનમય. ચેતનરૂપ એવો છે એક ભાવ, એક પરિણામ જેનો. એવો છે. '**ભાવાર્થ આમ છે કે-જેટલા વિકલ્પો છે તે બધા મિથ્યા;...**' મિથ્યાનો અર્થ કે એમાં નથી. કહો, સમજાણું આમાં ? આવી વાત સાંભળવા મળતી નથી લોકોને કે આ શું છે ? એમ ને એમ હાંકે જ રાખે છે બહારથી ગાડા. કાંઈક ભક્તિ કરી, પૂજા કરી, આ ક્રિયા કરી, વ્રત કરી પછી આવે. ધૂળેય નહિ આવે ત્યાં, સાંભળને ! જાત્રા કરીએ તો આવી

જશે. વિકલ્પ છે. ત્યાં ક્યાં હતો ભગવાન એમાં ? 'ભગવાનજીભાઈ' ! લુખ્ખુ બહુ લાગે, લુખ્ખુ આ. રાગના ભાવ વિનાનું લુખ્ખું. વીતરાગભાવનું ચીકણું, વીતરાગભાવનું રસવાળું છે. એકલો વીતરાગભાવ... વીતરાગભાવ.

કહે છે કે જેને એક પરિણામ. ચેતનપરિણામ જાણવું... જાણવું... જાણવું... જાણવું... વહે છે. એમાં '**જેટલા વિકલ્પ છે તે બધા મિથ્યા;...**' છે. મિથ્યા એટલે કે એની પર્યાયમાં નથી. આ અસ્તિ છે અને આ નથી એમ કહે છે મૂળ તો. શું કીધું ? વસ્તુ ભગવાન આત્મા ચૈતન્યપ્રભુ, આખો વસ્તુસ્વભાવ એવી જ્યાં દૃષ્ટિ થઈ દ્રવ્યરૂપ થતાં, એ જ્ઞાયકમય થતાં, અશુદ્ધ પરિણામ રહિત થતાં, શુદ્ધ પરિણામ સહિત થતાં એકરૂપ જ્ઞાનપ્રવાહ વહે છે. તેમાં વિકલ્પો મિથ્યા છે. વિકલ્પો એમાં છે નહિ. એને ઘરે ભલે ત્યાં રહ્યા, અહીં નથી. કહો, સમજાણું કાંઈ ?

'**જ્ઞાનમાત્ર વસ્તુનું સ્વરૂપ હતું તે અવિનશ્વર રહ્યું,...**' ઓલું નાશવાન હતું એ છૂટી ગયું. અવિનશ્વર ભગવાન આત્મા ચૈતન્યપ્રભુ, એની દૃષ્ટિ થતાં અવિનશ્વરપણું રહી ગયું. એ પર્યાય પણ અવિનાશીની અવિનાશપણે જ્ઞાનરૂપ રહી ગઈ. રાગરૂપ રહી નહિ. કહો, સમજાણું આમાં ? આવી ધર્મકથા કેવી ? ધર્મકથા ઓલામાં કાંઈક આમ કરવું, અપવાસ કરવો, આ કરવું.. આ કરવું... કેટલા વર્ષથી 'ન્યાલભાઈ' રસ નહોતા ખાતા લ્યો. એ રસ તો ઊડી ગયો આમાંથી. રસ પણ ઊડી ગયો. ભગવાન આત્માના રસ આડે કહે છે રસ ખાતો નહોતો અને છોડ્યો એ નથી એમાં, એમ કહે છે અહીં તો. 'ભગવાનજીભાઈ'! એય..! 'ભગવાનજીભાઈ'! જુઓ આ. આહા..હા...!

ભાઈ ! તું એકવાર નજર તો કર. જે નિધાન છે તેમાં નજર કરે તો એ નિધાન એવું છે કે જેનું નિધાનમાં પડ્યું છે એવું પરિણમન થશે. સમજાય છે ? એમાં પછી વિકલ્પોની નાસ્તિ છે, એમાં છે નહિ. ખરેખર વસ્તુ અને વસ્તુના પરિણમનમાં વિકલ્પો દ્રવ્યમાં પણ નહોતા, તો દ્રવ્યમાં નહોતા તો પર્યાયમાં પણ નથી, એમ કહે છે. આહા..હા...! કહો, દ્રવ્યરૂપ થયું એટલે દ્રવ્યમાં નથી એટલે પર્યાયમાં પણ નથી. કેવી શૈલી છે પણ ગજબ છે ને ! રાડ નાખે કે સમ્યગ્દૃષ્ટિ નિરાસ્રવ, લ્યો ! લડાઈ કરવા બેઠો (છે) ને ? સાંભળને હવે. અહીં ચૈતન્યના સ્વપરના જાણવાના પરિણામરૂપ ઈ છે. લડાઈ વખતે એમ છે અને ભોગ વખતે પણ એમ છે અને ધ્યાન વખતે પણ એમ છે. એમ કહે છે અહીં. સદા કીધું ને ? સમજાણું કાંઈ ? આહા..હા...!

જેની ખાણમાંથી જ્ઞાન પ્રવહે છે, વહે છે એવો ભગવાન આત્મા જ્યાં દૃષ્ટિમાં આવ્યો. ધર્મી તો જ્ઞાનના પરિણામે પરિણમે તે જ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ ? એ રાગ અને વિકલ્પ એ તો પરમાં ગયા. એને સ્વ-પરના જ્ઞાયકના એકરૂપ પરિણમનમાં તેનું જાણવું રહી ગયું. એકરૂપ પરિણમનમાં સ્વ-પરનું એકરૂપ પાછું. આ સ્વું અને આ પરનું એવા બે ભાગ નથી ત્યાં. એકરૂપ સ્વપરનું જ્ઞાન, તેનો પ્રવાહ રહી ગયો એકલો, બસ. કહો, સમજાણું કાંઈ ?

'**જ્ઞાનમાત્ર વસ્તુનું સ્વરૂપ હતું તે અવિનશ્વર રહ્યું. નિરાસ્રવપણું સમ્યગ્દૃષ્ટિ જીવને જે રીતે**

**ઘટે છે તે કહે છે–**' હવે નિરાસ્રવપણું કહ્યું ને પહેલેથી કે આસ્રવ નથી, આસ્રવથી રહિત છે એમ કહ્યું હતું પહેલું. '**अयं ज्ञानी**' સમ્યગ્દૃષ્ટિ '**निरास्रवः**' આસ્રવ રહિત છે એમ કહ્યું હતું. પહેલી બે લીટીમાં. હવે કેમ નથી એનો હવે ખુલાસો કરે છે. 'ભીખાભાઈ' કહે કે ઘરે સમજાય એવું નથી. અહીં હોય તો સમજાય એવું છે, એમ કહે છે. એનું ટાણું આવે તો એ કહે કે નહિ ? 'હીરાભાઈ'! ટાણું આવે ત્યારે બરાબર મૂકે છે એ. આહા..હા...! ભગવાન તો પોતાથી જણાય એવો છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ ? આહા..હા...! પોતાથી જાણે. જાણનારો પણ આ રાગને પણ જાણનારો પોતાથી જાણનારો છે. સમજ્યાને ? જ્ઞાનનું સ્વરૂપ પોતે પરિણમતા રાગને અને આને જાણવું એવો પરિણમનનો સ્વભાવ જ એનો સ્વતંત્ર છે. આ વસ્તુ છે ધર્મીની. બાકી કોઈ ચીજ એની છે નહિ. રાગ નથી એનો, વળી બાયડી, છોકરા અને રાજ અને પાટ ક્યાંથી ગરી ગયા છે અંદર ? કર્મ આઠ છે. આઠ કર્મ છે અને ચાર ટળ્યા છે અને ચાર બાકી છે. કાંઈ નથી, લેને. આરે..આરે..! ભારે વાત, ભાઈ ! એ વળી કેવળીને ચાર ટળ્યા અને ચાર બાકી. એ તો પર્યાયમાં સમજાવવા (કહે). વસ્તુ ધર્મીને કર્મ જ નથી ને. અશુદ્ધ પરિણમન જ નથી ત્યાં વળી કર્મ ક્યાંથી આવ્યા ? એમ કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

જુઓ ! વળી કહે, મુનિને આહારક શરીર હોય, દેવને વૈક્રિયક શરીર હોય, આને ઔદારિક અને તૈજસ કાર્મણ હોય. લ્યો. શિખવે એમાં એ શિખવે. સિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે કે નહિ ? આવી વ્યંજનપર્યાય હોય, આવી અર્થપર્યાય હોય. આવે છે ? 'વજુભાઈ' ! જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે. અહીં કહે છે કે ધર્મીને શરીર ન હોય, ધર્મીને વિકલ્પ ન હોય. સમજાય છે ? ધર્મીને રાગ ન હોય. ન હોય એને વ્યવહારવાળા કહે કે આ છે, એ વ્યવહારનયનો વિષય થઈ ગયો. નથી એને કહેવું.

એકલો ભગવાન આત્મા ચૈતન્યબિંબ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ એ પોતે નિરાસ્રવ છે. આસ્રવ છે જ નહિ એને. '**જે રીતે ઘટે છે તે કહે છે–**' '**भावास्रवाभावं प्रपन्नः**' લ્યો ! પહેલો શબ્દ છે ને ઈ ? '**भावास्रवाभावं प्रपन्नः**' ઓલું '**अयं**' ગયું ઓલામાં. '**अयं**' ઓલામાં ગયું. જ્ઞાની નિરાસ્રવમાં. '**भावास्रवाभावं प्रपन्नः**' લ્યો ! '**भावास्रवाभावं प्रपन्नः**' કેમ કે '**મિથ્યાત્વ–રાગ–દ્વેષરૂપ અશુદ્ધ ચેતનાપરિણામ,...**' મિથ્યા એટલે ભ્રાંતિ કે હું એક અંશમાં છું, પુણ્યમાં છું, પુણ્યથી ઠીક છે, પાપમાં મજા છે એવો જે મિથ્યાત્વભાવ. અને એની સાથેનો રહેલો રાગ-દ્વેષ ભાવ, એ અશુદ્ધ ચેતનાપરિણામ છે. એ તો ચેતનના અશુદ્ધ પર્યાય છે, અશુદ્ધ. '**તેનો વિનાશ,...**' છે. ધર્મીને તે અશુદ્ધ પરિણામનો અભાવ છે અને શુદ્ધ પરિણામની વિદ્યમાનતા છે. કેમકે શુદ્ધ વસ્તુ વિદ્યમાન છે, તેથી તેને શુદ્ધ પરિણામ જ વિદ્યમાન છે. અશુદ્ધ પરિણામ વિદ્યમાન છે નહિ. સમજાણું કાંઈ ?

'**ભાવાસ્રવ**' એટલે '**મિથ્યાત્વ–રાગ–દ્વેષરૂપ અશુદ્ધ ચેતનાપરિણામ, તેનો વિનાશ,...**' છે. કહો, સમ્યગ્દૃષ્ટિને ભાવાસ્રવનો નાશ છે, એમ કહે છે. ભાવાસ્રવની હયાતી જ નથી, એમ કહે છે.

સમજાણું કાંઈ ? એય..! સમકિતીને આસ્રવ નથી. દસમા ગુણસ્થાન સુધી આસ્રવ છે. હવે સાંભળને, ભાઈ ! કઈ અપેક્ષાએ કહી છે ? એ તો જાણવાની અપેક્ષાએ બાકી થોડું છે તો કહે છે. અહીં તો વસ્તુ અને વસ્તુની દૃષ્ટિમાં અને એની પરિણતિમાં છે નહિ એમ વસ્તુ પહેલી આ નક્કી કર્યા વિના પછી જ્ઞાન સાચું ક્યાંથી થાશે તારું ? દસમા સુધી છે અને બધું છે. કહો, સમજાણું આમાં ? કેવળીને હજી અશુદ્ધ પરિણમન છે. કર્તા-કર્મના પરિણામ કેટલાક ગુણોનું, હજી ઉદયભાવ છે, અસિદ્ધભાવ છે. કેવળીને પણ હજી અસિદ્ધભાવ છે. અહીં કહે છે કે સમકિતીને અશુદ્ધ ભાવ છે નહિ. ભારે વાતું, ભાઈ ! એ તો પર્યાય પર્યાયની વ્યાખ્યા જ્યારે કરવી હોય ત્યારે જણાવે કે આવું છે એવું જ્ઞાન કરાવે. અહીં તો એકલી વસ્તુ છે એમાં તો અશુદ્ધ પરિણમન જ નથી. વળી ઉદયભાવ અને અસિદ્ધભાવ જ નથી, એમ કહે છે અહીં તો. આહા..હા...!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ છે ને ? વસ્તુમાં ક્યાં છે ઈ ? વસ્તુ છે એવી વસ્તુનું પરિણમન છે. પરિણમનમાં ક્યાં છે ઈ ? કહો, સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા મહા ચૈતન્યપ્રભુ અનંત... અનંત... અનંત ગુણની ખાણરૂપ વસ્તુ. એવી એકરૂપ વસ્તુ વિદ્યમાન દ્રવ્ય. હયાતીવાળો પદાર્થ. આહા..હા...! આવશે ને આમાં ઓલું જીવંત ? આમાં જ આવશે ને ? જીવંત નહોતું કહ્યું એક ફેરી ? જીવંત. શ્લોકમાં છે ને ક્યાંક ? આસ્રવમાં. વિદ્યમાન છે તો આ જીવન. જુઓ ૧૬-૧૭માં છે. '**सर्वस्यामेव जीवन्त्यां**' આ વિદ્યમાન છે. ઓલું ભગવાનનું જીવન યાદ આવ્યું હતું ને ? '**जीवन्त्यां**' તેટલી છે તે વિદ્યમાન છે. '**ઘણા કાળ પર્યન્ત જીવના પ્રદેશોમાં રહેવું તે જેટલી હોત, જેવી હોત, તેટલી જ છે, વિદ્યમાન છે, તેવી જ છે નિશ્ચયથી; તોપણ સમ્યગ્દૃષ્ટિ જીવ સર્વથા સર્વ કાળ આસ્રવથી રહિત છે**' '**जीवन्त्यां**' છે ને ? ૧૧૭. વિદ્યમાન. ૧૧૭ શ્લોક. એ '**जीवन्त्यां**'નો અર્થ કર્યો છે ૧૦૭ પાને. ત્રીજી લીટી.

'**जीवन्त्यां**' '**પુદ્‌ગલપિંડરૂપ અનેક પ્રકારનું મોહનીયકર્મ, તેની સંતતિસ્થિતિબંધરૂપ ઘણા કાળ પર્યન્ત જીવના પ્રદેશોમાં રહેવું તે જેટલી હોત, જેવી હોત, તેટલી જ છે, વિદ્યમાન છે, તેવી જ છે નિશ્ચયથી; તોપણ...**' આત્મા નિરાસ્રવ છે એમ કહેવું છે ત્યાં. ત્યાં વિદ્યમાન હોય તો નિરાસ્રવ છે. આ વિદ્યમાન આવ્યો એટલે ઓલું વિદ્યમાન હોય તો પણ નિરાસ્રવ છે. આ ભગવાનનું યાદ નહોતું આવ્યું ? એય..! 'વજુભાઈ'! શું ? આ જીવતા ભગવાન. જીવંતસ્વામી. 'બયાના'માં લખ્યું છે ને 'ભગવાન જીવંતસ્વામી'. મહાવિદેહમાં ધર્મકર્તા જીવંતસ્વામી સીમંધર ભગવાન. સમજાણું ? એમ આ જીવંતસ્વામી (છે). ઓલું આસ્રવ જીવંત કીધું હતું. આ જીવંત સ્વરૂપ છે. વિદ્યમાન આવ્યું ને પહેલું ? વિદ્યમાન વસ્તુ ત્રિકાળ છે. વિદ્યમાન ભગવાન એમ કહે છે ને ? વિદ્યમાન તીર્થંકર એમ કહે છે ને ? જીવતા તીર્થંકર, વિદ્યમાન તીર્થંકર. એમ આ

વિદ્યમાન ભગવાન આત્મા વસ્તુ, એનું ભાન થતાં જે દૃષ્ટિ થઈ ત્યાં અશુદ્ધ પરિણમન છે જ નહિ. ઉદયભાવનો અભાવ છે. આહા..હા...! પારિણામિકભાવ એક ત્રિકાળ અને કાંઈ ક્ષયોપશમ આદિ પર્યાય, બસ, એ નિર્મળ પરિણમે છે. ઓલું છે જ નહિ. સમજાણું કાંઈ ?

કહે છે, '**भावास्रवाभावं प्रपन्नः**' '**भावास्रवाभावं प्रपन्नः**' લ્યો ! ઓહો..હો...! અસ્તિપણે આમ પરિણમન છે એમ કહ્યું પહેલું. હવે નાસ્તિપણે આમ છે, એમ કહે છે. વાહ ! દિગંબર મુનિઓની સ્થિતિનું વર્ણન અલૌકિક ! કેવળીના ધર્મને થાંભલારૂપ રાખ્યા છે. ઓ..હો..હો...! એ પદ્ધતિના વાચ્યને બતાવે છે એ કોઈ અલૌકિક છે. ભગવાન આત્મા પોતાના વિદ્યમાન પ્રભુને પહોંચ્યો, વિદ્યમાન વસ્તુ એમાં શુદ્ધ પરિણમન છે, અસ્તિપણે છે, ધારાપ્રવાહીરૂપ જ્ઞાયક સ્વ-પર જાણનારું આમ રહી ગયું છે. એમ કહે છે. હવે આ નથી એમ કહે છે. આમ છે, આ નથી. સમજાણું કાંઈ ? અર્થમાં કહેતા આવ્યા હતા ભલે પણ ઓલા પાઠમાંથી અહીં આવે છે.

કહે છે કે '**भावास्रवाभावं प्रपन्नः**' '**प्रपन्नः**' '**મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ ચેતનાપરિણામ, તેનો વિનાશ, તેને પ્રાપ્ત થયો છે.**' એનો અભાવ પ્રાપ્ત થયો છે. જ્ઞાનની પરિણતિનો એકરૂપ ભાવ પ્રાપ્ત થયો છે અને આનો અભાવ પ્રાપ્ત થયો છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા ચૈતન્યડુંગર, એનો જ્યાં પ્રવાહ આવ્યો તો ચૈતન્ય પરિણામ જ્ઞાયક એ સ્વ-પર દ્રવ્યને જાણવાનો પ્રવાહ રહ્યો, બસ. અને આ ભાવાસ્રવ છે તેના અભાવને પ્રાપ્ત થયા છે. નાસ્તિરૂપ પરિણમન. સમજાણું કાંઈ ? એ ધ્યાન રાખે તો ધીમે ધીમે સમજાય, હોં ! ન સમજાય એમ નહિ. 'જાદવજીભાઈ' જેવા પણ કહે છે કે હવે હળવે-હળવે સમજાય છે થોડું. હા, હા, સમજાય, ન સમજાય એમ નહિ. આ તો એના ઘરની વાતું. સમજેલાની વાતું સમજાવે છે કે તું સમજી શકે એવો તો છો. આવો તું છો એની વાત કરે છે. સમજાણું ?

'**ભાવાર્થ આમ છે કે-અનંતકાળથી જીવ મિથ્યાદૃષ્ટિ હોતો થકો...**' જોયું ! '**મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણમતો હતો, તેનું નામ આસ્રવ છે.**' જ્યાં સુધી ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને ન જાણતા, એકલો પુણ્ય-પાપ અને વિકલ્પ અને અંશબુદ્ધિમાં પડ્યો હતો, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ (રૂપે) પરિણમતો હતો ત્યાં સુધી તેને આસ્રવ હતો, ત્યાં સુધી તેને અશુદ્ધપણું જ હતું, એમ કહે છે. ત્યાં સુધી તેને અશુદ્ધપણું જ હતું. ભાન થતાં તેને શુદ્ધપણું જ છે, અશુદ્ધ પણું છે જ નહિ, એમ કહે છે. આહા..હા...!

'**ભાવાર્થ આમ છે કે-**' અર્થ કર્યા વળી પાછો ભાવાર્થ (કહે છે). '**અનંતકાળથી જીવ મિથ્યાદૃષ્ટિ હોતો થકો...**' મિથ્યાદૃષ્ટિ હોતો થકો. પોતે થઈને. પાછો કર્મે મિથ્યાદૃષ્ટિ કરાવ્યો છે એમ છે નહિ. આહા..હા...! પોતે જ પોતાના સ્વરૂપની દૃષ્ટિથી વિપરીત પુણ્ય અને પાપ, વિકલ્પ અને અંશમાં મહાત્મ્ય માનતો, અંશના વિકાસના અંશમાં, ઉઘાડના અંશમાં અને રાગ-દ્વેષના અંશમાં મહાત્મ્ય કરીને મિથ્યાદૃષ્ટિપણે રાગ-દ્વેષ કરતો ત્યાં સુધી તેને અશુદ્ધપણું જ એકલું હતું. એને જ આસ્રવ હતો. સમજાય છે કાંઈ ? '**તેનું નામ આસ્રવ છે.**' તેનું નામ આસ્રવ

છે. એટલે કે જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હોતો થકો, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ (રૂપ) પરિણમતો હતો તેનું નામ આસ્રવ છે. વાહ !

**'કાળલબ્ધિ પામતાં તે જ જીવ સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમ્યો, શુદ્ધતારૂપ પરિણમ્યો, અશુદ્ધ પરિણામ મટ્યા,...'** સમજાણું કાંઈ ? 'દાદુ કહે દુનિયા દુંદ ફાટી સવળી ચાલી સેર, ભટકવું તો મટી ગયું અને વસ્તુ જડી ઘેર.' અન્યમતિમાં એ દાદુ થયો ને. દાદુભગત-દાદુભગત કહે છે. દાદુનો ચેલો થયો છે કોઈ એ. 'દાદુ કહે દુંદ ફાટી.' દુંદ સમજાય છે ? પેટ મોટું દુંદ. એય..! તમારો અર્થ પૂછવો છે. ... વળી એ યાદ આવ્યું. દુંદમાંથી દુણા. કાલનું, પરમ દિ' ઓલું દુણાનું એટલે કીધું શું હશે આ ? દૂધ દૂળાણું, ખીચડી દૂળાણી.. એટલે શું તમારો શબ્દ છે સંસ્કૃતમાં ? કેમ આપણે કહે છે કે નહિ હમણા દૂધ દુણાઈ ગઈ, ખીચડી દુણાઈ ગઈ એમ કહે છે, દૂધપાક દુણાઈ ગયો. નથી કહેતા ? દુણાઈ ગયો એટલે શું કીધું ભાઈ આમાં ? દુણાઈ ગયાનો અર્થ સમજ્યા વિના દુણાઈ ગયું-દુણાઈ ગયું દીધે રાખે છે તો શું છે આ ? 'ન્યાલભાઈ' કહે, ઓલી દોણી હોય ને દોણી એમાંથી દુણાઈ ગયું. પણ એ અમારા સંસ્કૃતવાળાને પૂછવું જોઈએ. આમ અમે તો અદ્ધરથી દીધે રાખીએ દુણાઈ ગયું-દુણાઈ ગયું. એટલે દુગુણું થઈ ગયું હશે ? ઓલું પાકું કરતાં વધારે થઈ ગયું ? એટલે દુણાઈ ગયું હશે ? ભાઈએ પ્રશ્ન કર્યો હતો કે દુ એટલે શું ? દુણાઈ ગયું.

એમ આ આત્મા દુણાઈ ગયો મિથ્યાત્વભાવમાં. દુણાઈ એમાં એમ આવે છે ને ? .. એવું કાંઈક છે. કાઢજો અને નક્કી કરજો શબ્દનો અર્થ. કે એ રૂઢિગત શબ્દ છે ? રૂઢિગત પણ હોય એવું કાંઈ નહિ. ધર્માસ્તિકાયની જેમ નામ છે. ધર્માસ્તિકાયનો કોઈ અર્થ છે ? એ રૂઢિગત શબ્દ છે. ધર્માસ્તિકાય દ્રવ્ય છે ને ભગવાને કહ્યું. એનો કોઈ શબ્દાર્થ કરવા જાય તો નીકળે એવું નથી. એમ કોઈ હોય, એનું કાંઈ નહિ. આવે છે શાસ્ત્રમાં, હોં ! 'અષ્ટપાહુડ'માં. ગંધ. એને ગંધ બેસી ગઈ છે. ભાઈ, એવું આવે છે 'અષ્ટપાહુડ'માં. ભાવપાહુડમાં. ગંધ. એવો મૂળ પાઠ 'કુંદકુંદાચાર્ય'નો (છે). મિથ્યાત્વની ગંધ પેઠી છે, વાસના પેઠી છે. ભગવાન આત્માની ગંધ પેસતા સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન ભાન થતાં ગંધ પેસી ગઈ પરમાત્માની. એ પરમાત્માની ગંધ પેઠી. વાસના પરમાત્માની થઈ ગઈ. એ પરમાત્મા થઈ જવાનો. આહા..હા...! સમજાણું ? અને આ પુણ્ય અને પાપ ને વિકલ્પની ગંધ બેઠી છે ને મિથ્યાત્વમાં ? એકલો આસ્રવ છે, કહે છે. એને બીજું છે નહિ. આત્મા નથી, સંવર નથી, નિર્જરા પણ નથી અને મોક્ષ પણ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ?

**'તે જ જીવ સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમ્યો,...'** જુઓ ! સમકિત પર્યાયરૂપ પરિણમ્યો એમ છે. ઓલા કહે સમકિત ગુણ છે. તમે વિચારીને નાખો પર્યાય-પર્યાય. આ વળી એક શ્લોક હતો. અનેક જાતના માણસો. વિવિધતા છે ને ? એમાં એકતા ન જ હોય. સમકિતરૂપ પર્યાયે પરિણમ્યો છે એમ કીધું છે અહીંયાં તો. તો ઓલો કહે સમકિત ગુણ છે. સિદ્ધમાં પણ આઠ ગુણ છે. તમે પર્યાય પર્યાય શું કરો. દીધે રાખો આત્મધર્મ. ઠીક, ભાઈ ! અહીં તો કહે છે કે સિદ્ધ પોતે

પર્યાય છે. સાંભળને ! એ પર્યાયનયનો વિષય સિદ્ધ છે. સંસારી અને સિદ્ધ તો બે પર્યાય છે. દ્રવ્ય તો દ્રવ્યરૂપ ધ્રુવ એકરૂપ છે. એમાં પર્યાય ક્યાંથી આવી ? સિદ્ધ પર્યાય એમાં ક્યાં છે ? અને દ્રવ્યમાં આ પર્યાય ક્યાં છે ? પર્યાય તો ઉપર ઉપર તરે છે, આઘી ધ્રુવથી ભિન્ન. સમજાણું કાંઈ ? વાહ ! સ્વાધ્યાય તો જુઓ ! આ સ્વાધ્યાય. આ બહાર નીકળે ત્યાં આવું કાંઈ ચાલે ?

કહે છે કે '**સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમ્યો,...**' ભગવાન આત્મા પોતાના વસ્તુ સ્વભાવની પ્રાપ્તિ પર્યાયમાં થઈ, પરિણમ્યો. '**શુદ્ધતારૂપ પરિણમ્યો,...**' એમ કહે છે. પરિણમ્યો એટલે શુદ્ધતારૂપ પરિણમ્યો. ઓલો મિથ્યાત્વરૂપ પરિણમ્યો હતો તે અશુદ્ધતા આસ્રવ હતો. સમકિતરૂપ પરિણમ્યો એટલે શુદ્ધતાએ પરિણમ્યો. '**અશુદ્ધ પરિણામ મટ્યા, તેથી ભાવાસ્રવથી તો આ પ્રકારે રહિત થયો.**' તેથી ભાવાસ્રવથી તો આ પ્રકારે કીધું ને ? અશુદ્ધરૂપ પરિણમ્યો નહિ, શુદ્ધરૂપ પરિણમ્યો માટે અશુદ્ધ પરિણમન રહ્યું નહિ. સમજાણું કાંઈ ?

એ મીઠી અમૃત જેવી વાત છે. આવી કાને પડતા ઓલો વિકલ્પ થાય એ જુદી જાતનો છે સાંભળવાનો. વાત તો એ છે, બાપા ! આહા..હા...! સમજાણું કાંઈ ? ભગવાન આત્મા અમૃતનો કુંડ મોટો. જુઓને ! આ રોગ મટાડવા જાય છે ને પાણીમાં નહાવા. ધરામાં. રાજગૃહી નથી ? રાજગૃહી છે ને. જોયું હતું. છેટે ઊભા ઊભા જોતા હતા. પાણીથી ન્હાતા હતા લોકો અંદર રાજગૃહીના કુંડમાં. બહુ ખસ હોય ને. એમ કહે છે, ગુમડા મિથ્યાત્વના લાગ્યા હોય એને ચૈતન્ય પ્રવાહમાં અંદર ન્હાવું. તારો કુંડ મોટો છે. એમાંથી કોઈ દિ' પાર જ ન આવે. હવે થઈ રહ્યું એમ છે જ નહિ. થઈ શું રહે ? દ્રવ્ય છે એમાં થઈ શું રહે ? એવો જેમાં આનંદનો, શાંતિનો પ્રવાહ છે એ એને શુદ્ધતા પરિણમન થયું, અશુદ્ધ પરિણામ નથી. '**તેથી ભાવાસ્રવથી તો આ પ્રકારે રહિત થયો.**' કોણ ? સમકિતી જીવ.

'**द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः**' ઓલું તો અહીંયાં પરિણમ્યો શુદ્ધ માટે અશુદ્ધતા ટળી એમ કીધું. અને આ દ્રવ્યાસ્રવ તો સહજ ભિન્ન જ છે, એને વળી ટાળવું-ફાળવું છે નહિ, એ તો રહિત જ છે એમ કહે છે. ઓલી જે વાત હતી, જ્યાં સુધી મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું પરિણમન હતું એ અશુદ્ધ હતું, એ આસ્રવ હતો, બસ. સ્વભાવની દૃષ્ટિ થતાં શુદ્ધ પરિણમન થયું તે આસ્રવ નથી. એટલે આ રીતે એને આસ્રવ, ભાવાસ્રવ નથી આ રીતે. અને દ્રવ્યાસ્રવ તો દ્રવ્યાસ્રવ તો રહિત જ છે. એ તો જુદું છે. એ તો રજકણો જ જુદા પડ્યા છે. અહીં તો શુદ્ધપણે પરિણમ્યો માટે અશુદ્ધપણું નથી, ભાવસ્રવ નથી. અને દ્રવ્યાસ્રવ તો છે જ નહિ ત્યાં. કારણ કે રજકણો કર્મના પડ્યા છે એ તો ભિન્નપણે છે. આત્મામાં છે નહિ. એક સમયની અવસ્થાપણે આસ્રવ હતો એ દ્રવ્યદૃષ્ટિ થતાં, શુદ્ધ પરિણમન થતાં તે અશુદ્ધ પરિણમન રહ્યું નહિ. પર્યાયમાં હતું એ રહ્યું નહિ. આ તો પર્યાયમાં પણ નથી. કોણ ?-દ્રવ્યાસ્રવ.

'**જ્ઞાનાવરણાદિ કર્મપર્યાયરૂપ જીવના પ્રદેશોમાં બેઠા છે...**' લ્યો ! ભગવાન જ્યાં અસંખ્ય પ્રદેશી પ્રભુ છે ત્યાં ઓલા કર્મ બેઠા છે. આઠ કર્મના રજકણો બેઠા છે અંદર. આ છે ને ? એવા

રજકણ. **'પુદ્‌ગલપિંડ, તેમનાથી સ્વભાવથી સર્વકાળ નિરાળો જ છે.'** તેનાથી-સ્વભાવથી, સ્વભાવથી. એનું પરિણમન બદલ્યું માટે આમ નહિ. ઓલું પરિણમન બદલ્યું તો અશુદ્ધ રહ્યું નહિ. આ તો શુભભાવથી ભિન્ન જ છે. **'સર્વકાળ નિરાળો જ છે.'** એ રીતે, જ્ઞાની ભાવાસ્રવ અને દ્રવ્યાસ્રવથી રહિત છે. ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

卐

**જેને પોતાના આત્માનું કલ્યાણ કરવું છે પણ પોતે માર્ગ જાણતો નથી એવા જિજ્ઞાસુ જીવને, માર્ગના બતાવનાર એવા વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુનું અવલંબન વચ્ચે નિયમથી આવે છે. પોતાને અંદર આત્મા શી ચીજ છે, તેનું સાચું સ્વરૂપ શું છે, તેની પ્રાપ્તિ કઈ રીતે થાય-વગેરે કાંઈ ખબર નથી, અને જેને ખબર છે-અનુભવ છે-એવા દેવ-ગુરુ તથા જેમાં પૂર્વાપર અવિરુદ્ધપણે ન્યાય અને યુક્તિથી માર્ગ બતાવેલ છે એવા સત્શાસ્ત્રોને સાથે રાખીશ નહિ, તો તું અંદર આત્મામાં એક ડગલું પણ કઈ રીતે ભરીશ ? પોતે જાણતો નથી અને જાણનાર અનુભવીનો સમાગમ કરતો નથી તો, અંદરનો માર્ગ સાંભળ્યા-સમજ્યા વિના તું અંદરમાં પ્રયત્ન કેમ કરીશ? ભલે દેવ-શાસ્ત્ર-ગુરુ આપી દેતાં નથી, પણ જિજ્ઞાસુને માર્ગ સમજવામાં તે નિમિત્ત છે કે નહિ? આત્મા દેહ, લક્ષ્મી આદિ પરથી તદ્દન ભિન્ન, શુભાશુભ વિભાવોથી કથંચિત્ રહિત છે, તે એક સમયની પર્યાય જેટલો પણ નથી પણ પરિપૂર્ણ અખંડ જ્ઞાયકતત્ત્વ છે-એમ દેવ-શાસ્ત્ર-ગુરુ બતાવે છે કે નહિ? નિજ જ્ઞાયક આત્માને તું સ્વયં જાણતો નથી અને જે જાણે છે તેની સંગતિ કરતો નથી, તો તું આત્મામાં એક પગલું પણ નહિ ભરી શકે.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૮૪૧)**

## શ્રી નિયમસાર, શ્લોક-૧૭૩ થી ૧૭૫
## પ્રવચન નં.૧૨૯, તા.૨૦-૫-૧૯૮૦
## (૯)

'નિયમસાર' આલોચના અધિકાર. ૧૭૩ શ્લોક છે.

**शुद्धं तत्त्वं बुद्धलोकत्रयं यद्**
**बुद्ध्वा बुद्ध्वा निर्विकल्पं मुमुक्षुः।**
**तत्सिद्ध्यर्थं शुद्धशीलं चरित्वा**
**सिद्धिं यायात् सिद्धिसीमन्तिनीशः।।१७३।।**

**શ્લોકાર્થ :- 'મુમુક્ષુ જીવ...'** જેને મોક્ષની અભિલાષા, અંતર તત્ત્વની જેને અભિલાષા છે એને અહીંયાં મુમુક્ષુ કહે છે. **'મુમુક્ષુ જીવ ત્રણ લોકને જાણનારા નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વને બરાબર જાણીને...'** ત્યાં 'રાજકોટ'માં પ્રશ્ન થયો હતો. એમ કે ભગવાનને ત્રણ લોકના નાથ કહ્યા છે. .... એ તો નથી. ત્રણલોકના નાથ કહ્યા છે એ જાણવાની અપેક્ષાએ. અહીં કહ્યું ને **'ત્રણ લોકને જાણનારા...'** એને ત્રણ લોકના નાથ કહેવામાં આવે છે. એ ક્યાં કોઈના ...

**'ત્રણ લોકને જાણનારા...'** કોણ? કે નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વ, નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વ. ભેદ વિનાનું અભેદ અંદર તત્ત્વ, એને અહીંયાં નિર્વિકલ્પ તત્ત્વ કહે છે. જેમાં ભેદ નથી. આ ગુણ અને ગુણી એવો પણ જેમાં ભેદ નથી. એવું જે અભેદ તત્ત્વ, એને જાણીને. **'ત્રણ લોકને જાણનારા નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વને બરાબર જાણીને...'** એમ કહ્યું. આહાહા..! **'તેની સિદ્ધિને અર્થે...'** તેની પૂર્ણ પ્રાપ્તિને અર્થે **'શુદ્ધ શીલને (ચારિત્રને આચરીને,...)'** જાણીને પહેલું કહ્યું પછી આચરીને કહ્યું. જાણ્યા વિના કોનું આચરણ? શુદ્ધ આત્મા આનંદસ્વરૂપ, અનંતગુણથી ભરેલો ચૈતન્યરત્નાકર દેવ છે. એને જાણીને. એને જાણીને ક્યારે થાય? પર તરફના વલણને છોડી, રાગને, સંયોગને ભેદને છોડીને અંતર અભેદ ચીજ છે, એને જાણીને, એનું જ્ઞાન કરીને. પછી ચારિત્ર. શુદ્ધ શીલ પાછું. ચારિત્ર એ શુદ્ધ. પંચ મહાવ્રતાદિ એ નહિ. એથી એ શબ્દ લીધો છે. પંચ મહાવ્રતાદિ નહિ. શુદ્ધ શીલ. આહાહા..!

જ્ઞાનસ્વરૂપી ભગવાન, તદ્દન અભેદ શુદ્ધનું જ્ઞાન કરીને એમાં રમવું, ચરવું એનું નામ શુદ્ધ ચારિત્ર. શુદ્ધ શીલ. શીલ એટલે ચારિત્ર. એવા **'શુદ્ધ શીલને (ચારિત્ર)ને આચરીને, સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે'** આહાહા..! મુક્તિરૂપી પૂર્ણ દશા એનો એ ધણી થાય, એમ કહે છે. મુક્તિરૂપી પૂર્ણ દશા એ શુદ્ધ તત્ત્વને જાણી એમાં શીલ એટલે આચરણ કરી મુક્તિરૂપી પરિણતિ

તેને પ્રાપ્ત થાય. એથી એને સ્ત્રીનો સ્વામી કહ્યો. 'સિદ્ધિને પામે છે.' કહ્યું ને? '**સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય...**' એટલે શું? '**સિદ્ધિને પામે છે.**' આહાહા..! તત્ત્વની પણ વાત કરી, ઉપાયની પણ કહી અને ઉપેયની પણ કહી. એક શ્લોકમાં ત્રણ આવી ગયું. અંદર શુદ્ધ અભેદ ચૈતન્ય તે તત્ત્વ. એને જાણીને એ સમ્યક્‌જ્ઞાન. જાણીને માન્યું એ સમ્યગ્દર્શન. અને એમાં શુદ્ધ શીલ, સ્વરૂપમાં આચરણ અંદર ચારિત્ર. આહાહા..! ચારિત્ર એટલે મોક્ષનો માર્ગ. જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણ મોક્ષનો માર્ગ. આહાહા..!

'**સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છેસિદ્ધિને પામે છે.**' એક શ્લોકમાં તો ઘણું બધું આવી ગયું. બાહ્ય ક્રિયાકાંડથી, તેમ બાહ્ય શાસ્ત્રના એકલા જ્ઞાનથી તે પ્રાપ્ત થાય એવો નથી. વસ્તુ છે, પૂર્ણ જ્ઞાન અને આનંદથી ભરેલું તત્ત્વ છે. એને પામવા માટે તો તેની સન્મુખતા અને સંયોગ રાગ અને પર્યાયની વિમુખતા (થવી જોઈએ). દ્રવ્યસ્વભાવની સન્મુખતા. સંયોગ. દેવ-ગુરુ-શાસ્ત્ર સંયોગમાં ભલે હો. આહાહા..! એનાથી પણ રહિત. એના પ્રત્યેનો રાગ છે, એનાથી પણ રહિત. અને રાગમાં, પર્યાયમાં જે જ્ઞાન થાય છે એ પર્યાયથી પણ રહિત. આહાહા..! ત્રિકાળી જે શુદ્ધતત્ત્વ છે, એને જાણીમાનીને આચરણ, એ સિદ્ધિનું કારણ છે. મુકિતનું એ કારણ છે. આહાહા..! ૧૭૩ શ્લોક (પૂરો) થયો.

**सानन्दं तत्त्वमज्जज्जिनमुनिहृदयाम्भोजकिंजल्कमध्ये**
**निर्व्याबाधं विशुद्धं स्मरशरगहनानीकदावाग्निरूपम्।**
**शुद्धज्ञानप्रदीपप्रहतयमिमनोगेहधोरान्धकारं**
**तद्वन्दे साधुवन्द्यं जननजलनिधौ लंघने यानपात्रम्।।१७४।।**

**શ્લોકાર્થ :- 'તત્ત્વમાં મગ્ન એવા જિનમુનિના હૃદયકમળના કેસરમાં જે આનંદ સહિત બિરાજમાન છે,...**' આહાહા..! એકલું માખણ છે. અંદરમાં તત્ત્વમાં જે મગ્ન છે. ચૈતન્યતત્ત્વ, ધ્રુવ અનંતગુણથી એકરૂપ, એવા તત્ત્વમાં જે મગ્ન છે. એવા '**જિનમુનિના હૃદયકમળના કેસરમાં જે આનંદ સહિત બિરાજમાન છે,...**' કેસર જેમ ફૂલમાં હોય એમ આ પ્રગટ આનંદની દશા સહિત બિરાજે છે. આહાહા..! '**તત્ત્વમાં મગ્ન એવા જિનમુનિ...**' આ કાંઈ મુનિ ક્રિયા કરે, મહાવ્રત પાળે એ નહિ. આ તો '**તત્ત્વમાં મગ્ન...**' આહાહા..! '**એવા જિનમુનિના હૃદયકમળના કેસરમાં જે આનંદ સહિત બિરાજમાન છે,...**' જેમ કમળમાં કેસર બહાર આવે, એમ આ હૃદયમાં ભગવાનઆત્મા આનંદસહિત બહાર આવે છે. એની દૃષ્ટિ કરતાં, એનો આદર કરતાં અતીન્દ્રિય આનંદના કેસરસહિત બહાર આવે છે. શકિતરૂપે રહે છે એમ નહિ. આહાહા..! તત્ત્વમાં અંતર એકાગ્ર થતા અંતરના આનંદનું, જેમ કમળમાં કેસર હોય, એમ આત્મામાં આનંદસહિત એ આત્મા બહાર આવે છે. આહાહા..! આવી વાતું છે. બધાની વાત એક છે. કુંચી એક છે, કુંચી. છોકરો બોલ્યો હતો. બધાની કુંચી એક છે એમ બોલે છે. આત્માની એક જ કુંચી

છે કે અંદર ત્રિકાળ સ્વભાવ તરફ જવું.

આનંદસ્વરૂપ અંદર ભગવાનઆત્મા... આહાહા..! કેસર બહાર આવે છે ને? કમળમાં શકિતરૂપે રહેતું નથી, કેસર બહાર આવે છે. આહાહા..! એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની શકિતથી ભરેલો, એને જાણીને '**હૃદયકમળના કેસરમાં...**' હૃદયકમળમાં એ આનંદનું સ્ફુરણ થાય છે. '**જે આનંદ સહિત બિરાજમાન છે,...**' આહાહા..! પણ કોને? કહે છે. તત્ત્વમાં મગ્ન એવાને. તત્ત્વ જે આત્મા ભગવાનસ્વરૂપ... આહાહા..! કેમ બેસે? અત્યારે ભગવાન! ભગવાન તો ક્યારે થાય? આહાહા..! ભગવાન જ છો. ભગવાન જો ન હોય તો ભગવાનપણું આવશે ક્યાંથી? કાંઈ બહારથી આવે એવું છે?

ભગવાનસ્વરૂપ આત્મા એવા તત્ત્વમાં જે મગ્ન છે એમ કીધું. '**એવા જિનમુનિના હૃદયકમળના કેસરમાં જે આનંદ સહિત બિરાજમાન છે,...**' એ જીવ લીધો છે. આલોચનામાં આલોચના એટલે જીવને જોનારો અને જીવમાં મગ્ન એ આલોચના છે. આલોચના અધિકાર છે ને? આહાહા..! એ તત્ત્વ જે છે એને જોવે છે, એને જાણે છે, એમાં મગ્ન છે, તેને આનંદ સહિત આત્મા બિરાજે છે. પ્રગટ આનંદસહિત બિરાજે છે. આહાહા..! 'જે બાધા રહિત છે,...' જેને કોઈ વિઘ્ન નથી. એવું એ આત્માનું સ્વરૂપ છે, જે તત્ત્વમાં મગ્ન છે, કે જેને બાધા કોઈ નથી. વિઘ્ન કોઈ છે જ નહિ. કે કર્મનો ઉદય આકરો આવશે તો આમ થશે ને તેમ થશે. તત્ત્વમાં મગ્ન પુરુષાર્થીને કોઈ જાતનું વિઘ્ન અંતરમાં આવતું નથી. આહાહા..! વીતરાગમાર્ગ બહુ ઝીણો. અત્યારે તો બધું ક્રિયાકાંડમાં ઉતારી નાખ્યું. દયા પાળો, વ્રત કરો, ભકિત કરો, પૂજા કરો. આમાં ભકિત... આહાહા..!

તત્ત્વ જે અંદર છે, અને કહે છે જે તત્ત્વમાં મગ્ન છે '**એવા જિનમુનિના હૃદયકમળમાં...**' આહાહા..! કમળમાં જેમ કેસર (હોય) એમ આનંદ સહિત બિરાજમાન છે. પણ તત્ત્વમાં જે મગ્ન છે તેને આનંદસહિત બિરાજમાન છે. આમ તો આત્મા આનંદસહિત ત્રિકાળ છે. પણ અંદરમાં મગ્ન (થયા) વિના પર્યાયમાં આનંદ આવતો નથી. આહાહા..! આવો ઉપદેશ. સાધન શું હશે? આ સાધન. તત્ત્વને જાણવું, માનવું અને ઠરવું એ એનું સાધન. મુકિતનું એ સાધન છે. આહાહા..!

'**જે બાધા રહિત છે, જે વિશુદ્ધ છે,...**' જે વિશુદ્ધ છે. વિશુદ્ધ અર્થમાં તો શુભભાવમાં પણ આવે છે અને શુદ્ધમાં પણ આવો અર્થ આવે છે. અહીં શુદ્ધના અર્થમાં વિશુદ્ધ છે. વિશુદ્ધ છે– એકલો નિર્મળ શુદ્ધ છે. '**જે કામદેવના બાણોની ગહન (દુર્ભેદ્ય) સેનાને બાળી નાખવા માટે...**' આહાહા..! કેવો છે ભગવાનઆત્મા? કે જે બાહ્યની સુંદરતા દેખીને, પાંચ ઇન્દ્રિયાના વિષયો અંદર આમ સુંદરતા, શરીરની સુંદરતાને દેખીને જે કામ ઉત્પન્ન થાય એવા કામબાણનો તો નાશ કરી નાખે એવો છે. આહાહા..! 'કામદેવ...' લે, હવે એને દેવ કીધો. '**કામદેવના બાણો...**' આહાહા..! રૂપાળુ કાંઈક શરીર દેખે, રૂપાળી કોઈ ચીજ દેખે, અંદરમાં ઘા વાગી જાય. આ ઠીક

છે, ત્યાં રોકાઈ જાય. એ કામદેવનું બાણ છે. આહાહા..! પાંચે ઈન્દ્રિય તરફની અનુકૂળ ચીજને દેખીને, તેમાં રાગની ઉત્પત્તિ કરીને અંદર રોકાઈ જવું, એ કામદેવના બાણ છે. તેને આ હણી નાખે છે.

'**કામદેવના બાણોની ગહન (દુર્ભેદ્ય) સેના...**' એટલે કે... આહાહા..! આંખથી દેખવું, કાનથી સાંભળવું વગેરે પાંચ ઈન્દ્રિયની ઘણી જ અંદર પ્રીતિ અને પ્રેમ ઉત્પન્ન થાય, એ એને દુર્ભેદ છે. આહાહા..! એનો નાશ કરવો. દુર્ભેદ એવી સેના. આહાહા..! જુવાન શરીર હોય, ઈન્દ્રિયો પુષ્ટ હોય, ખોરાક અને પૈસાસાધન હોય. અંદરથી ફાટી નીકળે, જાણે, બસ, અમે આ છીએ, અમે સુખી છીએ. આહાહા..! એવા પાંચ ઈન્દ્રિયના બાણ જે છે તેને. એ બાણ છે કેવા? દુર્ભેદ્ય. નાશ કરવું મુશ્કેલ છે. આહાહા..! એને ભેદ કરવો (મુશ્કેલ છે). આહાહા..! પોતાની કીર્તિ સાંભળે, આબરૂ સાંભળે ત્યાં અંદરમાં એને ગલગલીયા થાય. એની જ્યાં મોટપ સાંભળે, એ બધા કામના બાણ છે. દુર્ભેદ્ય છે. એનો ભેદનાશ કરવો એ મુશ્કેલ, દુષ્કર છે.

છતાં તેની '**સેનાને બાળી નાખવા માટે...**' આહાહા..! તત્ત્વ એવું છે. ભગવાન ચૈતન્ય તત્ત્વ અતીન્દ્રિય આનંદનું તત્ત્વ (એવું છે) કે કામની સેના જે દુર્ભેદ છે તેને પણ બાળી નાખવા સમર્થ છે. '**બાળી નાખવા માટે દાવાનળ સમાન છે...**' સાધારણ અગ્નિ નહિ. આહાહા..! દાવાનળ જેમ જંગલમાં હોય અને મોટા ઝાડવા બાળી નાખે. સુકા અને લીલા... આહાહા..! દાવાનળ લીલા અને સુકાને બાળીને રાખ કરી નાખે. એમ આત્માનું તત્ત્વનું મગ્નપણું અંદર... આહાહા..! '**દાવાનળ સમાન છે.**' આહાહા..! કામની સેના દુર્ભેદ્ય હોવા છતાં તેને બાળી નાખવા સમર્થ છે. આહાહા..! આ આલોચના... આ આલોચના. મોઢેથી ગુરુને કહેવું કે મને આમ થયું, તેમ થયું એ બધી વિકલ્પની આલોચના છે. આ તો નિર્વિકલ્પ આલોચના છે. આહાહા..!

'**અને જેણે શુદ્ધજ્ઞાનરૂપ દીપક વડે...**' આહાહા..! શુદ્ધ સમ્યગ્જ્ઞાન વડે, ચૈતન્યપ્રકાશ વડે અંદરના તત્ત્વને પકડવાથી એનો ચૈતન્યનો પ્રકાશ પ્રગટ્યો. એ ચૈતન્યના પ્રકાશ વડે, '**દીપક વડે મુનિઓના મનોગૃહના ઘોર અંધકારનો નાશ કર્યો છે,...**' આહાહા..! જે ભગવાન ચૈતન્ય અંદર છે, એનો જેણે આદર કર્યો તેને ચૈતન્યના પ્રકાશ વડે, મુનિઓના હૃદયમાં જે અંધકાર છે એનો એણે નાશ કર્યો. ઘોર અંધકારનો નાશ કર્યો. આહાહા..!

**શ્રોતા :–** મુનિઓના મનોગૃહમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પહેલા દુર્ભેદ કીધું હતું. કહે છે કે પણ છે ઘોર. આહાહા..! ઘોર અંધકાર. મોહરૂપી ઘોર અંધકાર. એ ચૈતન્યના તત્ત્વના અવલંબનથી દાવાનળ સમાન ચૈતન્ય ભગવાન કામની સેનાને બાળવા સમર્થ છે. આહાહા..! ઈન્દ્રની ઈન્દ્રાણી આવીને પણ જો ચળાવવા આવે તો કહે છે કે આત્મા સમર્થ છે. એ કામબાણની સેનાને દાવાનળ સમાન છે. આહાહા..! તે કેવો? ઘોર દાવાનળ. આહાહા..!

'**ઘોર અંધકારનો નાશ કર્યો છે,...**' આહાહા..! '**તેનેસાધુઓ વડે વંદ્ય...**' આહાહા..! આવું

તત્ત્વ છે એ સંતો વડે વંદનિક છે, સાધુ વડે આદરણીય છે. આહાહા..! **'સાધુઓ વડે વંદ્ય અને જન્માર્ણવને ઓળંગી જવામાં...'** આહાહા..! જન્મરૂપી અર્ણવ એટલે દરિયો, એને **'ઓળંગી જવામાં...'** શુદ્ધ તત્ત્વનો આશ્રય એ **'જન્માર્ણવને ઓળંગી જવામાં નૌકારૂપ...'** જેમ દરિયામાં નાવથી તરીને જાય. નાવ-નાવ, નૌકા. આહાહા..! **'સાધુ વડે વંદ્ય...'** ભાવલિંગી સાધુ. જેને ભાવ આનંદનું લિંગ-ચિહ્ન પ્રગટ્યું છે. આહાહા..! એ જેનું કેસર છે. કમળનું જેમ કેસર (હોય તેમ). એ દુર્ભેદ્ય કામબાણ હોવા છતાં સંતોને વંદનિક છે અને જન્માર્ણવને ઓળંગી જતા... આહાહા..! જન્મરૂપી દરિયો, જન્મ-મરણ... જન્મ-મરણ... જન્મ-મરણ... એક જન્મ થાય ત્યાં મરે ત્યાં બીજો જન્મ, બીજો મરે ત્યાં ત્રીજો જન્મ. એવા અનંતા અનંતા મરણ. આ પાંચ-પચ્ચીસ-પચાસ વર્ષ સ્થિતિની મુદ્દત કેટલી? સો વર્ષની લ્યો ને. મુદ્દત કેટલી અનંતકાળ સામે? એવા સો સો વર્ષની જિંદગી. જન્મરૂપી અર્ણવ સંસાર... આહાહા..! **'ઓળંગી જવામાં નૌકારૂપ...'** છે. પાણીનો મોટો દરિયો ભર્યો હોય એને નાવ હોય તો નાવથી એ તરી શકે છે. એમ આ ભગવાનઆત્મા પોતાના સ્વરૂપમાં લીન થઈ અને મોહાંધકારનો નાશ કરી શકે છે. આહાહા..! આમાં બહારનું શું કરવું કાંઈ આવતું નથી. કઈ ક્રિયા કરવી કે... આહાહા..!

જડની ક્રિયા તો આત્મા કરી શકતો નથી. અંદર અશુદ્ધ પરિણામના રાગાદિ આવે એ તો દુઃખ ને આકુળતા છે. એને તો છેદવા માટે આ આલોચના એટલે જીવને જોવો, અંદર જોવો કે આ છે કોણ પણ? આહાહા..! મુનિના હૃદયકમળમાં... આહાહા..! **'મનોગૃહના ઘોર અંધકારનો નાશ કર્યો છે, તેનેસાધુઓ વડે વંદ્ય અને જન્માર્ણવને ઓળંગી જવામાં...'** આહાહા..! સંસારના ભવ કરવાના પરિણામથી ઓળંગી ગયો છે. જે ભાવે ભવ મળે તે ભાવથી ઓળંગી ગયો છે. આહાહા..! આવી વાતું છે.

મુનિરાજ પંચમઆરાના મુનિ છે. પંચમઆરાના શ્રોતાને કહે છે. કે ચોથા આરાના છે? આહાહા..! પ્રભુ! તારામાં તૈયારી એટલી છે... આહાહા..! તેની સામું જો અને તેમાં ઠર. આહાહા..! મનોગૃહનો, મોહનો અંધકારનો નાશ થઈ જાય એવો છે. મોહ રહે નહિ. એક છાંટ પણ મોહની રહે નહિ. દરિયામાં જેમ નૌકાથી તરી શકાય, એમ પ્રભુના આશ્રયથી મોહના અંધકારને તરી શકે છે. આહાહા..!

**'તે શુદ્ધ તત્ત્વને...'** મુનિરાજ 'પદ્મપ્રભમલધારિદેવ' કહે છે. એવા **'તત્ત્વને હું વંદું છું.'** પાંચ પરમેષ્ઠીને વંદું છું એ વાત નહિ. આહાહા..! કેમકે એ તો વિકલ્પ છે. આહાહા..! આવા તત્ત્વને.. આહાહા..! **'તે શુદ્ધ તત્ત્વને'** જે તત્ત્વમાં મોહનો નાશ કરવાની તાકાત છે. દુર્ભેદ્ય હોવા છતાં જેને ભેદી નાખે એવી તાકાત છે. રાગાદિ ભેદ કરવો, નાશ કરવો દુર્ભેદ્ય છે. એને બાળી નાખવાને સમર્થ છે એવું જે તત્ત્વ. એવા તત્ત્વને હું વંદું છું. આને હું વંદું છું એમ ભાષા કહે છે. આ આલોચના. આહાહા..! અગમ્યગમ્યની વાતું છે આ. અલકમલકની નહિ. આહાહા..! અગમ્યજે અનાદિથી ગમ્ય થયો નથી એને ગમ્ય કરવાનો આ અધિકાર છે. આહાહા..! એક એક

શ્લોક ઘણા તત્ત્વથી ભર્યો છે. એવા '**તે શુદ્ધ તત્ત્વને...**' એટલે જે સાધુ વડે વંદ્ય છે, જન્માર્ણવને ઓળંગી જવામાં નૌકારૂપ છે, જે મુનિઓને મનોગૃહના ઘોર અંધકારને નાશ કરવા સમર્થ છે, એવું જે શુદ્ધતત્ત્વ એને હું વંદું છું. આહાહા..! આવો માર્ગ છે.

**શ્રોતા :-** આત્મા તો અકર્તા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર્તા છે અને અકર્તા છે. બેય છે. રાગનો અકર્તા છે અને સ્વરૂપની પર્યાયનો કર્તા છે. અને એક ન્યાયે તો શુદ્ધપર્યાયનો એ કર્તા નથી. પર્યાય પર્યાયથી થાય છે. અહીં એકસાથે અભેદ કરીને સમજાવું છે ને? એમ કરી નાખે કે આત્મા પર્યાયને છેદી નાખે છે. છેદી તો રાગને માટે છે. નિર્મળ પર્યાયને છેદે છે? નિર્મળ પર્યાય પ્રગટી છે તેનો આશ્રય તત્ત્વ છે. ધર્મની નિર્મળ પર્યાય પ્રગટી છે તેનો આશ્રય સ્વતંત્ર પર્યાય કર્તા થઈ અને ધ્રુવનો આશ્રય લે છે. આહાહા..! ઘણી ઝીણી વાત, ભાઈ! એથી પર્યાય પણ સ્વતંત્ર છે. નિર્મળ જે પર્યાય છે તે સ્વતંત્ર છે. એ પર્યાય પર્યાયને વાંદે છે. પર્યાય ધ્રુવને વાંદે છે. વાંદે છે તો બેયને. સમજાય છે કાંઈ? આહાહા..! બેયનો આદર છે. ધ્રુવનો આદર છે અને ધ્રુવના આદરથી પ્રગટેલી દશાનો પણ આદર છે. આહાહા..! આવી વાત આવે ત્યાં લોકોને (એમ થાય છે કે) એકલી નિશ્ચયની વાત છે, ત્યાં તો નિશ્ચયની વાતું કરે છે. પણ બાપુ! નિશ્ચય એટલે સત્ય. નિશ્ચય એટલે સાચું. વ્યવહાર એટલે આરોપિત. આહાહા..! એવા સત્‌ને પ્રભુ તેં સાંભળ્યું નથી.

અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર છે. એ શરીર પ્રમાણે દેખતા એને એમ લાગે કે આવડો મોટો અહીં હશે? ભલે અવગાહન શરીર પ્રમાણે હો. છતાં એનો સ્વભાવ છે એ તો અપાર છે. અનંતઆનંદ અને અનંતજ્ઞાન. અનંત એટલે જેમાં અંત નથી. એટલું જ્ઞાન-દર્શન અને શાંતિ ભરી છે. શાંતિ... શાંતિ... શાંતિ... એનો આશ્રય લેનારને શાંતિ મળે એમ છે, બાકી શાંતિ ક્યાંયથી મળે એવી નથી. આહાહા..! ત્યાં પ્રશ્ન બહુ થયા છે. એમ કે આ શુભભાવ કરીએ એમાં જરી શાંતિ લાગે છે ને? 'ચંદુભાઈ' પ્રશ્ન કરતા હતા. બહુ કરતા. શુભભાવમાં જરી શાંતિ લાગે છે એટલે શું? શાંતિ નથી અને લાગે છે એ ક્યાંથી આવ્યું? શુભભાવ તો અશાંતિ છે, શુભભાવ તો આકુળતા છે. આહાહા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુર્ભેદ તો કીધું. થઈ શકવા લાયક છે. આકરું પણ અશક્ય નથી. થઈ શકે નહિ એવું આકરું નથી. હજી આગળ કહેશે. આ સહેલું છે એમ કહેશે. આમાં છે ને? ૧૭૬, ૧૭૬. '**નિરંતર સુલભ છે,...**' ૧૭૬ કળશ. આહાહા..! છે? ૧૭૬ કળશની બીજી લીટી. એની શરૂઆતમાં '**જે નિરંતર સુલભ છે,...**' ભગવાન. આહાહા..! 'શ્રીમદ્‌'માં પણ આવે છે. સત્ સત્ છે, સરળ છે, સર્વત્ર છે. આ બતાવનારા જોઈએ એટલું (વિશેષ કહ્યું). આહાહા..! અહીં તો કીધું કે સત્ નિરંતર સુલભ છે. એમ નથી કહ્યું કે એ નહિ પમાય. આહાહા..! પોતે જ એને મોંઘુ છે એમ માનીને અંદરમાં પુરુષાર્થ કરી શકતો નથી. નહિતર જે નિરંતર સુલભ છે. આહાહા..!

**શ્રોતા :-** બોધિદુર્લભભાવના ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બોધિદુર્લભભાવના અપેક્ષાએ છે. એ તો પહેલું કહ્યું, દુર્ભેદ્ય છે. શા માટે? ભેદવું દુર્લભ છે પણ થઈ શકે છે. થઈ શકે એવું એ તત્ત્વ છે. તત્ત્વની સામું જોતા એ કોઈ રહી શકે, એનાથી વિરુદ્ધભાવ કોઈ રહી શકે એ તાકાત નથી. એવું એ તત્ત્વ છે. જેના તત્ત્વના પ્રકાશના આદર અને સ્વભાવ ને સત્કાર આગળ, એનાથી વિરુદ્ધનો ભાવ ઊભો રહી શકે નહિ એવું એ તત્ત્વ છે. વિશ્વાસ આવવો જોઈએ ને? આહાહા..!

અહીં તો સંતો વાત કરે છે એ પોતાની છે એ વાત બીજાને કરે છે. ભાઈ! એ થઈ શકે છે. આ તું લાખ કરીને પોતાનું માનવા માગ તો અનંતકાળ થયો તો નહિ થાય. અને રાગનો કણ પણ મારો માનવા માગીશ (તો) અનંતકાળ થયો તોપણ નહિ થાય. સમજાય છે કાંઈ? દયા, દાનનો વિકલ્પ ઊઠે એને પોતાનો કરવા માગીશ તો ત્રણ કાળમાં નહિ થાય. આહાહા..! આ થઈ શકશે માટે સુલભ કીધું છે. કહો, 'ચેતનજી'! સુલભ કીધું છે એ કઈ રીતે? અનંતકાળ થયો, પ્રભુ! રાગના કણને મારો માનવામાં મથ્યો છે. પણ કોઈ દિ' રાગનો કણ એનો થતો નથી. રાગ અને આત્માની વચ્ચે તો સાંધ છે. આહાહા..! એ સાંધ કોઈ દિ' તોડીને રાગ એકત્વ થતો નથી. પણ રાગને તોડીને ભગવાનઆત્મા પૂર્ણાનંદને પ્રાપ્ત કરી શકે એવો એ નિરંતર સુલભ છે. આહાહા..! અરે..રે..! વાત સાંભળી છે ક્યાં? એના ઘરની અંદરમાં ઘરમાં શું ભર્યું છે? તાળા માર્યા છે. દયા, દાન વગેરે રાગ અને રાગના ફળ દેખી અને હરખાઈ ગયો અને આત્માના અંતર સ્વભાવને તાળા માર્યા. આહાહા..! એ ૧૭૬માં આવશે પછી. '**નિરંતર સુલભ છે,...**' આહાહા..!

હવે ૧૭૫.

**अभिनवमिदं पापं यायाः समग्रधियोऽपि ये**
**विदधति परं ब्रूमः किं ते तपस्विन एव हि।**
**हृदि विलसितं शुद्धं ज्ञानं च पिंडमनुत्तमं**
**पदमिदमहो ज्ञात्वा भूयोऽपि यान्ति सरागताम्॥१७५॥**

આહાહા..! 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ છે, આચાર્ય નથી. આહાહા..!

**શ્લોકાર્થ :-** અરે..! '**અમે પૂછીએ છીએ કેજેઓ સમગ્ર બુદ્ધિવાળા હોવા છતાં...**' બહુ જાણપણું ધાર્યું છે એવા હોવા છતાં, એમ કહે છે. અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો, વાતું કરતા તો બહુ આવડી. આહાહા..! '**જેઓ સમગ્ર બુદ્ધિવાળા...**' બુદ્ધિમાં તો જાણે એવી વાતું કરવા બેસે જાણે... આહાહા..! ડાહ્યાનો દીકરો જાણે ઉતર્યો. ભગવાન! '**જેઓ સમગ્ર બુદ્ધિવાળા હોવા છતાં બીજાને 'આ નવું પાપ કર' એમ ઉપદેશે છે,...**' આહાહા..! આ રાગને કર એમ કેમ ઉપદેશે છે એ? આ એમ કહે છે. આહાહા..! '**અમે પૂછીએ છીએ કેજેઓ...**' ઘણા બુદ્ધિવાળા કહેવાય. આવા (હોવા) છતાં રાગ કર, પુણ્ય કર એનાથી તને લાભ (થશે એમ કહે

છે). શું છે આ તને? એમ કહે છે. આહાહા..! '**જેઓ સમગ્ર બુદ્ધિવાળા હોવા છતાં બીજાને 'આ નવું પાપ કર'...**' આહાહા..!

**શ્રોતા :–** નવું પાપ કર એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર એટલે આ રાગને પોતાનો માન એમ કર. રાગથી લાભ થાય એમ કર. આ શું થયું તને? એમ કહે છે. 'ચેતનજી'! આહાહા..! આમ વાત છે. પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ છો ને. એમાં શુભરાગ પણ પાપ છે. આકુળતા છે એ કર, તને આ ક્યાંથી સૂઝ્યું? તેં ઘણું સાંભળ્યું અને ધાર્યું છે ને? શાસ્ત્રને સમગ્ર બુદ્ધિવાળો થયો છો ને. આહાહા..!

**શ્રોતા :–** એમ કરીને મશ્કરી કરી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મશ્કરી એને ઉડાવી દીધો. ધર્મમાં તું છો જ નહિ, જા. નાલાયક છો. જાણપણાની બધી મોટી મોટી વાતું કરતા આવડે છે અને તત્ત્વની ષ્ટિનો આદર નથી. એની વાત કરીએ ત્યારે તને અંદર લાગે આ તો ઝીણું છે, આ તો બીજી વાત છે. પણ આ જાડી વાત એ તને સહેલી લાગે છે. થયું છે શું? મિથ્યાત્વનો દારૂ પીધો છે. આવી વાત છે. આ તો દિગંબર સંતોની વાતું, બાપા! આહાહા..! ક્યાંય છે નહિ. દિગંબર સંતો સિવાય આવી વાત ક્યાંય છે નહિ. લોકોને આકરું લાગે. પણ આ આકરું નથી લાગતું.

હું એક ચૈતન્યમૂર્તિ, તેં ઘણા જાણપણા કર્યા. એ જાણપણા કર્યા છતાં.. ચૈતન્યના નહિ. જાણપણા કર્યા બધા ધારણાના. અને વળી નવું પાપ કર, જે આત્મામાં નથી એવા પુણ્ય, નવા પાપ કર... આહાહા..! મુનિ ઉછળી ગયા છે. આહાહા..! ભગવાન વીતરાગમૂર્તિ છે ને પ્રભુ! તેં જાણપણા ઘણા કર્યા છતાં તું વીતરાગમૂર્તિને ન આદરતા, જે આત્મામાં નથી એવા રાગને નવા કર, આ શું થયું તને? આહાહા..! '**એમ ઉપદેશે છે, તેઓ શું ખરેખર તપસ્વી છે**?' કે મુનિ છે? રાગ જે સ્વરૂપમાં નથી, એને નવો કર. એમાં નથી એ નવું કર. તો એનાથી તને લાભ થશે. પહેલું એ આવે અને આવે તો એનાથી લાભ થશે. આવી વાત તું કરવા કેમ માંડ્યો છો? એમ કહે છે. એય..! આ તો બીજી વાતું છે, બાપા! આહાહા..! તેઓ શું ખરેખર મુનિ છે? જે વ્યવહારના રાગને આદરણીય મનાવે છે, એવા નવા પાપ કરાવે છે એ શું મુનિ છે? આહાહા..! આવી વાત છે. એમાં છે કે નહિ? આહાહા..! પ્રભુ! તું અનાદિ સનાતન શાંતિનો સાગર છો, પ્રભુ! એનું તેં જાણપણું કર્યું નહિ અને વાતું કરવાની વાતનું જાણપણું કર્યું. અને એ જાણપણામાં વળી તેં એમ ઠરાવ્યું કે ભાઈ શુભ થયા વિના ચાલશે નહિ. શુભ વિના તો અંદર જવાશે નહિ. પાધરા જવાતા હશે?

**શ્રોતા :–** એ આંગણુ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આંગણું છે. અરે..! તને શું થયું આ? એને ઓળંગી જઈને પ્રાપ્ત થાય છે. એનાથી થતું નથી. શુભભાવથી આત્માની પ્રાપ્તિ થતી નથી. લાખ ભકિત કરે અને કરોડો રૂપિયા ખર્ચીને મંદિર બનાવે અને વ્રત છ-છ મહિનાના અપવાસ કરે, એનાથી પ્રાપ્તિ થતી નથી.

તને શું થયું આ? મુનિ થઈને આ નવું પાપ કરવાનું તને ક્યાંથી સૂઝ્યું? એમ કહે છે. જુઓને! એમ ઉપદેશે છે એમ કીધું ને? આહાહા..! વ્યવહાર રાગનો ભાવ ઉપદેશે છે. રાગથી કલ્યાણ થશે. તેં નવી વાત કાઢી, આવો ઉપદેશ? શુભ કરતાં કરતાં કલ્યાણ થશે.

**શ્રોતા :–** ... થઈ શકે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો વળી બિચારા... અરે..રે..! આહાહા..! મુનિને આ કાળે તો શુભયોગ જ હોય. એમ કહે છે. 'શ્રુતસાગર' છે. 'શાંતિસાગર'ના કેડાયત. એ એમ કહે છે. પ્રભુ... પ્રભુ... પ્રભુ! આવું તને ક્યાંથી સૂઝ્યું? ભાઈ! આ તેં જાણપણા બધા કર્યા. એને જાણપણું ઘણું છે. ક્ષયોપશમ 'ધર્મસાગર' કરતા એને વિશેષ છે. 'શાંતિસાગર'ના કેડે આવ્યા છે ને? એના કરતાં આને.. પદ ન આવ્યું એ જુદા પડી ગયા. વાંચન (ઘણું). પણ આ વાંચન કરીને આવી વાત સ્થપાવી? અરે..રે..! કે અત્યારે તો શુભયોગ જ થશે. શુભ પરિણામ. આવો ઉપદેશ કર્યો! અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! તું આત્મા છો પ્રભુ! એ શુભ પરિણામથી તને લાભ થાય એમ માનીશ તો મિથ્યાત્વનું દુઃખ થશે. અને ભગવાન તને દુઃખ થાય એ કોઈ ઇચ્છે?

આત્માઓ બધા ભગવાન છે. સુખી થાઓ. આત્માના અંદરમાં જઈને સુખી થાવ. દુઃખી થાવ એ વાત અંદર હોય નહિ. આહાહા..! કોઈ પ્રત્યે હલકો, વેર અને વિરુદ્ધ હોય નહિ. કોઈ પ્રાણી પ્રત્યે હલકો માને એમ હોય નહિ. પોતે જેને પૂર્ણ માન્યો છે એ બીજાને હલકો કેમ કહે? આહાહા..! પ્રભુ! તું મોટો છો, ભાઈ! બીજી વાતું કરીને પાપથી ધર્મ થાય, એ પુણ્ય પણ ખરેખર પાપ છે. આહાહા..! 'પાપ પાપ તો સહુ કહે પણ અનુભવી પુણ્યને પાપ કહે.' 'યોગીન્દ્રદેવ'ના દોહરામાં આવે છે. આહાહા..! એ કહેવા આ માગે છે, હોં! આ નવું તને ક્યાંથી સૂઝ્યું? એ તો અનાદિથી પ્રાપ્તિ છે. આહાહા..!

**'જેઓ સમગ્ર બુદ્ધિવાળા...'** જાણે બધું જાણપણું કરી, શાસ્ત્રો વાંચ્યા... આહાહા..! **'છતાં બીજાને 'આ નવું પાપ કર' એમ ઉપદેશે છે,...'** આહાહા..! 'કુંદકુંદાચાર્યે' તો મંદિર બનાવવાની વાતમાં વાત કરી. 'બોધપાહુડ'માં છ કાયની દયાની વાતું કરી. કારણ કે એમાં જરીક હિંસા છે. મંદિર બને એમાં પાણી, પૃથ્વી એ ખ્યાલમાં લઈને બોધમાં નાખ્યું છે. છ કાયની રક્ષા કેમ થાય તે હું વાત કરીશ. આહાહા..! ઓલામાં જરી છ કાયનું આવે છે ને? મંદિર બનાવવામાં પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ હણાય છે. અહીં તો કહે છે કે બિલકુલ બહારમાં જવું જ નહિ એવી સ્થિતિ બતાવવી છે. એ વાત છોડી દે. ફલાણુ કરું, ઢીકણું કરું એ મૂકી દે. આહાહા..! એ તો છકાયની રક્ષાની વાત જ કરી. એમાંથી કોઈપણ પ્રાણી, પૃથ્વી, પાણીને જરી પણ પીડા થાય, એ વાત હવે નહિ કરું. 'બોધપાહુડ'માં કહ્યું. આહાહા..! અહીં કહે છે, કે તું મુનિ થઈને... આહાહા..! તેઓ શું ખરેખર મુનિ છે? જે કોઈ શુભરાગ ને હિંસા આદિથી ધર્મ મનાવે છે.

**શ્રોતા :–** ... મનાવે પણ આંગણું મનાવે તો...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આંગણે ક્યાં છે? આ આંગણું પણ નથી. આંગણું ઓળંગી જાય ત્યારે એને આંગણું કહેવાય. તળેટીને ઓળંગી જાય અને ઉપર જાય ત્યારે હેઠાને તળેટી કહેવાય. આ ડુંગર ઉપર ચડેને? ત્યાં ને ત્યાં ઊભો એને તળેટી કહેવાય? આહાહા..! ઉપર ચડે ત્યારે નીચે તળેટી કહેવાય. એમ શુભને છોડીને સ્વરૂપમાં ઠરે ત્યારે શુભભાવ હતો એનું જ્ઞાન કરે. પણ એનાથી મને લાભ થાય એવો ઉપદેશ ક્યાંથી તેં કાઢ્યો? એમ અહીં તો કહે છે. આહાહા..! 'પદ્મપ્રભમલધારીદેવ'. તેઓ શું ખરેખર મુનિ છે? આહાહા..!

'**અહો! ખેદ છે...**' આહાહા..! '**કે તેઓ હૃદયમાં વિલસિત શુદ્ધજ્ઞાનરૂપ અને સર્વોત્તમ પિંડરૂપ...**' ચૈતન્યપિંડ. '**આ પદને જાણીને ફરીને પણ સરાગતાને પામે છે!**' જોયું? આહાહા..! ભગવાન અંદર '**વિલસિત શુદ્ધજ્ઞાનરૂપ અને સર્વોત્તમ પિંડરૂપ...**' ચૈતન્યપિંડ, ચૈતન્યપદાર્થ. ચૈતન્યદળ પદાર્થ એકલું દળ જ જેનું ચૈતન્યનું છે. એમાં ચૈતન્યની શુદ્ધિ પ્રગટ થાય એવું જ બળ છે. અશુદ્ધિને પ્રગટ કરે એવું એનામાં બળ છે જ નહિ. એ તો પર્યાયમાં અદ્ધરથી કરે છે. એના અનંતગુણમાં કોઈ ગુણ એવો નથી કે વિકાર શુભપણે થાય. અનંતગુણ માયલો એક ગુણ એવો નથી કે શુભપણે થાય. શુભ અધ્ધર પર્યાયમાંથી અદ્ધરથી થાય છે. આહાહા..! આવું છે. સાધારણ માણસે કોઈ દિ' સાંભળ્યું ન હોય એને એમ લાગે કે આ શું કહે છે આવું તે આ? આ બધું ચાલે છે આ, અત્યારે બધા ખોટા? ખોટા-સાચાનો નિર્ણય તું કર. બાપા! તારો નાથ અંદર પડ્યો છે. આહાહા..!

એ કહે છે, જુઓને! કેવો છે? કે '**હૃદયમાં વિલસિત...**' અંદરમાં પડ્યો છે '**શુદ્ધજ્ઞાનરૂપ અને સર્વોત્તમ પિંડ...**' સર્વોત્તમ ચૈતન્યપિંડ. '**આ પદને જાણીને...**' આહાહા..! '**ફરીને પણ સરાગતાને પામે છે!**' વળી રાગથી લાભ થાય એ ક્યાંથી મંડ્યો તું? તું મુનિ છો? એમ કહે છે. મુનિરાજ મુનિને કહે છે. ભગવાન! આહાહા..! તેં બહારના બધા જાણપણા કર્યા, પણ સર્વોત્કૃષ્ટ પ્રભુ ચિદ્‌પિંડ આત્મા, અને જે '**હૃદયમાં વિલસિત શુદ્ધજ્ઞાનરૂપ...**' એમાં જવા માટેની વાત કરતો નથી અને શુભરાગ કર એવી તું પ્રરૂપણા કરે છો, પ્રભુ! એ કાંઈ મુનિપણું છે? આહાહા..!

**શ્રોતા :–** શ્રાવકને માટે તો શુભરાગ છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શ્રાવક પણ નથી. શ્રાવક છે એ તો શુભરાગ આવે છે એમ જાણે છે. કે આ હેય છે, દુઃખ છે. મારી નબળાઈને લઈને આ થાય છે. એટલી અપેક્ષાએ શ્રાવકનો ધર્મ કહ્યો છે ને. ધર્મનો અર્થ એ કે મારાથી અત્યારે વીતરાગતા થતી નથી એથી અશુભથી બચવા હું શુભમાં આવું છું. એથી શ્રાવકનો એને ધર્મ કીધો છે. શ્રાવકની શૈલીમાં, એની રીતમાં, પદ્ધતિમાં આટલું હોય. પણ મુનિને હોય નહિ. છતાં એ શ્રાવકને પણ રાગથી ધર્મ થાય એવી માન્યતા ન હોય. આહાહા..! ત્યાં તો એવું છે. આહાર-પાણીનો સદોશ કરવો.. વગેરે એ તો શ્રાવકનો ધર્મ છે. એમ કહ્યું. એનો અર્થ એની ભૂમિકામાં આવે છે. એટલી વાત છે, બીજું કાંઈ નહિ. અહીં તો મુનિને કહે છે, કે પ્રભુ! તું ક્યાં ગયો? તેં જાણપણા કરીને આ કાઢ્યું? શાસ્ત્ર

વાંચીને તેં આમ કાઢ્યું કે રાગમાં ધર્મ થાય? રાગથી ધર્મ થાય? આહાહા..!

**શ્રોતા :–** રાગથી ધર્મ થાય એમ ન કહ્યું, શુભરાગથી ધર્મ થાય એમ કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ શુભરાગથી ધર્મ થાય એ પાપ છે, મિથ્યાત્વ છે. એમાં હતું, મિથ્યાત્વ તે સંસાર. કહ્યું હતું ને? મિથ્યાત્વ તે સંસાર છે. મિથ્યાત્વ ગયે સિદ્ધ સદૃશ છે. એ શ્લોકમાં છે. સવારે કહ્યું હતું. સિદ્ધ સદૃશ છે. કથનની શૈલી એક અપેક્ષાએ. એક કોર ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધ કહે અને એક કોર સમકિત થયું એને સિદ્ધ સદૃશ કહે. એ વિવક્ષાની અપેક્ષા છે. વિવક્ષાની વિચિત્રતા છે. એથી વિરુદ્ધતા નથી. એ કથનની વિચિત્રતા છે. એમાં તત્ત્વની વિરુદ્ધતા નથી. આહાહા..!

એ આસ્રવમાં કહ્યું છે. આ શબ્દો આસ્રવમાં આવે છે, કે ભાઈ! એક કોર આસ્રવ સમકિતીને આવે નહિ એમ કહો, વળી જઘન્ય જ્ઞાનમાં આસ્રવ આવે અને બંધ થાય એમ કહો. એ વિવક્ષાની વિચિત્રતા છે. કથનની શૈલી કઈ છે એ સમજાવ્યું છે. એમાં લખ્યું છે. વિવક્ષાની વિચિત્રતા છે. વસ્તુ તો વસ્તુ છે. આહાહા..!

અરે..! હૃદયમાં બિરાજતો શુદ્ધ જ્ઞાનરૂપ ભગવાન અને સર્વોત્તમ ચૈતન્યપિંડ, સર્વોત્તમ પદાર્થ. આહાહા..! સર્વોત્તમ પૂર્ણ બળવાળો... આહાહા..! એને મુકીને '**જાણીને ફરીને પણ...**' એને જાણીને ફરીને પણ રાગથી લાભ થાય એ લાવ્યો ક્યાંથી? આ શું કર્યું તેં? તું સાધુ છો? આહાહા..! આકરી વાત પડે, બાપુ! દુનિયાના ધંધા આડે (નવરાશ ન મળે).

**શ્રોતા :–** ... પૂજા કરો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો સમજાવે છે. અશુભથી બચવાને કાળે શુભ ક્રમબદ્ધમાં આવે છે. એટલું. પણ એનાથી ધર્મ થાય છે એમ નથી. અશુભને ...થી ટાળવા, અશુભથી ટાળવા શુભ આવે એવું તો 'પંચાસ્તિકાય'માં છે. પણ એનાથી તને ધર્મ થશે અને જન્મમરણ મટશે આવો ઉપદેશ ક્યાંથી લાવ્યો તું? તું મુનિ છો? આહાહા..! મુનિ હોય તો આવું કર?

'**સર્વોત્તમ પિંડરૂપ આ પદને જાણીને...**' આહાહા..! ભગવાનસ્વરૂપ ચૈતન્યપિંડ પ્રભુ આનંદનો સાગર છે. એને જાણીને પણ... આહાહા..! '**ફરીને પણ સરાગતાને પામે છે!**' એમાં રાગ છે નહિ. એમ તો તેં જાણ્યું છે. છતાં વળી પાછો રાગથી ધર્મ મનાવ. જેમાં જે હોય એનાથી એમાં લાભ થાય. તો રાગ કાંઈ આત્મામાં નથી. એટલે આત્મામાં નથી તેનાથી લાભ થાય એ વાત હોતી જ નથી. આત્મામાં જે દ્રવ્યમાં હોય, જ્ઞાન-દર્શન-આનંદ એનામાં છે તો એનાથી એને લાભ થાય. આહાહા..!

'**સર્વોત્તમ પિંડરૂપ આ પદને જાણીને...**' જોયું? '**આ પદને જાણીને...**' આહાહા..! આવી બુદ્ધિ ક્યાંથી તને આવી? '**સરાગતાને પામે છે!**' '**ફરીને પણ સરાગતાને પામે છે!**' આહાહા..! રાગથી રહિત એવો ભગવાનઆત્મા તેં જાણ્યો, ઊંચી ચીજ છે (એમ જાણ્યું) છતાં વળી ફરીને રાગથી આત્માને લાભ થશે, આ શું તને થયું? વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૧૧
## પ્રવચન નં.૪૨, તા.૨૪-૭-૧૯૭૮
## (૧૦)

'સમયસાર'. ૧૧ ગાથાનો ભાવાર્થ. '**પ્રાણીઓને...**' છે ? '**પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે.**' ત્યાં સુધી આવી ગયું છે. આવ્યું ભાઈને ? શું કહ્યું ? કે ત્રિકાળી આત્મા જે નિશ્ચય છે અને નિશ્ચય તો દ્રવ્યે છે, ગુણે છે, પર્યાયે છે. સ્વની અપેક્ષાએ નિશ્ચય છે, પરની અપેક્ષાએ વ્યવહાર છે. હવે અહીંયાં ત્રિકાળીને નિશ્ચય કહ્યો. એના ગુણભેદને, પર્યાયને વ્યવહારમાં નાખ્યા. કેમ ? કે ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ એ મુખ્ય છે તેથી તે નિશ્ચય છે અને તેને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. તેથી મુખ્યને નિશ્ચય કહી અને પર્યાયાદિના વ્યવહારને ગૌણ કરી અને નથી એમ કહેવામાં આવ્યું હતું. ગૌણ કરીને કહેવામાં. મુખ્ય-ગૌણ. મુખ્ય તે ત્રિકાળી વસ્તુ અને પર્યાય અને રાગાદિ તે વ્યવહાર તે ગૌણ કરીને નથી એમ કહ્યું હતું. આ મુખ્ય કરીને નિશ્ચય છે, સત્યાર્થ છે એમ કહેવામાં આવ્યું હતું. આરે..!

કેમ કહેવામાં આવ્યું હતું એમાં ? આહા..હા...! કે '**પ્રાણીઓને...**' જીવોને '**ભેદરૂપ વ્યવહારનો પક્ષ...**' ભેદરૂપ. પર્યાયનો, ગુણગુણીના ભેદનો, રાગનો... આહા..હા...! એવા '**ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' અનાદિ કાળથી છે. વસ્તુ અખંડ અભેદ છે એનો તો પક્ષ અને આશ્રય કદી લીધો નથી. તેથી અનાદિથી અજ્ઞાનીને ગુણગુણીના ભેદનો અથવા પર્યાયના ભેદનો કે રાગનો પક્ષ અનાદિથી છે. સમજાય છે કાંઈ? '**પ્રાણીઓને...**' એટલે ઘણા જીવોને. એમ. એકને નહિ. '**પ્રાણીઓને...**' આહા..હા...! '**ભેદરૂપ વ્યવહાર...**' એક સમયની પર્યાય અને રાગ અને ગુણગુણીભેદ એ બધો વ્યવહારનો પક્ષ એ ભેદરૂપ વ્યવહાર. ઝીણી વાત છે. ગાથા જ બહુ સૂક્ષ્મ છે અને એનો ભાવાર્થ પણ પંડિતજીએ બહુ સરસ ભર્યો છે. આહા..હા...! ભેદરૂપ વ્યવહાર, એનો પક્ષ તો અનાદિથી પ્રાણીઓને એટલે ઘણા જીવોને તે છે. એક વાત.

'**અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**' એનો ઉપદેશ પણ વ્રત કરો, ઉપવાસ કરો, વ્યવહાર સમકિતના આચરણ, વ્યવહાર જ્ઞાનના આચરણ, તપના આચરણ વ્યવહારના. એનો ઉપદેશ તો અજ્ઞાનીઓ પરસ્પરમાં અહીં કરે છે. આહા..હા...! આબેહુબ ચિતાર આપ્યો છે. પરસ્પર આ તો પ્રરૂપણા કરે છે માને છે દુનિયા. કહેનારા કરે છે અને સાંભળનારા પણ વાહ...! આ બરાબર છે, ઓલા તો નિશ્ચય-નિશ્ચયની વાતું કરે. વ્રત, તપ, ભક્તિ, પૂજા, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય, સમકિતના આઠ વ્યવહાર આચાર, જ્ઞાનાચાર

વ્યવહારના એ કરવા જેવા છે, એ સાધન છે-એવો અજ્ઞાનીઓનો ઉપદેશ છે. '**એનો ઉપદેશ પણ...**' પણ એટલે ઓલો ભેદ વ્યવહારનો પક્ષ તો છે. એમાં બીજી વાત. ઉપદેશ કરનારાઓને અને સાંભળનારાઓને પણ આ વાત રુચિ છે અનાદિથી. આહા..હા...! '**ઉપદેશ પણ...**' એમ છે ને ? એટલે ઓલો પહેલો બોલ રાખીને. '**બહુધા...**' મોટો વર્ગ જીવનો. '**સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**' વ્યવહાર સમકિતના આચરણો, વ્યવહાર જ્ઞાનના આચરણો, વ્યવહાર ચારિત્રના આચરણો, વ્રત, તપ, વ્યવહાર વિનય આદિ... આહા..હા...! અને તપના વ્યવહાર આચરણો અનષનો, ઉદરી વગેરે. અપવાસ કરો, ત્યાગ કરો, ઉણોદરી કરો, રસ છોડો. એવો બહુધા પ્રાણી માહોમાહે પરસ્પર એકબીજાને વાત બેસે છે એથી ઘણા એ કરે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! માળાએ કેટલું ભર્યું છે ટૂંકામાં જુઓ ! કે અનાદિનો એને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો છે અને બહુધા પ્રાણીઓ એનો ઉપદેશ જ આપે છે.

**શ્રોતા :–** ઉપદેશક એવા હોય !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને ઉપદેશક પણ એવા મળ્યા. આહા..હા...! આકરી વાત બહુ. એ પરસ્પર કીધું. એકબીજા ઓલા હા પાડે અને ઓલા ઉપદેશ કરે કે હા, એમ ને એમ નિશ્ચય પાધરો પમાતો હશે ? નિશ્ચય-નિશ્ચયની વાતું કરે પણ વ્યવહાર સાધન વિના નિશ્ચય પમાય ? સાધન છે એમ કહેવાય કથનથી, પણ એ ખરેખર સાધન છે નહિ. આહા..હા...! પરસ્પર એ ઉપદેશ કરે છે. આહા..હા...!

ઉપદેશકો પણ વ્યવહારથી લાભ થાય અને ભેદના પક્ષની વાતું વ્યવહાર સમકિતના આચરણો, વ્યવહારના જ્ઞાનના આચરણો જ્ઞાન, વિનય ઉદ્ધાન વગેરે વ્યવહાર વ્રત, તપ, વ્યવહાર અનશન, ઉણોદરીવાળા તપ. એની વાતું વ્યવહાર સાંભળે તો લાભ થાય, વ્યવહાર કાંઈ કરે તો લાભ થાય એવો પરસ્પર ઉપદેશ અજ્ઞાનીઓ ઘણા પ્રાણીઓ કરે છે. વાત સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** .. મોટો ભાગ ખોટો જ ઉપદેશ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મોટો ભાગ આ જ (ઉપદેશ) કરે છે. આહા..હા...! હવે તો ચીજ એ બોલમાં જરી ઝીણી વાત આવશે. આહા..હા...!

ભગવાન આત્મા એક સમયમાં પરિપૂર્ણ ચીજ, તેનો આશ્રય લેવાથી સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય, સમ્યક્ચારિત્ર થાય. એ વાત મૂકી દઈને બહુધા પ્રાણીઓ માહોમાંહે વ્યવહારનો જ ઉપદેશ કરે છે. એક તો એને ભેદરૂપ વ્યવહાર રુચ્યો છે અનાદિનો (અને) એના ઉપદેશકો પણ એવા એને મળ્યા. સમજાણું કાંઈ? ઉપદેશ પણ તેવા. આવે છે ને ? 'શું કરે જીવ નવીન ?' શું આવે એની પહેલાં ?

**શ્રોતા :–** દ્રવ્યરુચિકર જીવડા, ભાવરુચિકર હીન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, હા, 'દ્રવ્યરૂચિ કર જીવડા, દ્રવ્ય રૂચિ કર જીવડા ભાવરૂચિકર હીન, ..

ઉપદેશક પણ તેહવા, શું કરે જીવ નવીન?' દ્રવ્ય રૂચિકર જીવડા. વ્યવહારની રૂચિ, તપની, વ્રત ને અપવાસ. દેવ-ગુરુનો વિનય કરો, ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો, અપવાસ કરો, વ્યવહાર સમકિતના આઠ આચાર બરાબર પાળો, વ્યવહાર જ્ઞાનના આચાર બરાબર પાળો. કેમકે ભગવાને પણ વ્યવહાર કહ્યો છે ને ? કહ્યો છે કે નહિ ? પણ કહ્યો છે એ શું કરવા ? એ તો નિશ્ચયની સાથે નિમિત્તરૂપે સહચર સાથ દેખીને ઉપચારથી વ્યવહાર કહ્યો છે, પણ એનું ફળ બંધન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? શાંતિથી આ તો વસ્તુમાં... વ્યવહાર અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, નિશ્ચય સત્યાર્થ છે અને નિશ્ચય ભૂતાર્થનો આશ્રય લેતા સમ્યગ્દર્શન થાય એવી જે મૂળ ગાથા અને મૂળ વસ્તુ. ત્યારે કહે આમ કેમ કહ્યું કે વ્યવહાર જૂઠો ? કે ભાઈ ! એ તો ગૌણ કરીને જૂઠો કહ્યો છે. વ્યવહાર વ્યવહાર તરીકે નથી, પર્યાય તરીકે નથી એમ નહિ; તેમ રાગ તરીકે વ્યવહાર આવે છે, નથી એમ નહિ. પણ તેને ગૌણ કરી અને ત્રિકાળી મુખ્યની દૃષ્ટિ કરાવવા ત્રિકાળી તે સત્ય છે અને પર્યાયાદિના વ્યવહારો તે અસત્ય છે એ ગૌણ કરીને અસત્ કીધા છે, અભાવ કરીને અસત્ કીધા નથી. એથી એને મુખ્ય-ગૌણ કરીને કહેવામાં આવ્યું છે. આહા..હા...!

ત્યારે કહે આમ કેમ કહ્યું ?-કે વ્યવહારના ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળનો પોતાને લઈને સ્વચ્છંદે છે અને ઉપદેશકો પણ એવા મળ્યા છે. વ્યવહારનો ઉપદેશ કરી અને બીજાને લાભ થાય એવા સાંભળનારાઓને પણ એમાં ઠીક પડે છે. 'બાબુલાલજી' ! આહા..હા...! છે ?-'**એનો ઉપદેશ પણ...**' શેનો ઉપદેશ ? વ્યવહારનો. દયા, દાન, વ્રત, તપ કરો, વિનય કરો, ભક્તિ કરવી, સમકિતના આચાર પાળવા બરાબર-વ્યવહારના. '**એનો ઉપદેશ પણ...**' એક તો વ્યવહારનો પક્ષ એને છે અનાદિનો, એમાં ઉપદેશ પણ આવા કહેનારા મળ્યા છે. આહા..હા...! બહુધા એટલે ઘણા. સર્વ પ્રાણીઓ-ઘણા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. કહેનારા કરે છે અને સાંભળનારા હા પાડીને પ્રસન્નતા આપે છે. બરાબર છે, સાધન એ જ જોઈએ. એમ ને એમ થતા હશે પાધરા ? નિશ્ચયની વાતું કરે. સમજાણું કાંઈ ? આહા..હા...!

એમ અજ્ઞાનીઓ, ઘણા પ્રાણીઓ તો વ્યવહારનો માંહોમાંહે ઉપદેશ આપી અને પ્રસન્નતા માને છે. આ કહે બહુ સારી. અને એ કરતાં કરતાં થાય ને! પાધરું થાતું હશે ? અશુભ ટાળે, શુભ કેર પછી શુભથી શુદ્ધ થાય.

**શ્રોતા :-** ક્રમ તો છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ક્રમ જ નથી. એ ક્રમ તો સમ્યગ્દર્શન પામ્યા પછી સ્વરૂપની દૃષ્ટિ દ્રવ્યનો આશ્રય કર્યા પછી પહેલાં અશુભ ચારિત્રના શુભના પરિણામ ટાળે અને પછી શુભના ટાળે. એ તો આ અપેક્ષાએ. થયા પછીની વાત છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે સાતમા અધ્યાયમાં.

પહેલો તો ત્રિકાળી આત્મા આનંદ સ્વરૂપ અભેદ, એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય,

એનો અનુભવ થાય એ જીવને પહેલાં ચારિત્રનો અશુભ દોષ છે એ હટાવવો, પછી એને શુભ ટાળીને શુદ્ધ ઉપયોગમાં જાવું; પણ પહેલી દૃષ્ટિ તો શુદ્ધ ઉપયોગમાં આત્માની દૃષ્ટિ થઈ છે એના માટે વાત છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** અજ્ઞાનીએ શું કરવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ અજ્ઞાનીએ શું કરવું આ. વ્યવહાર છોડીને નિશ્ચય કરવો. એ અજ્ઞાનીએ (કરવું). હજી આવશે હજી હવે. હજી ત્રીજા બોલમાં આકરું છે. બે બોલ તો... સમજાણું કાંઈ ?

'**એનો ઉપદેશ પણ...**' એટલે ઓલો ભેદનો પક્ષ તો છે એને. ઉપરાંત એને, ઉપદેશ દેનારા પણ '**બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**' આહા..હા...! બે વાત.

હવે ત્રીજી વાત '**જિનવાણીમાં...**' હવે વીતરાગની વાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ ઘણો આવ્યો છે. સમજાણું કાંઈ ? '**જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ...**' એટલે શુદ્ધ નયના સ્વભાવની દૃષ્ટિમાં તે કાળે '**હસ્તાવલંબ (સહાયક)...**' સહચર દેખીને. સાથે એવો શુભભાવ વ્રત, તપ... સમ્યક્ નિશ્ચય છે એને સહચર તરીકે નિમિત્તમાં વ્યવહાર સમકિતના આઠ આચારો હોય છે. સમજાણું કાંઈ ? એનો ઉપદેશ જીનવાણીમાં પણ આવ્યો છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

'પ્રવચનસાર'માં ચરણાનુયોગમાં કહ્યું નથી ? હે દર્શનાચાર ! સમકિતના વ્યવહાર દર્શન આચાર નિઃશંક આદિ, હું જાણું છું કે તું મારું સ્વરૂપ નથી. 'પ્રવચનસાર'. તું મારું સ્વરૂપ નથી. હું જાણું છું. પણ તારા પ્રસાદથી. એ બધા વ્યવહારના કથન. જ્યાં સુધી હું શુદ્ધ પૂર્ણને ન પામું ત્યાં સુધી તારો પ્રસાદ એટલે તને નિમિત્ત તરીકે અંગીકાર કરું છું, એમ છે ત્યાં. આહા..હા...! કહો, જિનવાણીમાં પણ એમ આવ્યું છે, કહે છે. એક તો ભેદનો પક્ષ એને છે, પરસ્પર ઉપદેશ પણ ભેદનો ઘણા પ્રાણીઓ કરે છે અને ત્રીજું જિનવાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ ઘણો આવ્યો છે. આહા..હા...!

**શ્રોતા :–** શુભ અને અશુભ જાતિ ભેદ કેમ કરે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ કરે છે ભેદ ? ..ની વાત છે. ભેદ ક્યાં છે ? એ તો સમ્યગ્દર્શન થયા પછી અનુભવ સમ્યક્‌નો થાય, પછી પહેલાં એકદમ શુભ ટાળી શકતો નથી. પહેલો અશુભ ટાળીને શુભમાં આવે, પછી શુભ ટાળીને શુદ્ધમાં આવે; પણ એ તો સમ્યગ્દર્શન થયા પછીની વાત છે. સમ્યગ્દર્શન પહેલા એ બિલકુલ વાત જૂઠી છે. અશુભ ટાળે અને શુભ આવે માટે તેને સમ્યગ્દર્શન થાય એ તદ્દન મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? એ તો અહીં કહે છે.

એને શુભભાવનો ધર્મ થાય, ભેદથી ધર્મ થાય, ભેદના વ્યવહારથી લાભ થાય એવી દૃષ્ટિ તો મિથ્યાદૃષ્ટિની અનાદિની છે. ઝીણી વાત છે. અને બીજી, ઉપદેશકો પણ એવું જ એને કહે છે. વ્યવહાર કરો, આ વ્યવહાર તપ કરો, અપવાસ કરો, ત્યાગ કરો. આહા..હા...! સમકિતના આઠ

આચાર વ્યવહારના પહેલાં પાળો પછી નિશ્ચય સમકિત થાય એમ અજ્ઞાનીઓ, ઉપદેશકો બહુધા પરસ્પર એવો ઉપદેશ કરે છે. હવે એથી વાત આગળ લઈ જતાં...

**શ્રોતા :–** શાસ્ત્રો કરે છે ને !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જિનવાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો નિમિત્ત સહચર. સહાયક એટલે સહચહ સાથે જાણી. શુદ્ધ નયનો ઉપદેશ અંતર અનુભવદૃષ્ટિ થાય, છતાં સાથે એને હજી પૂર્ણ વીતરાગ ન થાય ત્યારે એને સાથે અંદર જોડી વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર જ્ઞાનાદિ આવે. સમજાણું ? એથી એને નિમિત્ત સહચર દેખી '**બહુ કર્યો છે;....**' જિનવાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ બહુ કર્યો છે. આહા..હા...! શાસ્ત્રમાં તો વ્યવહારનો ઉપદેશ ઘણો છે. '**પણ એનું ફળ સંસાર જ છે.**' રખડવું છે. આહા..હા...! છે ? '**એનું ફળ સંસાર જ છે.**' જિનવાણીમાં જે વ્યવહાર કહ્યો એનું ફળ પણ બંધન અને સંસાર છે. આહા..હા...! ન્યાય સમજાય છે કાંઈ ?

કહ્યું ને હમણા ચરણાનુયોગમાં 'પ્રવચનસાર' સમકિતના આઠ આચાર. એ સમકિતી થયા પછીની વાત છે. આત્મજ્ઞાન અનુભવ થયો છે પહેલો, દ્રવ્યનો આશ્રય લઈ અભેદની દૃષ્ટિ પ્રગટી છે, આત્માના આનંદની દશા, આનંદનો સ્વાદ આવ્યો છે. એવા સમકિતીને પ્રથમ એમ કહે છે કે હે દર્શનાચાર ! વ્યવહાર. હે જ્ઞાનાચાર ! હું જાણું છું કે તું મારું સ્વરૂપ નથી. આહા..હા...! વ્યવહાર વ્રત. તપ આદિના ભાવને કહે છે કે હું જાણું છે કે વ્યવહાર મહાવ્રત આદિના પરિણામ એ મારું સ્વરૂપ નથી, પણ મારી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી મારા અનુભવની સાથે તારું (અસ્તિત્વ) હોય છે માટે તને હું વ્યવહારથી અંગીકાર કરું છું એમ કહેવામાં આવે છે. આહા..હા...!

**શ્રોતા :–** તારા સહચરથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો કીધું નહિ? વ્યવહારથી એમ કીધું. તારા પ્રસાદથી એટલે તારું નિમિત્ત છે ને ? સહચર છે ને ? જ્યાં સુધી હું વીતરાગ પૂર્ણ ન થાઉં, ત્યાં સુધી મારા નિશ્ચયના અનુભવની સાથે તારું સહચર દેખીને તારા પ્રસાદથી એટલે નિમિત્તના કારણે, એ વ્યવહારનું કથન છે, મારી પ્રાપ્તિ થશે. આહા..હા...! છે તો અહીંયાં વ્યવહારનું ફળ બંધન. જિનવાણીએ કહ્યું એનું ફળ બંધન છે. બંધનને કારણે અબંધ દશા થાય ? મોટો ગોટો અત્યારે આ છે. મિથ્યા શ્રદ્ધાનું પોષણ જ છે આખું. આહા..હા...! પરિષહ સહન કરો, ઉપસર્ગ સહન કરો. પરિષહ પણ હોય કોને ? જેને સમ્યગ્દર્શન અનુભવ થયો છે આનંદનો. એને પ્રતૂકળતા ટાણે સહન કરવાની દશાને પરિષહ કહે છે. અજ્ઞાનીને પરિષહ કેવો ? એ તો .. છે એને તો. આહા..હા...!

આ ત્રીજા બોલમાં જરી બહુ આકરી વાત છે. '**જિનવાણીમાં પણ...**' એમ. '**જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ...**' આહા..હા...! કેમકે નિશ્ચય સમકિત જે આત્માના અવલંબે થાય એની સાથે વ્યવહાર સમકિતનો આચાર આઠ નિમિત્ત તરીકે સાથે–સહચર તરીકે

હોવાથી ઉપચારથી તેને વ્યવહારનો ઉપદેશ કર્યો. આહા..હા...! એમ નિશ્ચય સમ્યગ્જ્ઞાન અનુભવ થયો, આત્માના આનંદનું જ્ઞાન થયું એ જ્ઞાનની સાથે આઠ આચાર જે શ્રાવક શ્રુતજ્ઞાનના છે-વિનય કરવો, ઉપધાન કરવું આદિ એ જોડે હોય છે સહચર તરીકે, નિમિત્ત તરીકે તેથી તેનો ઉપદેશ ભગવાને આપ્યો; છતાં તે નિમિત્તનું ફળ, સહચર જે છે તેનું ફળ સંસાર રખડવાનું છે. આહા..હા...! 'જેઠાભાઈ'! આહા..હા...! કહ્યું નહિ ? 'સમયસાર નાટક'માં કે ભાઈ આત્માનું અંદર સમ્યગ્દર્શન થયું અનુભવ, મુનિપણું થયું અંદર, અતીન્દ્રિય આનંદની લહેર જાગી ઊઠી, એને પણ પંચ મહાવ્રતનો વિકલ્પ વ્યવહાર આવે. સમજાણું ? પણ એ જગપંથ છે. એ સંસારપંથ છે. શુભરાગ એ પોતે સંસારપંથ છે. ત્યારે કહે એ ભગવાને કેમ કહ્યું ? એને કહે વસ્તુના સ્વરૂપના ભાનવાળાને જોડે એવો એક વ્યવહાર રાગની મંદતાનો ભાવ નિમિત્ત તરીકે હોય છે. એથી કરીને એને કહ્યું કે આ વ્યવહાર છે, પણ એનું ફળ સંસાર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? છે કે નહિ એમાં જુઓને પાઠ તો વાંચે તો ખબર પડે. આહા..હા...!

બહુ સરસ વાત છે. આ તો અલૌકિક વાતું છે, બાપા ! આહા..હા...! હજી શાસ્ત્ર વાંચતા પણ આવડે નહિ એને સમજતા ક્યાંથી આવડે ? કહે છે કે અમે અહીંયાં ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદના નાથને સત્યાર્થ કહ્યો અને અમે પર્યાયને, એના ગુણભેદને નથી એમ કહ્યું, અસત્યાર્થ છે એમ કહ્યું. કેમ ? કે એ તો મુખ્ય-ગૌણ કરીને કહ્યું છે. ત્રિકાળીને મુખ્ય કરી અને નિશ્ચય કહી અને એનો આશ્રય લેવરાવ્યો છે; અને પર્યાયના ભેદોને ગૌણ કરીને, નથી કહી, વ્યવહાર કહી નથી એમ કહ્યું. પણ એ પર્યાયમાં એ વ્યવહાર આવે છે. સમકિતીને પણ... આહા..હા...! છતાં એ વ્યવહારનું ફળ સંસાર છે એમ કહેવું છે અહીં તો. આહા..હા...! સમજાણું કાંઈ ? બહુ ધીમેથી સમજવા જેવું છે, બાપુ ! અત્યારે તો સંપ્રદાયમાં મોટો ગોટો ઊઠ્યો છે આ. પછી 'સોનગઢ'નું નિશ્ચયાભાસ છે, એકાંત છે એમ કહી દે. ખબર નથી શું કરે છે.

અહીં તો ગ્રંથકાર નહિ પણ સિદ્ધાંતકાર પોતે કહે છે કે વ્યવહાર અને પર્યાય તે જૂઠી છે, એમ કહીને તેને ગૌણ કરીને જૂઠી છે એમ કહ્યું, અસ્તિત્વ તો છે એનું. એમ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનું અસ્તિત્વ તો છે, પણ તેને ગૌણ કરી અને એ નથી અને ત્રિકાળી સત્ છે તેને સત્યાર્થ કહી, મુખ્ય કરી, નિશ્ચય કહી એનો આશ્રય લેવડાવ્યો છે. અરે..રે..! આહા..હા...! સમજાણું કાંઈ ?

'**જિનવાણીમાં...**' પણ પછી કહેશે. '**જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયની સાથે...**' વ્યવહાર હોવાથી સહાયક નામ સહચર, સાથે હોવાથી નિમિત્ત ગણીને '**જાણી બહુ કર્યો છે;...**' વચ્ચે નિમિત્ત આવે છે, વ્યવહાર આવે છે એને જિનવાણીએ ઉપદેશ કર્યો છે. આહા..હા...! દર્શન આચાર, જ્ઞાન આચાર, ચારિત્ર આચાર, તપાચાર, વીર્યાચાર, લ્યો ! આહા..હા...! એ બધું આવે, પણ એ વ્યવહારનું ફળ સંસાર છે. સમકિતીને પણ વ્યવહાર આવે એનું ફળ સંસાર છે. અજ્ઞાનીને તો વ્યવહાર હોતો નથી, વ્યવહારાભાસ છે. આહા..હા...! કહો,

'રતિભાઈ'! આવું ઝીણું છે. માળા ટીકાકારે કેટલું સ્પષ્ટ કર્યું છે ! ગાથામાં ભાવ છે. એમ કે વ્યવહારને જૂઠો કહ્યો, નિશ્ચયને સાચો કહ્યો. વ્યવહારનો ઉપદેશ તો કેવળીએ પણ આપ્યો છે. તો કહે ભાઈ એ તો જૂઠો કહ્યો એ તો ગૌણ કરીને જૂઠો કહ્યો છે અને નિશ્ચયને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો. ત્રિકાળીને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો. પણ એમ કેમ કહ્યું ? નિશ્ચયને સત્ય કહ્યું અને વ્યવહારને અસત્ ગૌણ કરીને કહ્યું. એમ કેમ કહ્યું ? કેમકે ભેદનો અને વ્યવહારનો પક્ષ તો જીવને અનાદિનો છે અને પરસ્પર એ ઉપદેશ કરે છે એથી આ ઉપદેશ કર્યો છે.

અને ત્રીજું, જિનવાણીમાં પણ જ્યાં-ત્યાં વ્યવહારનો ઉપદેશ ઘણો છે. જ્ઞાનના આચાર અને સમકિતના વ્યવહાર આચાર પાળવા. વ્યવહાર સમકિતના આઠ આચાર એ તો વિકલ્પ રાગ છે. જ્ઞાનના આઠ આચાર-વિનયથી ભણવું અને આ કરવું એ પણ શુભરાગ છે. ચારિત્રનો વ્યવહાર એ વ્રત, તપ આદિ જે અનશન, ઉણોદરી આદિ તપ એ બધો શુભરાગ છે. આહા..હા...! પણ એવો (રાગ) વચ્ચે આવે છે તેથી જ્ઞાનીને પણ આવું નિમિત્ત જોડે દેખીને ભગવાને એનો ઉપદેશ, છે તેનું કથન કરીને સમજાવ્યું છે, પણ તેનું ફળ તો સંસાર છે. આહા..હા...! ગજબ વાત છે.

એક ચૈતન્ય ભગવાન પરિપૂર્ણ પ્રભુ, એને આશ્રયે થતો માર્ગ જ સત્ય છે અને એનું ફળ મોક્ષ છે. બાકી જે નિશ્ચયના સ્વભાવના આશ્રયે ભાન થયેલાને પણ જિનવાણીએ કહેલો વ્યવહાર આવે છે, છતાં તેનું ફળ તો સંસાર છે. આહા..હા...! છે ને એમાં ? '**સંસાર જ છે.**' ચોપડા ઘરના કેટલા મેળવો છો રાતે દિવાળી આવે ત્યારે, તો આ શાસ્ત્રના ચોપડા મેળવવા પડશે કે નહિ ? દિવાળી આવે તો ચોપડા મેળવે છે કે ભાઈ આ બે લાખ, પોણા પાંચ લાખનો ખર્ચ થયો, એમાં લાખ પેદા થયા, પચાસ હજાર પેદા થયા, દસ લાખ હતા એમાં બે લાખ વધ્યા બાર લાખ થયા. એ તો ધૂળના ખર્ચ બધા કરે છે. તો આ ચોપડા ભગવાનના શું કહે છે એની... આહા..હા...! 'સુરેન્દ્રજી'! છે ને સામે ? ત્રણ પ્રકાર કહ્યા. ત્રણેનું ફળ સંસાર છે. આહા..હા...! પહેલું તો હજી સમજે તો ખરો. પહેલી ચીજ વ્યવહાર. આહા..હા...!

**શ્રોતા :-** ... સમજે તો ખરો. એ વ્યવહારનો ઉપદેશ છે. એ ક્યાં નિશ્ચયનો ઉપદેશ છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વ્યવહાર છે. અહીંયાં તો ૧૧મી ગાથા જૈન દર્શન સર્વજ્ઞ જૈન શાસનનો પ્રાણ છે. કેમ કે જૈન શાસન ઊભું કેમ થાય છે ? એટલે કે જૈનધર્મ ઉત્પન્ન કેમ થાય છે ? એ ત્રિકાળી દ્રવ્યના આશ્રયે જ ઉત્પન્ન થાય છે. અને ચારેય અનુયોગનું તાત્પર્ય કથનમાં વીતરાગતા છે. ચારેય અનુયોગોમાં કથન ભલે ગમે તે પ્રકાર હો, પણ એનું તાત્પર્ય વીતરાગતા છે. ૧૭૨ ગાથા 'પંચાસ્તિકાય'. ચારેય અનુયોગનું શાસ્ત્રનું ફળ વીતરાગતા છે અને વીતરાગતા તે કેમ પ્રગટ થાય ? કે ત્રિકાળી દ્રવ્યને આશ્રયે વીતરાગતા પ્રગટ થાય. પરને આશ્રયે રાગ થાય, પરને આશ્રયે વીતરાગતા થાય નહિ. સમજાણું કાંઈ ? ચાહે તો ભગવાનનો વિનય કરે, ભક્તિ કરે પણ એ પરાશ્રય છે તે રાગ છે. આહા..હા...!

જ્ઞાનમાં એમ આવે છે. ઉપધાન કરવા, અપવાસ કરવા, વિનય કરવો, શબ્દ-અક્ષર બરાબર શુદ્ધ જાણવા, અક્ષર ચોખ્ખા, એનો અર્થ બરાબર જાણવો, ઊભયને બેને બરાબર જાણવા. આહા..હા...! એવી વાત તો વ્યવહારની જિનવાણીમાં પણ આવે છે. છતાં... આહા..હા...! આવી વાત છે બાપા. કેમકે ત્રિકાળી પ્રભુ જે અભેદ ચીજ છે તેના આશ્રય વિના ધર્મની શરૂઆત, સમ્યગ્દર્શન થતું નથી. તેનો આશ્રય લેવા માટે તેને સત્ કીધું અને વ્યવહારને-પર્યાયને હોવા છતાં તેનું લક્ષ છોડાવવા, તેનો આશ્રય છોડાવવા એ નથી એમ કહ્યું. હવે ત્યારે કહે છે એમ તો જિનવાણી કહે છે. અહીં નથી કહ્યું ગૌણપણે. કે ગૌણપણે નથી કીધું ને ? પણ ભાવપણે તો છે કે નહિ ? તો તો ભાવપણે અહીંયાં જિનવાણી નિશ્ચય સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને પણ વ્યવહાર વચમાં નિમિત્ત સહચર તરીકે સમકિતના વ્યવહાર આઠ આચાર, જ્ઞાનના વ્યવહાર આઠ આચાર, ચારિત્રના વ્યવહાર વ્રત, તપ, નિયમ, ગુપ્તિ, સમિતિના ભાવ, તપના ભાવ અનશન, ઉણોદરીનો, વીર્ય આચાર શુભભાવમાં, શુભભાવનું વીર્ય આચાર, એનું કથન જિનવાણીમાં આવે છે ને ? કેમ ? કે નિશ્ચય છે એની સાથે આવું સહચર હોય છે. એવું દેખીને જિનવાણીએ કહ્યું છે; પણ એ જિનવાણી પાછું એમ કહે છે.. આહા..હા...! એનું ફળ પણ સંસાર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આકરી વાત છે, બાપા ! વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ.

**શ્રોતા :–** આત્મભાવના કર્યા વિના અનુભવ કેવી રીતે થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આત્મભાવના. ભાવના એટલે સ્વરૂપમાં એકાગ્રતા.

**શ્રોતા :–** આતમ ભાવના ભાવતાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જીવ લહે કેવળ જ્ઞાન. 'શ્રીમદ્'માં છે. આતમ ભાવના ને ? કે રાગ ભાવના ? આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! અર્થકારે ગાથાઓની સ્પષ્ટતા કરી છે. ગાથામાં વ્યવહારને ગૌણ કરીને જૂઠો કહ્યો છે એટલે જૂઠો છે એમ નહિ. એ જ્ઞાનીને પણ સહચર નિમિત્તપણે અંદર આવે છે, અસ્તિપણે આવે છે. આહા..હા...! પણ તેને ગૌણ કરી અને નિશ્ચયના આશ્રયમાં સમકિત જ્ઞાનાદિ થાય એને મુખ્ય કરીને તેને સત્ય કહ્યું છે; પણ આ પણ સત્ય તો છે, પણ સહચરમાં સત્ય હોવા છતાં એને ગૌણ કરીને જૂઠો કહીને સ્વનો આશ્રય લેવડાવ્યો છે. હવે કહે છે કે ગૌણ કરીને જૂઠો કર્યો એનું કારણ શું ? કે એ વ્યવહારનો પક્ષ તો અનાદિનો જગતને છે અને પરસ્પર ઉપદેશ પણ એ કહી રહ્યા છે. સામાયિક કરો, સમકિત વિના, પોષા કરો, પડિક્કમણા કરો, અપવાસ કરો-એવો અજ્ઞાનીનો ઉપદેશ માહોમાંહે છે; અને જિનવાણીમાં પણ નિશ્ચય સ્વદ્રવ્યના આશ્રયે ધર્મ હોવા છતાં તેના સહચર તરીકે આવી રાગની મંદાતનો ભાવ, જ્ઞાનનો વિનય, સમકિતનો આચાર, જ્ઞાનનો આચાર વ્યવહાર, ચારિત્રનો વ્રતાદિ એ સાથે હોય છે. જિનવાણીમાં એની અસ્તિ છે એમ ઉપદેશ કર્યો છે. જિનવાણીમાં એ હોય છે એમ ઉપદેશ કર્યો છે, પણ તેનું ફળ સંસાર છે. આહા..હા...! છે ?

'**જિનવાણીમાં...**' આહા..હા...! ગજબ કામ કર્યું છે ને. પંડિત તો આ કહેવાય કે જેને

વસ્તુની સ્થિતિમાં છે તેવું સ્પષ્ટીકરણ કરે. ન હોય એને ઘરનું નાખીને કરે... આહા..હા...! '.. લાલજી' તો સાંજે આવવાના છે. સાંજે ને ? આહા..હા...! આજ સાંભળવા જેવી વાત હતી. ઘણી વાત છે. આહા..હા...! ગજબ અર્થ કર્યો છે. મૂળ ગાથાને સાચી ઠરાવવા કઈ અપેક્ષા છે એ વાત સ્પષ્ટ કરી. આહા..હા...! સમજાણું કાંઈ ?

વળી '**જિનવાણીમાં...**' વીતરાગની વાણીમાં '**વ્યવહારનો ઉપદેશ...**' આવ્યો છે, તે પણ ઘણો આવ્યો છે. આહા..હા...! છે ? વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનું નિમિત્ત દેખી, શુદ્ધનયની સાથે સહચર દેખી શુદ્ધ સ્વભાવના આશ્રયની સાથે વ્યવહાર સહચર ઉપચાર દેખી તેને વ્યવહારથી ઉપદેશ કર્યો છે. '**પણ એનું ફળ સંસાર જ છે.**' જિનવાણીએ કહ્યો વ્યવહાર બહુ શાસ્ત્રોમાં. વ્રત ને તપ ને ભક્તિ ને વિનયની બહુ વ્યાખ્યા કરી વ્યવહારની. આહા..હા...! એ તો ફક્ત નિમિત્ત સહચર દેખી, આવે છે વચમાં એટલે સહચર દેખીને ઉપદેશ કર્યો, પણ તેનું ફળ તો રખડવાનું છે ચાર ગતિમાં. જિનવાણીએ કહેલો વ્યવહાર એનું ફળ રખડવાનું છે.

**શ્રોતા :–** .. મહાવ્રત તો કરવા ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મહાવ્રત અને તપ એ બધા રખડવાના ફળ છે. આહા..હા...! છે કે નહિ '**પણ...**' એમાં જુઓને.

'**પણ...**' એમ કહ્યું છે ને પાછું ? એમ કે જિનવાણીમાં આવ્યું કહ્યું છે ને ? તો એનો તો કાંઈ લાભ થાય કે નહિ ? જિનવાણીએ આવો વ્યવહાર ઉપદેશ કર્યો છે ને. બાપુ ! એ તો સહચર દેખી, સાથે આવો એક રાગની મંદતાનો ભાવ અનુભવી જીવોને પણ સ્થિરતા ન હોય ત્યારે એને આવે; આવે એથી એને વ્યવહારથી એનો ઉપદેશ જણાવ્યો, પણ એ વ્યવહાર એનું ફળ સંસાર છે. ધર્મી જીવને પણ જે વ્યવહાર વચ્ચે આવો આવે એનું ફળ સંસાર છે. આહા..હા...! અત્યારે તો આખા ઉપદેશની શૈલી ફરી ગઈ છે. પહેલેથી માંડે કાંઈક ત્યાગ કરો, બ્રહ્મચર્ય પાળો, પડીમા લઈ લ્યો, વ્રત લઈ લો. આ ઉંધાઈથી માંડી છે. મિથ્યાત્વના પોષકની પ્રરૂપણા છે બધી. આહા..હા...! પછી એને અભિમાન થઈ જાય કે અમે કાંઈક વ્રત લીધા છે. મિથ્યાત્વનું અભિમાન થઈ જાય એને. આહા..હા...!

**શ્રોતા :–** આવો વેશ તો ફેરવવો પડે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વેશ ફેરવે તો લોકો માને એમ. ધૂળેય નથી વેશ.

અહીં તો ગૃહસ્થાશ્રમમાં પણ હોવા છતાં, કોટ-પાટલુન રેશમના પહેર્યા હોય છતાં અંદરમાં સમકિત દર્શન છે, આત્માનું ભાન છે કે 'હું શુદ્ધ ચૈતન્ય અખંડ આનંદ છું' તો એ મોક્ષમાર્ગમાં છે. 'શ્રાવક રત્નકરંડ આચાર' 'શ્રાવક રત્નકરંડ આચાર'માં આવે છે. પંડિતજી !

સમકિતી આત્મજ્ઞાની આત્માના અનુભવી જીવ ગૃહસ્થાશ્રમમાં હો, હજારો રાણી હો અને કોટ-પાટલુન રેશમનું અને ત્રણ રેશમના ગાદલે સૂતા હોય છતાં એ મોક્ષમાર્ગી છે અને નગ્ન થઈને વસ્ત્રનો ટૂકડો રાખતો ન હોય, પથ્થરમાં નીચે સૂતો હોય, લુખ્ખો આહાર કરતો હોય છતાં

એ ધર્મ છે એમ માને છે તો મિથ્યાદષ્ટિ છે, એ સંસારમાર્ગે છે. 'શ્રાવક રત્નકરંડ આચાર'માં છે. પંડિતજી શ્લોક બોલ્યાને. સમજાણું કાંઈ ? અવલદોમની વાતું છે, બાપુ! બહુ ફેરફાર.. બહુ ફેરફાર શ્રેષ્ઠ છે, મોક્ષમાર્ગી છે. હજારો રાણીના ભોગમાં પડ્યો હોય અને ચક્રવર્તીના પદમાં પડ્યો હોય, પણ સમકિતી છે તે મોક્ષમાર્ગી છે. જેણે આત્માનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કર્યા છે એ મોક્ષમાર્ગી છે અને જેણે બાય છોડીને, કપડા પણ છોડ્યા નગ્ન થયો, પણ જેને રાગની એકતાથી લાભ થાય, એ વ્યવહાર કરતાં કરતાં લાભ થાય (એની માન્યતા છે) એ મિથ્યાદષ્ટિ સંસારમાર્ગી છે. આહા..હા...! 'બાબુલાલજી'! આવી વાત છે. કેટલું પંડિતજીએ કેવા અર્થ ભર્યા છે ! આહા..હા...!

**શ્રોતા :–** પંડિત તો આવા જ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આહા..! વસ્તુ સ્થિતિ જ છે એવી. આહા..હા...!

'**પણ...**' એમ કહ્યું ને પાછું ? કે જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ ઘણો કર્યો છે ને ! શાસ્ત્રમાં ચરણાનુયોગમાં કેટલો અધિકાર, કરણાનુયોગમાં કેટલો કર્મથી થાય... કર્મથી થાય.. જ્ઞાનાવરણથી જ્ઞાન રોકાય, દર્શનાવર્ણ. એવો વ્યવહારનો ઉપદેશ તો ભગવાને પણ કર્યો છે. આહા..હા...! અને મુનિએ જોઈને ચાલવું, વિચારીને બોલવું, નિર્દોષ આહાર લેવા, એષણાસમિતિ, ઈર્યા, ભાષા, એષણા, આદાન, નિક્ષેપ એવી સમિતિ કહી છે. ભગવાને કહ્યો છે વ્યવહાર. ભલે કહ્યો હોય, સાંભળને. એ તો ત્રિકાળીના આનંદને આશ્રયે સહચરનો એવો રાગ દેખી અને ઉપચારથી કથન કર્યું છે.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું ને કે નિશ્ચય સમ્યગ્દર્શનની સાથે વ્યવહાર સમકિતનો જે વિકલ્પ ઊઠે છે, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો... આહા..હા...! એને આરોપથી સહચર દેખીને, નિમિત્ત દેખીને, ઉપચારથી વ્યવહાર સમકિત કહ્યું છે. એ કાંઈ સમકિત છે નહિ, એ તો રાગ છે. આહા..હા...! વ્યવહાર સમકિત એ સમકિતનું નિરૂપણ બે પ્રકારે છે, સમકિત બે પ્રકારે નથી. સમકિત તો એક જ પ્રકારે છે. નિરૂપણ આવ્યું એટલે ઓલો કહે જુઓ બે છે કે નહિ ? ભગવાને કીધું છે કે નહિ ? પણ નિરૂપણનું કથન છે એ તો. વ્યવહારનું કથન છે એ તો. સહચર દેખીને એનું જ્ઞાન કરાવ્યું છે. આવ્યું છે ને એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. એમ કે વ્યવહાર નિમિત્તાદિને અહીં જ્ઞાન કરાવવા વ્યવહાર કહ્યો છે. ૫૬ પાને 'મોક્ષમાર્ગ પ્રકાશક'. આહા..હા...! કેમ કહ્યો આવો વ્યવહાર ? કે નિમિત્તાધિન નિમિત્ત એન સહચર આદિને જ્ઞાન કરાવવા-જ્ઞાન કરાવવા-કરવા લાયક છે માટે એમ નહિ. આહા..હા...! આવું છે.

એક તો નિવૃત્તિ ન મળે સમજવાની. સમજવાની નિવૃત્તિ ન મળે. અને આખો દિ' પ્રપંચ પડ્યા હોય બહારમાં અને એને આવા મળે કીધાને વ્યવહારના ઉપદેશ દેનારા. એટલે એને ઠીક પડે. જાણે કે આપણે આ ભક્તિ કરીએ, દેવદર્શન દરરોજ કરીએ છીએ અને પા કલાક, અડધો કલાક વાંચીએ છીએ શાસ્ત્ર સ્વાધ્યાય. દેવ, દર્શન, ગુરુની સેવા, ગુરુને વંદન, .. પખાલવા.

શ્રાવકના આચાર છે એ તો કરીએ છીએ. આહા..હા...! એ તો બધો રાગ છે, એ આચાર છે જ નહિ. શ્રાવકનો આચાર તો અંદર સમ્યગ્દર્શન આત્માને આશ્રયે જેટલી લીનતા થાય તેટલો મોક્ષનો માર્ગ છે. વચ્ચે આ બધો ભાવ જિનવાણીએ કહેલો, એનું પણ.. '**પણ...**' છે ને ? '**પણ એનું ફળ...**' કોઈ કહે જિનવાણીમાં કહ્યું છે માટે કાંઈક લાભ છે. સમજાણું કાંઈ ? વીતરાગમાર્ગ, વીતરાગે પોતે કહ્યું છે કે આવો વ્યવહાર હોય... આવો વ્યવહાર હોય... પણ એ કહ્યું ભગવાને બહુધા એ તો સહચર અને નિમિત્તનું જ્ઞાન કરાવવા, છતાં એ સહચર અને નિમિત્તની દશા એનું ફળ સંસાર છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

નિશ્ચય વ્યવહારનું ઘણું જ સ્પષ્ટ કથન ચોખ્ખું કરી નાખ્યું છે પંડિતજીએ પોતે. પંડિત છે આ 'જયચંદ પંડિત'. ગૃહસ્થાશ્રમમાં સમકિતને અને તિર્યંચના સમકિત અને સિદ્ધના સમકિતમાં ફેર શું ? સમકિત તો બેય સરખી જાત એક જ જાત છે. આહા..હા...! સમજાણું કાંઈ ? પણ એ સમકિત શું બાપુ લોકોને અત્યારે... આહા..હા...! દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરો, બસ એ સમકિત. હવે વ્રત લઈ લ્યો; પણ અહીં કહે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો ભાવ આવ્યો શાસ્ત્રમાં કહ્યો છે, પણ છે રાગ અને એનું ફળ સંસાર. આહા..હા...! સમજાણું કાંઈ ? શાસ્ત્રને વાંચો, ખૂબ સાંભળો એમ શાસ્ત્રમાં આવે, પણ એનું ફળ વિકલ્પ છે અને વિકલ્પનું ફળ તો બંધન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..! પુસ્તક હાથમાં લઈને માથે (રાખવો). એવો વિનયનો ભાવ સમકિતીને આવે, પણ છતાં એ રાગ છે અને એ રાગનું ફળ તો બંધન છે. અજ્ઞાનીની તો વાત શું કરવી ! અજ્ઞાનીને તો નિશ્ચય પણ નથી અને વ્યવહાર પણ નથી. એકેય નથી એને તો કાંઈ. આહા..હા...!

**શ્રોતા :–** જ્ઞાની તો રાગને હેય માને છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હેય માને અને ઓલો તો ભલો માને. આહા..હા...!

**શ્રોતા :–** હેય માને તો સંસાર કેમ હોય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છતાં સંસાર છે ને ! રાગ છે ને ! હેય માને છે એ તો માન્યતા છે, પણ ભાવ છે એનું શું ફળ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભાવ એ સંસાર-જગત છે. ભવ કરશે. આહા..હા...! કીધું ને જગપંથ. ૪૦મી ગાથા. મુનિના પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણના પરિણામ એ જગપંથ છે, સંસારનો પંથ છે. છે આમાં ? 'સમયસાર નાટક' મોક્ષ અધિકારનો ૪૦મો બોલ છે. 'સમયસાર નાટક'. આહા..હા...! ત્રણ બોલે તો નિશ્ચય-વ્યવહારનું સ્પષ્ટીકરણ કરી નાખ્યું છે. વ્યવહાર હોય છે અને જિનવાણીએ પણ જણાવ્યો છે કે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની અંતરમાં સ્વરૂપની રમણતાવાળું ચારિત્રવંત, એને પણ પંચમહાવ્રતના વિકલ્પો હોય છે એમ જિનવાણીએ કહ્યું છે. આહા..હા...! પણ તે પંચ મહાવ્રતના વિકલ્પનું ફળ બંધન અને સંસાર છે. આવી વાત કોણ

વીતરાગ સિવાય કરે ? બધા પક્ષના બાંધીને બેઠા !

છે ? '**પણ એનું ફળ...**' જિનવાણીમાં કહેલા વ્યવહારનું ફળ સંસાર છે. અજ્ઞાનીએ કહેલા વ્યવહારની તો વાત ક્યાંય રહી ગઈ. આહા..હા...! ઈશ્વર કર્તા છે અને ઈશ્વરની ભક્તિ કરો. એની તો વાત અહીંયાં છે જ નહિ. અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર સર્વજ્ઞદેવ, એની ભક્તિ કરો એ શુભભાવ છે. એ આવે માટે જિનવાણીએ જણાવ્યું છે, પણ એનું ફળ બંધન છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

'**શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...**' જોયું ! પક્ષ નામ આ શુદ્ધ ચૈતન્ય છે તેનો આશ્રય કદી આવ્યો નથી. આહા..હા...! છે ? '**એનો ઉપદેશ પણ વિરલ છે–**' આહા..હા...! પક્ષ કદી આવ્યો નથી. કદી નથી આવ્યો એનો અર્થ કે શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એનો આશ્રય એક ક્ષણ પણ કદી આવ્યો નથી. એ નવમી ગ્રૈવેયકે અનંતવાર મુનિ દિગંબર થયો, હજારો રાણી છોડી અને પંચમહાવ્રત નિરતિચાર એને માટે ભોજન કરીને આપે પ્રાણ જાય તો ન લે, એવું અનંતવાર પાળ્યું, પણ એને શુદ્ધ ચૈતન્ય પ્રભુ અંદર ભિન્ન છે, આ ક્રિયાકાંડના વિકલ્પથી, એનો એણે આશ્રય ન લીધો, એનો પક્ષ ન કર્યો. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

**શ્રોતા :–** પક્ષ એટલે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આશ્રય. પેલો વ્યવહારનો પરાશ્રય છે આનો સ્વઆશ્રય ન લીધો. એ કહેશે.

જુઓ ! '**શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને...**' એમ કહ્યું છે ને પાછું ? આવશે એમાં તરત પછી. અહીં '**શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...**' એટલે કે આત્માને ગ્રહ્યો જ નથી કોઈ દિ'. આહા..હા...! અખંડ આનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય, એની તો દૃષ્ટિ કદી કરી નથી. આમ તો અગ્યાર અંગ ભણ્યો છે, પંચમહાવ્રત પાળે, પણ આ શુદ્ધ છે ચૈતન્ય તેનો આશ્રય કર્યો નથી. બધો વ્યવહારનો આશ્રય કરીને રોકાઈ ગયો છે. આહા..હા...! '**શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...**' એટલે કે જેનું ફળ મોક્ષ છે એવો જે સ્વદ્રવ્યનો આશ્રય તો કદી આવ્યો નથી. એ અહીં કહે છે. પાછું એનું ફળ મોક્ષ છે એમ બતાવવું છે. જેમ ઓલા વ્યવહાર જિનવાણીએ કહ્યો એનું ફળ સંસાર છે. એમ આ શુદ્ધનયનો પક્ષ છે–આશ્રય એનું ફળ મોક્ષ છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

'**અને એનો ઉપદેશ પણ વિરલ છે**' એનો ઉપદેશ જ વિરલ ત્યાં છે. બાકી તો બધો બહુધા મિથ્યાત્વનો વ્યવહારની શ્રદ્ધા છે. વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

卐

## શ્રી સમયસાર, ગાથા-૭૬, શ્લોક-૪૯
## પ્રવચન નં.૧૦૪, તા.૧૪-૧૦-૧૯૬૧
## (૧૧)

આ 'સમયસાર'નો 'કર્તા-કર્મ અધિકાર' ચાલે છે. એમાં ૭૫ ગાથાની ટીકા પૂર્ણ થઈ. શિષ્યે પ્રશ્ન કર્યો છે કે આ આત્મા જ્ઞાનસ્વરૂપ થયો અથવા આત્મસ્વરૂપ થયો અથવા જ્ઞાની થયો એ કઈ રીતે ઓળખાય છે ? એનું કયુ લક્ષણ અને કયુ ચિહ્ન છે ? એવો શિષ્યનો પ્રશ્ન હતો. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા અનાદિથી જે અજ્ઞાની હતો, એ જ્ઞાની (થયો એમ) કઈ રીતે ઓળખાય ? અને અનાદિથી અનાત્મ સ્વરૂપના ભાવવાળો હતો એ આત્મસ્વરૂપ થયો એ કેમ જણાય ? એવા પ્રશ્નનો ઉત્તર આપે છે. ઉત્તર ટીકામાં આવી ગયો. કળશમાં કહે છે.

**'હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

**व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि**
**व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।**
**इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिन्दंस्तमो**
**ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्॥४९॥**

આખી ટીકાનો કળશ કર્યો. ટીકા બે કલાક ચાલી ને ? એ આખાને એક કળશમાં સમાડી દીધું. **'વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય,...'** એ પહેલો શબ્દ. સિદ્ધાંત. વ્યાપ્ય નામ અવસ્થા, વ્યાપ્ય નામ કર્મ, વ્યાપ્ય નામ કાર્ય અને વ્યાપક નામ કર્તા, વ્યાપક નામ પરિણામી, વ્યાપક નામ દ્રવ્ય. એ **'વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય,...'** એ બેનો પહેલા અર્થ કર્યો. વ્યાપ્ય અર્થાત્ અવસ્થા અર્થાત્ કાર્ય અને વ્યાપક અવસ્થાયી અર્થાત્ દ્રવ્ય અથવા પરિણામી અને વ્યાપ્ય પરિણામ. એ **'વ્યાપ્યવ્યાપકપણું તત્સવરૂપમાં જ હોય,...'** કેવું તત્સ્વરૂપ ?-કે આત્મા વસ્તુ છે એનું જ્ઞાન-દર્શન-આનંદ એ તદાત્મ સ્વભાવ છે, એ તત્સ્વરૂપ છે. આત્મા વ્યાપક છે, કર્તા છે, પરિણામી છે અને એનું પરિણામ-વ્યાપ્ય-કર્મ-કાર્ય તત્સ્વરૂપમાં જ થાય છે, અભિન્નમાં. તો પોતાનો જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવવાન આત્મા એ સ્વભાવનું પરિણમન કરે એ સ્વભાવની વ્યાપ્ય દશા, એનું કાર્ય અને સ્વભાવવાન એનો વ્યાપક નામ કર્તા. સમજાણું કાંઈ ? સૂક્ષ્મ તો છે ને ?

**'વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય,...'** આહા..હા...! એક શબ્દમાં તો અસ્તિ-અસ્તિ કહી. પછી નાસ્તિ કહેશે. **'અતત્સ્વરૂપમાં ન જ હોય.'** એ નાસ્તિ કહેશે. અનેકાંતની વાત

ચાલે છે. ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ વ્યાપક પરિણામી છે, એ પરિણમન થતાં પર્યાયમાં કર્મ-કાર્ય જે થયું એ વ્યાપ્ય અને પરિણામી વ્યાપક. એ તત્સ્વરૂપમાં હોય છે. જેની સાથે અભેદ છે એની સાથે વ્યાપક-વ્યાપ્યપણું હોઈ શકે છે.

'**અતત્સ્વરૂપમાં ન જ હોય.**' રાગ, દયા, દાન, વિકલ્પ વ્યવહાર રત્નત્રય વિકલ્પ અતત્સ્વરૂપ છે, એ પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ ? વિકલ્પ ઊઠે છે, ભેદ ઊઠે છે, અરિહંત સિદ્ધની ભક્તિનો વિકલ્પ ઊઠે છે, ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઊઠે અને દયા, દાન, વ્યવહારરત્નત્રયનો જે રાગ છે એ અતત્સ્વરૂપ છે, તત્સ્વરૂપથી વિરૂદ્ધ સ્વરૂપ છે. એ '**વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય, અતત્સ્વરૂપમાં ન જ હોય.**' વિકારનું વ્યાપ્ય જીવનું અને આત્મા વ્યાપક એ તત્સ્વરૂપ નથી. માટે, એ વ્યાપ્યવ્યાપક થઈ શકતું નથી. સમજાણું કાંઈ ? '**અતત્સ્વરૂપમાં ન જ હોય.**' અનેકાંત કર્યું.

બે દ્રવ્ય છે. એક કોર આત્મા સ્વભાવ ભગવાન અને એક કોર વિકાર રાગાદિ, દેહાદિ, શરીરાદિ, કર્મ આદિ બધા પદાર્થ. એ બધા પરદ્રવ્યમાં આવે છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ પરદ્રવ્યમાં જાય છે. તો પરદ્રવ્ય વ્યાપક અને પરદ્રવ્ય વ્યાપ્ય થાય છે, પણ અતત્સ્વરૂપ એવો ભગવાન આત્મા એમાં વ્યાપક થઈને પ્રસરે, વિસ્તાર પામે અને વિકારી પર્યાય એનું વ્યાપ્ય થાય એમ નબી શકતું નથી. કેમ કે એ અતત્સ્વરૂપ છે માટે. અતત્સ્વરૂપને કારણે. સમજાણું કાંઈ ?

'**અને વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના...**' ત્રીજો સિદ્ધાંત. બેમાં અનેકાંત કર્યું. '**અને વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના...**' અવસ્થા અને અવસ્થાયી, પરિણામ અને પરિણામી, દ્રવ્ય અને પર્યાય એવા વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના. '**કર્તાકર્મની સ્થિતિ કેવી ?**' સમજાણું કાંઈ ? '**કર્તાકર્મની સ્થિતિ કેવી ?**' રાગ પરદ્રવ્ય એ પોતાનું કાર્ય અને આત્મા એનો કર્તા, એવો વ્યાપ્યવ્યાપકભાવ એની સાથે નથી, તો કર્તાકર્મની સ્થિતિ કેવી ? વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આત્માનું કાર્ય અને આત્મા એનો કર્તા ક્યાંથી થયો ? સમજાણું કાંઈ ? એ 'પરમાત્મપ્રકાશ' ભાઈ, પડ્યું છે અહીં બરાબર. કોણ જાણે આ લાવતા ભૂલી ગયા. 'પરમાત્મપ્રકાશ' અહીં પડ્યું છે. અને એમાં મારે ઓલું સચેતનું કરવું હતું ત્યાં .. લાવ, પુસ્તક મગાવું. ત્યાં આમ જોયું તો 'પરમાત્મપ્રકાશ' હતું ઈ. સચેત અને સિદ્ધનું ધ્યાન પણ પરિગ્રહ, પરદ્રવ્ય છે.

સિદ્ધનું ધ્યાન પરદ્રવ્ય છે, એનું ખરેખર વ્યાપ્યવ્યાપકપણું આત્મામાં છે જ નહિ. આહા..હા...! ગજબ વાત ! વસ્તુ એવી ચૈતન્ય જ્ઞાન ગાંગડો છે. જ્ઞાનનો ગાંગડો છે. એમાંથી તો જ્ઞાતા-દ્રષ્ટાનો પ્રવાહ વહે છે. સ્વભાવની દૃષ્ટિએ. તો એ પ્રવાહમાં તો નિર્મળ પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક એટલી સ્થિતિ છે. નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય કર્મ નામ વ્યાપ્ય નામ કાર્ય નામ દશા અને એનું વ્યાપક નામ કર્તા નામ દ્રવ્ય એ રચનાર છે. એમાં કર્તાકર્મની સ્થિતિ છે. અતત્સ્વરૂપ એવું સિદ્ધ ભગવાનનું ધ્યાન કે રાગ કે દયા કે વ્રત કે અહિંસા કે સત્ય કે દત્ત કે બ્રહ્મચર્ય કે અપરિગ્રહની વૃત્તિ જે ઉત્પન્ન થાય છે એની સાથે ભગવાન આત્માનું

વ્યાપ્યવ્યાપકપણું નથી, એનું વ્યાપ્યવ્યાપકપણું પરદ્રવ્યની સાથે વ્યાપ્યવ્યાપકપણું છે. સમજાય છે કાંઈ ? 'શ્યામસ્વરૂપજી'! એટલી ઝીણી વાત છે, ભાઈ ! ઓહો..હો...!

**શ્રોતા :–** સત્ય વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સત્ય ત્રિકાળ સત્ય, ત્રિકાળ સત્ય, શાશ્વત સત્ય. સમજાણું કાંઈ ? ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથની વાણીમાં એ જ સત્ય, પરમસત્ય આવ્યું છે.

અરે..! આચાર્ય થોડા શબ્દોમાં આખી ગાથાની ટીકાનો સાર કાઢીને કળશ કર્યો છે. **'વ્યાપ્યવ્યાપકભાવના સંભવ...'** સંભવ. વ્યાપ્યવ્યવપાકભાવના સંભવ નામ ઉત્પત્તિ વિના, એના સંબંધ વિના **'કર્તાકર્મની સ્થિતિ કેવી ? અર્થાત્ કર્મકર્મની સ્થિતિ ન જ હોય.'** ભગવાન આત્મા... એ જ્ઞાનીનું લક્ષણ પૂછયું છે ને ? જ્ઞાનસ્વરૂપ થયો, જ્ઞાની થયો, આત્મસ્વરૂપ થયો, અનાત્મસ્વરૂપનું અંદર અભાવરૂપ પરિણમન થયું, અનાત્મસ્વરૂપનું અભાવરૂપ પરિણમન થયું, પરદ્રવ્યનું અભાવરૂપ પરિણમન થયું, રાગાદિ પરદ્રવ્ય એનાથી અભાવરૂપ પરિણમન થયું, સ્વદ્રવ્યનું સદ્‌ભાવરૂપ પરિણમન થયું તો વ્યાપ્યવ્યાપકપણું પોતાની નિર્મળ પરિણતિ અને નિર્મળ ભગવાનમાં વ્યાપ્યવ્યાપકપણું છે. મલિન રાગાદિ પરિણામ અને એના વ્યાપકપણામાં આત્મા છે નહિ. અને વ્યાપ્યવ્યાપકપણા વિના સંબંધ જ નથી, પરનો સંબંધ જ નથી.

નિશ્ચયથી એ વ્યવહારરત્નત્રયનો.. એ પહેલાં આવી ગયું જીવ-અજીવ અધિકારમાં. અત્યંત અભાવ છે દ્રવ્યસ્વભાવમાં. સમજાણું કાંઈ ? એ ચાર જે ન્યાયનો અભાવ છે એ બીજા છે. ન્યાય ગ્રંથોમાં ચાર જે અભાવ છે-અન્યોન્ય અભાવ, અત્યંત અભાવ.. છે ને ? પ્રાગભાવ, પ્રધ્વંસ અભાવ એ બીજી વાત છે. એ તો છ દ્રવ્યમાં વ્યવહારની વાત છે. અહીં અધ્યાત્મમાં તો જે રાગ છે વર્તમાનમાં પરદ્રવ્ય એનો સ્વભાવમાં અત્યંત અભાવ છે. એ બીજો ભાવ છે. સમજાણું કાંઈ ? વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ ઊઠે છે એ પણ સ્વભાવભાવ અને સ્વભાવભાવનું પરિણામન-કાર્ય એમાં એ વિકારનો વ્યવહારરત્નત્રયનો અત્યંત અભાવ છે. અત્યંત અભાવને કારણે આત્મા વ્યાપક થઈને એ વ્યાપ્ય બને એવી સ્થિતિ કદિ થતી નથી. સમજાણું કાંઈ ?

પ્રભુ ! તારી ચૈતન્યલીલા તો જો ! લોકો કહે છે કે ઈશ્વરની લીલા. એ ઈશ્વરની નહિ, તારી લીલા છે. તારો ઈશ્વર સ્વભાવ પડ્યો છે પૂર્ણાનંદ પ્રભુત્વશક્તિથી ભરેલો. એ પ્રભુત્વશક્તિ તો અનંત ગુણમાં પ્રભુત્વ આવે છે. એક પ્રભુત્વશક્તિ છે તો અનંત ગુણમાં અવિનાભાવી પ્રભુતા સાથે રહે છે. કેમકે વિભુત્વ પણ એની શક્તિ છે. તો પ્રભુત્વની શક્તિ અનંત ગુણમાં વ્યાપીને વિભુતારૂપે અનંત ગુણને પ્રભુ બનાવે છે. એવા અનંત ગુણના પ્રભુત્વ સંપન્ન પોતાનો પરમેશ્વર આત્મા જ્યાં રાગથી પૃથક્, પરદ્રવ્યથી પૃથક્ પોતાની દૃષ્ટિનું ભાન થયું તો નિર્મળ પર્યાયનું વ્યાપ્ય કહો, કાર્ય કહો, કર્તા દ્રવ્ય કહો. કેમ કે (ત્યાં) વ્યાપ્યવ્યાપકભાવનો સંભવ છે, પણ પરદ્રવ્ય એવો રાગ વિકાર, દયા, દાન, જેનાથી તીર્થંકરગોત્ર બંધાય એવો ભાવ, તેનો સ્વદ્રવ્ય-ગુણમાં

તો અત્યંત અભાવ (છે), પણ પર્યાયમાં અત્યંત અભાવ છે. નિર્મળ પરિણામ મોક્ષમાર્ગની જે વ્યાપ્યવ્યાપકની અવસ્થા છે એમાં પણ એ પરિણામ અત્યંત અભાવરૂપ છે અને અત્યંત અભાવરૂપ હોવાથી વ્યાપ્યવ્યાપક વિના અથવા એમાં વ્યાપ્ય થયા વિના, આત્મા કર્તા અને પરિણામ કાર્ય કેમ હોઈ શકે ? સમજાય છે કાંઈ ? આહા..હા...! કેટલા ટૂકડા એકલા સિદ્ધાંત છે !

'**વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ...**' અરે..! ભગવાન ! 'જ' તો જૈનશાસનમાં આવતો નથી ને ? 'જ' આવે તો એકાંત થઈ જાય. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ ! 'જ' નહિ. કથંચિત્ આમ અને કથંચિત્ આમ, એમ છે ? કથંચિત્‌નો અર્થ શું ?-કે તત્સ્વભાવમાં વ્યાપ્યવ્યાપકપણું છે અને અસતત્સ્વભાવમાં વ્યાપ્યવ્યાપકપણું છે જ નહિ, એનું નામ અનેકાંતપણું છે. કથંચિત્ અતત્સ્વભાવમાં એ કર્તા-કર્મ અને કથંચિત્ વ્યાપ્યવ્યાપક તત્સ્વભાવમાં પણ કર્તા-કર્મ એમ છે નહિ. ઓહો..હો...! ભારે ગડબડી. અનેકાંતના નામે ગડબડ થઈ ગઈ. ફુદડીવાદ બનાવી દીધો. ફુદડી. ફુદડી કહે છે ને ? શું કહે છે ? ચક્કર. ફુદડીમાં ચક્કર લગાવે. આ ફુદડી. ફુદડીવાદ. આમ પણ હોય... આમ પણ હોય... આમ પણ હોય... શું આમ પણ થાય ? સ્વરૂપમાં અસ્તિ છે તો પરથી નાસ્તિ એમ હોય છે, પણ પરનું વ્યાપ્યવ્યાપકણું પણ છે અને પોતાનું પણ વ્યાપ્યવ્યાપકપણું છે એવી ચીજ જ નથી. એને સ્યાદ્વાદ નથી કહેતા, એને અનેકાંત નથી કહેતા. સમજાણું કાંઈ ?

કહે છે કે '**વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ...**' એમ લીધું છે. સમ્યક્ એકાંત લીધું. '**અતત્સ્વરૂપમાં ન જ હોય.**' રાગાદિ પરદ્રવ્ય સાથે સમ્યગ્જ્ઞાનમાં વ્યાપકપણું નથી. વ્યાપ્ય અવસ્થા નથી. સ્વભાવની પર્યાયમાં વિકાર અત્યંત અભાવરૂપ છે. તેથી, આત્માનું અતત્સ્વભાવમાં વ્યાપ્યવ્યાપકપણું ત્રણ કાળમાં નથી હોતું. આહા..હા...! ભ્રમણા તો અનાદિ કાળથી છે. ભણેલાગણેલાને હજી ભ્રમણા છે. શાસ્ત્રમાં એમ લખ્યું છે... શાસ્ત્રમાં આમ લખ્યું છે. અરે..! પ્રભુ ! શાસ્ત્રમાં લખ્યું છે એ અનેકાંતનું અમૃત પ્રગટ કરવા માટે લખ્યું છે. બધા શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગતા છે. બધા શાસ્ત્રનું વીતરાગતા તાત્પર્ય છે એનો અર્થ ? અનેકાંત થઈને વીતરાગપર્યાય ઝરે અને અમૃતના આનંદનો અનુભવ થાય તેનું નામ અનેકાંત કહે છે. શું રાગ સાથે વ્યાપ્ય થઈને વ્યાપક આત્મા થાય અને વીતરાગતા પ્રગટ થાય અને અનેકાંતપણે એમાં અમૃતનો અનુભવ થાય, એમ થાય છે ?-એમ ત્રણ કાળમાં થતું નથી. સમજાયછે કાંઈ ?

એ કહે છે, જુઓ ! 'જ' તો બેયમાં લગાવ્યો છે. 'જ' આત્મા દ્રવ્યથી નિત્ય છે તો નિત્ય જ છે, પર્યાયથી અનિત્ય છે તો અનિત્ય જ છે. એમ નથી કે દ્રવ્યથી નિત્ય છે અને કથંચિત્ અનિત્ય પણ છે, એમ નથી. એવા ભગવાન આત્માને પોતાના દ્રવ્યસ્વભાવની સાથે વ્યાપ્યવ્યાપકપણું છે, એવું અતત્સ્વભાવ સાથે રાગ અને વ્યવહાર સાથે પણ વ્યાપ્યવ્યાપકપણું છે એમ નથી. એમ નથી એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ ? ઓહો..હો...! 'અમૃતચંદ્રાચાર્ય'. આ કળશ જ્યારે લખાણા હશે... વાણી તો પરમાણુની પર્યાય છે, વિકલ્પ તો નિમિત્ત છે અને વિકલ્પનો

કર્તા પણ અમે નથી, એવા કાળમાં આ શ્લોક લખાયો છે.

વિકલ્પ વ્યાપ્ય અને અમે વ્યાપક એમ છે જ નહિ. કોણે કહે છે કે અમે શાસ્ત્ર બનાવ્યું ? આહા..હા...! પ્રભુ ! કોને કહે છે ? અમને ગાળ ન આપશો. કેમકે વિકલ્પ છે એ અમારું વ્યાપ્ય નથી અને અમે એના વ્યાપક નથી. એ અમારી કાર્ય-દશા નથી અને હું એનો કર્તા નથી. અમે બનાવ્યું. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પોતાના તત્સ્વરૂપમાં વ્યાપ્યવ્યાપક છે. કે અતત્સ્વરૂપ વિકલ્પમાં વ્યાપ્યવ્યાપક છે ? પ્રભુ ! એવું નહિ કરતો. એવી અમને ગાળ ન આપીશ કે વિકલ્પનો કર્તા થયા આચાર્ય અને શાસ્ત્રની રચના કરી. એ નિમિત્તથી કથન કરવામાં આવે છે. શું હતું એનું જ્ઞાન (કરાવે છે). કર્તા-કર્મના સ્વરૂપમાં ત્રણ કાળમાં રાગ સાથે નથી, તો પછી શાસ્ત્રની રચનાની પર્યાયમાં કર્તા-કર્મ છે (એમ તો નથી જ). સમજાણું કાંઈ ?

વળી એમ લખે, જુઓ ! કર્તાકર્મ નથી માનતા પણ લખીને બીજાને સમજાવે છે, તો બીજાનું કાર્ય કરી શકે છે એમ એમાં આવી જાય છે. ક્યાંથી આવ્યું ? પંડિતજી ! આવ્યું ને ? તમારી ઉપર આક્ષેપ નાખ્યો છે. લેખમાં આવ્યું છે. તમે લેખ જોયો છે કે નહિ ? નથી જોયો ? લેખ આવ્યો છે. નામ પાછળ લખ્યું છે. સમજાણું કાંઈ ? પંડિતજી ઉપર બે આક્ષેપ છે. ક્યા ?-કે તમે કહો છો કે હું કર્તા નથી એ 'સોનગઢ'ની વાત તમે સિદ્ધ કરી, પણ તમારી શ્રદ્ધા એવી નથી. કેમકે તમે પુસ્તક તો બનાવ્યું. એટલે તમારી કર્તા-કર્મની શ્રદ્ધા એનું કાર્ય ન કરી શકે એવી છે જ નહિ, જાવ. એક વાત. બીજી વાત, તમે કહો છો કે ક્રમબદ્ધ થશે. તો તમારી શ્રદ્ધામાં ક્રમબદ્ધ છે જ નહિ. એ તો તમે બીજાનો અર્થ કર્યો. ક્રમબદ્ધ નથી. કેમ ? ક્રમબદ્ધ જો તમે માનો તો તમારા શબ્દોથી સમજાવવાથી બીજાની પર્યાય થશે, એમ તમારી શ્રદ્ધામાં છે તો ક્રમબદ્ધ તમારી માન્યતામાં છે જ નહિ. આહા..હા...! એ નથી સાંભળ્યું ? આવ્યું હતું. એવું લખાણ છપાયું છે. આહા..હા...! અહીં તો અમે બધું જોતા હતા. શું કહે છે, કેવો એનો અભિપ્રાય છે. સમજાણું કાંઈ ?

અરે..! ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' તો કહે છે, વ્યાપ્યવ્યાપકપણું અતત્સ્વભાવમાં નથી, તો રાગ થયો અને બનાવવાનો ભાવ આવ્યો તો એમ કહેવામાં આવ્યું તો શું કર્તા છે ? અને શું એની ક્રમબદ્ધની શ્રદ્ધા ચાલી ગઈ છે ? આહા..હા...! સમજાણું કાંઈ ? એવા વિકલ્પના કાળે વિકલ્પ આવે છે, વ્યાપ્યવ્યાપક વિના. એ પરમાણુની પર્યાય... એક પરમાણુમાં સ્વતંત્ર પરિણમવાની પોતાના ગુણ-પર્યાયમાં દ્રવ્ય ઉત્પાદ-વ્યય કરે છે તો થાય છે. અનંત પરમાણુના સંયોગમાં અક્ષર થઈ ગયા. સ્કંધમાંથી અક્ષર થયો એમાં આત્માએ શું કર્યું ? અક્ષર બન્યો તો.. તો તો એમ થયું કે ભાઈ ! ભગવાને ઉપદેશ આપ્યો છે એનાથી બીજાને લાભ થશે. તો એની પર્યાયમાં ક્રમ થવાનો હતો તો તો ભગવાને પલટાવી દીધું તો ભગવાનની શ્રદ્ધામાં ક્રમબદ્ધ નથી. ભગવાનના જ્ઞાનમાં ક્રમબદ્ધ નથી. બધા દ્રવ્યની જ્યાં જ્યાં જેવી પર્યાય જે સમયે જે થાય તે થાય.. થાય ને થાય જ છે. ત્રણ કાળ ત્રણ લોકમાં (એમ થાય છે), એવું ભગવાને જ્ઞાનમાં જોયું છે. વાણી નીકળે છે વાણીના કાળે. એ સમજવાની એની યોગ્યતા હોય તો તેને એ

સમજે છે. એ બધું પણ ક્રમબદ્ધમાં છે. સમજાણું કાંઈ ? બહુ ઝીણી તકરાર કરે છે.

આ કહે છે ને, ભગવાન ! અમે રાગમાં પણ વ્યાપક નથી અને વ્યાપ્ય નથી. રાગનું વ્યાપ્ય તો પુદ્‌ગલની સાથે ચાલ્યું જાય છે. તો અમારો આત્મા કર્તા અને રાગ અમારું વ્યાપ્ય, એ ક્યાંથી આવ્યું ? અને બીજાની જે પર્યાય છે, સમ્યગ્જ્ઞાન સમજવાની પર્યાય થઈ એ વ્યાપ્ય અને વ્યાપક તો એનો આત્મા છે. એણે સાંભળ્યું અને વિકલ્પ છે એ પણ એનું વ્યાપ્ય નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! 'જ્ઞાનચંદજી'! સંભળાયું કે નહીં ? શું ? એણે સાંભળ્યું એ તો વાણી થઈ, વિકલ્પ એ તો રાગ થયો. ત્યારપછી રાગથી ખસીને આ તો આત્મા વસ્તુની વ્યવસ્થિત પર્યાય ચાલે છે એમ કહે છે. એવી જ્યાં દૃષ્ટિ થઈ, પરનું કર્તૃત્વબુદ્ધિ હટીને અને રાગને રચું એવી બુદ્ધિ છૂટીને જ્ઞાતા-દૃષ્ટામાં અંતર પરિણતિ થઈ, દૃષ્ટિ થઈ ત્યારે વિકલ્પ અને શ્રવણને નિમિત્ત કહેવામાં આવે છે, પણ વિકલ્પ અને નિમિત્તમાં વ્યાપ્ય થઈને વ્યાપક થાય છે એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

સમજનાર પણ રાગને વ્યાપ્ય બનાવી અને વ્યાપક આત્માને બનાવે ત્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને પણ નથી થતી. આહા..હા...! સમજાણું કાંઈ ? એ પણ આત્મા. પોતાના સ્વભાવસન્મુખ દેખે ત્યારે આત્માને વ્યાપક બનાવ્યો, વ્યાપ્ય અવસ્થા સ્વયં વ્યાપકમાં પર્યાયમાં વ્યાપ્ય થઈ ગઈ. નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. તો વ્યાપ્યવ્યાપક એની સાથે સંબંધ છે. એના વિકલ્પની સાથે સંબંધ નથી, તો વાણીની સાથે અને સમજાવનારની સાથે વ્યાપ્યવ્યાપકપણું છે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ ? પ્રભુ! ચીજ તો એવી છે. હવે તને રુચે કે ન રુચે, એમાં શંકાની દલીલ ઊઠે કે આમ હોય અને આમ ન હોય. એવું વસ્તુમાં છે જ નહિ. વસ્તુ જ એવી છે. પોકાર કરો તો કરો. 'આત્મમીમાંસા'માં ભાઈ આવ્યું છે ને ? 'આત્મમીમાંસા'માં 'સમંતભદ્રાચાર્ય' (કહે છે) કે નિત્ય છે અને અનિત્ય છે, એક છે અને અનેક છે. લોકોને વિરોધ લાગે છે તો પોકાર કરે છે. તો ત્યાં ટીકામાં કહે છે કે પોકાર કરો તો કરો, વસ્તુ તો આવી છે. એ 'સંમતભદ્રાચાર્યે' લખ્યું છે. 'આત્મમીમાંસા'માં. પોકાર કરો તો કરો. એક વસ્તુ નિત્ય, તે જ વસ્તુ અનિત્ય, તે જ વસ્તુ એક, તે જ વસ્તુ અનેક, તે જ વસ્તુ શુદ્ધ, તે જ પર્યાયમાં અશુદ્ધ. ઘણું વિપરીત લાગે. પોકાર કરો તો કરો વસ્તુની સ્થિતિ આવી છે. એ તમારી મટાડી મટતી નથી અને કોઈથી મટાડી મટતી નથી. સમજાણું કાંઈ ?

કહે છે કે '**કર્તાકર્મની સ્થિતિ ન જ હોય. આવો...**' જુઓ ! હવે લીધું. '**પ્રબળ વિવેકરૂપ,...**' ઓ..હો...! વિવેક આવ્યો. '**પ્રબળ વિવેકરૂપ,...**' પ્રબળ છે ને ? '**उद्दाम–विवेक**' પ્રબળ વિવેકનો અર્થ પરદ્રવ્ય રાગ અને સ્વદ્રવ્ય ભગવાન સ્વભાવ, બેનો વિવેક નામ ભેદજ્ઞાન થયું. '**उद्दाम–विवेक**' પ્રબળ વિવેક. રાગનો વિકલ્પ અને ભગવાન સ્વભાવ, બે વચ્ચે પ્રબળ વિવેક નામ ભેદજ્ઞાન થયું. '**અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે એવો જે જ્ઞાનપ્રકાશ...**' પ્રબળ વિવેકરૂપ થયો જ્ઞાનપ્રકાશ '**અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ**

**છે એવો જે જ્ઞાનપ્રકાશ...**' બે લીધા. કેવો છે ભગવાન જ્ઞાનપ્રકાશ પોતાની પર્યાયનો ? દ્રવ્ય સ્વભાવમાં તો અચિંત્ય અને અપરિમિત છે. પણ જ્યાં પોતાના દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ ત્યાં રાગથી પ્રબળ વિવેક થયો અને રાગાદિનું અને સ્વનું જ્ઞાન થયું. બધાને ગ્રાસીભૂત કોળિયા કરી નાખે. મોઢું મોટું છે અને કોળિયો નાનો છે. ગ્રાસી-કવળ.

એમ કહે છે કે રાગ, વિકલ્પ, વ્યવહારથી મારી વ્યાપ્ય-વ્યાપકતા નથી. મારી વ્યાપ્ય-વ્યાપકતા સ્વભાવ સાથે છે. એવો પ્રબળ ઉદ્દામ વિવેક થયો તો રાગાદિ ચાહે ગમે તે પ્રકારની વસ્તુ હો, સર્વને અને પોતાને ગ્રાસીભૂત નામ પ્રકાશરૂપ જ્ઞાનમાં જાણવાનું કાર્ય આત્મા કરે છે, એવો વિવેક પ્રગટ થયો છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

'**સર્વને ગ્રાસીભૂત...**' શું કહ્યું ? જુઓ ! '**પ્રબળ વિવેકરૂપ, અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે એવો જે જ્ઞાનપ્રકાશ તેના ભારથી...**' આ..હા..! શું કહ્યું ? ભગવાન આત્મા રાગ પર અંધકાર છે. રાગ તો અંધકાર છે. એમાં વ્યાપ્યવ્યાપકપણું અજ્ઞાનભાવથી માની રાખ્યું હતું. અજ્ઞાનભાવથી કર્તા-કર્મની પ્રવૃત્તિ માની લીધી હતી, સ્વભાવમાં નથી. એ રાગ વ્યવહાર મારું કાર્ય અને હું કરનારો વ્યાપક એવું માની રાખ્યું હતું. જ્યાં ભેદજ્ઞાન થયું, જ્ઞાનપ્રકાશ રાગથી ભિન્ન થયો અને સ્વભાવનો આશ્રય લીધો તો દ્રવ્ય વ્યાપક થઈને નિર્મળ જ્ઞાન પર્યાય વ્યાપ્ય થઈ તો પ્રબળ વિવેક થયો અને રાગાદિ બધી વસ્તુને પોતાના જ્ઞાનમાં જાણે છે, પરને જાણવું, ગ્રાસીભૂત થવું, કોળિયો કરી જવો એવો પ્રકાશ પ્રગટ થયો છે. એને જ્ઞાની કહે છે. અહીં તો હજી શ્રુતજ્ઞાનીની વાત ચાલે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

કેવળજ્ઞાન તો ક્યાંય રહ્યું. અહીં તો સાધકમાં શ્રુતજ્ઞાનની વાત કરે છે. જ્યાં ભાવશ્રુતજ્ઞાન થયું, જે વિકલ્પ અને પરમાં એકાકાર માનીને પરદ્રવ્યમાં સ્વદ્રવ્યની એકત્વબુદ્ધિ હતી, એના અજ્ઞાનથી કર્તાકર્મ માની રાખ્યું હતું. સ્વભાવ ભિન્ન અને રાગ ભિન્ન છે, પરદ્રવ્ય છે, એમાં મારું વ્યાપ્યવ્યાપકપણું નથી, હું એમાં પ્રસરનાર નથી, હું એમાં રોકાઈને રચું એવો નથી. હું જ્ઞાનસ્વભાવમાં રોકાઈને જ્ઞાનની પર્યાયનો રચનાર હું અને મારી પર્યાય મારું રચનારૂપી કાર્ય, એવા વિવેકથી સમ્યગ્જ્ઞાન થયું તો રાગાદિ, વ્યવહારાદિને ગ્રાસીભૂત કરે છે, પોતાના જ્ઞાનમાં જાણી લે છે. ૧૨મી ગાથામાં આવ્યું એ બધે ઠેકાણે લીધું. એ કાળે જાણેલો પ્રયોજનવાન છે. '**तदात्वे**' છે ને ? '**तदात्वे**'. તે સમયે એ વાત રાખીને બધા સિદ્ધાંતનું સ્પષ્ટીકરણ કરે છે. '**तदात्वे**' ... ત્યાં અસ્તિની વ્યાખ્યા છે. જીવની અસ્તિ અને અજીવની નાસ્તિ. અજીવ શબ્દે રાગની પણ નાસ્તિ.

અહીં કર્તા-કર્મની વાત છે. જો રાગ અજીવ છે તો એનું કર્તવ્ય કાર્ય નથી. આત્માના અસ્તિત્વમાં રાગ નથી અને રાગના અસ્તિત્વમાં આત્મા નથી. એ જીવ-અજીવ પ્રકારમાં અસ્તિત્વને સિદ્ધ કર્યું છે. અહીં કર્તાકર્મમાં રાગનું વ્યાપ્યપણું અને આત્માનું વ્યાપકપણું નથી એમ સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ ? કહે છે કે '**આવો પ્રબળ વિવેકરૂપ,...**' અત્યંત અભાવ

સ્વભાવરૂપ, વિકાર રાગાદિ મારા સ્વભાવમાં અત્યંત અભાવરૂપ અને મારો જ્ઞાતા-દૃષ્ટા વ્યાપક પોતાના સ્વભાવમાં પર્યાયમાં વ્યાપે છે એ અભિન્ન કર્તા-કર્મ છે. ભિન્ન સાથે કર્તા-કર્મ સંબંધ ત્રણ કાળમાં થઈ શકતો નથી. ઓહો..હો...! વિકારનું પરિણમન પણ ભિન્ન છે. એની સાથે કર્તા-કર્મ નથી તો પરદ્રવ્ય તો સ્વતંત્ર પર્યાયરૂપ કાર્ય કરી રહ્યા છે, એની સાથે કર્તા-કર્મ માની લેવું એ આત્માની મોટી વિટંબણા છે. 'મૂળજીભાઈ' ! આહા..હા...!

પ્રભુ ! તારા જ્ઞાનના વિકાસમાં કળી ખીલે. જો કમળની કળી ખીલે તો તો કમળ ખીલે તો કમળની પર્યાયરૂપે જ ખીલે છે. શું કોલસાની પર્યાયરૂપ કમળની પર્યાય ખીલે ? કે લાકડાની પર્યાયરૂપ ખીલે ? એમ ભગવાન આત્મા રાગ અને પરદ્રવ્યથી લક્ષ છોડી દીધું. મારું સ્વદ્રવ્ય સ્વભાવભાવ છે એવું લક્ષ કર્યું તો જ્ઞાનનું પરિણમન થયું. એ જ્ઞાનની પર્યાયે રાગને પ્રબળ વિવેકથી ભિન્ન કરી દીધો, અને જ્ઞાનની પર્યાય અને રાગાદિ વિકલ્પ આદિ દયા, દાન, વ્યવહારરત્નત્રયને જાણી લે છે તો તરી જાય છે. જાણી લે છે. એવો જ્ઞાનનો સ્વભાવ છે. કર્તા-કર્મ સ્વભાવ નહિ પણ જ્ઞેય-જ્ઞાયક સંબંધ થઈ જાય છે. સમજાણું કાંઈ ? વ્યવહારરત્નત્રયની સાથે કર્તા-કર્મ સંબંધ જે અજ્ઞાનથી માની રાખ્યો હતો, વ્યવહાર તો હતો જ નહિ પણ વ્યવહારાભાસ અજ્ઞાનમાં (હતો), એ કર્તા કર્મ છૂટીને વ્યવહાર જ્ઞેય અને આત્મા એનો ગ્રાસીભૂત કરનાર, જાણનાર, એવો જ્ઞાનનો જ્ઞાયક-જ્ઞેય સંબંધ રહ્યો, એ જ્ઞાનનું લક્ષણ અને જ્ઞાની સ્વરૂપ થયો એનો ન્યાય. સમજાણું કાંઈ ?

એમાં જામી શકે એવી વાત છે, ન બેસે એવી વાત નથી; પણ એણે એવી પક્કડ કરી લીધી છે કે અમે માન્યું છે એવી વસ્તુ નથી... અમે માન્યું છે એવી વસ્તુ નથી... પણ તેં માની રાખ્યું છે એ ખોટી વસ્તુ છે, બીજી વસ્તુ છે. રાગથી લાભ થાય અને પુણ્યથી લાભ થાય અને પર મારું કાર્ય છે, વ્યવહાર પહેલાં હોય અને નિશ્ચય પછી થાય, એમ કદી છે જ નહિ. સમજાણું કાંઈ ?

કહે છે કે, '**આવો પ્રબળ વિવેકરૂપ અને સર્વને ગ્રાસીભૂત...**' સર્વમાં શું બાકી રહ્યું ? પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વપણે, રાગાદિ પરપરણે. સર્વને જાણવાનો સ્વપરપ્રકાશનું સામર્થ્ય પોતાના સામર્થ્યથી પોતાના ઉપાદાનમાં વ્યાપક દ્રવ્યથી ઉપાદાનની પર્યાયનું વ્યાપ્ય થયું. સમજાણું કાંઈ ? ઓહો...! જુઓ ! આ ધર્મદશા. સાંભળે નહિ, વિચારે નહિ. આવી વાત આવે તો રાડ પાડે કે નિશ્ચય થઈ ગયો... નિશ્ચય થયો. નિશ્ચય થયું એટલે સત્ય થયું. વ્યવહાર થયો એ તો ઉપચાર થયો, વસ્તુમાં નથી. સ્વભાવમાં વ્યવહાર ત્રણ કાળમાં નથી. સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુકત છે. કેમકે વ્યવહાર પરદ્રવ્ય છે. એમાં આવ્યું કે નહિ ? વ્યવહારથી મુકત છે અને નિશ્ચયથી લીન છે. નિશ્ચયનો અર્થ જ્ઞાયકભાવમાં એકાકારની પરિણતિ ચાલે છે, બસ. સમજાણું કાંઈ ?

'**જ્ઞાનપ્રકાશ તેના ભારથી...**' શું કીધું ? ઓહો...! જ્ઞાનની સામર્થ્યતા. એટલો ભાર-સમર્થતા, ભાર નામ સમર્થતા કે રાગથી ભિન્ન થયેલું જ્ઞાન અને જ્ઞાન સર્વને જાણે એવો જ્યાં

જ્ઞાનપ્રકાશ થયો '**અજ્ઞાન-અંધકારને ભેદતો,..**' છે ને '**તમઃ**' '**તમઃ**' ભેદતો. સમજાણું ? ક્યાં ગયું '**તમઃ**' ? '**भिन्दन् तमः**' એનો અર્થ છે. '**અજ્ઞાન-અંધકારને ભેદતો,...**' એ પણ કથન પદ્ધતિ છે. સમજાણું કાંઈ ? ઉત્પન્ન થતો નથી. ઉત્પન્ન થતો નથી એને ભેદતો કહેવામાં આવ્યું છે. આહા..હા...! જ્ઞાનનો પ્રકાશ, પોતાના સ્વભાવનો આશ્રય કર્યો. વ્યાપક દ્રવ્ય થઈને નિર્મળ પર્યાય પ્રકાશી તો અજ્ઞાન અંધકાર રહેતો નથી. એને ભેદતો થકો એમ કહેવામાં આવે છે. અજ્ઞાનને છેદવું એમાં શું છે ?

**શ્રોતા :-** જ્ઞાનભાવમાં અજ્ઞાનભાવ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ. બસ, એટલી વાત છે. જ્ઞાનભાવ થયો તો અજ્ઞાનભાવ રહ્યો નહિ, એને ભેદ્યો એમ કહેવામાં આવે છે.

ભગવાન આત્મા ભેદતો થકો '**આ આત્મા જ્ઞાનસ્વરૂપ થઈને,...**' એ પહેલાં રાગનું કાર્ય માની રાગસ્વરૂપ થઈને પોતાના અસ્તિત્વને કર્તા-કર્મ માનતો હતો. હવે '**જ્ઞાનસ્વરૂપ થઈને તે કાળે કર્તૃત્વરહિત થયેલો શોભે છે.**' તે કાળે કેમ કહ્યો ? કે પહેલાં તો રાગ અને વિકારને કાર્ય માનતો હતો. જ્યારે દૃષ્ટિ ખસી ગઈ અને જ્ઞાનપ્રકાશે પોતાની પર્યાયથી રાગથી ભિન્નતા કરી તે સમયે રાગના કર્તૃત્વરહિત જ્ઞાનપ્રકાશ શોભે છે અને પોતામાં વ્યાપ્યવ્યાપકપણે પરિણમન કરે છે. કર્તૃત્વરહિત થયો. જુઓ ! '**તે કાળે...**' '**तदा**' '**तदा**' છે ને ? '**ज्ञानीभूय तदा**' એ શબ્દ છે ચોથા પદમાં. '**तदा**' કેમ લીધું ? કે તે સમયે શોભે છે. રાગનું કાર્ય ખસેડીને જ્ઞાનના પ્રકાશનું વ્યાપ્યપણું થયું (તે સમયે) '**तदा**' જ્ઞાનપ્રકાશ શોભે છે. ત્યારે જ્ઞાનપ્રકાશ ઓપે છે. એને પંડિત થાવું છે કે નહિ હળવે-હળવે. એ તો તમારા ચિરંજીવીની વાત કરી. 'અશોકભાઈ'ની. એને પણ પછી થોડું થોડું-પંડિત થવાનું છે ને ? સમજાણું કાંઈ ?

શું કહે છે ? '**આ આત્મા જ્ઞાનસ્વરૂપ થઈને,...**' '**तदा**' '**તે કાળે કર્તૃત્વરહિત થયેલો...**' આહા..હા...! શું કહે છે ? રાગ મારું વ્યાપ્ય-મારું કાર્ય અને હું કર્તા, એ આત્મા શોભતો નથી. એ આત્મા શોભતો નથી. એમાં સુંદરતા નથી. સુંદરતા નથી.

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**

એ બધાનું વિશેષ સ્પષ્ટીકરણ ચાલે છે. ભગવાન આત્મા રાગથી પૃથક્ક થયો અને રાગનું કર્તૃત્વ છૂટી ગયું ત્યારે આત્મા શોભે છે. એ આત્માની સુંદરતા છે. રાગ મારું કાર્ય અને હું કર્તા, એ સુંદરતા નથી. પ્રભુ ! એ તો લાંછન છે. એ આત્માની પર્યાયમાં લાંછન છે. એ લક્ષણ નથી, લાંછન છે. સમજાણું કાંઈ ? લ્યો, એક કળશ થયો. આખી ટીકાનો સાર થોડા શબ્દમાં (કહ્યો). ઓહો..હો...! જંગલમાં રહીને સિદ્ધ ભગવાન આત્માની સાથે વાત કરતાં... કરતાં... કરતાં... આ શાસ્ત્ર બની ગયું.

'**ભાવાર્થ :- જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે છે તે તો વ્યાપક છે...**' આ વ્યાપકની-કર્તાની વ્યાખ્યા કરે છે. '**સર્વ અવસ્થાઓમાં...**' સર્વ હાલતોમાં, સર્વ પર્યાયોમાં '**વ્યાપે તે તો વ્યાપક છે અને કોઈ એક અવસ્થાવિશેષે તે, (તે વ્યાપકનું) વ્યાપ્ય છે. આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે અને પર્યાય પ્યાપ્ય છે.**' પણ અહીં કઈ દ્રવ્ય-પર્યાય લેવી છે? નિર્મળ શુદ્ધ પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક ઈ લેવું છે. અહીં ઓલી વિકાર વ્યાપ્ય પર્યાય અને આત્મા વ્યાપક એમ નથી. એ તો પરદ્રવ્ય છે. છે ? આહા..હા...!

'**દ્રવ્ય તો વ્યાપક છે અને પર્યાય વ્યાપ્ય છે. દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે.**' કઈ ? જ્ઞાયકભાવ આત્મા એવી પરિણતિ જ્ઞાનની શુદ્ધ શ્રદ્ધા જ્ઞાનાદિ થયા એ દ્રવ્ય પર્યાય અભેદ છે. રાગાદિ ભાવ તો ભેદરૂપ છે, પરદ્રવ્ય છે, એની સાથે આત્મા દ્રવ્ય (અને) એ પર્યાય આત્માની અને આત્મા દ્રવ્ય એમ પરદ્રવ્યની સાથે છે જ નહિ. સમજાણું કાંઈ ? પરદ્રવ્ય શબ્દે રાગ, વિકલ્પ, દયા, દાન, વ્યવહારરત્નત્રય એ પોતાની પર્યાય નથી, એ દ્રવ્યની અવસ્થા નથી, એ દ્રવ્યનું પરિણામ નથી. સમજાણું કાંઈ ? દ્રવતી ઈતિ દ્રવ્યમ્. તો દ્રવ્ય તો શુદ્ધ સ્વભાવ છે. એ દ્રવે છે તો શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. દ્રવ્યતી ઈતિ દ્રવ્યમ્. દ્રવે. પાણીમાંથી પાણીનો લોઢ દ્રવે છે. પાણીરૂપ લોઢ થાય છે. શું મેલરૂપ થાય છે ? એમ ભગવાન આત્મા દ્રવ્ય સ્વભાવ રાગથી પૃથક્ક થયો. દ્રવે છે તો નિર્મળ પર્યાય દ્રવે છે. નિર્મળ પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય એ એનું વ્યાય, એ વ્યાપક. એ પર્યાય એ પર્યાયવાન. એ પર્યાય-પર્યાયવાન અભેદ છે.

'**જે દ્રવ્યનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ...**' જુઓ ! શું કહે છે ? જે દ્રવ્યનું સ્વરૂપ છે, દ્રવ્યનું સત્ત્વ છે '**તે જ પર્યાયનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ.**' છે. જેમ જ્ઞાયકભાવ દ્રવ્ય છે તો નિર્મળ પર્યાય પણ એનું જ સ્વરૂપ છે, એનું સત્ત્વ છે, એનો ભાવ છે. વિકારી ભાવ એનો આત્મા નામ સ્વરૂપ અને રાગ આત્માનું સત્ત્વ એમ છે નહિ. સમજાય છે કાંઈ ? '**જે દ્રવ્યનો આત્મા,...**' આત્મા એટલે સ્વરૂપ. આત્મા એટલે દ્રવ્યરૂપ. જેવો દ્રવ્ય ભાવરૂપ, એવું એનું સત્ત્વ, એનું સ્વરૂપ, એ જ પર્યાયનું સ્વરૂપ છે. જેવો જ્ઞાયકભાવ શુદ્ધ છે તો એની પર્યાય પણ શુદ્ધ છે. એ એનું અભેદ કાર્ય, કર્તા-કર્મ છે. સ્વરૂપ અથવા સત્ત્વ છે. '**આમ હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે.**' દ્રવ્ય નામ ભગવાન આત્મા પોતાની નિર્મળ નિર્વિકારી નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં વ્યાપે છે.

'**અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે.**' જુઓ ! એ નિર્વિકલ્પ પર્યાય, નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ દ્રવ્ય વડે વ્યપાય છે, દ્રવ્ય દ્વારા વ્યપાઈ જાય છે, એ વિકલ્પ દ્વારા વ્યપાય જાય છે એમ છે નહિ. '**આવું વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ...**' છે. પાછો સરવાળો લીધો. એવી વ્યાપ્ય-વ્યાપકતા, અવસ્થા-અવસ્થાયી, કર્તા-કર્મ તત્સ્વરૂપમાં જ હોય છે. '**વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મભાવ ન હોય. આવું જે જાણે તે પુદ્‌ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ**

**જાણે છે.**' આમ જાણે છે. એ પુદ્ગલ શબ્દે વિકારી પરિણામ અને આત્મા બે વચ્ચે કર્તા-કર્મ ભાવ નથી એમ જાણે છે. ઓહો..! 'રજનીભાઈ'! સમજાય છે ? જુઓ ! બારિસ્ટરમાં આ બારિસ્ટર છે. 'રજનીભાઈ' બારિસ્ટર થયા છે ને ! લ્યો ! આ સમજણ વિના બારિસ્ટરપણું કાંઈ નથી, એમ ભાઈ કહે છે. સમજાય છે કાંઈ ?

અરે..! ભગવાન ! તારું ચૈતન્ય નિધાન સિંહાસન પૂર્ણ સ્વભાવ પડ્યો છે ને. રાગ તો કૃત્રિમ વિકાર પરચીજની તો અહીં વાત જ ક્યાં છે. શરીર બનાવે, કર્મ બનાવે, વાણી રચે અને પૈસા પેદા કરે અને પૈસાનો વેપાર કરે એ ક્યાં રહ્યું ? તારામાં છે જ નહિ. માન્યતા કરો. માન્યતા તો કરે, સ્વતંત્ર ઊંધી માન્યતા છે, પણ એવી વસ્તુ છે નહિ.

**'આવું જે જાણે છે તે પુદ્ગલને અને આત્માને કર્તાકર્મ....'** પુદ્ગલ શબ્દે આ વિકારી પર્યાય, હોં ! વિકારી પર્યાયથી માંડીને કર્મ, શરીર, વાણી, મન બધું પુદ્ગલ છે. એક કોર અજ્ઞાન અને એક કોર જ્ઞાન, બે વાત છે. અજ્ઞાન શબ્દે પોતાના જ્ઞાનભાવનો જેમાં અંશ નથી એ રાગથી માંડી બધું અજ્ઞાન છે. પાંચ દ્રવ્ય અજ્ઞાન છે પોતાની અપેક્ષાએ. આહા..હા...! પોતાનું જ્ઞાન એમાં નથી. પોતાનું જ્ઞાન સ્વરૂપ પ્રકાશમય મૂર્તિ, એને પરથી ભિન્ન જાણતા **'પુદ્ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે. આમ જાણતાં તે જ્ઞાની થાય છે,...'** લ્યો ! એમ જાણતાં તે ધર્મી થાય છે. ધર્મી થાય છે, જ્ઞાની થાય છે, સાધક થાય છે, મોક્ષમાર્ગી થાય છે. એમ થવાથી ધર્મી થાય છે.

**'કર્તાકર્મભાવથી રહિત થાય છે અને જ્ઞાતાદૃષ્ટા-જગતનો સાક્ષીભૂત-થાય છે.'** એ પહેલા કળશ લીધો હતો એની અહીં વાત છે. ૭૫ ગાથા પૂરી થઈ. આ પંડિતજી આવ્યા તો સાંજ-સવાર લઈએ છીએ. નહિતર 'સમયસાર' તો એક જ વાર લઈએ છીએ. આ તો થોડીવાર ચાલે અને લક્ષ ઉપર થોડું આવે (એટલે બે વાર લઈએ છીએ).

**'હવે પૂછે છે કે પુદ્ગલકર્મને જાણતા એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી ?'** શું પ્રશ્ન કર્યો ? આપ તો કહો છે કે ગ્રાસીભૂત કર્યું. રાગ-વ્યવહારને જ્ઞાને ગ્રાસીભૂત કરી લીધા. રાગ અને વ્યવહારને જ્ઞાને જાણી લીધા. એટલો તો સંબંધ થયો ને ? **'એ પૂછે છે કે પુદ્ગલકર્મને જાણતા એવા જીવને...'** જાણનાર તો કહ્યું, હોં ! એટલો સંબંધ તો રાખ્યો, બિલકુલ સંબંધ નથી એમ નહિ. જે રાગ ઉત્પન્ન થયો એને જાણનાર આત્મા એમ તમે કહ્યું. જાણનાર કહ્યો. એને જાણનાર કહ્યો, ગ્રાસીભૂત કરનારો કહ્યો. તો **'એવા જીવને પુદ્ગલ સાથે...'** જેનું જાણવું થયું, જેનું જાણવું પોતામાં પોતાના કારણે થયું એની સાથે **'કર્માકર્મભાવ છે કે નથી ?'** એવું વિશેષ સ્પષ્ટીકરણ કરવા કહે છે, હોં ! વિશેષ સ્પષ્ટીકરણ એમાં આવશે. સમજાણું કાંઈ ?

ભગવાન ! આપે એમ તો કહ્યું કે પોતાના સ્વભાવથી જાણે છે. પોતાના જ્ઞાનમાં એ વ્યવહાર નિમિત્ત પડ્યો છે. ઉપાદાન પોતાથી સ્વપરપ્રકાશની પર્યાય થઈ. તો પોતામાં

સ્વપરપ્રકાશ સામર્થ્ય પોતાનું કાર્ય પોતાને કારણે થયું, એમાં એ વ્યવહાર નિમિત્ત કહેવાયો. તો એને જાણે છે એમ આપે કહ્યું. જાણે છે તો પરની સાથે કાંઈ કર્તા-કર્મ સંબંધ છે કે નહિ ? જાણવાનો સંબંધ છે એ તો આપે સિદ્ધ કર્યું. તો કર્તા-કર્મ કોઈ સંબંધ છે કે નહિ ? વિશેષ સ્પષ્ટીકરણ કરવા માટે આ પ્રશ્ન ઊઠાવ્યો છે. સમજાણું કાંઈ ?

'**તેનો ઉત્તર કહે છે :-**' ગાથા.

**ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**

**णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।।७६।।**

**વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,**

**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.**

ટીકા. ટીકા જરી ઝીણી પડે. ધ્યાન રાખવું. સૂક્ષ્મ પડે એવી ચીજ છે.

'**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું પુદ્‌ગલના પરિણામસ્વરૂપ જે કર્મ...**' એટલાની વ્યાખ્યા ચાલે છે. '**પ્રાપ્ય,...**' જે પુદ્‌ગલનું પરિણામ જે સમયે જે થવાનું છે એને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. પુદ્‌ગલમાં જે પરિણામ જે સમયે થવાનું છે એને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. એ પુદ્‌ગલનું વ્યાપ્યરૂપી કર્મ (છે). ત્રણ અર્થ છે. 'રાજવાર્તિક'માં ત્રણ અર્થ લીધા છે. પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય. પ્રાપ્ય શું ? કે રચના નહિ, વિકાર નહિ. જેમ કે ગામ. ગામ-ગામ. ગામ પહોંચવું હોય તો ગામને રચવું પણ નથી અને ગામ પલટવું પણ નથી એને પ્રાપ્ય કહ્યું.

'**વિકાર્ય,...**' લોટમાંથી રોટલી થાય છે એ વિકાર્ય કહ્યું, પલટવું. અને '**નિર્વર્ત્ય...**' એ તાતણામાંથી કપડા થયા. એને ત્યાં નિર્વર્ત્ય કહ્યું છે. ત્રણ ઉદાહરણ આપ્યા છે. આ તો એક સાધારણ ઉદાહરણ છે. હવે અહીં શું કહ્યું ? અહીં તો પ્રાપ્ય, જે પુદ્‌ગલની પર્યાય જે સમયે થવાની છે તેને દ્રવ્ય પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ ? અને વિકાર્ય. પૂર્વની પર્યાય પલટીને થઈ. છે તો એકની એક. કાર્ય તો એકનું એક, પણ ત્રણ લક્ષણથી એને જાણવામાં આવે છે. એક તો છે એને પ્રાપ્ત કરવું. પૂર્વની પર્યાય પલટીને વિકાર્ય થવું અને એ ઉપજવું-થવું, ઉપજવું-થવું એ નિર્વર્ત્ય. વસ્તુ તો વ્યાપ્ય લક્ષણ એક છે, કર્મ એક છે, પણ કર્મને જોવાની ત્રણ દૃષ્ટિ છે. સમજાણું કાંઈ ?

પ્રાપ્યનો અર્થ તો પહોંચી વળે એ જ થાય છે પણ અમે તો પહેલાં શરૂઆતમાં એમ કહ્યું હતું, શરૂઆતમાં કે પ્રાપ્યનો અર્થ જે પુદ્‌ગલની જે સમયની પર્યાય (થવાની) એ ધ્રુવરૂપ છે. ધ્રુવ અર્થાત્ એ જ થવાની છે એને પહોંચે છે. જુઓ ! ધ્યાન રાખજો. પર્યાયમાં ત્રણ ઉતારીએ છીએ. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. કઈ અપેક્ષાએ ? અહીં તો ભાઈ, રાગાદિ બધું પુદ્‌ગલનું પ્રાપ્ય, હોં ! પુદ્‌ગલની પર્યાય રાગાદિ થવાની છે એને પુદ્‌ગલ પ્રાપ્ત કહે છે. એનો અર્થ કે એ પર્યાયનો કાળ ધ્રુવ છે. એ પર્યાયનો કાળ ધ્રુવ છે તો એ અપેક્ષાએ ધ્રુવ કહ્યું. છે તો પર્યાય, પણ ધ્રુવ નિશ્ચળ એ જ પર્યાય થવાની છે એને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે, ધ્રુવ. અને વિકાર્ય થયો. વિકાર્ય. વ્યય થઈને

ઉત્પન્ન થયું. વિકાર્યમાં વ્યય થયો. પૂર્વની અવસ્થાનો વ્યય થયો. નિર્વર્ત્યમાં એ અવસ્થાનો ઉત્પાદ (થયો).

ફરીને. સમજાણું કાંઈ ? અહીં બેમાં લેશે, હોં ! આત્મામાં અને પુદ્‌ગલમાં. બેયમાં આ ચાર ગાથામાં લેશે. બહુ સારી ગાથા છે. ૭૬, ૭૭, ૭૮, ૭૯. ગજબ વસ્તુની સ્થિતિ છે. અહીં કહે છે કે પ્રાપ્ય. પ્રાપ્યનો અર્થ તો એવો છે કે પહોંચી વળવું. તો કોને પહોંચી વળવું ? પ્રાપ્ય કોને કરવું ? છે એને પ્રાપ્ત કરવું. જેમ ઓલું ગામ લીધું ને ? ગામ છે તેને પહોંચવું. એમ જે સમયની જે દ્રવ્યની પર્યાય છે એમાં એ દ્રવ્ય પહોંચે છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, સ્વકાળમાં .. એ અમે પહેલાં ઘણા વર્ષથી કહેતા હતા. આ પ્રાપ્યમાંથી. સમજાણું કાંઈ ? ધ્રુવ છે એ સમયનું સત્, સત્ એ સમયનું, અહેતુક પર્યાય એને દ્રવ્ય પ્રાપ્ય કરે છે. તો જે સમયે રાગ થવાનો છે એ રાગને પ્રાપ્ય કહ્યો. એને પુદ્‌ગલદ્રવ્ય પ્રાપ્ત કરે છે અથવા એ પ્રાપ્ય નામ ધ્રુવ. તે સમયે નિયત એ ધ્રુવ, એ જ સમયનું ધ્રુવ સત્ છે એ દ્રવ્ય પર્યાયને પ્રાપ્ત કરે છે. એ દ્રવ્ય પર્યાયને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ ? એ પ્રાપ્ય. છે તો વ્યાપ્ય. પ્રાપ્ય છે તો વ્યાપ્ય. પ્રાપ્ય છે તો કર્મ, પ્રાપ્ય છે તો અવસ્થા. પણ એક અવસ્થાને ત્રણ લક્ષથી જોવાની વસ્તુ અહીં કહે છે. સમજાણું કાંઈ ?

અહીં તો પહેલી પુદ્‌ગલની વાત છે, હોં ! પુદ્‌ગલની વાત કરે છે. એક પ્રાપ્ય. રાગ જે સમયે થવાનો છે એ નિયત છે, એને દ્રવ્ય પહોંચે છે. એને દ્રવ્ય પહોંચે છે તો એને પ્રાપ્ય થયું અને વિકાર્ય. પૂર્વની અવસ્થા પલટીને એને જુઓ તો એને વિકાર કહેવામાં આવે છે. પૂર્વની અવસ્થા પલટીને થઈ તો એને વિકાર કહે છે. અને પૂર્વની નહિ અને ધ્રુવની નહિ અને નવી ઉત્પન્ન થઈ એમ જુઓ તો એને નિર્વર્ત્ય કહે છે. સમજાણું કાંઈ ? ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એક સમયના. આ હોં ! આ અપેક્ષાથી. ઓલો ત્રિકાળી ધ્રુવ નહિ.

તે સમયે નિશ્ચય એ ધ્રુવ પર્યાય છે. એ સમયની જડની, રાગની, પુણ્યની પર્યાય. એમ આ શરીરની. બધા દ્રવ્યની. અહીં સર્વ પુદ્‌ગલની પર્યાય ચાલે છે ને. સર્વ દ્રવ્ય પોતાની વર્તમાન જે પર્યાય થવાની છે, જે થવાની છે એ ધ્રુવ છે. ધ્રુવ નામ નિશ્ચળ છે, નિશ્ચય છે, એને દ્રવ્ય પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ ? એમાં રચના પણ નથી, પલટવું પણ નથી. છે. જેવા દ્રવ્ય-ગુણ છે એવી તે સમયની પર્યાય છે. બસ. સમજાણું કાંઈ ? એને પ્રાપ્ય કહે છે. શું કહે છે ?

એ ત્રણે '**વ્યાપ્યલક્ષણવાળું પુદ્‌ગલના પરિણામસ્વરૂપ જે કર્મ,...**' ઓહો..હો...! આચાર્યે તો કેટલી વાત ટૂંકામાં આવી ચીજ (ભરી દીધી છે). ભગવાન ! રાગ આવે છે ને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ? તો એ વિકલ્પનો કાળ જ ધ્રુવ છે. ધ્રુવનો અર્થ છે જ. એની રચવું નથી, પલટવું નથી, નિવૃત કરવું નથી, પલટવું નથી, એ દૃષ્ટિથી જુઓ તો વિકારની પર્યાય, જડની પર્યાય, શરીરની પર્યાય, કર્મની પર્યાય એ છે એને દ્રવ્ય પ્રાપ્ત કરે છે. એ સમયમાં થનારી

છે તેને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ ? એમાં ગર્ભ પડ્યો છે જરી. આહા..હા...! અને વિકાર્ય. પૂર્વની અવસ્થાથી પલટીને થઈ. અવસ્થા તો તે જ છે. અવસ્થા તો તે જ છે, પણ પૂર્વની અવસ્થાથી પલટીને થઈ એમ જોઈએ તો એને વિકાર કહે છે. અને નવી ઊપજી એમ દેખવું એને તો નિવર્ત્ય કહે છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અને ઊપજી દેખવી અને ધ્રુવ દેખવી.. પ્રાપ્તને જોવી. સમજાય છે કાંઈ ?

જુઓને ! '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યપ્યલક્ષણવાળું પુદ્‌ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય),...**' છે. કર્તાનું કાર્ય છે. એક સમયમાં ત્રણે કર્તાનું કાર્ય છે. તો પુદ્‌ગલ દ્રવ્ય છે કર્મ જડ આદિ, એની જે પર્યાય જે સમયે થવાની છે તે પ્રાપ્ય, (પલટવું થયું તે) વિકાર્ય, નવી ઉપજવાની દૃષ્ટિથી જુઓ તો નિર્વત્ય છે. એ વ્યાપ્યલક્ષણવાળું કાર્ય પુદ્‌ગલનું છે. સમજાણું કાંઈ ? કોઈક કહે છે ને કે પણ અરે..! ભાઈ ! અમે આ નિશ્ચય સમજીએ તો વ્યવહારનું શું થશે ? શું છે પણ તને ? વ્યવહારના કાળે વ્યવહાર પ્રાપ્ય થઈને એમાં જડ દ્રવ્યની પર્યાય થાય છે. એ અચેતન, રાગાદિ ખરેખર જડની પર્યાય છે, પુદ્‌ગલની પર્યાય છે. પ્રાપ્ય લક્ષણવાળી પર્યાય તે કાળમાં આવ્યા વિના રહેતી નથી, એનો તું જાણનાર છે. એ જાણવાની પર્યાય પણ પ્રાપ્ય અને નિર્વર્ત્ય થયા વિના રહેતી નથી, એમ કહેશે. આહા..હા...! સમજાણું કાંઈ ?

એ સમયમાં તારો રાગાદિ છે એની જાણવાની પર્યાય એ જ અહીં ધ્રુવ પ્રાપ્ય છે. પૂર્વની પલટવાની અપેક્ષાએ વિકાર્ય અને ઉપજવાની દૃષ્ટિથી તે નિર્વર્ત્ય. એ જ દ્રવ્યમાં પર્યાય પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય રૂપી કર્મ, એનો આત્મા કર્તા અને એ એનું કામ છે અને જડના પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય પરિણામનો કર્તા પુદ્‌ગલ અને એ પુદ્‌ગલનું કામ છે. બંને ભિન્ન-ભિન્ન કામ થાય છે. સમજાય છે કાંઈ ? એની વિશેષ વાત કરશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

卐

**અતીન્દ્રિય આનંદ સ્વરૂપ નિજ આત્મામાં એકાગ્રતા કરવાવાળો જીવ સ્વતઃ પોતામાં એકાગ્રતા કરે છે. સ્વતઃ સેવા કરે છે. તેમાં તેને અન્ય દ્રવ્યોની મદદની જરૂર નથી. અન્ય દ્રવ્યો જ્ઞાનમાં જણાય તો ભલે જણાય પણ તે મને જરાય હિતકારક નથી. આવો પહેલાં નિર્ણય જોઈશે. નિર્ણયની ભૂમિકા યથાર્થ થયા વિના હિતનો પંથ આવે તેમ નથી. માટે પ્રથમ યથાર્થ નિર્ણય કરો.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૮૮૧)**

**શ્રી યોગસાર, ગાથા-૩૮ થી ૪૨**
**પ્રવચન નં.૧૫, તા.૨૨-૬-૧૯૬૬**
**(૧૨)**

૩૮ (ગાથા) થોડી બાકી છે. '**જીવ અજીવના ભેદ...**' 'યોગસાર'.

**जीवाजीवई भेउ जो झाणइ तिं जाणियउ।**
**मोक्खहँ कारण एउ भणइ जोइ जोइहिं भणिउ।।३८।।**

હે ધર્મી! એમ સંબોધન કરીને કહે છે, '**હે યોગી!**' 'યોગસાર' છે ને? આત્મા.. જડ અને ચૈતન્ય બન્ને તદ્દન જુદાં છે, એમ જો ભેદજ્ઞાન કરે તો આત્માને-પોતાને શુદ્ધ જ્ઞાન અને આનંદમય જોવે અને અજીવને રાગ-દ્વેષ, કર્મ આદિ સ્વરૂપે જોવે. સમજાણું કાંઈ? '**जीवाजीवई भेउ जो झाणइ**' જીવાજીવનો જે ભેદ જાણે. જીવ તે જ્ઞાન, શુદ્ધ આનંદ આદિ સ્વરૂપે છે. અજીવ એ બધો રાગાદિ, શરીરાદિ, કર્મ એ બધા અજીવ છે. બેનો સંબંધ ન હોય તો બંધ ન હોય અને બેનો સંબંધ છૂટે ત્યારે મુક્તિ થાય. તેથી, એ બેનું જ્ઞાન એને બરાબર કરવું જોઈએ.

'**मोक्खहँ कारण एउ**' એ જ મોક્ષનું કારણ છે, એમ ભગવાને કહ્યું છે. જીવાજીવનું ભેદજ્ઞાન તે મોક્ષનું કારણ છે, એમ કહ્યું છે. સમજાણું કાંઈ? '**ભેદજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બૂરો અજ્ઞાન.**' ભેદજ્ઞાન એટલે આત્મા અને જડ બે ચીજ છે ને? ન હોય તો એને આ સંબંધનો બંધ અને બંધના અભાવરૂપી મુક્તિ એ કોઈ રીતે સિદ્ધ થતી નથી. એથી આત્મા અને અજીવ બેના લક્ષણો જુદા છે, બેનું સ્વરૂપ જુદું છે, બેના ભાવ જુદા છે એમ બરાબર બેને જો ભિન્ન જાણે તો એને મોક્ષનું કારણ પરથી જુદું સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની દશા પ્રગટ થાય. તો એને લઈને.. '**હે યોગી!**' ભગવાને તને એમ કહ્યું છે, એમ કહે છે. જીવાજીવનું ભેદજ્ઞાન થાય તો એને મોક્ષકારણ થાય, એમ ભગવાને કહ્યું છે. એમાં ઘણું બધું આવી ગયું છે.

છેલ્લે 'સમયસાર'નો શ્લોક પણ આપ્યો છે. '**જીવ અને અજીવ લક્ષણથી જ ભિન્ન છે. તેથી, જ્ઞાનીજન પોતાને સર્વ રાગાદિ અને શરીરાદિથી જ ભિન્ન જ્ઞાનમય પ્રકાશમાન એકરૂપ અનુભવે છે.**' પરથી જુદો અને સ્વસ્વભાવથી એક આત્મા. પોતાના શુદ્ધ સ્વભાવથી એક અભેદ આત્મા અને રાગાદિથી પર, એવું ભેદજ્ઞાન કરે તો એને સ્વભાવ સન્મુખની એકતા થાય અને પર સન્મુખતા એમાંથી જાય, તો નક્કી એને અનુભવ કરતાં મોક્ષ થાય. એને મુક્તિ એટલે નિર્મળાનંદ શુદ્ધ રાગથી ભિન્ન છે એમ અંતર ભાસતા એકતા થતાં રાગથી છૂટીને વીતરાગપદને પામે. હવે સાર કહે છે.

૩૯. '**આત્મા કેવળજ્ઞાન સ્વભાવનો ધારક છે.**' પહેલાં જીવ-અજીવ બે જુદું પાડ્યું ને? ત્યારે હવે જીવની ઓળખાણ આપે છે. પહેલાં સામાન્ય વાત કરી હતી. ગ્રંથકાર આચાર્ય પોતે કહે છે.

**केवल–णाण–सहाउ सो अप्पा मुणि जीव तुहुँ।**
**जइ चाहहिं सिव–लाहु भणइ जोइ जोइहिं भणिऊँ।।३९।।**

'**હે યોગી! યોગીઓએ કહ્યું છે...**' સર્વજ્ઞ પરમેશ્વરે અથવા સંતોએ કહ્યું છે કે '**तुहुँ केवलणाण–सहाउ सो अप्पा मुणि**' તું કેવળજ્ઞાનસ્વભાવી આત્માને જાણ. કેવળજ્ઞાન એટલે ઓલી કેવળજ્ઞાન પર્યાયની અહીં વાત નથી. કેવળ જ્ઞાન એકલો જ્ઞાન સ્વભાવ, એકલો જ્ઞાનસ્વભાવ. એમાં સર્વજ્ઞ સ્વભાવ આવી ગયો, પણ એકલો સ્વભાવ, જ્ઞાનસ્વભાવ આત્મા. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન એટલે ઓલી પર્યાયનું કેવળજ્ઞાન, (એનું) અહીંયાં કામ નથી. આ તો આખો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે' આવે છે ને? 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો, દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો; તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકીયે, વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો; અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' સ્વરૂપની સ્થિરતાનું ધ્યાન કેમ વર્તે? એમ. બાકી દર્શનમોહ-જીવ અને અજીવની એકતાબુદ્ધિનો નાશ થતાં આત્મા દેહથી ભિન્ને એકલો કેવળજ્ઞાનની મૂર્તિ છે એમ અનુભવમાં આવવો જોઈએ. સમજાણું કાંઈ?

એકલો આત્મા જ્ઞાનસ્વરૂપ, દેહથી ભિન્ન ચૈતન્ય. દેહથી ભિન્ન અથવા દેહ નામ રાગાદિ બધા પરમાં જાય છે. એનાથી એકલું ચૈતન્ય સ્વરૂપ છે એ કેવળજ્ઞાન સ્વભાવનો ધરનાર છે. એકલો જ્ઞાનસ્વભાવ, એમ. કેવળ એટલે એકલા જ્ઞાનસ્વભાવનો ધરનાર છે. એ શરીરને ધારતો નથી, કર્મને ટાળતો નથી, વિકારના ભાવને ઝીલતો નથી, પોતામાં મેળવતો નથી. એકલો કેવળજ્ઞાન ચૈતન્યસ્વરૂપ જાણક સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ, એનો ધરનાર કેવળજ્ઞાનસ્વભાવી શબ્દ લીધો ને? પછી એણે 'ધરનાર' શબ્દ વાપર્યો છે. '**केवलणाण–सहाउ**' એનો સ્વભાવ જ એકલો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે. એમ અંતરમાં જીવનું ભાન-જ્ઞાન થતાં '**मुणि जीव तुहुँ। जइ चाहहिं सिव–लाहु**' જો મોક્ષનો લાભ ચાહતો હો અર્થાત્ નિર્મળ આનંદની પૂર્ણ પર્યાયની પ્રાપ્તિને ઇચ્છતો હો તો આ કેવળજ્ઞાનસ્વભાવ ધરનાર આત્માને તું જાણ. જુઓ! અહીં બીજા શાસ્ત્રને જાણ, એ કંઈ વાત નથી કરી. સમજાણું કાંઈ?

જો તું મોક્ષનો લાભ ચાહતો હો. મોક્ષ એટલે પૂર્ણ પવિત્રતા. પૂર્ણ પવિત્રતાની પર્યાયને પ્રગટ કરવા ઇચ્છતો હો, એમ. કેવળજ્ઞાન ને કેવળદર્શન, પરમાનંદ, એવી દશાને પ્રગટ કરવાની ભાવના હો તો ભગવાન જ્ઞાનસ્વભાવ, એકલો જ્ઞાનસ્વરૂપી છે એનો અનુભવ કર. એકલા જ્ઞાનસ્વભાવનો અનુભવ કરવાથી તને મુક્તિ મળશે. કહો સમજાણું આમાં? લ્યો, આમાં કેવળજ્ઞાનસ્વભાવી '**मुणि**' જાણવું એ તને મોક્ષના લાભને માટે કારણ છે. જાણવું આવ્યું એમાં

ચારિત્ર તો ન આવ્યું. ઓલા કહે કે જ્ઞાન જ્ઞાન આવ્યું, પણ આમાં ચારિત્ર આવ્યું નહિ. પણ જે આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ સૂર્ય છે એમ જાણતાં પ્રતીત ને સ્થિરતા ને આનંદનો અંશ બધા ભેગા આવ્યા છે. અહીંયાં બહુ ટૂંકું કહ્યું છે. જીવાજીવની વ્યાખ્યા ૩૮માં કરી, પછી (૩૯માં) જીવ છે તે આવો છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

એકલી ચૈતન્યમૂર્તિ, કેવળની મૂર્તિ છે. એમાં પુણ્ય અને પાપ, રાગાદિ, શરીર, કર્મ-ફર્મ કાંઈ નથી. કાંઈ નથી એ તો પર નથી અને છે તો એકલો જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણતાથી ભરેલો આત્મા છે. એવા જ્ઞાનસ્વભાવને '**મુણિ**' જાણ, જાણ. એ જાણમાં મુક્તિ આવી ગઈ. મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ કેવળજ્ઞાનમૂર્તિ આત્મા છે એવી શ્રદ્ધા તે સમકિત. એકલો જ્ઞાનમય આત્મા તેનું જ્ઞાન તે જ્ઞાન અને એકલો જ્ઞાનમય આત્મા તેની રમણતા તે ચારિત્ર. કહો, સમજાણું આમાં? '**દરેક આત્માને જ્યારે નિશ્ચયનયથી જોવામાં આવે...**' પુદ્‌ગલને સ્વભાવથી જોવામાં આવે. '**ત્યારે જોનારની સામે એકલો એક આત્મા સર્વ પરના સંયોગ રહિત ખડો થઈ જશે.**' એમ કહે છે. પરથી ભિન્ન દેખશે તો એકલો આત્મા દેખાશે. એમાં બેકલું-બીજું ભેગું હશે નહિ. એમ જરી લાંબી વાત કરે છે. આઠ કર્મથી રહિત, શરીરથી રહિત, રાગ-દ્વેષ ને ભાવકર્મથી રહિત દેખે છે. એવા આત્માનો અનુભવ કરો. આત્માના અનુભવથી આ બધી ચીજ જુદી છે. સમજાણું કાંઈ?

એના ગુણોનું વર્ણન કર્યું છે. આત્મામાં એક પ્રધાન ગુણ જ્ઞાન છે. એને જ કેવળજ્ઞાન સ્વભાવ કહે છે. એ ગુણથી જ બીજા ગુણોનો પ્રતિભાસ થાય છે, એમ કહે છે. આત્મામાં જ્ઞાન છે, એ જ્ઞાનથી બીજા ગુણોનું ભાન થાય છે. બીજા ગુણોના ભાનથી જ્ઞાનનું ભાન, એમ ન થાય એમ કહે છે. એને અહીં કેવળજ્ઞાન સ્વભાવી વિશેષ કેમ કહ્યો?-કે જ્ઞાનસ્વભાવને જાણવાથી એ જ્ઞાન બીજા આનંદને, શ્રદ્ધાને, અસ્તિત્વને, વસ્તુત્વને (એવા) અનંતા ગુણનો પ્રતિભાસ જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? બીજા ગુણો હયાતી રાખે છે, પણ એ ગુણો નથી જાણતા પોતાને, નથી જાણતા જ્ઞાનને. એ જ્ઞાનગુણ એવો છે કે જે જ્ઞાન પોતાને જાણતા બીજા ગુણો આવા છે એમ પોતે જાણે છે. સમજાણું કાંઈ? આનંદનો અનુભવ થાય પણ એ આનંદનો અનુભવ જ્ઞાન જાણે છે કે આ આનંદ છે. સમજાણું કાંઈ?

એમ જ્ઞાનસ્વરૂપી આત્મા, એની શ્રદ્ધા-સમ્યગ્દર્શન (થાય) એ જ્ઞાન જાણે છે કે આ સમ્યગ્દર્શન છે, સમ્યગ્દર્શન જાણતું નથી. જ્ઞાન જાણે છે કે હું અસ્તિત્વ ત્રિકાળ છું. જ્ઞાનમાં એ પ્રતિભાસ થાય છે. જ્ઞાનમાં એવો સ્વભાવ છે, પ્રતિભાસ થાય છે કે આ અસ્તિ ત્રિકાળ છે. ત્રિકાળ અસ્તિ છે એ પોતે જ્ઞાન નથી કરતું. કારણ કે એમાં જ્ઞાનસ્વભાવ નથી. સમજાણું કાંઈ? જ્ઞાન છે તે ત્રિકાળ અસ્તિત્વ છે, આ ત્રિકાળ છે એવા અસ્તિત્વની સત્તાનો બોધ જ્ઞાન વડે થાય છે. સમજાણું કાંઈ?

'**અન્ય ગુણોનો પ્રતિભાસ થાય છે. એને જ સર્વજ્ઞપણું કહે છે.**' લ્યો! '**દરેક આત્મા સ્વભાવે સર્વજ્ઞ છે.**' દરેક આત્મા સ્વભાવથી તો સર્વજ્ઞ સ્વરૂપી છે. સર્વજ્ઞ એટલે જ્ઞાન સ્વભાવ

કહ્યો તો અહીં જ્ઞાનમાં બધા ગુણોનું જ્ઞાન આવી ગયું અને એ સર્વજ્ઞ સ્વભાવી થઈ ગયો. એ બધા ગુણનો જાણનાર અને પોતાનો જાણનાર એવો આત્માનો સ્વભાવ તે સર્વજ્ઞ સ્વભાવ છે. ભારે વાત, ભાઈ! આમાં કરવું શું પણ ક્રિયા? ઓલા કહે કે તમારે વાતું કરવાની. એમ કેટલાક વાતું કરે છે. કોણ કહેતું હતું? કાલે કો'ક (કહેતું હતું). રાણપરવાળા ઓલા 'લલ્લુ ગોવિંદજી'વાળાને? આહાહા..! ભાઈ! ક્રિયાની વ્યાખ્યા શું? આ આત્મા જ્ઞાનસ્વરૂપે છે એવું જાણવું એ ક્રિયા નથી? એ જાણવું એ ક્રિયા છે. આ જ્ઞાનસ્વરૂપી આત્મા અનંત ગુણને જાણનાર એવું જ્ઞાન, એની નિર્વિકલ્પ પ્રતીત કરવી એ પ્રતીત કરવી એ ક્રિયા નથી?

**શ્રોતા :–** બહાર ફેરફાર દેખાય નહિ ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બહારમાં ફેરફાર શું દેખાય? બહારમાં ક્યાં એ ચીજ હતી? બહારમાં એ ચીજ ક્યાં હતી કે એનો ફેરફાર બહારમાં દેખાય? શું કીધું? સમજાણું કાંઈ? શું કીધું? એ જ્ઞાનસ્વરૂપી ભગવાન બહારમાં ક્યાં છે? શરીરમાં, વાણીમાં એમાં નથી તો એમાં નથી તો એનો ફેરફાર બહારમાં ક્યાં દેખાય? સમજાય છે કાંઈ? એનો ફેરફાર તો એમાં જ્યાં પોતે છે ત્યાં દેખાય.

જ્ઞાનસ્વરૂપી આત્મા માન્યો નહોતો, જાણ્યો નહોતો ત્યારે (એ) રાગને એકત્વપણે જાણી, માનીને ઠરતો. હવે એ ફેરફાર ક્યાં થાય? શરીરમાં થાય? પરમાં થાય? કારણ કે વિકારની અવસ્થા પણ એનામાં થઈ હતી. હેં? એનામાં થઈ હતી, એ ફર્યું તો ફેરફાર તો એનામાં થાય. શરીર, વાણી, મનમાં થાય? બહારમાં ફેરફાર થાય? કહો? મંદિરમાં ઈ ક્યાં બેઠો છે ! ઈ બેઠો છે જ્ઞાનમાં. હવે એ જ્ઞાનમાં બેઠો છે કે જ્ઞાનમાં એકત્વ-રાગ કરીને બેઠો છે એનો નિર્ણય તો અંદરમાં છે કે બહારમાં છે? ન્યાં બેઠા 'સ્વાધ્યાય મંદિર'ના બાહ્ય ક્ષેત્રમાં એ આવ્યો નથી, એ તો આવતો નથી. એ આત્મા તો પોતાના જ્ઞાનક્ષેત્રમાં છે. હવે એ જ્ઞાનક્ષેત્રમાં છે એ બાહ્યક્ષેત્રમાં બેઠો દેખાય એ અંદરમાં શું કરે છે એ તો અંદરની વાત રહી. હેં? કે હું અહીંયાં આવ્યો માટે મને નિવૃત્તિ મળી, હું અહીંયાં આવ્યો માટે મારે રાગ ઘટ્યો. એ તો માન્યતા બધી અંતરમાં એકાગ્ર કરે છે. એ માન્યતા મિથ્યાદષ્ટિ છે. એ તો બાહ્યલક્ષથી નિર્ણય કરે છે.

અંતરમાં આત્મા જ્ઞાનસ્વભાવ છે, ચૈતન્યબિંબ છે, એવો જે નિર્ણય થવો, એની જે ક્રિયાઓનો પલટો થવો એ તો એની દશામાં થાય. તો એ દશાનો જાણનાર (હોય) એને દશાની ખબર પડે. કહો, સમજાય છે કાંઈ? બીજા પરમાણુ, શરીરાદિ તો પરપદાર્થ છે. એનું અવસ્થાનું બદલવું, ઘટવું, ઓછું થવું એના માપે આત્મામાં નિવૃત્તિનું માપ આવ્યું એ ક્યાંથી આવ્યું? છૂટા જ પડ્યા છે, કે દિ' અંદર ભેગા થઈ ગયા હતા? રજકણે રજકણ જુદાં છે. એની સત્તા હોવાપણે તો જ્ઞાનસ્વરૂપે હોવાપણું છે. હવે એવું હોવાપણું (છે), એમ ન માનતા હું આ કાંઈક કરું છું, રાગ કરું છું, આ કરું છું, આ કરું છું, આ કરું છું, આ કરું છું.. તો જે કરું છું એવી સત્તાવાળો માન્યો. હવે બહારમાં ભલે 'સ્વાધ્યાય મંદિર'માં બેઠો હોય કે હાથ આમ કરીને બેઠો હોય, પણ બેઠો છે

અંદરમાં બાહ્યમાં. સમજાણું કાંઈ? 'હરિભાઈ'!

જ્ઞાનસ્વભાવી ભગવાન, અહીં તો ઈ કીધું ને? જ્ઞાનસ્વભાવી આત્મા. દેખો! એક મૂળ સ્વભાવ એણે લીધો. મૂળ પાઠમાં ખરું ને? '**भणइ जोइ जोइहिं भणिऊँ।**' હે યોગી! યોગીઓએ એમ કહ્યું છે, સંતોએ એમ કહ્યું છે. તો એનો અર્થ કે તું જ્ઞાનસ્વભાવ છો એવી જે દૃષ્ટિ પલટે અને રાગાદિ નહિ, એવી જે દૃષ્ટિ થાય, એનો ફેરફાર તો એની દશામાં થાય, અરૂપીમાં થાય. એ જાણનારો જાણે, જ્ઞાનથી જાણે કે આ ફેરફાર થયો કે ન થયો. એ બહારથી ક્રિયાથી કેમ જણાય એમાં? સમજાણું કાંઈ?

અંદરમાં ફેરફાર થયો. જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા, રાગનો કણ પણ નહિ એવી ષ્ટિ થઈ, એ ફેરફાર તો પર્યાયમાં થયો. એ અરૂપી જ્ઞાને જાણ્યું. હવે એ બહારની ક્રિયામાં તો લડાઈમાં ઊભો દેખાય. લડાઈમાં ઊભો દેખાય છતાં અંતરમાં આખો પલટો ખાધો છે કે જેમાં એકલો જ્ઞાનસ્વભાવી આત્માનો સ્વામી થાય છે અને રાગ અને આનો સ્વામી થતો નથી, એ અંદરની દશામાં જણાય કે બહારથી જણાય?

એક (જીવ) બાહ્યથી તદ્દન ત્યાગ લઈને બેઠો છે. લ્યો! બાયડી નહિ, છોકરા નહિ, નગ્ન થઈને બેઠો છે. પણ એ તો બાહ્ય ચીજો સંયોગમાં ઓછી દેખાણી. પણ અંદરમાં સંયોગભાવને પોતાના સ્વભાવ સાથે માને છે, રાગાદિ વિકારભાવ સંયોગી છે એને સ્વભાવભાવ ચૈતન્યનો ત્રિકાળ ભાવ છે એની સાથે માને છે તો એને સંયોગ કોઈપણ છૂટ્યા નથી. જરીયે છૂટ્યા નથી, તદ્દન સંયોગના વિભાવમાં જ પડ્યો છે. ઈ માપ તે બહારથી થાય કે અંદરથી થાય? બહારમાં એ ક્યાં આવે છે તો બહારથી થાય? કહો, સમજાણું આમાં? પોતાનું નક્કી કરે ને, પછી બીજાનું કામ. બીજાનું શું કામ છે એને? એવો જ્ઞાનસ્વભાવ આત્માનો છે. એવો એનામાં એક દર્શન સ્વભાવ એની સાથે એણે લીધો છે. એમ સુખસ્વભાવ છે, વીર્યસ્વભાવ છે, ચૈતન્યનો અમૂર્ત સ્વભાવ છે. એટલા મૂળ સ્વભાવ એણે વધારે લીધા છે. શાસ્ત્રના બીજા આધાર આપીને પણ લીધા છે.

૪૦ ગાથા. '**જ્ઞાનીને દરેક જગ્યાએ આત્મા જ દેખાય છે.**' આ દેહમાં બિરાજમાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ (છે). આ દેહાદિ, વાણી આદિ તો જડ છે, આ તો માટી છે. રાગાદિ ભાવ થાય એ તો વિકાર-દોષ છે, એ આત્મા નથી. તો આત્માના જાણનારને બધે આત્મા જ ભાસે છે. એ વાત અહીંયાં વધારે કહે છે.

**को सुसमाहि करउ को अंचउ, छोपु–अछोपु करिविको वंचउ।**

**हल सहि कलहु केण समाणउ, जहिं कहिं जोवउ तहिं अप्पाणउ।।४०।।**

જુઓ! અહીં જોર છે. જ્યાં જોઈએ ત્યાં આત્મા દેખાય છે. '**કોણ સમાધિ કરે, કોણ અર્ચા કે પૂજન કરે...**' ભગવાનઆત્મા જ્ઞાન ચૈતન્યસૂર્ય પ્રભુ આત્મા છે, એમ જ્યાં અંતરમાં ભાસ્યું,

હવે એને સમાધિ કરું એ ક્યાં રહ્યું? સ્વરૂપ જ જ્ઞાન છે. હું આનંદ અને જ્ઞાનસ્વરૂપી આત્મા છું. એમ જ્યાં ભાસ્યું ત્યાં એને બીજા બધા આત્મા પણ જ્ઞાન અને આનંદમય છે એમ ભાસે છે. સમજાણું કાંઈ? આ આત્મા જ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. આ શરીર, વાણી તો જડ છે, માટી છે. દયા, દાન, કામ, ક્રોધના શુભ-અશુભભાવ થાય એ તો વિકાર છે. એ વિકાર વિનાનો આત્મા અંતર જ્યાં જાણ્યો, કહે છે કે એણે હવે શું કરવું રહ્યું? સમજાણું કાંઈ? હવે '**કોણ સમાધિ કરે...**' સમાધિ એટલે આમ સ્થિર થાઓ. જાણ્યું કે આત્મા છે, એમાં સ્થિર થયો જ છે. સમજાણું કાંઈ?

'**કોણ અર્ચા કે પૂજન કરે...**' પોતે ભગવાન જ્ઞાનસ્વરૂપી આનંદમૂર્તિ, એનું જ્યાં ભાન થયું, એ આત્મા હું જ પોતે પરમાત્મસ્વરૂપનો ધરનાર, કોની અર્ચા, પૂજા કરવી એને હવે? પૂજા અને અર્ચા પરની જે કરતો એ તો શુભભાવ હતો. ભગવાનની પૂજા અને અર્ચા એ તો શુભ પુણ્યભાવ હતો. એ પુણ્યભાવ જ્યાં હું નથી, હું તો જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ આત્મા છું એમ ભાન થતાં એ કોની પૂજા કરે? એ તો પોતાની પૂજા કરે છે. આહાહા..! અર્ચા.. અર્ચા છે ને? કોને અર્ચે? ભગવાન અર્ચે છે ને, પૂજા કરે છે. એ તો શુભભાવ હોય છે ત્યારે હોય, પણ જ્યાં આત્મા જ શુભભાવથી ભિન્ન ભાસ્યો, ચૈતન્યસ્વરૂપે ભાસ્યો અને એમાં ઠર્યો તો એ પોતે પોતાનું પૂજન કરે છે, પોતે પોતાને અર્ચે અને બહુમાન આપે છે. હવે એને બીજાનું પૂજન કરવાનું રહ્યું નહિ. સમજાણું કાંઈ?

'**કોણ સ્પર્શ અસ્પર્શ...**' કરે. સમજાણું? આ અમુક હાથનો સ્પર્શ કરવો છે, અમુક હાથનો સ્પર્શ નહિ કરવો. આ સ્પર્શ કરવા યોગ્ય છે, આ અસ્પર્શ કરવા યોગ્ય છે-આ અડવા યોગ્ય નથી. આ અડવા યોગ્ય નથી, આ અડવા યોગ્ય છે; પણ વસ્તુનું જ્ઞાનસ્વરૂપમાં એ છે ક્યાં? કોને સ્પર્શે અને કોને અસ્પર્શે? સ્પર્શ-અસ્પર્શની બુદ્ધિ તો બાહ્ય લૌકિકમાં છે. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદનું સ્વરૂપ જ્યાં પોતે જ આત્મા સચ્ચિદાનંદ છે, એમ અંતરમાં ભાનના ભાસ અને ભાવ પ્રગટ્યા. (તો) કહે છે કે કોની સાથે સ્પર્શ-અસ્પર્શ? પછી આ ચીજને અડાય નહિ, આ માંસને અડાય નહિ, પાણીને અડાય, ચોખ્ખી ચીજને (અડાય). એ વસ્તુમાં ક્યાં રહ્યું ઈ? સમજાણું કાંઈ? '**छोपु-अछोपु करिवि**' છે. કોણ સ્પર્શ કરે? વસ્તુ જ ભગવાનઆત્મા પોતાના ચૈતન્યમંદિરમાં બિરાજમાન છે, એને જ્યાં અંતર જાણ્યો, જોયો, અનુભવ્યો એવા આત્માને હવે સ્પર્શ-અસ્પર્શ કાંઈ રહેતું નથી. સમજાણું કાંઈ?

'**को वंचउ**' '**કોણ વંચના કે માયાચાર કરે?**' ભગવાનઆત્મા જાણનાર-દેખનાર ચિદબિંબ છે, એમ આત્માનું ભાન થયું તો બીજા આત્માઓ પણ એવા છે. બીજા દેહમાં બિરાજમાન આત્મા પણ દેહ, વાણીથી જુદાં, આ માટીથી જુદાં છે અને એ રાગ-દ્વેષથી પણ જુદો અંદર ચૈતન્ય આનંદ છે. કોને ઠગું અને કોને ઠગું નહિ? એવું કાંઈ એમાં રહેતું નથી. આહાહા..! '**કોણ**

**વંચના કે માયાચાર કરે?**' કોની સાથે માયાચાર કરે? બધા ભગવાનઆત્મા ચૈતન્યજ્યોત પ્રભુ આત્મા છે, આનંદની મૂર્તિ તે આત્મા છે. વિકાર અને શરીર તે આત્મા નથી. એમ જેણે આત્માને જાણ્યો (એ) કોને ઠગે? કોની સાથે માયા કરે? બધા ભગવાન ભાળે એમાં માયા કોની સાથે કરે? એમ કહે છે. આહાહા..!

ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ..! આ 'યોગસાર' છે. ચૈતન્ય ભગવાન જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ (છે) એમ જ્યાં યોગ નામ પોતાના ભાવનું જોડાણ જ્યાં સ્વભાવ સાથે થયું, હવે એ બીજાની સાથે માયાચાર, વંચના કરવાનું ક્યાં રહ્યું? સમજાણું કાંઈ? એ આત્માને જાણતો નહોતો ત્યાં સુધી એ માયાચાર કરતો. કાંઈ દોષનું ગોપવું, આને આમ બતાવું, આને આ બતાવું, એ તો આત્માને જાણતો નહોતો કે આત્મા એવો છે જ નહિ. રાગ-દ્વેષ ને માયાકપટ એ માયા આત્માનું સ્વરૂપ જ નથી. એ આત્માને જાણતા કોણ માયાચાર કરે?

'**કોણ કોની સાથે મૈત્રી અને કલહ કરે?**' શત્રુ.. શત્રુ. ઓહોહો..! આ આત્મા દેહના રજકણથી જુદો અને પુણ્ય-પાપના રાગથી જુદો, એમ જ્યાં જ્ઞાનસ્વરૂપી આત્માનું ભાન (થયું) એ કોની સાથે મૈત્રી કરે? બધા પરમાત્મા છે, મૈત્રી કોની સાથે કરવી? કહો, 'પ્રવીણભાઈ'! કોનું ભજન કરવું? એમ કહે છે. એ ભજન કરનારો ભગવાન જાગ્યો, ચૈતન્યમૂર્તિ હું છું આનંદનો કંદ, એ અતીન્દ્રિય આનંદના મણકા અંદર ફેરવે છે. આહાહા..! સમજાણું કાંઈ? દેહથી, આ રજકણો માટી ધૂળ, રાગ મેલ (છે). નિર્મળાનંદ પ્રભુ આત્મા તે હું એમ જ્યાં અંતરમાં ભાસ્યુ એને તો નિર્મળ જ્ઞાન અને આનંદના મણકા પર્યાયમાં ફરે છે. કોને ફેરવવા? કઈ માળા એણે ગણવી? કોની માળા ગણવી? આહાહા..! કોની સાથે મૈત્રી કરવી? સમજાણું કાંઈ? કોની સાથે કલેશ કરવો?

'**कलहु**' એટલે શત્રુતા. કોની સાથે કલેશ કરે? ભગવાનઆત્મા શાંત આનંદ જ્ઞાનમૂર્તિ તેને આત્મા કહીએ. એવો શાંત સ્વભાવ જ્યાં જણાણો (ત્યાં) કોની સાથે કલેશ (કરે)? પોતા સાથે કલેશ નથી, પોતામાં કલેશ નથી. પરની સાથે ક્યાં કલેશ (કરે)? પર-આત્મામાં કલેશ ભાળતો નથી. પરના આત્મામાં કલેશ છે નહિ, એ તો કલેશરહિત આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? કોની સાથે કલેશ કરે?

'**जहिं कहिं जोवउ तहिं अप्पाणउ**' વજન અહીં છે, હોં! '**જ્યાં ક્યાંય જોશો ત્યાં આત્મા દષ્ટિગોચર થાય છે.**' એનો અર્થ એવો નથી કે બધા આત્મા એક જ છે, એમ અહીં નથી કહેવું. જ્યાં જોવે એની દષ્ટિ રાગ-દ્વેષ અને શરીરથી ઊઠી ગઈ છે, રાગ-દ્વેષના ભાવથી, શરીરથી ઊઠીને (હું) આત્મા જ્ઞાન છું, એમ થઈ ગઈ છે એટલે એવો જ આત્મા જેમ પોતાને દેખે છે એમ બીજાના આત્માને પણ એવો દેખે છે. આત્મા બીજાનો છે એવો દેખે છે. રાગાદિ, શરીર તો અજીવમાં જાય છે. સમજાણું કાંઈ? પહેલાં જીવાજીવનો ભેદ કહ્યો, પછી કેવળજ્ઞાન સ્વભાવી

જીવ કહ્યો. એવું જાણ્યું એને બીજા સાથે કલહ કરવો ક્યાં રહ્યો? બીજાનું પૂજન કરવું ક્યાં રહ્યું? પોતે પૂજવા યોગ્ય એવો આત્મા પોતાના જ્ઞાનમાં જણાણો એને બીજા સાથે કલેશ, શત્રુતા કે પૂજન એ કંઈ રહેતું નથી. આહાહા! સમજાણું કાંઈ?

**'जहिं कहिं जोवउ तहिं अप्पाणउ'** જ્યાં જ્યાં દેખે ત્યાં ભગવાનઆત્મા (દેખે છે). આહાહા..! ધર્મી જીવ પોતાના આત્માને વિકાર અને શરીરના સંયોગ વિનાનો જોવે છે, તો જેવી દૃષ્ટિએ પોતાને જોવે છે એવી જ દૃષ્ટિએ બીજાના આત્માના જોવે છે. સમજાણું કાંઈ? બીજાનો આત્મા એ રાગવાળો આત્મા ભાળે? રાગ તો વિકાર છે. શરીરવાળો આત્મા ભાળે? શરીર તો અજીવ છે. સમજાણું કાંઈ? બીજાના આત્માને પણ, આત્મદૃષ્ટિએ પોતાને જેમ જોયો, રાગ અને વિકાર વિનાનો, શરીર વિના એ આત્મા, એવું જ્યાં ભાન થયું, એવી દૃષ્ટિ બીજા આત્માને પણ આત્મા આત્મા દેખે છે. જ્યાં જોવે ત્યાં આત્માની પર્યાય પોતાની (જેવી) ભાળે છે. બીજી રીતે એમ છે. ઝીણી વાત મૂકી છે.

**'जहिं कहिं जोवउ तहिं अप्पाणउ'** એનો અર્થ શું? આત્મા બીજા છે એમ દેખે છે, આ પરમાણુ આદિને દેખે તોપણ તેમાં જ્ઞાન ભાળે છે કે એને હું જાણનારો છું, એ તો જડ છે. સમજાણું કાંઈ? રાગાદિને જાણે છે તો જાણનારું તો જ્ઞાન છે, એ જ્ઞાનને જાણે છે. શરીરને જાણતા જ્ઞાન છે એ જ્ઞાનને જ્ઞાન જાણે છે. એટલે આત્મા જ જ્યાં હોય ત્યાં જણાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? પોતાની મોજૂદગીમાં તો જ્ઞાનસ્વરૂપે આત્મા છે એમ જાણ્યું તો બીજાની મોજૂદગીને જોતા પણ તેનું જ્ઞાન જ પોતાનું તેમાં થાય છે, એ જ્ઞાનને જ પોતે દેખે છે. એટલે જ્યાં દેખો ત્યાં આત્મા, આત્મા ને આત્મા. એ પોતાનું આત્માનું જ્ઞાન જ દેખે છે. ભારે વાત, ભાઈ ! આવો તે ધર્મ કઈ જાતનો ? એણે કોઈ દિ' સાંભળ્યો નથી.

અનંતકાળમાં રખડી રખડીને મરી ગયો, ચોરાશીના અવતારમાં ભૂક્કા (નીકળી) ગયા. અનાદિનો આત્મા કંઈ નવો છે ? આત્મા કંઈ નવો થાય ? અનાદિનો (છે), પણ અનાદિનો એ પોતે કોણ તત્ત્વ છે એનું જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, ચૈતન્ય જ્ઞાન (છે) એમ કોઈ દિ' જાણ્યું નથી. આ તો રાગ તે હું, શરીરની ક્રિયા તે હું, પરનું કરી દઉં હું, પરથી મારામાં કાંઈ થાય તે હું, એ બધું આત્માને અનાત્માને તરીકે માન્યો. સમજાણું ? કોઈ ફલાણા ભાઈ નથી, બધા આત્મા છે એમ જાણે, એ વખતે જાણનારનું જ્ઞાન જાણનારના જ્ઞાનપણે જ્ઞાતાપણે પરિણમે છે એને જાણે એમ નિશ્ચયની અહીં વાત કરી છે. એ જેમ છે એમ જાણે, સમજાણું ? એની પર્યાય પણ જેવી છે એમ જાણે, પણ એ પર્યાયનું જ્ઞાન થતાં જ્ઞાન પોતાનું થાય છે ને ? સામાના દોષનું જ્ઞાન થયું પણ એ જ્ઞાન થયું ને ?

એમાં જ્ઞાન થયું (એ) તો પોતામાં થયું છે અને પોતાનું જ્ઞાન થયું છે, દોષનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ ? બીજાના આત્માઓ, જડને જોતા જોનાર જેની મુખ્યતામાં જ્ઞાન ન હોય તો આ છે એમ નક્કી કોણે કર્યું ? એ તો પોતે જાણે છે, એ તો પોતે જાણે. જ્યાં હોય ત્યાં મારું

જ્ઞાન, જ્યાં હોય ત્યા મારું જ્ઞાન. હેં ? પોતાનું જ્ઞાન દેખાય છે, એમ કહે છે.

મારું જ્ઞાન, આવ્યું હતું કે નહિ ? ઓલી ચોપડી નથી, નહિ? મારું જ્ઞાન કીધું હતું ને ? હેં ? હમણાં મૂકી દીધી લાગે છે. 'શેઠિયા'નું છે ને ? મારું જ્ઞાન, મારું જ્ઞાન ત્યાં કહ્યું છે ને? હેં ? દીકરો મરી ગયો, છોકરાનો છોકરો (મરી ગયો). મડદું પડ્યું (હતું). એની માને કહે, શું છે ? હું ગાયન બનાવું એ બોલ. રોવાનું શું? કોના રોવા આમાં માંડવા ? 'રોનારા નથી રે રહેનાર રે...' રોનારા રહેનાર નથી, કોની માંડવી આમાં? સમજાણું ? 'શેઠિયા' છે, હોં ! 'સરદારશહેર'ના ગૃહસ્થ માણસ (છે). અંતર અરિહંત ધ્યાય, સમ્યક્ સૂર્ય ઊગશે જી.. મારા જ્ઞાન, મારા જ્ઞાન..' આ બાયું રોવે ત્યારે કહે ને, મારું પેટ, મારા પેટ. હવે પેટ મૂક ને, પેટ કે દિ' તારું હતું ? છોકરો મરી જાય તો કહે, મારું પેટ.. મારા (પેટ). એમ બાયડી બોલતી હોય. આવું થોડું-થોડું સાંભળ્યું છે. હેં ? એવી એની મલાવવાની બધી રીત હોય, મૂઢની !

અહીં કહે છે કે પણ 'ગુણીજન સમ્યક્ સિદ્ધ પ્રભુ નિત ધ્યાય, ચેતનસૂર્ય ઊગશે જી.. મારા જ્ઞાન,..' મારું જ્ઞાન, મારા જ્ઞાન, મારા જ્ઞાન. 'રતનલાલજી'! 'દીપચંદ શેઠિયા' છે ને? 'દીપચંદ શેઠિયા' 'સરદારશહેર'ના. આખો દિ' એના ઘરમાં આવી જ વાતું કરે. ગૃહસ્થ માણસ છે, પાંચ-સાત લાખ રૂપિયા છે. ગૃહસ્થ માણસ. બસ! આ બધાને (કહે). મરી ગયો છોકરો, દીકરાનો દીકરો. ઘરમાં મડદું પડ્યું છે. મોટું બિલ્ડીંગ છે, પૈસાવાળા છે. છોકરાની વહુને કહે, શું કરવું છે ? રોવું છે ? ના, બાપુજી ! આપ કહો, પછી ગાયન બનાવ્યું. મડદા પાસે આ ગાયન બોલ્યા. પછી સગાવહાલા, બધા માણસ આવ્યા. બધા ભેગા ગાયન બોલવા મંડ્યા. રોવા શેના ? કોના રોવા આમાં ? સમજાય છે ? આ ગાયન તે દિ' ત્યાં બોલેલા, હોં ! હેં ?

**'ગુણીજન અર્થ ગ્રાહી ઉપયોગ, ગુણીજન..'** પદાર્થ જે છે તેને જાણનારો મારો ઉપયોગ છે. મારો આત્મા અર્થ વસ્તુ જે છે તેને જાણનારો મારો ઉપયોગ છે. મારી ચીજ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, તેને ગ્રહણ કરનારો મારો ઉપયોગ છે. 'ચેતન નિજ પ્રાણ છે જી,' સમજાણું? 'ગુણીજન જ્ઞાયક જ્યોત જગાય, દેખો તો શાંતિ જીવમેં, જી..' કોની માંડવી આમાં ? એ..ઈ...! 'મોહનભાઈ' ! ત્રણ-ત્રણ વર્ષનો છોકરો મરી ગયો. ઓલા ગૃહસ્થ માણસ એટલે મૂકો પોક. શેના પોક મૂકો ? એ તો આત્મા છે, હવે અહીંથી ચાલ્યો ગયો. આટલા દિ' અહીં શરીરમાં રહ્યો (હવે) બીજે ગયો? ન્યાં ક્યાં આત્મા નાશ થાય એવો છે ? આહાહા..! સમજાણું કાંઈ?

એ ધર્મીના જીવનમાં ક્ષણે ક્ષણે વૈરાગ્ય હોય છે, એમ કહે છે. આહાહા..! એવા પ્રસંગમાં હોય, કુટુંબમાં હોય છતાં મારું જ્ઞાન, મારું જ્ઞાન. એ ક્ષણે હું તો જાણનાર-દેખનાર એ મારું જ્ઞાન. બાકી એ (પુત્ર) મારો નહિ, રાગ મારો નહિ, કોઈ મારું નહિ. સમજાણું કાંઈ ? ખરે ટાણે કામ આવે કે નહિ? વાતું કરે (કામ ન આવે). પણ જ્યારે મરણ થાય, ઘરમાં ૨૦ વર્ષનો (છોકરો) મરી ગયો હોય પછી ખબર પડે. હેં ? અરે..! ભાઈ મરી ગયો. કોણ મરી જાય ? આત્મા મરતો હશે ?

શરીર મરતું હશે ? આ તો માટી છે. એ તો પર્યાય-અવસ્થા પલટી. બીજી થઈ ગઈ, રાખની થઈ. અહીં હતી (હવે) રાખની થઈ. મરે કોણ ? આત્મા ત્રિકાળી સનાતન શુદ્ધ ચૈતન્ય છે, એના ભાનમાં કહે છે. જુઓ! સમજાણું? જુઓ! આ છેલ્લું આવ્યું. 'ગુણીજન જડ સુખ છે જી ઝંઝાળ' એ કલ્પના માંડી કે આમાં સુખ છે ને આ છોકરામાં સુખ છે, પૈસામાં સુખ છે. ધૂળ છે માળા ! 'ગુણીજન જડ સુખ છે જી ઝંઝાળ, આનંદઘન આપ છે જી..' હું આનંદઘન આત્મા છું. આનંદનો ઘન આત્મા. એ ખરે ટાણે એની કસોટી હોય. 'ન્યાલભાઈ' ! આ વીસ વર્ષનો મરી જાય અને બાયડી મૂકીને બેસી જાય અને ઓલા રોવા મંડે. હાય.. હાય...! શું છે પણ ? શેની માંડી ? મહાણ છે અહીં ? અહીં તો આત્મા છે. આહાહા..!

ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ છે એમ જ્યાં અંતર ભાન થયા, કહે છે કે (એ) બધે જ્ઞાન જ ભાળે છે. જ્ઞાન એટલે અહીં આત્મા. સમજાણું? આહા! **'એક અદ્વૈત આત્માનો જ અનુભવ આવી રહ્યો છે. અનુભવના સમયે તો પોતાનામાં જ લીન થાય છે.'** અનુભવના કાળમાં અમને જાણનાર દેખ એમ કહે છે. 'અનુભવની માતા ભાવના છે.' એમ કરીને ઘણું લાંબુ કર્યું છે. દાખલો આપ્યો છે, જરી! માળે ઠીક કહ્યું છે. **'જેમ કોઈ ખેતરમાં જાય...'** આ ચણા પાકે કે નહિ, ચણા. ખેતરમાં ચણા પાકે છે ને, ચણા. એની નજર ચણા ઉપર હોય. કેટલા ચણા થયા ? એમ (નજર) હોય. પાંદડાં અને મૂળિયા ઉપર ન હોય. ખેતર હોય ને બે-પાંચ ? એની નજર ત્યાં (ચણા ઉપર હોય). અહીં તો ચણા કેમ લીધા છે ? ચણા ખાવામાં તરત જ મીઠાશ લાગે છે ને ? કાચો પણ સારો લાગે અને પાકો પણ સારો લાગે. ઈ ચણા જોવા જાય ને ઓલા લૂમખા થયા હોય ને ? એ ચણા ઉપર એની નજર હોય, ઓલા પાંદડાં ઉપર નહિ. કેટલા પાક્યા છે ? ચણા કેટલા થયા છે? આખા ખેતરમાં ફરે તો ચણા ઉપર નજર (હોય). પાક સારો આવ્યો છે, ચણાનો પાક સારો આવ્યો છે, એમ કહે. સમજાણું? 'તે છોડ, પાંદડાં, મૂળને દેખતો નથી અને કહે છે કે આ ખેતરમાંથી પાંચ મણ ચણા નીકળશે.' એમ કહે, લ્યો! આ એક વીઘામાં પાંચ મણ ચણા (નીકળશે). ચણા આવશે, એમ કહે. પાંદડાં આવશે એમ ઈ કહે છે?

બીજો દાખલો આપ્યો છે, સોનામાં મણિ જડેલા હોય. સુવર્ણમાં મણિ જડ્યા હોય ને? **'જ્યારે ઝવેરી પાસે વેચવા લઈ જાવ છો ત્યારે તે કેવળ મણિને જ દેખે છે,...'** ઊંચા ઝવેરી અંદર મણિ મણિ ભાળે. સોનું શું કરવા (જોવે)? એને તો મણિ લેવાના છે. મણિ, મણિ, મણિ... મણિ સોના ઉપર નજર નહિ. અને સોનાવાળા પાસે જાઓ તો મણિ ન દેખે, એ સોનું સોનું દેખે. વાત બરાબર છે. સમજાણું કાંઈ ? આહાહા..!

એમ ભગવાનઆત્મા જ્યાં જોવે ત્યાં હું જાણનારો.. જાણનારો.. જાણનારો.. મારા જાણનારમાં જ્ઞાનનો પાક જાણવાનો આવ્યો છે, એને એ દેખે છે. સમજાણું કાંઈ? દાખલો ઠીક આપ્યો છે માળાએ. એ લોકોને કાંઈક ચાલતું હશે. ચણા, ચણા. ચણા દેખે. મીઠા સરસ લાગે. ચણા ઉપર નજર છે ઈ ચણા જોવે. એમ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમ જેને આત્માની શ્રદ્ધા

અને ભાન થયા, એ જ્યાં હોય ત્યાં આત્માનો જ પાક ભાળે છે. હું જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર. બીજું મારામાં છે નહિ, મેં બીજું જાણ્યું-દેખ્યું નથી, હું જ મને જાણનાર-દેખનાર છું. કહો, સમજાણું કાંઈ? એ બધું (લીધું છે). **'વ્યવહાર નિશ્ચયની અપેક્ષાએ અસત્ય છે,...'** કોની સાથે મૈત્રી અને કોની સાથે (કલેશ) કરવા? સમજાણું. એક દાખલો 'સર્વાર્થસિદ્ધિ'માં આપ્યો છે, એ જરી ઠીક લાગે છે, સામાયિકનો. એ આત્માની સામાયિક કોને કહીએ ?

**एकत्वेन प्रथमं गमनं समयः, समय एव सामयिकं,**

**समय प्रवर्तानमस्येति वापिगृह्य सामायिकं।।अ. ७, सू.२१।।**

**'આત્માની સાથે એકમેક થઈ જવું, આત્મામય થઈ જવું તે સામાયિક છે.'** સામાયિક આ લઈને બેસે છે ને? ઈ સામાયિક ક્યાં (છે)? આત્માનું ભાન તો કાંઈ ન મળે. સામાયિક કરીને બેઠા, શેની? ધૂળની સામાયિક. આત્મા જેણે જ્ઞાનાનંદ સ્વરૂપને જોયો, જાણ્યો છે એ જ્ઞાનમાં લીન થઈ જાય છે તેને સામાયિક કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? સામાયિકસમસમતાસ્વરૂપ ચૈતન્ય જ્ઞાનમાં જ્ઞાનની લહેરમાં, લહેરમાં લીન થઈ ગયો. જે સમતાસ્વરૂપે કાયમ છે એની અંદરમાં વર્તમાન પર્યાયથી સમતામાં લીન થઈ ગયો, એને સામાયિક કહે છે. સમજાણું કાંઈ? ઘણા આ સામાયિક કરે છે કે નહિ? અમે સામાયિક કરીએ છીએ. એય 'શોભાચંદજી'! આ બધા કરે. આ બધા પડિમાધારી નામ ધરાવીને. સામાયિક કરીએ છીએ, સવાર-બપોરે સામાયિક કરીએ છીએ. શેની સામાયિક? આત્મા જાણ્યા વિના ક્યાંથી થશે? પહેલો આત્મા જ કોણ છે એની ખબરું વિના એકાગ્ર શેમાં થશે? એ બધા એવા ને એવા. આહાહા..!

**શ્રોતા :–** હલ્યા ચાલ્યા વિના સ્થિર રહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હલ્યે ચાલે કોણ? શરીર ચાલે નહિ એમાં એના બાપનું શું ગયું? આત્મા અંદર હલચલ કરે છે, ખદ્‌બદાટ. પુણ્ય-પાપના વિકલ્પ ઊઠાવીને મારા છે અને એની ઉપર દૃષ્ટિ પડી છે, એ બધો ખદ્‌બદાટ થઈ રહ્યો છે. નવકાર ગણતો હોય કે ભગવાનના ભજનનો વિકલ્પ ઊઠતો હોય, એ વિકલ્પ મારા છે (એમ) દૃષ્ટિ ત્યાં પડી છે. વસ્તુ આમ ભિન્ન છે એનું તો ભાન નથી. ભાન નથી અને વિકલ્પ ઉપર દૃષ્ટિ છે, તો એ સામાયિકમાં છે કે મિથ્યાત્વમાં છે? મિથ્યાત્વ જ છે. એય 'ભગવાનભાઈ'!

**શ્રોતા :–** નવા માણસ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આવી ગયા ને હવે. ચોપાટમાં આવી ગયા હવે.

આત્મા કૈસા હૈ ? આત્મા કોણ છે ? એ જાણ્યા વિના એની સાથે એકમેક કોણ થાય? એમ કહે છે. એમ કહ્યું ને? સામાયિકની વ્યાખ્યા કરી ને? 'સર્વાર્થસિદ્ધિ' હોં! 'પૂજ્યપાદસ્વામી'. આહા..! **'આત્માની સાથે એકમેક થઈ જવું, આત્મામય થઈ જવું તે સામાયિક છે.'** આત્મા

પહેલો સમ્યગ્જ્ઞાનમાં-દર્શનમાં ભાસ્યા વિના એકમેક થવું ક્યાંથી થાય? આ તો દેહની ક્રિયા હું કરું, આમ બેઠો તો (માને કે) હું બેઠો, રાગ કાંઈક થાય એ મારો આત્મા છે એમ માને છે એ તો. અનાત્માને આત્મા માને તો ઠરે શેમાં? (અનાત્મામાં) એકાગ્ર થાય. આત્મા રાગ વિના અને શરીર વિનાની ચીજ છે એનું જ્ઞાન હોય તે તેમાં ઠરે એને સામાયિક કહેવાય. એ ૪૦ (ગાથા પૂરી) થઈ.

**'આત્માને ન જાણનાર કુતીર્થોમાં ભટકે છે.'** 'કુતીર્થ' શબ્દ વાપર્યો છે, પછી બીજો વાપરશે.

**ताम कुतिप्थिइ परिभमइ धुत्तिम ताम करेइ।**
**गुरुहु पसाए जाम णवि अप्पा देउ मुणेइ।।४१।।**

**'ગુરુ મહારાજની કૃપાથી જ્યાં સુધી એક પોતાના આત્મારૂપી દેવને ઓળખતો નથી...'** ભગવાનઆત્મા દેહદેવળમાં આત્મા પોતે સચ્ચિદાનંદ દેવ છે. આ હાડકા ને ચામડા, માટી ને ધૂળ છે. ભગવાન અંદર આત્મા દેહદેવળમાં બિરાજમાન પોતાના દેવના સ્વરૂપને ન જાણે 'ત્યાં સુધી મિથ્યા તીર્થોમાં ભટકે છે.' એ શબ્દ વાપર્યો છે ને? **'ताम कुतिप्थिइ'** શબ્દ વાપર્યો છે, પહેલો ભાઈ! 'કુતીર્થ' શબ્દ વાપર્યો છે, હોં! પછી ઓલામાં લેશે. પછી આ દેવને લેશે. બહાર ક્યાં તારો ભગવાન છે? ઈ પછી (લેશે), પણ પહેલાં તો કુતીર્થ (લેશે).

આત્માનું જ્ઞાન જેને નથી, આત્મા દેવસ્વરૂપે છે એનું જ્યાં ભાન નથી એ જ્યાં ત્યાં ભટક્યા કરે છે. નદી, સાગરમાં સ્નાન કરે છે. છે ને? નદી ને સાગરમાં સ્નાન કરવા જાય. ન્યાં સ્નાન કરવાથી કલ્યાણ (થાય)? ન્યાં ઘણા માછલા સ્નાન કરે છે. સમજાણું કાંઈ? અહીં ન્હાવા જાઓ, ન્યાં આપણું કલ્યાણ થશે. 'શેત્રુંજય'માં ન્હાવા જાઓ, કલ્યાણ થશે. ધૂળમાં (નહિ થાય). ન્યાં તો માછલા બહુ ન્હાય છે. કલ્યાણ ત્યાં ન્હાયે થતા હશે? જ્યાં ત્યાં કુતીર્થમાં **'રેતી અને પથ્થરના ઢગલા કરવાથી...'** પથરા લગાવે છે ને? બે-બે, ત્રણ-ત્રણ. દેવી ને દેવલા ને. **'પર્વત ઉપરથી પડવાથી, અગ્નિમાં બળીને મરવાથી ભલું થશે...'** એમ માને છે ને ?

હમણા કો'કે કહ્યું કે એક માણસ મર્યો છે, માથું આપ્યું. હેં? શંકર પાસે માથું આપ્યું. રાજ લેવા માટે. મરી ગયા, આવા ને આવા, મૂઢ જીવો. ધૂળમાંય ત્યાં રાજ મળતા નથી. આવા કુતીર્થમાં આત્માના દેવને જાણ્યા વિના, પાપ છે, પુણ્યલાભ નથી. **'લોકમૂઢતા છે.'** ઈ લોકમૂઢ છે. સમજાણું ?

**'જ્યાં સુધી આ જીવ અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે, સંસારમાં આસક્ત છે, ત્યાં સુધી તેને ઈન્દ્રિયોના ઈષ્ટ વિષયોની પ્રાપ્તિની કામના રહે છે અને તેના બાધક કરાણો મટાડવાની લાલસા રહે છે.'** એમ કહે છે. **'મિથ્યા માર્ગના ઉપદેશકો દ્વારા જે કોઈની ભક્તિપૂજાથી અને જ્યાં ક્યાંય જવાથી વિષોયની પ્રાપ્તિમાં મદદ થવાનું જાણે છે તેની ભક્તિપૂજા કરે છે...'** જુઓને! કુતીર્થમાં

કરે છે કે નહિ ? અહીં તો ભગવાનને નામે કરે છે, અત્યારે તો. '**મિથ્યા દેવોની, મિથ્યા ગુરુઓની, મિથ્યા ધર્મોની અને મિથ્યા તીર્થોની ખૂબ ભક્તિ કરે છે.**' નદી, સાગરમાં સ્નાન કરે, ઈસ્લામ માને. '**ખેલ તમાશામાં વિષયને પોષતાં ધર્મ માની લે છે.**' ઈ મૂઢતા છે, કહે છે. સમજાણું? વગેરે વાત છે. લ્યો!

'**આત્માનુભવને જ નિશ્ચય ધર્મ માનવો તે સમ્યગ્દર્શન છે.**' ભગવાનઆત્માને શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનુભવવો એ આત્મદેવ અને એનું નામ સમ્યગ્દર્શન (છે). એ દેવની પૂજા છે. કુતીર્થમાં જ્યાં ત્યાં ભટક્યે કાંઈ મળે એવું નથી. ગંગામાં સ્નાન કરીએ તો મેલ જાશે. શરીરનો મેલ જાય, આત્માનો મેલ ન જાય. તુંબડી, તુંબડીનો દાખલો નથી આવતો ? કડવી તુંબડી. સાથે લઈ જજો, ઓલાને કીધું. આવે છે ને? તીર્થ જાત્રાએ નીકળ્યા હતા તો સાથે કડવી તુબંડી આપેલી. આને પણ ભેગી સ્નાન કરાવજો. કરાવતા, કરાવતા બધામાં ન્હાયા અને તુંબડીને સ્નાન કરીને આવ્યા. તીર્થ કરેલી તુંબડી લાવો, કાપો, કટકા કરો. (કટકા થયા પછી કહે), કડવી છે. એલા આટલા-આટલા સ્નાન કર્યા (તોપણ) તુંબડીની કડવાશ તો મટી નથી અને તમે આટલા-આટલા તીર્થ કરવા (ગયા) અને આત્માના ભાન વિના તમારી કડવાશ તો મટી તો દેખાતી નથી. તીર્થ કરી કરીને આ બધી ભ્રમણા દેખાય છે. એવો દાખલો આવે છે. તુંબડીને બધે તીર્થ કરાવી, પણ તુંબડી તો કડવી (રહી). ઉપરથી મેલ નીકળ્યો, અંદર તો કડવાશ રહી. એમ બહારથી સ્નાન કરે, જ્યાં-ત્યાં પડે, પણ ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદ છે એમ ન માનતા એને દયા, દાનના વિકલ્પથી લાભ થાય અને આ પરથી મને લાભ થાય, મને લાભ મળે અને આનાથી કાંઈક પ્રતિકૂળતા ટળે, વાંઝિયા મેણું ટળે, દીકરો થાય ને પૈસા મળે-આ બધી ભ્રમણા તો પડી છે. ભ્રમણાના ઝેર તો તારા ઉતર્યા નથી, શેના તેં તીર્થ કર્યા? સમજાણું કાંઈ? એ તો પછી આ વ્યવહારથી ક્રિયા છે એ નિમિત્તરૂપે છે, એમ કહેશે. હવે ૪૨.

'**પોતાનું શરીર જ નિશ્ચયથી તીર્થ અને મંદિર છે.**' આ અંદરનું આવ્યું હવે.

**तित्थहिं देवलि देउ णवि इम सुइकेवलि वुत्तु।**
**देहादिवलि देउ जिणु एहउ जाणि णिरुतु।।४२।।**

શ્રુતકેવળી ભગવાન, જે જ્ઞાનમાં પૂરા સર્વજ્ઞ આદિ અથવા શ્રુતકેવળીઓએ '**તીર્થક્ષેત્રોમાં અને દેવમંદિરમાં પરમાત્મા દેવ નથી...**' એમ કહ્યું છે. પણ '**णिरुतु**' હોં! '**णिरुतु**' એટલે નિશ્ચયથી. સમજાણું કાંઈ? શ્રુતકેવળી અને ભગવાન, સંતોએ બહાર દેવાલયમાં દેવ નથી, પરમાત્મા ત્યાં નથી (એમ કહ્યું છે), નિશ્ચયથી પરમાત્મા નથી. નિશ્ચયથી પરમાત્મા દેહદેવળમાં તારો આત્મા બિરાજે છે. સમજાણું કાંઈ ?

'**નિશ્ચયથી એમ જાણ...**' જોયું? નિશ્ચયથી છે ને પાઠ ? '**णिरुतु**' એવું જાણ, એમ. '**देहादिवलि देउ जिणु**' '**શરીરરૂપી દેવાલયમાં જિનદેવ છે.**' ભગવાનઆત્મા વીતરાગસ્વરૂપે

બિરાજમાન આત્મા છે, એને તું ઓળખ અને એની પૂજા કર, એ દેવની પૂજા છે. સમજાણું કાંઈ ? ઓલા કુતીર્થને લઈને હવે અહીં થોડું બહારનું નાખ્યું છે. ન્યાં ને ન્યાં ભટક્યા કરે, 'સમેદશીખર' ને આ અહીં છે ને 'શેત્રુંજય', ન્યાં જાણે ભગવાન છે. ત્યાં તો ભગવાનની સ્થાપના છે. ખરા ભગવાન પણ ત્યાં નથી, ઈ પર ભગવાન પણ ખરા ત્યાં નથી, એમ કહે છે. શું કીધું ? જે ભગવાનની સ્થાપના કરી છે એ ખરા ભગવાન પણ ત્યાં નથી. ખરા ભગવાન તો સમવસરણમાં બિરાજમાન તીર્થંકરપણે એ ખરા ભગવાન છે અને ત્યાં તો એને જોઈશ તો શરીર ને વાણી તને એકલા દેખાશે, ભગવાન નહિ દેખાય. એનો આત્મા નહિ દેખાય. એ આત્મા ક્યારે દેખાય ?-કે તું તારો દેખીશ તો એનો આત્મા તને જણાશે. એના આત્માનું જ્ઞાન ક્યારે થાય કે આ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર છે ? એ રાગરહિત તારા આત્માનું જ્ઞાન તું કર ત્યારે આ ભગવાનઆત્મા છે એમ તને ખ્યાલ આવશે. નહિતર તો શરીર, વાણી દેખાશે, સમવસરણ દેખાશે, માણસો દેખાશે, ઈન્દ્રો દેખાશે. આહાહા..! ઉપરથી આવ્યા જાણે, ગંગાધર ને વિદ્યાધર ને... સમજાણું ? સાક્ષાત્ પરમાત્મા બિરાજતા હોય તો ત્યાં તને શું દેખાશે ? પરમાત્મા, એનો આત્મા દેખાશે ? એનો આત્મા ક્યારે દેખાશે ?-કે તું પોતે જ્યારે એને રાગની આંખ્યું છોડી દઈ, પરને જોવું છોડી દઈ અને સ્વને જોવા જા ત્યારે તારો આત્મા જણાશે (અને ત્યારે) પરમાત્મા આવા હોય (એમ જણાશે). સમજાણું કાંઈ ?

**'શરીરરૂપી દેવાલયમાં જિનદેવ છે.'** બહારમાં તો વ્યવહાર છે. શુભભાવ, પુજા, ભકિતનો શુભભાવ વ્યવહાર (છે), પણ પરમાર્થે ત્યાં દેવ છે (એમ નથી). તારો એ નથી અને પરમાર્થે ભગવાન બિરાજે (છે) જે આત્મા, એ આત્મા અહીં નથી. એ તો સ્થાપના નિક્ષેપ છે. અને સ્થાપના નિક્ષેપમાં પણ સ્થાપનામાં ભગવાનના ગુણ ગાય છે ને? કે મૂર્તિના ગુણ ગાય છે? ભગવાન આવા, તમે ભગવાન આવા, તમે ભગવાન આવા, તમે ભગવાન આવા. પણ એ આત્માની દૃષ્ટિ હોય તો એને આવા શુભભાવના ભાવને વ્યવહાર કહેવામાં આવે, પણ જેને આત્મદૃષ્ટિ નથી અને એકલું ત્યાં જ ભાળે છે એને કહે છે કે, આત્મા દેવ અહીં છે, ન્યાં બહારમાં ક્યાંય નથી. તારો દેવ મૂકીને બીજા દેવને પૂજવા જા, એ પૂજન સાચું નહિ થાય. સમજાણું કાંઈ? એની વિશેષ વ્યાખ્યા કરશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

卐

## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા-૫૭-૫૮
## પ્રવચન નં.૩૭, તા.૧૭-૭-૧૯૭૬
## (૧૩)

'પરમાત્મપ્રકાશ' ૫૭ ગાથા. દ્રવ્ય, ગુણ, પર્યાયની વ્યાખ્યા.

**ભાવાર્થ :- 'જો દ્રવ્ય હોતા હૈ, વહ ગુણપર્યાયકર સહિત હોતા હૈ.'** કોઈપણ ચીજ છે (એ) એના ગુણ અને પર્યાય સહિત જ હોય છે. લ્યો. દરેક દ્રવ્ય એના ગુણ, પર્યાય સહિત જ હોય છે. બીજો એની પર્યાય શી રીતે કરે? દરેક ક્ષણની વાત છે ને? દરેક પદાર્થ પોતાના ગુણ અને પર્યાય સહિત છે. દરેક સમયે. એથી બીજો પદાર્થ એની પર્યાયને કરે (એમ છે નહિ). છે (પર્યાય) સહિત એને બીજો કરે શું?

**શ્રોતા :-** અનંત શકિત એમાં હોય છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનંત શકિત કોનામાં? પોતામાં કે પરને કારણે? એ કળશમાં આવ્યું છે. એવી એક શકિત લ્યો કે પરનું કરી શકે. અંદર કળશમાં છે. એવી શકિત છે જ નહિ. આહાહા..!

પહેલો સિદ્ધાંત આ. પ્રત્યેક દ્રવ્ય **'ગુણપર્યાયકર સહિત હોતા હૈ.'** આહાહા..! દરેક સમયે તે તે દ્રવ્ય પોતાના ગુણ, પર્યાયસહિત છે. આહાહા..! એટલો સિદ્ધાંત છે. એને બીજું દ્રવ્ય આવે તો પર્યાય થાય (એમ છે નહિ). ગુણ, પર્યાય સહિત તો છે. આહાહા..! બે કારણ કીધાં છે ને? એ તો બીજું કારણ તો ઉપચારિક જાણવા માટે કહ્યું છે. ખરું તો દરેક પદાર્થ-દરેક આત્મા, દરેક રજકણ વર્તમાન પોતાના ગુણ અને કાર્ય સહિત છે. પર્યાય એટલે કાર્ય. સમજાણું કાંઈ? દરેક દ્રવ્ય ગુણ અને કાર્ય સહિત છે. પર્યાય સહિત કહો કે કાર્ય સહિત કહો. તો એના કાર્યને માટે બીજા દ્રવ્યની જરૂર છે એમ એમાં છે નહિ. આહાહા..! એક વાત.

**'યહી કથન तत्त्वार्थसूत्रमें કહા હૈ, 'गुणपर्यायवद्द्रव्यं'**. જોયું? ગુણ અને પર્યાયવાળું તે દ્રવ્ય. તેના ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય. આહાહા! એવા સિદ્ધાંત છે ને! **'અબ ગુણપર્યાયકા સ્વરૂપ કહતે હૈં...'सहभुवो गुणाः क्रमभुवः पर्यायाः'** યહ નયચક્ર ગ્રંથકા કથન હૈ, અથવા **'अन्वयिनो गुणा व्यतिरेकिणः पर्यायाः'** વ્યતિરેક (એટલે) ભિન્ન થાય તે પર્યાય. **'ઈનકા અર્થ ઐસા હૈ, કિ ગુણ તો સદા દ્રવ્યસે સહભાવી હૈં,...'** એ વ્યાખ્યા બરાબર નથી. ગુણને જે સહભાવી કહ્યા છે એ દ્રવ્યની સાથે છે માટે સહભાવી કહ્યા છે એમ નથી. કારણ કે દ્રવ્યની સાથે ગુણ પણ છે અને દ્રવ્યની સાથે પર્યાય પણ છે. એટલે દ્રવ્યની સાથે ગુણ રહે તો એને સહભાવી કહેવા, તો એ અતિવ્યાપ્તિ દોષ થઈ જાય છે. કારણ કે પર્યાય પણ સાથે (રહે છે). 'પંચાધ્યાયી'માં

છે. 'પંચાધ્યાયી'માં. ભાઈ! એ વાત થઈ ગઈ છે પહેલી.

**'द्रव्यसे सहभावी है, द्रव्यमें हमेशा एकरूप नित्य पाये जाते हैं,...'** એમ વ્યાખ્યા નથી. ગુણ એને કહીએ દરેક ગુણ સહભાવી-સાથે ગુણ હોય. શું કીધું? 'ચંદુભાઈ'! દ્રવ્યની સાથે હોય એમ નહિ. ગુણ દરેક સાથે જ હોય. પર્યાય સાથે ન હોય, ક્રમસર (હોય). એવી એની વ્યાખ્યા છે.

**શ્રોતા :-** ... ગુણની સાથે લાગુ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુણની સાથે ગુણ છે. દ્રવ્યની સાથે ગુણ છે માટે સહભાવી એમ નહિ. સહભાવી ગુણ કીધા છે. ગુણ ગુણની સાથે એકસાથે હોય છે. એનો અર્થ ઈ છે કે વસ્તુ છે એમાં ગુણ જે છે એ દરેક ગુણ આમ સાથે છે. એકસાથે. ગુણ ગુણની સાથે સહભાવી છે. ગુણ દ્રવ્યની સાથે સહભાવી છે એમ નહિ. સમજાણું કાંઈ? સમજાણું?

**શ્રોતા :-** બધું સરખું લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું લાગે છે સરખું? ઉગમણો-આથમણો ફેર (પડે છે). દ્રવ્યની સાથે રહે તો ગુણ કહો તો પર્યાય પણ દ્રવ્યની સાથે રહે છે. એનું લક્ષણ યથાર્થ ન થયું. અહીં તો એવી વાત છે. વાણિયાવાડ નથી અહીં. આહા..! દ્રવ્યની સાથે ગુણ રહે માટે સહભાવી. તો દ્રવ્યની સાથે પર્યાય પણ સદાય રહે છે. એ લક્ષણ અતિવ્યાપ્તિ થઈ ગયું. એ વાસ્તવિક લક્ષણ ન થયું. 'ધન્નાલાલજી'! એ વાત 'પંચાધ્યાયી'માં લીધી છે. એ તો તે દિ' વાંચ્યું ત્યારે (કહ્યું હતું).

'**सहभुवो**'નો અર્થ એ નહિ. ગુણો દ્રવ્યની સાથે રહે માટે '**सहभुवो**' એમ નહિ. ગુણ ગુણની સાથે રહે માટે '**सहभुवो**'. આહાહા..! લક્ષણ અને સ્વરૂપ એવું હોવું જોઈએ ને કે જેમાં વ્યાજબીપણું ઉભું થાય, યથાર્થપણે. આહાહા..!

**શ્રોતા :-** ગુણ ગુણની સાથે રહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુણ ગુણની સાથે (રહે છે). અને તેથી.. જુઓ!

'**सहभुवो गुणाः**' છે? '**क्रमभुवः पर्यायाः**' એટલે પર્યાય બધી સાથે ન હોય. ક્રમસર પર્યાય હોય. ગુણ એકસાથે હોય. ગુણ ગુણ એકસાથે હોય. પર્યાય એકસાથે ન હોય, ક્રમભાવી (હોય). આહાહા..! સમજાણું કાંઈ? આ વીતરાગદર્શનનું દ્રવ્યાનુયોગ તત્ત્વ આ રીતે છે. બીજી રીતે માને તો વસ્તુની સ્થિતિ પલટી જાય. દ્રવ્યમાં ગુણ જે છે એ એકસાથે આમ ગુણનો વિસ્તાર છે. ગુણ ગુણની સાથે એકસાથે છે. તેથી એને સહભાવી કહ્યા છે. ગુણ દ્રવ્યની સાથે છે માટે સહભાવી કહ્યા છે, એમ નહિ. સમજાણું કાંઈ? અને પર્યાયને ક્રમભાવી કહી છે. ઈ આમ જ્યારે ગુણ એકસાથે છે, પર્યાય એકસાથે નથી. ક્રમસર, ક્રમભાવી, ક્રમબદ્ધ (છે). એવું છે. એની મશ્કરી કરે છે.

'લલિતપુર'માં થયું ને? માર્યા છે. એમ કે, ક્રમબદ્ધ થવાનો 'કાનજીસ્વામી'નો મત છે તો ક્રમબદ્ધ છે એમ માની લેજો, આની ટીકા કરશો નહિ. અરેરે..! એવું છાપામાં આવ્યું છે. ભાઈનો તો કાગળ બિચારાનો આવી ગયો. 'રમેશભાઈ' એ જરી કડક ભાષા લખી હતી. 'સ્વાધ્યાય

મંદિર'વાળા નપુંસક છે. કંઈ સામું ન કહ્યું. એ પછી કાલે કાગળ આવ્યો. મારી ભૂલ થઈ ગઈ, મેં આવેશમાં લખી નાખ્યું. કોઈની સામે પડવું એ કંઈ કામ છે? સહન કરી લેવું. માફી આવી છે. કાલે કાગળ આવ્યો છે. મારી ભૂલ થઈ ગઈ. મેં સ્વાધ્યાય મંડળને નપુંસક કહ્યા. માર્યા ને સામે કોઈ મદદમાં ન રહ્યું ને. કાંઈ કર્યું નહિ એટલે. એ તો કોને કહેવું? બાપા!

દરેક દ્રવ્યની પર્યાય ક્રમસર એક પછી એક, એક પછી એક તે તે થવાની તે તે થાય, તો ક્રમસર કહેવાય. આડીઅવળી થાય નહિ. આહા..! પર્યાયનું આવું સ્વરૂપ છે. અને ગુણનું એવું સ્વરૂપ છે કે બધા એકસાથે રહે. આવી દ્રવ્યના ગુણની અને દ્રવ્યના પર્યાયની વ્યાખ્યા છે. આહાહા..! આ તો પહેલી મુદ્દાની રકમ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** પણ ક્રમબદ્ધ પર્યાય તો આપની જ છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોની છે? લોકો એમ કહે. એણે કાઢી છે ને. અહીંથી નીકળી છે ને એટલે (કહે છે). એ તો પહેલા જ્યારે (સંવત) ૨૦૧૩માં નીકળ્યા ત્યારે 'બનારસ'માં એક ગૃહસ્થને ત્યાં આહાર કરવા જતા હતા. ઝવેરી છે ને? કોઈ ગૃહસ્થ છે. એને ન્યાં મોટી પ્રતિમા ઝવેરાતની હતી. ચોરાઈ ગઈ ને પાછી આવી ગઈ. ત્યાં આહાર કરવા જતા હતા. બધા સાથે હતા. 'ફૂલચંદજી', 'કૈલાસચંદજી'. કીધું, વસ્તુ ક્રમબદ્ધ છે. 'ફૂલચંદજી' કહે, જો ક્રમબદ્ધ ન હોય તો વૈશેષિક મત થઈ જાય છે. માટે બરાબર છે.

અહીંયાં વિદ્વત પરિષદ વખતે ક્રમબદ્ધની મોટી ચર્ચા થઈ હતી. 'જગનમોહનલાલજી' કહે, ક્રમબદ્ધ નહિ. કારણ કે એ બધા ભણેલા બીજી રીતે. અને 'લાલબહાદુરે' તે દિ' ક્રમબદ્ધ સ્વીકાર્યું. તે દિ' સ્વીકાર્યું હતું. છે ને? તે દિ' સ્વીકાર્યું હતું. પાછો ફરી ગયો હવે. યથાર્થપણું ફરે? પર્યાય ફરે. માર્ગ તો આ છે. આ કાંઈ કોઈના ઘરનો છે? સર્વજ્ઞ પરમેશ્વરે આવું જ વસ્તુનું સ્વરૂપ જોયું છે તેમ કહ્યું છે. જાણ્યું ને જોયું તેમ કહ્યું. આહાહા..! દ્રવ્ય, ગુણ, પર્યાયની ત્રણની વ્યાખ્યા બરાબર સમજવી જોઈએ. તો બધો ઝઘડો નીકળી જાય. બીજાથી થાય ને આનાથી થાય ને આડીઅવળી થાય ને એ બધો ઝઘડો નીકળી જાય. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** એ કઈ રીતે નીકળી જાય, બધું સમજાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ કહે છે ને. દ્રવ્ય છે એનું જેને જ્ઞાન કરવું હોય તો દ્રવ્યમાં જેટલા ગુણો છે એ બધા એકસાથે રહે છે. આડાઅવળા નહિ, એક પછી એક નહિ. કે પહેલું જ્ઞાન ને પછી દર્શન ને પછી (ચારિત્ર.. એમ નહિ). એકસાથે આમ છે. તેથી તેને સહભાવી કહીએ. પર્યાયને ક્રમભાવી કહીએ. કોઈ પર્યાય એકસાથે અનંતી ન હોય. દરેક ગુણની પર્યાય એમ અનંતી હોય. પણ એક ગુણની પર્યાય એકસાથે બે, ત્રણ, ચાર સાથે હોય એમ ન હોય. ક્રમસર હોય. સમજાણું કાંઈ? આહાહા..! આ એક વ્યાખ્યા સમજે તો આનાથી થાય ને આનાથી ન થાય ને કેમ કહ્યું, એનો ખુલાસો આવી જાય. આહાહા..!

કાલે આવ્યું છે. બે કારણથી, બે સામગ્રીથી દ્રવ્યનું કાર્ય થાય. પણ એ તો નિમિત્તનું જ્ઞાન

કરાવવા કહ્યું છે, ભાઈ! દરેક સમયે પર્યાય ક્રમસર થાય છે અને તેમાં નિમિત્ત પણ સામે ચીજ હોય જ છે. હોય છે માટે થઈ છે એમ નથી. આ મોટો ફેર. સમજાણું કાંઈ? ધર્માસ્તિકાય છે માટે જીવ ગતિ કરે છે, એમ છે? તો ધર્માસ્તિ તો ત્રિકાળ છે તો ગતિ ત્રિકાળ કર્યા જ કરવી જોઈએ.

**શ્રોતા :–** તો તો ગતિ જ કર્યા કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** થઈ રહ્યું. તો એનો અર્થ શું થયો? કે ગતિ કરવા કાળે તે ક્રમસરમાં ગતિ થવાનો પર્યાય થાય, ત્યારે ધર્માસ્તિ છે એને નિમિત્તથી, આરોપથી કહેવાય. આહાહા..! આ તો વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિનું સ્વરૂપ છે. દ્રવ્ય, ગુણ, પર્યાયના જ્ઞાનમાં ગોટા ઉઠ્યા તો આ બધો ગોટો ઉઠ્યો છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** અમને દ્રવ્ય, ગુણ, પર્યાયથી શું મતલબ છે? ધર્મ કરવો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધર્મ તે પર્યાય છે, તો કોનાથી થાય? દ્રવ્ય, ગુણથી થાય. એનું એને નક્કી કરવું પડશે કે નહિ? ધર્મ પર્યાય છે. કરવું છે ને એને? ધર્મ કરવો છે ને? ત્યારે એનો અર્થ થયો કે એની પર્યાયમાં ધર્મ નથી. પર્યાયમાં નથી, ગુણ-દ્રવ્યમાં છે. જો એની પર્યાયમાં હોય તો કરવો છે, આ છે એને ટાળવો છે અને નવો કરવો છે એવું હોય નહિ. આહાહા..! એટલે જેને ધર્મ કરવો છે એ પ્રશ્ન ઉઠે ત્યાં એને પર્યાયમાં ધર્મ થાય, એ પર્યાય કર્મવર્તી છે. ગુણ અને દ્રવ્ય ત્રિકાળ છે, તેને આશ્રયે થાય. આહાહા..! વાત તો બહુ સાદી છે પણ હવે... ગંભીર છે. આહાહા..!

'**દ્રવ્યસે સહભાવી...**' એમ ન લેવું. '**દ્રવ્યસે સહભાવી...**' એમ ન લેવું. દ્રવ્યમાં ગુણ સદા હોય છે, એટલું. પણ સહભાવી જે શબ્દ છે, એ ગુણ અને ગુણની સાથે સહભાવી છે. સમજાણું કાંઈ? આંતરો પડ્યો છે ક્યાં? દ્રવ્યની સાથે રહે એ ગુણ (એમ કહો તો) દ્રવ્યની સાથે પર્યાય સદાય રહે છે. કે દિ' પર્યાય નથી ? ખૂબી તો એ છે કે એક સમયમાં આમ અક્રમ ગુણો છે. ગુણો ગુણની સાથે અક્રમ કહો કે સાથે કહો અને પર્યાય ક્રમ છે. ક્રમ છે તો આમ છે. એક પછી એક, એક પછી એક... ધારાવાહી.. છએ દ્રવ્યનું પરિણમન ધારાવાહી ચાલે છે. એક સમય પણ ત્યાં વિસામો નથી. આહા..હા..! એ પરિણતિ પોતાથી થાય છે. તેથી 'પ્રવચનસાર'માં એમ કહ્યું કે, એની ઉત્પત્તિનો કાળ છે ઈ. પર્યાયી ઉત્પત્તિનો એ ક્ષણ છે. માટે ઉત્પત્તિ થઈ છે. 'અમરચંદભાઈ'! નિમિત્ત આવ્યું માટે થઈ છે (એમ નથી). આહાહા..!

**શ્રોતા :–** .. સમજી જાવું જોઈએ ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું સમજે? ઈ તો જ્ઞાન કરવા માટે છે પણ ઈ આવ્યું તો થાય એ માટે નથી ઈ. સમજાણું કાંઈ? નિમિત્તમાં પણ એના ક્રમસર પર્યાય થાય છે કે નહિ એને પણ? એનું પણ ઉપાદાન છે કે નહિ? એ તો આની અપેક્ષાએ નિમિત્ત છે. નિમિત્ત ઉપાદાનની પર્યાય પણ ક્રમસર એનામાં થાય છે. આહાહા..! ભગવાન આત્મા પોતાના સ્વભાવનો આશ્રય લઈ અને સમ્યગ્દર્શનની પર્યાય થઈ, તે ક્ષણે પર્યાય થવાની તે થઈ. એનો કાળ ઈ હતો. એ વખતે દર્શનમોહનો ત્યાં અભાવ થયો એનો પણ ક્રમબદ્ધમાં અભાવ થવાના પર્યાયનો એનો કાળ

હતો. આહાહા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ ! વીતરાગ સર્વજ્ઞદર્શન વિશ્વદર્શન છે. ઓલા વિશ્વધર્મ પ્રેરક કહે છે એમ નહિ આ. આ 'વિદ્યાનંદજી' ને ઓલા 'સુશિલ' (કહે છે). વિશ્વધર્મ પ્રેરક. વિશ્વધર્મ તો આ જૈનધર્મ છે. વાસ્તવિક સ્વરૂપ છે એ તો જૈનધર્મ છે. આહાહા..! જૈનધર્મ કહો કે વિશ્વધર્મ આ રીતે. બીજાઓ કહે અને ભેળવીને વિશ્વધર્મ છે એમ નથી. આહાહા..! જગતની દ્રવ્ય, ગુણ, પર્યાયની સ્થિતિ આવી છે, એ જૈનદર્શનમાં જ છે આ. સમજાણું કાંઈ? એની જેને કબુલાત થઈ એને વિશ્વદર્શન થયું. વિશ્વનો પદાર્થ જે આત્મા કે જડ, એનું અહીં દર્શન થતાં જડ આમાં નથી એ પણ ભેગી પ્રતીત આવી ગઈ. સમજાણું કાંઈ? આહાહા..!

ક્રમસરમાં પર્યાય ક્રમે થઈ એ પર્યાય સમ્યગ્દર્શનને આધાર તો દ્રવ્ય હતો. ત્યાં આશ્રય દ્રવ્યનો હતો. એ દ્રવ્યમાં ક્રમસર થઈ. સમજાણું કાંઈ? એવી પર્યાયનો નિર્ણય કરે એની તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય અને પર્યાય પોતાથી થાય. આવી વાત છે જરી. વાત ઝઘડે પાર પડે એવું નથી. એમ કહે છે, નિશ્ચયની વાત કરો છો અને વ્યવહારના સાધન વડે કરીને નિશ્ચયને સિદ્ધ કરવા માગો છો. અરેરે..! આ શું છે? ભાઈ! કોઈ પણ વાત કહેવી હોય તો વાણી દ્વારા આવે. વાણી જડ છે. દ્રવ્યની સાથે રહે ઈ ગુણ નહિ. પણ ગુણની સાથે રહે એ ગુણ. ઈ બોલે કોણ? વાણી. તમે એમ ત્યાં વાણીનો આશ્રય લીધો કે નહિ કહેવામાં? ભાઈ! એમ નથી. વાણી પણ તેને ક્રમકાળે વાણી નીકળી છે. એનો પણ પર્યાયનો ક્રમ છે ત્યાં એ વાણી થઈ છે. આત્માએ કરી નથી. આહાહા..! શું થાય?

**'સહભુવો'** **'દ્રવ્યમેં હમેશા એકરૂપ નિત્યરૂપ પાયે જાતે હૈં....'** એ તો વળી બીજી સાધારણ વાત છે. **'ઔર પર્યાય નાનારૂપ હોતી હૈં,...'** અનેકરૂપ થાય છે. **'જો પરિણતિ પહલે સમયમેં થી, વહ દૂસરે સમયમેં નહીં હોતી,...'** આ ક્રમ સિદ્ધ કરે છે. ગુણ તો એક સમયમાં બધા સાથે હોય છે. અને પર્યાય એક સમયમાં થઈ. પહેલા સમયમાં નહોતી. એ બીજે સમયે નહિ રહે. આહા..હા..! અરે...! **'સમય-સમયમેં ઉત્પાદ-વ્યય હોતા હૈ,...'** લ્યો. ક્યા દ્રવ્યમાં ક્યા સમયમાં ઉત્પાદ-વ્યય નથી ? એ તો પોતાનો સ્વભાવ છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. ઉત્પાદરૂપી કાર્ય ક્યા દ્રવ્યમાં કોઈ સમયમાં થયા વિના રહે છે? આહા...! સમજાણું કાંઈ? એ તો નિમિત્તપણું જે માનતો ન હોય, નિમિત્તથી થાય એમ નહિ, પણ નિમિત્ત જ નથી, એવું માનતો હોય એને બતાવ્યું છે. પણ નિમિત્તથી થાય એ ત્યાં બતાવવું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

પર્યાય એક પછી એક (થાય). એક પછી એક એટલે? **'સમય-સમયમેં ઉત્પાદ...'** લ્યો. **'પહલે સમયમેં થી, વહ દૂસરે સમયમેં નહીં હોતી,...'** લ્યો. **'સમય-સમયમેં ઉત્પાદ-વ્યય હોતા હૈ...'** આહાહા..! **'ઈસલિયે પર્યાય ક્રમવર્તી કહા જાતા હૈ.'** આ કારણે પર્યાયને ક્રમવર્તી (કહેવાય છે). સાધારણ શબ્દ નથી, હોં! આખા ત્રણકાળ ત્રણલોકના દ્રવ્યની સમય સમયની પર્યાય

ક્રમસર છે. સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યને જ્યાં અવલંબે છે પછી પર્યાય ક્રમસર થવાની તે થાય જ છે. એને પર્યાયને પણ કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાય પર્યાયને તે સમયે કરે છે. દ્રવ્ય પણ પર્યાયને કરતું નથી. એ તો આવ્યું. ૩૨૦ ગાથા. આહાહા..! ક્રમસર પર્યાય પર્યાયને કરે એમાં દ્રવ્યનું ક્યાં કામ છે? સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો... ભાઈ!

**શ્રોતા :–** પર્યાય પર્યાયને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાય પર્યાયને કરે. દ્રવ્ય નહિ. દ્રવ્ય તો ધ્રુવ છે. પરિણતિ થાય... એક સમયની પર્યાયમાં ષટ્કારક પરિણમન છે. દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના. શું કહ્યું? દરેક દ્રવ્યની જે સમયની ક્રમવર્તી પર્યાય (થાય) એ એક સમયના પર્યાયમાં ષટ્કારકપણું-પર્યાય પર્યાયને કરે, પર્યાય પર્યાયનું કર્મ, પર્યાયનું સાધન પર્યાય. ઈ પર્યાય, હોં! ઈની ઈ. પર્યાયનું અપાદાન એનાથી થઈ, એના આધારે થઈ, ત્યાં ને ત્યાં રહી. એ ષટ્કારક એક સમયની પર્યાયમાં સ્વતંત્ર સ્વયંસિદ્ધ ષટ્કારક છે. દ્રવ્ય-ગુણને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ. ક્રમવર્તી ક્રમે વર્તતી થાય છે એમ કીધું ને? થાય છે એનો અર્થ શું થયો? દ્રવ્ય કરે છે, ગુણ કરે છે એમ ન આવ્યું.

**શ્રોતા :–** પર્યાયાર્થિકનયે કરે છે એમ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાયાર્થિકનયે કરે છે. એ તો પર્યાય પર્યાયને કરે. એ તો ઈ થયું. એ તો પર્યાયાર્થિક ભેદથી જ્યારે કથન કરે ત્યારે કહે. કારણ કે એક સમયની પર્યાય જે જાય છે, ન્યાં ને ન્યાં. થાય છે ન્યાંથી. એટલી ભેદની અપેક્ષા લઈને દ્રવ્ય પર્યાયને કરે એમ કહેવામાં આવે. પણ વસ્તુસ્થિતિ જોઈએ તો પર્યાય પર્યાયને કરે છે, દ્રવ્ય પર્યાયને કરતું નથી. કેમકે પર્યાયનો ક્રમવર્તી થવાનો સ્વભાવ છે. પર્યાયનો ક્રમવર્તી થવાનો સ્વભાવ છે. આહાહા..!

**શ્રોતા :–** પણ દ્રવ્ય પર્યાયને કરે એમાં શું દોષ આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક સત્‌ને બીજા સત્‌ની અપેક્ષા છે જ નહિ. સત્ સ્વયં સત્ અહેતુક હોય.

**શ્રોતા :–** દ્રવ્ય-પર્યાયમાં પણ..?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એના માટે તો વાત ચાલે છે. પર્યાય સત્ છે. તે અહેતુક છે. કોઈ હેતુ નહિ. છે એને હેતુ શો? આહાહા..! આવો ખુલાસો દિગંબર સંતોએ જ કર્યો છે. એણે જૈનધર્મ અને અનાદિ સત્ છે એ ટકાવી રાખ્યું છે. આહાહા..!

જુઓને ! એટલી વ્યાખ્યા બાંધી. ગુણપર્યાયવત્ દ્રવ્યમ્. એમાં તો બધું આવ્યું. દરેક દ્રવ્ય તેના ગુણ અને તેના કાર્ય સહિત હોય છે. હવે એના કાર્ય માટે બીજું કારણ (હોય)? સમજાણું કાંઈ? એક સૂત્ર પણ નક્કી કરવું જોઈએ ને એણે? કે દરેક દ્રવ્ય, ગુણ-પર્યાય સહિત છે. એમ આવ્યું ને? ગુણ અને પર્યાય એટલે કાર્ય. દરેક દ્રવ્ય દરેક સમયે પોતાના કાર્ય અને ગુણ સહિત છે. પોતાના કાર્ય અને ગુણ સહિત છે. પરના કાર્ય અને નિમિત્ત સહિત છે એમ અહીં નથી આવ્યું. આહાહા..!

**શ્રોતા :–** તો પછી બે કારણથી કાર્ય થાય એમ ન કહેવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કથન તો જ્ઞાન કરવા માટે છે. બે કારણ છે જ નહિ, એક જ કારણ છે. મોક્ષનો માર્ગ એક જ છે. માર્ગ કહો કે કારણ કહો. બે મોક્ષના માર્ગ (નથી). માર્ગ બે કહો કે કારણ બે કહો, એ છે જ નહિ. આવી વાત છે. આહાહા..! વસ્તુસ્થિતિ એમ છે ત્યાં હવે એને...

દરેક દ્રવ્ય, પરમાણુ એ પણ ગુણ, પર્યાય સહિત છે. આહાહા..! દરેક પરમાણુ તે તે સમયમાં પોતે ગુણ અને પર્યાય સહિત છે. આહાહા..! કાયમ રહેલી શકિત અને કાર્યરૂપ દશા, એ સહિત દ્રવ્ય છે. આહાહા..! 'ચંદુભાઈ'! આવો માર્ગ છે, ભાઈ! કહો. પાણી ગળવું એ આત્મા કરી શકે નહિ, એમ અહીં તો વાત છે.

**શ્રોતા :–** કોણ કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ પરમાણુની પર્યાય એમાં ક્રમસર એ જાતની પર્યાય થવાને કાળે થાય છે. નિશ્ચય તે સત્ય છે અને વ્યવહાર છે તે ઉપચારના કથન છે. આહાહા..! ત્યાં 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો એમ પણ કહ્યું છે, નિશ્ચય છે તે યથાર્થ છે અને વ્યવહાર કહે છે તેની શ્રદ્ધા છોડવી. છે ખરી એની ચીજ પણ શ્રદ્ધા છોડવી. એમ કહ્યું. નહિ? છેલ્લા સાતમામાં. ઓહોહો..!

'ટોડરમલે' તો ઘણું સરસ કર્યું. એમાં પણ સાતમો અધ્યાય અને એમાં પણ નિશ્ચય, વ્યવહારાભાસનો ભાગ.. ભારે કામ! (સંવત) ૧૯૮૪માં જ્યારે.. વાંચ્યું હતું ૧૯૮૨માં, 'મોક્ષમાર્ગ પ્રકાશક'. ૧૯૮૨. ૫૦ વર્ષ થયા. 'સમયસાર' (સંવત) ૧૯૭૮માં (હાથ આવ્યું). ૫૪ વર્ષ થયા. 'સમયસાર' ૧૯૭૮. 'પંચાધ્યાયી', 'મોક્ષમાર્ગ પ્રકાશક', 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' એ બધા ૧૯૮૨ (માં વાંચ્યા).૧૯૮૨માં આ વાંચતા ખાવું, પીવું ક્યાંય ગોઠે નહિ. એની વાંચનની ધૂન (લાગેલી). 'રાજકોટ'. પહેલું મળ્યું હતું ભાઈ પાસેથી. 'લાખાણી.. લાખાણી'. 'દામોદર ચત્રભૂજ' એની પાસેથી મળ્યું હતું. મેડી ઉપર. આ 'હીરાભાઈ' સામે રહે છે ને? એની સામે ન્યાં મેડી નથી? 'રાજકોટ'. ઉતારામાં રહેતા ને 'હીરાભાઈ'? રહે છે? ત્યાં ને ત્યાં રહે છે? સામે મેડી. ત્યાં પુસ્તક રહેતા. આ ૧૯૮૨ની વાત છે. પચાસ વર્ષ થયા પણ અમારે તો જાણે કાલે થયું હોય એવું લાગે ને. 'ચત્રભુજભાઈ' હતા, ડોસા. મેં કીધું, 'મોક્ષમાર્ગ' જોઈએ છે. 'દામોદરભાઈ' ... ઉભા થાય. સીઢી છે ને? સીઢી, ચડવાની. ઈ આવું પુસ્તક છે. આમ નહિ. પણ એક એક શબ્દ સાતમા અધ્યાયનો.. ઓહોહો...! નિચોડ કરી નાખ્યો છે આ તો. પછી સાથે રાખતા નહોતા. ૧૯૮૪માં લખી લીધેલું. સાતમું લખી લીધું. આહા..! વસ્તુ તો વસ્તુ આ છે, બાપુ! એ કોઈના ઘરની છે? આહા..!

તું પણ આત્મા છો. ઠીક ! તું ગુણ-પર્યાય સહિત છો. દરેક સમયે તું ગુણ, પર્યાય સહિત છો. હવે તારા પર્યાયના કાર્ય માટે પરના સહિતની જરૂર નથી. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ ઉપચારિક કારણ, ખોટું કારણ છે. વ્યવહાર કારણ તે અયથાર્થ

કારણ છે. એની શ્રદ્ધા છોડવી. આહાહા..! આ એક જ સિદ્ધાંત વીતરાગનો. દ્રવ્ય તે ગુણ, પર્યાય સહિત છે. આહાહા..! ક્યે સમયે તે ગુણ-પર્યાય વિનાનો હોય? આહાહા..! કે જે પર્યાય પરને કારણે થાય? એ કાર્ય ને ગુણ, કાર્ય સહિત તો છે. ગુણ કારણ છે, પર્યાય કાર્ય છે. એના કારણ-કાર્ય સહિત તો એ દ્રવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહા...! આવું છે, ભાઈ !

**શ્રોતા :-** મિથ્યાત્વના ટુકડા કરી નાખવાની વાત છે.

ઉત્તર :- વાત એવી છે, ભાઈ ! વાત તો એવી છે. આહા..!

'**ગુણ તો દ્રવ્યમેં સહભાવી હૈં,...**' એ નથી. '**પર્યાય ક્રમવર્તી કહા જાતા હૈ. અબ ઈસકા વિસ્તાર કહતે હૈં. જીવ દ્રવ્ય કે જ્ઞાન આદિ અર્થાત્ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય...**' અનંત ગુણ એક સમયમાં છે. જીવદ્રવ્યમાં એક સમયમાં અનંતા ગુણ છે. છે ને ? '**ઔર પુદ્‌ગલદ્રવ્યકે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ઈત્યાદિ અનંતગુણ હૈં,...**' આહાહા..! '**સો યે ગુણ તો દ્રવ્યમેં સહભાવી હૈં,...**' એ એણે વ્યાખ્યા કરી નાખી. પણ એ ગુણ ગુણમાં સહભાવી છે. ટીકામાં આ શબ્દ નથી. નથી. ન્યાય મળવો જોઈએ ને પાછો. પરમાણુમાં દ્રવ્યમાં '**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ઈત્યાદિ અનંતગુણ હૈં,...**' ગુણ તો છે. '**અન્વયી હૈં, સદા નિત્ય હૈં, કભી દ્રવ્યસે તન્મયપના નહીં છોડતે.**' એ અપેક્ષાએ અર્થ કર્યો છે. દ્રવ્યથી ગુણ જુદા પડતા નથી, એટલું. સહભાવીનો અર્થ ગુણ ગુણની સાથે છે.

'**તથા પર્યાયકે દો ભેદ હૈં એક તો સ્વભાવ, દૂસરી વિભાવ.**' આહાહા..! '**જીવકે સિદ્ધત્વાદિ સ્વભાવ-પર્યાય હૈં,...**' લ્યો. સિદ્ધ આદિ છે ઈ સ્વભાવ પર્યાય છે '**ઔર કેવલજ્ઞાનાદિ સ્વભાવ-ગુણ હૈં.**' એને ગુણ ગણ્યો છે, અપેક્ષાએ. કેવળજ્ઞાનને, હોં! અને અંતરના ગુણો છે એ સ્વભાવ ગુણ છે, ત્રિકાળ છે. '**અન્ય દ્રવ્યમેં નહીં પાયે જાતે.**'

'**અસ્તિત્વ,...**' હોવાપણું '**વસ્તુત્વ, દ્રવ્યત્વ, અગુરુલઘુત્વ, યે સ્વભાવગુણ સબ દ્રવ્યોંમેં પાયે જાતે હૈં.**' બધા દ્રવ્યમાં આ ગુણો છે. આહાહા..! '**અગુરુલઘુ ગુણકા પરિણમન ષટ્‌ગુણી હાનિ-વૃદ્ધિરૂપ હૈ.**' પર્યાય લેવી છે ને. '**યહ સ્વભાવપર્યાય સભી દ્રવ્યોંમેં હૈં,...**' લ્યો, સૂક્ષ્મ આવ્યું ઈ. છએ દ્રવ્યમાં અગુરુલઘુની ષટ્‌ગુણ હાનિ-વૃદ્ધિની પર્યાય (થાય છે). અગુરુલઘુ એક પ્રતિજીવી ગુણ છે. એક અગુરુલઘુ અનુજીવી ગુણ છે. અને એ એ ગુરુલઘુની પર્યાયમાં ષટ્‌ગુણની હાનિવૃદ્ધિપણું (થાય છે), એવું દરેક ગુણની પર્યાયમાં ષટ્‌ગુણની હાનિવૃદ્ધિપણું છે. 'સર્વવિશુદ્ધ' તો એ લીધું છે ને? 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં. અગુરુલઘુગુણને લઈને ઉત્પાદ-વ્યય છે. એટલે ત્યાં (લીધું છે), બસ. ષટ્‌ગુણ હાનિ... સર્વવિશુદ્ધમાં આવ્યું છે. એને કારણે પરિણમન છે. આવે છે. છે, એ બધું આવી ગયું છે. અગુરુલઘુને કારણે પર્યાય છે. બસ, એટલું ત્યાં છે.

'**યહ સ્વભાવપર્યાય સભી દ્રવ્યોંમેં હૈ, કોઈ દ્રવ્ય ષટ્‌ગુણી હાનિ-વૃદ્ધિ બિના નહીં હૈ, યહી**

**અર્થપર્યાય કહી જાતી હૈ, વહ શુદ્ધ પર્યાય હૈ. યહ શુદ્ધ પર્યાય સંસારીજીવોંકે સબ અજીવ પદાર્થોંકે તથા સિદ્ધોંકે પાયી જાતી હૈ,...**' અભવી જીવના ગુણની પર્યાયમાં પણ ષટ્ગુણી શુદ્ધ છે. મિથ્યાદર્શનની પર્યાયમાં ષટ્ગુણ હાનિ-વૃદ્ધિ છે ને. ઈ શુદ્ધ છે, એમ કહેવું છે. આગમગમ્ય છે. શું કહ્યું ઈ? મિથ્યાત્વની પર્યાય અને કેવળજ્ઞાનની પર્યાય, દરેક પર્યાયમાં ષટ્ગુણ હાનિ-વૃદ્ધિવાળી શુદ્ધ પર્યાય છે. વસ્તુ એવી છે. ગંભીર.. ગંભીર.. ગંભીર...

'**યહ શુદ્ધ પર્યાય સંસારીજીવોંકે, સબ અજીવ પદાર્થોંકે તથા સિદ્ધોંકે પાયી જાતી હૈ,...**' લ્યો. '**સિદ્ધપર્યાય તથા કેવલજ્ઞાનાદિ ગુણ સિદ્ધોંકે હી પાયા જાતા હૈ, દૂસરોંકે નહીં. સંસારી-જીવોંકે મતિજ્ઞાનાદિ વિભાવગુણ...**' એને ગુણ કહ્યો. છે તો પર્યાય. કેવળજ્ઞાનને ગુણ કહ્યો એમ મતિજ્ઞાનને ગુણ કહ્યો છે. છે ઈ પર્યાય પણ એને ગુણ કહ્યો છે. અવગુણ ટળીને થઈ માટે ગુણ કહ્યો છે. અવગુણની પર્યાય ટળીને થયો માટે ગુણ, છે તો પર્યાય.

**શ્રોતા :–** આ બધાને લાગુ પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધાને લાગુ પડે. આહાહા..!

'**મતિજ્ઞાનાદિ વિભાવગુણ ઔર નર-નારકી આદિ વિભાવપર્યાય યે સંસારી-જીવોંકે પાયી જાતી હૈ. યે તો જીવ-દ્રવ્યકે ગુણ-પર્યાય કહે ઔર પુદ્ગલકે પરમાણુરૂપ જો દ્રવ્ય તથા વર્ણ આદિ સ્વભાવગુણ..**' અહીંયા હવે પર્યાયની વાત છે. '**એક વર્ણસે દૂસરે વર્ણરૂપ હોના,...**' એ પર્યાય. સ્વભાવિક પર્યાય, હોં! વિભાવ શબ્દ છે એ ખોટો છે. વિભાવ શબ્દ પડ્યો છે એ ખોટો છે. '**એક વર્ણ દૂસરે વર્ણરૂપ હોના સ્વભાવગુણપર્યાય છે.**' આહાહા..! એ વ્યંજન પણ ખોટું છે. સ્વભાવગુણપર્યાય જોઈએ, બસ એટલું. વ્યંજન છે એનું કામ નથી. ગુણ-પર્યાયની વાત છે ને અહીં. આ દ્રવ્ય-પર્યાયની વ્યાખ્યા નથી. દ્રવ્ય-પર્યાયની વ્યાખ્યા હોય તો વ્યંજન કહેવાય. આ તો ગુણ-પર્યાયની (વ્યાખ્યા છે). ઈ તે દિ' વ્યાખ્યા થઈ છે. તે દિ' આ બધું કહેવાઈ ગયું છે. 'પરમાત્મપ્રકાશ' વંચાઈ ગયું. કહ્યું છે ત્યાં.

'**એક પરમાણુમેં દો તીન ઈત્યાદિ અનેક પરમાણુ મિલકર સ્કંધરૂપ હોના, યે વિભાવદ્રવ્ય વ્યંજન-પર્યાય હૈ.**' એ બરાબર છે. જાજા રજકણ ભેગા થઈને જે વિભાવપર્યાય થાય એને વિભાવદ્રવ્ય વ્યંજનપર્યાય કહે છે. આહા..! એ પણ ગુણ-પર્યાય સહિત જ દ્રવ્ય હોય છે, વિભાવ વખતે પણ. આહાહા..! સમજાણું કાંઈ ? વિભાવ વખતે બીજી ચીજનો આશ્રય તે વિભાવ એ અહીં લેવું નથી. એ વિભાવપર્યાય કાળે એ પર્યાય અને ગુણ સહિત જ પરમાણુ છે. આહાહા..! તે તે કાળે અનંત રજકણનો સ્કંધ એવી વિભાવિક દ્રવ્યની પર્યાય સહિત જ દ્રવ્ય છે. પરને કારણે નહિ. સમજાણું કાંઈ ? ઝીણી ગંભીર વાત છે, ભાઈ ! વીતરાગદર્શન...

'**દ્વયણુકાદિ સ્કંધમેં જો વર્ણ આદિ હૈ, વે વિભાવગુણ કહે જાતે હૈં,...**' સ્કંધ છે ને ભેગો એટલે વિભાવ. '**વર્ણસે વર્ણાન્તર હોના, રસસે રસાન્તર હોના, ગંધસે અન્ય ગંધ હોના, યહ**

**વિભાવ-પર્યાય હૈ.'** સ્કંધમાં, હોં! સ્કંધમાં. આહા..! **'પરમાણુ શુદ્ધ દ્રવ્યમેં એક વર્ણ, એક રસ, એક ગન્ધ ઔર શીત ઉષ્ણમેંસે એક તથા રૂખે-ચિકનેમેંસે એક, ઐસે દો સ્પર્શ, ઈસ તરહ પાંચ ગુણ તો મુખ્ય હૈં, ઈનકો આદિસે અસ્તિત્વાદિ અનંત ગુણ હૈં, વે સ્વભાવ-ગુણ કહે જાતે હૈં,...'** લ્યો. એક પરમાણુમાં અસ્તિત્વ આદિ અનંત સ્વભાવ ગુણ કહેવામાં આવે છે. **'ઔર પરમાણુકા જો આકાર વહ સ્વભાવદ્રવ્ય વ્યંજન-પર્યાય હૈ.'** વિસ્તાર ઘણો લીધો છે. ઓલા ગુણ કીધા.

એક પરમાણુ વર્ણ આદિથી રસાંતર થાય એ તો ગુણ-પર્યાયમાં આવ્યું. સમજાણું ? પણ સ્કંધમાં થાય તો એ વિભાવપર્યાયમાં આવ્યું. અને એક પરમાણુમાં આકાર એ સ્વભાવદ્રવ્ય વ્યંજન પર્યાય છે. સ્વભાવદ્રવ્ય વ્યંજનપર્યાય. એકલો છે ને ? **'વર્ણાદિ ગુણરૂપ પરિણમન સ્વભાવગુણ...'** પર્યાય એટલું લેવું. વર્ણાદિ ગુણરૂપ પરિણમન એ સ્વભાવગુણપર્યાય એમ લેવું. વ્યંજન ન લેવું. વર્ણાદિ ગુણરૂપ પરિણમન. બસ, અહીં તો ગુણનું પરિણમન. સ્વભાવગુણ. ગુણનું લેવું છે ને. દ્રવ્ય નથી લેવું. દ્રવ્ય હોય તો વ્યંજન આવે. સમજાણું કાંઈ? એ તે દિ' વાંચ્યું ત્યારે બધું કહ્યું હતું. ચિહ્ન કરાવ્યા હતા. શું કીધું ઈ ?

એક પરમાણુના રંગ, ગંધ, રસગુણનું પરિણમન એ સ્વભાવગુણ પર્યાય છે. એકલો છે ને. જાજા ભેગા થઈને થાય તો વિભાવગુણપર્યાય. આહા..! કેટલું યાદ રાખવું? આ તો સાધારણ... ચૌદ પૂર્વ યાદ રાખે છે ને. આહાહા..! બાર અંગ એક ક્ષણમાં રચે એવી તાકાત જીવની. ગણધરનો જીવ ભગવાનની વાણી સાંભળી પછી (રચે). આહા..! મુનિ પહેલા થઈ જાય, હોં! પછી વાણી નીકળે. પછી શાસ્ત્ર રચે. બાર અંગ, ચૌદ પૂર્વ. એમાં શું? બાર અંગમાં પણ સ્થૂળ કથન છે. સૂક્ષ્મ કથન તો અંદર ગંભીર રહી ગયું છે. આહાહા..! એથી કહ્યું છે એનાથી કંઈક વિપરીત છે એમ નહિ. કહ્યું છે તેમાં સૂક્ષ્મતા અનંતી છે. એમ છે. સમજાણું કાંઈ? એટલે કાંઈક બીજી રીતે હશે વળી, એમ નહિ. સૂક્ષ્મપણું એમાં અનંતુ છે. આહાહા..! સ્થૂળપણે કહ્યું માટે કોઈ બીજી ચીજ વિપરીત છે, એમ નહિ. કહેલું સ્થૂળ છે એટલે એમાં રહેલું સત્યની સૂક્ષ્મતા અપાર રહી છે, એમ કહે છે. આહાહા..! એક એક વાક્યો વીતરાગના ગંભીર છે.

**'જીવ ઔર પુદ્‌ગલ ઈન દોનોંમેં તો સ્વભાવ ઔર વિભાવ દોનોં હૈં,...'** બે છે ને એમાં ? **'તથા ધર્મ, અધર્મ, આકાશ, કાલ, ઈન ચારોંમેં અસ્તિત્વાદિ સ્વભાવ-ગુણ હી હૈં, ઔર અર્થપર્યાય ષટ્‌ગુણી હાનિ-વૃદ્ધિરૂપ સ્વભાવ-પર્યાય સભીકે હૈં.'** એમાં વિભાવ નથી, એમ કહેવું છે. ચાર દ્રવ્યમાં વિભાવ નથી. ધર્માદિ ચાર, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ (ઈન) **'ચાર પદાર્થોંકે વિભાવગુણ-પર્યાય નહીં હૈં. '** આહાહા..! બહુ સારું સ્પષ્ટ કર્યું છે. દ્રવ્ય, ગુણ અને પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય ને તો એને કારણ-કાર્યના ઝઘડા ઉડી જાય. સમજાણું કાંઈ ? તે તે સમયે ગુણ, પર્યાય સહિતનું દ્રવ્ય (છે). ભલે વિભાવપર્યાય સહિત (હોય). ગુણ સ્વભાવ અને પર્યાય વિભાવ, એ સહિતનું દ્રવ્ય તે તે કાળે તે પોતાથી જ છે. આહા..! સમજાણું કાંઈ? એ ગુણ અને પર્યાય સહિત જ દ્રવ્ય પોતાથી જ સમયે સમયે છે. વિભાવ વખતે પણ પોતાથી જ છે. આહાહા..!

**'આકાશકે ઘટાકાશ મઠાકાશ ઈત્યાદિકો જો કહાવત હૈ,...'** એ તો ઉપચાર છે. આકાશ તો આકાશ છે. એમાં ઘટાકાશ (એટલે) ઘટ જેટલો રહે એ ઘટાકાશ. પણ એથી કરીને આકાશ ઘટાકાશ કાંઈ જુદો નથી પડી ગયો. એ ઉપચારમાત્ર છે, એમ કહેવું છે. આકાશમાં આ ઘટાકાશ, આ પટાકાશ એવું જે કહેવું એ ઉપચારમાત્ર છે. આકાશ તો આકાશ જ છે. એને પરને લઈને ઉપાધિ થઈ ઘટાકાશ અને મઠાકાશ એમ નથી, એમ કહેવું છે. એને લઈને વિભાવ થયો એમ નથી, એમ કહેવું છે. આહાહા..!

**'યે ષટ્દ્રવ્યોંકે ગુણ-પર્યાય કહે ગયે હૈં.'** લ્યો. **'ઈન ષટ્દ્રવ્યોમેં જો શુદ્ધ ગુણ શુદ્ધ પર્યાય સહિત જો શુદ્ધ જીવ દ્રવ્ય...'** શુદ્ધ ગુણ અને શુદ્ધ પર્યાય સહિત જે શુદ્ધ જીવદ્રવ્ય **'વહી ઉપાદેય હૈ.'** સરવાળો આ છે. ભગવાન શુદ્ધ ગુણ, દ્રવ્ય શુદ્ધ, પર્યાય શુદ્ધ. પરિણતિને કાળે તે ઉપાદેય છે. ઉપાદેય થવાને કાળે તે ઉપાદેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ, પર્યાય શુદ્ધ એવું જેને દૃષ્ટિમાં પરિણમન થયું એને એ ઉપાદેય છે.

**શ્રોતા :-** શુદ્ધ પર્યાય સહિત ઉપાદેય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પર્યાય છે ને ઈ. નિર્મળ પર્યાય. અંદરમાં થાય છે ને. શુદ્ધ પર્યાયમાં દ્રવ્ય-ગુણની શુદ્ધતા ઉપાદેય થાય છે ને. આહા..હા..! શું કહ્યું ઈ? શુદ્ધ પર્યાય જે નિર્મળ છે એમાં એ દ્રવ્ય, ગુણ અને શુદ્ધ પર્યાય ઉપાદેયરૂપે પરિણમે છે. શુદ્ધ પર્યાય પણ ઉપાદેય તરીકે શુદ્ધ પરિણમનમાં થાય છે. અભેદ તરીકે. આહાહા..! આવી વ્યાખ્યા. બહારના કડાકૂટામાં પડ્યા એને આ સૂઝ ન આવે. દૃષ્ટિમાં ગોટો ઉઠે પછી.

**'આરાધને યોગ્ય હૈ.'** લ્યો. શુદ્ધ દ્રવ્ય, ગુણ અને પર્યાય સેવવા યોગ્ય છે. આહાહા..! સેવન તો પર્યાયમાં થાય છે, પણ પર્યાયનું ધ્યેય દ્રવ્ય, ગુણ છે એથી એને આરાધ્યું એમ કહેવામાં આવે છે. આહાહા..!

**શ્રોતા :-** આ જે શુદ્ધ પર્યાય લીધી છે એ પ્રગટવાળી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિર્મળ. નિર્મળ પ્રગટ. એ પોતે પ્રગટ છે ત્યારે શુદ્ધ પર્યાય ઉપાદેય થાય છે ને. શું કીધું ઈ ? નિર્મળ પર્યાય ઉપાદેયપણે પરિણમે ત્યારે એને શુદ્ધ કહેવાય છે ને. આહાહા..! દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે એનો આશ્રય લઈને જે પરિણતિ થઈ ત્યારે તેને શુદ્ધ પર્યાય દ્રવ્ય-ગુણ ઉપાદેય કહેવામાં આવ્યા. આહાહા..! આવો માર્ગ. આમાં વાદવિવાદે ચડાવી નાખીને... અરે..! લોકોને બિચારાને માંડ બહાર આવ્યું ત્યાં ઝઘડા ઉભા કર્યા.

પ૭મી ગાથામાં દ્રવ્ય, ગુણ, પર્યાયની વ્યાખ્યા આવી. આહા..હા..! દ્રવ્ય એને કહીએ કે ગુણ, પર્યાય સહિત હોય. આહાહા..! હવે, કેટલાક પર્યાયો મતિજ્ઞાનાદિ વિભાવગુણ હોય, કેવળજ્ઞાન આદિ... ગુણ કહ્યું પણ પર્યાય (છે), સ્વભાવપર્યાય હોય, અને પરમાણુ દ્રવ્ય, ગુણ, પર્યાય શુદ્ધ હોય. એની વ્યંજનપર્યાય શુદ્ધ છે, અર્થપર્યાય અગુરુલઘુ શુદ્ધ છે. બે પરમાણુથી માંડીને સ્કંધમાં તેની વિભાવિક વ્યંજનપર્યાય અશુદ્ધ છે. એમાં ષટ્ગુણ હાનિ-વૃદ્ધિ પર્યાય તે

શુદ્ધ છે. એમ અભવિ આદિ જીવમાં ગુણો તે શુદ્ધ છે, પર્યાયો તે અશુદ્ધ વિભાવપણે હોવા છતાં તેની પર્યાયમાં અગુરુલઘુની શુદ્ધતા અનંતી છે. આહાહા..! સમજાણું કાંઈ ? વિભાવપર્યાય ભલે હોય, પણ એમાં ષટ્ગુણ હાનિ-વૃદ્ધિની પર્યાયો (શુદ્ધ છે). ગજબ છે ! એ અર્થપર્યાય તો શુદ્ધ જ છે. **'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ, ભાખ્યો શ્રી સીમંધરનાથ.'** આહાહા..!

**'આગે જીવકે વિશેષપનેકર દ્રવ્ય-ગુણપર્યાયેં કહતે હૈં :'** ૫૮.

**૫૮ ) अप्पा बुज्झहि दव्वु तुहुँ गुण पुणु दंसणु णाणु।**
**पज्जय चउ-गइ भाव तणु कम्म-विणिम्मिय जाणु।।५८।।**

**અન્વયાર્થ :- 'હે શિષ્ય, તૂ આત્માકો તો દ્રવ્ય જાન,..'** વળી એક કોર એમ કહે કે વાણીથી પણ આત્મા જણાય નહિ. એ પહેલા આવી ગયું છે. દિવ્યધ્વનિથી અને મહામુનિના ઉપદેશથી પણ એ વાણીથી જીવ ન જણાય. અહીં કહે છે, હે જીવ જાણ, એમ કહે છે. જે અપેક્ષાએ વાત (હોય તે અપેક્ષા સમજવી જોઈએ). ત્યાં પહેલું કીધું, વેદ અને મૌની. બે આવ્યું હતું ને ? વેદ એટલે દિવ્યધ્વનિ. મુનિ-ઉત્કૃષ્ટ મુનિની વાણીથી પણ આત્મા ન જણાય. અહીં કહે છે કે, હે શિષ્ય ! હું કહું છું એ જાણ. સમજાણું કાંઈ? પરલક્ષી જ્ઞાનમાં એ જાણવાની વાત કરે છે. સ્વલક્ષી જ્ઞાનમાં તો આનાથી જ્ઞાન થાય નહિ. આહાહા..! એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

卐

**હે જીવ! તું અવ્યક્ત છો તેને તું જાણ. જાણનારી પર્યાય કોને જાણે?- કે અવ્યક્તને જાણે. આચાર્યદેવને કરુણાનો વિકલ્પ આવ્યો છે તેથી આ શુદ્ધાત્માનો ઉપદેશ કર્યો છે. શુદ્ધ ચૈતન્યઘન છે ત્યાં દૃષ્ટિ કરવાથી વર્તમાન પર્યાયમાં શુદ્ધ આનંદકંદનો ભાવ પ્રગટ થાય છે. અહીં એ જ કહે છે કે પોતાના જીવ અપેક્ષાએ છ દ્રવ્યસ્વરૂપ લોક આ જીવ નથી તેથી અજીવ છે. છ દ્રવ્યસ્વરૂપ લોક કહીને છ દ્રવ્ય સિદ્ધ કર્યા ને પછી કહ્યું કે તે લોક જ્ઞેય છે એમ હે જીવ તું જાણ! છ દ્રવ્યસ્વરૂપ લોક તે વ્યક્ત છે, પ્રગટ છે, બાહ્ય છે અને અંતરમાં અવ્યક્ત સૂક્ષ્મ છે એ જીવને તું જાણ!-એમ કહે છે.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૮૮૭)**

## શ્રી સમયસાર કળશટીકા, કળશ-૨
## પ્રવચન નં.૪, તા.૨-૯-૧૯૬૭
## (૧૪)

(સમયસાર કળશ) ચાલે છે. બીજો કળશ. વાણીની વ્યાખ્યા ચાલે છે. સર્વજ્ઞ ભગવાનની વાણી, એને નમસ્કાર કરે છે. એ વાણી કેવી છે એનું સ્વરૂપ વર્ણવે છે. પહેલાં ગુરુને નમસ્કાર કર્યો. પોતે જ પોતાનો ગુરુ. શુદ્ધપણે આત્મા પર્યાયમાં અનુભવમાં આવ્યો. વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય આનંદ જ્ઞાયક એ પર્યાયમાં શુદ્ધપણે અનુભવમાં આવ્યો તે શુદ્ધ આત્મા, તેને દેવ તરીકે નમસ્કાર કર્યો છે. ... અહીં વાણીને નમસ્કાર (કર્યા છે).

વાણી કેવી છે ? '**प्रत्यगात्मनस्तत्त्वं पश्यन्ती**' એ વાણી કેવી છે ?-કે '**प्रत्यगात्मनस्तत्त्वं पश्यन्ती**' જુઓ ! એ ટીકા એની. '**प्रत्यगात्मनस्तत्त्वं**' એમાંથી '**प्रत्यगात्मनः**' પહેલો અર્થ થાય છે. '**प्रत्यगात्मनः**' એટલે '**સર્વજ્ઞ વીતરાગ,...**' એ '**प्रत्यक्**' છે. '**प्रत्यक्**' ભિન્ન. સર્વજ્ઞ વીતરાગ કેવા છે ? '**प्रत्यक्**' એમ કર્યું ને ? ગ નો ક થયો. ''**प्रत्यक्**' એટલે ભિન્ન. '**प्रत्यक्**' '**અર્થાત્ ભિન્ન; ભિન્ન અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત,...**' કેવા છે સર્વજ્ઞદેવ ? સર્વજ્ઞદેવ પરમાત્મા એ દ્રવ્યકર્મ-જડ, ભાવકર્મ-પુણ્ય-પાપનો રાગ, નોકર્મ-શરીરાદિ એનાથી રહિત (છે). એ '**प्रत्यक्**'નો અર્થ છે. '**प्रत्यक्**' એટલે ભિન્ન. એ '**प्रत्यक्**'નો અર્થ થયો. સર્વજ્ઞ વીતરાગ '**प्रत्यक्**' આત્મા છે. '**प्रत्यक्**' એટલે કે રાગ, કર્મ અને નોકર્મથી ભિન્ન ભગવાન આત્મા છે એને અહીંયાં '**प्रत्यक्**' આત્મા કહેવામાં આવ્યો છે.

આત્મા એટલે જીવદ્રવ્ય. જે ભિન્ન છે '**એવો છે (-જીવદ્રવ્ય) જેનો તે કહેવાય છે...**' જેનો એટલે કે રાગરહિત આદિ જે આત્મા તેનાથી .. '**प्रत्यक्**' આત્મા કહેવાય છે. આ તો ... એવી ટીકા છે. ગૃહસ્થે ટીકા કરેલી છે, શેઠ ! 'રાજમલ' ટીકા (કરનાર છે). ગૃહસ્થાશ્રમમાં. આત્મા છે ને ! બાયડી, છોકરા, કુટુંબ બધું હતું અને આવી ટીકા અલૌકિક કરી. સામાન્યને હજી અર્થ સમજવો કઠણ એવી તો ટીકા કરી છે. આત્મામાં તાકાત છે કે નહિ ?

કહે છે, '**જેનો તે કહેવાય છે...**' '**प्रत्यगात्मा**' જેનો એટલે જેનો આત્મા રાગથી, કર્મથી, નોકર્મથી ભિન્ન છે .. આત્મા જીવદ્રવ્ય કહેવામાં આવે છે. .... એનું સ્વરૂપ-એવા સર્વજ્ઞ વીતરાગનું તત્ત્વ, સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા વિકારથી, કર્મથી, શરીરથી ભિન્ન પડેલો ... એવો જે આત્મા, તેનું સ્વરૂપ. તત્ત્વ એટલે એનું સ્વરૂપ. '**તેની...**' '**पश्यन्ती**'. તેના સ્વરૂપને દેખે છે એટલે કે તેના સ્વરૂપના '**અનુભવનશીલ છે,...**' જેવું સર્વજ્ઞનું સ્વરૂપ છે તેને અનુસરીને વાણીનું થવું

એવો વાણીનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ ? '**તેની...**' '**पश्यन्ती**' એ સ્વરૂપને '**અનુભવનશીલ છે,...**' એવી જે વાણી. વાણીની વ્યાખ્યા કરી. 'જયચંદ્ર પંડિતે' આમ ત્રણ અર્થ કર્યા છે. એમાં આ પણ એક આવ્યો છે, ભાઈ ! વાણી પણ આવી છે. 'જયચંદ્ર પંડિતે' એનો અર્થ એ કર્યો કે સર્વજ્ઞ સ્વરૂપ જે આત્માનું જ્ઞાનસ્વરૂપ પૂર્ણ સ્વરૂપ, એને સર્વજ્ઞપણે સર્વજ્ઞ દશા જાણે છે, સર્વજ્ઞ પર્યાય જાણે છે, એને શ્રુતજ્ઞાન જાણે છે, એને વાણી કહે છે. સમજાય છે કાંઈ ? આ જ આત્માનું સ્વરૂપ કર્મથી, શરીરથી, વિકારથી ભિન્ન વર્તમાનપણે છે અને એનો-આત્માનો સ્વભાવ પણ સર્વજ્ઞ સ્વભાવ જ છે. સમજાય છે કાંઈ ? અત્યારે. એ સર્વજ્ઞ સ્વભાવ, એવો જે આત્મા, તેને ...

આત્માનું જે તત્ત્વ છે, એ વસ્તુ છે, એના અનંત ગુણ છે, એની પર્યાય છે. એવી જે કર્મ, શરીરથી રહિત ભિન્ન છે એને કેવળજ્ઞાનની પર્યાય દેખે છે. એટલે જ્ઞાનનો પર્યાય દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેને દેખે છે. સમજાણું કાંઈ ? '...ભાઈ' ! કેવળજ્ઞાનની પર્યાય, એ વસ્તુ છે આમ અનંત ગુણનો પિંડ દ્રવ્ય, એની પર્યાય સર્વજ્ઞપણે પ્રગટ થઈ. સર્વજ્ઞપણે પ્રગટ થઈ છે તે પર્યાય, તેના દ્રવ્ય, ગુણ, પર્યાયને દેખે છે. સમજાણું કાંઈ ? સમજાય છે ? 'શોભાલાલજી' !

**શ્રોતા :-** અપને દ્રવ્ય, ગુણ, પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તેને કેવળજ્ઞાન પર્યાય દેખે છે. અને શ્રુતજ્ઞાન પર્યાય, જે ભાવશ્રુતજ્ઞાન થયું, ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ.. અહીં તો એને ચેતન લીધું છે ને ? ... સ્વભાવ લીધો છે ને ? 'જયચંદ્ર પંડિતે'. અસાધારણ ચૈતન્ય સ્વભાવ. કારણ કે મૂળ તત્ત્વ ઈ છે. એમાં બધું-અનંત ગુણો આવી જાય. ચૈતન્ય સ્વભાવ, જે જ્ઞાનસ્વભાવ એને અનંત ગુણવાળું એવું જે તત્ત્વ-ચૈતન્ય સ્વભાવ, તેને કેવળજ્ઞાનની પર્યાય આમ બધાને જાણે છે-દ્રવ્યને, ગુણને અને પર્યાયને (જાણે છે). પોતાની પર્યાયને પોતે જાણે છે; અને શ્રુતજ્ઞાન જે છે, એ પણ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે. નિર્મળ રાગથી, વિકારથી, પરથી ભિન્ન પડેલું જ્ઞાન, એ જ્ઞાનની દશા પોતાનું જ્ઞાયકતત્ત્વ અથવા દ્રવ્ય, ગુણ અને પર્યાય એવું જે એનું સ્વરૂપ છે, તેને તે શ્રુતજ્ઞાન જાણે છે. સમજાય છે કાંઈ ? નીચલી દશામાં, શ્રુતજ્ઞાન દશામાં. શ્રુતજ્ઞાન એટલે આ વાણી આદિ નહિ.

અંતરમાં જ્ઞાયક ચૈતન્ય ભગવાન એ શુદ્ધ છે, એવું જે અંતર ભાન થયું એ જ્ઞાન-ભાન ભાવશ્રુતજ્ઞાનમાં થયું. એ ભાવશ્રુતજ્ઞાન જે છે એને શાસન-જૈનશાસન કહ્યું છે ને, ભાઈ ! એ ભાવશ્રુતજ્ઞાન પોતે પોતાને દેખે અને જાણે છે. આહા..હા...! અને એમાં જે રહેલું તત્ત્વ એટલે આત્માનું જે તત્ત્વ આ સર્વજ્ઞસ્વરૂપ, પ્રત્યક્ષ ભિન્ન પડીને, એવું પર્યાય સહિત સર્વજ્ઞ સ્વરૂપ, એને '**અનુસારિણી...**' એટલે વાણી એને દેખે છે. એને દેખે છે એટલે ?-કે ભાવશ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન એને દેખે છે એ તો ઠીક, હવે વાણી પણ એને દેખે છે, એટલે શું ? એને દેખે છે એટલે કે અનુભવનશીલ છે. જેવું એનું સર્વજ્ઞનું સ્વરૂપ છે એવું જે વાણીમાં વાણીને ધર્મે સ્વપરપ્રકાશક

સ્વભાવ, એ જેવું છે એને અનુસરીને થવું એવો વાણીનો સ્વભાવ છે. 'સેઠી' ! સમજાણું કાંઈ ? ભારે ટીક પણ !

દેખે છે એની વ્યાખ્યા આ. આખો સર્વજ્ઞપ્રભુ એક સમયમાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ અનંત ધર્મ, ગુણો અને દ્રવ્ય, એને વાણી દેખે છે. એમ જે આચાર્યનો શબ્દ પડ્યો છે એનો અર્થ અહીં એવો કર્યો અને એને લગતો. લગતો સમજાય છે ? મેળવાળો, ફીટ થતો. આમ ભગવાન આત્મા, આ તો અંતર સાંભળવાની દૃષ્ટિમાં પણ જરી ધીરજ હોય તો આ વસ્તુ સમજાય એવી વાત છે. સમજાય છે કાંઈ ? આ તો અંતરની વાત છે. આ કાંઈ કોઈ..

ભગવાન આત્મા પોતાના સ્વભાવથી જ્યાં પૂરી પર્યાય સહિતપણે પ્રગટ થયો, એને કેવળજ્ઞાન જાણે, એને શ્રુતજ્ઞાન જાણે, એને વાણી જાણે. વાણી જાણે એટલે શું ? વાણીનો સ્વભાવ જાણવાનો તો છે નહિ. ત્યારે એ જેવું કેવળજ્ઞાન સ્વરૂપ છે તેને અનુસરીને વાણી પોતાને કારણે પરિણમે એને '**पश्यन्ती**'ના અર્થમાં એને દેખે એટલે જેવું છે તેવું અહીં પરિણમવું એને વાણી દેખે છે એમ કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વાણીનો સ્વભાવ એવો છે. વાણીની જ એવી પર્યાય.. સમજાય છે ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... જડમાં. આ જડની વ્યાખ્યા છે. અનુભવનશીલ છે જડ વાણી. એટલે કે.. આ બીજી જાતની દલાલી છે.

એવો અર્થ છે–આ ભગવાન આત્મા એક તો પ્રતીત કરાવે છે કે આવો આત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાય જે નિર્મળ થાય, સર્વજ્ઞપર્યાય તે જ ... એમ તારો આત્મા પણ આવા દ્રવ્ય, ગુણ અને પર્યાયની શુદ્ધતાથી સર્વજ્ઞ સ્વભાવનો સ્વીકાર કરે ત્યારે તેણે આત્માનું તત્ત્વ માન્યું એમ કહેવામાં આવે. આહા..હા...! અને તે માન્યું અને જાણ્યું એવા કેવળજ્ઞાનથી અને શ્રુતજ્ઞાનથી, હવે વાણીમાં શું ? કે વાણી પણ એને જ દેખે છે. એટલે કે જેવું સર્વજ્ઞ સ્વરૂપ છે એ જ પ્રકારે વાણી આંધળી, જડ, અચેતન હોવા છતાં.. વાણી તો અચેતન છે, જડ છે, પણ એ જડ વાણીનો એવો કોઈ એક સમયનો સ્વભાવ છે કે જેવું એ સર્વજ્ઞ સ્વરૂપ છે તેને અનુસરીને વાણી પોતામાં પરિણમે એવો વાણીનો શીલ સ્વભાવ છે. 'સેઠી' ! આહા..હા...!

કહે છે, ભાઈ ! અહીંયાં જ્યારે આત્મામાં એમ આવે કે મારે બ્રહ્મચર્ય પાળવું છે. સમજાય છે ? તો એની વાણીમાં બ્રહ્મચર્ય પાળવું નથી. એવી વાણી ન આવે. કારણ કે એવો એનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. બ્રહ્મચર્ય મારે પાળવું છે, એવો જે ભાવ, એને અનુસરીને વાણી પણ એવી આવે. વાણીનો એવો શીલ સ્વભાવ છે. હું બ્રહ્મચર્ય પાળવા તૈયાર છું. એ વાણીના રજકણોનો પર્યાય, અહીં જેવો ભાવ છે, એને જ અનુસરીને વાણી પોતાથી પરિણમી રહી છે. સમજાણું કાંઈ ?

હું આત્મા શુદ્ધ જ્ઞાયકમૂર્તિ છું, એમ જે ભાન થયું તો વાણીમાં એમ ન આવે કે હું અશુદ્ધ

અજ્ઞાન આત્મા પર્યાયમાં છું, એમ ન આવે. વાણી જ એવી આવે. વાણીના સ્વભાવે વાણી એવી આવે. શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ આત્મા છું. એ આત્મા તે હું, રાગાદિ છે તે હું છું નહિ. વાણીમાં પણ એમ જ આવે. જુઓ તો ખરા ! વાણીનો એવો સ્વભાવ (છે). લોકોને હજી વાણીમાં જડની પર્યાયમાં શું તાકાત છે, એની ખબર ન મળે. એ જાણે કે તાકાત વિનાની વસ્તુ (છે). જડમાં શું ? જડ આપણે ચલાવીએ તો ચાલે. વાત એની ખોટી છે. એને કારણે ચાલે અને એને કારણે વાણી નીકળે. આત્માને કારણે નહિ, એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ ? આહા..!

અજીવ વાણીમાં ભાવ છે. એ દ્રવ્ય છે કે નહિ ? પરમાણુ દ્રવ્ય છે કે નહિ ? તો એના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ચીકાશ આદિ ગુણ છે કે નહિ ? એ ગુણની પરિણતિ છે તે એનો ભાવ છે. જેમ આત્મામાં ભાવ છે અને પરિણામ છે, એમ પરમાણુના ભાવ પર્યાય, ગુણ ભાવ છે અને એનું પરિણમન તે એનો પરિણામ છે. લોકોએ તત્ત્વ-અજીવતત્ત્વ શું છે એને માન્યું નથી. અજીવતત્ત્વ. એને જીવ-અજીવની શ્રદ્ધા હોવી જોઈએ ને. જીવ જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય છે, એમ ભાન. અને અજીવ સ્વતંત્ર આવી રીતે અજીવતત્ત્વ પરિણમવાને લાયક છે તેમ. નહિતર એ અજીવની પર્યાય મારે કારણે પરિણમી તો અજીવનું સ્વતંત્ર તત્ત્વ છે એવું જ એણે માન્યું નથી. સમજાણું કાંઈ ? એ અજીવને માનતો જ નથી. મારે લઈને વાણી નીકળે અને હું છું માટે વાણીની હયાતીનું પરિણમન થાય. તો એની હયાતનું અસ્તિત્વ જે દ્રવ્ય, ગુણ, પર્યાયનું છે એ તો ત્યાં ઊડાવી દીધું.

અહીં તો ગ્રંથકાર-ટીકાકાર .. વ્યાખ્યા કરી ! 'રાજમલજી'. તેથી 'બનારસીદાસે' કહ્યું, 'પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર નાટક કે મર્મી'. મર્મી છે. ભાષા જુઓ ! આહા..! આવી વ્યાખ્યા..

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જેવું એનું જ્ઞાન છે એને અનુસરીને વાણી વાણીને કારણે હોય, આને કારણે નહિ. અજ્ઞાનીને અજ્ઞાનીને કારણે હોય. એ એને કારણે જડની છે ને. અનુસારિણી હોય ને. માંસ ખાવાનો ભાવ છે તો વાણીમાં પણ એમ આવે કે માંસ ખાવા લાયક છે. એ વાણી આને લઈને પરિણમી નથી, પણ જેવો એનો ભાવ છે એને અનુસરીને વાણીનો એવો સ્વભાવ છે કે એ રીતે પરિણમે છે. આહા..હા...! એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ કે કાંઈ છે નહિ. નિમિત્તનો અર્થ એમ નથી કે આ છે માટે એમ છે. એમ નહિ. એનો અર્થ એ છે કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પૃથક્તા બતાવે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અનેકતા બતાવે છે. એકતા નહિ, અનેકતા બતાવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

ભાઈ ! આ તો તત્ત્વ છે. આ તો અનંત કાળે એણે તત્ત્વને જાણ્યું નથી. આમ તો બધું કરીને મરી ગયો, સૂકાઈ ગયો. સમજાય છે કાંઈ ? પણ વાસ્તવિક આત્મા, વાસ્તવિક અજીવતત્ત્વ અને વાસ્તવિક પુણ્ય અને પાપના પરિણામ શું છે, એની વાસ્તવિક દૃષ્ટિ જ એણે

કદી કરી નથી; અને એ દૃષ્ટિ કર્યા વિના ભ્રાંતિ અને મિથ્યાત્વમાં અનંત વાર મરી ગયો છે. પોતાના ચૈતન્યપ્રાણની સત્તાનો સ્વીકાર ન કર્યો.

એની શક્તિ .. છે, એવી શક્તિ છે એવું જ્ઞાન જાણે કે એનામાં નથી એમ જ્ઞાન જાણે ? એનામાં પરમાણુમાં ભાષામાં સર્વજ્ઞપદ જે છે એને અનુસરીને વાણીનું પોતાનું થવું એવો એનો સ્વભાવ છે, એમ જ્ઞાન જાણે તો જ્ઞાન સાચું કહેવાય કે ભાષા આને કારણે એ પણે પરિણમી છે, તો એ ભાષાના પરિણમનનું સ્વતંત્ર સત્ત્વ છે એ તો એણે કબુલ્યું નહિ. એટલે અજીવને એણે માન્યું નહિ એટલે કે એનું જ્ઞાન જેમ છે તેમ જાણવું જોઈએ, એમ ન માનતા મારે લઈને આ વાણી નીકળી છે, સર્વજ્ઞને લઈને અનુશીલન એટલે એ પ્રકારે પરિણમવું પડ્યું છે (એમ માને છે પણ) એમ નથી. સમજાણું કાંઈ ? આ તો અજબગજબની વાતું છે, ભાઈ ! આહા..હા...!

કહે છે, '**અનુભવનશીલ છે,...**' ભાષા પણ ગજબ કરી છે ને ! અને એનો અર્થ આવશે ક્યાં ? કે વાણી સર્વજ્ઞસ્વરૂપ અનુસારિણી, એનો અર્થ ઈ. ઈ હેઠે આવશે. '**ભાવાર્થ આમ છે–**' જુઓ ! એક તો સર્વજ્ઞ સિદ્ધ કર્યા. એક સયમમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન થાય એવી આત્મામાં તાકાત છે અને એવા આત્માઓ સર્વજ્ઞ થઈ શકયા છે. અને તે સર્વજ્ઞ થયા અને વાણીમાં એ શું છે એ ન આવે તો બીજાને સમજવામાં શું આવે ? એમણે ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા અને આત્માનો પૂર્ણ આનંદનો અનુભવ થયો, એવું જે છે, એ વાણીમાં જ ન આવે તો બીજાને સમજાવશે શી રીતે ? જ્ઞાન તો બહાર આવતું નથી. એ જ્ઞાનનો પર્યાય બહાર તો આવતો નથી. એથી કોઈ એમ કહે કે જ્યાં સર્વજ્ઞ દશા પૂરી થઈ ગઈ એટલે એ મુક્ત થઈ ગયા, એ વાત ખોટી છે એમ અહીં સિદ્ધ કરે છે. ભાઈ ! એમ કે પૂર્ણ થઈ ગયા પછી વાણી કેવી ? એમ નથી. એમ અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ? 'હિંમતભાઈ' !

(સંવત) ૧૯૮૬માં એક ફેરી કહ્યું હતું. 'આણંદજી કુંવરજી' ત્યાં આવ્યા હતા ને ? 'વડવા'માં. 'વડવા.. વડવા' છે ને ? .. ગયેલા. ૧૯૮૬ની સાલ છે. આ વાણી એમ છે કે સર્વજ્ઞે જોયું એવું જો વાણીમાં ન આવે તો એણે શું જોયું ? બીજાને નિમિત્તપણે શું લાભ થાય ? માટે સર્વજ્ઞ પરમાત્મા થયા અને કોઈ એમ કહે કે એને ત્યાં ને ત્યાં પૂર્ણ થઈ ગયું. મુક્ત થઈ જાય. એમ ન હોય. અરિહંતપદને સિદ્ધ કરવું હતું, ભાઈ ! સમજાણું ? 'વડવા'માં વાત થઈ હતી. 'આણંદજી..' કેવા ? 'કુંવરજી આણંદજી'. એ 'ભાવનગર'ના અગ્રેસર મુખ્ય (હતા). પાઘડી બાંધતા મોટી. નામ મોટું સાંભળ્યું ને એટલે ગામમાં ન આવી શક્યા, 'વડવા' આવેલા.

વાણી, સર્વજ્ઞ છે જેણે બધું જાણ્યું, બધું અનુભવ્યું, બધું જાણ્યું, એવી ચીજ શું છે, એવી જો એને સ્વતંત્ર વાણી ન હોય તો જગતને જાણવાનું નિમિત્ત તો કાંઈ રહ્યું નહિ. સમજાય છે ? માટે એને વાણી વાણીપણે હોય છે. સમજાય છે ? પણ એ વાણી સર્વજ્ઞને કારણે નહિ પણ વાણી વાણીને કારણે હોય છે. સમજાણું કાંઈ ? આહા..હા...! અને તેથી વાણી સાંભળનારને સર્વજ્ઞપણે શું જાણ્યું, એ વાણીમાં એવો આવવાનો સ્વભાવ છે, તેથી સાંભળનારને તે જાણવાનું

મળે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં શું કામ છે અત્યારે ? આની સાથે શું સંબંધ છે ? ચાલે છે એની સાથે કાંઈ સંબંધ ન મળે. કહો, સમજાય છે કાંઈ ? લક્ષ બીજે છે. કહો, સમજાણું આમાં ? ધોધ ચાલે એમાં ઘા પાડ્યો. લાયકાત નહિ અંદર. ચાલે છે શું વાત અત્યારે એના ઉપર લક્ષ નથી અને એનું બીજે લક્ષ ગયું. સમજાય છે કાંઈ ? કઠણ છે, ભાઈ ! કઠણ છે. શું કહેવાય છે ? કે પાત્ર થવાને લાયક કઠણ છે. એમ કોઈ માની લે કે હું વાતું કરતા શીખ્યો માટે મને આવડે છે, એ વાતમાં માલ કાંઈ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

કહે છે, સર્વજ્ઞ ભગવાન પરમાત્માની વાણીમાં જે વાણી કહે છે.. ઓ..હો..! શબ્દ કેવો કહ્યો છે ! '**અનુભવનશીલ...**' શીલ. એ પરમાણુની વાણીનો સ્વભાવ અનુભવ એટલે અનુભવવું એટલે જેવું ત્યાં છે તેવું અહીં થવું. અનુભૂતિ આવે છે ને ? પરમાણુમાં અનુભૂતિ આવે છે ને ! ભાઈ ! પરમાણુમાં અનુભૂતિ, પરમાણુમાં અનુભવે છે. એટલે શું ?-તે તે પર્યાયને પરિણમે છે. એવું આવે છે. બીજી ગાથામાં આવ્યું ને ? બીજી ગાથા. '**जीवो चरित्तदंसण**' જીવોની વ્યાખ્યામાં. આઠ બોલ જીવના આવ્યા છે ને એમાં. પરમાણુઓ પુદ્‌ગલ પણ પોતાને અનુભવે છે. અનુભવે છે એટલે એ પ્રકારે પર્યાયને પરિણમે છે, એનું નામ અનુભૂતિ. પરમાણુને અનુભૂતિ. એને અનુસાર થાય છે.

અહીં કહે છે, ભાઈ ! આ તો અલૌકિક વાતું, બાપા ! આ કાંઈ (કથા વાર્તા નથી). સમજાણું કાંઈ ? પરમેશ્વર... આહા..હા...! એને ઓળખે અને એની વાણીને ઓળખે. એની વાણી એવી હોય છે કે સર્વજ્ઞને જે જાણ્યું છે અને જે એના ભાવમાં છે એ વાણી વાણીને કારણે પરિણમી જાય છે, છતાં વાણીમાં સર્વજ્ઞના ભાવ નથી, હોં ! સર્વજ્ઞના ભાવ નથી, છે પુદ્‌ગલના. એ.. શેઠ ! કહે છે ને, તમારે ત્યાં કહે છે કે મૂર્તિમાં ક્યાં ગુણ છે ? વાણીમાં ગુણ છે. બેય ખોટી વાત છે. એ.. 'શોભાલાલજી'! તમારામાં ત્યાં મોટા ગોટા છે. એ લોકો કહે કે મૂર્તિને ન માનવી. કેમકે એમાં ગુણ ક્યાં છે. વાણીમાં ગુણ છે માટે માનવી. જૂઠો, તદ્દન જૂઠો. સાંભળ ને ! વાણીમાં ગુણ કેવા ? ભગવાનના ગુણ છે વાણીમાં ? એય..! સાંભળ્યું છે કે નહિ તમે ? મોટા શેઠિયા મોઢા આગળ (રહો છો) તો કંઈક ગપ્પા સાંભળ્યા હોય. બધા ઈ કહે છે, વાણી નમસ્કાર કરવા લાયક છે, પુસ્તક નમસ્કાર કરવા લાયક છે. કેમકે વાણીમાં આપણને એને લઈને જ્ઞાન થાય છે અને ભગવાનનું જ્ઞાન એમાં છે. ધૂળેય નથી એમાં. એ.. 'શોભાલાલજી' ! અહીં તો વાત એવી છે, ભાઈ ! કોઈનો કણ ઊલટો રહે એવો નથી.

વાણી જડ અને મૂર્તિ પણ જડ, બેય પૂજ્ય છે. એય..! એમાં એક પૂજ્ય નથી અને આ પૂજ્ય છે એમ માને તે મિથ્યાદષ્ટિ જીવ છે. એને વસ્તુની ખબર નથી. એય..! જે રીતે પૂજ્ય છે એ રીતે. આવશે, હોં ! સમજાણું કાંઈ ? જુઓ તો ખરા ! આ તો સર્વજ્ઞનું સત્ય છે. આ કોઈ

વાડાનું ને પક્ષનું છે નહિ. કહે છે, વાણી પોતે જડના ભાવવાળી છે. એમાં ભગવાનનો એક્કે ગુણ અને એક્કે પર્યાય એમાં આવી નથી. સમજાણું કાંઈ ? શું કહ્યું ?

જિનવાણીમાં જિનના ગુણ અને પર્યાય જરીયે આવ્યા નથી. જે આત્માનો ગુણ અને પર્યાય ભાવ છે, એ વાણીમાં બિલકુલ આવ્યો નથી. કારણ કે જો આવે તો જડ ચેતન થઈ જાય. એ જીવ તો ભલે ત્યાં રહ્યો, પણ થોડોક અહીં ગરી જાય, વાણીમાં થોડાક ગુણ ગરે, એમ નથી. સમજાણું કાંઈ ? વાણી જડપણે વાણી છે. વાણીનું દ્રવ્ય જડ, એનો ગુણ જડ અને એની પર્યાય જડ. પણ કેવી ? પણ જેવું સર્વજ્ઞને જાણ્યું છે એ રીતે સ્વતઃ પોતાને કારણે પરિણમે છે. એના સર્વજ્ઞના ગુણને સ્પર્શ્યા વિના, સર્વજ્ઞના ગુણને અડ્યા વિના, એના ગુણની પર્યાયને અહીં લાવ્યા વિના, આવ્યા વિના. ન્યાં ગુણની પર્યાય અહીં કયાંથી આવતી હતી. આહા..હા..! આવી વાત.

અહીં આચાર્યદેવ કહે છે, '**पश्यन्ती**' એનો અર્થ કરનાર કહે છે કે દેખવું એમ તો લેવું છે કે નહિ ? કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન આમ આત્માને દેખે, એમ વાણી દેખે છે એમ લેવું છે. હવે દેખે છે એટલે શું ? કાંઈ એને જ્ઞાન છે ? સમજાણું કાંઈ ? દેખે છે એટલે કે જેવો સર્વજ્ઞ સ્વભાવ કેવળજ્ઞાનનો છે, એ જ પ્રકારે વાણીને વાણીમાં પોતાને કારણે શીલ નામ તે પણે પરિણમવું. જેવો ભાવ ત્યાં છે એવું જ કથનમાં વાણીમાં પોતાને કારણે પરિણમવું એવો જડનો સ્વતઃ સ્વયંસિદ્ધ સ્વભાવ છે. સમજાણું કાંઈ ? નહિતર ચૈતન્યને લઈને જડ ને એ ચૈતન્યની વાણી છે, એ તો મિથ્યાદષ્ટિ છે. જડ અને ચૈતન્ય બે એક માન્યા. ભગવાનના ગુણ અને પર્યાય વાણીમાં આવ્યા. જીવનો ગુણ ન્યાં ગરી ગયો. સમજાણું કાંઈ ? એમ છે નહિ.

અહીંયાં તો કહે છે, ટીકા કરી છે ને પણ ! 'સેઠી' ! એ પરમાણુ વાણીના જે પરિણમે છે એની પરીક્ષા જોઈએ પાછી. સમજાય છે કાંઈ ? એકવાર એક જણ કહેતા, આ સમયસાર ગુરુવાણી છે. ગુરુવાણી છે. (સંવત) ૧૯૯૯ની સાલમાં ત્રણ શ્વેતાંબર સાધુ આવ્યા. (એ કહે), આ તો ગુરુવાણી છે, જે સર્વજ્ઞની વાણી નહિ. કીધું, બહુ સારી વાત છે. શું નામ છે તમારું ? 'દર્શનવિજય'. અચ્છા. ભવિ-અભવિનો નિર્ણય કર્યો છે ? ભવિ-અભવિ છો કે નહિ ?-ના, ના. ભવિ-અભવિનો નિર્ણય નથી અને તમે વીતરાગની વાણીનો નિર્ણય કરવા નીકળી ગયા. તમારામાં 'દર્શનવિજય' અને 'જ્ઞાનવિજય' ત્રિપુટી છે. એટલે એ જાણે કે આ 'સમયસાર'ની સ્થાપના દેખી ને ? ત્યાં બેઠા હતા. 'રામજીભાઈ' હતા. સ્થાપના છે ને ત્યાં. ... એ વાણી ગુરુની વાણી છે, સર્વજ્ઞની નહિ. અરે..! ભગવાન ! સર્વજ્ઞની વાણી કોને કહેવી અને ગુરુની કોને કહેવી, એનો નિર્ણય (કરવા નીકળ્યા). શું નામ છે તમારું ? 'દર્શનવિજય'! ભવિ છો કે અભવિ એવો નિર્ણય કર્યો છે ? ભવિ-અભવિનો નિર્ણય નથી અને આ સર્વજ્ઞની વાણી અને આ ગુરુની વાણી, (એનો) નિર્ણય કરશે કોણ ?

જેની વાણીમાં ભવના અભાવનું સ્વરૂપ વાણીમાં વાણીને કારણે આવે. જેની વાણીમાં

ભવના અભાવનું સ્વરૂપ આવે, વાણીને કારણે, હોં ! ભગવાનને કારણે નહિ. આહા..હા..! એ વાણી એને અનુસારિણી. શુદ્ધાત્મા ઉપાદેય છે એમ કહે છે ને ? તે જ એનો અર્થ થયો. આત્મા અનુભવપણે વર્તે છે, વાણીમાં એવું જ આવે. પહેલું આપણે આવી ગયું છે, '**जिनवचसी रमन्ते**'. એ હવે આવશે. હિન્દીમાં આવી ગયું છે ને આપણે ? '**जिनवचसी**' જિનવચન એટલે વાણી એટલે વાણીમાં આ કહ્યું. વાણી અનુભવનશીલ સર્વજ્ઞને અનુસરીને પોતાથી પરિણમેલી વાણીમાં એમ આવ્યું છે, એમ આવ્યું છે (કે) આત્મા ચિદાનંદ ભગવાન શુદ્ધ તે આદરણીય છે. એ વાણીએ... વાણીએ... વાણીએ સ્વતંત્ર પરિણમન કર્યું છે, ભગવાનના જ્ઞાનની અસર લીધા વિના. માટે પૂજ્ય છે. સમજાણું કાંઈ ? ભાઈ ! તત્ત્વને માનવું, સમજવું કઠણ છે. લોકો પોતાની મેળાએ કલ્પનાથી માની લે (એવું સહેલું નથી). શ્રદ્ધા-મિથ્યાત્વને ટાળવું અને વિપરીત માન્યતા ટળવી એ મહા દુષ્કર છે, મહા અલૌકિક વાત છે. એમ ને એમ અનાદિ કાળ ગાળ્યા છે. સમજાણું આમાં ?

કહ્યું ને ? અનુભવનશીલ. એટલે કે ત્રણ અક્ષર. અનુ, ભવન અને શીલ-ત્રણ અક્ષર છે. છે ? અનુ, ભવન, શીલ, છે-આ ચાર. એટલે કે સર્વજ્ઞ ભગવાનનું જ્ઞાન જે પરિણમ્યું છે એ અસ્તિ એનામાં છે. વાણી તેનું જેવું સ્વરૂપ છે તેને અનુસરીને ભવવું નામ થવું, એવો જેનો સ્વભાવ, શીલ નામ સ્વભાવ છે, તેને વીતરાગની વાણી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આકરી વાત છે, મિથ્યાત્વને સમજવું. શું કીધું ? '**पश्यन्ती**' ગજબ કર્યો છે ને ! 'રાજમલે' તો ટીકા કરી છે ને !

'જયચંદ્ર પંડિત'માં એમ આવે છે, વાણી એને દેખાડે છે. એનો અર્થ શું ? વાણી કહે છે. એનો અર્થ શું ? જેવું ત્યાં છે એવું અહીં કહે છે. એટલે વાણી એની મેળાએ પરિણમે છે. નામ આપ્યા છે ને ? ભારતી ને એવા ઘણા નામ આપ્યા છે. ભારતી, વાણી, શારદા.. આ..હા..! વાહ ! વાક્‌દેવી. વાક્‌દેવી છે. દિવ્યતા. પરમાણુની પર્યાયની પોતાને કારણે દિવ્યતા છે, હોં ! તેથી દિવ્યધ્વનિ કહેવામાં આવે છે. આ..હા..! એ વીતરાગની વાણીને ઓળખવી એ પણ ખાસ પુરુષાર્થ છે. એની વાણીમાં ભવના છેદની વાણી આવે કેમકે એ ભવનો છેદ કરીને બેઠા છે. વાણી પણ ભવના છેદની-અભાવની આવે. એ વાણીને કારણે વાણી આવે, સર્વજ્ઞને કારણે નહિ. ઓ..હો..હો..! સમજાણું કાંઈ ?

'**ભાવાર્થ આમ છે-કોઈ વિતર્ક કરે કે દિવ્યધ્વનિ તો પુદ્‌ગલાત્મક છે,...**' એ તો પુદ્‌ગલસ્વરૂપ છે, એ તો જડ છે. શેઠ ! શું છે ? '**કોઈ વિતર્ક કરે કે...**' છે ? કયાં આવ્યું ? 'રાજમલજી' ! '**ભાવાર્થ આમ છે-કોઈ વિતર્ક કરે કે...**' વિતર્ક એટલે તર્ક ઊઠાવે. દિવ્યધ્વનિ તો પુદ્‌ગલસ્વરૂપ છે. એ તો જડ છે, વાણી તો જડ છે. વીતરાગની વાણી પણ જડ છે, અચેતન છે, પુદ્‌ગલ છે, મૂર્ત છે. જેમ મૂર્તિ પણ અચેતન છે, પુદ્‌ગલ છે, મૂર્ત છે. એ મૂર્તિ કંઈ ચેતન નથી. એમ વાણી પણ પુદ્‌ગલ છે, જડ છે, અચેતન છે, મૂર્ત છે. અચેતન છે. એટલું ... '**પુદ્‌ગલાત્મક**

**છે, અચેતન છે,...**' વાણી તો અચેતન છે. એમાં ચેતનનો કોઈ ગુણ-પર્યાય નથી. જડ છે. '**અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે.**' એવા અચેતનને નમસ્કાર ? આપે તો અહીં પહેલાં નિષિદ્ધ કર્યો હતો. '**અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા.**' પાંચમી લીટી, બીજે પાને. છે ? બીજે પાને. '**અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા.**' અહીં વળી (આ કહ્યું). શું છે આ ? સાંભળ, ભાઈ ! અહીં વ્યવહાર સિદ્ધ કરવો છે. ભગવાનની વાણી અલૌકિક ! એનું પરિણમન છે વાણીનું વાણીને કારણે, હોં ! ભગવાનની કહેવી એ તો નિમિત્તથી છે. વાણી ભગવાનની હોય નહિ. વાણી જડની પુદ્ગલની છે. અને તે વાણી વાણીને કારણે પ્રમાણિત છે. વાણી ભગવાનને કારણે પ્રમાણિત છે એ તો વ્યવહારથી થયું. વાણી વાણીને કારણે સ્વાશ્રિત પ્રમાણિત છે. ત્યારે (કોઈ) કહે, આમાં જ્ઞાનગુણ નથી. જ્ઞાનગુણનું અહીં ક્યાં કામ છે. વસ્તુ વસ્તુને કારણે પ્રમાણિત છે, પરને કારણે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...!

વાણી-દિવ્યધ્વનિ.. એમ 'ખાણિયા'માં પ્રશ્ન ઊઠ્યો છે, પ્રમાણિત છે કે અપ્રમાણિત છે ? સ્વતઃ પ્રમાણિત છે કે પરથી છે ? અરે..! સ્વતઃ પ્રમાણિત છે. કેવળજ્ઞાનીને લઈને નહિ. ત્યારે તો એમ કહેવાય, પુરુષ પ્રમાણે વચન પ્રમાણ. કહે છે ને લોકો ? એ તો નિમિત્તની વ્યાખ્યા છે. વ્યવહારનું જ્ઞાન કરાવે છે કે કોણ પુરુષ હતો. વાણી વાણીને કારણે સ્વતઃ પ્રમાણ છે. આહા..હા...! જુઓને ! અનુભવશીલ કીધું. પરમાણુનો પર્યાય એનો એવો સ્વભાવ સ્વતઃ પરિણમન એવું છે. પોતાને કારણે, ભગવાનને કારણે નહિ, કેવળીને કારણે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...!

'**અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે.**' આ પ્રશ્ન થયો. આ વાણીને તમે વળી ક્યાં પૂજ્ય ઠરાવી ? એ તો પુદ્ગલ છે, એ તો જડ છે, અચેતન છે. '**તેનું સમાધાન કરવાને માટે આ અર્થ કર્યો કે...**' તેનું સમાધાન કરવાને માટે આ અર્થ કર્યો કે '**વાણી સર્વજ્ઞસ્વરૂપ...**' એટલું જુદું રાખવું. વાણી સર્વજ્ઞસ્વરૂપ... એ '**વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે,..**' વાણી, જેવું સર્વજ્ઞસ્વરૂપ છે એને અનુસરીને પોતામાં થવાનો એનો સ્વતઃ સ્વભાવ છે. આહા...! સમજાણું કાંઈ ? '**વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી...**' કોનો અર્થ કર્યો ઈ ?-અનુભવનશીલ એનો. અનુભવનશીલનો અર્થ કર્યો. અનુભવનશીલ એટલે કે સર્વજ્ઞ સ્વરૂપ, અનુભવનશીલ એટલે અનુસારિણી. '**प्रत्यगात्मनः**' એવા સર્વજ્ઞ. '**पश्यन्ती**' એટલે અનુભવનશીલ. એટલે કે '**प्रत्यगात्मनः**' એટલે સર્વજ્ઞ ભગવાન. '**पश्यन्ती**' એટલે અનુભવનશીલ. એટલે સર્વજ્ઞસ્વરૂપને અનુસારિણી છે. અનુભવનશીલ એટલે એને અનુસારિણી છે.

'**એવું માન્યા વિના પણ ચાલે નહિ.**' આહા..હા...! ભગવાનની વાણી સર્વજ્ઞને અનુસરીને નીકળી છે એમ માન્યા વિના પણ ચાલે નહિ. આહા..! છતાં સર્વજ્ઞે કહેલો દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભાવ પોતાના ગુણનો પર્યાય વાણીમાં જરીયે આવ્યો નથી. કોઈ એમ કહે કે વાણીમાં તો

ભગવાનના ગુણ ભર્યા છે, ભગવાનના જ્ઞાનનો ભંડાર વાણીમાં પડ્યો છે, ખોટી વાત છે. જ્ઞાન ચેતન અને વાણી જડ. એમાં જડમાં ચેતન ક્યાંથી આવે ?

**શ્રોતા :-** અક્ષરદેહ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અક્ષરદેહ એટલે જડ દેહ. 'અમરચંદભાઈ' !

કહે છે કે આમ તો અનુભવનશીલની વ્યાખ્યા અનુસારિણી, બસ. અનુસારિણી, અનુસારિણી. જેવું છે તેવું વાણી વાણીને કારણે નીકળી જાય છે, સ્વતઃ વાણીનો સ્વભાવ છે. સ્વભાવ એવો છે. વાત એ સિદ્ધ કરવી છે. ભગવાનનું જ્ઞાન છે માટે આમ થયું છે એમ નથી. આહા..! સમજાણું કાંઈ ?

'**એવું માન્યા વિના પણ ચાલે નહિ. તેનું વિવરણ-વાણી તો અચેતન છે.**' એ તો અચેતન જ છે. એના દ્રવ્ય-ગુણ-પર્યાય બધા અચેતન છે. વાણીમાં કોઈ ચૈતન્યનો ગુણ છે નહિ, પણ '**તેને સાંભળતાં જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે...**' ભાષા જોઈ પાછી ? એવું કર્યું છે ને ! એ વાણીને સાંભળતાં એને નિમિત્તપણું, જેવો અહીં ક્ષયોપશમ હોય એવું નિમિત્ત થાય. જેવો અહીંયા ક્ષયોપશમ હોય તે પ્રકારે નિમિત્ત તે થાય, તે પ્રકારનું જ્ઞાન એને થાય. પછી વાણીમાં આવેલું તત્ત્વ જે છે, એ એના ખ્યાલમાં આવે કે આ વાણી એમ કહે છે કે શુદ્ધાત્મા ઉપાદેય છે. તો એના ખ્યાલમાં એટલું આવ્યું પોતાની યોગ્યતાને લઈને કે (આમ કહે છે), પણ શુદ્ધ ઉપાદેય થાય ક્યારે ? એ જાણ્યું છે એવું સ્વરૂપનો આશ્રય કરે ત્યારે શુદ્ધ ઉપાદેય થાય. એટલે જે પ્રકારે જાણવું, એમ કીધું છે. '**જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું...**' સીધું તો વાણીમાં જે કહેવામાં આવે છે એ સીધું જ્ઞાન તો ખ્યાલમાં એટલું આવ્યું. પોતાને કારણે, હોં ! એટલું. એ પણ પોતાને કારણે થયું ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે.

હવે '**જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું...**' એક પ્રકાર ઈ. અને બીજું, કે એ વાણીમાં એમ આવ્યું હતું કે શુદ્ધાત્મા-ભગવાન આત્મા અંતર આશ્રય કરવા લાયક છે. એનું જ્ઞાન અહીંયાં આવ્યું તે પ્રકારે, પણ પાછો આમ જ્યાં અંદર ઢળ્યો, ત્યારે એનું જ્ઞાન થયું, ત્યારે વાણી એને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! ભગવાનની વાણી તો આખી નીકળે છે. એકસાથે વાણી ધોધમાર પૂર્ણ (નીકળે છે). સાંભળનારની જેવી ક્ષયોપશમતા (હોય) તે પ્રકારે તેને જ્ઞાનમાં ખ્યાલ આવે. સમજાણું કાંઈ ? કાલે કહ્યું હતું ને ? પ્રદ્યુમનનું નારદ ભગવાનને પૂછવા ગયા. 'સીમંધર' ભગવાન. પ્રદ્યુમન રુકમણીનો દીકરો. .. હતો ને ? વિદ્યાધર લઈ ગઈ હતો. કામદેવ પુરુષ, છેલ્લું શરીર, મોક્ષગામી. એ દેહ છેલ્લો હતો. આમ દેવ (જોવે છે) મહા સુંદર રૂપ ! મોટું મહા સુંદર.. એવું સુંદર કે વિદ્યાધરને કોઈ પૂર્વનું વેર હતું તો લઈ ગયેલા. નાખી દીધો ત્યાં. કોઈ રાજાનો દીકરો એને લઈ ગયો. ઉપાડો. આને ઘરે છોકરો નહિ. રાણીને કહ્યું કે આ છોકરો નથી ને આપણને મળી ગયો. છોકરો મોટો થયો ને એવો રૂપાળો, એવો રૂપાળો.. કામદેવ છે. ... એની માને એની સાથે વિષય લેવાનું મન થઈ ગયું, જેણે સોળ વર્ષ

મોટો કર્યો. એવો સુંદર. એ હાથ આવે નહિ.

નારદ ભગવાનને પૂછવા ગયા. 'સીમંધર' પરમાત્મા પાસે. ભગવાનની વાણી કંઈ જુદી નથી નીકળતી. આને પ્રશ્ન હતો કે પ્રદ્યુમન ક્યારે આવશે ? વાણીમાં તો બધું આખું આવ્યું હતું. એ એમ સમજ્યો કે ભગવાન એમ કહે છે કે સોળ વર્ષે રૂકમણીને ઘરે પ્રદ્યુમન આવશે. એમ નારદ સમજ્યો. એ પોતાના જ્ઞાનથી સમજ્યો છે. વાણીમાં તો બધું એકસાથે આવ્યું. વાણીમાં એમ નહોતું આવ્યું કે પ્રદ્યુમન અહીં આવશે. વાણીમાં તો એકસાથે બાર અંગનું જ્ઞાન આવે છે. સમજાય છે કાંઈ આમાં ? ત્યાં પેલાએ પૂછ્યું નહોતું પણ એને પ્રશ્ન હતો કે પ્રદ્યુમન ખોવાણો છે, ક્યારે આવશે ? કારણ કે વાસુદેવનો પુત્ર. ત્રણ ખંડના રાજા. છેલ્લું શરીર છે જેને. મોક્ષગામી. દેખાવડું એટલું શરીર. મહા ચરમશરીર. એની માને હખ ન આવે. એકવાર નારદ ગયા. ... ભગવાનને પૂછે નહિ, હોં ! પૂછે શું ? એને જે જાતનો ખ્યાલ લાવવો હતો, એ જ્યાં વાણી નીકળી.. ભગવાન કહે છે કે સોળ વર્ષે આવશે. સોળ.. સોળ. એક અને છ. ત્યાં રૂકમણીને કહ્યું, ભગવાને આમ કહ્યું છે કે સોળ વર્ષે આવશે. ભગવાને કાંઈ કહ્યું નહોતું, ભગવાનને તો એકસાથે વાણી બધી હતી; પણ આના ક્ષયોપશમમાં જે જાતનો હતો તેટલો ખ્યાલ આવ્યો, એ પોતાને કારણે આવે છે, વાણીને કારણે (નહિ). વાણીમાં તો બધું એકસાથે આવે છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... બીજું શું ? વાણીમાં એને એવો ભાસ થયો કે આ વાણીમાં આમ આવે છે. એને એટલા ક્ષયોપશમની યોગ્યતા હતી એ આવ્યું. એ પ્રકારનું જ્ઞાન. કીધું ને ? '**જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું...**' તેને તે જ્ઞાન ઊપજ્યું, ભાઈ ! બીજાને અંદરમાં (એમ થાય), ઓ..હો..! ભગવાને આજે ક્ષાયિક સમકિતની વાત કરી. દિવ્યધ્વનિમાં તો ચાલ્યું આવે છે. ગણધર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ..

**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઓલાને, ભગવાન તો પહેલેથી જાણે છે. ભગવાન તો જાણે છે કે આ વખતે આની વાણી નીકળશે. કેવળજ્ઞાનમાં બધું જાણે છે. એને ક્યાં નવું જાણવું છે ? આ વખતે વાણી અહીંથી નીકળશે એ પણ ભગવાનના જ્ઞાનમાં પહેલેથી આવી ગયું છે. વાણી કરતાં નથી, એ કાંઈ બોલતા નથી, અવાજ બોલતા નથી. આ..હા...! એ જ્ઞાનમાં પહેલેથી આવ્યું છે કે વાણી નીકળશે, ત્યાં તે વખતે આ જાણશે. જ્ઞાનમાં પહેલેથી આવ્યું છે. ભગવાનને નવું નથી. સાંભળનારને નવું લાગ્યું. એટલું જ કીધું છે ભગવાને ત્યાં ? બસ, જે પ્રકારે ઊપજે તે પ્રકારે જાણવું. એની જે પ્રકારની યોગ્યતા તે પ્રકારે તેને જાણવામાં આવે, ત્યારે વાણીને નિમિત્ત કહેવામાં આવે છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એના ઘણા પ્રકાર છે. તેથી જે પ્રકારે ઊપજે તે પ્રકારે જાણવું એટલે

ઘણા પ્રકાર છે. જેવી જેની યોગ્યતા એ પ્રમાણે એના ખ્યાલમાં આવ્યું અને તે પ્રકારે તેટલું તેને નિમિત્ત કહેવામાં આવ્યું. ગણધરને અંતર્મુહૂર્તમાં એકદમ બાર અંગ ખીલ્યા. બાર અંગ ચૌદ પૂર્વ.

... માટે અંદરમાં આમ જાય છે ત્યારે એને સમ્યગ્દર્શન થાય છે. ત્યારે એ પણ કહેલો છે તે પ્રકારે થયું એમ કહેવામાં આવે. સમજાણું કાંઈ ? ભારે ટીકા પણ ! 'રાજમલે' કર્યું છે ને ! એ.. 'રાજમલજી' તમારા નામના હતા ઈ.

**'જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન...'** બધું છે ને આમાં તો ? જીવ, અજીવ, ધર્માસ્તિ (આદિ) બધું. એનું સ્વરૂપ જેવું ત્યાં છે એવું વાણીમાં વાણીને કારણે નીકળે છે. વાણીમાં સ્વપર વાર્તા કહેવાની શક્તિ વાણીમાં છે. વાણીનો સ્વભાવ એવો છે કે પોતે કોણ છે અને પર કોણ છે, સર્વજ્ઞ કોણ છે, દ્રવ્ય શું છે, પોતે શું છે, પર શું છે એ સ્વપરને કહેવાની તાકાત વાણીમાં વાણીને કારણે છે, ભગવાનને કારણે નહિ. એય..! આહા..હા...! તેથી, તે **'વાણીનું પૂજ્યપણું પણ છે...'** જોયું ! જેને નિષેધ થયો.. **'વાણીનું પૂજ્યપણું પણ છે.'** સમજાણું કાંઈ ? જેમ ભગવાનની મૂર્તિ પૂજ્ય છે, પૂજવા લાયક છે એમ વાણી પણ પૂજ્ય છે. સમજાણું કાંઈ ? **'વાણીનું પૂજ્યપણું પણ છે...'** અહીં સુધી વાણીને સિદ્ધ કરી. ભગવાન ! અલૌકિક વાત છે. બાપુ! એને પૂરું પહોંચી વળવું એ તો મહા તાકાત જોઈએ છે. પૂરી શક્તિ તો શ્રુતજ્ઞાની પણ પૂરું પાડી શકે નહિ, એવી એ વસ્તુ છે. અલૌકિક વાત એના ચૈતન્યપદાર્થની ! બાપુ ! એની પાત્રતા, એની લાયકાત પણ કેટલી, સજ્જનતા, કેટલી યોગ્યતા એનામાં હોય છે. ત્યારે તે વાણી એને સમજવાને લાયક થાય છે. સમજાણું કાંઈ ?

**'કેવા છે સર્વજ્ઞ વીતરાગ ?'** હવે લીધા સર્વજ્ઞ વીતરાગને. **'અતિ ઘણા છે ગુણો જેમને..'** અનંતની વ્યાખ્યા કરી. અનંત એટલે અંત નથી એટલા. અતિ ઘણા છે ગુણો જેના. કેવા છે સર્વજ્ઞ પરમાત્મા ? જેને આકાશના પ્રદેશના અમાપપણાના જેટલા પ્રદેશો છે.. અમાપ.. અમાપ.. અમાપ.. અમાપ આકાશ ચાલ્યું જ જાય છે આકાશ. ક્યાંય નથી એવું કાંઈ છે જ નહિ. છે.. છે.. છે.. છે.. એમ આકાશ ચાલ્યું જાય છે. એનો એક પોઈંટ પરમાણુનો મૂકે તેટલા ભાગને પ્રદેશ કહે છે, તે પ્રદેશો આમ ને આમ ચાલ્યા જ જાય છે, ક્યાંય અંત નથી. એ પ્રદેશની સંખ્યા કરતાં સર્વજ્ઞ ભગવાનની પર્યાયો અનંતગુણી છે. એના ગુણો અનંતગુણા છે અને એની પર્યાયો અનંતગુણી છે. આહા..! સમજાણું કાંઈ ?

**'અતિ ઘણા છે ગુણો જેમને એવા છે. ભાવાર્થ આમ છે-કોઈ મિથ્યાવાદી કહે છે કે પરમાત્મા નિર્ગુણ છે...'** એને સિદ્ધ કરે છે. ગુણી એવો ભગવાન આત્મા, એમાં ગુણ અને પર્યાય અનંત છે. ગુણ નથી અને એકલો ગુણી જ છે, એમ છે નહિ. કોઈ એમ કહે છે કે પરમાત્મા તો નિર્ગુણ હોય. વળી ગુણ કેવા ? **'ગુણનો વિનાશ થતાં પરમાત્મપણું થાય છે...'** એમ કોઈ કહે છે. અહીં કહે છે કે ગુણનું પ્રગટપણું પૂર્ણ થાય તેને પરમાત્મા કહે છે. આહા..હા...! એ અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવા. એ જાણનારને આત્માનું જ્ઞાન થાય

છે. અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય ! પરમાત્મા સર્વજ્ઞદેવ, એનો પર્યાય કેવડો, કેવડી સર્વજ્ઞ દશા ! એને જે જાણે એ આત્માને જાણ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ ? અને પ્રયોજનભૂત તો આત્મા જાણવો એ છે. બાકી બધી વાતું છે. સમજાણું કાંઈ ?

ભગવાન સ્વરૂપ અંતર્મુખ પરમાત્મા સર્વજ્ઞ પ્રભુ, પોતે હોં ! એને અંતર્મુખમાં જાણવો એ વાણીમાં એમ આવ્યું હતું. એવા વાણીમાં પણ અનંત ગુણ છે. વાણીમાં પણ અનંત ધર્મ છે એ આવ્યું હતુ ને ? વાણીમાં પણ અનંત ધર્મ છે. સર્વજ્ઞમાં પણ અનંત ધર્મ છે. આ શ્રુતજ્ઞાનીને પણ અનંત ધર્મ છે. ત્રણેના લીધા છે ને ? અનંતધર્મણઃ તત્ત્વ. અનંત ધર્મ છે વાણીમાં, અનંત ધર્મ છે સર્વજ્ઞમાં, અનંત ધર્મ છે શ્રુતજ્ઞાનીમાં. ત્રણેમાં અનંત ધર્મ છે, અનંત ગુણો છે. લખ્યું છે ને ભાઈએ ! 'જયચંદ્ર પંડિત'. સત્‌પણું, વસ્તુપણું, પ્રદેશપણું, ચેતનપણું એવા એક આત્મામાં અનંત ગુણ છે. એકપણું, અનેકપણું એવા અનંત ધર્મો છે. અનંત ગુણો છે, અનંત ધર્મો છે. એવા અનંત ધર્મોનું મૂળ તત્ત્વ જે જ્ઞાયકતત્ત્વ છે એને કેવળજ્ઞાન, શ્રુતજ્ઞાન જાણે છે, વાણી તેને બતાવે છે. સમજાણું કાંઈ ?

આ વીતરાગાની વાણી સિવાય આવું તત્ત્વ બીજે ક્યાંય હોઈ શકે નહિ. અને જેનામાં સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકના જાણનારા પરમેશ્વર તે કેવા હોય ? શરીર નગ્ન હોય, આહાર-પાણી એને ન હોય, એક વાણી હોય, અંદર સર્વજ્ઞ દશા પ્રગટ થઈ હોય. એવા સર્વજ્ઞ જેનામાં નથી તેને આવી વાણી હોય શકે નહિ અને એ વાણીમાં ધર્મનું સ્વરૂપ આવ્યું છે એ વિના બીજાની વાણીમાં એવું આવે નહિ. માટે વાણી પણ અમારે પૂજ્ય છે, જા !

ગુણ-ગુણીનું પરમાત્મપણું નાશ કહે છે, ગુણનો નાશ થાય તો પરમાત્મા થાય એમ નહિ. **'એવું માનવું જૂઠું છે. કારણ કે ગુણોનો વિનાશ થતાં દ્રવ્યનો પણ વિનાશ છે.'** ભગવાન આત્મા, એના જ્ઞાન, દર્શન, આનંદ (ગુણો છે). દીવાની વાત કરે છે ને ? દીવામાં ધુમાડો છે ને ? ધુમાડો. ધુમાડાનો નાશ કરવો હોય તો દીવાને ઓલવી નાખો. એમ આત્મામાંથી મેલ કાઢવો હોય તો આત્માનું જ્ઞાન જ ભુંસાડી નાખવું. સમજાય છે ? એમ નથી. ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવે, આનંદ સ્વભાવે ભરેલો અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એ પર્યાયમાં-અવસ્થામાં અનંત ગુણની પર્યાય જેટલી છે તે બધી પ્રગટ થઈ જાય. એના ગુણપણું અને પર્યાયપણું એને રહે છે. ગુણપણું, પર્યાયપણું નાશ થાય તો પરમાત્મા થાય એ વાત જૂઠી છે. ભગવાનને કેવળજ્ઞાન થાય. પછી સિદ્ધ થયા એટલે ત્રણ કાળ, ત્રણ લોકને જાણતા ન હોય, એમ નથી. એ પણ બધું જાણે છે પોતાની પર્યાયમાં જાણતા. એવો ગુણ ભગવાન સિદ્ધમાં પણ ત્યાં રહેલો છે. માટે, ગુણ-ગુણીનું ભેદપણું કહેવા છતાં તે બેય વસ્તુ યથાર્થ છે. ગુણી વિના ગુણ ન હોય અને ગુણ વિના ગુણી ન હોય. એનું અહીં જ્ઞાન કરાવીને આત્માનું એવું સ્વરૂપ છે એમ નક્કી કર. વાણીમાં એમ કહેવું છે, સર્વજ્ઞ એમ છે અને તું એવો છો અંદર નક્કી કર. એ નિર્ણય કર તો તને આત્માનો પત્તો લાગે. એ વિના આત્માનો પત્તો લાગશે નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી સમયસાર, ગાથા-૮૯ થી ૯૧**
**પ્રવચન નં.૧૬૬, તા.૧૬-૬-૧૯૬૯**
**(૧૫)**

'સમયસાર' કર્તા-કર્મ અધિકાર. ૮૯નો ભાવાર્થ છે. શું સિદ્ધ કરે છે ? કર્તા-કર્મ સિદ્ધ કરે છે. અનાદિનો આત્મા પોતાના નિજ સ્વરૂપના ભાન વિના અજ્ઞાનથી મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરત પરિણામનો કર્તા થઈને પરિણમે છે, એ સિદ્ધ કરે છે. એવો જો નિર્ણય કરે કે હું જ મારી ભૂલથી, બેભાનપણાથી મિથ્યાત્વ શ્રદ્ધા, જ્ઞાન અને અવિરતપણે પરિણમું છું તો એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જઈને એને છોડવાનો પ્રયાસ કરે. વિકાર કોઈથી થાય છે એમ માને તો વિકાર ટાળવાની પોતાના હાથથી વાત રહી નહિ. એ વાત સિદ્ધ કરે છે.

**ભાવાર્થ :-** '**આત્માના ઉપયોગમાં આ ત્રણ પ્રકારનો પરિણામવિકાર અનાદિ કર્મના નિમિત્તથી છે.**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદઘન હોવા છતાં અનાદિથી.. કહ્યું હતું ને ? '**મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે એવા અન્ય-વસ્તુભૂત મોહ...**' એવો શબ્દ લીધો હતો. મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતી જેનો સ્વભાવ છે એવો અન્યવસ્તુભૂત મોહ એમ લીધું હતું. મોહકર્મનો એવો સ્વભાવ છે, જીવનો સ્વભાવ નથી એમ બતાવે છે. જીવની પર્યાયમાં યોગ્યતા છે, નિમિત્તાધીન થાય છે. સમજાણું કાંઈ ? મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરત એક સમયની પર્યાયમાં યોગ્યતા છે. સ્વભાવ તો કર્મનો છે એમ અહીંયાં બતાવે છે. જુઓ ! ભગવાન આત્માનો સ્વભાવ વિકાર થવો એ સ્વભાવ નથી.

તેથી તેમાં કહ્યું હતું ને ? ૮૯માં '**અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે એવા અન્યવસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી,...**' એ સંયોગની વ્યાખ્યા અહીં ભાવાર્થમાં નિમિત્તથી કરી. '**આત્માના ઉપયોગમાં...**' જાણન-દેખન વેપારમાં '**ત્રણ પ્રકારનો પરિણામવિકાર...**' ત્રણ પ્રકારની અવસ્થારૂપ દોષ '**અનાદિ કર્મના નિમિત્તથી છે.**' નિમિત્તથી એનો અર્થ ? પોતાના સ્વભાવથી નથી. સ્વભાવની યોગ્યતા, પર્યાયમાં (સ્વયંની) યોગ્યતાથી. નિમિત્ત પર છે. પોતાનો સ્વભાવ નથી. તેમ અશુદ્ધ નથી થયો એમ પણ નથી. આહા..હા...!

'**અનાદિ કર્મના નિમિત્તથી છે. એમ નથી કે પહેલાં એ શુદ્ધ જ હતો...**' પર્યાયમાં, હોં ! દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ શુદ્ધ જ છે, પણ પર્યાયમાં '**પહેલાં એ શુદ્ધ જ હતો અને હવે તેમાં નવો પરિણામવિકાર થયો છે.**' એમ નથી. ભગવાન આત્મા આનંદ અને શુદ્ધ ચૈતન્યઘન એવો હોવા છતાં અનાદિથી પર્યાયમાં ઉપયોગમાં પરિણામ વિકારનું ત્રણ પ્રકારનું કર્તારૂપ પરિણમન છે. સમજાણું કાંઈ ? કર્મથી નહિ.

**'જો એમ હોય તો સિદ્ધોને પણ નવો પરિણામવિકાર થવો જોઈએ.'** જો પહેલાં પર્યાયમાં શુદ્ધ હતો અને અશુદ્ધ નહોતો, એમ જો હોય તો '**સિદ્ધોને પણ નવો પરિણામવિકાર થવો જોઈએ.**' સમજાણું કાંઈ ? એમ છે નહિ. અનાદિથી અશુદ્ધ છે. ભગવાન પોતાના આનંદસ્વરૂપને ભૂલીને અજ્ઞાની અનાદિથી એની પર્યાયમાં-હાલતમાં મિથ્યાદર્શન આદિથી પરિણામવિકાર અશુદ્ધ છે, પરથી નથી. તેમ અશુદ્ધતા નથી એમ નથી. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** પોતાના છે અને પરથી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરથી નથી અને અશુદ્ધતા નથી એમ પણ નથી.

**'પણ એમ તો થતું નથી.' 'સિદ્ધોને પણ નવો પરિણામવિકાર થવો જોઈએ.'** શુદ્ધ હોય અને અશુદ્ધ થઈ જાય એમ નથી. પર્યાયમાં અનાદિથી અશુદ્ધ છે. દુઃખી છે, બીજી ભાષા લઈએ તો. અહો..! આનંદ ભગવાન અતીન્દ્રિય રસસ્વરૂપ, અપરિમિત ચૈતન્ય આનંદધાતુ, એનાથી એ આત્મા છે. છતાં પર્યાયમાં મિથ્યાદર્શન આદિ દુઃખરૂપ પર્યાયથી પરિણમિત છે. સમજાણું કાંઈ ? માટે એમ સમજવું જોઈએ કે '**તે અનાદિથી છે એમ જાણવું.**' અનાદિથી જ. વિકારભાવ પર્યાયમાં મિથ્યાદર્શન, અજ્ઞાન અનાદિથી છે. એવો જો નિર્ણય કરે તો વિકાર પર્યાયનો નાશ કરવાનો અધિકાર પણ મારો છે. જેમ વિકાર કરવાનો અધિકાર મારો છે, તેમ નાશ કરવાનો મારો અધિકાર છે. મારા સ્વભાવમાં નથી. પર્યાયમાં છે, સ્વભાવમાં નથી. એવી સ્વભાવદૃષ્ટિ કરવાથી વિકાર અનાદિનો અશુદ્ધ હોવા છતાં તેનો નાશ થાય છે.

અનાદિથી છે અને કેમ નાશ થાય ? વળી કોઈ એમ કહે. એ તો પર્યાય છે. પ્રવાહથી પર્યાય છે. નવી નવી પર્યાય અનાદિથી થાય છે. ભગવાન આત્મા પોતાના આનંદ ધ્રુવ સ્વભાવની સંભાળ કરવાથી અનાદિ અજ્ઞાન હોવા છતાં... આ કર્તૃત્વની વ્યાખ્યા નથી. મિથ્યાદર્શન આદિ કર્તૃત્વ એટલે પરિણમન છે એમ કહેવું છે. કર્તા-કર્મ છે ને ? મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર એવું કર્તૃત્વ નામ પરિણમન છે. એ પોતાથી છે, પરથી નથી. એવો નિર્ણય જો કરે તો સ્વભાવ સન્મુખ થઈને તેને ટાળી શકે. આ..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** પરથી નથી, સ્વભાવથી નથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વભાવથી નથી, પરથી નથી. પર્યાયમાં અશુદ્ધતા પહેલાંથી નહોતી એમ નથી.

**શ્રોતા :–** દ્રવ્ય-ગુણમાં પણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્રવ્ય-ગુણમાં તો છે જ નહિ. એ તો પહેલાં કહ્યું. દ્રવ્ય-ગુણ તો શુદ્ધ જ છે. એ તો ચિદાનંદઘન આનંદકંદ અતીન્દ્રિય આનંદરસ છે. એ સ્વભાવમાં નથી એ તો પહેલાં આવી ગયું. પરથી નથી એ આવ્યું. અને નવું નથી, અનાદિથી છે. સમજાણું કાંઈ ?

એણે પોતાના સ્વભાવની કોઈ દિ' દયા કરી નથી. પોતાની. સમજાણું કાંઈ ? સમજાય છે ? આત્મા સર્વજ્ઞ ભગવાન પરમેશ્વરે જેવો અનંત આનંદ અને જ્ઞાન પ્રગટ કર્યા એ બધો આનંદ

અને જ્ઞાન આત્મામાં છે જ. ભગવાને પર્યાયમાં-અવસ્થામાં પ્રગટ કર્યા એ કોઈ બહારથી વસ્તુ આવી નથી. અનંત ચતુષ્ટય જે પ્રગટ કર્યા-અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય... સમજાય છે ? અનંત દર્શન એ સર્વ શક્તિ પરમાત્માને પ્રગટી એ અંદરમાં હતી. અનાદિથી અનંત ચતુષ્ટય પડ્યું જ છે. આત્મામાં અનંત ચતુષ્ટય તો અનાદિથી પડ્યું જ છે. આમ હોવા છતાં અશુદ્ધપણાના કર્તૃત્વપણે અજ્ઞાનથી પરિણમે છે. એ તેનો નિજ અપરાધ છે. સમજાણું કાંઈ ?

અશુદ્ધતા બિલકુલ નહોતી અને નવી થઈ છે એમ પણ નથી, પરથી થઈ છે એમ પણ નથી, સ્વભાવથી થઈ એમ પણ નથી. સ્વભાવમાં છે જ નહિ. પુદ્‌ગલ કર્મનો સ્વભાવ એવો લીધો. ભાષા દેખો. ભાઈ ! પુદ્‌ગલનો સ્વભાવ એવો છે. એ પુદ્‌ગલનો સ્વભાવ છે. એ અંદરમાં. મિથ્યાદર્શન પરમાં, હોં ! અનાદિ પરમાં મિથ્યાદર્શન, અજ્ઞાન, અવ્રતનો સ્વભાવ છે, એ એનો સ્વભાવ છે એમ કહે છે, ભગવાન આત્માનો સ્વભાવ નથી. આહા..હા...! અનંત આનંદ સંપન્ન પ્રભુ આત્મા છે. એ પોતાને ભૂલીને અનાદિથી વિકારરૂપ પરિણમન કરે છે.

'**હવે આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું દર્શાવે છે :-**' પરિણમન છે ને ? એના છે ને ? તો એનું જ કર્તૃત્વ છે, બીજા કોઈનું નથી. કર્મે કર્યું નથી અને કર્યા વગર રહ્યો નથી. વિકાર કર્યા વિના રહ્યો નથી અને કર્મે કરાવ્યો નથી. કર્તૃત્વ સિદ્ધ કરે છે, દેખો !

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હાજરનો અર્થ શું ? એ તો છએ દ્રવ્ય છે, પણ એ નિમિત્ત બીજી ચીજ છે. હોય એમાં શું છે ? એ તો કહ્યું. એ પણ અહીંયાં કહેશે. ૯૦.

**एदेसु य उवओगो तिविहो सुद्धो णिरंजणो भावो।**
**जं सो करेदि भावं उवओगो तस्स सो कत्ता।।९०।।**

**એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;**
**જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.**

**ટીકા :-** '**એ પ્રમાણે અનાદિથી અન્યવસ્તુભૂત મોહ...**' જુઓ ! એમાં લીધું હતું ને પહેલાં ? અન્યવસ્તુભૂત મોહ જેનો સ્વભાવ (છે). '**અનાદિથી અન્યવસ્તુભૂત મોહ...**' કર્મ એક જડ પદાર્થ અનાદિથી છે. એની '**સાથે સંયુક્તપણાને લીધે...**' જુઓ ! સમજાણું કાંઈ ? ત્યાં પહેલાં લીધું હતું કે '**અન્યવસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી,...**' ૮૯માં. ત્રીજી લીટી. અહીં કીધું.. ઓહો..હો...! ભગવાન આત્મા શુદ્ધ આનંદમૂર્તિ (છે). હમણાં કહેશે. આવો હોવા છતાં '**અનાદિથી અન્યવસ્તુભૂત મોહ...**' જડ કર્મ, માટી-ધૂડ એ કર્મ છે. એ '**મોહ સાથે સંયુક્તપણા...**' સંયુકતપણું-સંબંધ કર્યો. '**સંયુક્તપણાને લીધે...**' સંબંધને કારણે. '**પોતાનામાં ઉત્પન્ન થતા...**' ભાષા જુઓ ! હું આનંદ છું એમ નથી. હું રાગ છું, હું પુણ્ય છું, હું કર્મને લીધે રખડું છું એવો મિથ્યાત્વભાવ '**પોતાનામાં ઉત્પન્ન થતા જે આ ત્રણ મિથ્યાદર્શન, અજ્ઞાન અને**

**અવિરતિભાવરૂપ...'**

'**મોહ સાથે સંયુક્તપણાને લીધે પોતાનામાં ઉત્પન્ન થતા...**' ભાષા જુઓ ! કાંઈ કર્મમાં વિકાર ઉત્પન્ન નથી થતો. આહા..હા...! '**પોતાનામાં ઉત્પન્ન થતા જે આ ત્રણ મિથ્યાદર્શન,...**' મિથ્યાશ્રદ્ધા. અહો...! પોતાનો આનંદ ભૂલીને પરમાં આનંદ છે. દયા, દાન, વ્રત, પરિણામમાં આનંદ છે એવી માન્યતા મિથ્યાદર્શન છે. સમજાણું કાંઈ ? કેમ કે વિકલ્પ રાગ છે. રાગ તો દુઃખ છે. પોતાના અભિપ્રાયમાં મોહના સંયુકતપણાને લીધે પોતામાં મિથ્યાદર્શન ઉત્પન્ન કરીને કર્તા થઈને પરિણમે છે. આહા..હા...!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં સંયુકત કીધા. મોહની સાથે સંયુકત. તો અહીં સંયુકતપણાને લીધે. મોહની સાથે સંયુકત. સંયુકત. સમ્યક્ પ્રકારે સંબંધ કર્યો. જોડાયો. એ તો સંયોગ તો ભાષા છે.

**શ્રોતા :-** ગુજરાતીમાં તો બેયમાં ફેર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, બરાબર છે. શબ્દ ત્યાં ફેર છે. '**अनादिस्त्वन्तरभूतमोहयुक्तत्वा**' લ્યો ! એ તો પહેલાંમાં પણ મોહયુકત છે. એ તો શબ્દમાં ફેર છે. અહીં પણ '**मोहयुक्तत्वा**' (કહ્યું છે). મોહયુકત-સહિત થયો, સહિત. રહિત છે તેને સહિત માન્યો. ... જોડાયો. ભગવાન એ દેખે... ઈ આવશે, જુઓ !

એવો આત્મા '**ત્રણ મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિભાવરૂપ પરિણામવિકારો...**' છે. ભગવાન આત્મામાં પરિણામરૂપી વિકાર નામ દોષ છે. વસ્તુ તો ત્રિકાળ આનંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પરમેશ્વર સિદ્ધ ભગવાને જેવો પ્રગટ કર્યો એવા જ પ્રત્યેક આત્મા છે. ખબર નથી. ખબર નથી ને.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એક જ છે. બેય એક શબ્દ છે. એ તો અર્થમાં ફેર છે.

'**મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિભાવરૂપ...**' એમ કહ્યું છે. '**પોતાનામાં ઉત્પન્ન થતાં જે આ ત્રણ મિથ્યાદર્શન, અજ્ઞાન...**' સ્વરૂપનું અજ્ઞાન અને સ્વરૂપમાં અસ્થિરતા-અવિરતભાવ. એવા પરિણામવિકાર છે '**તેમના નિમિત્તે...**' તેમના નિમિત્તે. આગળ કહેશે. '**અશુદ્ધ, સાંજન અનેકભાવપણાને પામતો થકો...**' એ પછી કહેશે. એવા નિમિત્તથી. હવે કેવો છે ભગવાન ? આત્મા તો એવો છે, અનાદિઅનંત પરમાત્મા અંદર શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ પરમેશ્વરે જેવો પ્રગટ કર્યો એવા સર્વ આત્મા શક્તિરૂપ એવા જ છે. નિગોદથી માંડીને (બધા આત્મા એવા છે).

કહે છે કે '**જોકે પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ,...**' જુઓ ! ઉપયોગ શબ્દે ત્રિકાળી. ત્રિકાળી

દ્રવ્ય એ જ એનો ઉપયોગ. જ્ઞાન-દર્શન-આનંદ આદિ ત્રિકાળ વસ્તુ છે ને ! જ્ઞાન-દર્શન ઉપયોગ ત્રિકાળીની વાત છે. અહીં પર્યાયની વાત નથી. ઉપયોગ એટલે ત્રિકાળી આત્મા. જાણન-દેખન એવો ઉપયોગરૂપી ધ્રુવ ઉપયોગ જે ત્રિકાળ. '**જોકે પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ,...**' છે. અહીંયાં પર્યાયની વાત નથી. ત્રિકાળ વસ્તુ એક શુદ્ધ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... જેમાં પર્યાયનો પ્રવેશ નથી. રાગનો પ્રવેશ તો ક્યાંથી હોય ! એવી ભગવાન આત્માની ચીજ છે. ખબર ન મળે ક્યાં હું કેવી વસ્તુ છું ?

ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માએ જેવું પ્રગટ કર્યું એ વાણી દ્વારા જગતને ફરમાવ્યું. ભાઈ ! પ્રભુ ! તારી ચીજ તો આવી છે. '**પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ,...**' ત્રિકાળ વસ્તુ શુદ્ધ, મલિનતા રહિત, એક (વાત). '**નિરંજન,...**' અંજન નહિ, મેલ નહિ. શુદ્ધ અસ્તિથી કહ્યું, નિરંજન-મેલ નથી (ઈ નાસ્તિથી કહ્યું). '**અનાદિનિધન...**' અનાદિ-અનંત વસ્તુ છે પ્રભુ. અનાદિ-આદિ નહિ. અ-નિધન. અ-નિધન-અંત નહિ. આદિ નહિ, અંત નહિ. એવી વસ્તુ '**સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણે એક પ્રકારનો છે...**' લ્યો ! આહા..હા...! કેવી છે આત્માની ચીજ-વસ્તુ ? શુદ્ધ ઉપયોગ અને નિરંજન. શુદ્ધ છે, અંજન વિનાની ચીજ છે. એમાં મેલ-બેલ બિલકુલ છે નહિ.

**શ્રોતા :-** ક્યારે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનાદિથી છે. ક્યારથી શું ? વસ્તુમાં કે દિ' મેલ હતો ? વસ્તુ તો વસ્તુ છે. શુદ્ધ ચિદાનંદ ઘન છે. આહા..હા...!

**શ્રોતા :-** અનાદિથી અત્યારે પણ આવી છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે પણ છે. અનાદિથી છે પછી પ્રશ્ન કેવો ? એવી અનાદિ-અનંત છે. અનાદિ-અનંત લીધું ને ? અણ આદિ અને અનિધન એમ લેવું. આદિ નહિ અને નિધન નામ અંત નહિ. નિધન એટલે મૃત્યુ. શરૂઆત નહિ, અંત નહિ એવી ચીજ ભગવાન આત્મા. આહા..હા...!

'**અનાદિનિધન વસ્તુના...**' વસ્તુ એટલે આત્મા. એનું '**સર્વસ્વભૂત...**' એમ. '**વસ્તુના સર્વસ્વભૂત...**' ભાવ લેવો છે ને ? '**વસ્તુના સર્વસ્વભૂત...**' ભગવાન આત્મા વસ્તુ, એનું સર્વસ્વ. સર્વસ્વ. આખું સ્વ-પોતાનું ધન, પોતાની લક્ષ્મી, પોતાની પૂંજી. એ ત્રિકાળ '**ચૈતન્યમાત્રભાવપણે...**' એકલા ચૈતન્યમાત્ર સ્વભાવપણે '**એક પ્રકારનો છે...**' ભગવાન. આહા..હા...! વસ્તુપણાના સર્વસ્વભૂત. વસ્તુ જે ભગવાન આત્મા વસ્તુ, એના સર્વસ્વભૂત ત્રિકાળ પોતાનું નિજ સ્વરૂપ ચૈતન્યમાત્ર ભાવ. ભાવ લેવો છે ને ? વસ્તુ છે ઈ ભાવવાન છે. વસ્તુ ભાવવાન છે, સ્વભાવવાન છે. સ્વભાવ વસ્તુના સર્વસ્વભૂત. ઓહો..હો...! '**ચૈતન્યમાત્રભાવપણે...**' ચૈતન્ય જાણન-દેખન સ્વભાવ ત્રિકાળ એનો ભાવ છે. સમજાણું કાંઈ ?

'**એક પ્રકારનો છે...**' ભગવાન. છતાં ત્રણ પ્રકાર પર્યાયમાં થાય છે એ બતાવવું છે.

સમજાણું કાંઈ ? ઓહો..હો...! '**તોપણ-**' હવે ઉપરનું લેવું. '**પરિણામવિકારો તેમના નિમિત્તે...**' એના નિમિત્ત કારણથી '**અશુદ્ધ,...**' અશુદ્ધ. શુદ્ધ છે એની સામે અશુદ્ધ. પર્યાયમાં, હોં ! શુદ્ધ તો ત્રિકાળી ધ્રુવ ઉપયોગ છે. સર્વસ્વભૂત ચૈતન્યમાત્રપણું. તો કર્મના સંયોગના નિમિત્તે, એમ. કર્મના સંયુકતપણાને કારણે અશુદ્ધ થયો છે. પર્યાયમાં અશુદ્ધ (છે). ત્રિકાળી શુદ્ધ, પર્યાયમાં અશુદ્ધ. આહા..હા...!

'**સાંજન,...**' ઉપર નિરંજન કહ્યું હતું. ત્રિકાળ નિરંજન ભગવાન છે. પર્યાયમાં સાંજન થયો. અંજનવાળો થઈ ગયો, મેલવાળો થઈ ગયો. આહા..હા...! સમજાણું કાંઈ ? અને અનાદિનિધન. ત્યાં કહ્યું હતું ને ? '**અનેકભાવપણાને પામતો થકો...**' પર્યાયમાં. એકરૂપ નથી. ત્યાં કહ્યું હતું ને પહેલાં ? ત્રિકાળી એક પ્રકારનો છે. અનાદિ-અનંત એક પ્રકારનો છે. આ '**અનેકભાવપણાને પામતો થકો...**' એ સામે લેવું. સમજાણું કાંઈ ?

**શ્રોતા :-** કોઈકે તો એને મલિન કર્યું જ હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે ? કોઈએ કર્યું છે ? આત્માની પર્યાયે કર્યું છે. આત્માએ કર્યું છે એમ કહેશે હવે. એની પર્યાય છે ને ? પર્યાયે કર્યું છે, પણ પર્યાય એની છે તો આત્માએ કર્યું એમ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી કહેવામાં આવે છે. આહા..હા...!

ત્રણ બોલ લીધા. ભગવાન આત્મા ત્રિકાળી તો શુદ્ધ છે, નિરંજન છે અને એક ભાવરૂપ છે. અનાદિ-અનંત એક ભાવરૂપ છે. પર્યાયમાં કર્મના સંયુકતપણાને કારણે સંબંધ કરવાથી પર્યાયમાં અશુદ્ધ છે, મેલવાળો છે. '**અનેકભાવપણાને પામતો થકો...**' તે એક છે, શુદ્ધ છે, નિરંજન છે, એક ભાવ છે. પર્યાયમાં અશુદ્ધ, મલિન અને અનેક ભાવને પામ્યો છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

'**અનેકભાવપણાને પામતો થકો ત્રણ પ્રકારનો થઈને,...**' ત્રણ પ્રકાર થઈ ગયા. '**પોતે અજ્ઞાની થયો થકો...**' ભાષા જુઓ ! કર્તા છે ને ? '**પોતે અજ્ઞાની થયો થકો...**' અહો..! નિજ ભાવ ટંકોત્કીર્ણ આનંદકંદ પ્રભુ એવું ભાન નહિ હોવાથી '**અજ્ઞાની થયો થકો કર્તાપણાને પામતો,...**' ભાષા એ છે. એનું પરિણમન સિદ્ધ કરવું છે ને ? એ પરિણમે છે તો એનું તત્ત્વ છે એમ સિદ્ધ કરવું છે. કર્તૃત્વ સિદ્ધ કરે છે.

'**પોતે અજ્ઞાની થયો થકો...**' કર્મને કારણે અજ્ઞાની થયો થકો એમ નથી. જુઓ, કે દર્શનમોહને કારણે અજ્ઞાની થયો થકો, જ્ઞાનાવરણીના ઉદયને કારણે અજ્ઞાની થયો થકો, અંતરાયકર્મના ઉદયે વીર્યની હિનતા કરતો થકો, એમ છે નહિ. ઓહો..હો..! ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન પ્રભુ એકરૂપ શુદ્ધ નિરંજન હોવા છતાં અનાદિ-અનંત તો એક જ ચીજ છે, પણ કર્મના સંયુકતપણાના સંબંધને કારણે પોતામાં પોતાના અજ્ઞાનને કારણે અનેક ભાવને પામતો થકો, પોતે અજ્ઞાની થયો થકો ત્રણ પ્રકારના કર્તૃત્વને પ્રાપ્ત છે.

'**વિકારરૂપ પરિણમીને...**' જુઓ ! વિકારરૂપ પરિણમીને અવસ્થામાં ત્રણરૂપ થયો તે

પોતાથી થયો છે, કોઈ બીજી ચીજથી નહિ. સમજાણું કાંઈ ? જુઓ ! અહીં તો અપ્રતિબુધને સમજાવે છે. અનાદિથી અજ્ઞાની છે એને તો વાત કરે છે. સમજાણું કાંઈ ? કેટલાક કહે છે કે 'સમયસાર' નીચલા દરજ્જામાં વાંચવા લાયક નથી, સાંભળવા લાયક નથી. એ તો સાધુએ વાંચવું. દ્રવ્યલિંગી સાધુ હોય બરાબર, ત્યારબાદ ભાવલિંગ કરવા 'સમયસાર' વાંચવું. એમ કહે છે.

**શ્રોતા :–** કોઈ ભાવલિંગી મુનિ નહિ થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ કે .. 'જયચંદ્ર પંડિતે' ઉપોદ્‌ઘાતમાં લખ્યું છે ને ? 'જયચંદ્ર પંડિતે' લખ્યું છે ને ઉપોદ્‌ઘાત. આવું હોય, આવી ક્રિયા હોય પણ વસ્તુને સમજતો નથી, માટે એણે આ સમજવું જોઈએ. પ્રસ્તાવના, 'જયચંદ્ર પંડિતે' લખ્યું છે. આમાં છે ? આમાં નહિ હોય. ગુજરાતીમાં છે. ખબર છે ને, ખબર છે. આહા..હા...!

આ તો અનાદિ અપ્રતિબુદ્ધને કહે છે. અનાદિ અજ્ઞાની છે એને તો વાત કરે છે, આ એને સમજાવે છે. આહા..! ભગવાન ! તું તો અનાદિ શુદ્ધ છો ને, નિરંજન છો ને અને એકરૂપ તારી ચીજ છે. એમાંથી સાંજન, મેલ, અને અશુદ્ધતા, અનેકતા તારી પર્યાયમાં થઈ છે. એમ કહે છે, લ્યો ! પર્યાયમાં કરવું, ન કરવું ત્યાં જ તારી સમાપ્તિ છે, પરમાં તો કોઈ સંબંધ છે નહિ. પરથી તારામાં નહિ અને તારાથી પરમાં નહિ. તારું અજ્ઞાનરૂપ પરિણમન તારાથી થાય છે.

'**વિકારરૂપ પરિણમીને...**' પાછી ભાષા આવી. '**જે જે ભાવને પોતાનો કરે છે...**' જુઓ ! જે જે ભાવ પુણ્ય-પાપ વિકલ્પ રાગાદિ છે. '**જે જે ભાવને પોતાનો કરે છે...**' એ હું છું.. હું છું... હું છું.. '**તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.**' ભાષા તો એમ છે. પર્યાય કર્તા થાય છે. સમજાણું કાંઈ ? '**જે જે ભાવને પોતાનો કરે છે...**' વિકલ્પ કોઈપણ શુભ-અશુભ આદિના અસંખ્ય પ્રકાર. એ જે જે ભાવને પોતાનો કરે છે મિથ્યાદર્શનમાં '**તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.**' તે સમયની ઉપયોગ નામ પર્યાય પરિણમનવાળી કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ ! આ બધું સમજવા કરતાં 'જીવિયા વહરોવિયા તત્સમિચ્છામિદુકડમ,' જાવ. ઈચ્છાપડિકમણા, જાવ. એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચોઈન્દ્રિયા, પંચેન્દ્રિયા...

**શ્રોતા :–** ઉપયોગ પર્યાય છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાય છે. અહીંયાં પર્યાય છે. અહીંયાં ઉપયોગ પર્યાય છે. પહેલાં ઉપયોગ જે કહ્યો હતો પરમાર્થે ઉપયોગ એ ત્રિકાળ છે. ત્રીજી લીટીમાં. ઓહો..! કેવી ભૂલ કઈ રીતે થઈ છે એ નિર્ણયના પણ ઠેકાણા નથી, તો ભૂલ ટાળવાનો પ્રયત્ન તો ક્યાંથી કરે ? સમજાણું કાંઈ ? '**જે જે ભાવને પોતાનો કરે છે તે તે ભાવનો...**' ભાષા જુઓ ! '**તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.**' તે તે ભાવની મિથ્યાદર્શન આદિની પર્યાય કર્તા છે. આહા..હા...!

**શ્રોતા :–** નિશ્ચયથી કર્તા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિશ્ચયથી છે. પર્યાય કર્તા છે. કર્તા થાય છે. ભાષા '**किलोपयोगः**' શબ્દ

છે ને. '**तस्य किलोपयोगः कर्तास्यात्**' '**किल**' નો અર્થ ... ઉપયોગ કર્તા છે એવો છે. નથી નહિ ? '**किलोपयोगः कर्ता**'. ખરેખર છે. '**किल**' એટલે ખરેખર છે. ખરેખર છે ને, પણ એ કંઈ અધ્ધર છે ? નથી પરિણમતો એમ છે ? પરિણમે છે. ખરેખર અજ્ઞાનથી રાગાદિ મિથ્યાદર્શનપણે જે જે ભાવને પોતાના બનાવે છે તે રૂપે તે પરિણમી જાય છે. પરિણમી જાય છે. પર્યાયમાં, હોં ! સમજાણું કાંઈ ? આહા..હા...!

'**જે જે ભાવને પોતાનો કરે છે...**' જે જે ભાવ નામ ભાવ શબ્દે અહીંયાં વિકારી પર્યાય, હોં ! જે જે ભાવને પોતાની વિકારીદશામાં પોતાના કરે છે '**તે તે ભાવનો...**' તે તે વિકારી પર્યાયનો '**ઉપયોગ કર્તા થાય છે.**' સમજાણું કાંઈ ? એટલી સ્પષ્ટ વાત છે. અંતરમાંથી એને મારો દોષ છે, હું જ અશુદ્ધપણે પરિણમ્યો છું એમ જો નક્કી કરે તો એને ટાળવા માટે આ વાત કરે છે, રાખવા માટે વાત નથી કરતાં. સમજાણું કાંઈ ? ભગવાન ! એ કૃત્રિમ પર્યાય છે ને. કૃત્રિમ કરેલી નવી છે, એ વસ્તુમાં છે નહિ. ભગવાન આત્મા ઉપયોગ અકૃત્રિમ અનાદિ-અનંત શુદ્ધ નિરંજર એક પ્રકારનો છે. એની દૃષ્ટિ કરવાથી એ વિકારી પર્યાયનો વ્યય થઈ જાય છે, અજ્ઞાનનો નાશ થાય છે. બીજો કોઈ ઉપાય નથી. સમજાણું કાંઈ ? ભારે કામ આકરું ! જગતને સમજવું નહિ અને બહારથી ક્રિયાકાંડ અપવાસ-બપવાસ કરી નાખે અને આ ક્રિયા કરીશ એમાંથી કલ્યાણ થઈ જશે. અનાદિ મિથ્યાદર્શનનું પોષણ (કરે છે) અને માને કે કાંઈક ધર્મ કરું છું. સમજાણું કાંઈ ?

**ભાવાર્થ :-** ૯૦નો ભાવાર્થ. '**પહેલાં કહ્યું હતું કે જે પરિણમે તે કર્તા છે.**' પરિણમન કરે તે કર્તા. કર્તાની વ્યાખ્યા જ આ છે. '**પરિણમે તે કર્તા છે.**' સમજાણું કાંઈ ? કર્તાનો અર્થ પરિણમે તે કર્તા. બસ, એટલી વ્યાખ્યા. '**અહીં અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો...**' જુઓ ! ભગવાન આત્મા પોતાના આનંદસ્વરૂપને ભૂલીને કંઈ પણ એને પરમાં ઉત્સાહિત વીર્ય (થાય), રાગાદિને પોતાના માની ઉત્સાહિત વીર્યથી પરિણમે છે તે કર્તા છે. જુઓ !

'**પહેલાં કહ્યું હતું કે પરિણમે તે કર્તા છે. અહીં અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો...**' કોઈ કર્મ પરિણમ્યું છે એમ નથી. '**તે જે ભાવરૂપ તે પરિણમ્યો...**' જે દશારૂપે. ભાવ એટલે દશા. જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતરૂપે તે '**પરિણમ્યો તે ભાવનો તેને કર્તા કહ્યો.**' એ પર્યાયને, એની પર્યાયનો કર્તા છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? '**આ રીતે ઉપયોગને કર્તા જાણવો.**' એ પાઠમાં પર્યાય છે ને ? આ રીતે પર્યાયને કર્તા. ઉપયોગ શબ્દે પોતાની પર્યાય છે એ વિકારપણે પરિણમે છે તો એને કર્તા જાણવો.

'**જોકે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી...**' ભગવાન આત્માની દૃષ્ટિ જુઓ, વસ્તુ દેખો ! શુદ્ધ દ્રવ્યસ્વરૂપ ભગવાન પરમાનંદમૂર્તિ, પરમેશ્વર સર્વજ્ઞનું ફરમાન (છે કે) એવી તારી ચીજ જે શુદ્ધ પરમાત્મ સ્વરૂપ દ્રવ્ય અંદર છે એ દૃષ્ટિથી જોતાં '**આત્મા કર્તા છે નહિ,...**' એ વસ્તુ શું કરે ? વસ્તુ ક્યાં પરિણમે છે ? સમજાણુ કાંઈ ? શુદ્ધ દ્રવ્યસ્વરૂપ જે છે એ ક્યાં પરિણમે છે ? પરિણમન કરે

તે કર્તા, અહીં તો એમ કહ્યું ને ? '**જોકે શુદ્ધદ્રવ્ય...**' વસ્તુ. શુદ્ધ દ્રવ્ય અર્થ નામ પ્રયોજન. જે જ્ઞાનનું શુદ્ધ દ્રવ્યને લક્ષમાં લેવું એ પ્રયોજન છે, એવો શુદ્ધ ભગવાન આત્મા એ શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી અથવા શુદ્ધ દ્રવ્યથી પવિત્ર ભગવાન આત્મા એ દૃષ્ટિથી '**આત્મા કર્તા છે નહિ,...**' વસ્તુ તો વિકારની કર્તા છે નહિ. વસ્તુ વિકારની કર્તા હોય તો વસ્તુ વિકારમય થઈ જાય. સમજાણું કાંઈ ? એવી ચીજ છે નહિ.

ભગવાન આત્મા આનંદમૂર્તિ શુદ્ધ ચિદ્‌ઘન છે, એ તો વિકારનો કર્તા છે નહિ. મિથ્યાદર્શન, અજ્ઞાનનો કર્તા શુદ્ધ દ્રવ્ય છે જ નહિ. સમજાણું કાંઈ ? કર્તાનો અર્થ પરિણમન કરનારું. શુદ્ધ દ્રવ્ય મિથ્યાદર્શનરૂપે પરિણમતું નથી. વસ્તુથી પરિણમન કઈ રીતે થાય ? વસ્તુ તો ત્રિકાળ છે. મિથ્યાદર્શન, અજ્ઞાન, અચારિત્ર રૂપે વસ્તુ તો પરિણમતી નથી. કેમ નથી થતું ? કે વસ્તુ કઈ રીતે પરિણમે ? સમજાણું કાંઈ ? વસ્તુ જો પરિણમે તો ધ્રુવ રહેતી નથી અને ધ્રુવ પરિણમતું નથી. પરિણમે તો પર્યાય પરિણમે. સમજાણું કાંઈ ?

'**તોપણ...**' એમ હોવા છતાં. ભગવાન આત્મા તો પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિથી જુઓ તો પર્યાયમાં આવતો જ નથી, તો પર્યાયરૂપે વિકાર રૂપે પરિણમે એમ તો ક્યાંથી આવ્યું ? નિર્વિકારરૂપે પરિણમવું પણ ધ્રુવનો સ્વભાવ નથી, તો વિકારરૂપે પરિણમવું એવો દ્રવ્યનો સ્વભાવ છે જ નહિ. આહા..હા...! એ વસ્તુ-વસ્તુ ભગવાન આત્મા સત્‌ શાશ્વત વસ્તુ, ધ્રુવ વસ્તુ એ તો કદિ વિકારરૂપ થતી નથી. જુઓ ! અહીં કેટલાક કહે છે કે નહિ, વિકાર પર્યાયમાં થયો તો દ્રવ્ય પણ વિકાર થઈ ગયું.

**શ્રોતા :-** દ્રવ્ય-પર્યાય અભેદ છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભેદ છે ક્યાં ? પર્યાયદૃષ્ટિએ અભેદ છે. દ્રવ્યદૃષ્ટિએ તો ભિન્ન છે. દ્રવ્ય ભિન્ન છે, પર્યાય ભિન્ન છે. આહા..હા...!

**શ્રોતા :-** બાપ દ્રવ્ય અને દીકરો પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ દીકરો-બીકરો છે નહિ. એ વ્યવહારથી પર્યાય છે. પરિણામ છે એ બધો વ્યવહાર છે. ભગવાન આત્મા અપરિણામી કૂટસ્થ ત્રિકાળી ધ્રુવ અપરિણામી નિત્ય છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની નહિ. એની કહેવી એ વ્યવહાર છે. પરમાર્થે એની નથી. પર્યાય પર્યાયની છે. અહીં પણ દીકરો કહેવું એમ છે ક્યાં ? દીકરો કોનો ? દીકરો કોનો અને પુત્ર કોનો ? બધા સ્વતંત્ર છે. દીકરો કોનો ? અને પિતા કોનો ? ઓહો..હો...! એમ આત્મા ભગવાન પ્રજાના પિતા વ્યવહારથી કહેવામાં આવે છે. વસ્તુ એમ નથી, એમ કહે છે. આહા..હા...!

**શ્રોતા :-** ધ્રુવ રહેતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવ કઈ રીતે રહે ? ધ્રુવ તો ધ્રુવરૂપે છે. કૂટસ્થ છે, નિત્ય છે, અપરિણામી છે, અપરિણામી પરિણામ સ્વભાવ છે. સહજ સ્વભાવ છે. નહિ બદલવાનો

અપરિણામી પરિણામિકભાવ છે. અપરિણામી પારિણામિકભાવ છે. સમજાણું કાંઈ ?

એવો આત્મા મિથ્યાદર્શન, અજ્ઞાન, અચારિત્રરૂપે કદિ પરિણમતો નથી. તોપણ ઉપયોગ અને આત્મા એક વસ્તુ હોવાથી. એક નામ વ્યવહારનયથી. અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી. અશુદ્ધ દ્રવ્યાર્થિકનય કહો કે પર્યાર્થિકનય કહો કે વ્યવહારનય કહો. અશુદ્ધ દ્રવ્યાર્થિકનય એમ કેમ લીધું ? એ દ્રવ્ય પોતે પર્યાયપણે એની પર્યાય પરિણમે છે એવો સંબંધ લેવા કહ્યું. ખરેખર અશુદ્ધદ્રવ્યાર્થિક એટલે વ્યવહાર. વ્યવહાર એટલે પર્યાયાર્થિક નય. પર્યાયાર્થિક નયથી જુઓ તો આત્માને પણ કર્તા કહેવામાં આવે છે. અને અભેદ પર્યાય ગણવામાં આવે છે. પર્યાય અને આત્મા એક વ્યવહારથી છે. વ્યવહારે. આહા..હા...!

**શ્રોતા :–** ... નયના ઝઘડામાં શું કામ પડીએ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કાંઈ કહેતા નથી. ઝઘડાનું કોણ કહે ? અહીં તો કહે છે કે વસ્તુ છે એ રાગરૂપ પરિણમતી નથી. બસ, એટલી વાત છે. રાગરૂપ પર્યાય પરિણમે છે. તો પર્યાય એની જે ગણવામાં આવે તો કહે છે કે આત્મા પણ એનો કર્તા એમ કહેવામાં આવે છે. નિશ્ચયથી તો એનો કર્તા છે નહિ. એમાં નય શું ? આ તો સીધી વાત છે. નયનું એમાં વિશેષ કામ જ શું છે ? સમજાણું કાંઈ ? વસ્તુ જે ભગવાન આત્મા ધ્રુવ ચિદાનંદ આનંદકંદ છે એ વિકારરૂપે પરિણમતો નથી. પરિણમનારી તો પર્યાય છે. પણ પર્યાય એનો સંબંધ પ્રદેશે એક છે એમ ગણી આત્મા પણ એનો કર્તા વ્યવહારનયથી કહેવામાં આવે છે, પરમાર્થે કર્તા થતો નથી. લ્યો ! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છે, પણ એક સમયની અવસ્થા છે અને આ ત્રિકાળી છે. મોટો ફેર છે ને. આ ત્રિકાળી ધ્રુવ છે, આ એક સમયની અવસ્થા છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અશુદ્ધતા તો પ્રદેશથી અન્ય ગણવામાં આવી છે. એક સમયની મિથ્યાદર્શનની અશુદ્ધ પર્યાય, એના પ્રદેશ પણ અન્ય ગણવામાં આવ્યા છે. ભગવાન આત્માના પ્રદેશ શુદ્ધ એ આત્માના પ્રદેશ છે. અસંખ્ય પ્રદેશી અનંત આનંદનો પિંડ વસ્તુ તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ ?

'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' 'શ્રીમદ્'માં આવે છે ને ? 'સ્વયં જ્યોતિ સુખધામ; બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ. શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન.' ચૈતન્યઘનમાં અસંખ્ય પ્રદેશ નાખ્યા છે. શુદ્ધ છે, પવિત્ર છે, બુદ્ધ છે, જ્ઞાનનો પિંડ છે. ચૈતન્યઘન અસંખ્યપ્રદેશી છે. એમ નાખ્યું છે. એક પ્રદેશી નહિ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઘન છે. ઘન છે તો અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર બતાવવું છે. ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશ એકરૂપ ઘન છે એમ બતાવવું છે. અનંત પિંડ છે એ તો બધું શુદ્ધ બુદ્ધમાં આવી ગયું.

સમજાણું કાંઈ ? ક્ષેત્રમાં અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર પિંડ એકરૂપ છે. 'સ્વયંજ્યોતિ સુખધામ' સ્વયં જ્યોતિ ભગવાન આત્મા છે, સુખનું આનંદનું ધામ છે. 'બીજું કહીએ કેટલું કર વિચાર તો...' કાંઈ કર એટલે ક્રિયા કર એમ નથી કહ્યું. કર વિચાર એટલે જ્ઞાન, શ્રદ્ધા કર તો પામ. એવી વાત છે. સમજાણું કાંઈ ? 'આત્મસિદ્ધિ'નો શ્લોક છે. 'આત્મસિદ્ધિ' છે ને 'શ્રીમદ્'ની ?

આત્મા અને પર્યાય ઉપયોગ વ્યવહારે એક વસ્તુ હોવાથી અશુદ્ધ દ્રવ્યાર્થીકનયે, અશુદ્ધ મલિન પર્યાયની દૃષ્ટિથી **'આત્માને પણ કર્તા કહેવામાં આવે છે.'** વ્યવહારથી પર્યાયદૃષ્ટિથી આત્માને કર્તા કહેવાય છે. છે તો ખરેખર પર્યાય, દ્રવ્ય એનો કર્તા નથી. દ્રવ્ય ક્યાં પરિણમે છે ? વસ્તુ છે એ તો. મહા ભગવાન ચૈતન્યસ્તંભ પડ્યો છે, ચૈતન્યસ્તંભ. ખૂંટો-ખૂંટો. આ 'સોગાની' કહે છે ને ? ધ્રુવનો ખૂંટો. ખીલા. ખૂંટા સમજો છો ને ? ખીલા. ખીલા. ધ્રુવ ખીલો. ધ્રુવ ખુંટો ભગવાન આત્મા છે. ખૂંટા સાથે વાછરડાને બાંધે છે ને, તો આઘુપાછું જઈ શકતું નથી. એ દૂર નથી જઈ શકતું. વાછરડું. એમ ધ્રુવ ખૂંટો છે, એની ઉપર દૃષ્ટિ લગાવી તો પરિણામ દૂર નહિ જઈ શકે. સમજાણું કાંઈ ? પોતાના દ્રવ્યની પર્યાયને છોડીને બીજાને પોતાનું માને એમ બની શકે નહિ. આહા..હા...! ૯૦મી (ગાથા) કહી.

**'હવે, આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું હોય...'** ભગવાન આત્મામાં અજ્ઞાનપણે વસ્તુના ભાન વિના ત્રણ પ્રકારનું-મિથ્યાદર્શન, અવ્રત, અજ્ઞાનપણે પરિણમન થાય છે **'ત્યારે પુદ્ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મપણે પરિણમે છે એમ કહે છે :-'** લ્યો ! જીવ પોતાના વિકારપણે પરિણમે છે તો પુદ્ગલ પોતાના કારણે એટલે કર્મને કારણે કર્મરૂપ થાય છે. અહીંયાં વિકારી પરિણામ કર્યા તો કર્મરૂપ થવું પડ્યું એમ નથી.

**શ્રોતા :-** એ થઈ ગયું ને ? અહીં મિથ્યાત્વ કર્યું એટલે એણે થાવું પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થાવું પડે એમ નહિ, એની પર્યાયમાં એ થવાની લાયકાતથી થાય છે. તેથી એ સિદ્ધ કરવું છે. મિથ્યાદર્શન, અજ્ઞાનરૂપે જ્યારે આત્મા પર્યાયમાં પરિણમ્યો તો એ જ સમયે પુદ્ગલ પોતાની પર્યાયથી સ્વતંત્રપણે, પરની અપેક્ષા રાખ્યા વિના નિશ્ચયથી પોતાની કર્મરૂપી પર્યાયપણે પરિણમે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ૯૧.

**जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स भावस्स।**
**कम्मत्तं परिणमदे तम्हि सयं पोग्गलं दव्वं।।९१।।**

**જે ભાવ જીવ કરે અરે ! જીવ તેહનો કર્તા બને;**
**કર્તા થતાં, પુદ્ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.**

સમય તો એ જ છે ને ? સમય બીજો છે કે આણે વિકાર કર્યો અને પછી બીજે સમયે કર્મરૂપ થયો એમ છે ? સમય તો એક જ છે. મિથ્યાદર્શન શ્રદ્ધા કરી, પરમાં સુખ છે, પુણ્યમાં ધર્મ છે, રાગમાં ધર્મ છે, રાગ મારી ચીજ છે એવું મિથ્યાત્વ કર્યું, એ જ સમયે દર્શનમોહનીયની પર્યાય તે

જ સમયે થાય છે. સમય બીજો નથી કે આ કર્યું તો બીજા સમયે કર્મરૂપ પરિણમન થયું. એમ છે ? છે એ, 'પંચાસ્તિકાય'માં આવ્યું છે કે નહિ ? એય..! નિમિત્ત. પુણ્ય-પાપ પરિણમે છે, નહિ ? એ આવે છે કે નહિ ? શું ભાષા છે ? ૧૩૨-૧૩૩. ૧૩૨-૩૩ ગાથા છે ને ? ઊર્ધ્વ. એમ છે ને ? એ 'પંચાસ્તિકાય'માં છે. પહેલાં નિમિત્ત પછી ઊર્ધ્વ. ઊર્ધ્વનો અર્થ તે સમયે છે. બીજું છે શું ? પહેલાં-પછી સમય છે જ ક્યાં ? ઓહો..હો...! ગડબડ તે ગડબડ.

**શ્રોતા :-** એનું .. દીધો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દીધું છે ને ખબર છે. આવી ગયું ? ૧૩૨.

**શ્રોતા :-** સ્વામીજી એવો અર્થ કરે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી ગયું હવે ? અને 'હિંમતભાઈ'ને પણ દબાવવું પડ્યું. શું કરે ? મહારાજે એમ કહ્યું તો 'હિંમતભાઈ'એ કરવું પડ્યું. અરે..રે...! લખ્યું છે. બધું ખોટું છે.

જુઓ ! '**જીવરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત શુભપરિણામ દ્રવ્યપુણ્યને નિમિત્તમાત્રપણે કારણભૂત છે...**' નવું પુણ્ય બંધાય છે ને ? એમાં જીવનો શુભભાવ નિમિત્તમાત્ર છે. '**તેથી દ્રવ્યપુણ્યાસ્રવના પ્રસંગને અનુસરીને...**' દ્રવ્યપુણ્ય-શાતા આદિ બંધાય છે ને ? '**(-અનુલક્ષીને) તે શુભ પરિણામ ભાવપુણ્ય છે. (શાતાવેદનીયાદિ દ્રવ્યપુણાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાં જીવના શુભપરિણામ નિમિત્તકારણ છે. માટે, દ્રવ્યપુણ્યાસ્રવ પ્રસંગની પાછળ-પાછળ તેના નિમિત્તભૂત શુભપરિણામને પણ ભાવપુણ્ય એવું નામ છે.)**'

**શ્રોતા :-** ...માં આગળ-આગળ જાય એની બદલે પાછળ-પાછળ અટકેલા એમ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો શબ્દ ત્યાં પડ્યો છે.

**શ્રોતા :-** આવે છે ને બધે. હવે પછી આમ કહેશું. હવે પછી આમ કહેશું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં એમ નથી. અહીં તો સાથે ને સાથે છે. જે સમયે વિકાર થયો તે જ સમયે કર્મ પરિણમે છે અને જે સમયે કર્મનો ઉદય કર્મમાં આવ્યો તે જ સમયે અજ્ઞાની પોતાના રાગપણે પરિણમે છે. એમાં સમયભેદ છે જ ક્યાં ? એવી વાત છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ખબર છે ને.

**શ્રોતા :-** ૧૨૫ ગાથા છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૧૩૨.

અહીં તો કહે છે, જુઓ ! '**આત્મા જે ભાવને કરે છે તે ભાવનો તે કર્તા થાય છે; તે કર્તા થતાં પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે કર્મપણે પરિણમે છે.**'

**ટીકા :-** '**આત્મા પોતે જ તે પ્રકારે (તે-રૂપે)...**' મિથ્યાદર્શન, અજ્ઞાન અને વિકારરૂપે, અવ્રતભાવરૂપે. '**આત્મા પોતે જ તે પ્રકારે (તે-રૂપે) પરિણમવાથી જે ભાવને...**' જે પર્યાયને

**'ખરેખર કરે છે તેનો તે કર્તા થાય છે-સાધકની (અર્થાત્ મંત્ર સાધનારની) જેમ;...'** સાધકનું દૃષ્ટાંત આપે છે. **'સાધકની જેમ; તે (આત્માનો ભાવ) નિમિત્તભૂત થતાં,...'** આત્માનો ભાવ નિમિત્તભૂત થતાં **'પુદ્ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ (પોતાની મેળે જ) પરિણમે છે.'** કર્મ તો એ જ સમયે અજ્ઞાનીએ જેવું અહીં મિથ્યાદર્શન કર્યું, તે જ સમયે દર્શનમોહની પર્યાય તે જ સમયે કર્મપણે પરિણમે છે. પહેલાં અહીંયાં વિકાર કર્યો અને બીજા સમયે ત્યાં વિકાર દર્શનમોહરૂપી પરિણમે, એમ છે ?

ખબર કેમ પડી કે આમ છે અને આણે કર્યું ? ખબરનું કામ શું છે ? ખબર પડે એવું દ્રવ્ય તો એક જ છે. પાંચ દ્રવ્ય તો જડ છે. તે જ સમયે તે જ પરમાણુ એ દર્શનમોહનીયરૂપે પરિણમવા લાયક હતા. એમ પોતાથી સ્વયં પરની અપેક્ષા વિના, પરની અપેક્ષા કહેવું તો વ્યવહાર થયો, પોતાની મેળે એ પરમાણુ સ્વયં દર્શનમોહરૂપે પરિણમી જાય છે. ઓહો..હો...! સમજાણું કાંઈ ? પહેલાં-પછી નથી. નિમિત્ત પહેલાં અને પછી નૈમિત્તિક થયું એમ છે ?

**શ્રોતા :-** પાછળ -પાછળ લખે છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાછળ-પાછળનો અર્થ શું સાથે-સાથે. અહીં થાય તો અહીં થાય છે એમ પાછળ-પાછળ. એક મોટો માણસ ચાલતો હોય તો પાછળ-પાછળ છોકરો ચાલે, પણ કાંઈ ગતિમાં પહેલા-પછી કાંઈ છે નહિ. બેય ચાલે છે. બેયનો સમય એક છે. ભારે, ભાઈ ! હજી તો આ સ્થૂળ વાત આવી.

અહીંયાં '**(આત્માનો ભાવ) નિમિત્તભૂત થતાં,...**' જુઓ ! '**પુદ્ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ (પોતાની મેળે જ) પરિણમે છે.**' સમય બીજો છે ? પાઠમાં તો લીધું છે. '**कम्मत्तं परिणमदे तम्हि स्वयं पोग्गलं**' તે સમયે. આહા..હા...! સ્વયં છે ને ? સ્વયં શબ્દ પડ્યો છે ને ? '**જેમ મંત્ર સાધક તે પ્રકારના ધ્યાનભાવે...**' મંત્રનો સાધનાર. એ ભાવમાં મંત્રનો ભાવ સાધનારની પાસે ભાવ છે. એ '**ધ્યાનભાવે પોતે જ પરિણમતો થકો ધ્યાનનો કર્તા થાય છે...**' એ પર્યાયનો કર્તા થાય છે. '**અને તે ધ્યાનભાવ સર્વ સાધ્યભાવોને અનુકૂળ હોવાથી...**' જુઓ ! એ ધ્યાનભાવ સાધ્ય જે સામી ચીજ છે એને અનુકૂળ હોવાથી... સામી ચીજ અનુરૂપ છે, આ અનુકૂળ થાય છે.

'**ધ્યાનભાવ સર્વ સાધ્યભાવોને...**' જે જે કાંઈ ધ્યાનમાં લક્ષ કરવું હોય કે સર્પનું ઝેર ઉતરે વગેરે વગેરે.. આ તો ત્રણ દૃષ્ટાંત આપ્યા છે, પણ મંત્ર તો ઘણા છે. '**ધ્યાનભાવ સર્વ સાધ્યભાવોને...**' જે કાંઈ એના લક્ષમાં છે કે આ આનું ઝેર ઉતરે કે ગાંડો થઈ જાય વગેરે.. તાળુ તૂટી જાય કે એવું. '**સાધ્યભાવોને અનુકૂળ...**' શું કહે છે ? સામી પર્યાય જે થાય છે એમાં ધ્યાનભાવ નિમિત્ત છે અને ધ્યાનભાવનું જે સાધ્ય છે એ સાધ્યને ધ્યાનભાવ અનુકૂળ છે, નિમિત્ત છે. '**નિમિત્તમાત્ર થતાં, સાધક કર્તા થયા સિવાય...**' ધ્યાનના સાધક કર્તા થયા સિવાય. ધ્યાનને કરનાર પોતાના ધ્યાનનો કર્તા છે. એ ધ્યાનનો સાધક ધ્યાનના કર્તા સિવાય પરનો કર્તા

થતો નથી.

'**(સર્પાદિકનું) વ્યાપેલું ઝેર સ્વયમેવ ઊતરી જાય છે,...**' લ્યો ! સર્પનું, આ વીંછીનું હોય છે ને ? એ તો એને કારણે ઉતરવાની પોતાની પર્યાયથી ઉતરી જાય છે. મંત્રનો સાધક તો મંત્રના ભાવનો જ કર્તા છે, વીંછી સર્પ આદિની પર્યાયનો કર્તા નથી, ઉતારવાનો એ કર્તા નથી. સમજાણું કાંઈ ? એક સમયમાં સાથે થાય છે. મંત્રનું લક્ષ છે તો આ સાધ્ય, એ સાધ્ય દશા થવાની છે એમાં જ્ઞાન અનુકૂળ છે, નિમિત્ત છે. નિમિત્ત પોતાની પર્યાયને કરે છે અને પરની પર્યાયને કર્યા વિના.. એમ લીધું છે ને ? '**સાધક કર્તા થયા સિવાય...**' સાધકના કર્તા થયા સિવાય.

**શ્રોતા :–** ધ્યાન કરનારાએ કાંઈ કર્યું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ધ્યાન કરનારાએ ધ્યાન સિવાય બીજું કાંઈ કર્યું નથી. જુઓ ! ધ્યાનમાં આમ લક્ષમાં લીધું તો ઝેર ફટ ઉતરી જાય છે ને ! ઝેર ઉતરવામાં નિમિત્તનો પ્રભાવ છે કે નહિ ? એય..! 'ઉત્તમચંદજી'!

**શ્રોતા :–** ઉતરવાનું હોય તો એ ઉતરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લ્યો, એણે વીંછીનું ઉતાર્યું છે બહુ. પહેલાં ઘણા વીંછી હતા. જૂનું ઘર થઈ ગયું ને. હવે તો ૩૫ વર્ષ થઈ ગયા. પહેલાં વીંછી બહુ નીકળતા. આ જંગલ હતું ને જંગલ ! બહુ વીંછી નીકળતા હતા. ...

અહીં તો કહે છે, સાધક જીવનું ધ્યાન સાધક હોં ! ધ્યાન કરનાર છે કે અહીં સર્પનું ઝેર ઉતરે, વીંછીનું ઉતરે, પણ એ સર્પના અને વીંછીના ઝેરના ઉતરવાના કર્તા થયા વિના, ધ્યાનના કર્તાવાળો પરની ક્રિયા કર્તા થયા વિના '**ઝેર સ્વયમેવ ઊતરી જાય છે,...**' લ્યો ! ઝેરનો ઉતરવાનો કર્તા ધ્યાનનો કરનાર છે નહિ. આહા..હા...! ભારે વાત, ભાઈ ! લોકો નિમિત્તને કર્તા બનાવી દે છે. જુઓ ! મંત્ર બોલ્યા તો ત્યાં ઝેર ઉતરી ગયું, એની ના પાડે છે, એમ છે નહિ. એ ઉતરવાની પર્યાય એ સમયે થવાની હતી એમાં ધ્યાનને નિમિત્ત અનુકૂળ કહેવામાં આવ્યું, પણ સમયફેર નથી. અહીં આવ્યું અને ત્યાં તે સમયે તરત ઉતરે છે, તે એક સમયમાં છે. એનો કર્તા ધ્યાની નથી. વિચારમાં લીધું કે અહીં વીંછીનું ઝેર આમ ઉતરે... લ્યો ! વિશેષ વાત છે....

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

卐

## શ્રી સમયસાર, શક્તિ-૧ થી ૩
## પ્રવચન નં.૩૪૯, તા.૨૮-૮-૧૯૬૨
## (૧૬)

આ 'સમયસાર'નો સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર. એમાં પરિશિષ્ટ રૂપે જરીક અનેકાંતને ચર્ચે છે. અહીં સુધી આવ્યું છે. જુઓ ! **'આત્માને જ્ઞાનમાત્રપણું છે.'** ઉત્તરની ચોથી લીટી. છે ? આ આત્મામાં શક્તિરૂપી દેવીઓ-કેટલી શક્તિઓ છે એનું વર્ણન છે. લોકો કહે છે કે ને આ શક્તિદેવી, નથી કહેતા ? અન્યમાં એક 'મોરબી'ની પાસે છે ને ? કયું ગામ ? 'સનાળા' ? 'સનાળા'માં ગયા હતા તો ત્યાં શક્તિદેવીનું મંદિર હતું. આ લોકો, કાઠી લોકો માને. શક્તિદેવી. કીધું, આ કોણ શક્તિદેવી ? કીધું, એ શક્તિદેવી આ આત્માની આ જીવત્વ આદિ જે અનંત શક્તિઓ એ દેવીઓ છે. એ દેવીનો સ્વામી આત્મદેવ છે. એ પરમેશ્વર આત્મા છે. એની આ બધી અનંત શક્તિઓ એની દૈવી શક્તિ, દૈવ શક્તિ છે એની, પણ લોકો બહાર શક્તિ શોધવા જાય છે. પોતાની શક્તિ પોતામાં કેવી છે એની ખબર નથી અને બહારમાં એની શક્તિઓને શોધવા જાય છે. એ શક્તિની તો પરમેશ્વરને જરૂર પડી હતી, એમ બાવા વાત કરતાં હતા. એ શક્તિઓ એમ કે પરમેશ્વરને પણ આ શક્તિની જરૂર પડી હતી. પરમેશ્વર પણ આ શક્તિ વિના કામ કરી શકતા નહોતા. કીધું, વાત તો સાચી. આ પરમેશ્વર એવો આત્મા આ અનંત શક્તિ વિના કામ કરી શકે નહિ. કારણ કે અનંત શક્તિનું એકરૂપ તે આત્મદ્રવ્ય છે.

અહીંયાં 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ અલૌકિક રીતે શક્તિનું વર્ણન કરી ધર્મીનું, ધર્મનું, ધર્મીનું જીવન કેવું હોય ? અને ક્યા જીવનનો એને નિષેધ વર્તે ? એનાથી પહેલું ઉપાડ્યું છે. સમજાય ? જીવ છે ખરો ને ? **'जीवो चरित्तदंसणणाणठिदो'** બીજી ગાથામાં શરૂઆત કરી હતી ને ? તો જીવનું જીવત્વ શું ? આત્મા એટલે જીવ એનું જીવપણું શું ? એ શક્તિનું સ્વરૂપ શું ? અને એ શક્તિએ જીવે એનું શું કાર્ય છે એનું આ વર્ણન કરવામાં આવે છે.

**'માટે જ તેને જ્ઞાનમાત્ર એકભાવની અંતઃપાતિની...'** શું કહે છે ? એ જ્ઞાનમાત્ર આત્મા છે. જ્ઞાનલક્ષણે લક્ષિત. પણ એ જ્ઞાનમાત્રે લક્ષિત થતો જે ભગવાન અનંત શક્તિનું એકરૂપ તે એકભાવની અંદર, જ્ઞાનના એક સ્વરૂપની અંદર, અંતઃપાતિની-અંતરમાં જ્ઞાનના લક્ષણથી અંતર લક્ષ કરતાં સમ્યક્તા ઊછળે એની સાથે બીજી અનંત શક્તિઓનો ઉત્પાદ પર્યાયમાં ઊછળે છે. એવો ભગવાન આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયે વ્યાપી રહેલું તત્ત્વ (છે) તેને અહીં આત્મા કહે છે. **'અંતઃપાતિની (-જ્ઞાનમાત્ર એક ભાવની અંદર પડનારી અર્થાત્ જ્ઞાનમાત્ર એક ભાવની અંદર આવી જતી-) અનંત શક્તિઓ ઊછળે છે.'** ઓ..હો..હો...! સમજાણું ? ફુવારાને આમ દાબે છે

ને જ્યારે, ફડાક કરતું અંદરથી પાણી નીકળે છે. એમ ભગવાન આત્મા એના જ્ઞાન લક્ષણ વડે અંતરના લક્ષના દબાણ કરતો, એકાગ્ર કરતો એની પર્યાયમાં અનંત શક્તિ ફુવારાની પેઠે સમ્યક્પણાને પામતી, શાંતિને આપતી ઊછળે છે. સમજાય છે કાંઈ ?

**'આત્માના જેટલા ધર્મો છે...'** **'બધાય ધર્મોનું પરિણમન રહેલું છે.'** બધાય ધર્મોનું પરિણમન.. સમજાણું ? **'જેટલા ધર્મો તે બધાયને, લક્ષણભેદે ભેદ હોવા છતાં, પ્રદેશભેદ નથી;...'** શું કહ્યું એ ? બધા આત્માના ગુણ અને પર્યાય અનેક હોવા છતાં, લક્ષણભેદે જુદા હોવા છતાં અસંખ્ય પ્રદેશે વસ્તુ તરીકે જુદા નથી, પ્રદેશભેદ નથી. **'આત્માના એક પરિણામમાં...'** એક જ્ઞાનની પર્યાય સમ્યક્પણે પરિણમતા **'બધાય ધર્મોનું પરિણમન રહેલું છે.'** અનંતા ગુણોની પર્યાય વ્યક્તપણે અંશે પરિણમન શુદ્ધ થઈ જાય છે.

**'તેથી આત્માના એક જ્ઞાનમાત્ર ભાવની અંદર અનંત શક્તિઓ રહેલી છે.'** ઓ..હો..હો...! એક સમયમાં આત્મા અંતર લક્ષણે લક્ષિત (થતો), જ્ઞાન લક્ષણે લક્ષિત ધ્યેયને પકડતા એના દ્રવ્યમાં જેટલી શક્તિઓ અનંત છે એટલી એની વર્તમાન પર્યાયમાં પ્રગટરૂપ, ઉત્પાદરૂપ, પરિણમનરૂપ, વ્યક્તરૂપ શક્તિમાંથી અંશે બધી પર્યાયોનું પરિણમન ઊછળે છે. તે પર્યાય સહિતના, ગુણ સહિતના દ્રવ્યને આત્મા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? **'માટે જ્ઞાનમાત્ર ભાવમાં-'** એટલે કે **'જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ આત્મામાં-અનંત શક્તિઓ ઊછળે છે.'** અનંત શક્તિઓ ઊછળે નામ પરિણમે નામ આવી પડે છે. આવે છે. હવે **'તેમાંની કેટલીક શક્તિઓ નીચે પ્રમાણે છે :-'** અનંત શક્તિઓનું વર્ણન તો અમે કેમ કરીએ ? અમારા અધિકારમાં નથી. છદ્મસ્થ છીએ, એમ આચાર્ય કહે છે. એમાંથી કેટલીક શક્તિનું વર્ણન કરશું. એ નીચે પ્રમાણે છે.

પહેલી શક્તિ. જીવત્વશક્તિ, જીવનું જીવપણું, જીવનો જીવત્વ ધર્મ એ શું છે ? **'આત્મદ્રવ્યને કારણભૂત...'** આત્મા વસ્તુ, એને કારણરૂપે, કારણ થવારૂપે **'એવા ચૈતન્યમાત્ર ભાવનું...'** ચૈતન્યમાત્ર ભાવપ્રાણ, ચૈતન્યમાત્ર ભાવપ્રાણ, તેનું ધારણ **'જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ.'** શું કહે છે ? આ પાંચ ઈન્દ્રિય, મન, વચન ને કાયા, શ્વાસ અને આયુષ્ય એ દસ પ્રાણ (છે). એ દસ પ્રાણનું જીવન એ આત્માનું જીવન નથી. સમજાય છે કાંઈ ? પાંચ ઈન્દ્રિય, ત્રણ યોગ, શ્વાસ, આયુષ્ય-એ દસ જડ પ્રાણ એના અવલંબે જીવે એ જીવનું જીવત્વ નથી, એ જીવનો સ્વભાવ નથી, એ જીવની શાંતિ એમાં નથી. દસ પ્રાણે જીવે અને ટકે તે આત્માનું જીવન નહિ.

બીજી વાત. એ દસ પ્રાણની જે પર્યાયમાં યોગ્યતા છે... દસ પ્રાણ તો જડ કીધા. અસદ્ભૂત વ્યવહારનયે જીવન. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ તો શક્તિ દેવીને ખોલવાની વાત છે. જરી ઝીણી વાત પડે પણ સમજવા જેવી છે. એ ભગવાનનો ખજાનો ખોલે

છે શકિતઓમાંથી. ભગવાન આત્મા એ દસ પ્રાણ વડે જીવે તે જીવન એનું નહિ. આહા..હા...! અને એમાં દસ પ્રાણ જડ જે નિમિત્તરૂપે છે એમાં આત્મામાં અશુદ્ધ ઉપાદાનની લાયકાતથી, જે યોગ્યતાથી જીવન છે એ જીવનું જીવન નહિ. એ જીવનું જીવન નામ તાકાત અને ધર્મની જાગૃતિનું એ જીવન નહિ. સમજાય છે કાંઈ ?

હવે રહ્યો શકિતનો જીવ સ્વભાવ. '**આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ...**' ચૈતન્ય ભાવપ્રાણ ધારણ ટકાવવું જેનું લક્ષણ-એવું સ્વરૂપ '**એવી જીવત્વશક્તિ.**' બધા ગુણોને જીવપણે રાખનાર, જીવત્વપણે રાખનાર, બધા ગુણની પર્યાયનો આખો જીવત્વપણે રહેવું એ આધાર, એવો જીવત્વ નામનો જે સ્વભાવ એને સંભાળતા એ જીવત્વશકિત શકિતવાન દ્રવ્યની છે. જીવત્વશકિત શકિતવાન એવા આત્મદ્રવ્યની છે. એ આત્મદ્રવ્યને કારણભૂત એવી જીવત્વશકિત છે. એવી જીવત્વશકિતને '**ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે...**' એટલે ? કે જીવત્વ નામનો જે સ્વભાવ-શકિત-ગુણ એનો જે આધાર દ્રવ્ય એનું કારણ જીવત્વશકિત.

અહીં તો જીવત્વ શકિતના કારણરૂપે દ્રવ્યને લેતા નથી. આત્મદ્રવ્યને કારણભૂત, ભાઈ ! એમ લીધું. શું કીધું ? જીવત્વશકિત એનું કારણ દ્રવ્ય એમ ન લેતાં, જીવત્વશકિત આત્મદ્રવ્યનું કારણ છે (એમ લીધું છે). આહા..હા...! આત્મવસ્તુ-ભગવાન આત્મા, એમાં જીવત્વશકિત એના ભાવપ્રાણ, ચૈતન્યશકિતના ભાવપ્રાણનું ધારણ એવું જીવદ્રવ્યનું કારણ. જીવના ભાવ જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા, સુખ વગેરે. એવા જે આત્માના ભાવપ્રાણ, ભાવપ્રાણ-તાકાત એ આત્મદ્રવ્યને કારણભૂત જીવત્વશકિત (છે). એ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતાં એ જીવત્વશકિતનું પરિણમન (થાય છે). દ્રવ્યમાં જીવત્વશકિત રહી, ગુણમાં રહી અને પર્યાયમાં પણ જ્ઞાન, દર્શન, આનંદ, સુખ વગેરે એનું (પરિણમન), જીવત્વશકિત જે જીવદ્રવ્યનું કારણ, એનું પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું, સુખ-શાંતિનું જે પર્યાયમાં પરિણમન થાય એ જીવત્વશકિત ત્રણેમાં વ્યાપી ગઈ. શું કીધું ?

એ જીવત્વશકિતવાળો આત્મા. એના આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતાં એ જીવત્વશકિતનું પરિણમન થયું. એ ભાવપ્રાણને ધારણ કરનાર જે જીવશકિત એના પ્રાણ જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ આદિના પ્રાણ ત્યાં ખીલ્યા. એ પર્યાયમાં એ પ્રાણ ખીલ્યા, એ પર્યાયમાં પ્રાણ પ્રગટ્યા એ જીવત્વનું, જીવનું જીવત્વશકિતનું પર્યાયમાં જીવન પ્રગટ થયું એ જીવનું જીવન કહેવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

આવે છે ને ? 'જીવી જાણ્યું નેમનાથે જીવન.' સ્તુતિમાં આવે છે. સમજાણું ? 'જીવી જાણ્યું નેમનાથે જીવન.' એ જીવી જાણ્યું જ્ઞાનીએ જીવનું જીવન. સમ્યગ્દૃષ્ટિનું જીવન દસ પ્રાણને આધારે એનું જીવન નથી. દસ પ્રાણની યોગ્યતા પોતાની પર્યાયમાં વર્તે છે અશુદ્ધ ઉપાદાને. દસ પ્રાણ તો નિમિત્ત જડ (છે) પણ અશુદ્ધ ઉપાદાને પાંચ ઇન્દ્રિયની યોગ્યતા, ભાવ ઇન્દ્રિયની.

ભાવ ઇન્દ્રિયની, હોં ! મન, વચન, કાયાના પ્રાણની વિકાસની વીર્યની યોગ્યતા અને શ્વાસ ને આયુષ્ય જેટલો કાળ રહે એટલી પણ એની પર્યાયમાં ત્યાં નિમિત્ત છે તો અહીં નૈમિત્તિકમાં યોગ્યતા છે. એ જીવનું જીવન નહિ. એ જીવનું ટકવું નહિ. એને લઈને જીવ ટકે એ સાચું છે નહિ. સમજાણું કાંઈ ? એ જીવના જીવનના દીવડા પ્રગટ્યા.

કહે છે કે ભગવાન આત્મા.. અહો...! જીવદ્રવ્યને '**કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ...**' અનાદિથી ધારણ, અશુદ્ધ યોગ્યતાને ધારતો હતો અને નિમિત્ત તરફના લક્ષમાં જાણે નિમિત્તને ધારી રાખું છું એવી દૃષ્ટિ હતી, એ દૃષ્ટિ જીવત્વશક્તિનો ધરનાર એ આત્મદ્રવ્યને કારણ(ભૂત) ભાવપ્રાણ, એવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતાં (શક્તિનું પરિણમન થાય છે). આ 'સમયસાર' દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. એથી ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' એમાંથી શક્તિઓ એટલે દ્રવ્યનું સ્વરૂપ, દ્રવ્યનો સ્વભાવ, દ્રવ્યનો ગુણ, દ્રવ્યના સામર્થ્યનું વર્ણન કરીને દ્રવ્યદૃષ્ટિએ વર્ણન કર્યું છે. સમજાય છે કાંઈ ?

'પ્રવચનસાર'માં ૪૭ નય લીધી છે એ જ્ઞાનપ્રધાન કથનથી લીધી છે. કારણ કે એમાં જ્ઞાનપ્રધાન કથન 'પ્રવચનસાર'માં છે. એટલે એમાં બધા નયો જ્ઞાનપ્રધાને જણાવ્યા. સમજાણું કાંઈ ? એના પરિણમનમાં રાગનું પરિણમન કે મારો કર્તૃત્વ ધર્મ છે. એ રાગરૂપે નહિ પરિણમવું એવો પણ અકર્તૃત્વ મારો ધર્મ (છે). એની પર્યાયમાં જ્ઞાનને જ્ઞેય બનાવીને એટલે જ્ઞાનમાં જ્ઞેય બનાવીને એના ૪૭ ધર્મો વર્ણવ્યા. અહીં તો દ્રવ્યને જ્ઞેય બનાવીને (શક્તિઓનું વર્ણન કરે છે). સમજાય છે કાંઈ ? ઓલી તો પર્યાયોને જ્ઞેય બનાવીને જ્ઞાનપ્રધાનથી કથન છે. અહીંયાં દ્રવ્યને જ્ઞેય બનાવીને, દ્રવ્યને ધ્યેય બનાવીને એની શક્તિઓનું વર્ણન કરતાં કહે છે, ભગવાન ! અહો ! તારા જીવન.. સમજાણું ?

જ્ઞાન, આનંદ, સમ્યગ્જ્ઞાન એટલે ? જે જ્ઞાન પોતાને પકડી શકે તેવી સમ્યગ્જ્ઞાન પર્યાય. જીવનની શક્તિની સંભાળ કરતાં જીવનના શક્તિનો આધાર દ્રવ્ય અને એનું કારણ તે જીવત્વ શક્તિ. એવા આધારવંત આત્મદ્રવ્યમાં દૃષ્ટિ, લક્ષ, ધ્યેય કરતાં એ દ્રવ્યનું પરિણમન થતાં જીવત્વ શક્તિ પર્યાયમાં પરિણમી, પર્યાયમાં એ જીવત્વ શક્તિ અનાદિ કાળની પરિણમી નહોતી. શું કીધું સમજાણું ? એ જીવત્વ શક્તિ પરિણમી નહોતી. આ..હા...! વિકારરૂપે જે પરિણમન દસ પ્રાણનું હતું એ ખરેખર જીવત્વશક્તિનું કાર્ય જ નથી. શું કહે છે ? સમજાય છે કાંઈ ?

જીવત્વશક્તિ શુદ્ધ સ્વભાવ ભાવપ્રાણ છે. એની શક્તિનું પરિણમન શાંતિ, જ્ઞાન, આનંદનો અંશ, જ્ઞાનની સમ્યક્તા, દર્શનની સમ્યક્તા, શાંતિની પ્રગટતા, એવા અનંતા ગુણોનું જીવન એક જીવન શક્તિને આધારે (પ્રગટે છે). અરે..! એક જીવનશક્તિમાં અનંત શક્તિઓ રહેલી છે. વ્યાપકપણે એક જીવનશક્તિ છે ત્યાં અનંતા ગુણો રહેલાં છે. એટલે એક જીવનશક્તિ પરિણમતા એમાં કર્તા, જીવનશક્તિ પોતાના ગુણની પર્યાયની કર્તા નિર્મળ જ્ઞાન, દર્શન અને આનંદના પ્રાણરૂપી કર્મનું કાર્ય, એ જીવનશક્તિને કારણે પોતાની જ્ઞાન, દર્શનની, શાંતિની

ભાવપ્રાણની ધારણ ટકવારૂપ પર્યાય એનું કરણ એ જીવનશક્તિમાં છે. સમજાણું કાંઈ ? એમ એના અવલંબે નિર્મળ પર્યાય પ્રગટીને પોતે પોતામાં રાખે અને જીવનશક્તિનું કારણ અથવા આધાર દ્રવ્ય, એને આધારે જીવનશક્તિનું કાર્ય જે આત્મામાં થાય એને પરનો આધાર છે નહિ. સમજાણું કાંઈ ? અશુદ્ધ ભાવપ્રાણને આધારે આ જીવત્વશક્તિનો ભાવપ્રાણ નભે છે, ટકે છે એમ નથી. બહુ ઝીણું પણ ભાઈ આ. સમજાણું કાંઈ ?

આ અધિકાર તો (સંવત) ૨૦૧૬ની સાલમાં વાચ્યો હતો. મોટા અક્ષરે લખીને. સોળમા પર્યુષણમાં ધાર્મિક દિવસોમાં (વાંચેલો), પણ ત્યારે તો મોટા અક્ષરે (વાંચ્યું હતું). એક આંખનું ઓપરેશન થયું પણ કાચુ હતું ને. એકમાં હતો મોતિયો. હવે તો આ બેય સરખી ઉઘડી છે એટલે ઝીણા અક્ષરથી વંચાય છે હવે. સમજાય છે કાંઈ ? જુઓ ! શું કહે છે ?

ઓહો..હો...! એ જીવનશક્તિ, એનો સ્વભાવનો ભાવ ધરનાર દ્રવ્ય અને એ દ્રવ્ય ટકે છે જીવત્વશક્તિને લઈને જીવનું જીવન, લ્યો. એ અશુદ્ધ ભાવપ્રાણથી ટકે એ જીવનું જીવન નહિ. એની રેલમછેલ એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતાં એ જીવનશક્તિ જે સત્ત્વ સામર્થ્યરૂપે દૈવી શક્તિ પડી (છે)... દૈવી શક્તિ. પરમેશ્વર આત્માની દૈવી શક્તિ. પરમ ઈશ્વર એવો જે ભગવાન, એની દૈવી શક્તિને જોતાં, એ ભેદ ન પાડતાં અભેદ ચૈતન્ય ઉપર દૃષ્ટિ પડતા એ જીવન શક્તિની સાથે બધી શક્તિઓ એકસાથે ઊછળે છે. કહેવામાં ક્રમ પડશે, ઊછળવામાં ક્રમ નથી. શું કહ્યું ? કહેવામાં ક્રમ પડશે, પ્રગટવામાં ક્રમ નથી. સમજાણું કાંઈ ?

એ જીવનનું જીવન, કહે છે કે એવી જીવત્વશક્તિ. '**આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી...**' એકલો ચૈતન્યમાત્ર ભાવપ્રાણ. એ પ્રાણ પોષજે એમ નથી કહેતા ? હમણાં એક એવું આવ્યું હતું. વ્યવહારનયના પ્રાણને પોષવા. અરે..! ભગવાન ! સમજાય છે કાંઈ ? અરે..! પ્રભુ ! પણ એ વ્યવહારના પ્રાણમાં તું નથી. વ્યવહારનયના વિષયમાં તું નથી. બરાબર હશે આ ? એ વ્યવહારનયના વિષયમાં તારા પ્રાણ નથી. શેને પોષવા છે ? પ્રભુ ! આહા..હા...! માળો પણ ઊલટો પડે ત્યારે પણ માળો જબરો ને ! અનંતા તીર્થંકરો સમજાવે તોપણ અશુદ્ધતા એની મોટી. એને સમજાવવાની તાકાત કોઈ પરમેશ્વર રાખતું નથી. એનો પરમેશ્વર એની તાકાત રાખે છે. ઓહો...! શું થાય ? કહો, સમજાય છે ?

વ્યવહારનયને કારણે નિશ્ચય પ્રગટે એમ કહેનાર વ્યવહારના પ્રાણ પોષનારા એ જીવત્વની શક્તિના પ્રાણના પર્યાયનો નાશ કરી રહ્યા છે. સમજાણું કાંઈ ? 'દેવીલાલજી'! બરાબર છે ? આ વ્યવહારનયનો તો આ.... ભગવાન ! એ વ્યવહારનયના પ્રાણ છે ને, જ્ઞાન ઉઘાડ જે ભાવઈન્દ્રિય, એને પોષવા છે તારે ? વ્યવહારનયનો વિષય એ છે. અશુદ્ધ ઉપાદાન કહો કે નિશ્ચયની અપેક્ષાએ વ્યવહારનયનો વિષય કહો. જ્ઞાનનો ઉઘાડ પાંચ ઈન્દ્રિયનો, ભાવઈન્દ્રિય ખંડ ખંડ અને મન, વચન અને કાયાનું વીર્ય. મન-વચન તો જડ છે એમાં વીર્યનું ઉઘાડરૂપ નિમિત્ત છે, એને પોષવા છે ? એને પોષવા છે ? એ તો પોષણ અનાદિથી કરી રહ્યો છો. હવે

તારું એમાં જીવન શું આવ્યું ? એમાં કાંઈ તારા સકરવાર-દાળિયા થયા નહિ. સકરવાર કહે છે તમારે હિન્દીમાં ? અહીં સાંભળ્યું ? અચ્છા ! સમજાય છે કાંઈ ?

જે કોઈ પ્રાણી... એ.. .. આ મન, વચન અને કાયા છે તો જો આત્મામાં જ્ઞાન આદિ શક્તિ ખીલે છે. આ પાંચ ઇન્દ્રિય ખંડ ખંડ છે તો આત્માનું જ્ઞાન ખીલેલું છે. હજી તો એ ખીલવાને દ્રવ્ય ઇન્દ્રિય હોય તો ખીલે એમ કહે છે. ભગવાન ક્યાં ગયો તું ? સમજાય છે ? એ પાંચ ઇન્દ્રિય જડ અને એના પ્રાણ એ તો તારામાં ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. એ પ્રાણે જીવન છે એ તો જીવનું જીવન કહેવાય નહિ. ભાવપ્રાણ જે અશુદ્ધ છે તેને પણ સ્વતંત્ર હજી કબુલતા નથી. સમજાય છે કાંઈ ? હજી તો એ જ્ઞાનનો ખંડ ખંડ ઊઘાડ જ્ઞાનાવરણીને કારણે થાય અને વીર્યનો ઉઘાડ અંતરાયકર્મ ઘટે તો થાય (એમ માને). એની તો અહીંયાં વાત પણ લીધી નથી. ભગવાન ! તારી પર્યાયમાં જેટલું જીવન જ્ઞાનના ઉઘાડનું અને વીર્યનું છે, એ ઉઘાડ પણ વ્યવહારનયનો વિષય તે તારું નિશ્ચય જીવન નથી; અને નિશ્ચય જીવન તેને સત્ય જીવન, ભ્રમણારહિત જીવન કહેવાય છે. વ્યવહાર જીવન તે ભ્રમ સહિત જીવન છે. સમજાય છે કાંઈ ? એ વ્યવહાર જીવનમાં જરી રહ્યો યોગ્યતા, એ જ્ઞાનીના નિશ્ચય જીવનના ભાવપ્રાણના વિકાસના ભાનમાં એ જરી યોગ્યતા તે જ્ઞાનનો વિષય જાણવા લાયક રહી ગયો. સમજાણું કાંઈ ? એ આદરવા લાયક રહ્યો નહિ. સમજાય છે આમાં કાંઈ ? 'જગુભાઈ'! આવા ધાર્મિક મોટા દિવસમાં આવી વાતું ! એ.. 'પ્રાણભાઈ'! આ પ્રાણની વાત ચાલે છે. આહા..હા...!

અરે..! તને મનવાળો કહે અને તું રાજી થા. તને વાણીવાળો કહે અને તું રાજી થા. એ તારા પ્રાણ નહિ, પ્રભુ ! તને શરીરવાળો કહે અને તું ખુશી થા, તને ભાવઇન્દ્રિયના ખંડ ખંડવાળો કહે અને તું ત્યાં પ્રસન્નપણાને પામ. સમજાય છે ? આહા..હા...! એ તારા જીવન નહિ, ભાઈ ! તને તારા જીવનની, એ જીવનની પંથની રીત, એ જીવનના પથમાં દૃષ્ટિ આપતાં કેવું જીવન ઉઘડે એવી તને બાપુ ખબર નથી, ભાઈ !

ભગવાન આત્મા આમ જ્ઞાનમૂર્તિ છલોછલ ભરેલો છે ને. એ વસ્તુમાં આમ દરિયામાં ભરતી આવે, એ પાણીની ભરતી આવે, ઊછળી જાય પાણી અંદરથી, મધ્યબિંદુમાંથી ઊછળે છે. એમ જીવત્વશક્તિ જે આત્માના ભાવ જ્ઞાન, આનંદ આદિ પ્રાણનું ધારણ કરતી એવી જીવત્વ શક્તિનો ધરનાર ભગવાન પરમેશ્વર, એના સામે ટગટગ જોતાં, એના ઉપર ત્રાટક કરતાં... ત્રાટક સમજો છો ? લોલક ચાલતું હોય એમાં ત્રાટક થાય ? સ્થિર હોય તો આમ થાય. એ સ્થિર દ્રવ્ય ધ્રુવ છે કે જેમાં દૃષ્ટિ મૂકે તો દૃષ્ટિ ઠરી શકે છે. કારણ કે દ્રવ્ય પરિણમનવાળું કે ગમનવાળું નથી. એ તો એકરૂપ સત્ત્વ પરમાત્મસ્વભાવ, એમાં એ જીવત્વશક્તિ એની ખાણમાં પડી છે. 'સેઠી' ! તમે નહોતા પર્યુષણમાં ઓલા બે વર્ષ પહેલાં ? ૨૦૧૬ની સાલ. ગઈ સાલ હતા. ગઈ સાલમાં શ્રાવક અધિકાર ચાલ્યો હતો. એ પદ્મનંદીનો. બપોરે નહિ ? સવારે શું હતું ખબર નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

જીવનના જીવન જીવતા તને આવડ્યા, પ્રભુ ! એમ કહે છે. અહો...! તારી ખાણમાં જીવત્વશક્તિનું કારણ અને આધાર એવો જ્ઞાન-દર્શન-આનંદ આદિ ભાવપ્રાણ, પ્રાણ... પ્રાણ... પ્રાણ... પોષાય છે અંદર. એ પ્રાણનું પોષણ આપનાર એ જીવત્વશક્તિ છે. એ જીવત્વશક્તિનો આધાર ભગવાન આત્મા છે. એ ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ પડતાં તેની પર્યાયમાં એ ત્રણેમાં જીવત્વશક્તિ વ્યાપી જાય છે. એ જીવત્વશક્તિ પર્યાયમાં વ્યાપે ત્યારે એ જીવત્વશક્તિનું કાર્ય કહેવામાં આવે છે. એ જ્ઞાન, દર્શન, પ્રાણ જે આનંદ આદિ પ્રગટ્યા એનું કારણ જીવનશક્તિ અને ખરેખર લ્યો તો મૂળ કારણ દ્રવ્ય. એને આ ભાવપ્રાણ અશુદ્ધતા કે આટલું લાંબુ જીવન હતું, લાંબુ આયુષ્ય હતું તો એને કારણે આ ભાવપ્રાણ પોષાણા (એમ નથી). માણસ કહે છે કે ને કે લાંબુ આયુષ્ય હોય તો કામ થાય. કાંઈક સારા ઇન્દ્રિયો આદિ હોય તો કામ થાય. અહીં ના પાડે છે. આયુષ્ય પ્રાણે તારું કામ થાય એ વાત છે નહિ. સમજાણું કાંઈ ? એ જીવત્વશક્તિના કારણે તારું કામ થાય એવી આ શક્તિ અને સ્વભાવ છે.

'જીવી જાણ્યું નેમનાથે જીવન.' જીવી જાણ્યું સમ્યગ્દૃષ્ટિએ જીવન. સમજાણું કાંઈ ? ધર્મ આમાં આવતો હશે કે નહિ કાંઈ ? ધર્મ ક્યાં આવતો હશે આમાં ? આમાં જીવત્વશક્તિ આવી. એના ભાવપ્રાણને ધારણ (કરે). હવે એમાં શું પણ ? એમાં ધર્મ ક્યાં આવ્યો ? ક્યાં ગયા 'માણેકલાલભાઈ'! આમાં ધર્મ ક્યાં આવ્યો ? ઈ પૂછે છે. એને બરાબર ખબર ન પડે કે આ શું મહારાજ કહે છે ? ધર્મ શું કહે છે આ ? વાત તો આવી કરે અને કહે એમાં ધર્મ થાતો હશે. શી રીતે ધર્મ થાતો હશે ? 'ભીખાભાઈ'!

**શ્રોતા :–** આમાં કરવાનું નથી આવતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ કરવાનું નથી આ ? આ તો પહેલાં છ કારકો કહ્યા. એક જીવનશક્તિમાં ષટ્કારક પડ્યા છે. એક જીવનશક્તિમાં ષટ્કારકના કાર્ય પડ્યા છે. એ જીવન શક્તિનો આધાર ભગવાન એવા જીવનો જીવત્વભાવ, એનો ભાવવાન પ્રભુ, એમાં દૃષ્ટિ આપતાં એના જ્ઞાનની, દર્શનની, આનંદની પર્યાય પ્રગટે એને ધર્મ કહેવામાં આવે છે. એ એણે કર્યું, એ એણે કર્યું. એ માટી થઈને કર્યું. માટી થઈને એટલે ? ધણીપતે કર્યું. માટી એટલે ધણી. અમારે કહે છે ને ધણી કહે છે. માલિક થઈને કર્યું, પામર થઈને નહિ. એ જીવત્વશક્તિનો પ્રાણ છું હું. જીવત્વ શક્તિનું હું જ કારણ છું. મારો આત્મા છે તેમાં જીવત્વશક્તિ રહેલી છે. માલિકપણે, ધણિપતે જીવત્વશક્તિને પરિણમાવતો આત્મા, પોતાની શાંતિ, સમ્યગ્જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તાનું અસ્તિત્વ, એવા જ્ઞાન, દર્શન અને આનંદની સાથે (પરિણમે છે). અસ્તિત્વ તો સદાય છે, પણ જ્ઞાન-દર્શન-આનંદના પ્રાણ જ્યાં પ્રગટ્યા ત્યારે ખરું એનું અસ્તિત્વ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ ? 'દેવીલાલજી'! આ જરી ઓલો થાય એવો છે, હોં ! આ તો સમજાય એવી વાત છે. આમાં કાંઈ એવી નથી ઓલી જરી... સમજાણું કાંઈ આમાં ?

**'આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યભાવરૂપી ભાવપ્રાણ...'** ભાવપ્રાણ-ભાવપ્રાણ,

શુદ્ધ ભાવપ્રાણ, પવિત્ર ભાવપ્રાણ. એની ખાણમાં પવિત્ર ભાવપ્રાણ, આ એનું જીવત્વશક્તિનું પરિણમન-કાર્ય થતાં આનંદ અને શાંતિ જીવનને મળે એને ધર્મ કહેવામાં આવે છે. ભારે ભાઈ આ ધર્મ ! કોઈ દિ' એવી જીવત્વશક્તિ સાંભળી હતી બીજે ક્યાંય ? છે ? બીજા સંપ્રદાયમાં છે ક્યાંય આ ? ૪૭ શક્તિ લાવો બીજે ઠેકાણે હોય તો. આણે તો વાંચ્યું છે કે નહિ ? શ્વેતાંબરના શાસ્ત્ર વાંચ્યા છે. છે એમાં આવી ૪૭ શક્તિ ? સમજાણું કાંઈ ? આહા..હા...!

એ તો જેની પાસે હોય ત્યાંથી આવે ને ? જેમાં ન હોય ત્યાંથી ન આવે. આ ૪૭ શક્તિનું વર્ણન આ ભરતક્ષેત્રની અંદર આ શાસ્ત્ર સિવાય બીજે ક્યાંય છે નહિ. એ આત્મા સિવાય નથી એટલે જ્યાં આત્મા હોય ત્યાં શક્તિનું વર્ણન હોય. સમજાણું કાંઈ ? અને એ 'અમૃતચંદ્રાચાર્ય' ઊછળી નીકળ્યા હતા. જુઓને ! એમ કીધું ને ઓલું ? ઊછળે છે. ઊછળે છે એટલે ઊછળી નીકળ્યો છું હું. મારી જ્ઞાનપર્યાય સમ્યક્ ચૈતન્યના અવલંબે થતાં મારી અનંતી શક્તિઓ અમૃતની સાથે, આત્માના આનંદની સાથે ઊછળી ગઈ છે. સમજાણું ? એ મારી પર્યાયમાં ભરતી આવી છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? અનાદિનો ઓટ હતો. અનાદિનો ઓટ. ઓટ કહે છે કે નહિ ? પાણી પાછું જાય ને ? ભરતી-ઓટ.

**શ્રોતા :-** જવાર-જવાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જવાર તો આવે એ કે જાય ઈ ? ઉતરી જાય ઈ.

અહીં તો કહે છે કે આવે એને અહીંયાં આવકાર છે. અંતરમાંથી આવે એનો આવકાર છે, જાય એની વાત અહીં નથી. કહો, સમજાણું કાંઈ ? તમારે લગનમાં નથી ગાતા ? ઓલા બાયું-બાયું જાય ત્યારે કહે. આવે એને આવકાર દેજે રે. બાયું ગાય છે કાંઈક. આપણે ગાય છે આ દશા-વિશામાં. ઓલી જાન જાય ને બાયું-બાયું ? ખાવા જાય જમવા. ત્યારે એવી બધી ભાષા ઠેકાણા વિનાની હતી. આવે એને આવકાર દેજે રે.. મારી ઓલી... કહે છે ને ઓલી એની વેવાણ ? ફલાણી વેવાણ એવું. કાંઈ ન મળે ઠેકાણા વિનાનું. ઢોંગે ઢોંગ.

અહીં કહે છે કે અરે...! આત્મા એક સમયની પર્યાયમાં જીવનના જીવન અહીં ઊછળ્યા એ સત્કાર... સત્કાર... સત્કાર... કરજે. આદર... આદર... આદર (કરજે) અને પર્યાયનો રાગ ને અશુદ્ધ ઉપાદાનનો આદર છોડજે. નિષેધ-નિષેધ. પણ અહીં નિષેધની વાત કરી નથી. અહીં તો અસ્તિથી ચાલ્યું છે ને ! કારણ કે નમઃ સમયસારાય (કહીને) અસ્તિથી ઉપાડ્યું છે કે નહિ ? એવી અસ્તિથી શક્તિનું વર્ણન કરી 'સમયસાર' પૂરું કરશે. સમજાણું કાંઈ ? એવી જીવત્વશક્તિ.

ત્યારે કોઈ કહે કે એવી અંદર શક્તિ છે તો કેમ કામ કરતી નથી ? એમાં જીવનશક્તિ જો પડી હોય તો એ કામ કરતી નથી ? એ પ્રશ્ન કરતાં. એક વકીલ હતા ઈ. આવો ધોયેલ મૂળા જેવો હોય તો કામ નથી દેખાતો ? કહે. ભાઈ ! એ તું કારણરૂપ દ્રવ્યને બનાવ ત્યારે કાર્ય થાય ને ? તેં હજી રાગને, નિમિત્તને, સંયોગને કારણ બનાવીને તારું કાર્ય કરવા તું મથ્યો છો. સમજાણું કાંઈ ? એટલે જ્યારે જીવત્વશક્તિનો ધરનાર ભગવાન આત્મા, એને કારણરૂપે (બનાવ).. છે તો

કારણપરમાત્મા પોતે, પણ કારણને કારણરૂપે બનાવાય ક્યારે ?–કે એના ઉપર વર્તમાન દશાને એમાં અંતર મૂકતા ત્યારે તે કારણને કારણ બનાવ્યું અને તેની પર્યાયમાં કાર્ય અંશે આવ્યું. સમજાણું કાંઈ ? કેટલાક કહે ને ? કારણ પણ એને કહેવાય કે કાર્ય હોય. એમ ભાઈ દલીલ કરે છે. કારણપરમાત્મા, કારણપરમાત્મા (હોય) તો કાર્ય હોવું જોઈએ. સાંભળને ! એ કારણપરમાત્મા હોય તો કાર્ય હોય જ, પણ તારી દૃષ્ટિમાં કારણપરમાત્મા તું લે ત્યારે કાર્ય હોય કે કારણપરમાત્માને દૃષ્ટિમાં ન લે અને રાગને, અલ્પજ્ઞને (દૃષ્ટિમાં રાખીને કાર્ય આવે) ? સમજાણું કાંઈ ? એને માનતો તો નથી.

આ ભગવાન આત્મા એક સમયમાં ચૈતન્ય ઝબકતો સૂર્ય, એક જ્ઞાનની પર્યાયની સાથે ઊછળતા અનંતા અનંતી શક્તિનો ઢાળ ઢળતો આમ પ્રવાહ પડતો આખો એક સમયમાં પર્યાય ઊછળે છે. પણ તું એને માન અને કારણ બનાવ ત્યારે ને ? બીજાને કારણરૂપ મહાત્મ્ય આપે અને આને મહાત્મ્ય ન આપે તો એ પરિણમન થાય નહિ. 'ધર્મચંદજી'! એક શક્તિ થઈ.

**'એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં–આત્મામાં ઊછળે છે.'** પરિણમે છે, ઉત્પાદ તે જીવત્વશક્તિનો ગુણનો ગુણીના આધારમાં લક્ષ આપતા એ ગુણનું પરિણમન પર્યાયમાં ઊછળે છે. આ એનું જીવન અનંતે કાળે નહિ જીવ્યું એવું એનું જીવન થઈ ગયું. અનંત કાળમાં એક સેકન્ડ પણ જીવન જીવ્યું નહોતું એવું જીવન થઈ ગયું. એવા જીવનમાં કદાચિત પુણ્ય પણ બંધાઈ જાય કોઈ રાગ રહ્યો હોય, એ પણ અનંત કાળમાં નહોતું પુણ્ય બંધાણું એવું પુણ્ય બંધાઈ જાય. સમજાણું કાંઈ ? છતાં તેનો જ્ઞાતા–દૃષ્ટા રહે, આદર નહિ.

બીજી શક્તિ. **'અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ.'** લ્યો ! અજડત્વ, જડપણું નહિ. જેમાં જડપણું નહિ. અજડત્વ. જડત્વપણું નહિ. ઓલું જીવત્વપણું, જીવત્વપણું, તો જડત્વપણું નહિ. સમજાય છે કાંઈ ? બિલકુલ જડત્વપણું એમાં નહિ. જીવત્વશક્તિ પૂર્ણ જીવંત શક્તિ એનું જીવન, ત્યારે જડત્વપણું એક અંશે પણ એનામાં નથી. અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ. ત્યારે કોઈ કહે કે ચૈતન્ય ભાવપ્રાણમાં તો આવ્યું હતું ઈ. ચૈતન્ય ભાવપ્રાણમાં ચિતિશક્તિ આવી ગઈ, પણ ચિતિશક્તિનું મહાત્મ્ય અનંત... અનંત... અનંત દર્શન અને જ્ઞાન જાણે એવી તાકાત એની છે. એની અનંત મહિમા જણાવા ચિતિશક્તિને બીજી શક્તિ તરીકે વર્ણવી છે. છે તો એ જીવત્વશક્તિનું જ લક્ષણ. ચિતિશક્તિ.. સમજાય છે કાંઈ ? એ જીવત્વશક્તિનું જ લક્ષણ (છે), પણ આની શક્તિનું મહાત્મ્ય વિશેષ બતાવવા ચિતિ (શક્તિ કહી છે). ચિતિમાં બેય આવી ગયા, હોં ! દર્શન અને જ્ઞાન.

**'અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ. (અજડત્વ અર્થાત્ ચેતનત્વ જેનું સ્વરૂપ છે...)'** એટલે કે ચેતનત્વપણું જેનું સ્વરૂપ. ચેતનત્વ જેનું સ્વરૂપ છે. **'એવી ચિતિશક્તિ.'** એટલે કે તે ચિતિશક્તિનો આધાર ભગવાન, એમાં આ લક્ષ આપતાં, એની રુચિ કરતાં, અંતર્મુખગત કરતાં પર્યાયને અને વીર્યને વર્તમાન અંતર્ગત કરતાં એનામાં પ્રાણ પર્યાયમાં ચિતિશક્તિની પર્યાય

પ્રગટ થાય છે. સમ્યક્પણે પ્રગટ થાય તે જીવને પકડવાની લાયકાતવાળી. અનાદિથી ઉઘાડ રાગ ઉપર જતો, સમજાય છે ? જેનું લક્ષણ નહોતું એમાં જતો. લ્યો ! કાલે વાત કરી હતી 'દેવીલાલજી'એ.

ચિતિશક્તિ ખરેખર તો એનું લક્ષણ છે, પણ એ ચિતિશક્તિનો સ્વભાવ અનંત મહિમા જાણવું અને દેખવું છે. એમ બતાવવા એ ચિતિશક્તિનો ધરનાર ભગવાન એ ચિતિશક્તિપણે રહેલો (છે), એમ દૃષ્ટિ આપતા એ ચિતિશક્તિ દ્રવ્યમાં, ગુણમાં તો હતી, પણ પર્યાયમાં જ્ઞાન અને દર્શનની અનંત મહિમા પ્રગટ કરતી ચિતિશક્તિ પ્રગટ થાય છે. એ દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણેમાં વ્યાપી જાય છે. ત્રણેમાં વ્યાપે ત્યારે એને ચિતિશક્તિની પ્રતીત કરી એમ કહેવામાં આવે, નહિતર પ્રતીત કરી નથી. બહુ ઝીણું આમાં, 'સેઠી' !

શું આ કરવાનું એમાં આવે છે કે નહિ કાંઈ ? કરવાનું આવ્યું ? બહિર્મુખ દૃષ્ટિમાં શક્તિ દેખવામાં આવતી નથી. એમાં પરની શક્તિ દેખવામાં આવે છે કે આની શક્તિ લાગે છે.. આની શક્તિ લાગે છે... આની તાકાત લાગે છે... આનું સામર્થ્ય લાગે છે. શરીરનું સામર્થ્ય છે તો જ્ઞાન-દર્શન કામ કરે, ઇન્દ્રિયનું સામર્થ્ય છે તો જ્ઞાન-દર્શન કામ કરે. સારા-સારા ખોરાક ખાઈએ, બદામ અને પિસ્તા (તો જ્ઞાન-દર્શન કામ કરે). એવું આવે છે, હોં ! શાસ્ત્રમાં. 'ગોમટસાર'માં. નોકર્મ લીધું છે. મતિજ્ઞાનનું નોકર્મ લીધું. બદામ, પિસ્તા, ચારોલી એવી હોય ને. આ દૂધ કઢેલા કેસરના. એ નોકર્મ છે. એને લઈને મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન (કામ કરે). એક જણો હતો. અહીંયાં આવ્યો હતો. એ ખાઈને પછી થોડા બદામ અને પિસ્તા ખાય. જેમ .. ખાય ને બીજા ? એમ ખાધા પછી થોડા બદામ અને પિસ્તા ખાય. તો કહે આ ? એ નોકર્મ છે મતિજ્ઞાનનું. આહા..હા...!

**શ્રોતા :-** મલાઈ ખાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, મલાઈ ખાય. એ તો એક બ્રાહ્મી દવા આવે છે ને ? શું કહેવાય ? બ્રાહ્મી તેલ. મગજમાં બરાબર આમ રાખે (તો) મગજ તર થઈ જાય. મૂઢ છો ? એની શક્તિને તેં ભાળી ! એની શક્તિમાં ભાળ્યું અને તારું કાર્ય એને લઈને થાય. ચિતિશક્તિને લઈને જ્ઞાન અને દર્શનનો પર્યાય સમ્યક્પણે સામર્થ્ય લઈને ઉઘડે છે. ફડાક ઉઘડે છે. એ કેટલું સામર્થ્ય ? કે અનંત કાળમાં એ સામર્થ્ય એને પ્રગટ થયું નથી. એક આખું દ્રવ્ય ચૈતન્યપ્રભુ, એ ચિતિશક્તિનો ધરનાર, એવા દ્રવ્યની દૃષ્ટિ કરતાં એ ચિતિની જ્ઞાન-દર્શનની પર્યાય એવી પ્રગટી, એકરૂપ ચૈતન્ય કે આખા આત્માને પકડીને એમાં ઉપયોગ કરીને એકાકાર થાય એવી એનામાં તાકાત છે. તાકાત પર્યાયમાં પ્રગટી. ગુણમાં તો હતી. સમજાણું કાંઈ ? લ્યો !

એ '**ચેતનત્વ જેનું સ્વરૂપ છે...**' ચેતનત્વ એકલું. એકલું ચેતનત્વ. જાણવું-દેખવું એવું જ એનું સ્વરૂપ છે. બીજું કોઈ એનું સ્વરૂપ છે નહિ. એમ અંતરમાં દ્રવ્ય વસ્તુને અંતર આદર કરતાં, અંતર આદર કરતાં, બહિરનો આદર છૂટતા એ ચેતનત્વ શક્તિનું પરિણમન, દ્રવ્યમાં તો એ

શક્તિ હતી, ગુણરૂપે હતી એનું પર્યાયમાં વ્યાપકરૂપે પરિણમન વર્તમાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચૈતન્યની પર્યાય પ્રગટ થાય કે જેને લઈને આત્મ દ્રવ્યદૃષ્ટિમાં અને આત્માના ઉપયોગમાં કામ કરી શકે. એવી પર્યાયવાળા પરિણમનને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એને અહીં આત્મા કહે છે.

બહારના ઉઘાડ નવ પૂર્વના હોય. સમજાણું ? ચિતિશક્તિ નહિ. એ ચિતિશક્તિનું કાર્ય નહિ. રાગ મંદ કરી અને નવ પૂર્વનો વિકાસ-ક્ષયોપશમ થયો એ ચિતિશક્તિનું કાર્ય નથી. પરલક્ષી પરને લક્ષ કરનારું, લક્ષણ આનું અને લક્ષ કરે પરનું, એ કાર્ય ચિતિનું નહિ. એ ચિતિશક્તિ લક્ષણ જીવત્વનું એનું પણ એ કાર્ય નહિ. જ્ઞાન વસ્તુ ચિતિ ચૈતન્યસ્વરૂપ ભગવાન એકલો ચૈતન્યસ્વરૂપ, ત્રિકાળ ચૈતન્યસ્વપ. એમ દૃષ્ટિ આપતા એ ચૈતન્યનું પરિણમન પર્યાયમાં એની પરિણતિ થઈ- ચૈતન્યશક્તિની, એ પરિણતિને આત્માની કહેવામાં આવે છે. એ નવ પૂર્વના ઉઘાડને આત્માની પરિણતિ કહેવામાં આવતી નથી.

**શ્રોતા :-** .. કાંઈક મદદ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈક મદદ કરે એમ છે કાંઈ. એ પરને જણાવવામાં મદદ કરે, સ્વને જરીએ મદદ કરે નહિ. સમજાણું આમાં ? કાંઈક મન, કાંઈક ઉઘાડ પરલક્ષી કામ કરે કે નહિ ? એ બે દિશાઓ જ ફેર (છે). જે જ્ઞાન પરનું કામ કરે અને એ જ્ઞાન સ્વનું કામ કરે, (એમ નથી), બેના કાર્ય જ ભિન્ન છે. આ ઝીણું તો બહુ, ભાઈ ! સમજાણું કાંઈ ?

એ જ્ઞાન અને દર્શનરૂપ ચિતિ એટલે ચૈતન્યપણું. ચૈતન્ય સામાન્ય વાત લીધી છે ને ? સામાન્ય શક્તિનો વિકાસ થતાં એ સ્વભાવ જે શુદ્ધપણે પરિણમ્યો, ચૈતન્યપણું જે ચૈતન્યપણાપણે પરિણમ્યો એ જીવનું પરિણમન છે. એ સિવાય રાગ-દ્વેષ અને સંયોગનું થવું એ જીવનું પરિણમન નથી. પણ પરના લક્ષનું (જ્ઞાન કરી) નવમી ગ્રૈવેયક ગયો અને જે અગિયાર અંગ અને નવ પૂર્વના ઉઘાડ થયા, કહે છે કે એ ચિતિશક્તિનું કાર્ય નહિ અથવા એ દ્રવ્યનું પરિણમન નહિ અથવા એ સ્વભાવનું કાર્ય નહિ. સમજાણું કાંઈ ? ચિતિશક્તિનું કારણ તો દ્રવ્ય છે. એ દ્રવ્યને લક્ષે આ કાર્ય પ્રગટ થાય. પરને લક્ષે એ ચિતિશક્તિનું કાર્ય પર્યાયમાં વ્યાપતું નથી. ઓહો..હો...! બહુ ઝીણી વાતું. નહિતર આવા મોટા દિ'માં તો અપવાસ બહુ કરાવે માણસને, લ્યો. અપવાસ કરો, આંબેલ કરો, ઓળી કરો. એટલા-એટલા અપવાસ કરે, અરે..! ભગવાન ! પ્રભુ ! એ કાંઈ તારા જીવનની હિત દશા છે ? આહાર ન આવ્યો અને કદાચિત્ રાગ મંદતાના પરિણામ રહ્યા, રાગ મંદતાના પરિણામ રહ્યા એ કાંઈ જીવનું જીવન છે ? એ કાંઈ ધર્મનું જીવન છે ?

અહીં તો ધન્ય મહારાજ ! એમ કહે છે, લ્યો. ૪૦ અપવાસ કર્યા, ૬૦ અપવાસ કર્યા તો આહા..હા...! આ મહારાજનું પારણું થાય તે દિ' મારે ઘરે જો આવે ને, પહેલાં જો મારે ઘરે એનો કોળીયો પડે ને એની પાસે, આપણું તો કલ્યાણ થઈ જાય, લ્યો ! 'ભીખાભાઈ'! આમ

વાટું જોવે. તપસી મહારાજ આજ નીકળ્યા, તપસી મહારાજ નીકળ્યા. અરે..! ભગવાન ! 'દેવીલાલજી'! પણ એમાં બાયડુને બહુ હોય એવું, હોં ! લ્યો, ઈ હા પાડે છે પાછા. તમારા ઘરની હા પાડો છો તમે ? આહા..હા...! કેટલા પાછા ? ૬૦. એક પાણીના આધારે, બીજું કાંઈ નહિ. આહા..હા...! અરે..! ધન્ય ભાગ્ય ! એ ચોથા આરાના મહિના અને પાંચમા આરાનું અઠ્ઠમ બે સરખા. એમાં ૬૦ અપવાસ. ધન્ય મહારાજ ! ધન્ય !! અને એને ઓલે જો બે કોળિયા જાય તો જીવન અમારા સફળ થઈ જાય. એ તારા જીવન એમાં અફળ જાય, સાંભળ, કહે છે. 'માણેકલાલભાઈ'! આહા..હા...! અરે..! તારા જીવન તે કાંઈ આવા ? એક તો જાણે ઓલો અજ્ઞાની, મૂંઢ. જીવનના જીવનની શ્રદ્ધા અને જ્ઞાનની ખબર ન મળે. 'કટારિયાજી'! આકરી વાતું બહુ આ. બાયડુને બહુ લાગે હોં ! જરી. એના ભોળા હૃદય ને જ્યાં ત્યાં ધર્મ કલ્પીને બેઠા હોય ને. જે કુળે જન્મ્યા હોય, જેનો સંગ ઘણો કાળ રહ્યો હોય એ વાતની છાપ અંદર પડી હોય અને એ છાપમાં જ બધી મોજું માણતા હોય. આપણે આમ ધર્મ કર્યો છે.

ભગવાન ! ધર્મનું રજીસ્ટરપણું કાંઈક જુદું છે. એ ભગવાન પાસે જઈને રજીસ્ટર કરાવવું પડશે. સમજાણું કાંઈ ? અજ્ઞાની પાસે જઈને રજીસ્ટર કરી આવે કે અમે ધર્મ કર્યો, એમ નહિ ચાલે. સમજાણું કાંઈ ? કહે છે... આહા..હા...! ભગવાન આત્મા એમાં એ શક્તિ (રહેલી છે) અને શક્તિ છે એનું સામર્થ્ય શું કહેવું ? અપરિમિત સામર્થ્ય. અહદ્ એટલે બેહદ સામર્થ્ય. વસ્તુ છે, પદાર્થ છે અને એની ચિતિશક્તિ છે. એ ચિતિશક્તિનું પરિણમન પોતાથી થાય છે. હજી તો અહીં પર્યાયમાં જ્ઞાન-દર્શનનું... ઓલામાં આવે છે ને ? ભાઈ ! ચૈતન્ય ઉપયોગ.. શું કીધું ? ઉપયોગ અનુસારે. 'ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ' ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ. ચૈતન્યને અનુસરીને થતાં પરિણામને ઉપયોગ કહે. એવા હજી વ્યવહારના અર્થની ખબર ન મળે. ત્યાં એ કહે, પાંચ ઈન્દ્રિય, મન, આ પુસ્તક, આ પાના આ એને અનુસરીને ઉપયોગ તે ચૈતન્યનનો ઉપયોગ. સમજાણું કાંઈ ? ચૈતન્યને અનુવિધાયી પરિણામ તે ઉપયોગ. આ બાર પ્રકારના છે ને એ વાત સામાન્ય વ્યાખ્યા છે ઈ. અહીં તો એથી બીજી વ્યાખ્યા છે. ઓલામાં તો અજ્ઞાન પણ એમાં આવી જાય છે. ચૈતન્ય અનુવિધાયી પરિણામમાં. ફક્ત એ તો ચૈતન્યને અનુસરીને એનું પરિણમન.

અહીં તો ચૈતન્ય અનુસરણમ. ભગવાન દ્રવ્યસ્વભાવ ચેતન, એની ચૈતન્યત્વ શક્તિ, એની દૃષ્ટિ આપતાં ચૈત્યનનું પરિણમન સ્વયંસિદ્ધ પરના અવલંબન વિના, પહેલાંનો જે ઉઘાડ હતો એની સહાય વિના, પહેલાંનો જે ઉઘાડ હતો એની સહાય વિના એ ચૈતન્યની શક્તિનું ચૈતન્યપણું એની પર્યાયમાં વ્યાપી જાય છે અને તેના છએ કારકો પોતાથી થાય છે. સમજાણું કાંઈ ? એ ચૈતન્યશક્તિનું પરિણમન એ કર્તા ચૈતન્યશક્તિ, કર્મ પણ કાર્ય એનું, કારણ પણ એ, સંપ્રદાન પોતે થઈને પોતે રાખ્યું, પોતાના ધ્રુવમાંથી કાઢ્યું અને પોતાને આધારે નીકળ્યું. કોઈ પૂર્વના ઉઘાડના આધારે નીકળ્યું એમ વસ્તુના સ્વરૂપમાં નથી. કહે છે ને માણસ કેટલાક ? કે

ભાઈ ઓહો..હો...! આમનો બહુ ઉઘાડ. પૂર્વનું હતું ને. 'સેઠી' ! એમ અહીં ના પાડે છે. અહીં તો વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન... ચિતિશક્તિના ધરનાર ઉપર દૃષ્ટિ આપતાં વર્તમાન પ્રગટ થયું તેનું કારણ દ્રવ્ય છે. પૂર્વનો ઉઘાડ પણ તેનું કારણ નથી. સમજાણું કાંઈ ? એવું જે ચૈતન્યત્વ...

**શ્રોતા :–** પૂર્વનો ઉઘાડ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઉઘાડ ? હા, ઠીક. એમ કહ્યું કે પૂર્વનો જે ઉઘાડ જ્ઞાનનો ક્ષયોપશમ હોય ને, એને લઈને આ સંસ્કાર વર્તમાન ઉઘડ્યા એ પણ ઉપચારની વાત છે, વાસ્તવિક નથી. એ ચિતિશક્તિનો ધરનાર ભગવાન ચૈત્યસ્વરૂપ, એ ચૈતન્યની દૃષ્ટિ આપતાં વર્તમાન ચૈતન્યની જ્ઞાન- દર્શનની પર્યાય પ્રગટ થાય, પૂર્વને કારણે નહિ. વર્તમાન ઉઘાડ છે ને ઉઘાડ હવે ? વર્તમાન ઉઘાડ એને કારણે ચૈતન્યનું પરિણમન પણ નહિ. 'ધર્મચંદજી'! કહો, આ ક્યાં હશે આવી વાત ? જૈન પરમેશ્વર સિવાય ત્રિલોકનાથ દેવાધિદેવ અને એના ભક્તો સિવાય બીજે ક્યાંય હોય નહિ. અહીં તો સોએ સો વાત અખંડ છે. એમાં ખંડ પડે જ નહિ. અખંડમાં ખંડ પડે નહિ. શું કહ્યું ? 'સેઠી' ! શું બોલ્યા તમે ?

**શ્રોતા :–** વર્તમાન પર્યાય પરિણમન..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વર્તમાન ઉઘાડ પર્યાય-ઉઘાડ પરલક્ષી. ચિતિશક્તિના પરિણમનમાં એનું કારણ નહિ. આહા..હા...! એવો નિરાલંબી પ્રભુ, કહ્યું છે ને ? નહિ ? ભાઈએ નથી લખ્યું ? 'જેવું નિરાલંબી આત્મદ્રવ્ય એવો નિરાલંબી ભગવાનનો દેહ.' આમ ઉપર રહે છે, ઊંચો. સમવસરણમાં સિંહાસનમાં ભગવાન બેસે નહિ. આહા..હા...! ચાર ઘાતિનો નાશ થયો. પર્યાય પ્રગટી. આમ શરીર સમવસરણમાં ઊંચું, નિરાલંબન. ભગવાન પણ શક્તિ અને શક્તિવાનથી પરિણમતો નિરાલંબન ભગવાન છે. એને કોઈનું આલંબન-બાલંબન છે નહિ. સમજાણું કાંઈ ?

'**(અજડત્વ અર્થાત્ ચેતનત્વ જેનું સ્વરૂપ છે એવી ચિતિશક્તિ.)**' એનું જ્ઞાન અને દર્શનરૂપ સામાન્ય ચેતન-ચેતનત્વ એનું પ્રગટપણું તો એના દ્રવ્યને આધારે જ પ્રગટ થાય છે. એ તો વાત કરી છે ને ? 'પ્રવચનસાર'માં નથી કીધું ? ગુણના પરિણમને પરિણમન છે કે દ્રવ્યના પરિણમને ? ગુણના પરિણમને કહીએ પણ મૂળ તો દ્રવ્યના પરિણમને છે. એ દ્રવ્ય વસ્તુ અખંડ સામાન્ય ધ્રુવ ચૈતન્યને ધ્યેય કરતો આખું દ્રવ્ય પરિણમે છે એમાં ગુણ સાથે પરિણમે છે. ધારા ન્યાંથી ચાલે છે. દ્રવ્યમાંથી પ્રવાહ આવે છે, એકલા ગુણમાંથી જુદો આવતો નથી. એવો ચૈતન્ય ગુણ ભગવાન આત્માનો ચેતતો-જાગતો ઊઠ્યો, જાગતી પરિણતિ ઊઠી એ ચૈતન્યની સંભાળ દૃષ્ટિ સાવધાન થઈને (કરે છે).

'સમય વરતે સાવધાન' નથી કહેતા ? સમય એટલે આત્મા. સમય એટલે આત્મા. એમાં વર્તે સાવધાન થા. એવી ચૈતન્યશક્તિની વ્યક્તતા પ્રગટ કરવી હોય તો ચૈતન્યની પ્રતીત કર અને પ્રતીત કર ને આધાર દ્રવ્યની પ્રતીત કર એટલે પર્યાયમાં પણ તે ચૈતન્ય શક્તિનો અનંત કાળમાં

જે ઉઘાડ નહિ થયો એવી જાગૃત દશા ચૈતન્યની, દર્શન-જ્ઞાનની થશે. સામાન્યરૂપે ચૈતન્ય પ્રગટ થશે. એને અહીંયાં ત્રણેમાં વ્યાપી ગઈ શક્તિને ચૈતન્યશક્તિ કહે છે. એકલા દ્રવ્ય-ગુણમાં રહે એને ચૈતન્ય શક્તિ કહેતા નથી. પ્રતીતમાં આવી નહિ, ખ્યાલમાં આવી નહિ, કાર્ય ન થયું તો કારણ છે એમ માન્યું કોણે ? સમજાય છે કાંઈ ? જેનું કાર્ય ન આવ્યું એને કારણ માન્યું છે એમ કહેવાય નહિ. એ કારણ માને એને કાર્ય આવ્યા વિના રહે નહિ. એને આત્મા કહેવાય અને એને ચિતિશક્તિ માની અને એનું પરિણમન થયું એમ કહેવામાં આવે છે. બે શક્તિ થઈ. ઓહો..હો...!

ત્રીજી હવે એના પેટાભેદ કરે છે. આ શક્તિ ભિન્ન વર્ણવી છે, હોં ! ચિતિમાં, ચૈતન્યમાં બે પ્રકાર ભેગા સામાન્યપણે આવી જાય છે, પણ એનું વિશિષ્ટ શક્તિ એનું મહાત્મ્ય, દર્શનનું મહાત્મ્ય અને જ્ઞાનનું અપૂર્વ મહાત્મ્ય ભિન્ન-ભિન્ન છે, એ મહાત્મ્ય વર્ણવવા એ શક્તિનું વર્ણન પણ અંદર છે. શક્તિ પણ એવી છે. '**અનાકાર ઉપયોગમયી દૃશિશક્તિ.**' હવે ત્રીજી શક્તિ. અનાકાર ઉપયોગ. '(**જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી...**)' જ્ઞેયના વિશેષનો ભેદ જેમાં નથી. જ્ઞેયના વિશેષેનો જેમાં ભેદ નથી. અનાકાર ઉપયોગમયી-દર્શનોપયોગમયી દૃશિશક્તિ. જેમાં જ્ઞેયરૂપ વિશેષો, ભેદો નથી. '**દર્શનોપયોગમયી-સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવામયી....**' છે પદાર્થ સ્વપર બધું જેમ છે એમ. હોવામાત્રના પદાર્થમાં ઉપયોગ થવામય દૃશિશક્તિ. એને દર્શન ક્રિયારૂપ શક્તિ કહેવામાં આવે છે. દૃશિ કીધી છે ખરી ને ? દર્શનક્રિયા. લ્યો, આ દર્શનક્રિયા થઈ. દૃશિશક્તિ અંદરમાં છે, એ દ્રવ્ય, ગુણમાં, પર્યાયમાં ત્રણેમાં વ્યાપે છે. અંતર દૃષ્ટિ થતાં પર્યાયમાં દૃષ્ટિપણું વ્યાપે. એ દૃશિશક્તિની ક્રિયા એના પરિણમનમાં નિર્મળ થાય તેને ક્રિયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એ ત્રણે શક્તિને ક્રમે વર્ણવી, પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતા એક સમયે ત્રણેનું પરિણમન એકસાથે બધાનું થાય છે. તેની જીવની અખંડતા અને જીવની પરિપૂર્ણતા તેને આત્મા કહે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

卐

**પરમાત્મતત્ત્વના જ્ઞાન વિના ભ્રાંતિગતપણે જીવ શુભાશુભનો કર્તા થયો થકો શુભભાવની રુચિ આડે મોક્ષમાર્ગને લેશમાત્ર વાંચ્છતો નથી, તેની ભાવના ભાવતો નથી એવા અજ્ઞાની જીવને આ લોકમાં કાંઈ પણ શરણ નથી. અજ્ઞાની જીવ લોકમાં અશરણપણે ભ્રમણ કર્યા કરે છે.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૮૯૪)**

**શ્રી સમયસાર કળશટીકા, કળશ-૨૮-૨૯**
**પ્રવચન નં.૩૬, તા.૯-૧૦-૧૯૬૭**
**(૧૭)**

આ 'કળશટીકા' ૨૮મો કળશ ચાલે છે. જીવ અધિકાર. છેલ્લી લીટી છે અહીં. થોડું આવી ગયું. ફરીને. છે ને ? **'જેમ ઢાંકેલો નિધિ...'** ગુજરાતી ૩૦ પાનું. છેલ્લી ચાર લીટી. **'જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે...'** જીવ અધિકાર છે. દૃષ્ટાંત દે છે. **'જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે,...'** વસ્તુ ચૈતન્ય સત્તા હોવાપણે વસ્તુ સત્તા પ્રગટ જ છે. વસ્તુ છે એ પ્રગટ જ છે. વસ્તુ છે, જ્ઞાયક ચૈતન્ય સત્તા સ્વભાવભાવવાળો પદાર્થ જ્ઞાન પ્રગટ જ છે. **'પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી...'** કર્મના નિમિત્તના સંગમાં જોડાવાથી પોતાનું વાસ્તવિક સ્વરૂપ અનાદિથી ઢંકાઈ ગયું છે. **'મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...'** એટલે કે ચૈતન્યસત્તા શુદ્ધ સ્વભાવ જાણે છે જ નહિ. એ રાગ અને પુણ્યાદિ ભાવ તે હું છું. એમ માનનારને જીવદ્રવ્ય મરણ પ્રાપ્ત થઈ રહ્યું હતું. એટલે કે નથી તેમ થઈ રહ્યું હતું. સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા વસ્તુ તો વસ્તુ તરીકે પ્રગટ જ છે. છતાં એ કર્મના સંગમાં વિકલ્પની જાળમાં ઢંકાયેલું મરણને પ્રાપ્ત થઈને રહ્યું હતું. મરણને (પ્રાપ્ત એટલે) જાણે કે નથી એમ હતું. આ સિદ્ધ કર્યું અનાદિનું.

**'તે ભ્રાંતિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતા મટે છે,...'** જુઓ ! અહીંયા આ વચન છે. અન્યમતિ જેટલી કલ્પનાથી વાતું કરે સર્વજ્ઞ સિવાય, સર્વજ્ઞ પરમેશ્વર... માથે એમ આવી ગયું હતું. **'परिचिततत्त्वैः'** **'परिचिततत्त्वैः'** **'સર્વજ્ઞો દ્વારા પ્રત્યક્ષપણે જાણ્યા છે...'** તે પદાર્થો. એણે કહેલો જે ઉપદેશ. ભગવાન તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં સ્વ અને પરનું પૂર્ણ જ્ઞાન વિકાસ જેવો એનો સ્વભાવ હતો એવો વિકાસ થઈ ગયો, એમની વાણીમાં, ઈચ્છા વિના જે વાણી આવી, એમાં જે દ્રવ્યનું સ્વરૂપ આવ્યું, તેનો ઉપદેશ સાંભળતા. એ ભગવાનની વાણીનો ઉપદેશ સાંભળતા. કારણ કે એમાં જ વાસ્તવિક આત્માનું સ્વરૂપ આવે છે. સર્વજ્ઞ સિવાય કોઈ કલ્પનાથી વાત કરે એની અંદર એ આત્માના વાસ્તવિક દ્રવ્ય, ગુણ, પર્યાય આવતા નથી. કહો, સમજાય છે કાંઈ ? જુઓ ! તેથી આ વાત મૂકી છે. બીજા ઘરની વાતું ઘણા કરે છે અત્યારે હવે. નિશ્ચયની વાતું આવીને બહાર !

એટલે કહે છે કે તીર્થંકર પરમગુરુ કેવળજ્ઞાની પરમેશ્વર. પહેલી એની વાણી હોવી જોઈએ. એણે એક સમયમાં પૂર્ણ સ્વરૂપ પ્રગટ કર્યું છે. વસ્તુમાં હતું એ પ્રગટ કર્યું છે. પ્રગટ કરેલી જે અહીં વાણી છે, એ દ્રવ્ય શું છે ? ગુણ શું છે ? પર્યાય શું છે ? એ ભગવાનના જ્ઞાને સર્વજ્ઞે જોયું એમાં એ

વાત હોય છે. અજ્ઞાનીઓ એવી આત્માની વાત કરે પણ એમાં આ વાત હોતી નથી. 'સેઠી' ! કહો, તેથી કહે છે, બધા ધર્મ સરખા છે એમ માનનાર પણ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે, એને વસ્તુની ખબર નથી. એથી '**परिचिततत्त्वैः**' માં એ નાખ્યું છે. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જેને જ્ઞાન હતું. એવડો જ આત્મા છે ઈ. એવડો આત્મા જ એવો છે કે જેને એક સમયમાં ત્રણ કાળ જણાયા એવી પર્યાય, એવી અનંતી પર્યાયનો પિંડ અને એવા અનંતા ગુણનો પિંડ તે આત્મા છે. એકલો જ્ઞાન-જ્ઞાન કરે એમ ન ચાલે. 'સેઠી' ! સમજાય છે કાંઈ ?

ખરેખર તો આત્માની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને જાણવાની તાકાત છે, તો એ છ દ્રવ્યને જ્યારે માને ત્યારે એને એક સમયની પર્યાય પોતાની એને એટલી માની. સમજાય છે કાંઈ ? 'સેઠી' શું કહ્યું ? અનંત આત્માઓ છે, એથી અનંતગુણા પરમાણુઓ છે, અસંખ્ય કાળાણુઓ છે, એક આકાશ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ. સર્વજ્ઞ સિવાય એ ક્યાંય હોઈ શકે નહિ. અને તે છ દ્રવ્યનું જ્ઞાન, એક આત્માની એક પર્યાયમાં જાણી શકે એટલી એની તાકાત છે. છ દ્રવ્યને કબુલે ત્યારે એણે આત્માની એક સમયની પર્યાય કબુલી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એવી અનંતી પર્યાયનો એક ગુણ અને એવા એવા અનંતી બીજી પર્યાયોના બીજા અનંત ગુણ, એવા અનંતા અનંતા ગુણનો એકરૂપ આત્મા તેને ભગવાને કહ્યો તેને આ આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? અત્યારે તો બધો ઘણો ખીચડો ચાલે છે. આ નિશ્ચયની વાત બહાર આવીને હમણા ? બીજા આત્માની વાત કરે છે. ધૂળેય નથી, સાંભળને ! બધા આ ધર્મ સરખા, આ ધર્મ સરખા, મહમદ પણ સરખા અને મહાવીર પણ સરખા, ઈસુ ખ્રીસ્ત પણ સરખા અને મહારવીર પણ સરખા.

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વરે આત્માની એક સમયની પર્યાયની તાકાત એટલી જોઈ છે કે જે છ દ્રવ્યને (કબુલે), અનંતા-અનંતા આત્માઓ, અનંતા અનંતા અનંતગુણા પરમાણુઓ અને અમાપ એવું આકાશ, એને એક સમયની પર્યાય કબુલે એવડી તો એક આત્માની પર્યાય છે. એટલું કબુલે ત્યારે એણે એક સમયની એક ગુણની પર્યાય કબુલી છે. આહા..હા...! પછી એવી અનંતી પર્યાયનો પિંડ છે, એવા અનંતા ગુણનો પિંડ છે એવું ભગવાનની વાણીમાં આવ્યું છે, એથી અહીં કહ્યું છે. '**તે ભ્રાન્તિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે,...**' જ્ઞાની સમકિતી કોઈપણ કહે એ બધું તીર્થંકરે કહેલું કહે છે. કારણ કે એને પ્રત્યક્ષ પૂરું નીચે તો હોતું નથી. સમજાય છે કાંઈ ? એ ભ્રાન્તિ (મટાડવાનો) એક જ ઉપાય છે, એ ભ્રાન્તિ. જે ચૈતન્ય દ્રવ્ય જ્ઞાયકમૂર્તિ અનંત ગુણનો પિંડ આત્મા છે. અનંત ગુણ છે એમાં. એક ગુણ જ્ઞાનાદિ નહિ. અનંતા-અનંતા ગુણનો એક રાશિ આત્મા ઢગલો પુંજ પિંડ. આકાશના પ્રદેશ અમાપ છે એટલી જે સંખ્યા આકાશના પ્રદેશની, એથી અનંતા અનંતગુણા એક આત્મામાં ગુણો છે. એવા અનંતાનંત ગુણોનું એકરૂપ તે આત્મા છે. 'શોભાલાલજી' ! આહા..હા...!

**શ્રોતા :–** આવો આત્મા માનવો જોઈએ ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આવો આત્મા માન્યા વિના એ આત્મા આત્મા કરે એમ ન ચાલે, એમ કહે છે. 'જુગરાજજી'! આહા..હા...! એ તો બધા ઘણા કહે છે. હવે તો અહીંનું ચાલ્યું છે ને ૩૨ વર્ષથી (એટલે) કેટલાય આત્માની વાતું (કરતાં થઈ ગયા છે કે) આત્મા આવો છે. બસ, આત્મા આવો. ધૂળેય નથી. ખબર વિના કલ્પનાથી બધી વાતું કરે છે. સમજાણું કાંઈ ?

જુઓ ! માથે કહ્યું હતું ને એ લઈ લીધું છે. '**परिचिततत्त्वैः**' એનો અર્થ લઈ લીધો છે. કે આત્મા ભગવાન આત્મા એક-એક, હોં ! એવા અનંતા આત્માઓ જગતની અંદર (છે), એથી અનંતગુણા પરમાણુઓ જગતની અંદર અને એક એક પરમાણુમાં આત્માના જેટલા અનંતા અનંત ગુણ છે એટલા જ ગુણ એક પરમાણુમાં છે. એક પોઈન્ટ.

**શ્રોતા :–** જડ પરમેશ્વર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, જડેશ્વર છે એ, સ્વતંત્ર (છે). એ બધાને જાણવાની તાકાત આત્મા એક સમયની પર્યાયમાં રાખે છે. એવી અનંતી પર્યાયનો પિંડ જે ભગવાને કહ્યો...

'**પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે,...**' સંતો, મુનિ સમકિતી કહે એ પોતાના અનુભવથી કહે છતાં પૂર્ણ સ્વરૂપ એને પ્રત્યક્ષ નથી. એથી સર્વજ્ઞનો ઉપદેશ કેવળજ્ઞાની પરમાત્મા (તેમનો ઉપદેશ સાંભળતા મટે છે). એથી અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, એક એક આત્મામાં અનંતા અનંતા ગુણો, એક એક પરમાણુમાં અનંતા અનંતા ગુણો, એ ભગવાને કહ્યા એનો ઉપદેશ સાંભળતાં... સાંભળતાનો અર્થ ? એને સાંભળવાને આવું મળે એમ કહે છે. પછી સમજતા, એમ. ભાષા તો એમ છે, જુઓ ! '**સાંભળતા મટે છે.**' એ એનો અર્થ જ થયો કે સર્વજ્ઞ પરમેશ્વરની વાણી, જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા, એવી જે વાણી આવી એને સાંભળતા મટે છે એટલે એ સાંભળે એને મટે જ એમ અહીં તો કહે છે. ખરેખર સાંભળે એ વાત, એના ભાવમાં એ વાત બેસે અને એને મિથ્યાત્વ ભ્રાંતિ ટળી જાય જ એમ કહે છે. આહા..હા...! ત્યારે સાંભળ્યું કહેવાય ને ? શ્રુત, પરિચિત નથી આવતું ? આવે છે ને (સમયસારની) ચોથી ગાથા ? શ્રુત પરિચિત અનુભૂતા. ત્યારે તેણે સાંભળ્યું કહેવાય.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એણે કહ્યો આત્મા દિવ્યધ્વનિ દ્વારા. સમવસરણમાં સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં. સમજાય છે કાંઈ ? જે આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાય (કહ્યા) એ વાત બીજે હોઈ શકે નહિ. દ્રવ્ય એટલે અનંત ગુણનો પિંડ, ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે અવસ્થા. ભગવાને જેવો કહ્યો એને સાંભળતા ભ્રાંતિ મટે છે. અહીં તો એક જ વાત, સાંભળતા મટે છે, ભાઈએ એમ કીધું અહીં. આહા..હા...! એમ કહે છે, જુઓને ! એવા સર્વજ્ઞ પરમેશ્વર. એણે કહ્યું કે તું સર્વજ્ઞ પ્રભુ છો. તું પોતે સર્વજ્ઞ પ્રભુ છો. તારો સ્વભાવ સર્વજ્ઞ ગુણ છે અંદર. સર્વજ્ઞ ગુણ છે. એની પર્યાય વર્તમાન હલકી છે અને થોડી છે, પણ તારું સ્વરૂપ સર્વજ્ઞ છે. એવા એવા અનંતા ગુણો તારામાં પૂરા પડ્યા છે. એમ ભગવાનની વાણી પૂરી પૂરાનું સ્વરૂપ જે કહે અને એ સાંભળ્યું અને એને પૂરો જેવો છે તેને ભ્રાંતિ ટળીને પ્રાપ્ત થયા

વિના રહે નહિ, એમ કહે છે. કહો, 'સોભાગચંદભાઈ'! આ તો વીતરાગ કેવળી તીર્થંકર. હવે અહીં તો તીર્થંકરને શું કહેવું છે એની ખબર ન મળે. સમજાણું કાંઈ ? અને થઈ જાય એને આત્મા સમજવામાં આવી જાય. ધૂળમાય ન આવે. કાંઈકનું કાંઈક કરીને વેંચાઈ જશે. સમજાણું કાંઈ ?

જુઓ ! '**તે ભ્રાંતિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતા મટે છે,...**' સમકિતી જ્ઞાની પણ તેવો જ ઉપદેશ કરે છે અને તે સાંભળતા ભ્રાંતિ મટે છે, એનો એર્થ એ પણ આવી ગયો. સમજાણું કાંઈ ? '**કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે.**' ભગવાન આત્મા અનંતા પરમાણુઓ, અનંતા આત્માઓ એનાથી ભિન્ન હું છું અને પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે એનાથી ભિન્ન છું અને અનંતા ગુણોનો સ્વભાવ એનાથી હું અભિન્ન છું. એવો જીવ સ્વરૂપનો, આવું જે એનું સ્વરૂપ, તેનો અનુભવ થાય છે. એના જ્ઞાનમાં પ્રત્યક્ષપણે, શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષપણે આ આત્મા છે તેમ અનુભવ થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**આવો અનુભવ સમ્યક્ત્વ છે.**' આવા અનુભવને સમકિત કહેવામાં આવે છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં એ પૂર્ણ સ્વરૂપ એક એક આત્માનું જેવું આવ્યું, એની પર્યાયનું પૂર્ણ, ગુણનું પૂર્ણ અને દ્રવ્યનું (પૂર્ણ સ્વરૂપ) આવ્યું એવું એને સાંભળતા, એની ભ્રાંતિ ટળતા એને આત્મા શું છે એનો અનુભવ થાય છે. જેવું એનું સ્વરૂપ છે તેવું અંતર જ્ઞાનમાં ભાસે છે. જ્ઞાનમાં ભાસીને પ્રતીત થઈને એને સમકિત કહે છે, એમ કહે છે. તેથી જીવ સ્વરૂપનો અનુભવ થાય છે એમ લીધું. '**આવો અનુભવ સમ્યક્ત્વ છે.**' એમાં જે પ્રતીત થઈ કે આવો આત્મા શુદ્ધ ચૈતન્ય અનંત ગુણનો (પિંડ છે). એ પ્રતીત છે એ પર્યાય છે. સમકિત અને અનુભવ એ પર્યાય છે. સમજાણું કાંઈ ? પણ જીવ સ્વરૂપ છે એ ત્રિકાળી આનંદકંદ અનંત ગુણનો પિંડ છે. એનો અનુભવ છે તે અનુભવ સિમકીતી એટલે બેય પર્યાય છે. શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થાય એ શ્રુતજ્ઞાન પણ પર્યાય છે અને એની પ્રતીત થાય (કે) આ આત્મા શુદ્ધ અખંડ છે, એવી પ્રતીત પણ પર્યાય છે. દ્રવ્ય નહિ, ગુણ નહિ. શું થયું ?

**શ્રોતા :–** શ્રુતજ્ઞાન દ્વારા જે પ્રતીત થઈ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રતીત શું ? શ્રુતજ્ઞાન સ્વરૂપ આવ્યું એ તો જ્ઞાન થયુ. શ્રુતજ્ઞાનમાં ભાવશ્રુતજ્ઞાનથી જ્ઞાનમાં આવ્યું એ જ્ઞાન થયું, અનુભવ થયો. આ આત્મા એવી પ્રતીત થઈ એ શ્રદ્ધા થઈ અને સ્થિરતાને શાંતિ કહે છે, ચારિત્ર કહે છે. સ્વરૂપમાં સ્થિરતા. સમજાય છે કાંઈ ?

અહીં તો જીવની વાત છે ને ! જીવ અધિકાર ચાલે છે ને ! જીવ અધિકાર એટલે કેવો જીવ છે ?-કે ભગવાન તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં જોયો એવો કહ્યો, એવો એણે સાંભળ્યો, એને ભ્રાંતિ ટળીને એવો આત્માનો અનુભવ થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? '**આવો અનુભવ સમ્યક્ત્વ છે.**' આનું નામ હજી ચોથું ગુણસ્થાન છે. એ ચોથું ગુણસ્થાન થઈ ગયું એટલે કેવળી થઈ ગયો અને પૂર્ણ થઈ ગયો એમ નથી, એમ કહે છે.

**શ્રોતા :–** શ્રદ્ધા અપેક્ષાએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમ્યક્ અનુભવની અપેક્ષાએ. અનુભવની અપેક્ષાએ પ્રતીત થઈ એટલું ચોથું ગુણસ્થાન, પણ એથી મુનિ થઈ ગયો અને ચારિત્રવંત થઈ ગયો અને કેવળી એ અનંતગુણું બાકી છે. એથી અહીં અનુભવ અને સમકિત પર્યાયને વર્ણન કરીને કહ્યું છે કે એ પણ હજી પર્યાય પૂર્ણ નથી. કેવળજ્ઞાનની પર્યાય અને ચારિત્રની પર્યાય જ્યાં પ્રગટ થાય ત્યારે તો સમકિત સહિત સ્વરૂપમાં સ્થિર થતાં, ચારિત્ર પ્રગટ થતાં પછી એને વસ્ત્ર, પાત્ર શરીરમાં રહે નહિ. નગ્ન શરીર સહજ થઈ જાય. ત્યારે એને અંદર ચારિત્ર પર્યાય હોય. સમજાય છે કાંઈ ? અને આગળ વધતા જે શ્રેણી સ્થિર થઈને કેવળજ્ઞાન થાય ત્યારે તેને આહાર અને પાણીની પણ ઇચ્છા અને આહારાદિ હોય નહિ. એવી દશાવંત પૂર્ણને કેવળજ્ઞાની પરમાત્મા કહે છે. કહો, સમજાણું કાંઈ ?

'**કેવો છે બોધ** ?' હવે બોધ કેવો છે ઈ ? પોતાનું સ્વરૂપ, હોં ! '**स्वरसरभसकृष्टः**' '**જ્ઞાનસ્વભાવનો ઉત્કર્ષ-અતિશય સમર્થપણું...**' જ્ઞાનસ્વભાવનો '**रभस**' '**અતિશય સમર્થપણું...**' જ્ઞાન-આનંદ આદિ સ્વભાવનું અતિશયપણું છે. '**स्वरसरभसकृष्टः**' અને '**પૂજ્ય છે.**' ભગવાન આત્મા એકલા જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણનો રસ જે છે એ ઉત્કૃષ્ટ છે અને એ પૂજ્ય છે. સમજાણું કાંઈ ? '**વળી કેવો છે ? પ્રગટપણે છે.**' વસ્તુ છે શુદ્ધ ચૈતન્ય ભગવાન (એ) જ્ઞાનમાં પ્રગટ છે. પૂર્ણ થાય એટલે પૂર્ણ પ્રગટ છે. '**વળી કેવો છે ?**' '**एकः एव**' '**एकः एव**'ની વ્યાખ્યા કરી. '**નિશ્ચયથી ચૈતન્યરૂપ છે.**' ખરેખર તો '**एकः एव**' એમ. સ્વરૂપ અભેદ એકરૂપ છે. ભેદ નથી એમાં. ગુણો અનંતા હોવા છતાં દૃષ્ટિમાં અભેદ છે એકલો. '**एकः एव**'નો અર્થ કર્યો. નિશ્ચયથી પ્રભુ અનંત ગુણનું એકરૂપ ચૈતન્ય રૂપ છે એને આત્મા કહેવામાં આવે છે. એના અનુભવને સમકિત કહેવામાં આવે છે. એની સ્થિરતાને અંતર રમણતા કરતાં ચારિત્ર થતાં નગ્ન દશા દિગંબર થઈ જાય છે. ત્યારે એ જંગલમાં વસતો હોય સાધુ.

કેમકે એ સ્વરૂપ દ્રવ્ય (છે). કહો, સમજાય છે કાંઈ ? અનંત ગુણ તો ભેદરૂપ થયા. વસ્તુ છે દ્રવ્ય એ અનંત ગુણનું એકરૂપ, એક સ્વરૂપ. '**एकः एव**' એમ વજન આપ્યું છે. '**નિશ્ચયથી...**' ખરેખર. '**एव**' એટલો નિશ્ચય કર્યો. '**एकः**'નો અર્થ નિશ્ચય ચેતનરૂપે. '**एव**'નો અર્થ નિશ્ચય કર્યો. '**एकः**'નો અર્થ ચૈતન્યરૂપ. ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ. સમ્યગ્દર્શનમાં ચૈતન્ય ભાસ્યું અને પૂર્ણ થતાં કેવળજ્ઞાનમાં પણ પૂર્ણ પર્યાય પ્રગટ થઈ ત્યારે ત્રણ કાળ, ત્રણ લોક ભગવાનના જ્ઞાનમાં જણાય છે. એને ચૈતન્યનું પૂર્ણ રૂપ કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ ? એ ૨૮મો શ્લોક પૂરો થયો. ૨૯.

**अवतरति न यावद् वृत्तिमत्यन्तवेगा-**
**दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः।**

**झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता**
**स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव॥२९॥**

**ખંડાન્વય સહિત અર્થ :- 'इयम अनुभूतिः तावत् झटिति स्वयम् आविर्वभृव' 'આ વિદ્યમાન અનુભૂતિ અર્થાત્ શુદ્ધ ચૈતન્ય વસ્તુનું પ્રત્યક્ષપણે જાણપણું...'** એનું નામ અનુભૂતિ. આહા..હા...! ભગવાન આત્મા અનંત ગુણનું એકરૂપ, એનું જ્ઞાનથી પ્રત્યક્ષપણું થઈને પ્રત્યક્ષપણે શ્રુતજ્ઞાનનું પ્રત્યક્ષપણે થઈ... કેવળજ્ઞાનની વાત નથી અત્યારે. કેવળજ્ઞાન પૂર્ણ દશા છે. અહીં તો **'અનુભૂતિ અર્થાત્ શુદ્ધચૈતન્યવસ્તુનું પ્રત્યક્ષપણે જાણપણું...'** અંતરમાં વસ્તુ છે તેને રાગ ને મનની અપેક્ષા વિના એકલા આત્માને આશ્રયે શ્રુતજ્ઞાનની અનુભૂતિ (થાય) તેને અહીંયાં, તેને અનુભૂતિ કહેવામાં આવે છે, એવા જાણપણાને અનુભૂતિ કહેવામાં આવે છે. શાસ્ત્રનું એકલું જ્ઞાન એમ નહિ. સમજાય છે કાંઈ ?

**'શુદ્ધ ચૈતન્યવસ્તુ...'** ચૈતન્ય વસ્તુ જે અનંત ગુણનો પિંડ છે એવી જે વસ્તુ, એનું પ્રત્યક્ષપણે સમ્યગ્જ્ઞાન, શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષપણે જાણપણું (થવું) એનું નામ અનભૂતિ કહેવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અસ્તિથી અહીં તો સિદ્ધ કરે છે. વિકલ્પ તોડવો અને વિકલ્પનો નાશ કરવો એ તો નાસ્તિથી વાત છે. પણ વસ્તુ શું ? વસ્તુનું અસ્તિત્વ કેવડું કે જેના લક્ષે વિકલ્પ તૂટી જાય ! એમ વિકલ્પ તૂટે તૂટે કહે એ તો નાસ્તિ થઈ જશે, આંધળા. સમજાય છે કાંઈ ? એનું અસ્તિત્વ કેવડું ! એમ કીધું એને. જુઓ ! શુદ્ધ ચૈતન્ય વસ્તુ અસ્તિત્વ જે પૂર્ણાનંદ પ્રભુ. એનું પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા જાણવું (થાય) એને અનુભૂતિ કહે છે. એ પર્યાય છે. પૂર્ણ સ્વરૂપ તે દ્રવ્ય છે. એ અસ્તિ છે. એવા અસ્તિની પ્રતીત અનુભૂતિ તે પર્યાય છે. એ પ્રત્યક્ષ અનુભવ તેને અનુભૂતિ કહે છે. કહો, સમજાણું કાંઈ ?

એ આ વિદ્યમાન અનુભૂતિ. શુદ્ધ ચૈતન્ય વસ્તુનું જાણપણું વિદ્યમાન છે એમ કહે છે. એ પર્યાય પણ વિદ્યમાન છે એમ કહે છે. કેટલાક કહે કે દ્રવ્ય જ વિદ્યમાન છે. દ્રવ્ય વસ્તુ, બસ. પર્યાય પર્યાય (નહિ)-એ વસ્તુને-તત્ત્વને જ સમજતા નથી. આ તો અનુભૂતિ પણ વિદ્યમાન પર્યાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? વસ્તુ જેમ પ્રગટ દ્રવ્ય સ્વરૂપ અનંત ગુણનો પિંડ પ્રભુ (છે), એમ એની અનુભૂતિ પણ વિદ્યમાન, વિદ્યમાન હયાતી ધરાવે છે. પર્યાય પણ વિદ્યમાન છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :-** વિદ્યમાન એટલે પર્યાય છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વેદાંત કહે ને, પર્યાય પર્યાય શું ? એક સમયની પર્યાય નહિ, એ તો બસ, વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ (છે). જૂઠ છે બધું. ભ્રાંતિમાં પડ્યા છે બધા. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા જેવી વિદ્યમાન વસ્તુ છે, એવી અનુભૂતિ પણ વિદ્યમાન પર્યાયની હયાતી સત્તાનું હોવાપણું છે. સમજાણું કાંઈ ? આવું સમ્યક્ત્વ હોય અથવા અનુભૂતિ પ્રતીત અપેક્ષાએ સમકિત છે. અનુભવ અપેક્ષાએ જ્ઞાન છે, પણ છે પર્યાય, એ વિદ્યમાન પર્યાય છે એમ કહે છે.

ધર્મની અનુભૂતિ પર્યાય પર્યાયરૂપે વિદ્યમાન છે. દ્રવ્ય જ વિદ્યમાન છે અને અનુભવ એ કોઈ પર્યાય નથી અને કાંઈ નહિ, બસ, થઈ રહ્યું. દ્રવ્ય એકલું (જ છે) એમ નથી. સમજાય છે કાંઈ ?

જેવી અજ્ઞાન દશા વિદ્યમાન હતી, વસ્તુના સ્વરૂપના ભાન વિના, એવી જ રીતે અનુભૂતિની પર્યાય પણ વિદ્યમાન છે એમ કહે છે. જેમ અજ્ઞાન પણ વિદ્યમાન હતું, વસ્તુનું ભાન નહિ અને અજ્ઞાન-વાસ્તવિક સ્વરૂપની વિપરીત દૃષ્ટિ એ પણ એક વિદ્યમાન અજ્ઞાન હતું. અજ્ઞાન નથી એમ નહિ. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એમ નથી. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા પોતાની વસ્તુને ભૂલી અને પર્યાયમાં જે ભ્રાંતિ હતી એ હતી, એ વિદ્યમાન હતી, અસ્તિરૂપે હતી. અનુભૂતિ થતાં એ અસ્તિનો વ્યય થઈ, અનુભૂતિની પર્યાયની અસ્તિ થઈ. એમ કહે છે. સમજાણું કાંઈ ?

જુઓ ! ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. ઓહો..હો...! વસ્તુનું સ્વરૂપ એવું છે. એક એક આત્મામાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ (છે). ભ્રાંતિની ઉત્પત્તિમાં, વસ્તુ તો વસ્તુ હતી, પણ ભ્રાંતિની ઉત્પત્તિમાં નવી ભ્રાંતિની ઉત્પત્તિ (થતી હતી અને) પૂર્વની ભ્રાંતિનો વ્યય (થતો), એ હતું. ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય ભ્રાંતિના હતા, વસ્તુના ભાન વિના અજ્ઞાનમાં. ભ્રાંતિ ટળતા ભ્રાંતિનો વ્યય થયો. એ હતી એનો વ્યય થયો. શુદ્ધ સ્વરૂપની પ્રત્યક્ષ અનુભૂતિ થઈ એ પર્યાય વિદ્યમાન ઉત્પાદ છે. વસ્તુ ધ્રુવ છે, ભ્રાંતિનો વ્યય છે, અનુભૂતિની વિદ્યમાનતા ઉત્પાદ છે. સમજાણું કાંઈ ? આવું સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ક્યાંય આત્માનું હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ ?

'**તેટલા કાળ સુધી તે જ સમયે સહજ જ પોતાના જ પરિણમનરૂપ પ્રગટ થઈ.**' લ્યો ! અનુભૂતિ સ્વરૂપ એની અનુભૂતિની પર્યાય તે જ સમયે તેટલા કાળ સુધી તે જ સમયે, તે ક્ષણે ભાન થતાં '**સહજ જ પોતાના જ પરિણમનરૂપ...**' શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એનું પરિણમનરૂપ, પર્યાયરૂપ અવસ્થારૂપ પ્રગટ થઈ. શુદ્ધ પરિણમન પ્રગટ થયું. ભ્રાંતિ જે હતી એ અશુદ્ધ પરિણમન હતું. એ અનુભૂતિ થતાં પ્રગટ તેટલો કાળ અનુભવમાં તેટલી પર્યાય પ્રગટ અનુભૂતિરૂપે થઈ. પરિણમન પ્રગટ થઈ ગયું. જુઓ ! '**आविर्वभूव**' વસ્તુ તો વસ્તુ છે, પણ અનુભૂતિ પર્યાય પ્રગટ નવી થઈ. સમજાણું કાંઈ ? ઘણા શ્લોકોમાં ગંભીરપણું ઘણું ભર્યું છે.

'**झटिति तावत्**' ઝટ-તરત જ તે તેટલા કાળમાં. તરત જ તે સ્વભાવિક '**પોતાના જ પરિણમનરૂપ...**' જ્ઞાનાનંદ પ્રભુ ભગવાન, એનું પરિણમન-વર્તમાનમાં પરિણમવું, પર્યાયમાં થવું, શુદ્ધ રૂપે અવસ્થાનું થવું, દશાનું થવું એ પ્રગટ થઈ. અનુભૂતિ પહેલાં પર્યયામાં નહોતી. શક્તિરૂપે અનુભૂતિનું સત્ત્વ દ્રવ્યમાં હતું. સમજાય છે કાંઈ ? એ અનુભૂતિ પર્યાય, સમ્યક્ આદિ પ્રગટી એ શક્તિરૂપે તો દ્રવ્યમાં હતી, વસ્તુમાં હતી, પણ ભ્રાંતિને લઈને પ્રગટ નહોતી. ભ્રાંતિની પ્રગટતા, અનુભૂતિની અપ્રગટતા એટલે શક્તિમાં રહી. એ ભ્રાંતિનો, સ્વરૂપ અનુભવ થતાં ભ્રાંતિનો વ્યય અને અનુભૂતિની શક્તિ હતી તે પ્રગટરૂપ પર્યાયમાં પ્રગટ થઈ. સમજાણું કાંઈ ?

આવું જ દ્રવ્યનું ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ (સ્વરૂપ છે). એ ભગવાનનું પરમેશ્વરનું વાક્ય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. પ્રત્યેક પદાર્થ નવી અવસ્થાથી ઊપજે છે, જૂની અવસ્થાથી તે ક્ષણે નાશ થાય છે, વસ્તુપણે સજાતિપણે ટકી રહે છે. સજાતિપણે તે જાત ટકી રહે છે. સમજાણું કાંઈ ? એ ગુજરાતી બહુ સમજે છે. ...

ટકવું એ ઠીક, એકલા શબ્દ કામ ન આવે. એ ટકવું ઠીક છે, પણ એ ટકવું શું ચીજ છે ? કે શુદ્ધ સ્વરૂપ જે ધ્રુવ છે એનું પરિણમન પર્યાયમાં થવું એ ટકવું છે. એ જ વસ્તુ. એમ. ઓઘે-ઓઘે શબ્દ નહિ કામ આવે. ઓઘે સમજો છો ? ઓઘેને શું કહે છે ? એના ભાવને સમજવો જોઈએ. ભાઈ ! તું ભગવાન છો ને, પ્રભુ ! એવા અનંતા ભગવાનો છે. અનંતા ભગવાન છે. એક નહિ પણ અનંતા ભગવાન આત્માઓ જગતના છે અને એથી અનંતગુણા જડેશ્વર ભગવાન છે. એ પણ મહિમાવંત પદાર્થ પરમાણુ છે. ભગવાન છે જડેશ્વર. પોતાની પર્યાય પરથી થાય નહિ એવું સ્વતંત્રપણું પ્રસિદ્ધિ જડ પણ રાખે છે. સ્વતંત્ર પદાર્થ છે. એ બધાનું જ્ઞાન કરનારો આત્મા, પોતાનું માનનારો નહિ. એવી અનુભૂતિ પરિણમનરૂપ પ્રગટ છે, લ્યો !

'**કેવી છે તે અનુભૂતિ** ?' '**अन्यदीयैः सकलभावैः विमुक्ता**' '**શુદ્ધચૈતન્યસ્વરૂપથી અત્યંત ભિન્ન...**' ભગવાન આત્મા અનંત શુદ્ધ સ્વરૂપી પ્રભુ, એની જે જાત-સ્વરૂપ એનાથી અત્યંત ભિન્ન. કોણ ? '**દ્રવ્યકર્મ,...**' જુઓ ! પાછી આ વસ્તુ છે એમ સિદ્ધ કરે છે. એક આઠ કર્મ છે. પાછા એમ ને એમ કહી દે એમ ને એમ કાંઈ નથી, એમ નહિ. આઠ કર્મ છે, આઠ કર્મ છે. એક એક કર્મની પ્રકૃતિઓ પણ ભિન્ન-ભિન્ન છે. ૧૪૮ પ્રકૃતિ છે એ વસ્તુ છે. આઠ કર્મ છે. '**ભાવકર્મ...**' પુણ્ય-પાપની વૃત્તિ ઊઠે છે-વિકલ્પો એ ભાવકર્મ છે. એમ સિદ્ધ કરે છે. નથી જ કાંઈ એને આ વસ્તુ (જ છે), તો નાશ કોની કરી અને ઉત્પત્તિ શું થઈ ? એમ કહે છે. સમજાણું કાંઈ ? બહુ મગજને કેળવવું પડે છે આમાં. વાત એવી છે.

'**દ્રવ્યકર્મ, ભાવકર્મ,...**' ભાવકર્મ એટલે પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત, ભક્તિનો જે વિકલ્પ એ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં નથી, પણ એની પર્યાયમાં છે. સમજાણું કાંઈ ? અને '**નોકર્મ...**' શરીર, વાણી, ઇન્દ્રિય આદિ. ભાષા પર્યાપ્તિ આદિ.. એ '**સંબંધી સકળ અર્થાત્ જેટલા છે ગુણસ્થાન...**' જુઓ ! ચૌદ ગુણસ્થાન છે. પર્યાયમાં ચૌદ ગુણસ્થાન હોય છે. એ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય એવો આત્મા ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? ચૌદ ગુણસ્થાન છે. પર્યાયમાં ચૌદ ગુણસ્થાન છે. પહેલું, બીજું, ત્રીજું, ચોથું સમકિત, પાંચમુ, છઠ્ઠું એમ ચૌદ (ગુણસ્થાન) પર્યાયમાં છે, વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ ? વ્યવહારનયનો વિષય ચૌદ ગુણસ્થાન, દ્રવ્યકર્મ બધું છે, વસ્તુના સ્વરૂપમાં નથી. અંતરદષ્ટિ દેતા એમાં એ ભેગા આવતા નથી. ભેગા સમજો છો ? ઇકઠા-સાથે.

'**માર્ગણાસ્થાનરૂપ...**' દેખો ! ચૌદ માર્ગણા છે. ચાર ગતિ, પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, સમકિતના બોલો, ભવિ-અભવિ. ભવિ-અભવિ છે. સમજાય છે ? ચારિત્રના ભેદો,

સમકિતના ભેદો, જ્ઞાનના ભેદો, કષાયના ભેદો, લેશ્યાના ભેદો, ગતિના ભેદો બધું છે, નથી એમ નહિ. પર્યાય દૃષ્ટિએ વ્યવહારનયે છે. સમજાય છે કાંઈ ? ચૌદ માર્ગણા છે. એક એક માર્ગણાના ઘણા બોલ છે. મોટો વિસ્તાર છે શાસ્ત્રમાં. એ બધું પર્યાયદૃષ્ટિએ છે, વસ્તુમાં નથી. ચૈતન્ય શુદ્ધ સ્વરૂપમાં એ છે નહિ. રાગ, દ્વેષ, મોહ, દયા, દાન, પુણ્યભાવ એ રાગ છે. દ્વેષ, જરીક અંશે અણગમો અંદર થઈ જવો એ દ્વેષ છે. મોહ-સ્વરૂપની અસાવધાનીનો ભાવ તે મોહ.

'**ઈત્યાદિરૂપ અતિ ઘણા વિકલ્પો...**' જુઓ ! ભેદો. '**એવા જે ભાવ અર્થાત્ વિભાવરૂપ પરિણામ...**' એ વિભાવરૂપ પરિણામ, વિશેષરૂપ દશા. વિભાવરૂપ એટલે ચૌદ ગુણસ્થાન આદિ વિશેષરૂપ દશા. વિભાવરૂપ કહ્યું. ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન, વિભાવ-વિશેષ અવસ્થા બધા ભેદ છે ને. જુઓ ! એમ કહ્યું. વસ્તુ સ્વરૂપની દૃષ્ટિમાં (નથી). પર્યાયમાં બધું છે. છે તેના સ્વરૂપમાં આદર થતાં એ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! એ '**વિભાવરૂપ પરિણામ તેમનાથી સર્વથા રહિત છે.**' શુદ્ધ ચૈતન્ય વસ્તુની અનુભૂતિ થતાં એ વસ્તુ અંતરમાં આવતી નથી. છે તે ભિન્ન રહી જાય છે. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ?

'**સર્વથા રહિત છે.**' જુઓ ! '**विमुक्ता**' શબ્દ છે ને ? '**विमुक्ता**' વિશેષે મુકત. ભગવાન ચૈતન્ય વસ્તુ, પર્યાયોમાં આવા ભેદ વિશેષ હોવા છતાં વસ્તુમાં એ સર્વથા નથી. પર્યાયમાં છે અને વસ્તુમાં સર્વથા નથી. સર્વથાનો અર્થ શેનો કર્યો ? 'સેઠી' ! નહિ, નહિ, અધ્ધરથી ન ચાલે. '**विमुक्ता**' શબ્દ પડ્યો છે અંદર, જુઓ ! '**विमुक्त**' '**विमुक्त**' વિશેષે મુકત એટલે સર્વથા મુકત એમ અર્થ કર્યો. અર્થ કરવાની પણ બહુ ખુબી છે એની. ભગવાન ! પર્યાયે છે, વસ્તુની દૃષ્ટિમાં નથી. અનેકાંત છે. આમ અનેકાંત સમજ્યા વિના આત્મા-આત્મા કરે એ આત્મા એને દૃષ્ટિમાં આવે નહિ. અનુભવમાં આવે જ નહિ એને મિથ્યાત્વ અનુભવમાં આવે. સમજાણું કાંઈ ?

'**ભાવાર્થ આમ છે કે જેટલા પણ વિભાવપરિણામસ્વરૂપ વિકલ્પો છે...**' ભેદો. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ, આ ગુણસ્થાન, માર્ગણાસ્થાન, રાગ-દ્વેષ વિગેરે-વિગેરે. ઉકરડો છે ને બધો ? ૨૯ બોલનો ઉકરડો. ૨૯ બોલ છે. ઉકરડા સમજો છો ? કચરો. કચરાનો ઢગલો હોય છે ને ? એ વિકલ્પો છે. '**ભાવાર્થ આમ છે કે જેટલા પણ વિભાવ પરિણામસ્વરૂપ વિકલ્પો છે...**' એમ લીધું છે ને ? ભાઈ ! એમ નહિ કે કાંઈ નહિ, એક જ આત્મા છે, એમ નથી. ન હોય તો નિષેધ કોનો કરવો ? હોય એનો નિષેધ હોય કે ન હોય એનો ? સસલાના શીંગડાનો નિષેધ કરો કે આ છે. ક્યાં પણ હતા તે નિષેધ કરે ? સમજાય છે કાંઈ ? પર્યાયમાં ભાઈ આત્મા અને આત્મા એટલે શું એ સર્વજ્ઞની દૃષ્ટિ પ્રમાણે જાણવું બહુ દુર્લભ છે. અનંત કાળથી એણે એ પ્રમાણે જાણ્યું નથી. બફમમાં એણે માન્યું છે. સમજાય છે ? અન્યમતિના બાવા આદિ ઘણા એમ કહે છે, અમને તો આત્માનો સાક્ષાત્કાર થઈ ગયો છે, અમને આવું છે, ઘણા ગપ મારે છે. અમારે 'પાલેજ'માં ગુજરાતમાં તો ઘણા છે એવા. આત્માનો અનુભવ છે. ધૂડેય નથી. અનુભવ સસલાના શીંગડા જેવો છે. સસલાના સમજ્યા ? ખરગોશ. શીંગડા નથી હોતા ? ભગવાન આત્મા વસ્તુની

પર્યાયમાં એની અવસ્થામાં આટલા ભેદો છે. વસ્તુની દૃષ્ટિ અનુભૂત કરતા એમાં એ નથી. છે અને નથી, છે અને નથી. હવે ત્રીજી વાત લીધી.

'**મન-વચનથી ઉપચાર કરી દ્રવ્ય-ગુણ-પર્યાયભેદરૂપ...**' છે. ભાષા જુઓ ! હવે આવ્યું. ભગવાન આત્મા દ્રવ્ય છે, અનંત ગુણનો પિંડ છે. એમાં ગુણ છે શક્તિઓ એ અનંત ગુણ કહેવાય. અને એની પર્યાય એટલે અવસ્થા એટલે હાલત છે. એ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ છે. સમજાય છે કાંઈ ? તેને '**મન-વચનથી ઉપચાર કરી...**' એમ કહે છે. વિકલ્પ ઊઠાવે છે ત્યારે આ દ્રવ્ય છે, આ ગુણ છે. છે ખરું, પણ એ ભેદનો વિકલ્પ ઊઠે ત્યારે ત્રણનો ભેદ વિચારમાં રહે છે, એમ કહે છે. મન અને વચનથી ઉપચાર કરી. વસ્તુ તો છે, હોં ! પણ અભેદમાં આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય એવા ત્રણ વિકલ્પ ઊઠે છે તે મનનો વિકલ્પ છે. વાણી દ્વારા ભેદ પાડવો એ વાણીનો વિકલ્પ છે. આહા..હા...! ભારે વાત ! કહો, સમજાણું કાંઈ ?

આ એક આત્મા-ભગવાન આત્મા એ દ્રવ્ય. દ્રવ્ય એટલે અનંત ગુણનું એકરૂપ. ગુણ એટલે અનંતી શક્તિઓ ગુણ. અને પર્યાય એટલે હાલત, અવસ્થા, દશા. ભેદરૂપ છે. પણ એ છે એમાં ત્રણનો ભેદનો વિચાર કરે ત્યારે મનનો વિકલ્પ ઊઠે છે. ત્રણના ભેદનો વિચાર કરતાં વિકલ્પ ઊઠે છે અને વાણીમાં પણ ત્રણને ભેદ દ્વારા કહેતાં અભેદપણું એનું વાણીમાં આવતું નથી.

**શ્રોતા :-** અભેદપણું વાણીમાં નથી આવતું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાણીમાં કયાં ? વાણી અભેદ. આ લ્યો ! એક અભેદ કહે તો એક અંશ રહ્યો પાછો એમાં. વસ્તુ છે એ અંદર દ્રવ્ય, ગુણ અને પર્યાયનું આખું એકરૂપ છે. છે ખરા. ગુણ નથી એમ નહિ. દ્રવ્ય છે એ અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય. એની શક્તિઓ જે ભાવ, સહવર્તી શક્તિઓ તે ગુણ અને ક્રમવર્તી દશા તે પર્યાય, પણ એ એકરૂપમાં ત્રણનો વિચાર કરે ત્યારે મનનો વિકલ્પ ઊઠે છે. આહા..હા...! આ તો ત્રણ છે છતાં ત્રણ પ્રકારનો વિચાર કરતાં વિકલ્પ ઊઠે છે. આહા..હા...! શેઠ ! આકરું છે આ કામ.

'**ઉપચાર કરી...**' જોયું ! વસ્તુમાં તો અભેદપણું છે. પર્યાય, ગુણ અને દ્રવ્ય એકરૂપ છે આમ બધું, પણ વસ્તુમાં ત્રણ પ્રકારનો વિચાર કરતાં મનથી વિકલ્પ ઊઠે છે. એક વાત. '**અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદરૂપ વિકલ્પો છે...**' ભાષા જુઓ ! એ અનંતા ગુણની એક સમયની પર્યાય અનંતી ઊપજે છે. છે, હોં ! પણ એ ભેદ ત્રણના ઉત્પાદ-વ્યય-ધ્રુવ આ ત્રણ ભેદના લક્ષથી વિકલ્પ ઊઠે છે. આહા..હા...! રાગ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા દ્રવ્યે-વસ્તુએ, ગુણે અને પર્યાયે-એ ત્રણ રૂપમાં આખુ એનું (અસ્તિત્વ) સમાપ્ત થાય છે, પણ એ ત્રણના ભેદ, એક વસ્તુના ત્રણ ભેદનો વિચાર કરતાં રાગ મિશ્રિત વિચાર ઊભો થાય છે. અભેદ વસ્તુની અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ એવા ભેદના વિકલ્પે થતી નથી. છતાં એ ભેદ નથી જ એમ નહિ, હોં ! છે પણ રાગી પ્રાણી ત્રણનો-ભેદનો વિચાર કરે તો તે રાગીને કારણે રાગ ઉત્પન્ન

થાય છે.

સર્વજ્ઞ તો દ્રવ્ય-ગુણ-પર્યાય બધું પ્રત્યક્ષ જાણે છે. સર્વજ્ઞ ભગવાન એક આત્માનું દ્રવ્યપણું, એનું ગુણપણું, એની અનંતી પર્યાયો એવા અનંત આત્માઓ એ ભગવાન તો પ્રત્યક્ષ જાણે, એને કાંઈ રાગ થતો નથી; પણ અહીં રાગી પ્રાણી છે, પૂર્ણ દશા નથી, મોહમાં પડ્યો છે. વસ્તુ ત્રણ હોવા છતાં ત્રણનો વિકલ્પ-વિચાર કરે ત્યારે રાગી (છે) એટલે રાગ ઉત્પન્ન થાય છે. અભેદમાં જતાં રાગ છૂટી જાય છે. કહો, 'સોભાગભાઈ'! સમજાણું કાંઈ ? આહા..હા...! ભારે વાત ! હવે અહીં તો દયા, દાન, ભક્તી, પૂજા અને ધર્મ ક્યાંય ગયો. અહીં તો કહે (છે), એનો દ્રવ્ય-ગુણ-પર્યાયથી વિચાર કરે તો એ વિકલ્પ પુણ્ય છે, એ ધર્મ નહિ. અને એક આત્મામાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ અનાદિ-અનંત છે. નવી પર્યાય ઊપજે, જૂની પર્યાય વ્યય થાય એક જ સમયમાં. પણ એ ત્રણનો વિચાર કરતાં રાગી છે માટે ભેદના લક્ષે રાગ ઉત્પન્ન થાય છે. એમાં અભેદપણું દૃષ્ટિમાં આવતું નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

**શ્રોતા :-** સિદ્ધાંતથી તો કઠણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઠણ... વસ્તુ તો એવી છે ને. વસ્તુ એવી છે, ભાઈ ! તદ્દન સીધી છે.

આ વસ્તુ છે ભગવાન આત્મા અનંત ગુણનું એકરૂપ છે. અનંત ગુણ. એક જ્ઞાન નહિ, એવા અનંતા અનંતા ગુણો એનું એકરૂપ તે દ્રવ્ય છે. એના શક્તિની સંખ્યાએ અનંતા ગુણો સંખ્યાએ અનંત ગુણ છે. એની પર્યાય સંખ્યાએ અનંત છે. પણ રાગી પ્રાણી છે (માટે ભેદના લક્ષે વિકલ્પની ઉત્પત્તિ થાય છે). કેવળી તો બધું જાણે છે. અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાય પ્રત્યક્ષ. એને કાંઈ રાગ છે નહિ. ભગવાનના જ્ઞાનમાં તો ત્રણ કાળ ત્રણ લોક દ્રવ્ય-ગુણ-પર્યાય બધું જાણવામાં આવ્યું છે. અનંતા દ્રવ્યો, અનંતા ગુણો, એક એક પર્યાય, એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ, એક પર્યાયનું સામર્થ્ય બધું ભગવાનના જ્ઞાનમાં આવી જાય છે. જ્ઞેય એટલે કે આ જ્ઞાનની પૂર્ણ પર્યાયમાં બધું આવી જાય છે; પણ અપૂર્ણ પર્યાય છે, રાગમાં રહ્યો છે, વસ્તુ ત્રણપણે હોવા છતાં ત્રણનો વિચાર કરે ત્યારે વિકલ્પ રાગી છે એટલે ઊઠે છે, એને અભેદમાં દૃષ્ટિ જતી નથી. આહા..હા...! કહો, 'સોભાગભાઈ'! આવું બીજે ક્યાંય સાંભળવા મળતું નથી. બીજે તો આ કરો ને આ કરો. આહા..હા...! કહો, 'ભગવાનજીભાઈ'! અથવા આમ બેસી જાવ, શૂન્ય થઈ જાઓ. શું શૂન્ય થાય ? ધૂળ ? શૂન્ય થઈ જશે, પણ જડ થઈ જશે.

ભગવાન સર્વજ્ઞે કહેલો આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. આહા..હા...! અસ્તિ છે હોં ! એ ત્રણે. જુઓ ! '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ભેદરૂપ વિકલ્પો છે...**' એ ભેદનો વિચાર થાય. આ.. આ.. આ.. એ વિકલ્પ ઊઠે. રાગી છે માટે, હોં ! વસ્તુને જાણવાથી કાંઈ થાય છે એમ નથી. જાણવું અનંત થાય અને અનેક થાય માટે વિકલ્પ ઊઠે એમ નથી. જો એમ હોય તો કેવળીને પણ રાગ થવો જોઈએ. 'સેઠી' ! પણ આ રાગી પ્રાણી છે, એને હજી અપૂર્ણ દશા છે. વીતરાગતા વિજ્ઞાન દશા પૂર્ણ કેવળજ્ઞાન થયું નથી અને હજી એને આખી ચીજને સાધવી છે,

ત્યારે એ ત્રણ પ્રકારના વિચારમાં રોકાશે તો એને રાગનો વિકલ્પ ઊઠશે, પુણ્ય થશે. સમજાણું ? એવા વિકલ્પો છે. માટે ભાષા એમ લીધી છે, હોં ! ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ભેદ છે, સસલાના શીંગડાની જેમ નથી. ખરગોશની જેમ નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવ તો કહેવામાત્ર છે, કાંઈ છે નહિ એમ નહિ, છે.

અનંતા ગુણોની, અનંતા આત્માના એક એક પર્યાયમાં અનંતા ગુણોની અનંતી પર્યાય ઉત્પન્ન થાય છે. દરેક સમયે. 'સ' બોલે એમાં અસંખ્ય સમય જાય. એક સમયમાં અનંત ગુણની અનંતી પર્યાય દરેકને ઉત્પન્ન થાય છે. કેવળીને પણ અનંતા ગુણની અનંતી પર્યાય ઉત્પન્ન થાય છે, પણ એને રાગ નથી. વીતરાગવિજ્ઞાનપણે પૂર્ણ થઈ ગયા છે. આ પ્રાણી રાગી છે અને સ્વરૂપનું સાધન કરવું છે તો કહે છે કે એ છે. સમજાણું ?

પણ '**તેમનાથી રહિત શુદ્ધચેતનામાત્રના આસ્વાદરૂપ જ્ઞાન તેનું નામ અનુભવ કહેવાય છે.**' સમજાય છે કાંઈ ? એ ભેદો છે એનું જ્ઞાન કરીને (અનુભવે). પહેલાં આપણે કાંઈ ન જાણીએ તો ? ખાધા વિના હાથ ધોઈ નાખીએ તો ? ધોવા તો પડશે ને હાથ ? ખાધા વિના ધોઈ નાખીએ તો ? ચોળુ કહે છે ને ? ચોળુ કહે અમારે. ચોળુ કરો, ચોળુ. પણ ખાધા વિના ? આપણે શું જાણવું છે કાંઈ ? પણ જાણ્યા વિના કે દિ' તું અંદર જઈશ ? આ ભેદ છે, આવી અસ્તિ છે. એને જાણ્યા વિના હાથ ધોઈ નાખવા છે ખાધા વિના ? 'સેઠી' ! હાથ ધોવા સમજો છો કે નહિ ? ખાધા પછી ધોવા છે કે નહિ ? પહેલાં ધોઈને બેસી જાય તો ? એમ આ બધું છોડવું તો છે, પછી જાણવાનું શું કામ છે ? પણ એ છે એમ જ્ઞાન થયા વિના તારું જ્ઞાન વ્યવહારે સાચું નહિ થાય. એ છે આવા પ્રકાર. એ હેયપણે, ભદેપણે છે તેમનાથી રહિત એકલો ભગવાનને દૃષ્ટિ આપતા, શુદ્ધ ચેતનામાત્રનો (અનુભવ), એકલો શુદ્ધ ચેતના. ચેતના શબ્દે અનંત ગુણ છે, હોં ભેગો ! એકલું જ્ઞાન એમ નહિ. એકલા અનંતા ગુણનું ચેતવું-અનુભવ એકલો. ચેતનામાત્રના આસ્વાદરૂપ. એના આનંદના સ્વાદરૂપ જ્ઞાન, એના આનંદના સ્વાદરૂપ જ્ઞાન, '**તેનું નામ અનુભવ કહેવાય છે.**' એ અનુભવ છે પર્યાય, પણ અભેદનો અનુભવ છે માટે તેને અનુભવ કહેવામાં આવે છે. નિર્વિકલ્પ અનુભવ છે. સમજાણું કાંઈ ?

'**શુદ્ધચેતનામાત્રના આસ્વાદરૂપ...**' ઓલો અશુદ્ધપણાનો આસ્વાદ તો કહે છે કે અનાદિનો છે, એમ કહે છે. ભેદનો, ગુણસ્થાનનો, ઉત્પાદ-વ્યય-ધ્રુવ આદિનો વિકલ્પનો એવો સ્વાદ તો અનાદિનો છે, એ કાંઈ નવો નથી. હવે તારે આત્માનો અનુભવ કરવો છે કે નહિ ? ત્યારે કહે છે કે ભેદનું લક્ષ છોડ. અભેદ ચૈતન્યમૂર્તિ અનંત ગુણ, હોં ! એમાં. એવો એકરૂપ ચેતનામાત્ર. જેમાં રાગ નહિ, ભેદ નહિ એવો આત્માનો આસ્વાદ, આનંદનો સ્વાદ (આવે) એ પર્યાય છે. એવા આસ્વાદરૂપ જ્ઞાન, એ આનંદના સ્વાદરૂપી જે જ્ઞાન તેનું નામ અનુભવ કહેવાય છે. સમજાણું કાંઈ ?

અનુભવ શું ? અનુભવ વળી શું ? એમ કહે. આ તો આ લોકો કહે છે ને વેદાંત. અનુભવ

વળી (શું) ? અનુભવ કરાનારો અને અનુભવ બે કેવા ? એમ. એ કહે છે. સ્થાનકવાસીમાં તો અમારે... કહો, સમજાણું આમાં ? અનુભવ એટલે આત્મા શુદ્ધ ચૈતન્ય અનંત ગુણનું રૂપ, સ્વરૂપ તેને અનુસરીને ભવવું એનું નામ અનુભવ. જે પર્યાય ભેદને અનુસરીને રાગનો અનુભવ કરતો, તે શુદ્ધ ચૈત્ય સ્વરૂપમાં આ લક્ષ છોડી દઈને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને અનુસરીને થવું, અનુ-ભવ, શુદ્ધ ચૈતન્યને અનુસરીને ભવવું-પર્યાયરૂપે નિર્મળરૂપે થવું એનું નામ આત્માના આનંદના આસ્વાદનું જ્ઞાન કહેવાય છે. આહા..હા...! કહો, સમજાણું આમાં ? કહો, 'જેઠાલાલભાઈ'! બહુ આ તો આઘે ગયું. ઓરે કાંઈ પતે એવું નથી આમાં ? ઓરે ખોટે પતે ? આ તે જેમ હોય એમ રહેશે. કહો, 'માલચંદજી'!

**'તે અનુભવ જે રીતે થાય છે તે કહે છે-'** પાછી એની રીત કહે છે જરી. આહા..હા...! **'यावत् अपरभावत्यागदृष्टान्तदृष्टिः अत्यन्तवेगात् अनवम् वृत्तिम् न अवतरति' 'જેટલો કાળ, જે કાળે...' 'अपरभाव' 'શુદ્ધચૈતન્યમાત્રથી ભિન્ન...'** અન્ય ભાવ. **'દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ જે સમસ્ત ભાવો ...' 'त्याग'** તેમનો ત્યાગ. એટલે શું ? ત્યાગની વ્યાખ્યા જુઓ ! **'આ ભાવો સમસ્ત જૂઠા છે,...'** જૂઠાનો અર્થ સ્વરૂપમાં નથી એમ, હોં ! એ જૂઠા છે (એટલે) પાછા એમ કહે કે ના, નથી એમ નહિ. જીવનું ખરું સ્વરૂપ નથી. .. પર્યાય છે, રાગાદિ છે, ભેદ આદિ છે, ગુણસ્થાન છે, અનાદિના છે.

સમસ્ત આ ભાવો. હજી તો ત્યાગની વ્યાખ્યા કરે છે પછી. **'આ ભાવો સમસ્ત જૂઠા છે, જીવનું સ્વરૂપ નથી એવા પ્રત્યક્ષપણે આસ્વાદરૂપ જ્ઞાનના સૂચક...'** એ પ્રત્યક્ષપણે આનંદનો અનુભવ તેનું સૂચક દાખલો. ઉદાહરણની માફક. **'જેવી રીતે કોઈ પરુષે ધોબીના ઘરેથી પોતાના વસ્ત્રના ભ્રમથી બીજાનુ વસ્ત્ર આવતાં ઓળખ્યા...'** લ્યો ! વસ્ત્ર આવતા **'ઓળખ્યા વિના પહેરીને...'** જુઓ ! દષ્ટાંત. **'જેવી રીતે કોઈ પુરુષે ધોબી...'** ધોબી સમજો છો ને ? **'ધોબીના ઘરેથી પોતાના વસ્ત્રના ભ્રમથી...'** આપ્યું હોય ધોવા પોતે, પણ બીજાનું પણ ભેગું ત્યાં હતું એ મારું છે એમ ધારીને **'બીજાનું વસ્ત્ર આવતાં...'** પોતાને ઠેકાણે બીજાનું આવ્યું. **'ઓળખ્યા વિના...'** આ બીજાનું વસ્ત્ર છે એમ ઓળખ્યું નહિ. આ મારું નથી એમ ઓળખ્યું નહિ. **'પહેરીને પોતાનું જાણ્યું,...'** પહેરીને સૂતો છે.

**'પછી તે વસ્ત્રનો ધણી...'** ધોબીને ત્યાં ગયો. એલા ! વસ્ત્ર મારું ? કે ભાઈ ! આમાં ગોતી લે. આમાં નથી મારું. હમણાં એક આવ્યો હતો એ લઈ ગયો લાગે છે. ત્યાં ગયો ઓલો. **'જે કોઈ હતો તેણે છેડો પકડીને કહ્યું કે આ વસ્ત્ર તો મારું છે, ફરીને કહ્યું કે મારું જ છે, આમ સાંભળતાં તે પુરુષે ચિહ્ન તપાસ્યું અને જાણ્યું...'** આ લૂગડું મારું નથી. આ પછેડી મારી નથી. મારી પછેડી ઉપર મારો નંબર છે. આવે છે ને ? અત્યારે લખે છે ને ? કોટ ઉપર પાછળ કરે છે, નહિ ? પાછળ રાખે અંદર. કોટની અંદર કાંઈક લખે. એનું નામ હોય ને થોડું એમ.એ.જી. પાછળ (લખે). નહિ ?

એય..! તમારું જોયું હોય ને. કો'ક દિ' કયાંક કોટ-બોટ કો'કના જોયા હોય ને. અંદર એમાં હોય. અંદર (લખે) એટલે શું કે બહાર ખબર ન પડે. ઓલાએ જોયું કે વાત સાચી, આ વસ્ત્ર મારું નહિ. આ ચિહ્ન મારું નથી. મારું ચિહ્ન તો મળતું નથી, ભાઈ !

**'આમ સાંભળતા તે પુરુષે ચિહ્ન તપાસ્યું અને જાણ્યું કે મારું ચિહ્ન તો મળતું નથી, માટે નક્કી આ વસ્ત્ર મારું નથી, બીજાનું છે, તેને આવી પ્રતીતિ થતાં ત્યાગ થયો ઘટે છે,...'** એ ઓઢેલું પડ્યું છતાં એને પોતાનું નથી એમ ત્યાગ થવો ઘટે છે. સામે થઈ ગયો ત્યાગ અને સ્વામીપણું મટી ગયું. ઓઢ્યા છતાં સ્વામીપણું (છૂટી ગયું). વસ્તુ છે, હોં ! પણ કો'કની હતી એનું સ્વામીપણું, જ્યાં આ નહિ (એમ થયું ત્યાં) સ્વામીપણું છૂટી ગયું. એ ત્યાગ થઈ ગયો એમ કહે છે. આ ત્યાગની વ્યાખ્યા કરી. ઓલો ત્યાગ શબ્દ પડયો છે ને ? ત્યાગની આ વ્યાખ્યા કરી. એને જ્યાં લક્ષણ જોયું કે આ મારું નહિ, ત્યાં ત્યાગ થઈ ગયો એને. એ રીતે હવે આત્મામાં ઉતારશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

卐

**આ આત્મા અતીન્દ્રિય પૂર્ણ જ્ઞાન, શાંતિ ને આનંદસ્વરૂપ છે, તેનો અનુભવ કરી લે. દયા, દાન, વ્રત, તપ અને ભક્તિ વગેરેના વિકલ્પ આવે, પણ તે કોઈ ધર્મ નથી, તે મોક્ષનું પરંપરા કારણ પણ નથી. 'હું નિર્વિકલ્પ સહજ જ્ઞાનાનંદસ્વરૂપ છું' એવું પ્રચુર સ્વસંવેદન-એવો ઉગ્ર સ્વાનુભવ તે મોક્ષનું સાક્ષાત્ કારણ છે, અને સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક મંદ શુદ્ધિ તે મોક્ષનું પરંપરા કારણ છે. મંદ શુદ્ધિની સાથે જે શુભરાગરૂપ કચાશ છે તેને આરોપતી પરંપરા કારણ કહેવાય છે. અંતર સ્થિરતારૂપ જે શુદ્ધિ વધશે તે વ્રતાદિના વિકલ્પનો અભાવ કરીને થશે, માટે સમ્યગ્દષ્ટિના વ્રતાદિસ્વરૂપ શુભરાગને મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે, મિથ્યાદષ્ટિના વ્રતાદિસ્વરૂપ રાગને નહિ.**

**(દ્રવ્યદષ્ટિ જિનેશ્વર - પર્યાયદષ્ટિ વિનશ્વર, બોલ નં. ૯૩૦)**

**શ્રી સમયસાર, ગાથા-૩૦૬-૩૦૭**
**પ્રવચન નં.૨૭૬, તા.૧૫-૬-૧૯૬૨**
**(૧૮)**

આત્માનો જે સ્વભાવ, શુદ્ધ પરમાત્મ સ્વભાવ આત્માનો છે. એ રાગ અને દ્વેષથી બંધાયેલું પર્યાયમાં તત્ત્વ છે એનાથી છૂટું પડીને પૂર્ણાનંદની પ્રાપ્તિ કરવી એનું નામ મોક્ષ છે. એ મોક્ષનો ઉપાય શું ? એ વાત ચાલે છે. નિરઅપરાધ અને સાપરાધની વાત થઈ ગઈ ને ? ભગવાન આત્મા જે પુણ્ય આદિના પરિણામ અંદર થાય-દયા, દાન, વ્રત, તપ, જપ, ભક્તિ, શુભાશુભભાવ એ બધા અપરાધ છે. કેમકે એ બધા વિકલ્પો અને વિકાર છે. એ વિકાર રહિત આત્માની શુદ્ધ શક્તિ-સ્વભાવ પવિત્ર છે એની દૃષ્ટિ કરીને, એનું આચરણ અંતરમાં શુદ્ધનું કરવું એને નિરપરાધી કહેવામાં આવે છે અને નિરપરાધી દશા મોક્ષનું કારણ છે. સાપરાધ દશા એ મોક્ષનું કારણ નથી, પણ એ બંધનું કારણ છે. ત્યારે શિષ્યને પ્રશ્ન ઊઠ્યો.

'**(હવે વ્યાવહારનયાવલંબી અર્થાત્ વ્યવહારનયને અવલંબનાર તર્ક કરે છે કે :-)**' એટલું તો અદ્ધરથી છે. હવે અહીંથી ટીકા છે. શિષ્યને શંકા ઊઠી, પ્રશ્ન ઊઠ્યો. મહારાજ ! તમે આ આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ, એને પહેલેથી શુદ્ધની સેવના, શુદ્ધની સેવના (કરવી), આ વાત વારંવાર કરો છો, પણ એટલો બધો પ્રયાસ કરવાનું પહેલું શું કામ છે ? સમજાણું ? '**શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ (મહેનત) કરવાનું શું કામ છે** ?' લ્યો ! અહીં તો પહેલેથી શુદ્ધ... શુદ્ધ (છે એમ કહો છો). એ પુણ્ય અને પાપના રાગ વિનાનો સચિદાનંદ નિર્મળાનંદ પૂર્ણ પ્રભુ, એની અંતરની શ્રદ્ધા, જ્ઞાન અને એકાકાર કરવું એ જ મોક્ષનો ઉપાય, બીજો કોઈ છે નહિ. પણ પહેલેથી આ ? લોકો કહે છે કે ને કે પણ પહેલેથી આ ? હમણાં જ એક જણો કહેતો હતો. પણ બીજાઓને કાંઈક બાળકને બીજો રસ્તો ખરો ? જેને ધર્મ કરવો હોય એને રસ્તો આ છે, બીજો રસ્તો નથી. એને એમ કહે (છે), અહીં શિષ્યનો પ્રશ્ન છે વ્યવહાવવાળાનો, કે શુદ્ધ આત્મા, જે વૃત્તિ ઊઠે છે, શુભભાવની એને પણ ન સેવવું, એ અપરાધ કહો છો. અને એનાથી રહિત ચિદાનંદ, જ્ઞાનાનંદની મૂર્તિ એનું અંતર જ્ઞાન કરીને અંતરમાં ઠરવું એ નિરપરાધ, આરાધક અને મોક્ષનો માર્ગ એને તમે કહો છો. તો પહેલેથી એટલો બધો પ્રયાસ કરવાનું શું કામ છે ?

'**કારણ કે પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે;...**' વ્યવહાર પ્રતિક્રમણ કરીએ. પાપના ભાવ હોય અશુભ, એનાથી પાછા હટીને શુભભાવ કરીએ, પાપ લાગ્યું હોય એનું પ્રાયશ્ચિત કરીએ. '**પ્રતિક્રમણ આદિથી જ આત્મા...**' એ આઠ બોલ છે. નીચે આવશે પછી અર્થ થાશે. શિષ્યનો પ્રશ્ન છે કે પાપના ભાવ જે અશુભ છે એનાથી હઠીને જે પુણ્યનો ભાવ શુભ

છે, જે મિચ્છમી દુક્કડમ, પ્રતિક્રમણ કરીએ, પાછા ફરીએ, વિષય કષાયની ઇચ્છાથી પાછા ફરીએ, ભગવાનની મૂર્તિ આદિની અશાતના કરતાં હોય તો એનાથી પાછા ફરીએ અને શુભભાવમાં આવીએ તો એ '**નિરપરાધ થાય છે;...**' એનાથી આત્મા નિરપરાધી થાય છે. અપરાધ પાપનો છૂટે છે એ અપેક્ષાએ નિરપરાધી (કહ્યું છે). એમ શિષ્યનો પ્રશ્ન છે.

'**કેમ કે સાપરાધને,...**' જે અપરાધી જીવ છે એ '**અપ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારા નહિ હોવાથી,...**' અજ્ઞાની જે અપરાધી છે, જે પાપના ભાવ કરે છે વિપરીત શ્રદ્ધા (કરે છે), એ પુણ્યમાં સુખબુદ્ધિ એવી ઊંધી માન્યતા, એવા અશુભભાવને છેદવા માટે '**અપ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારા નહિ હોવાથી,...**' પાપ છે તે પાપને દૂર નહિ કરે. જે પાપના ભાવ છે એ કાંઈ પાપને દૂર નહિ કરે. તેથી તો એ પાપના ભાવને ઝેર કહેવા. શું કહ્યું સમજાણું ? હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, અપ્રતિક્રમણ એટલે કે પાપથી પાછું ન હટવું અને પાપમાં રહેવું એવા ભાવને તો ઝેરનો ઘડો કહો, એ તો ઠીક અમને લાગે (છે).

'**માટે જે પ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં હોવાથી, અમૃતકુંભ છે.**' પણ એવા પાપના ભાવને જે પુણ્યના શુભભાવ છે, પાપથી હઠવું, મિચ્છામી દુક્કડમ, આ ખોટું કર્યું, આ નહિ, એવા શુભભાવ હોય એને તો શાસ્ત્રમાં પાપના અપરાધને દૂર કરનારા કહેવાથી એને અમૃતનો ઘડો કીધો છે. વ્યવહારનયના અવલંબનાર શિષ્યનો પ્રશ્ન (છે). વ્યવહારનયના શાસ્ત્રમાં એવા શુભભાવને તો અમૃતનો ઘડો કીધો છે. સમજાય છે કાંઈ ? વ્યવહાર આચાર સૂત્રમાં અમારે પણ સાક્ષી છે. અમારે આધાર શાસ્ત્રનો છે, કાંઈ અદ્ધરથી કહેતા નથી. સમજાય છે કાંઈ ?

શાસ્ત્રમાં બે પ્રકારના કથન છે. એક નિશ્ચય નામ યથાર્થ અને એક ઉપચારિક નામ વ્યવહાર. ત્યારે વ્યવહાર શાસ્ત્રમાં જે પાપના ભાવ છેદીને પુણ્યના ભાવ કરે એને નિશ્ચય સ્વરૂપનું ભાન અને દૃષ્ટિ સ્થિરતા હોય તો તેને તે વ્યવહાર ભાવને અમૃતનો ઘડો એમ કહેવામાં આવે છે. એટલે એ પવિત્ર છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? પાપના ભાવ થાય એ તો અપવિત્ર છે, ઝેર છે, એ આત્માને નુકસાન કરનારા (છે); પણ વ્યવહાર શાસ્ત્રમાં તો એવું આવે છે કે આ પાપ લાગ્યું હોય (તો) પ્રાયશ્ચિત લેવું, ભગવાનની સેવા કરવી, દર્શન કરવા, પૂજા કરવી, એનો કોઈએ વિરોધ કર્યો હોય એના પાપને છેદવું. એવા શુભભાવની ક્રિયાને (અમૃત કીધું છે). ભગવાનનું સ્મરણ કરવું એ શુભભાવ, એ પુણ્યભાવ છે. એ પાપના અપરાધને દૂર કરનારા છે. માટે, શુભભાવને વ્યવહારે, એ તો વ્યવહાર એટલે એને અમૃત કહ્યા છે. એને તો અમૃત જ છે ને.

'**વ્યવહારાચારસૂત્રમાં પણ કહ્યું છે કે–**'

**अप्पडिकमणमप्पडिसरणं अप्पडिहारो अधारणा चेव।**
**अणियत्ती य अणंदागरहासोही य विसकुम्भो।।१।।**
**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती च।**
**णिंदा गरहा सोही अट्ठविहो अमयकुम्भो दु।।२।।**

**અર્થ :-** '**અપ્રતિક્રમણ...**' એટલે પાપના ભાવ, પાપના ભાવ. પાપથી પાછું ન હટવું અને પાપમાં રહેવું. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ એનાથી પાછા ન હટવું એવા ભાવને અપ્રતિક્રમણ કહે છે. '**અપ્રતિસરણ,...**' મિથ્યાત્વ આદિના ભાવથી, તીવ્ર મિથ્યાત્વ, એનાથી પાછું ન હટવું એને અપ્રતિસરણ કહે છે. '**અપરિહાર,...**' મિથ્યાત્વ આદિ રાગથી, પાછું ન હટવું, અશુભભાવથી નિવારણ ન કરવું એને ત્યાં આગળ પાપ કહેવામાં આવે છે. '**અધારણા,...**' ભગવાનને લક્ષમાં ન લેવા, ચિંતવન ન કરવું, ચિંતવન ન કરવું પણ એનાથી વિરૂદ્ધતામાં રહેવું, એ પરમાત્મા આદિને સ્મરણમાં ન રાખવા એને અધારણા કહે છે. એ તો પાપ છે. '**અનિવૃત્તિ,...**' એટલે પાપથી પાછું ન હટવું અને પાપમાં રહેવું એ અનિવૃત્તિ. '**અનિંદા,...**' પાપ કર્યા એની નિંદા ન કરવી એનું નામ અનિંદા, પાપ કર્યા એની ગર્હા ન કરવી ગુરુ પાસે અને '**અશુદ્ધિ...**' પાપના ભાવને અશુદ્ધિ કહેવામાં આવે છે. '**એ (આઠ પ્રકારનો)...**' લાગેલા દોષનું પ્રાયશ્ચિત ન કરવું એ તો ઝેરનો ઘડો છે. સમજાણું આમાં ?

શાસ્ત્રનો આધાર તો લે ને એ. વ્યવહારનયના શાસ્ત્રમાં (કથન આવ્યા હોય). નિશ્ચયનો આત્મા અમૃતસ્વરૂપ, પવિત્ર આનંદઘન આત્મા છે. એની દૃષ્ટિ અને એની રમણતા થઈ છે એ તો નિશ્ચય અમૃત છે; પણ વ્યવહાર-શાસ્ત્રમાં એના કાળમાં શુભભાવના વિકલ્પો હોય એને પણ નિમિત્ત દેખીને વ્યવહારે અમૃત કહેવામાં આવ્યા છે. એનો આશ્રય લઈને શિષ્ય વાત કરે છે. આ રહ્યા વ્યવહાર-શાસ્ત્રમાં. 'ચારિત્રસાર', 'આરાધનાસાર'. એ ઠેકાણે એ બધાને અમૃત કહ્યા છે એટલે પવિત્ર કહ્યા છે. એ અમૃત કહ્યા, એને પવિત્ર કહ્યા. તમે કહો છો કે ઝેર (છે). સમજાય છે ?

એ '**પ્રતિક્રમણ,...**' એટલે પાપથી પાછું હટવું, '**પ્રતિસરણ,...**' '**સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા...**' સાચી શ્રદ્ધા આદિનો શુભ વિકલ્પ. '**પરિહાર,...**' '**મિથ્યાત્વાદિ દોષોનું નિવારણ...**' કરવું. 'ધારણા,...' '**પંચનમસ્કારાદિ મંત્ર, પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું...**' આ બધો શુભભાવ શાસ્ત્રમાં વર્ણવ્યો છે અને એને શાસ્ત્રકાર અમૃત કહે છે. અમૃતનો ઘડો કહે છે. એમ શિષ્યનો પ્રશ્ન છે. '**નિવૃત્તિ,...**' '**બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે...**' વિષયકષાયમાં વર્તતો હોય આત્મા તો એને પાછો વાળવો એનું નામ નિવૃત્તિ. એને શાસ્ત્રકાર અમૃતકુંભ કહે છે. અને '**નિંદા,...**' દોષ લાગ્યા હોય. '**આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.**' અરે...! આત્મા ! આ ભાવ નહિ. આ ખરાબ (ભાવ છે), એમ એની નિંદા એ શુભભાવ છે. 'ગર્હા...' '**ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.**' એ પણ એક શુભભાવ છે. અને '**શુદ્ધિ...**' '**દોષ થતાં પ્રાયશ્ચિત લઈને વિશુદ્ધિ કરવી તે.**' એ દોષ લાગ્યો હોય એનું પ્રાયશ્ચિત લેવું, શુદ્ધિ કરવી એ પણ એક શુભભાવ છે. આવા આઠ પ્રકારના શુભભાવને, આઠ પ્રકારે લાગેલા દોષનું પ્રાયશ્ચિત કરવું. ઓલા આઠનું પ્રાયશ્ચિત ન કરવું એ ઝેર

અને આવા આઠ પ્રકારના પાપ લાગ્યા એનું પ્રાયશ્ચિત કરવું તે અમૃત. સમજાણું કાંઈ ? એમ શિષ્યનો પ્રશ્ન છે.

પહેલેથી અશુભ છોડી અને શુભમાં આવે પછી શુદ્ધ થઈ રહેશે. શુભ કરતાં-કરતાં શુદ્ધ આત્માનું ભાન થાશે. પાધરા એકદમ વળગાડો ને કરો શુદ્ધ, કરો શુદ્ધ, કરો શુદ્ધ... એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ ? 'કટારિયાજી'! પહેલાં કહે શુભ કરવા દો. તો અમે અશુભથી દૂર થઈશું તો એટલું તો અમૃત થશે કે નહિ ? એમ પ્રશ્ન કરે છે. એમ છે નહિ, એ વાત ખોટી છે, સાંભળ તો ખરો. સમજાણું કાંઈ ?

વ્યવહારનયના શાસ્ત્રમાં જે કહ્યું છે એનો અર્થ તું નથી સમજતો. એ તો નિશ્ચય આત્માનો પુણ્ય-પાપથી રહિત પોતાનું સ્વરૂપ ચિદાનંદમૂર્તિ, એની અંતર દૃષ્ટિ અનુભવ થયો અને સાથે પછી શુભભાવ પ્રતિક્રમણ આદિનો હોય તો એને વ્યવહાર શાસ્ત્રમાં વ્યવહારનયથી અમૃતનો ઘડો કહેવામાં આવે છે. નિશ્ચય વિનાનો વ્યવહાર એને તો અમૃતકુંભ વ્યવહારથી પણ નથી કહેતા. સમજાય છે કાંઈ ? આ શિષ્યનો પ્રશ્ન છે. 'દુર્ગાદાસજી'! પહેલું આ કરો, આ કરવા દો, પડિકમણું કરીએ, પાપ ઓછું કરીએ, હિંસા છોડીએ, દયા પાળીએ, આ અસત્ય છોડીએ, સત્ય બોલીએ, બ્રહ્મચર્ય પાળીએ, અબ્રહ્મ છોડીએ, પરિગ્રહ રાખીએ એને છોડીને નિષ્પરિગ્રહનો શુભભાવ કરીએ, ભગવાનની પૂજા કરીએ, એનું સ્મરણ કરીએ.. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... એવા ભાવ શું ખોટા છે ? એનાથી પાપ તો છેદાય છે ને ? અને શાસ્ત્રમાં કહ્યું છે કે એ ભાવને અમૃત કહ્યું છે. એમ શિષ્યનો પ્રશ્ન છે.

**'ઉપરના તર્કનું સમાધાન આચાર્યભગવાન (નિશ્ચયનયની પ્રધાનતાથી) ગાથામાં કરે છે :-'** તારી વાત સાચી નથી. નિશ્ચયના ભાન વિના એ વ્યવહારને વ્યવહાર અમૃત પણ કહેવામાં આવતું નથી. તું તો કહે, પાધરો શુદ્ધનય.. પાધરું આ કરવું... આ કરવું.. પાપ છેદવા અને પુણ્ય કરવા, પાપ છેદવા અને પુણ્ય કરવા, અશુભ ટાળવા અને શુભ કરવા, એને અમૃત કહ્યું નથી. સમજાણું કાંઈ ? એ શાસ્ત્રમાં વ્યવહારનય, નિશ્ચયનયવાળો છે. ત્રણ પણ નિશ્ચયનયવાળી જેની દૃષ્ટિ થઈ છે એને વ્યવહારનયનો વિષય અમૃત નિમિત્ત ગણીને કહ્યો છે.

**શ્રોતા :-** નિમિત્ત નહિ પણ ઉપાદાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપાદાન કેવું હતું અંદર ? સમજાણું કાંઈ ?

વ્યવહારનયમાં કહ્યું છે એ તો નિશ્ચય સ્વરૂપનું (જેને ભાન થયું છે), આત્મા સચ્ચિદાનંદ સત્ અનાદિ-અનંત જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો રસકંદ છે, એવા આનંદનો અનુભવ દૃષ્ટિમાં થયો અને ઠરી શકતો નથી ત્યારે તે ભૂમિકાના પ્રમાણમાં પાપથી બચવાના જે શુભભાવ પૂજા, ભક્તિ આવે, પ્રતિક્રમણ આદિ હોય એને ઉપચારથી, આરોપથી, વ્યવહારથી, સાચું અમૃતપણું ઉઘડ્યું છે એને આવા કષાયની મંદતાનું નિમિત્ત ગણીને વ્યવહારનયના શાસ્ત્રમાં વ્યવહારે તેને અમૃત કહ્યું છે.

**શ્રોતા :–** વ્યવહારને આરોપ કહેવાય નહીં ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધાય સમજ્યા વિના. વ્યવહારે આરોપ ન કહેવાય, વ્યવહારનય એ આરોપ નહિ. વ્યવહાર ધર્મ છે. નિશ્ચય પણ ધર્મ છે અને વ્યવહાર પણ ધર્મ છે. ધૂડમાંય નથી, સાંભળને ! કોણ જાણે ભણી ભણીને શું કાઢ્યું શાસ્ત્રમાંથી ?

આ વીતરાગસ્વરૂપ ચૈતન્ય છે. રાગ અને પુણ્યના વિકલ્પરહિત નિર્વિકલ્પ ચૈતન્યતત્ત્વ છે. એવા તત્ત્વની દૃષ્ટિ અને જ્ઞાનના ભાન નથી અને આવા એકલા સ્મરણ ભગવાનના જાપ-જાપ કરીએ ને આમ કરીને અમારું કલ્યાણ થશે. મરી જઈશ તો નહિ થાય, કહે છે. સૂકાઈ જાય એવા અપવાસ કરીને, સ્મરણ કરીને. એ તો શુભરાગનું વિકલ્પનું ઉત્થાન છે, વૃત્તિ હોય ખરી. કોને ? વસ્તુનું જે ભાન થયું અને ઠરી શકતો નથી એને એવા કાળે એવા ભાવ હોય. એથી આત્માના અતીન્દ્રિય આનંદના અનુભવના ભાનની ભૂમિકામાં એવા શુભભાવને ઉપચારથી, આરોપથી અમૃત કહેવામાં આવે છે. આ નિશ્ચયથી તો એ ઝેર છે. સમજાણું ? અન્યથા, વ્યવહારથી અન્યથા કહે. છે ઝેર પણ અમૃતસ્વરૂપ ચિદાનંદ આત્મા અતીન્દ્રિય, એની શ્રદ્ધા-જ્ઞાનમાં રમતો-ઠરી ન શકતો હોય એ ટાણે એને એવા ભાવ-વિકલ્પવાળા શુભરાગ આવે. એથી એને અમૃતના ભૂમિકાના સંબંધમાં નિમિત્ત છે, માટે નિમિત્તનો આરોપ એને આપ્યો કે એ પણ એક અમૃત છે. વ્યવહારથી. પરમાર્થે તો એ રાગ ઊઠે પડિકમણાનો, ભગવાનના સ્મરણનો, જાપનો, પ્રતિમાના દર્શનનો, સમ્મેદશિખરની જાત્રાનો, એ રાગ પણ છે તો આત્માના અમૃતના લૂંટનારું ઝેર છે. સમજાણું કાંઈ ?

સર્વજ્ઞ પરમાત્મા જેણે એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા અને એ ત્રણ કાળ, ત્રણ લોકમાં જે ચીજો છે, અનંત આત્માઓ, અનંત પરમાણુ, મોક્ષમાર્ગ, બંધ માર્ગ જાણીને વાણી દ્વારા ઇચ્છા વિના નીકળી. એ વાણી દ્વારા નીકળ્યું એમાં કહ્યું કે અમારા સ્મરણમાં જો જા એને તો અમે શુભરાગ કહીએ છીએ અને ખરેખર તો એને અશુભથી બચવાની અપેક્ષાએ, નિશ્ચયના ભાનની ભૂમિકામાં એવા શુભને વ્યવહારે અમૃત કહ્યો, પરમાર્થે તો એ પણ ઝેર છે. કઠણ (પડે). બંધમાર્ગ જે ઝેર છે ને ઝેર છે ને ! વ્યવહારનય એટલે અન્યથા કહેનાર. નથી તેવું કહે તેનું નામ વ્યવહાર. સમજાણું કાંઈ ? શાસ્ત્રમાં એવું કથન આવે. શાસ્ત્રનો આધાર લીધો છે. એનો ઉત્તર કહે છે. ૩૦૬-૩૦૭.

**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।**
**णिंदा गरहा सोही अट्ठविहो होदि विसकुंभो।।३०६।।**
**अप्पडिकमणमप्पडिसरणं अप्परिहारो अधारणा चेव।**
**अणियत्ती य अणिंदागरहासोही अमयकुंभो।।३०७।।**

**પ્રતિક્રમણ, ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃતિ, ધારણા,**
**વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા-એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.**
**અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,**
**અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ-અમૃતકુંભ છે. ૩૦૭.**

રાડ પાડી નાખે ને. અશુદ્ધિ એ અમૃતકુંભ છે. એટલે કે શુદ્ધ કરવાનું જ્યાં રહેતું નથી એનું નામ અમૃતકુંભ છે. કાંઈક શુદ્ધ કરવું એવો વિકલ્પ ઊઠે એ તો ઝેર છે. સમજ્યા ? પોતે મુનિ છે, ભાવલિંગી સંત છે જંગલમાં વિચરનારા દિગંબર મુનિ, એ એની દશામાં કહે છે કે આ તું જેને વ્યવહારને અમૃત કહે છો એને અમે નિશ્ચયથી ઝેર કહીએ છીએ. વિકલ્પ તો ઊઠ્યો છે ને ? આ શાસ્ત્ર લખવા વખતે (વિકલ્પ) નથી ? વિકલ્પ ઊઠ્યો છે, શુભરાગ છે, ભગવાનની જાત્રા પણ આવે છે. શુભભાવની લાગણી ઊઠે છે, હોય છે. પૂર્ણ વીતરાગ પૂર્ણ નિર્દોષ દશા ન હોય એટલે એમાં આવી સદોષની દશા (હોય છે). તીવ્ર સદોષની નહિ, મંદ સદોષની દશા આવે. એ મંદ સદોષને નિશ્ચયની અપેક્ષા રાખેલી હોય તો વ્યવહારે એને શાસ્ત્રમાં અમૃત કહ્યું હતું. અમે કહીએ છીએ કે નિશ્ચયથી એ ઝેર છે. સમજાણું કાંઈ ? ઓલાએ કીધું વ્યવહારથી, આણે કીધું કે નિશ્ચયથી. આહા..હા...!

પહેલી વાત એ છે કે વસ્તુ પોતે સ્વભાવ એનો તદ્દન નિર્દોષ છે આત્માનો. વસ્તુ પોતે સદોષ હોય ? એની દશામાં, હાલતમાં શુભ અને અશુભભાવ ઊઠે એ બધા દોષ છે. હવે જેને દોષને છેદવો છે એને તો પુણ્ય-પાપના દોષરહિત ચિદાનંદમૂર્તિ પ્રભુ, એની અંતરની દૃષ્ટિ અને નિર્વિકલ્પ અનુભવ કરે તો દોષ છેદાય, નહિતર દોષ છેદાય નહિ. સમજાણું કાંઈ ? આ તો બહારમાં જ મનાવીને એ.. ગાડા હાંકયા. જાવ થઈ ગયો તમારે ધર્મ. સૂવો, બેસો નિરાંતે. એ ભગવાનના દર્શન કર્યા. જાપ આમ આમ કાંઈક કર્યા, સામાયિક કર્યા, પોષા કરી, પડિકમણા કર્યા થઈ રહ્યું. જાત્રા કરી એકવાર, થઈ ગયું કલ્યાણ . ધૂડમાંય કલ્યાણ નથી તારું, સાંભળને ! એવું તો અનંતવાર કરી ચૂકયો એવા શુભભાવને. અનંત કાળનો આથડ્યો આત્મા, શું નવો છે ? અનાદિકાળનો છે. અનાદિકાળમાં એવા શુભરાગના ભક્તિ, પૂજા, દાન અને દયા એ તો અનંત વાર કરી ચૂકયો છો. એ તો રાગની ક્રિયા છે, કાંઈ આત્માની ક્રિયા નથી. ધર્મની ક્રિયા નથી, ભારે કઠણ, ભાઈ ! સમજાણું ?

એથી ઓલાએ જ્યારે વ્યવહાર શાસ્ત્રના, વ્યવહારના કથન મૂકયા મોઢા આગળ (ત્યારે અહીંયાં નિશ્ચયનું કથન કરે છે). આ એ જ મૂકે છે ને ? કે વિકાર પોતાથી થાય. ત્યારે ઓલા કહે, જુઓ ! આ લખ્યું છે કર્મથી વિકાર થાય. કાઢ્યું શાસ્ત્ર. પણ એ તો પરથી થાય એ તો પર આશ્રિત કથન વ્યવહારનું થયું. સ્વથી થાય એનું શું હવે ? ત્યારે ઉપાદાન છે એનું શું ? કહો ! સમ્યગ્દર્શન થાય. લ્યો, ભગવાનના દર્શનથી સમ્યગ્દર્શન થાય, લખ્યું છે શાસ્ત્રમાં. જાતિસ્મરણથી સમ્યગ્દર્શન થાય, વેદનાથી થાય. એલા પણ એ તો બધી નિમિત્તની વાત છે,

પણ ઉપાદાનથી શું ? અંતરથી શું ? સમજાય છે ? શાસ્ત્રના વ્યવહારનયના કથનો મોઢા આગળ મૂકે. આણે પણ મોઢા આગળ મૂક્યા. એ રીત છે ? શાસ્ત્રમાં વ્યવહારના કથનો ઘણા આવે. કારણ કે અશુભથી વંચનાર્થે એમ બોલાય. એમ શાસ્ત્ર પોતે કહે છે. આચાર્ય 'અમૃતચંદ્રચાર્ય' કહે અશુભથી વંચનાર્થ. જ્ઞાનીને પણ ભગવાનની ભક્તિ-પૂજા હોય. એ કરે, એમ કહે. વ્યવહારનયથી તો જ્ઞાની ભક્તિ કરે, પૂજા કરે, જાત્રા કરે. એનો અર્થ કે એનો એ શુભભાવ હોય અને એ શુભભાવ પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ. સમજાણું કાંઈ ? ઓલો જેટલા વ્યવહારના કથનો શાસ્ત્રમાં (આવે) એ મોઢા આગળ મૂકે, જ્યાં વાત નિશ્ચયની કરે કે વિકાર જીવથી થાય. તો કહે, નહિ. વિકાર કર્મથી થાય. આ શાસ્ત્રમાં લખ્યું છે. ધર્મ સમ્યગ્દર્શન આત્માથી થાય. ત્યારે કહે, આ લખ્યું વેદનાથી થાય, જાતિસ્મરણથી થાય, સાંભળવાથી થાય. હવે એ તો બધા નિમિત્તના, વ્યવહારના કથન છે. સમજાણું કાંઈ ? પરમાર્થે શું ? એ પહેલું કહે અને પછી આ વ્યવહાર. ઓલો કહે કે પહેલો વ્યવહાર હોય તો શુદ્ધિ થાય. અહીં કહે કે આ નિશ્ચય શુદ્ધિ હોય તો તો એના વ્યવહારના ભાગને અમૃત કહો, ધર્મ કહો, વ્યવહાર ધર્મ કહો, વ્યવહાર ધર્મ, ઉપચારિક ધર્મ, ખરેખર ધર્મ નહિ. ઓલો કહે, નહિ આરોપ-બારોપ નહિ. બેય મોક્ષમાર્ગ સાચા છે. નિશ્ચય મોક્ષમાર્ગ સાચો છે અને વ્યવહાર પણ સાચો છે. સમજાણું ?

'પ્રવચનસાર'માં લીધું નથી ? ભાઈ ! અણાસ્રવી. છેલ્લો નહિ ? અણાસ્રવી છે. ઓલો સાસ્રવી છે. હા. સઆસ્રવ એટલે ઓલો વિકલ્પ ઊઠે છે એને અમે પાછળ લઈશું. પાછળ-પાછળ સાધુ કહેશું. મૂળ તો ઓલો સાધુ છે. અપ્રત્તદશામાં રમતો અણાસ્રવી આનંદકંદમાં ઝૂલતો જે સાધુ છે એને અમે મોક્ષમાર્ગી કહીએ છીએ. સાધુ કહો પણ મુખ્ય મોક્ષમાર્ગ એને કહીએ અને પાછળથી છઠ્ઠે ગુણસ્થાને પણ ત્રણ કષાયનો અભાવ છે અને ઓલો વિકલ્પ (છે), પણ પાછળથી એને અમે સાધુ કે મોક્ષમાર્ગી કહીએ. પાછળથી કહીએ, પણ એને હજી આસ્રવભાવ આવે છે. કહો, સમજાણું કાંઈ ? એમ અહીંયાં નિશ્ચય ચિદાનંદમૂર્તિનું ભાન યથાર્થ વસ્તુ જેવી છે, જેવો પવિત્ર અને નિર્દોષ આત્મા છે, એવી નિર્દોષ દૃષ્ટિ અને જ્ઞાન થવું અને એમાં અંતર્મુખ થઈને કાંઈક રમવું-સ્થિર (થવું) એવા જીવને ધર્મ અને ધર્મની ક્રિયા કહેવામાં આવે છે. એને પણ જ્યારે શુભભાવ ભક્તિ, પૂજા, દાનનો ભાવ હોય તો એને વ્યવહારે ધર્મ કહો, વ્યવહારે અમૃત કહો, વ્યવહારે પવિત્ર કહો. વ્યવહારે પવિત્રતા એને કહેવાય. એટલે પવિત્ર નથી એને પવિત્ર કહેવું એનું નામ વ્યવહારનય. સમજાણું કાંઈ ?

**ટીકા :- 'પ્રથમ તો જે અજ્ઞાનીજનસાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકો...)'** અનાદિના છે અને એને જે '**અપ્રતિક્રમણાદિ છે...**' પાપના ભાવ મિથ્યાત્વના, અજ્ઞાનના, અશુભ રાગ-દ્વેષના ભાવ, એ આઠ બોલ જે પાપના બધા કહ્યા, '**તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે;...**' શું કહે છે ? અજ્ઞાની સાધારણ જેને આત્માની ખબર જ નથી કે આત્મા શું વસ્તુ છે. પવિત્ર આત્મા

આનંદકંદ, જ્ઞાનનો દરિયો, દૃષ્ટાનો સ્વભાવ, એ ચૈતન્યની જાતની ખબર નથી અને જે રાગ ને પુણ્ય ને નિમિત્તને ધર્મ માની રહ્યા છે એવા અજ્ઞાની જન સાધારણ, એવા સાધારણના જે અપ્રતિક્રમણ છે. અપ્રતિક્રમણ એટલે ?-પાપથી હટ્યો નથી, પાપમાં પડ્યો છે, અશુભભાવમાં પડ્યો છે, મિથ્યાત્વમાં અશુભભાવમાં હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગના પાપમાં (પડ્યો છે). એ ભગવાનને માને નહિ, ભગવાનનું સ્મરણ નહિ, ભગવાનની ભક્તિ નહિ, ભગવાનની પૂજા નહિ. સમજાણું ? દેવ-ગુરુનો આદર નહિ, દેવ-ગુરુનો વિનય નહિ, દેવ-ગુરુનો અનાદર (કરે) એવા જે ભાવ છે એ તો શુદ્ધાત્માની પ્રાપ્તિના અભાવરૂપ છે. એને લઈને તો આત્માને ક્યાંય શુદ્ધિ થતી નથી.

એ તો '**શુદ્ધાત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળા હોવાને લીધે...**' એ પાપનો સ્વભાવ જ એવો છે કે શુદ્ધિનું કારણ હોઈ શકે નહિ. '**સ્વયમેવ અપરાધરૂપ હોવાથી...**' પાપના ભાવ એ તો સ્વયમેવ-એની મેળે અપરાધ-ગુનો છે. તે ઝેરનો જ ઘડો છે. '**તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન** ?' અમે એના કાંઈ વિચાર કરતાં નથી. એ તો અનાદિના અજ્ઞાની મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા રાગ-દ્વેષના ભાવ અશુભમાં પડ્યા એની તો વાત કરતાં નથી. સમજાણું ? '**તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન ? (તેઓ તો પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે.)**' એ પાપના પરિણામ અને તીવ્ર મિથ્યાત્વ આદિને તો પહેલેથી છોડવા લાયક છે.

'**અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે...**' જેમાં ઉપયોગ નથી પણ વિકલ્પ છે. ચૈતન્યનો આનંદ અને જ્ઞાનનો જેમાં વેપાર નથી પણ જેમાં શુભરાગ દ્રવ્ય પ્રતિક્રમણ (છે). આ પાપ લાગ્યું હતું. .. એવું દ્રવ્ય પ્રતિક્રમણ. સમજાણું ? અને દ્રવ્ય પ્રતિસરણ. એ આઠે બોલ લેવા. સમકિત ગુણોમાં પ્રેરણા. સાચી શ્રદ્ધા શું એનો વિકલ્પ ઊઠ્યો છે-શુભરાગ, અને મિથ્યાત્વ આદિ દોષો ટાળું... ટાળું... ટાળું... એવો શુભરાગ છે, ભગવાન આદિનું સ્મરણ કરે છે, ચિત્તને સ્થિર કરે છે, વિષય-કષાયથી પાછો હઠે છે અને પાપની આત્મસાક્ષીએ નિંદા કરે એવો વિકલ્પ છે રાગ અને ગુરુ પાસે નિંદા કરે છે અને અશુદ્ધિ તીવ્ર છે તેને ટાળીને શુભભાવમાં આવ્યો છે.

'**અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં...**' નિશ્ચય સ્વભાવનું ભાન અને નિશ્ચયની દૃષ્ટિ ને સ્થિર છે તો એના શુભભાવનું આ પડિકમણ અશુભરાગ ઘટે એટલું ઘટાડવામાં કારણ છે. સમજાણું કાંઈ ? '**સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી...**' એટલે અશુભ ટળ્યો છે અને શુભમાં આવ્યો એટલું ત્યાં ટળ્યું છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? પાછું એ પણ દૃષ્ટિ હોય એને માટે વાત છે. એ કહેશે. એમ નહિ કે ભાન આત્માનું નથી પડિકમણા અને આ ક્રિયાઓ કરી તો એને અશુભ ક્રમે-ક્રમે ટળ્યું અને ક્રમે-ક્રમે શુદ્ધિ થશે. એમ નહિ. સમજાણું કાંઈ ?

જે દ્રવ્ય પ્રતિક્રમણ... આ આઠેય બોલમાં જેટલો વ્યવહારનયનો શાસ્ત્રમાં અધિકાર, મહાવ્રત ને સમિતિ ને ગુપ્તિ ને પડિકમણા ને વગેરે વગેરે જેટલી ક્રિયાઓ વ્યવહારનયથી

કહેવામાં આવી, બાર પ્રકારના તપ અને અનશન ઉણોદરી ને અપવાસ ને બધી ક્રિયાઓમાં જેટલો શુભરાગ થાય, એ શુભરાગ સ્વભાવ-રાગરહિત ચૈતન્યના સ્વભાવનું ભાન છે એને આ શુભરાગ, અશુભરાગ ટળ્યો એટલું ઘટાડવામાં નિમિત્ત કહેવામાં આવે છે. છે તો જોર સ્વરૂપનું. સમજાય છે કાંઈ ? છે તો જોર શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવનું, પણ અહીં શુભમાં જોર છે અશુભ ટાળવાનું, ઘટાડવાનું એમ વ્યવહાર કરીને એને અમૃત કહ્યું છે. સમજાણું કાંઈ ? અટપટું. વાત અટપટી બહુ.

કહે છે કે '**દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને...**' ત્યારે સર્વ અપરાધરહિત આત્મા નિરપરાધ છે એવું દૃષ્ટિ અને ભાન થયું છે. સમજાણું ? સર્વ અપરાધ છે, આ શુભ-અશુભ ભાવ સર્વ અપરાધ છે અને આત્મા એ રાગથી તદ્દન નિરપરાધી વસ્તુ છે. એમ જ્યાં અંતરદૃષ્ટિ અને અનુભવ થયો છે એને '**સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં)...**' વ્યવહારે શુભભાવમાં સમર્થપિ હોવાથી એને વ્યવહારથી અમૃતકુંભ કહેવામાં આવે છે, ઉપચારથી અમૃતકુંભ કહ્યા છે. '**(એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે)**' જુઓ ! તું કહે છો કે એકલો શુભ-શુભ અમૃત એમ નહિ. જેની દૃષ્ટિમાં શુભાશુભભાવ બેય અપરાધ છે, સર્વ અપરાધ છે, એવા અપરાધનું ભાન થઈ નિરપરાધી દૃષ્ટિ થઈ છે. સમજાણું કાંઈ ? એ સર્વ અપરાધને ટાળવા તો શુદ્ધ સ્વભાવનો આશ્રય અવલંબન એક જ કારણ છે, પણ એને જ્યારે શુભભાવ હોય ત્યારે અશુભ ઘટ્યો, પાપ છોડ્યા, અશુભ છૂટ્યું એવી અપેક્ષા લઈને શુભભાવને (અમૃત કહ્યું છે). જોર તો નિશ્ચયનું છે, પણ એનો આરોપ અહીંયાં વ્યવહારમાં આપ્યો કે વ્યવહાર તે ઘટાડવાનું કારણ છે. એ શુભભાવ અશુભને ઘટાડવાનું કારણ છે. સમજાણું કાંઈ ?

ખરેખર હોય તો તો અજ્ઞાનીને શુભભાવ આવે એ અશુભ ઘટાડવાનું કારણ થાય. એમ તો થતું નથી. સમજાણું કાંઈ ? સર્વ અપરાધરહિત નિરઅપરાધિ સ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનાનંદમૂર્તિ પૂર્ણાનંદ, જેમાં સર્વજ્ઞપણું પ્રગટ થાય એવી તાકાત મારી છે. હું સર્વજ્ઞ ત્રણ કાળ, ત્રણ લોકને વિકલ્પના રાગ વિના જાણું એવી મારી વીતરાગ વિજ્ઞાન શક્તિનું દળ મારું છે. એવી રાગ રહિત દૃષ્ટિ થઈ, અહીં તો મુનિ છે એટલે ચારિત્ર પણ સાથે થયું, એ નિશ્ચયથી મોક્ષનો માર્ગ અને અમૃત છે. એની જોડે આવા શુભભાવના કથનો જેટલા આવ્યા એ અશુભભાવને સર્વ અપરાધને ધીમે ધીમે ઘટાડે, ઓલો અશુભ ઘટ્યો અને શુભ રહ્યો એટલો આરોપ શુભભાવમાં આવે છે. આરોપ આવે છે એ ખરેખર. સમજાણું કાંઈ ? ભારે વાંધા જગતને.

'**(એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે)**' કહો, સમજાણું કાંઈ ? ઓલી વાત કરી હતી ને ? એક ફેરી, નહિ ? આ તોરીની. બે વર્ષ પહેલાં ગયા ત્યાં સ્વામિનારાયણ કણબીઓ છે. સ્વામિનારાયણ કણબી. પછી બધા વ્યાખ્યાનમાં આવ્યા. વ્યાખ્યાનમાં સવારે ન આવી શકયા, સાંજે આવ્યા. પછી એક પુસ્તક લઈને આવ્યા. એ અગાધગતિ. અગાધગતિ. કણબી કહે કે

મહારાજ ! બપોરનું વ્યાખ્યાન રહી ગયું અમારું. બધું ઘણું વંચાઈ ગયું. અમે તો હતા બહાર. ક્યાં ? ખેતરમાં. એટલે રાત્રે બિચારા આવ્યા બધા. એની પાસે 'અગાધગતિ' નામનું પુસ્તક. અમે વાંચીએ પણ આમાં સમજાતું નથી કાંઈ. મેં કીધું, ભાઈ ! વાંચો તો ખબર પડે. બધા આવ્યા. લોકો ઘણું ભરાણું હતું રાતે. એમાં એવું નીકળ્યું કે આ જેટલી ભગવાનની ભક્તિ, સ્મરણ, જાપ, તપ, દયા, દાન, વ્રત, સંયમ એ જે ભાવ કરવામાં આવે એનું ફળ સંસાર છે. એ ગ્રંથ હતો. અહીંથી ગયા હતા (સંવત) ૨૦૧૬ની સાલમાં. 'વડિયા' વેદિ પ્રતિષ્ઠા હતી ને ભગવાનની, ત્યારે પહેલું તોરી આવ્યું હતું. બપોરે વ્યાખ્યાન થયું. માણસો સમાય નહિ ત્યાં. પ્રસિદ્ધ નામ એટલે લોકો તો આવે બધા. એ બધાએ સાંભળ્યું કે મહારાજ અધ્યાત્મની વાત કરે છે, આત્માની. અમારી પાસે પુસ્તક છે અગાધગતિ, પણ ઉકેલ થાતો નથી. પછી રાત્રે એક જુવાન છોકરો વાંચે. બધા ઘણા ભેગા થાય. કેટલી વાર એમાં આવ્યું કે આ જેટલું ભગવાનનું નામ જપ કરો, તપ કરો, વ્રત કરો, નિયમ કરો... સમજ્યા ને ? દયા પાળો, આ કરો, આ કરો, દાન કરો, આ મંદિર બનાવો, જે કાંઈ કરો એ ભાવ સંસાર ફળશે. અહીં મળશે ગતિ. એમાં ધર્મ-બર્મ અને મોક્ષ થશે નહિ. આ..હા..!

મેં કીધું, એ વાત બપોરે કહેવાઈ ગઈ છે. તમે નહોતા. સમજાય છે ? આ બધા એને મુક્તિ અને ધર્મ મનાવી દે છે. ભગવાનની ભક્તિ કરો, પૂજા કરો, સ્મરણ કરો થશે તમારે, કલ્યાણ થશે. ઓલાએ તો એવું લખેલું, બધાનું ફળ પુણ્યબંધ અને સંસાર છે. એને તો પુણ્ય પણ નહોતું. એ તો અહીં છે એમ લખ્યું. એનું ફળ અહીં છે. ધર્મમાં મોક્ષ-બોક્ષનું ફળ એમાં નથી. એ બધી રાગની ક્રિયાઓ, વિકારની ક્રિયાઓ. અન્યમતનો ગ્રંથ 'અગાધગતિ' નામનું પુસ્તક. 'વડિયા' છે. ત્રણ ઠેકાણે વેદિ પ્રતિષ્ઠા હતી તે દિ' (સંવત) ૨૦૧૬ની સાલમાં. 'વડિયા', 'ગોંડલ' અને 'જેતપુર'. તે દિ' માણસો.. વાત તો એ છે પણ તમે પહેલાં સમજો ત્યારે ને ? એમ ને એમ આ કરવા માંડ્યા. ભગવાને કીધું આ, ફલાણે કીધું આ. પણ ભગવાન હજી કોણ છે ? એનું કથન શું છે ? એના ન્યાય શું ? સમજ્યા વિના ? 'કટારિયાજી'! અન્યમતિનો ગ્રંથ હતો. વેદાંતનો હશે. એની પાસે ઘણા વર્ષથી પડેલો કણબી પાસે. પણ સૂઝ પડે નહિ. વાંચીને... વાંચીને... વાંચીને... અહીં ફળ... અહીં ફળ... અહીં ફળ... શું હે છે આ ? કીધું કે અહીં ફળ એટલે જેવા અવતાર કર્યા આ એવા ને એવા અવતાર મળશે. એમાં ક્યાંય જન્મ-મરણ ટળે એવુ નથી. સમજાણું કાંઈ ?

અહીં આચાર્ય એ કહે છે કે તું જે વ્યવહાર શાસ્ત્રનો દાખલો અમારી પાસે મૂકે છો અને તું એને અમૃત કહે છો તો અમે પણ એને અમૃત એક અપેક્ષાએ કહીએ છીએ. કઈ અપેક્ષાએ ?-કે આત્મા શુદ્ધ ચૈતન્ય પુણ્ય-પાપના ભાવ રહિતનું ભાન થયું હોય એને ઓલો શુભભાવ આવે. છે તો ઝેર, પણ અશુભ ઘટવાની અપેક્ષાએ પાપના ભાવ શુદ્ધની દૃષ્ટિની ભૂમિકાવાળાને... એકલો અજ્ઞાનીને તો નહિ જ તે. સમજાણું કાંઈ ? જે પુણ્યમાં અને શુભમાં ધર્મ માની બેઠો છે

એને તો એનો શુભભાવ વ્યવહારે પણ અમૃત નથી. એ તો એકલું ઝેર જ છે. સમજાણું કાંઈ ? જે ચૈતન્યમાં અપરાધ છે અને ભાન છે કે નિરપરાધી આત્મા, એને સર્વ અપરાધ છેદવામાં, ઘટાડવામાં, મોળો પાડવામાં હળવે-હળવે એ શુભમાં આવ્યો, એ અશુભને ઘટ્યો, એવો આરોપ એ શુભભાવમાં આ નિશ્ચયના ભાનની ભૂમિકાવાળાને ઘટાડવાનું ખરું સાધન તો નિશ્ચયનો આશ્રય તે છે, પણ એનો આશ્રય આ વ્યવહારને નાખ્યો કે તારાથી અશુભ ઘટ્યું માટે તને અમૃત વ્યવહારે કહીએ છીએ. સમજાણું કાંઈ ? ભારે અટપટી વાત.

હજી પહેલી ચીજ શું છે એને એ ખ્યાલમાં ન લે, એને કેમ પ્રયોગમાં મૂકવી એની ખબર ન હોય, એને આ વાત કોઈ રીતે અંદર ગળે ઉતરે જ નહિ. એમ ને એમ માની બેઠા કે ચાલો, આપણે શાસ્ત્રમાં છે ને ? શાસ્ત્રનું આ વીતરાગનું વચન છે કોનું ? વળી એમ પૂછે. એ માન્ય છે કે નહિ તમારે ? પણ સાંભળને. વળી એમ કહે, આ વીતરાગ કેવળીનું વચન છે કે નહિ ? એ આચાર્યનું છે કે નહિ ? આચાર્યનું છે પણ એ વ્યવહારનું છે કે નિશ્ચયનું ? એ તો કહે પહેલું. ઓલાએ કીધું કે જુઓ ! આચાર શાસ્ત્રમાં સંતોએ, મુનિઓએ એને અમૃત કહ્યું છે. સાંભળને. અમે ક્યાં ના પાડીએ છીએ એને ? કોને ?-કે જેને રાગ અને પુણ્યના વિકલ્પરહિત વસ્તુની પીછાણ થઈ ગઈ છે, અખંડ આનંદનો સાક્ષાત્કાર થઈ ગયો છે, અખંડ આનંદમૂર્તિ એનું ભાન થઈ ગયું છે. એવા જીવને એ ભાવ સર્વ અપરાધને ટાળવાને સમર્થ છે. એવી ભૂમિકાવાળાના શુભભાવને (અશુભ, ઘટાડવામાં શુભભાવ સમર્થ છે એમ ગણીને તેને વ્યવહારે અમૃત કહીએ છીએ. સમજાણું કાંઈ ?

'**તોપણ...**' ભલે કહે છે કે આ હોય પણ એમાં કહેવું છે અમારે આ. એ '**પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી...**' પ્રતિક્રમણ એટલે શુભભાવ. અપ્રતિક્રમણ એટલે અશુભભાવ. એટલે બે શબ્દ છે પહેલાં. શુભ-ભક્તિ, પૂજા, આદિ દાન, દયા વગેરે કે વ્યવહાર શ્રદ્ધા વગેરે, એવા પ્રતિક્રમણ એ શુભભાવ, અપ્રતિક્રમણાદિ અશુભભાવ. આઠ બોલ અશુભના અને આઠ બોલ શુભના. એનાથી '**વિલક્ષણ એવી...**' બેથી ત્રીજી વિલક્ષણ. ત્રીજી ભૂમિકા. સમજાણું કાંઈ ? '**એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને...**' લ્યો, આ અપ્રતિક્રણ તો ઓલાને કહ્યું અને અપ્રતિક્રમણ આનેય કહ્યું. એક અપ્રતિક્રમણ અશુભને કહ્યું, એક અપ્રતિક્રમણ શુદ્ધને કહ્યું. સમજાણું કાંઈ ? આમ છે વ્યવહારે છતાં પ્રતિક્રમણના ભાવો શુભ અને અપ્રતિક્રમણના અશુભ, એ બેયથી વિલક્ષણ બીજી ચીજ છે અંદર.

'**એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને...**' જે વિકલ્પના, રાગના, પુણ્યના ભાવથી રહિત, પાપના ભાવથી રહિત અખંડાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એનો જે આશ્રય અને એની જે અનુભવદૃષ્ટિ એવી '**ત્રીજી ભૂમિને નહિ દેખનાર...**' એ શુભ અને અશુભભાવ વિનાની ત્રીજી દશાને નહિ જોનાર, એને નહિ માનનાર, એને નહિ જાણનાર, એને નહિ અનુભવનાર. તેવા '**પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે...**'

જુઓ ! ઓલો સમર્થ કીધું હતું, નિશ્ચયના ભાનની ભૂમિકામાં વ્યવહારનો આરોપ હતો અને અહીંયાં નિશ્ચયનું ભાન જ નથી. જ્ઞાન ચિદાનંદમૂર્તિ કઈ રીતે પ્રાપ્ત થાય અને કેમ એનો ઉપાય છે, એની ખબર જ નથી. એના ભાન વિના એ '**પોતાનું કાર્ય કરવા...**' પોતાનું એટલે ? એ શુભભાવ, દ્રવ્યપ્રતિક્રમણ, ભગવાનની પૂજા-ભક્તિ વગેરે. એ દ્રવ્યભાવ શુભભાવ એ '**પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે...**' પોતાનું કાર્ય એટલે ? ઓલું ઘટાડવાનું વ્યવહારે છે એ કાર્ય પણ એનામાં છે જ નહિ. સમજાણું કાંઈ ?

માથે એ કહ્યું હતું ને ? અસમર્થ હોવાથી ઘટાડવામાં. એ કહે છે કે જ્યારે એકલો શુભરાગ હોય અને શુદ્ધનું જ્યાં ત્રીજી ભૂમિકાનું ભાન નથી, જ્યાં તે દ્રવ્ય પ્રતિક્રમણાદિ પોતાનું કાર્ય એટલે કે અશુભને ઘટાડી અને ઘટાડો અપરાધમાંથી શુભમાં આવ્યો એવું જે કાર્ય, (તેમાં) અસમર્થ હોવાથી. નિશ્ચયના ભાન વિનાના જીવને અનુભવની દૃષ્ટિ આત્માની થયા વિના એવા શુભભાવ તે અશુભને ઘટાડવાને જે એનું કાર્ય છે એ પણ સમર્થ નથી. એવું નિમિત્તપણું એનામાં નથી. આ શુભે અશુભ ઘટાડ્યો માટે નિમિત્ત અમૃત છે એવું નથી. ત્રીજી દૃષ્ટિ પ્રગટ્યા (વિના), શુભાશુભના ભાન વિનાના જીવને એ કાર્ય પણ થતું નથી. સમજાણું કાંઈ ? અરે..! કેટલા બોલો અને કઈ અપેક્ષા આમાં ! સમજાય છે કે નહિ આમાં ? 'મૂલચંદભાઈ'! સમજાય છે આમાં ? છે ને પુસ્તક ? આ તો પુસ્તકમાં હોય એની વાત ચાલે છે. લખ્યું છે એની તો વાત ચાલે છે અહીંયાં. ઘટાડવાનું કીધું એટલે શું ? એ તો વ્યવહારથી ઘટાડવાનું કહ્યું અશુભને.

અહીં કહે છે, જેને આત્મદૃષ્ટિ નિર્દોષ પવિત્ર આત્મા, એની દૃષ્ટિ કરી નથી, કરતો નથી, થઈ નથી એને એવા શુભભાવની ક્રિયાઓ જેટલી વ્યવહારનયના શાસ્ત્રમાં આવી હોય, એ તો નિશ્ચયવાળાના વ્યવહારનયની વાત છે શાસ્ત્રમાં અને તું એકલા વ્યવહારનયની વાતું કરે છો, જૂઠી વાત છે કહે છે. એ પોતાનું કાર્ય કરવા તો અસમર્થ છે એટલે અપરાધને ઘટાડવાની યોગ્યતા પણ એનામાં નથી, પણ વિપક્ષ કાર્યકર્તા હોવાથી હમુકનું એનાથી તો ઊલટાનું કાર્ય કરે છે, પાપને બાંધે છે. સમજાણું કાંઈ ? એની દૃષ્ટિ જ વિકાર ઉપર છે. પુણ્યની ક્રિયા... પુણ્યની ક્રિયા... પુણ્યની ક્રિયા... પુણ્યની ક્રિયા... એવી દૃષ્ટિ છે તેથી તેના શુભભાવમાં ઘટાડવાની તાકાત નથી, પણ વિપક્ષ કાર્ય-બંધના (કાર્ય) કરવાની તાકાત છે. અભાવ કરવાની તાકાત તો એનામાં નથી. સમજાય છે ? નિશ્ચયવાળાને અભાવ કરવાની તાકાત નથી. ફક્ત ઘટાડવાની તાકાત નિશ્ચયને લઈને કહેવામાં આવી છે. આને તો ઘટાડવાની તાકાત તો છે નહિ પણ '**વિપક્ષ કાર્ય કરતાં હોવાથી...**' કોણ ? એ શુભ વિકલ્પ જે શુભરાગ પુણ્યનો ભાવ, શુભ ઉપયોગ પ્રતિક્રમણ ને દયા ને દાન ને આ ને તે ને, પંચ મહાવ્રત ને બાર વ્રતને, સમતિ ને ગુપ્તિ ને અનશન, ઉણોદરી, રસપરિત્યાગ, કાયક્લેશ, પ્રતિસરણ, આટલા રસ છોડ્યા, આટલો ત્યાગ કર્યો, આટલા નવ વાડે (બ્રહ્મચર્ય પાળ્યું), સ્ત્રી હોય ત્યાં બેસતા નથી એવા બધા ભાવ. સમજાણું કાંઈ ? એવો જે શુભભાવ, એ પોતાનું કાર્ય કરવા અસમર્થ (છે), વસ્તુ દૃષ્ટિ નથી માટે,

પણ ઉલટું વિપક્ષ બંધનું કાર્ય કરતાં હોવાથી. નિશ્ચયવાળાના શુભને વ્યવહારે ઘટાડવાનું નિમિત્ત કહ્યું હતું. સમજાણું ? આ તો કહે, નિશ્ચય વિનાના શુભભાવાળાને વિપક્ષ એટલો મિથ્યાત્વ સહિતનો બંધ થાય છે. તેને તો બંધન જ છે. જરીએ અભાવ તો નથી પણ ઘટાડવાનું એમાં છે નહિ. મિથ્યાત્વ પુષ્ટ થતું જાય છે. કષાય અનંત સંસારનું કારણ એ પણ વધતો જ જાય છે એમાં. એની એને ખબર નથી. સમજાણું કાંઈ ?

'**પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે વિપક્ષ કાર્ય (અર્થાત્ બંધનું કાર્ય) કરતાં હોવાથી વિષકુંભ જ છે.**' ઝેર જ છે. એ બધા એના કાર્યો એકલા મિથ્યાત્વને પોષક છે. સમજાણું કાંઈ ? '**જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે...**' હવે એ શુભ અને અશુભ વિનાની ત્રીજી આનંદની ભૂમિ છે. જે શુદ્ધતાના પર્યાય પ્રગટ્યા છે એવો '**તે સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે...**' સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિ. ઓલા વ્યવહારના અવલંબન વિના. ઓલો વ્યવહાર હતો શુભરાગનો માટે અહીં શુદ્ધ આત્માની સિદ્ધિ થવાનું કાંઈ કારણ થયું એમ છે નહિ.

'**ત્રીજી ભૂમિ છે તે, સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના દોષોને...**' જોયું ! સર્વ અપરાધરૂપી વિષના. ઓલામાં નિશ્ચયસહિતમાં ઘટાડવાનું હતું પણ આને '**સર્વથા નષ્ટ કરનારી...**' સમજાણું કાંઈ ? ભારે ઝીણી વાતું. ટીકા પણ જંગલમાં કરી અને આ ગામમાં રહ્યા એને સમજાય નહિ. ઓલા જંગલમાં જંગલમાં (રહેતા). આહા..હા...! કહે છે કે ભાઈ ! જે જાતનો વિકલ્પ અને શુભરાગ હોય એ જાતના શુભરાગમાં તો દૃષ્ટિ જ જ્યાં રાગ ઉપર (છે) અને હજી સત્ય શું છે એનું ભાન નથી એટલે એમાં વ્યવહારે મટાડવાનું તો નથી, એનું કાર્ય નથી, પણ ઉલટું બંધ કરે કે આને અપ્રતિક્રમણ આદિ દશા એ વ્યવહારના શુભભાવના અવલંબન વિના, સહાયક વિના, નિમિત્તની સહાયકતા, વ્યવહારની સહાયકતા નિશ્ચયને (છે) ?–કે ના. સમજાણું કાંઈ ? એનો અભાવ થયો.

'**સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ...**' શુદ્ધ પવિત્ર પ્રભુ આત્મા, એની અંતરની પ્રાપ્તિ એવો ભાવ સર્વ અપરાધરૂપી ઝેરના દોષને એટલે શુભાશુભભાવ બધો અપરાધ, એના ઝેરના દોષને. આહા..હા...! જગતને તો એવું લાગે. એલા પણ અનંત કાળથી આથડ્યો, કાંઈક રહી જાય છે એની ખબર નથી. 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન. સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યું નહિ અભિમાન.' એની પકડમાં અજ્ઞાનનો પક્કડ મૂક્યો નહિ. શું છે એ લક્ષમાં પણ વાત લેતો નથી અને ઊંધે દોડે મૂઠીયું વાળીને ચાલ્યો જાય છે. અમે કાંઈક માર્ગમાં છીએ. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** મુઠીયું વાળીને એટલે શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મુઠીયું વાળીને નથી સમજતા ? ઓલા હાથ આમ આમ થાય ને ? એ કરતાં આમ (મુઠી વાળે). મુઠી વાળીને બહુ દોડે. હાથ જરી ઓલો થતો જાય એમાં ઓલું થાય. સમજાણું ?

કહે છે, '**જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ...**' નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા જ્યાં

અંતરની દૃષ્ટિનો વાસ્તવિક ઉઘાડ થઈ ગયો છે એને '**વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી, સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે...**' લ્યો ! કેટલા શબ્દો મુકયા ! જોયા ! કે '**ત્રીજી ભૂમિ છે તે, સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે...**' એક. '**સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી, સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે...**' ઓલાના વ્યવહારે કહેવામાં આવે છે, પરંપરા કહેવામાં આવે લ્યો, એને સાક્ષાત્‌ની સામે. એ તો પરંપરા કહો કે વ્યવહાર કહો કે ઉપચાર કહો. આ લોકો કહે છે, લ્યો, પરંપરા કહ્યું. પણ પરંપરાનો અર્થ શું ? સાંભળને ! નહિ, એ કારણ નથી એને અહીંયાં કારણનો આરોપ પરંપરામાં અપાય છે. એ શું ? આની જોડે કોણ હતું એવો ભાવ. એ છોડીને થશે ત્યારે થાશે, કાંઈ એનાથી થાય એવું નથી. સમજાણું કાંઈ ?

ચૈતન્ય જ્ઞાન અને આનંદ સ્વરૂપ (છે), એનો જ્યાં અંતર અનુભવ થયો અને દૃષ્ટિ થઈ, સ્થિરતા થઈ. કહે છે કે એ તો પુણ્ય અને પાપના સર્વ અપરાધના ઝેરને '**સર્વથા નષ્ટ કરનારી ભૂમિ સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે...**' એને અમૃત કહીએ અને એને પવિત્રતા કહીએ અને એને ધર્મ કહીએ. સમજાણું કાંઈ ? '**તે ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે.**' લ્યો ! '**તે ત્રીજી ભૂમિથી જ...**' શુદ્ધ ચૈતન્યના આશ્રયે થયેલી સમ્યગ્દર્શન, જ્ઞાન, રમણતા, શુદ્ધતા એનાથી જ આત્મા નિરપરાધ થાય છે. એ વિના નિરપરાધી થતો નથી. સમજાણું ? ઓલી બીજી ભૂમિથી નહિ. પહેલી ભૂમિ તો પાપની, બીજી ભૂમિ પુણ્યની, ત્રીજી ભૂમિ શુદ્ધની. એ '**ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે.**' ત્રીજાનું ભાન, શુદ્ધતાનું પવિત્રતાનું ભાન, જે છે એનું ભાન, તેનાથી આત્મા નિરપરાધ (થાય છે).

'**તેના અભાવમાં...**' કેટલી ટીકાને સ્પષ્ટ કરી છે ! શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એ વિકલ્પોથી પાર, એના ભાનના અભાવમાં '**દ્રવ્ય-પ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે.**' એ દ્રવ્ય પડિકમણા એ બધા વિકલ્પો ઊઠે કે આ ને આ, એવા શુભભાવો એ બધા દ્રવ્ય પ્રતિક્રમણાદિ, ભગવાનનું ભજન, કહો, પ્રતિમાનું સ્મરણ, પંચ પરમેષ્ઠીનો જાપ વગેરે એ શુદ્ધની દૃષ્ટિના ભાન વિના '**દ્રવ્ય-પ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે.**' ગુનો જ છે. સમજાણું કાંઈ ? તો પછી આ મંદિરો અને આ શું ? બેસી જાવ એક કોર. સાંભળને ! એક કોર જ બેઠો છે. ત્યાં કયાં અંદર ગરી ગયો હતો ? એ ત્યાં થવાના કાળે થાય અને ત્યાં આગળ શુભભાવનું નિમિત્ત કોણ છે એને જોવામાં, જાણવામાં આવે. બાકી કરે કોણ અને મૂકે કોણ અને છોડે કોણ ? આહા..હા...! આટલું બધું હોય તો પછી કાંઈ કરવું નહિ એને. બસ, મૌન થઈને બેસી જાવું. પણ મૌન જ છે આત્મા. કોણ બોલે છે અને કોણ મૌન રહે છે આત્મા ? આત્મા બોલતો પણ નથી અને આત્મા મૌન પણ નથી. એ તો છે ઈ છે. બોલવાની ક્રિયા જડની અને અટકે તોપણ જડનું. સમજાણું કાંઈ ? વાણી અટકે તો જડની, આ બલાય તો જડનું. આત્મા એમાં કાંઈ કરી શકતો નથી. આહા..હા...! એમ હશે ? મંદિર-બંદિર મોટા બનાવે અને ચાર-ચાર લાખના મંદિર. આજે કોઈક કહેતું હતું. બહુ મંદિર સારું છે, હોં ! 'મુંબઈ'માં. અમે જઈ છીએ કો'ક દિ'. પણ ભાઈ ! જેની જે વસ્તુ જાય-આવે

એનો શુભભાવ હોય છે. ઈ ક્યાં વાત છે ? પણ એની દૃષ્ટિ પાછી રાગ અને શુભ અને ઓલા ઉપર પડી છે, તો કહે છે કે એ શુભભાવ અપરાધ ટાળવાને સમર્થ નથી. ભગવાનનો ભેટો કરવાની તાકાત એનામાં નથી. શુભભાવમાં નથી. કહો, સમજાણું ?

**'તેના અભાવમાં દ્રવ્ય-પ્રતિક્રમણાદિ...'** આઠ બોલ લીધા ને પેલા ? એ પણ અપરાધ જ છે. **'માટે, ત્રીજી ભૂમિથી જ નિપરાધપણું છે એમ ઠરે છે.'** લ્યો ! ચોક્કસ સિદ્ધાંત કરી નાખ્યો. એ માટે ત્રીજી ભૂમિ અપ્રતિક્રમણ એ પાપ, વ્યવહાર પ્રતિક્રમણ એ પુણ્ય, ત્રીજું અપ્રતિક્રમણ એટલે પુણ્ય-પાપરહિત એટલે ખરું પ્રતિક્રમણ. પુણ્ય-પાપથી હટવું એ ખરું પ્રતિક્રમણ. એને અહીં અપ્રતિક્રમણ શબ્દથી પ્રતિક્રમણ વિલક્ષણ કહ્યું. **'માટે, ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે એમ ઠરે છે.'** એમ સિદ્ધાંત નક્કી થાય છે. હવે પછીની વાત કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

卐

**અરિહંત ભગવાન અત્યારે ભરતક્ષેત્રમાં નથી પણ મહાવિદેહમાં વર્તમાનમાં સીમંધર ભગવાન અને લાખો કેવળીઓ બિરાજે છે. અરે! એ અરિહંત ભગવાન ને લાખો કેવળીઓની સત્તાનો સ્વીકાર કરીને અંદરમાં નમન એ કોઈ અપૂર્વ વાત છે. અહો! અરિહંત પરમાત્માના દ્રવ્ય, ગુણ ને પર્યાયને જેણે જાણ્યા, દ્રવ્ય-ગુણ તો ઠીક પણ એની પર્યાયમાં આટલું સામર્થ્ય છે એવું જેણે જ્ઞાનમાં જાણ્યું ને જાણીને અંતરમાં હું એની નાતનો ને જાતનો આવો આત્મા છું-એમ અરિહંત પરમાત્માના સ્વરૂપ સાથે એના પોતાના દ્રવ્યને મેળવે છે ને અંદરમાં જાય છે ને પૂર્ણ સ્વરૂપની પ્રતીત કરે છે ત્યાં એને સમકિત થાય છે અને સમકિત થયું એટલે કેવળજ્ઞાન લીધે છૂટકો.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૯૪૬)**

**શ્રી નિયમસાર, શ્લોક-૨૦૨, ગાથા-૧૨૪**
**પ્રવચન નં.૧૪૨, તા.૨-૬-૧૯૮૦**
**(૧૯)**

ગાથા૧૨૪. ફરીને.

'**કેવળ દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને...**' એટલે કે બાહ્યની ક્રિયા કરે, બાયડી, છોકરા, કુટુંબ છોડે અને નગ્નપણું ધારણ કરે, બાવીશ પરિષહ સહન કરે અને પાંચ મહાવ્રત પાળે છતાં એ દ્રવ્યલિંગી છે. જેને અંતર ભગવાન આત્મતત્ત્વની પ્રાપ્તિ નથી થઈ... આહાહા..! કહ્યું છે ને એ? અંદર વસ્તુ જે ચૈતન્યસ્વરૂપ, જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ, એની પ્રાપ્તિ નથી તેને આનાથી કાંઈ ફળ નથી. છે એનું ફળ, સંસારમાં રખડવાનું. રખડવાનું ફળ છે. આહાહા..! 'કેવળ દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત મહા આનંદના હેતુભૂત...' એવી '**પરમસમતાભાવ વિના,...**' આવી સમતા જોઈએ. સમતાની વ્યાખ્યા કરી, કે 'કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત...' પરથી નાસ્તિ લીધી. હવે અસ્તિ.

'**મહા આનંદના હેતુભૂત પરમસમતાભાવ...**' આહાહા..! સમતાભાવ એને કહ્યો. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એ સમતાભાવ છે. એમ કહે છે. આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન, એનો સ્વાદ આવવો, એનો અનુભવ થવો, એનું નામ સમતા કહે છે. આ સમતાની વ્યાખ્યા છે. એને સામાયિક કહે છે. એ '**પરમસમતાભાવ વિના, (૧) વનવાસે વસીને...**' ભલે વનમાંજંગલમા વસે. '**વર્ષાઋતુમાં વૃક્ષ નીચે સ્થિતિ કરવાથી,...**' આત્માના અનુભવ વિના, આત્માના આનંદના સ્વાદ વિના વનમાં રહે કે ચોમાસામાં વૃક્ષની નીચે રહે, કે '**ગ્રીષ્મઋતુમાં પ્રચંડ સૂર્યના કિરણોથી સંતપ્ત પર્વતના શિખરની શિલા...**' ધગધગતી. એના '**ઉપર બેસવાથી...**' એ શું છે? એ ક્રિયાકાંડ છે. આહાહા..! '**અને હેમંતઋતુમાં રાત્રિમધ્યે દિગંબરદશાએ રહેવાથી,...**' હેમંત એટલે શિયાળો. શિયાળામાં રાત્રિમાં દિગંબરદશાએ રહે.

'**(૨) ત્વચા અને અસ્થિરૂપ (માત્ર હાડ-ચામરૂપ) થઈ ગયેલા...**' એવી તપસ્યા (કરી કે) માંડ ચામડા અને હાડકા બે રહ્યા. એવી તપસ્યા પણ નિરર્થક છે. આહાહા..! સ્વ આશ્રય વિના.. પ્રભુ! અતીન્દ્રિય આનંદમય આ આત્મા, એની સન્મુખતા, એનો આશ્રય, એનું અવલંબન વર્તમાનમાં આનંદના અનુભવ વિના એ બધી ક્રિયા નિષ્ફળ છે. એનાથી કાંઈ આત્માનું કલ્યાણ છે નહિ. આહાહા..!

'**આખા શરીરને ક્લેશદાયક મહા ઉપવાસથી,...**' અપવાસ કરે. કેવા? કે ક્લેશદાયક અપવાસ પાછા. આનંદ તો નથી. આત્માનો આનંદ તો નથી એટલે ક્લેશ છે કહે છે. આહાહા..!

સમકિત વિનાના અપવાસ કલેશ છે. આહાહા..! '**ક્લેશદાયક મહા ઉપવાસથી,...**' મહા એટલે ઘણા ઉપવાસ. આહાહા..! '(૩) **સદા અધ્યયનપટુતાથી...**' શાસ્ત્રવાંચનમાં પણ પટુ એટલે ડાહ્યો. શાસ્ત્ર વાંચે, ખૂબ અધ્યયન કરે એથી શું? આહાહા..! કહ્યું? શાસ્ત્ર અધ્યયનમાં પટુતા. શાસ્ત્ર અધ્યયયન સદા પઠન-પઠન. શાસ્ત્ર પઠન કરે રાત, દિ'. આહાહા..! અહીંયાં આપણે આવે છે ને? પહેલે પહોરે મુનિ સ્વાધ્યાય કરે, પછી ધ્યાન કરે, પછી પાછલી પહોરે સહેજ શયન કરે. રાત્રીના પાછલા ભાગમાં. 'છ ઢાળા'માં આવે છે ને? 'છ ઢાળા'માં આવે છે. પાછલી રાતે. એથી શું? કહે છે. આતમજ્ઞાન વિના એ બધી ક્રિયા નિષ્ફળ છે. ફળવાળી છે પણ સંસારના. આહાહા..! આ વસ્તુ લોકોને આકરી લાગે.

'**(અર્થાત્ સદા શાસ્ત્રપઠન કરવાથી),...**' આહાહા..! એકકોર કહ્યું, કે શાસ્ત્રનું અધ્યયન કરવું, શાસ્ત્રનો અભ્યાસ કરવો. 'પ્રવચનસાર'માં આવ્યું છે ને? પણ એ તો સ્વલક્ષે. પોતાના આત્માના જ્ઞાનને લક્ષે સ્વાધ્યાય (કરવો). આ તો એકલી આત્માના જ્ઞાન વિના એકલી સ્વાધ્યાય કર્યા કરે અને માને કે એમાંથી કાંઈક થઈ જશે. આહાહા..! શાસ્ત્ર, મહા શાસ્ત્ર પાછું. '**સદા શાસ્ત્રપઠન...**' સદાય કરે. રાત અને દિ' શાસ્ત્ર.. શાસ્ત્ર. આહાહા..!

'**અથવા (૪) વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિ...**' મૌન ધારણ કરે. બોલવું બંધ કરે. '**સતત મૌનવ્રતથી...**' નિરંતર મૌનવ્રત ધારણ કરે. 'શું જરાય ઉપાદેય ફળ છે?' એનાથી શું કિંચિત્ પણ ફળ ઉપાદેય છે? નથી. આહાહા..! શ્લોક આકરો આવ્યો. આટલા અપવાસ કરે, મૌન રહે, શાસ્ત્રપઠન કરે, રાત-દિ' શાસ્ત્રવાંચન કરે પણ એ તો બધું પરલક્ષી છે. આહાહા..! અંતર આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય શાંતસ્વરૂપ, એ દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યા વિના એ બધી ક્રિયાઓ સંસાર ખાતે છે. એ ક્રિયાથી કાંઈ આત્માને લાભ થાય એમ બિલકુલ નથી. આહાહા..! અહીં તો આવી ચોખ્ખી વાત છે. દુનિયાને આકરું લાગે.

**શ્રોતા :-** સંસારી કરતાં સારા ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ જરીએ સારા નહિ. અહીં તો કહે જેવા અનાદિ સંસારીપ્રાણી છે એવો ઈ છે. આહાહા..!

'**શું જરાય ઉપાદેય ફળ છે? (અર્થાત્ મોક્ષના સાધનરૂપ ફળ જરાય નથી.)**' જરીએ. કિંચિત્ કીધું ને? કિંચિત્ કીધું છે ને? જરીએ પણ આત્મામાં લાભ નથી. આ કંઈ સારા છે જ નહિ. સમ્યગ્દર્શન વિના એ બધી ક્રિયા સંસાર ખાતે રખડવાની છે. આત્માને માટે કાંઈ ફળ નથી. આહાહા..! '**મોક્ષના સાધનરૂપ ફળ જરાય નથી.**' સાધનરૂપ કિંચિત્ સાધન નથી. જેને લોકો સાધન કહે છે. વ્રત કરવા, તપ કરવા, તપસ્યા કરવી, ભગવાનની ભકિત કરવી એ સાધન અને સમ્યગ્દર્શન સાધ્ય. અહીં કહે છે, તારા સાધનનું કિંચિત્ ફળ નથી. આહાહા..! સમ્યગ્દર્શન તો પરની અપેક્ષા વિના નિરપેક્ષ ભગવાનઆત્માનું અવલંબન કરતાં અનુભવ થાય તે સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન છે. પરને કારણે કાંઈ નથી. કે પરની ક્રિયા આટલી કરી તો કાંઈક મદદ મળી.

તપસ્યા ઘણી કરી, શાસ્ત્ર અધ્યયન બહુ કર્યા, તો સમકિત પ્રાપ્ત થવામાં મદદ મળી, એમ નથી. આહાહા..!

**શ્રોતા :–** સમ્યગ્દર્શનના હેતુથી ક્રિયા કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જરીએ નહિ. સમ્યગ્દર્શનના હેતુથી ક્રિયા કરે તોપણ સમ્યગ્દર્શન નહિ. એ તો રાગ છે. રાગ એ સમ્યગ્દર્શન વીતરાગનો હેતુ હોય? આકરી વાત છે, બાપુ! સમ્યગ્દર્શન ચીજ એવી છે. શું થાય? કોને કહેવું? અત્યારે બધો ફેરફાર થઈ ગયો. આત્મા અંતર સચ્ચિદાનંદ પ્રભુ! અનાકુળ આનંદસાગર, એને કોઈ આ ક્રિયાકાંડના કારણે કંઈ પણ લાભ નથી. એ ક્રિયાકાંડ તો અનંતવાર કરી છે. આહાહા..!

**શ્રોતા :–** દ્રવ્યે ક્રિયા કરતાં કરતાં ભાવ આવે એવું નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્રિયા કરતાં કરતાં રખડશે. પુણ્ય બાંધે. મિથ્યાત્વસહિત પુણ્ય બાંધે. ચાર ગતિમાં રખડે. આહાહા..! આમાં 'છ ઢાળા'માં આવ્યું નહિ? 'મુનિ વ્રત ધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત ધારણ (કરી) દિગંબર મુનિ (થયો), હોં! એ 'મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચમહાવ્રત પાળે, અઠ્ઠાવીશ મૂળગુણ પાળે પણ એ બધું દુઃખ છે, રાગ છે, દુઃખ છે. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પંચમહાવ્રતના પરિણામ, અઠ્ઠાવીશ મૂળગુણના પરિણામ એ આસ્રવ અને દુઃખ છે. દુઃખથી આત્માની મુક્તિ થાય? સમ્યક્ થાય? સમ્યગ્દર્શન તો આનંદસ્વરૂપ છે. આહાહા..! બહુ ફેર.

**શ્રોતા :–** કરતાં કરતાં થાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કરતાં કરતાં ઝેર થાય. એ કરતાં કરતાં રાગનું ઝેર થાય. એનાથી અમૃતસાગર ભગવાન (પ્રાપ્ત ન થાય). આહાહા..! આકરી વાત બહુ, ભાઈ! માર્ગ એવો કોઈ છે. આહાહા..!

**શ્રોતા :–** એનું ફળ પણ અપૂર્વ છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અપૂર્વ ફળ છે, અલૌકિક છે આ. આ રહિત થઈને અંતર ચૈતન્યસ્વરૂપને (અવલંબી)... આહાહા..! વિકલ્પને પણ છોડી દેવા. હું આત્મા છું એવો જે વિકલ્પ છે એને પણ છોડી દેવો અને સ્વરૂપમાં રહેવું, ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આહાહા..! સમ્યગ્દર્શન વિના... કીધું ને? આવી આવી ક્રિયા કરે. ચામડા રહે અને બે હાડકા રહે એટલી તપસ્યા અને અપવાસ કરે તોપણ એનું ફળ સંસાર છે. એક પણ ભવ ઘટે કે આ ક્રિયાકાંડને લઈને સમકિતની સન્મુખ થાય (એમ ત્રણકાળમાં નથી). આહાહા..!

**શ્રોતા :–** આકરી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આકરી વાત છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. આહાહા..!

**'એવી રીતે (શ્રી યોગીંદ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ'**

''गिरिगहनगुहाद्यारण्यशून्यप्रदेश–
स्थितिकरणनिरोधध्यानतीर्थोपसेवा–।
प्रपठनजपहोमैर्ब्रह्मणो नास्ति सिद्धिः
मृगय तदपरं त्वं भोः प्रकारं गुरुभ्यः।।''

આહાહા..! દિગંબર મુનિ 'યોગીન્દ્રદેવ', જેણે દોહા બનાવ્યા છે. 'યોગીન્દ્રદેવે'. એમાં એમ કહ્યું, કે '**પાપ પાપકો તો સૌ કહે...**' હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના. પણ '**અનુભવીજન તો પુણ્ય કો પાપ કહે.**' ધર્મીજીવ તો પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિને પાપ કહે. આહાહા..! આકરી વાત છે. અત્યારે તો પોલંપોલ આ બધું ચાલ્યું છે. કાંઈ ઠેકાણા ન મળે. પંચમહાવ્રતના પણ ઠેકાણા ન મળે. એને માટે આહાર કરીને લે, પાણી કરીને લે, એના માટે લુગડા વેચાતા લે. એ તો વ્યવહારના પણ ઠેકાણા નથી. ધર્મ તો છે જ ક્યાં? આહાહા..! આકરી વાત છે, ભાઈ!

'**પર્વતની ઊંડી ગુફા વગેરેમાં...**' કહે છે, ભલે કોઈ પર્વતની ગુફામાં રહે. આહાહા..! '**વનના શૂન્ય પ્રદેશમાં રહેવાથી,...**' વનના કોઈ શૂન્ય પ્રદેશમાં એકલો રહે. '**ઇન્દ્રિયનિરોધ...**' કરે. આહાહા..! પાંચ ઇન્દ્રિયનો નિરોધ કરે એ તો શુભભાવ છે. ધર્મ નથી, ભાઈ! આહાહા..! '**ધ્યાનથી,...**' અહીં તો ધ્યાન પણ કહ્યું. એ રાગનું શુભ ધ્યાન. હું ધ્યાન કરું છું... ધ્યાન કરું છું.. એવો વિકલ્પ. વિકલ્પ છે. એ ધ્યાનથી પણ મુક્તિ નથી. એ વિકલ્પરૂપી ધ્યાન, હોં! અને '**તીર્થસેવા...**' તીર્થની સેવા કરવી. શેત્રુંજયની, ગિરનારની, સમ્મેદશિખરની જાત્રા કરવી અને સેવા કરવી. એનાથી કાંઈ મુક્તિ-બુક્તિ છે નહિ, ધર્મ છે નહિ. આહાહા..! એનાથી કંઈ ધર્મ થતો નથી.

જ્ઞાનીને પણ અશુભથી બચવા શુભભાવ આવે છે પણ ધર્મ માનતા નથી. બંધ માને છે, હેય માને છે. આહાહા..! ધર્મીને પણ શુભભાવ તો આવે છે પણ એને હેય જાણીને એનું ફળ ઈચ્છતા નથી. હું તો આનંદ છું, જ્ઞાન છું. રાગ તો બંધનું કારણ ઝેર છે. શુભરાગ જ્ઞાનીને થાય છે તોપણ જ્ઞાની તો એમ માને છે કે આ તો કાળો નાગ છે. આવ્યું છે ને? આહાહા..!

**શ્રોતા :-** વચનામૃતમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાળો નાગ. જેમ કાળો નાગ આમ ઝેર દેખાય. એમ ધર્મીને શુભભાવ આવે એ કાળો નાગ જેવો દેખાય. આહાહા..! આકરી વાતું બહુ. અહીં તો હજી ધંધા-પાણી આડે શુભના ઠેકાણા ન મળે. નોકરી કરવી કે જજપણા કરવા ત્યાં રોકાવું. હવે એમાં નિર્ણય કરવા નવરા કે દિ' હોય? આવો આત્મા... આવો આત્મા..

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહાહા..! એ બધી... 'રામજીભાઈ' પાસે સલાહ લેવા આવતા હતા.

સલાહ આપતા હતા. એક મહિનો કેદમાં ગયા હતા. લૌકિકમાં પણ એક જાતની વિરુદ્ધતા છે. સલાહ દેવી, સંસારની સલાહ એ તો પાપ છે. કોની સલાહ દેવી? આહાહા..! 'ઢેબરભાઈ' ને આવે ને? 'ઢેબરભાઈ' 'રામજીભાઈ' પાસે સલાહ લેવા જાતા હતા. સલાહ લેવા જતા. સલાહ દેતા એના ફળમાં એક મહિનો જેલમાં જાવું પડ્યું. આહાહા..! એ સંસાર આવો છે, ભાઈ!

અહીંયા તો નિર્વિકલ્પ આનંદનો નાથ, પ્રભુ! જેમાં શુભરાગની ગંધ નથી એવા અખંડાનંદ તરફ દૃષ્ટિ દીધા વિના, એના અનુભવ વિના જેટલી ક્રિયાકાંડ છે એ બધો સંસાર છે. ચાર ગતિમાં રખડવાની વાત છે. આહાહા..! '**તીર્થસેવા...**' આહાહા..! '(**તીર્થસ્થાનમાં વસવાથી),...**' કોઈ કહે કે આપણે બસ! શેત્રુંજય મોટું તીર્થ કહેવાય, સમ્મેદશિખર મહાતીર્થ કહેવાય, ત્યાં આપણે રહીએ તો ત્યાંથી મુકિત થાય. આ લોકો કહે છે ને? કે સમ્મેદશિખરમાં તો જે વનસ્પતિ ઊગી છે એ પણ મોક્ષગામી છે. એમ કહે છે. અહીં એક 'મહાવીરકીર્તિ' હતા ને? દિગંબરના (સાધુ) અહીં આવ્યા હતા. 'મહાવીરકીર્તિ'. એની સાથે વાત થઈ. જેમ શ્વેતાંબરમાં આ શેત્રુંજય તીર્થ છે ને એનું?

**શ્રોતા :–** મહાત્મ્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મહાત્મ્ય. શેત્રુંજય મહાત્મ્ય એક (પુસ્તક) છે. છે, બધા પુસ્તકો જોયો છે. એવું એક સમ્મેદશિખરનું મહાત્મ્યનું પુસ્તક છે. તો એણે કહ્યું. અહીં આવ્યા હતા. અહીં ઓરડી હતી ત્યાં ઉતર્યા હતા. સમ્મેદશિખરની જાત્રા કરે તો ૪૮ ભવે મોક્ષે જાય. કીધું, એ વચન વીતરાગનું નહિ, અજ્ઞાનીનું છે. કેમકે પરને આશ્રયે ભવનો અભાવ થાય એ ત્રણકાળ, ત્રણલોકમાં નથી. ૪૮ ભવે મોક્ષ જાય. પછી ફરી ગયા. કીધું પછી એ બિલકુલ જૂઠી વાત છે. એ મહાત્મ્ય કર્યું હશે એ મહાત્મ્ય જૂઠું છે. સમ્મેદશિખરનું એવું મહાત્મ્ય એ તો પત્થર છે. પત્થર પાસે એવા અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો. ભગવાન મહાવિદેહમાં તીર્થનો વિરહ તો કદી નથી. કાયમ તીર્થંકર હોય. સમવસરણમાં અનંતવાર ગયો છે, શાસ્ત્ર ભણ્યો છે પણ આત્મજ્ઞાન કર્યું નથી અને સમ્યગ્દર્શન શું એની કિંમત જ કરી નથી. ચોર્યાસીના અવતારમાં રખડી મરે છે. આહાહા..! ધ્યાન કરવા માંડે તો બહારના ધ્યાન કરવા માંડે. આ કરવું... આ કરવું... અપવાસ કરવો, વાંચન કરવું, ધ્યાન કરવું, ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં.... ણમો અરિહંતાણં... એ ધ્યાન કર્યું. ધ્યાન કીધું છે ને? ધ્યાન. પાંચ નવકારનું ધ્યાન એ રાગ છે. એ ધર્મનું કારણ નહિ. આવી વાત! આપણે તો અહીં આ ૪૫ વર્ષથી ચાલે છે. આ કાંઈ ગુપ્ત નથી. આહાહા..!

'(**તીર્થસ્થાનમાં વસવાથી),...**' અરે..! '**પઠનથી,...**' શાસ્ત્ર પઢ્યા કરે, ભણ્યા કરે, ગોખ્યા કરે એ બધો વિકલ્પ-રાગ છે. આહાહા..! '**પઠનથી, જપથી...**' જપ કર્યા કરે. ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... આનુપૂર્વી ગણે. આનુપૂર્વીણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં... ણમો ઉવજ્જાયણં.. ણમો સિદ્ધાણં, ણમો અરિહંતાણં, ણમો ઉવ્વજ્ઝાયાણં.. આનુપૂર્વી આવે છે ને? આડાઅવળા.

**શ્રોતા :–** અશુભમાંથી શુભમાં તો આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ શુભ પણ સંસાર રખડવાનો. રખડવાનો સંસાર. અજ્ઞાનીને અશુભમાંથી શુભ એ સંસારનો રખડવાનો (ભાવ છે). જ્ઞાનીને અશુભ ટાળવા માટે શુભ આવે, સમ્યગ્ષ્ટિને અશુભ ટાળવા માટે શુભ આવે. અજ્ઞાનીને, મિથ્યાદષ્ટિને એ શુભ શુભ નથી. એ અશુભ જ છે. આહાહા..! આત્માનો જરીએ લાભ નહિ. સમ્યગ્દષ્ટિને હેયબુદ્ધિ છે. તેથી અશુભથી બચવા માટે શુભ આવે, તોપણ એ પુણ્ય બાંધે, એને પણ ધર્મ થાય નહિ, નિર્જરા ન થાય, સંવર ન થાય. સમકિતીને પણ ભગવાનની સેવા અને તીર્થસેવા, પૂજા કે જાત્રા (કરવાથી) ધર્મ ન થાય. આહાહા..! આકરું કામ છે.

**શ્રોતા :–** શેત્રુંજય તો નજીક છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શેત્રુંજય નજીક છે. ઘણા આવે છે ને. શેત્રુંજયના મહાત્મ્યમાં લખ્યું છે. શેત્રુંજયની જાત્રા કરે પછી ગમે તે સાધુને જમાડે તોપણ એને ધર્મલાભ થાય. એ બધું ખોટું. બધી ખોટી વાત છે. અહીં તો આ ભગવાન ત્રણલોકનો નાથ અનંત આનંદ, અનંત શાંતિ અને ચૈતન્યના અનંત રત્નાકરથી ભરેલો પ્રભુ, એની અંતરદષ્ટિ, અનુભવ વિના બધું ફોગટ છે. એ વિના સંસારનો એક પણ ભવ ઘટતો નથી. આહાહા..! વાત આ છે. માણસને ક્યાં નવરાશ છે? આહાહા..!

‘**પઠનથી, જપથી...**’ ચોવીસ કલાક ણમો અરિહંતાણંના જપ કર્યા કરે, માળા ગણ્યા કરે. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... એ સંસાર છે, મિથ્યાત્વ સહિત શુભરાગ છે. એનાથી ધર્મ માને છે એ મિથ્યાત્વ છે. આહાહા..!

**શ્રોતા :–** નવ લાખ નવકારમંત્ર ગણે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નવ લાખ ગણે એ મિથ્યાત્વ છે. લાખ, કરોડ ગણે નહિ. કરોડ પૂર્વનું આયુષ્ય હોય, તો દરરોજના ગણે તો અબજો વાર થઈ જાય. આહાહા..! એક દિવસમાં એકવાર નવકાર ગણે તો કેટલા અબજો (થાય). એમાં શું થયું? ભગવાનઆત્મા અંદર વિકલ્પરહિત, રાગરહિત પૂર્ણાનંદનો નાથ બિરાજમાન છે એના સ્પર્શ વિના, એના અનુભવ વિના બધા એકડા વિનાના મીંડા છે. અહીં તો ચોખ્ખી વાત છે, આ ક્યાં ખાનગી છે? પુસ્તક પણ ૩૦ લાખ બહાર પડ્યા છે. અને હજી પુસ્તક ‘મુંબઈ’થી બહાર પડે છે ને? સાત લાખના પડવાના છે. ૩૦ લાખ તો બહાર પડી ગયા છે. ૨૨ લાખ અહીંથી, ૮ લાખ ‘જયપુર’થી અને ૭ લાખ હવે ‘મુંબઈ’થી નવા બહાર પડવાના છે. પહેલું એક આવી ગયું છે. બીજા સાત લાખ બહાર પડવાના છે. લોકો તો ઘણા પૈસાના ઢગલા કરે છે, જ્યાં હોય ત્યાં. એની મેળાએ વગર કીધે અને વગર ઓલે. આહાહા..!

આ જુઓને! ‘આફ્રિકા’માં ગયા ત્યાં ૨૬ દિ’ માં ૩ લાખ. ૩ લાખ આપ્યા. ૧ લાખ જ્ઞાન ખાતે અને ૨ લાખ પગલા કર્યા એના. ‘સોનગઢ’ને ૩ લાખ આપ્યા. અને ૯૧મું વર્ષ બેઠું ને એમાં ‘મુંબઈ’થી બે લાખ આવ્યા. દોઢ મહિનામાં પાંચ લાખ આવ્યા. શાસ્ત્રની કિંમત ઘટાડવા.

બીજું કાંઈ નહિ. દસ રૂપિયાનું પડ્યું હોય તો આઠ રૂપિયે આપવું, સાતે આપવું. એ શાસ્ત્રની કિંમત ઘટાડવા બધી લક્ષ્મી આવે છે. કારણ કે શાસ્ત્રનો પ્રચાર કેમ થાય? ખ્રિસ્તી લોકો તો એક રૂપિયાનું પુસ્તક ચાર પૈસે આપે. એવું તો બધું જોયું છે ને. ખ્રિસ્તીના જે માણસ આવે ને એ એક રૂપિયાનું પુસ્તક ચાર પૈસે આપે. કોઈ રીતે પ્રચાર થાય ને. 'હિન્દુસ્તાન'માં કેટલાયને ખ્રિસ્તી કરી દીધા છે. ખબર છે ને. આહાહા..! આ શાસ્ત્રનો પ્રચાર કરે, સાંભળે-વાંચે તો એને ખબર પડે કે સત્ય શું છે.

અહીં એ કહે છે. '**જપથી અને હોમથી...**' ભગવાનને હોમ કરે સ્વાહા... સ્વાહા... ભગવાનની ભક્તિ કરતા સ્વાહા (કરે) એ શુભભાવ છે. ધર્મ કિંચિત્ નહિ. એનાથી કિંચિત્ ધર્મ થતો નથી. એવા હોમ અનંતવાર કર્યા છે. આહાહા..! '**બ્રહ્મની (આત્માની) સિદ્ધિ નથી;...**' બ્રહ્મની ઉપાસના સિદ્ધિ નથી. આ બધું કરવાથી બ્રહ્મ એટલે ભગવાનઆત્મા... આહાહા..! એની ઉપાસના, ફળ નથી. આહાહા..!

'**માટે, હે ભાઈ!**' આહાહા..! મુનિરાજ કરુણા કરીને કહે છે. '**હે ભાઈ! તું ગુરુઓ દ્વારા...**' જે ગુરુ રાગથી ધર્મ ન મનાવે, ક્રિયાકાંડથી ધર્મ ન મનાવે એવા ગુરુ પાસે તું જા અને માર્ગ લે. આ તો બધા ગુરુ ઘણા ફરે છે. '**તું ગુરુઓ દ્વારા...**' જુઓ! ભાષા છે ને? '**તેનાથી અન્ય પ્રકારને...**' જે આ બધી ક્રિયાઓ છે એનાથી અન્ય પ્રકારે ગુરુ કહેશે. એ ગુરુ કહેવાય. આનાથી જે ધર્મ મનાવે, માને એ ગુરુ નથી. એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! જૈનધર્મનો વેરી છે. આહાહા..! આકરું કામ બહુ, બાપુ! આહાહા..! નવા હોય એને આકરું લાગે.

**શ્રોતા :–** ભગવાન થાવું એ કાંઈ રમત વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અરે..! બાપુ! પોતે ભગવાન જ છે. પણ એની એને પ્રતીતિ ક્યાં છે? પ્રતીત તો એની સન્મુખ થાય, આ ક્રિયાકાંડમાં ધર્મ ક્યાંય નથી એમ ત્યાંથી નિવર્તે ત્યારે આત્મામાં જઈ શકે. આહાહા..! બહારની પ્રવૃત્તિમાં કાંઈ નથી. એ તીર્થની શેત્રુંજયની, સમ્મેદશિખરની જાત્રા લાખ વાર કરે (તોપણ ધર્મ થાય નહિ). આહાહા..!

**શ્રોતા :–** 'સોનગઢ'ની કરે તો તો થાય ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીં 'સોનગઢ'ની જાત્રા ક્યાં છે? અહીં સાંભળીને અંદર સમજે તો થાય. અહીં આવે ને પઠન કરે અને સાંભળે તોપણ શું થઈ ગયું? 'સોનગઢ' આવે માટે એને સમકિત થઈ જાય (એમ નથી). આહાહા..! કહ્યું નહોતું? નિમિત્તથી કાંઈ થાતું નથી. પરમાં નિમિત્તથી કાંઈ થાતું નથી. 'કેશવલાલ'. 'વઢવાણ'માં 'કેશવભાઈ' છે. એને એક જણાએ કહ્યું, કે નિમિત્તથી કાંઈ થતું નથી તો તમે 'સોનગઢ' શું કરવા જાવ છો? 'સોનગઢ' એ નિમિત્ત છે. પ્રશ્ન ઉઠે ને. ત્યારે એણે જવાબ દીધો, કે નિમિત્તથી ન થાય એની વિશેષ દૃઢતા માટે અમે જઈએ છીએ. અમારી દૃઢતા કરવા માટે જઈએ છીએ. નિમિત્તથી થાતું નથી. આહાહા..! નિમિત્તથી પરમાં કાંઈ થાતું નથી. કેમકે નિમિત્તની પર્યાય અને ઉપાદાનની પર્યાય વચ્ચે અન્યોન્યઅભાવ છે. આહાહા..!

એ 'સમયસાર'ની ત્રીજી ગાથામાં કહ્યું છે. દરેક દ્રવ્ય પરમાણુ હો કે આત્મા કે ધર્માસ્તિ, એનામાં રહેલા ગુણ અને પર્યાયિરૂપી ધર્મ, ધર્મ એટલે ધારી રાખેલું, ધારી રાખેલા ગુણ અને પર્યાય એને એ દ્રવ્ય સ્પર્શેચુંબે છે. પણ પરદ્રવ્યની પર્યાયને એ કદી ચુંબતા નથી. આહાહા..! આત્મા પણ કર્મને કોઈ દિ' અડ્યો જ નથી અને કર્મ આત્માને કદી અડ્યા નથી. ભિન્ન-ભિન્ન દ્રવ્ય છે. આહાહા..! આ ગળે ઉતારવું. મોટો ફેરફાર. અત્યારે તો ઉગમણોઆથમણો ફેરફાર થઈ ગયો છે. આહાહા..!

સંપ્રદાયમાં હવે એ ગોટો ઉઠ્યો ને. બધા કહે, વ્યવહાર વ્રત કરવાથી થાય. કીધું, વ્રત કરવાથી બિલકુલ ન થાય. ગુરુ સંપ્રદાયમાં કહેતા. કીધું, અનુભવ સમજો છો તમે? ત્યારે એ કહે કે અનુભવ શું વળી? એટલે એની ખબર ન મળે. આ સાંજે પડિક્કમણા કરવા, સામાયિક કરવી થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી. આહાહા..! આત્માનો અનુભવ શું ચીજ છે...? આહાહા..! એ રાગના કોઈપણ જાતની ક્રિયાકાંડના વિકલ્પથી રહિત એવો જે ભગવાન અંદર બિરાજે છે, એના અંદર ભેટા થવા, એનું વેદન થવું, એનો સ્વાદ આવવો, એની દશા નિર્મળ પરિણતિથી જાણવામાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહાહા..! આકરી વાતું છે.

અહીં આચાર્યે કીધું ને? ગુરુ પાસે અન્ય પ્રકારે શોધ. આ બધા પ્રકારો વિના. જે ઉપર આ બધા પ્રકાર કહ્યા એ વિના '**અન્ય પ્રકારે શોધ.**' બે વાત કરી. ગુરુ એવા હોય કે આ ક્રિયામાં ધર્મ મનાવે નહિ. એવા ગુરુ પાસે જા તો એ કહેશે તને કે આ ક્રિયા વિનાનો અંદર આત્મા છે એની દૃષ્ટિ કર. ભાષા એવી કરી, જોયું? આહા..! '**તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.**' આવી જે ક્રિયા કીધી ધ્યાનની, તીર્થ સેવાની, પઠનની, ઇન્દ્રિય નિરોધની એનાથી ભિન્ન જાતનું ગુરુ તને કહેશે. અને ભિન્ન જાતનું ન કહે તો એ ગુરુ જ નથી. એ તો કુગુરુ છે. અનાદિકાળના જે છે ઈ છે. આહાહા..!

**શ્રોતા :–** ધર્મ ન મનાવે પણ ધર્મનું કારણ મનાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જરીએ કારણ નથી. રાગ, દુઃખ આનંદનું કારણ? રાગ તો દુઃખ છે. અને આત્માનું સમ્યગ્દર્શન એ સુખ છે. રાગ કારણ, દુઃખ કારણ અને સુખ આ કાર્ય. તદ્દન જૂઠી વાત છે. એ તો અમારે તો ઘણા વર્ષથી ચાલે છે. પુસ્તકો પણ છપાઈ ગયા. વ્યવહાર એટલે રાગ. રાગ એટલે દુઃખ. આ કહ્યું ને હમણા. '**મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો...**' દિગંબર મુનિ અનંતવાર થયો. '**ગ્રૈવેયક ઉપજાયો...**' ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. પણ સમ્યગ્દર્શન વિનાની એકલી ક્રિયા. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એવા પંચમહાવ્રત પાળ્યા, પાંચ અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા પણ એ દુઃખ છે, આસ્રવ છે, દુઃખ છે. તેથી કહ્યું કે '**આતમજ્ઞાન વિના...**' 'આતમજ્ઞાન બિના લેશ સુખ ન પાયો.' ત્યારે એ દુઃખ છે. દુઃખથી સુખ મળે? શુભ કરતાં કરતાં શુદ્ધ થાય? આહાહા..! શુભ તો મેલ છે, ઝેર છે. શુભ તો કાળો નાગ ઝેર છે. ભગવાનઆત્મા અમૃતજીવન છે તો શુભરાગ તો ઝેરના જીવન છે. 'સમયસાર'ના 'મોક્ષ

અધિકાર'માં લીધું છે કે શુભભાવ વિષકુંભ છે. ઝેરનો ઘડો. આહાહા..! આવી વાત!

**શ્રોતા :–** લોભીઓના લોભનું મૂળ છે એમ કીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિષનો ઘડો કીધો છે ને? વિષનો ઘડો કીધો છે ને? આહાહા..! શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભભાવ એ ઝેરનો ઘડો છે. આકરી વાત છે, ભાઈ! આ તો વાડામાં ન મળે. વાડામાં હોય તો મુશ્કેલી પડી જાય. આહાહા..!

**શ્રોતા :–** ... એને આપ ઝેરનો ઘડો કહો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઝેરનો ઘડો જ છે. આત્મા અમૃતનો પિંડ છે. આત્મા જીવનું જીવન, અમૃતનું જીવન તે જીવનું જીવન છે. રાગનું જીવન એ ઝેરના જીવન છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! બધું આવી ગયું છે. પુસ્તકમાં છપાઈ ગયું છે. ઘણા ઠેઠથી પહેલેથી.

**શ્રોતા :–** આકરા રેચની જરૂર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આકરો રેચ આ છે. આકરો આ રેચ છે. પણ લોકોને બહારથી રુચિ ખસે નહિ અને એ જાતનું પોષણ જ આખો દિ' આપ્યું હોય. અને એ જાતનું પોષણ આપીને... તમે દીક્ષા લ્યો. તમારું કલ્યાણ થશે. દીક્ષામાં પંચમહાવ્રત છે. પંચમહાવ્રતથી આમ થાશે. આહાહા..! પાછા એને માટે કરેલા આહાર લે કે એને માટે પાણી કર્યા હોય એ લે. તો એક પાણીના બિંદુમાં અસંખ્ય જીવ. એ પાણી લે. એને વ્યવહાર વ્રત પણ ક્યાં છે? આહાહા..! ધર્મ તો ક્યાં છે? પણ વ્યવહાર જે અજ્ઞાનનો વ્યવહાર (પણ નથી). એને માટે કરેલા આહાર-પાણી લે. દિગંબર સાધુ પણ એને માટે કરેલા ચૌકા કરે છે.

**શ્રોતા :–** મંદિરમાં જઈને ચૌકા કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખબર છે કે નહિ? દિગંબર સાધુને પણ એને માટે ચૌકા, એને માટે બધું બનાવે. અહીં કોઈની દરકાર નથી. અહીં તો સત્ય છે એ સત્ય છે. ત્રણલોકના નાથ 'સીમંધરસ્વામી'નું ફરમાન છે તે આ ફરમાન છે. એમાં દુનિયાને ઠીક લાગે, ન લાગે એની સાથે કાંઈ સંબંધ નથી. સંખ્યાની સાથે સંબંધ નથી કે આમાં સંખ્યા જાજી થાય કે ઓછી થાય. આહાહા..!

અહીં બહુ સરસ કહ્યું, કે આવું જે કરે એનાથી તને આત્માનું કાંઈ ફળ નથી. '**(આત્માની) સિદ્ધિ નથી; હે ભાઈ! તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.**' જે ગુરુ એ ન કહે અને એનાથી અન્ય કહે એની પાસે જા. જે ગુરુ તને વ્રત ને નિયમ ને તપથી કલ્યાણ મનાવે એની પાસે ન જા. આહાહા..! છે એમાં? '**તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય...**' માથે જેટલા ક્રિયાકાંડ કીધા એનાથી અન્ય પ્રકારે શોધ. ગુરુ તને અનેરા પ્રકારની વાત કરશે. એ ગુરુ.

'આત્માવલોકન' પુસ્તક છે એમાં તો ત્યાં સુધી કહ્યું છે, કે મુનિ છે એ વીતરાગનો જ ઉપદેશ કરે. મુહુ મુહુ એવો શબ્દ છે. વારંવાર વીતરાગ... વીતરાગ... વીતરાગ... રાગથી બિલકુલ લાભ નહિ. વીતરાગ આત્મા વીતરાગ છે. એના આશ્રયે વીતરાગતા થશે અને વીતરાગતાના આશ્રયે વીતરાગતા પ્રાપ્ત થશે. જૈનધર્મ વીતરાગભાવ છે. જૈનધર્મ કોઈ પક્ષ પંથ

નથી. આહાહા..! બહુ આકરું લાગે. મૂળ એ પ્રથા જ આખી છૂટી ગઈ છે.

આ વાત તો કહી નહોતી? ૧૯૬૯ની સાલમાં. સંવત્ ૧૯૬૯. દીક્ષા લીધા પહેલા. આપણે હજી દુકાન છોડી અને હું તો દીક્ષા લેવા આવેલ. મને કાંઈ બહુ લાંબી ખબર નહિ. થોડો અભ્યાસ કર્યો. આ દશવૈકાલિકના આઠ અધ્યયન મોઢે કર્યા. પછી એક બીજા ગુરુ મળ્યા 'ગુલાબચંદજી ગાંધી'. 'બોટાદ'માં. એણે એમ કહ્યું કે સાધુ માટે અપાસરા કરે તો એ વાપરે તો સાધુ નહિ. અરે..! આ શું? આવી વાત તો આપણે કોઈ દિ' સાંભળી નથી. સાધુ માટે અપાસરો કર્યો હોય, મકાન વાપરે એ સાધુ નહિ. એ પ્રશ્ન મેં મારા ગુરુને કર્યો. સંપ્રદાયના ગુરુને. દીક્ષા પહેલા, હોં! હજી.

પ્રશ્ન કર્યો કે, મહારાજ! મકાન સાધુ માટે વાપરે તો એ સાધુ ખરા? કે સાધુને દોષ લાગે? ત્યારે એણે (જવાબ) જરી ઢીલો આપ્યો. તમારા ભાઈ 'ખુશાલભાઈ' છે. એણે તમારા માટે મકાન કર્યું અને તમે વાપરો તો એમાં શું? પણ એ વાપરે ત્યાં અનુમોદન છે. નવ કોટીમાં કરવું, કરાવવું, અનુમોદન, મન, વચન અને કાયા. નવ કોટીમાં આ એક કોટી તૂટી તો નવેય તૂટી ગઈ. એકેય કોટીનું પચ્ચખાણ રહ્યું નહીં. આ તો ૧૯૬૯ની સાલ. દીક્ષા લીધા પહેલા પ્રશ્ન કર્યો હતો. એમને એમ કીધું દીક્ષા લઈ લે. શું છે આ? આમ જવાબ આપ્યો. એ જાણે કે હું આવું કહીશ તો પછી દીક્ષા નહિ લે. અને મેં કીધું, આ ભદ્રિક છે. હમણાં તો આમાં લ્યો હવે દીક્ષા. પછી વળી વાત. છોડી દેવાની વાત પછી. આહાહા..! અપાસરોમકાન એને માટે કર્યું હોય અને વાપરે તોપણ હિંસાનો ભાગી હિંસા કરનારો છે એ. એ સાધુ હિંસક છે. આહાહા..!

માટે કહે છે, કે '**તું ગુરુઓ દ્વારા...**' આહાહા..! જે આ ક્રિયાકાંડ કીધી '**તેનાથી અન્ય પ્રકારને શોધ.**' એમ કહેવામાં (એમ કહેવું છે) કે જે ગુરુ આનાથી અન્ય કહેતા હોય તેની પાસે સાંભળ. એમ કહ્યું ને? '**તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.**' આહાહા..! એ ગુરુ એવા જોઈએ કે જે રાગથી, ક્રિયાથી ધર્મ મનાવે નહિ. રાગથી, ક્રિયાથી ધર્મ મનાવે તો મિથ્યાદૃષ્ટિ કુગુરુ છે. એથી રાગથી ધર્મ ન મનાવે એવી ચીજ જેની પાસે છે એની પાસે જા, તને અન્ય પ્રકારે બતાવશે. અન્ય પ્રકાર આવ્યો ને? જે ક્રિયાકાંડ છે એનાથી અન્ય પ્રકારથી બતાવશે. તેથી અન્ય પ્રકારે એ સાચા ગુરુ (પાસેથી) સાચું તને મળશે. આહાહા..! હવે આવા જુના માણસે કાંઈ નવરાશ પણ કરી ન હોય. નિર્ણય નહીં. જે વાડામાં જન્મ્યા, એમાં ને એમાં રહ્યા અને એ કાંઈક થોડું ઘણું જાણ્યું હોય. જાત્રા, ભગવાનની પૂજા કરવા જાય, એકાદ સામાયિક કરે, માળા ગણે. થઈ ગયો ધર્મ. ધૂળમાં પણ ધર્મ નથી. એ તો બધું બંધન છે, સંસાર છે, આહાહા..! આકરી વાત છે, પ્રભુ! મારગ બહુ જુદી જાતનો, બાપા! આહાહા..!

'**પ્રભુતા પ્રભુ તારી તો ખરી.**' એ અમારે નિશાળમાં આવતું. પોણો સો વર્ષ પહેલાની વાત છે. 'દલપતરામ કદડા' 'કવિ દલપતરામ ડાહ્યાભાઈ'. એને ગાયન કર્યું, કે 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજ રો, મુજ રોગ લે હરિ.' સંસારનો રોગ હરિ લે તો તારી ખરી પ્રભુતા. 'દલપતરામ ડાહ્યાભાઈ'ની કવિતા પહેલા નિશાળમાં ચાલતી. પોણો સો વર્ષ પહેલાની વાત છે. મૂળ તો

એમાંથી સાર સાર ગોતી લેતા. એ તો કહેતા પ્રભુ એટલે ઈશ્વર કોઈ. હું કહું, પ્રભુ એટલે આ. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજ રો, મુજ રોગઅજ્ઞાન લે હરિ.' આહાહા..! આકરું લાગે.

'**તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય...**' આમાં બે-ત્રણ સિદ્ધાંત (લીધા છે). એક તો ગુરુ એને કહીએ કે જે આ ઉપર કીધું, એનાથી અન્ય કહેવાની વાત હોય અને અન્ય કહેતો હોય તે ગુરુ. ઉપર કહ્યું એ પ્રમાણે કહે તો તે ગુરુ નહિ. આહાહા..! આ એવા સિદ્ધાંત એમાંથી નીકળે છે. ન્યાયલોજિકથી કાંઈક વિચાર કરશે કે નહિ? આહાહા..! '**તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.**' એમ કહીને તો એ વાત કરી કે ગુરુ એને કહીએ, કે જે ક્રિયાકાંડથી ધર્મ મનાવે નહિ. આત્માનો અનુભવ કરે એનાથી ધર્મ મનાવે તેને ગુરુ કહીએ. અને તે ગુરુ આવી ક્રિયાકાંડની વાત નહિ કરે. એ આત્માની કરશે. એવા ગુરુ પાસે જા અને એ તને ધર્મ બતાવશે. આહાહા..! શાસ્ત્રના અર્થ પણ કઠણ છે, બાપા! ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..!

(સંવત) ૧૯૬૯માં મોટી ચર્ચા ચાલી હતી. સાધુ માટે કરેલું હોય અને લે, તો કઈ કોટી તૂટે? કીધું. અમારા ગુરુ પાસે જતા. એ તો બહુ કષાયવાળા. એય..! આવું કોણે કીધું? આને કોણે કીધું આવું? 'ગુલાબચંદજી'એ નિંદા કરી. 'ગુલાબચંદજી'એ કહ્યું, 'ગુલાબચંદ ગાંધી'. ભાઈ! ગમે તેણે કહ્યું આ શું છે એ વાતનો ન્યાય લ્યો ને. સાધુ માટે અપાસરા બનાવ્યા, રહેવાના મકાન બનાવ્યા અને તે સાધુ વાપરે. એમ સાધુ માટે આહાર બનાવ્યો, પાણી બનાવ્યું, એક પાણીના બિંદુમાં અસંખ્ય જીવ, એ દસ શેર પાણી બનાવ્યું અને એ સાધુ લે. એ સાધુ કહેવાય? આહાહા..! જરી ઝીણી વાત છે, ભાઈ! 'પાલિતાણા' ધર્મશાળા એક કરી છે. પહેલા જતા. સાધુ માટે આહાર, પાણી બને. પહેલા જતા આ બાજુ છે. આખી ધર્મશાળા જ સાધુ માટે. અર..ર..! આવી સ્થિતિ! પ્રભુ! પ્રભુ! શું કરે? ભાઈ! કોઈ શરણ નથી. એવે ટાણે બીજા તને માનનારા કોઈ લાખોપતિ, કરોડપતિ મળ્યા, એ મરતા તને મિથ્યાત્વથી મારી નાખશે. આહાહા..! મરતા મિથ્યાશ્રદ્ધાથી દુર્ગતિ થશે. આહાહા..! અસાધ્ય થઈ જઈશ, પ્રભુ! તને આત્માની સાધ્ય નહિ રહે કે હું ચૈતન્ય છું. કેમકે ઊંધી શ્રદ્ધા સેવી છે. એથી તારી સાધ્ય નહિ રહે. અત્યારે અસાધ્ય છે. મિથ્યાત્વની દૃષ્ટિ સેવે છે એ વસ્તુથી અસાધ્ય છે. એ વખતે શરીરથી અસાધ્ય થઈ જશે. આહાહા..! આ ભાષાએ વાત કરી છે ને.

હે ભાઈ! આનાથી કાંઈ લાભ નથી. તેથી 'હે ભાઈ! તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.' આહાહા..! આ તો હજારો વર્ષ પહેલાની ગાથા છે. 'કુંદકુંદાચાર્ય'ની બે હજાર વર્ષ પહેલાની ગાથા (છે). 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા. આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી આવીને આ શ્લોક બનાવ્યા છે. પછી ટીકા મુનિએ બનાવી. હજાર વર્ષ થયા. 'પદ્મપ્રભમલધારિદેવ' આ મુનિ. 'સમયસાર'ની ટીકા 'અમૃતચંદ્રાચાર્ય' અને આની ટીકા 'પદ્મપ્રભમલધારિદેવે' બનાવી છે. મહામુનિ છે. આહાહા..! આનંદમાં ઝુલતા. છઠ્ઠે અને સાતમે ગુણસ્થાને અતીન્દ્રિય આનંદમાં (ઝુલતા). મુનિ તો એને કહીએ. સાતમું ગુણસ્થાન પહેલું

આવે. મુનિને સાતમું પહેલું આવે. ચોથેથી, પાંચમેથી દીક્ષા લે ત્યારે સાતમું પહેલું ધ્યાનમાં આવે. પછી ત્યાંથી વિકલ્પ ઊઠે તો છઠ્ઠું આવે. આહાહા..! પછી છઠ્ઠે-સાતમે, છઠ્ઠે-સાતમે હજારો વાર જિંદગીમાં રહે. એનું નામ મુનિ છે. બાકી બધા કોઈ મુનિ-બુનિ છે નહિ. આહાહા..! પણ આ ખબર ન હોય અને મુનિને માને, શું કરે? આહાહા..! વેશ ધાર્યો હોય. જય મહારાજ. આવા ને આવા અનાદિથી અજ્ઞાન કર્યા છે. આહાહા..! આ શબ્દમાં ઘણું ભર્યું છે.

'**તું ગુરુઓ દ્વારા...**' આહાહા..! એટલે કે ગુરુ આ વાત નહિ કરે. એમ એનો અર્થ થયો ને? એ વ્રત, તપ, ક્રિયા, પઠન, જપ તેનાથી કલ્યાણ થાય એ વાત નહિ કરે. 'તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.' એ ગુરુ અન્ય પ્રકારે કહેશે અને તું પણ અન્ય પ્રકારે અંદર શોધ. આત્માને રાગથી ભિન્ન અન્ય પ્રકારથી શોધ. આહાહા..!

**अनशनादितपश्चरणैः फलं**
**समतया रहितस्य यतेर्न हि।**
**तत इदं निजतत्त्वमनाकुलं**
**भज मुने समताकुलमंदिरम्।।२०२।।**

આહાહા..! ગાથા તો અમૃતસમાન છે.

**શ્લોકાર્થ :-** '**ખરેખર સમતા રહિત...**' સમતા એટલે આનંદનો સાગર આત્મા, એનો અનુભવ તે સમતા. બાકી બધી અસમતા. મહાવ્રતાદિ બધી અસમતા. આહાહા..! '**ખરેખર સમતા રહિત...**' સમ્યગ્દર્શનની અને સમ્યગ્જ્ઞાનની જે સમતા. આત્મામાં વીતરાગતા અને સમતા ભરી છે, તેનાથી પ્રગટ કરેલી સમતા. એ '**સમતા રહિત યતિને અનશનાદિ તપશ્ચરણોથી ફળ નથી;...**' એને તપશ્ચરણાદિથી ધર્મનું ફળ નથી. આહાહા..! સંસારનું ફળ છે. રખડવાનું ફળ મળશે. અરે..! પ્રભુ! કોઈ શરણ નથી. કોઈ સહાય નથી. આહાહા..! દેહમાં રોગ આવ્યો હોય પછી એકલો તડફડે. આહાહા..! પોતે આત્મકલ્યાણ તો કર્યું નથી. પછી તરફડે એકલો, તરફડીને મરીને ચાલ્યો જાય. કોઈ અકસ્માતે મરી જાય. કાંઈ તરફડે નહિ અને વળી ફૂ.. થઈને મરી જાય. આહાહા..! અરે..રે..! આવો વખત મળ્યો. અનંતેકાળે મનુષ્ય અને જૈન પરમેશ્વરની વાણી મળી. એમાં જો આ રીતે સમજે નહિ (અને) બીજી રીતે સમજશે તો મરી જશે, ભાઈ! વીતરાગમાર્ગમાં કોઈની કાંઈ સફારશ ચાલતી નથી. આહાહા..! ત્રણલોકનો નાથ બિરાજે છે ત્યાં એ વાત ચાલે છે. વીસ તીર્થંકરો બિરાજે છે, લાખો કેવળી બિરાજે છે. આ જ વાત ત્યાં ચાલે છે. આહાહા..! ત્રણકાળમાં બીજો માર્ગ છે નહિ. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' આહાહા..!

અહીં કહે છે, '**ખરેખર સમતા...**' નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન '**રહિત યતિને અનશનાદિ તપશ્ચરણોથી...**' અનશન અને બધી તપસ્યાઓ કરે. રસ છોડે, ફલાણું કરે...

આહાહા..! બાર પ્રકારની તપસ્યા કરે, અનશન, ઉણોદરી, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ... અભ્યંતર જે તપ છે એ પણ બાહ્ય છે. વિનય, વૈયાવચ્ચ... એ પણ બહારની વાત છે. વિનય કરવો એ શુભભાવ છે. વૈયાવચ્ચ કરવો એ શુભભાવ છે. આહાહા..! અભ્યંતર કીધો છે એ તો શું કે અંદરનો ભાવ છે માટે. બાકી છે તો બારેય તપ શુભભાવ. આહાહા..! અંદર ધ્યાન પણ આવી ગયું ને? ધ્યાન આવી ગયું. આહાહા..!

આ પ્રભુ અંદર બધી ક્રિયાકાંડના કલેશથી ભિન્ન બિરાજે છે. એ ક્રિયાકાંડ તો કલેશ છે, દુઃખ છે. એને કોની સાથે દુઃખને મેળવે? આનંદસ્વરૂપ ભગવાન છે એની તો ખબર નથી. તો આ રાગ દુઃખ છે એને કોની સાથે મેળવે? એક જુવાર સારી હોય તો બીજી જુવાર સાથે મેળવે કે આના કરતા આ છે. એમ દુઃખને મેળવે કોની સાથે? આનંદની તો ખબર ન મળે. જે કરે છે એ ઠીક કરે છે એમ આંધળે આંધળો ચાલ્યો જાય. આહાહા..!

**'સમતા રહિત યતિને...'** સમતા એટલે આ, હોં! પાછું સમતા એટલે રાગ મંદ કરીને સમતા (કરે) એ નહિ. વીતરાગી પરિણતિ તે સમતા. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ એ ત્રણે વીતરાગ પરિણતિ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય વીતરાગ પરિણતિ છે. એ વીતરાગ પરિણતિની વાત અહીં કહે છે. આહાહા..! સમતા રહિત એ વીતરાગ પરિણતિ રહિત યતિને, સાધુ નામ ધરાવે. 'અનશનાદિ તપશ્ચરણોથી...' અનશનાદિ તપસ્યા કરે, જુઓ! અનશનાદિ બધું કીધું, હોં! અનશન, ઉણોદરી, રસ છોડે, એક રસ ખાય, બે રસ ન લે, ફલાણુ ન લે, ઢીકણું લે. એ બધી બાહ્ય ક્રિયા છે. એ 'તપશ્ચરણોથી ફળ નથી;...' ધર્મનું ફળ નથી. આહાહા..!

**'માટે, હે મુનિ! સમતાનું કુલમંદિર...'** આહાહા..! સમતાનું કુલમંદિર '(૧) **ઉત્તમ ઘર;** (૨) **વંશપરંપરાનું ઘર.**' આહાહા..! છે ને? 'હે **મુનિ! સમતાનું કુલમંદિર એવું જે આ અનાકુળ...**' અનાકુળ એટલે આનંદ નિજ તત્ત્વ. '**અનાકુળ નિજ તત્ત્વ...**' આહાહા..! '**તેને ભજ.**' આહાહા..! ભગવાન અનાકુળ તત્ત્વ છે. ક્રિયાકાંડનો જેટલો વિકલ્પ ઊઠે એ બધું આકુળતા અને દુઃખ છે. આહાહા..! અનાકુળ એવું જે આત્મતત્ત્વ, અતીન્દ્રિય આનંદથી ભરેલો જે ભગવાન, એને ભજ. આહાહા..! એની સેવા કર તો તને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે અને એ અતીન્દ્રિય આનંદનો ધર્મ એ મુકિત આપશે. આહાહા..!

**'સમતાનું કુલમંદિર એવું જે આ અનાકુળ નિજ તત્ત્વ...'** અનાકુળ નિજ તત્ત્વ. ક્રિયાકાંડ એ બધા નિજ તત્ત્વ નહિ. આહાહા..! નિજ તત્ત્વ. '**અનાકુળ નિજ તત્ત્વ...**' આનંદસ્વરૂપ એવું નિજ તત્ત્વ. એનો અર્થ કે જેટલી ક્રિયાકાંડ કીધી એ બધી દુઃખરૂપ છે. પંચમહાવ્રતથી માંડીને અભવી અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. અનંતવાર એવી ક્રિયાકાંડ કરીને શુકલલેશ્યા (કરી). શુકલલેશ્યા... નવમી ગ્રૈવેયક ગયો શુકલલેશ્યાથી જાય. એ પણ દુઃખ છે. આહાહા..! અહીં તો કહે છે, '**અનાકુળ નિજ તત્ત્વ તેને ભજ.**' ભગવાનને ભજ. અંદર આનંદના નાથને ભજ. એ આકુળતાને છોડી દે. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી પરમાત્મપ્રકાશ, દ્વિતિય અધિકાર, ગાથા-૯૭-૯૮**
**પ્રવચન નં.૧૬૬, તા.૨૩-૧૨-૧૯૭૬**
**(૨૦)**

'પરમાત્મપ્રકાશ' ૯૭ ગાથા. '**આગે કેવલજ્ઞાનાદિ લક્ષણસે શુદ્ધસંગ્રહનયકર સબ જીવ એક હૈં, ઐસા કહતે હૈં :**'

**૨૨૪ ) जीवा सयल वि णाणमय जम्मण-मरणविमुक्क।**
**जीव-पएसहिं सयल सम सयल वि सगुणहिं एक्क।।९७।।**

**અન્વયાર્થ :- 'સભી જીવ જ્ઞાનમયી હૈં,...'** દૃષ્ટિ થઈ છે એ આત્માને પરમાત્મા જાણે છે. સમજાણું કાંઈ ? એથી બધા આત્માને એ પરમાત્મા જાણે છે, એમ કહે છે. એનું સ્વરૂપ જ જ્ઞાનમય છે. એકલો જ્ઞાનમય. દરેક આત્મા એકલા જ્ઞાનમય છે. આહા..હા...! વ્યવહારનો રાગ ને ભાગ એમાં છે નહિ, એમ કહે છે. શુદ્ધ સંગ્રહનયકર જીવ જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસૂર્ય બધા આત્માઓ (છે). આહા..હા...! એ ક્યારે એમ બેસે ? કે જેની નિમિત્ત, રાગ અને પર્યાયબુદ્ધિ ઊડી જાય છે અને સ્વભાવબુદ્ધિ થાય તેને આ બેસે, એમ કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

'**जन्ममरणविमुक्ताः**' એ જન્મ, જરા, મરણથી તો ભગવાન આત્મા રહિત છે. આહા..હા...! પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ આનંદઘન, જ્ઞાનમય વસ્તુ જન્મ, મરણથી જુદી ચીજ છે. આહા..હા...! '**અપને અપને પ્રદેશોંસે સબ સમાન હૈં,...**' એ પ્રદેશ લીધા. દરેક આત્મા અસંખ્ય પ્રદેશી (છે). પોતાના જે અસંખ્ય પ્રદેશ છે એ જ બધાના અસંખ્ય પ્રદેશ છે. પ્રદેશે પણ સમાન, ગુણે સમાન અને જન્મ-મરણ રહિતથી પણ સમાન. આહા..હા...! સમજાણું કાંઈ ? '**ઔર સબ જીવ અપને કેવલજ્ઞાનાદિ ગુણોંસે સમાન હૈં.**' દૃષ્ટિનો વિશાળ સ્વભાવ, જે ત્રિકાળી વિશાળ સ્વભાવ એ દૃષ્ટિનો વિષય છે. તેથી દૃષ્ટિવંતને પરમાત્મા પોતાનું સ્વરૂપ ભાસે છે. એ રીતે બીજા બધા આત્મા પણ પરમાત્મસ્વરૂપ છે. આહા..હા...! વસ્તુ છે ને આખી જ્ઞાનમયી ચીજ ? અલ્પજ્ઞપણું નહિ જેમાં. રાગ તો નહિ, સંયોગ તો નહિ, અલ્પજ્ઞપણું પણ નહિ. આહા..હા...!

'પંચાધ્યાયી'માં લીધું છે ને ? હરિ. આત્માને હરિ કહ્યો છે. એ પણ હરતે ઈતિ હરિ. નાસ્તિથી વાત લીધી છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષને હણે માટે હરિ આત્મા છે. આહા..હા...! આજે સવારમાં 'મીરાબાઈ'નો એક ટુકડો છે ઈ યાદ આવ્યો. 'હરિને ભજતાં હજી કોઈની લાજ

જતા નથી જાણી રે... હરિ ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે...' શેઠ ! હરિ કોણ ? આ આત્મા, હોં ! એને ભજતાં હજી દુનિયામાં કોઈની લાજ ગઈ નથી. એવો જે ભગવાન આત્મા... આહા..હા...! અલ્પજ્ઞની દૃષ્ટિવાળાને, રાગની દૃષ્ટિવાળાને, નિમિત્તની દૃષ્ટિવાળાને, પર્યાયની બુદ્ધિવાળાને આવો આત્મા બેસતો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આ..હા..! એ 'મીરાબાઈ'માં આવે છે.

અહીં તો હરિ આ ભગવાન આત્મા, અલ્પજ્ઞ અને રાગનો પણ જેમાં અભાવ છે. આહા..હા...! નિમિત્ત પરદ્રવ્યનો તો અભાવ છે,... આહા..હા...! પણ વ્યવહારના વિકલ્પો દયા, દાન, વ્રતાદિ જેને અત્યારે લોકો કહે છે કે વ્યવહાર લોપ થાય છે, શેઠ ! તમે તો આ બધું સાંભળ્યું છે ને ? વ્યવહાર લોપ કરે છે સોનગઢિયા. કરે, બાપા ! કહો, વાંધો નથી. અરે..! ભગવાન ! બાપુ ! તને ખબર નથી, પ્રભુ ! વ્યવહારનો તો અભાવ છે પણ અલ્પજ્ઞપણાનો ત્રિકાળી જ્ઞાનમયી વસ્તુમાં અભાવ છે. આહા..હા...! અરે...! આવું નિધાન જુઓને ! કેવી રીતે વર્ણવે છે ! આ 'પરમાત્મ પ્રકાશ' છે. પરમ આત્મ પ્રકાશની મૂર્તિ. અલ્પજ્ઞપણું નહિ, રાગ નહિ, નિમિત્ત નહિ. આહા..હા...! એવી જેની દૃષ્ટિ.. ઈ કહેશે. વીતરાગ સ્વસંવેદનજ્ઞાન થયું એ તો આમ આત્માને માને છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! રાગ રહિત.. છે ને ? અંદર આવશે. અંદર આવશે, પછી આવશે. ૯૮માં આવે છે, નહિ ? અહીં છે, જુઓને ! ન્યાં જ આવ્યું. ભાવાર્થમાં.

'**વ્યવહારસે લોક-અલોકકા પ્રકાશક...**' ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, લોકાલોકને પ્રકાશે એમ કહેવું એ તો વ્યવહાર છે. આહા..હા...! છે ભાવાર્થ ? '**નિશ્ચયનયસે નિજ શુદ્ધાત્મદ્રવ્યકા ગ્રહણ કરનેવાલા...**' આહા..હા..! પોતાનો જે જ્ઞાન ત્રિકાળી સ્વભાવ, એને ગ્રહણ કરનારો તે આત્મા. પરને જાણે એ તો વ્યવહારનયનું કથન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અહીં પર્યાયબુદ્ધિને ઉડાવી દ્યે છે. કારણ કે એ સાચી બુદ્ધિ નથી. આહા..હા..! દ્રવ્ય ભગવાન અંદર આનંદનો નાથ પ્રભુ.. આ..હા...! પૂર્ણ જ્ઞાનમય, જ્ઞાનવાળો એમ પણ નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! બાપુ ! મારગડા ઝીણા, ભાઈ ! વ્યવહારથી થાય, નિમિત્તથી થાય, એમ કહે છે ને ? તો કહે છે કે નિમિત્ત અને વ્યવહારનો તો જેમાં અભાવ છે. આહા..હા....! નિશ્ચય મોક્ષમાર્ગથી પણ દ્રવ્ય સ્વભાવ જણાય એમ કહેવું એ પર્યાયથી છે. આહા..હા...! પર્યાયથી જણાય છે દ્રવ્ય, પણ જાણે છે કેવું દ્રવ્ય ? એકલો જ્ઞાનમય, આનંદમય.. આનંદમય.. બસ !

**શ્રોતા :–** આવો આત્મા ક્યારે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનાદિનો છે. ક્યારે છે શું પણ અત્યારે છે, એમ કહે છે. વર્તમાનમાં એ જ્ઞાનમય, આનંદમય છતી ચીજ છે. એને અછતી બનાવી છે. એક સમયની પર્યાય અને રાગવાળો માન્યો, એ અછતી બનાવી છે અને જેણે પર્યાય ને રાગ નથી, અછતો છે તેને અછતો કહીને છતી ચીજ છે તેને છતી બનાવી છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ઈ શું કીધું ? એક

સમયની પર્યાય, રાગ એ છે, એને જેણે છતો બનાવ્યો છે, એણે ત્રિકાળીને અછતો બનાવ્યો છે. આહા..હા...! 'વીરચંદભાઈ' ! ઝીણી વાતું છે બહુ. આહા..હા...! અને જેણે એક સમયમાં ભગવાન કેવળજ્ઞાનનો કંદ... માથે નહોતું આવ્યું ? આવ્યું હતું ને ?

**'કેવલજ્ઞાનવેલિકે કંદ સુખ-પંક્તિ હૈ,...'** ૯૬મા આવ્યું ને ? ૯૬. બધા જીવ.... આહા..હા...! ૯૬ (ગાથાની) છેલ્લી લીટી. **'સભી જીવ કેવલજ્ઞાનવેલિ...'** કેવળજ્ઞાનની વેલડી, એનો **'કંદ સુખ-પંક્તિ હૈ,...'** આહા..હા...! કેવળજ્ઞાનનો કંદ અને સુખની ધારા છે. આહા..હા...! **'સભી જીવ...'** અભવી પણ એવા જ છે. આહા..હા...! પૈસાવાળા, કર્મવાળા તો નથી, રાગવાળો પણ નથી, અલ્પજ્ઞપણાવાળો પણ નથી એ ભગવાન. આહા..હા...! **'સભી જીવ કેવલજ્ઞાનવેલિ...'** આહા..હા...! આ ઓલા શું કહેવાય છે ? કોળા... કોળા. કોળા નથી થાતાં ? સાકરકોળા. વેલડી નાની હોય એની. પાકે અધ મણ, અધ મણના કોળા મોટા. કોળા કહે છે ને એને ? (કાશીફળ). હા, ઈ. એમ આ ભગવાન આત્મા... આહા..હા...! એકલા કેવળજ્ઞાનની વેલડીનો કંદ અને સુખની ધારા ભરેલી છે. સુખની પંક્તિ છે એમાં, કહે છે. આહા..હા...! છે ને ? ૯૬મા છેલ્લે. કાલે છેલ્લું ઉતાવળથી લેવાય ગયું હતું. આ લીટી. **'કોઈ કમ બઢ નહીં હૈ.'** આહા..હા...! પર્યાયની અલ્પજ્ઞતા અને રાગનું અસ્તિપણું છતું છે તેને અછતું કરી નાખે છે. દૃષ્ટિ છે તેને અછતું (એટલે કે) એ નથી (એમ કરે છે). અને જે છતો છે તેને છતો કરે છે. અજ્ઞાની છતો છે તેને અછતો કરે છે અને ક્ષણિક અછતી ચીજ છે તેને છતી કરે છે એ એ જ છે એમ માને છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! આવી વાત તો સાંભળવા કો'ક દિ' મળતી હોય.

ભાઈ ! તું પરમાત્મા છો. આહા..હા...! જિન શબ્દમાં જીતવું આવે છે. અજ્ઞાનને અને રાગને જીતે તે જૈન. કારણ કે જૈન શબ્દ છે ને ? અને મોક્ષ (શબ્દ) છે એમાં પણ દુઃખથી મુક્ત થવું એ આવે છે. પણ અસ્તિ તરીકે લઈએ તો એ મુક્તસ્વરૂપ જ છે. અબંધસ્વરૂપ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એની ચૈતન્ય મહાસત્તા ચૈતન્યનું મહા હોવાપણું.. આહા..હા...! જેનું મહા હોવાપણું દૃષ્ટિમાં આવ્યું છે, એને અલ્પજ્ઞ અને રાગનું અછતાપણું ભાસે છે. એ મારામાં છે જ નહિ. આહા..હા..! ઝીણી વાત છે થોડી ભાઈ આ તો. આહા..હા...! વસ્તુ જે છે, વસ્તુ પોતે પરમાત્મા પોતે ચિદાનંદ. સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ, સહજાત્મસ્વરૂપ પોતે સર્વજ્ઞદેવ, પોતે પરમગુરુ. મોટો પ્રભુ છે. એની મોટપની એને ખબર નથી, એના મહિમાની એને ખબર નથી. આમ માની લીધું કે આ શુભરાગ દયા, દાન, વ્રત કરીએ છીએ એનાથી મળશે, એ એની મોટપનો નાશ કરી નાખ્યો. સમજાણું કાંઈ ? આહા..હા...! આવું સ્વરૂપ હવે. દયા પાળવી ને ભક્તિ કરવી ને પૂજા કરવી ને વ્રત પાળવા.. 'વસંતીલાલજી' ! એ બધું સાંભળ્યું હતું કે નહિ ? આહા..હા....! ગજબ વાત છે, બાપુ ! આ..હા..!

આજે દિવસની વૃદ્ધિનો દિવસ છે. શું કીધું ઈ ? કાલે છેલ્લો બાવીસમી તારીખે દિવસ નાનામાં નાનો અને રાત મોટામાં મોટી (હતી). કાલે બાવીસ તારીખ, ડિસેંબરની. રાત મોટામાં મોટી. હવે આજ શરૂ થાય છે, વધે. દિવસ મિનિટ મિનિટ વધશે અને રાત મિનિટ મિનિટ ઘટશે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ આ દિવસ વૃદ્ધિ (છે). ચૈતન્યમૂર્તિ દિનકરદિવસનો કરવાવાળો એવો સૂર્ય (છે). આહા..હા...! એમ ભગવાન આત્મા કેવળજ્ઞાનના પ્રકાશનો સૂર્ય ! આ એવી વાતું છે, બાપુ ! ગાંડી ને ઘેલી વાતું જેવી છે. બાપુ ! માર્ગ એવો છે, ભાઈ ! આહા..હા...!

કહે છે, વ્યવહારથી લોકાલોકનો પ્રકાશક કહેવામાં આવે છે. '**ઔર નિશ્ચયનયસે નિજ શુદ્ધાત્મદ્રવ્યકા ગ્રહણ કરનેવાલા...**' આહા..હા...! એ તો ત્રિકાળીને ગ્રહણ કરવાવાળો ભગવાન છે. વ્યવહારને જાણવું એમ પણ નહિ. આહા..હા...! શું કહે છે ? ઈ નિમિત્તથી તો નથી, રાગથી તો નથી, અલ્પજ્ઞથી નથી પણ પરને જાણવાવાળાથી પણ એ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? નિશ્ચયથી પોતાના પૂર્ણ સ્વરૂપને ગ્રહનારો એ ભગવાન છે. આહા..હા...! એને એ જાણનારો છે. સંયોગમાં નથી, રાગમાં નથી, અલ્પજ્ઞપણામાં નથી પણ પરને જાણવાવાળો પણ ખરેખર નથી. આહા..હા..! એ તો ભગવાન પૂર્ણ પોતાનું સ્વરૂપ છે એને જાણનારો છે એ તો. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**ગ્રહણ કરનેવાલા જો કેવલજ્ઞાન...**' એ કેવળજ્ઞાન છે. એ તો કેવળજ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારો, તેને એ જાણનારો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે..! આવી વાતું. નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય.. પણ સત્ય આ છે. આહા..હા...! શ્રદ્ધામાં કેટલા મોટપની એને શ્રદ્ધા છે, એમ કહે છે. કેવડા મોટાની એને શ્રદ્ધા છે ?–કે શ્રદ્ધામાં એ ભગવાન પોતાને પૂર્ણને જાણે એની શ્રદ્ધામાં ઈ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? સમજાણું કાંઈ તો વિસામાનું વાક્ય છે. આહા..! ભાઈ ! એના અંતર માહાત્મ્ય આવ્યા વિના, એની મોટપ જાણ્યા વિના દૃષ્ટિ સાચી નહિ થાય. આહા..હા..! અને સાચી દૃષ્ટિ વિના જે કંઈ કરે એ બધું ચાર ગતિમાં રખડવા માટે છે. આહા..હા...! ખળભળાટ થઈ ગયો છે ને. નિશ્ચય.. નિશ્ચય... નિશ્ચય...

'**નિજ શુદ્ધાત્મદ્રવ્યકા...**' જોયું ? પરદ્રવ્યને નહિ, કેવળીને જાણનારો પણ નહિ. આહા..હા...! માર્ગ બાપુ ! જુદી જાત છે. આહા..હા...! નિજ, '**નિશ્ચયનયસે નિજ...**' પોતે પોતાના શુદ્ધાત્મદ્રવ્યને જાણનારો છે. ગ્રહણ કરનારો છે એટલે જાણનારો છે. એવું જે કેવળ જ્ઞાન.. કેવળ જ્ઞાન એટલે પોતે પોતાનું એકલું જ્ઞાન. '**યદ્યપિ વ્યવહારનયસે કેવળજ્ઞાનાવરણકર્મસે ઢંકા હુઆ હૈ,...**' અહીં વાંધા. આવ્યું જુઓ ! (એમ એ લોકો) કહે છે. કર્મથી આવરણ (છે). એને ટૂંકું કહેવું છે એટલે નિમિત્તથી વાત કરી છે. બાકી ખરેખર તો પોતાની પર્યાયનો વિષય હિણો પોતે કર્યો છે, એ એનું આવરણ છે. આવે છે ને ? ભાઈ ! વિષય પ્રતિબદ્ધ. નહિ ? 'પંચાસ્તિકાય'. આહા..હા...! પોતાનું જાણવું અલ્પજ્ઞ વિષયપણે પરિણમ્યું

છે એ જ એને વિઘ્ન છે, એ એનું આવરણ છે. આહા..હા...! જેનો સર્વ વિષય પૂર્ણ છે અને એમાં પણ પૂર્ણ વિષય સ્વદ્રવ્ય છે. આહા..હા...! પર્યાયમાં પૂર્ણ વિષય બધું છે, પણ એમ કરતાં પણ આ દ્રવ્ય જે પૂર્ણ છે... આહા..હા..! એક પર્યાયમાં સર્વ દ્રવ્યનું પ્રત્યક્ષપણું પૂર્ણપણું છે, એથી પણ આ આત્મા પૂર્ણપણે પોતાને જાણે એવો પૂર્ણ છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! કહો, 'ત્રિભુવનભાઈ' ! આવી વાતું છે એટલે લોકોને બિચારાને (કઠણ પડે છે). આહા..હા...!

**શ્રોતા :–** ફરીને ફરમાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહ્યું ને. આહા..! આવું કેવળજ્ઞાનમય... કેવળ એટલે એકલો જ્ઞાનમય પ્રભુ અને પર્યાયને કેવળજ્ઞાન કહો તો તેને આવરણરૂપે એની પોતાની હિણી ભાવઘાતિ કર્મની પરિણતિ પોતાની છે. એનાથી તે હણાયેલો છે. એનાથી તે પૂર્ણ જ્ઞાનમય જણાતો નથી. આહા..હા....!

**શ્રોતા :–** દ્રવ્યકર્મથી નહિ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્રવ્ય તો નિમિત્તનું કથન છે. સોળમી ગાથામાં ન આવ્યું ? 'પ્રવચનસાર'. દ્રવ્યઘાતિ, ભાવઘાતિ બે કર્મ છે. દ્રવ્યઘાતિ તો પર છે. ભાવઘાતિ એની શુદ્ધતાને હણનારો ઈ છે. આહા..હા..! ઝીણી વાત પડે. માણસને સાંભળવા મળી ન હોય, વાંચનમાં આવી ન હોય અને દૃષ્ટિ (ન હોય) એટલે બીજી રીતે શાસ્ત્ર વાંચ્યું હોય, હવે એને આ વાત બેસાડવી (કઠણ પડે). જ્ઞાનનું પરિણમન હિણું પોતે કરી નાખ્યું છે, એનાથી ઢંકાઈ ગયેલો છે. સમજાણું કાંઈ ? વાંધા તો આ કર્મના છે, વ્યવહારના અને નિમિત્તના અને ક્રમબદ્ધના (એમ) ચાર (વાંધા) સોનગઢની સામે (ચાલે છે). આહા..હા...! એની (પોતાની) સામે છે, બાપા ! તને ખબર નથી, ભાઈ ! આહા..હા...!

'**વ્યવહારનયસે કેવળજ્ઞાનાવરણકર્મસે ઢંકા હુઆ હૈ, તો ભી શુદ્ધનિશ્ચયસે કેવલજ્ઞાનાવરણકા અભાવ હોનેસે...**' જોયું ? આવરણનો અથવા અલ્પજ્ઞપણાનો જેમાં અભાવ છે. આહા..હા...! આવી વાત ક્યાં છે ? દિગંબર સંતો સિવાય આવી વાત કોઈ કહેનારા નીકળ્યા નથી. આહા..હા...! નાગા બાદશાહથી આઘા. દુનિયાની પડી નથી એને કે આમ કહેશું (તો) સમાજ કેમ માનશે ? એને ઘરે રહ્યો. ઘરે રહ્યો એટલે એની કલ્પનાના ઘરે, એમ. નિજઘરમાં નથી આવી. ભગવાન આત્મા કેવળજ્ઞાનાવરણીનો જેમાં અભાવ છે, કહે છે. છે ? એટલે ? ભાવઘાતિપણે જે જ્ઞાનની હિણી દશા થઈ છે, એનો ત્રિકાળી સ્વભાવમાં અભાવ છે. સમજાણું કાંઈ ? આવા અર્થ કરવા. પછી ઓલા કહે, પોતાને લાગે એવા અર્થ કરે છે. અરે...! ભગવાન ! બાપુ ! તેં માર્ગ સાંભળ્યો નથી, હોં પ્રભુ ! આહા..!

'**સભી જીવ કેવલજ્ઞાનમયી હૈં.**' એ ઘાતિનું પોતાનો સ્વનો ઘાત કર્યો એનો પણ અભાવ છે. એકલા જ્ઞાનમય, પરિપૂર્ણ રસકંદ, જ્ઞાનસૂર્ય ધ્રુવ આદિ અંત વિનાની ચીજ, પરિપૂર્ણ

સ્વભાવ સંપન્ન એવો ભગવાન આત્મા, એવા બધા આત્મા છે. આહા..હા...! '**યદ્યપિ વ્યવહારનયકર સબ સંસારી જીવ જન્મ-મરણ સહિત હૈં,...**' પર્યાયમાં. '**તો ભી નિશ્ચયનયકર વીતરાગ નિજાનંદરૂપ...**' જુઓ ! આવ્યું આ. '**નિશ્ચયનયકર વીતરાગ નિજાનંદરૂપ અતીન્દ્રિય સુખમયી હૈં,...**' એ વીતરાગ નિજાનંદની પર્યાય જ્યાં પ્રગટી એને આ આખો વીતરાગ નિજાનંદમય છે એમ ભાસે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? '**નિશ્ચયનયકર વીતરાગ નિજાનંદરૂપ...**' પાછું, જોયું ? વીતરાગી પણ નિજાનંદરૂપ '**અતીન્દ્રિય સુખમયી હૈં,...**' આહા..હા...! વીતરાગી નિજ આનંદમય, નિજ સુખમયી સ્વરૂપ ભગવાન આત્મા. આહા..હા...! એવા બધા આત્માઓ છે. '**અતીન્દ્રિય સુખમયી હૈં,...**' આહા..હા...! '**જિનકી આદિ ભી નહીં ઔર અંત ભી નહીં ઐસે હૈં,...**' ભગવાન જ્ઞાન અને સુખમય, જેની સત્તા હોવાપણું જ્ઞાનમય અને સુખમય, જેનું હોવાપણું (છે) એવો જે ભગવાન આત્મા... આહા..હા...! '**શુદ્ધાત્મસ્વરૂપસે વિપરીત જન્મ મરણકે ઉત્પન્ન કરનેવાલે જો કર્મ ઉનકે ઉદયકે અભાવસે જન્મ-મરણસે રહિત હૈં.**' લ્યો. '**શુદ્ધાત્મસ્વરૂપસે વિપરીત જન્મ મરણકે ઉત્પન્ન કરનેવાલે જો કર્મ ઉનકે ઉદયકે અભાવસે જન્મ-મરણસે રહિત હૈં.**' એમાં છે નહિ, ઉદય જ નથી. આહા..હા...! ભારે વાત પણ, ભાઈ ! 'પરમાત્મપ્રકાશ'.

'હુકમીચંદ' પંડિતના દીકરાનું નામ પરમાત્મપ્રકાશ છે. પંડિતજી આપણા. 'જયપુર' 'હુકમીચંદજી'. એના મોટા દીકરાનું નામ પરમાત્મપ્રકાશ છે. નાનાનું નામ અધ્યાત્મપ્રકાશ છે. છોડીનું નામ એવું કાંઈક છે. અધ્યાત્મપ્રકાશી ? પ્રભા. લ્યો, ઠીક. છોડીનું નામ અધ્યાત્મપ્રભા. 'હુકમીચંદજી'નો ક્ષયોપશમ અત્યારે ઘણો. નાની ઉંમર-૪૦ વર્ષની, પણ એનો ક્ષયોપશમ ઘણો. પણ લોકો એમ કહે કે એ તો સોનગઢનો પંડિત છે એમ કહે. અરે..! ભગવાન ! ભાઈ ! ભાગલા પાડવા રહેવા દે, બાપુ ! માર્ગ છે ઈ છે. આહા..હા...!

ઓ..હો..! ભગવાન આત્મા વસ્તુ સ્વભાવ પરિપૂર્ણ જ્ઞાન અને સુખની ધારા જેમાં પડી છે. આહા..હા...! એવા ભગવાનમાં આ કેવળજ્ઞાનાવરણી આદિનો અભાવ છે અને જે જન્મ મરણનું કારણ કર્મ, એનો પણ અભાવ છે. આહા..હા...! એ જન્મ-મરણ રહિત છે તો પર્યાયમાં જન્મ-મરણ રહિત થાય છે. સમજાણું કાંઈ ? '**યદ્યપિ સંસાર અવસ્થામેં વ્યવહારનયકર પ્રદેશોંકા સંકોચ વિસ્તારકો ધારણ કરતે હુએ...**' પ્રદેશ લીધા હવે. પાઠમાં આવ્યું હતું ને ? '**जीवप्रदेशैः सकलाः समाः**' આહા..હા...! સંસાર અવસ્થામાં વ્યવહારનયકર પ્રદેશ અસંખ્ય છે, એ સંકોચ વિસ્તાર થાય. નિગોદમાં સંકોચ થઈ જાય, હજાર યોજન મચ્છમાં અથવા કેવળજ્ઞાન સમુદ્‌ઘાતમાં વિકાસ થાય. એ વ્યવહારનયકર દેહપ્રમાણ છે.

'**ઔર મુક્ત-અવસ્થામેં ચરમ (અંતિમ) શરીરસે કુછ કમ દેહપ્રમાણ હૈં,...**' એ બધા ભેદ વ્યવહારથી (છે). '**તો ભી નિશ્ચયનયકર લોકાકાશપ્રમાણ અસંખ્યપ્રદેશી હૈં,...**' આહા..હા...! આ નિશ્ચય. અસંખ્યપ્રદેશી. સંકોચ થાય તોપણ અસંખ્ય પ્રદેશ છે, વિકાસ થાય તોપણ

અસંખ્ય પ્રદેશ છે. એ સામાન્ય એકરૂપ છે. આહા..! સમજાણું કાંઈ ? '**તો ભી નિશ્ચયનયકર લોકાકાશપ્રમાણ અસંખ્યપ્રદેશી હૈં, હાનિ-વૃદ્ધિ ન હોનેસે અપને પ્રદેશોંકર સબ સમાન હૈં,....**' આહા..હા...! એ હજાર જોજનનો મચ્છ (હોય) અને કેવળજ્ઞાન સમુદ્ઘાત વખતે જે (વિસ્તાર થાય) પણ અસંખ્ય પ્રદેશની અપેક્ષાએ બધા સરખા છે. આહા..હા...! આવે છે ને ઓલામાં ? '**સર્વ જીવ છે જ્ઞાનમય, ધારે સમતા ભાવ**' 'યોગસાર'. 'યોગસાર'માં પાછળ આવે છે. '**સર્વ જીવ છે...**' ત્યાં સામાયિકની વ્યાખ્યા કરી છે. 'સર્વ જીવ છે જ્ઞાનમય, ધારે સમતા ભાવ.' સમતાભાવથી બધા ભગવાન જ્ઞાનમય છે. આહા..હા..! એવું શાંતિથી જે અંદર સમજે છે, એને સામાયિક થાય છે. આહા..હા...! 'શ્રીમદ્'માં એમ કહ્યું, '**સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.**' આહા..હા...! એ જ્ઞાનમયી કીધું.

**શ્રોતા :–** દરેક દ્રવ્ય-ગુણ સમાન..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભેદ જ નથી હવે કાંઈ. રાગની તો વાત પણ ક્યાં છે. આહા..હા...!

અકષાય સ્વભાવ મૂર્તિ પ્રભુ, બધા આત્મા, હોં ! વીતરાગ સ્વભાવમૂર્તિ અસંખ્ય પ્રદેશી સરખા અને ગુણે પણ સરખા. આહા..હા...! સમજાણું કાંઈ ? '**હાનિ-વૃદ્ધિ ન હોનેસે અપને પ્રદેશોંકર સબ સમાન હૈં,...**' આહા..હા...! બધા જીવો. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય ને કેવળજ્ઞાની, સિદ્ધ. એક અંગૂલના અસંખ્ય ભાગમાં અસંખ્ય શરીર નિગોદના અને એક શરીરમાં અનંતા જીવ, પણ અસંખ્ય પ્રદેશે બધા સરખા. આહા..હા...! આવી વાત. સંખ્યા લોકાકાશ પ્રમાણે એની સંખ્યા. લોકાકાશ પ્રમાણે કોઈની સંખ્યા ઓછીવત્તી નથી. સંકોચ વિકાસ ક્ષેત્રથીબાહ્ય ક્ષેત્રથી થાઓ, પણ અંદર ક્ષેત્રથી... આહા..હા...! ગજબ વાત કરે છે ને ! બાહ્ય ક્ષેત્રથી સંકોચ વિકાસ (થાઓ). નિગોદમાં આટલો સંકોચાય જાય, ઓલો હજાર જોજન (થાય) પણ અંતર ક્ષેત્રથી જુઓ તો અસંખ્ય પ્રદેશ છે એવો છે. આહા..હા...! આવી વાતું છે, બાપુ !

કેવળજ્ઞાન સમુદ્ઘાતવાળો જીવ અને નિગોદના જીવ, પ્રદેશે બધા સરખા (છે). આવું વસ્તુનું સ્વરૂપ છે, બાપુ ! આહા..હા...! જિનવર સિવાય આ વાત (ક્યાંય નથી). એ પણ દિગંબર ધર્મ. આહા..હા...! આવી ગંભીરતા. એક એક શ્લોકમાં ગંભીરતા તો જુઓ ! કેટલી ઊંડાણની વાતું. ઊંડો કૂવો એને કેવી રીતે બતાવે છે ! આહા..હા...!

'**ઔર યદ્યપિ વ્યવહારનયસે સંસાર-અવસ્થામેં ઈન જીવોંકે અવ્યાબાધ અનંત સુખાદિ ગુણ કર્મોંસે ઢંકે હુએ હૈં,...**' લ્યો, અહીં કહે છે, કર્મથી ઢંકાણું (છે). તમે ના પાડો છો. ભાવકર્મ હિણી દશાથી આખું ઢંકાઈ ગયું છે. આહા..હા...! સોળમી ગાથામાં એ જ કહ્યું, ભાવઘાતિ અને દ્રવ્યઘાતિ બે લેવા. દ્રવ્યઘાતિ દ્રવ્યઘાતિ છે એમ નહિ. આહા..! એ તો નિમિત્ત છે. પોતે જ ઉપાદાનની પર્યાયમાં હિણપપણે ભાવઘાતિપણે ઘાત કરે છે. પોતાના .... આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

'**અવ્યાબાધ અનંત સુખાદિ ગુણ...**' અનંત લીધા. હિણા પરિણમનને કારણે ઢંકાયા છે.

કર્મથી ઢંકાયો છે એ નિમિત્તથી કથન છે. '**તો ભી નિશ્ચનયકર કર્મકે અભાવસે...**' આહા..હા...! જેમાં જડકર્મનો પણ અભાવ અને હિણી ભાવઘાતિના પરિણમનના પણ જેમાં અભાવ છે. આહા..હા...! '**ઢંકે હુએ હૈં, તોભી નિશ્ચયનયકર કર્મકે અભાવસે સભી જીવ ગુણોંકર સમાન હૈં.**' આહા..હા...! શકિત ગુણનું સ્વભાવની સત્તા હોવાપણે બધા જીવો સરખા છે. આહા..હા...! કહો. અભવિનો જીવ પણ સમાન છે. દ્રવ્ય સ્વભાવની વાત લેવી છે ને. પર્યાયમાં ફેર છે ઈ તો વ્યવહારથી છે. આહા..! આવા લખાણ આવે ચોખ્ખા કે કર્મથી ઢંકાયેલો છે અને તમે અર્થ બીજા કરો છો. ટૂંકી ભાષામાં (કહેવું હોય તો એમ કહેવાય). અમારે પંડિતજીએ 'પંચાસ્તિકાય'માં લખ્યું છે. 'પંચાસ્તિકાય' ને ? એ નિમિત્તનું કથન છે. ટૂંકું બોલવાનું કથન છે. લાંબુ લાંબુ કરવા જાય કે હિણે પરિણમ્યો છે, એમાં કર્મનું નિમિત્ત છે, બેય એમાં નથી માટે પૂર્ણ છે. એ લાંબુ (થઈ જાય). ભાષા તો એમ જ હોવાની. આ વાદવિવાદની ક્યાં (વાત છે), બાપુ ! આહા..હા...!

'**સભી જીવ ગુણોંકર સમાન હૈં. ઐસા જો શુદ્ધ આત્માકા સ્વરૂપ હૈ,...**' આ..હા...! એનું તાત્પર્યરહસ્ય બતાવ્યું. '**ઐસા જો શુદ્ધ આત્માકા સ્વરૂપ હૈ, વહી ધ્યાન કરને યોગ્ય હૈ.**' આહા..હા..! એ શ્રદ્ધામાં લેવા યોગ્ય છે. આહા..હા..! ધ્યાન વિષય કુરુ. વર્તમાન પર્યાયનો વિષય આને બનાવ. આહા..! અસંખ્ય પ્રદેશી સરખો, ગુણે સરખા, આવરણથી રહિત એવો જે ભગવાન આત્મા... આહા..હા...! એને વર્તમાનમાં હિણી પર્યાય અને રાગવાળી (પર્યાયથી) ભિન્ન પાડ, અધિક કરી નાખ. આહા..હા...! એ કંઈ વાત છે, ભાઈ ! હિણી પર્યાય છે, નિમિત્ત એને છે, અસંખ્ય પ્રદેશી સંકોચ-વિકાસ છે. એનાથી તારો ભગવાન પૂર્ણાનંદનો નાથ ભિન્ન છે, એનું ધ્યાન કર, એને ધ્યાનમાં લે, એને ધ્યાનમાં લે. આહા..હા..! કોને ધ્યાનમાં લે ? જે ગુણે પરિપૂર્ણ, અસંખ્ય પ્રદેશે પરિપૂર્ણ, જન્મ-મરણ રહિત.. આહા..હા...! જેમાં પર્યાયની હિણી અવસ્થાનો પણ અભાવ છે, એને ધ્યાનમાં લે. આવું તો કો'ક દિ' સાંભળવા મળે. આહા..હા...! મધ્યસ્થથી જો આઠ દિ' સાંભળે તો એને ખબર પડે કે આ શું છે. પણ એમ ને એમ વિરોધ કરે. કરો, બાપા ! શું થાય ? એને બેઠું ન હોય, બેઠું ન હોય. એની પોતાની વાત જે રીતે ગોઠી છે એ રીતે ઈ વાત કરે. બીજું શું કરે ? આહા..! '**જામેં જિતની બુદ્ધિ હૈ, ઈતનો દિયે બતાય. વાંકો બૂરો ન માનીએ, ઔર કહાં સે લાય.**' આહા..હા...!

**શ્રોતા :–** આવરણવાળી પર્યાય નિરાવરણ સ્વભાવને કેવી રીતે ઢાંકે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો પર્યાયમાં આવરણ અને હિણી છે, વસ્તુમાં ક્યાં છે ? આહા..હા...! એ પર્યાયનયનો વિષય છે એમ સિદ્ધ કર્યો. છે ખરું, પણ અંદર વસ્તુમાં નથી. નિશ્ચયમાં નિષેધ થઈ ગયો. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! ૯૭ બહુ સારી આવી, લ્યો. આહા..હા..! કુદરતનો આજે વધવાનો દિવસ છે એમાં આ ગાથા આવી. આહા..હા..! અને સવારમાં આ આવ્યું હતું કે આ બધા ખળભળાટ કરે છે... 'હરિ ભજતાં હજી

કોઈની લાજ જતા નથી જાણી રે...' એમ ભગવાનને ભજતાં કોઈની હિણપ દશા થાય, એવું જગતમાં છે નહિ. આહા..હા...! આવો માર્ગ છે, બાપા ! એ ૯૭ પૂરી થઈ. આહા..હા...!

અહીંયા વ્યવહારમાં અસંખ્ય પ્રદેશ સંકોચ-વિકાસ છે. જન્મ-મરણ સહિત છે, અલ્પજ્ઞ સહિત છે, આ બધું નિમિત્ત છે, ઈ છે, પણ આ ઉડાવી દીધું પાછું. એમ વ્યવહાર કાળે વ્યવહાર છે, પણ વ્યવહારનો સ્વભાવમાં અભાવ છે માટે એનાથી સ્વભાવની પ્રાપ્તિ થાય એમ નથી. સમજાણું કાંઈ ? આવું છે, 'વારિયાજી' ! આવો માર્ગ (છે).

**શ્રોતા :-** એવું સાંભળવા જ આવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, આવ્યા છે ને. એને પ્રેમ છે ને રસ છે. આહા..હા...! આ તો પ્રભુ ! તારા ઘરની વાત છે ને, ભાઈ ! તારું ઘર કેવડું મોટું ! આહા..હા...! મોટાને ઘરે જાવું હોય તો કેટલી તૈયારી કરીને જવાય. એમ પર્યાયમાં યોગ્યતાથી અંદરમાં જવાય. આહા..હા...! ઈ પ્રથા તૂટી ગઈ હતી. લોકોને બીજું ઢ બેસી ગયું.

**શ્રોતા :-** નિમિત્તથી થાય, વ્યવહારથી થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, બસ વાત ઈ. ઈ કહે બરાબર છે, પણ આવું કહે ઈ ઠીક નહિ. સોનગઢવાળા પરસ્ત્રીને સેવે તો પાપ નથી, એમ કહે છે, અર..ર..ર...! આ ન હોય, ભાઈ ! આવી વાત ન કરાય. એમ કહે કે વ્યવહારથી નિશ્ચય થાય એ માનતા નથી. નિશ્ચયથી જ એકલું થાય એમ એકાંત (કહે છે), એમ કહી શકે. તત્ત્વની અપેક્ષામાં આમ કહે પણ આવી વાત તો ન કહેવી જોઈએ. અર..ર..ર...! અહીં તો વ્યવહાર રત્નત્રયના વિકલ્પને પાપ કહેવો છે. અર..ર..ર..! સ્ત્રીના સેવનની વાતું, બાપુ ! અરે..! પ્રભુ.. પ્રભુ ! પાછો વામમાર્ગી ઠરાવે છે. ગજબ કરે છે ને ! આ કહે તો બરાબર છે કે વ્યવહારથી થાય એની તો વાતું જ કરતા નથી અને વ્યવહારને ઉડાવી દે છે. એ વાત સાચી છે. નિમિત્તથી થાય એમ કહેતા નથી.

એ તો ભાઈ 'કૈલાસચંદજી'એ ખુલાસો કરી નાખ્યો કે સોનગઢવાળા નિમિત્તનો નિષેધ કરે છે પણ નિમિત્ત નથી એમ નહિ, પણ નિમિત્તથી કર્તા થાય એ ના પાડે છે. એ વાત તો એમ જ છે. નિમિત્ત નથી ? નિમિત્ત છે, પણ નિમિત્ત પરના કાર્યનો કર્તા નથી. એમ વ્યવહાર નથી ? વ્યવહાર છે, પણ વ્યવહાર નિશ્ચયનો કર્તા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :-** (નિમિત્તનો નકાર કરતાં) ઉપકારીનો ઉપકાર ઢંકાઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યારે જ એ નિમિત્તથી ન થાય ત્યારે જ તેનો ઉપકાર માને એ વ્યવહાર. આહા..હા...! એને એવો વિકલ્પ આવે. બંધનું કારણ છે પણ વિનયનો (વિકલ્પ) આવે. ૯૮.

**'આગે જીવોંકા જ્ઞાન-દર્શન લક્ષણ કહતે હૈં :'**

**२२५) जीवहँ लक्खणु जिणवरहि भासिउ दंसण-णाणु।**
**तेण ण किज्जइ भेउ तहँ जइ मणि जाउ विहाणु॥९८॥**

ભગવાન જિનવરે જીવનું લક્ષણ જ્ઞાન, દર્શન કહ્યું તો પછી એવો ભેદ ન કરીશ કે આ જીવ આવો ને આ જીવ આવો. બધા જ્ઞાન, દર્શન (સ્વરૂપ છે). ગજબ કામ કર્યા છે ને ! જુઓ ! કહે છે, તારો સૂર્ય ઉગી ગયો છે ? જ્ઞાનરૂપી સૂર્ય ઉગી ગયો તો હવે ભેદ પાડીશ નહિ. બધા જ્ઞાન, દર્શનવાળા સરખા છે. આહા..હા...!

**અન્વયાર્થ : 'જીવોંકા લક્ષણ જિનેન્દ્રદેવને દર્શન ઔર જ્ઞાન કહા હૈ,...'** દેખવું અને જાણવું એ એનો સ્વભાવ, એ એનું લક્ષણ કહ્યું. આહા..હા...! **'ઈસલિયે ઉન જીવોંમેં ભેદ મત કર,...'** કે આ અલ્પ જ્ઞાની છે ને આ અલ્પ દર્શી છે, એવું રહેવા દે હવે. આહા..હા...! કેટલો સમભાવ ! ભગવાને જ્ઞાન, દર્શન કહ્યા છે. **'ઉન જીવોંમેં ભેદ મત કર, અગર તેરે મનમેં...' 'विभातः जातः' 'જ્ઞાનરૂપી સૂર્યકા ઉદય હો ગયા હૈ,...'** આહા..હા...! સમ્યગ્જ્ઞાન જો તને ઉગ્યું હોય તો આ ભેદ ન પાડ. આહા..હા...! ઈ આવ્યું છે, હોં ! ઈ પહેલું કહેવું હતું ને ઈ આમાં આવ્યું. નીચલી લીટી છે. **'તેરે મનમેં વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનરૂપ સૂર્યકા ઉદય હુઆ હૈ,...'** નીચે આવશે. આ તો શબ્દાર્થ છે હજી. **'જ્ઞાનરૂપી સૂર્યકા ઉદય હો ગયા હૈ, અર્થાત્ હે શિષ્ય ! તૂ સબકો સમાન જાન.'** આહા..હા...! ટીકા લેવાશે પછી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

卐

**આત્મા શું છે? રાગ શું છે? હું કાયમી ટકનાર ચીજ કેવી છું? વિગેરે અભ્યાસ કરી, જ્ઞાન કરી, રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરવો એ પહેલી વસ્તુ છે. આત્માને જાણ્યા વિનાના એના ક્રિયાકાંડ બધા રણમાં પોક મૂકવા સમાન છે. આત્મા અંદર આનંદ સ્વરૂપ ભગવાન ચૈતન્યતેજનો પૂંજ પ્રભુ છે. તેનું જ્ઞાન ન હોય, અંદર દશાનું વેદન ન હોય ત્યાં સુધી એના ક્રિયાકાંડ બધા જૂઠા છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન હોવો જોઈએ.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૯૫૪)**

• • • • •

**જૈન એટલે અંતરમાં સમાય તે જૈન છે. બહારના જેટલા ઊભરા આવે એ તો બધા પ્રકૃતિના ચાળા છે. વિકલ્પ ઊઠે ઈ પણ બધા પ્રકૃતિના ચાળા છે અને બહારનું જે બધું થાય છે એ તો બધું પુદ્‌ગલપરાવર્તન અનુસાર થયા જ કરે છે.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૯૫૫)**

**શ્રી સમયસાર (૧૩), સ્યાદ્વાદના બોલ**
**પ્રવચન નં.૩૪૪, તા.૨૩-૮-૧૯૬૨**
**(૨૧)**

સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર. એમાં અહીં અનેકાંત તત્ત્વની વાત ચાલે છે. અનેકાંત. પહેલી વાત આવીને ? જે વસ્તુ તત્ છે એ જ અતત્ છે. જે કોઈ જગતના પદાર્થ છે, બધા બધા પદાર્થ. પહેલા સામાન્ય વાત. '**તત્ છે તે જ અતત્ છે, જે એક છે તે જ અનેક છે, જે સત્ છે તે જ અસત્ છે, જે નિત્ય છે તે જ અનિત્ય છે-એમ...**' સામાન્યની વસ્તુની વાત (કરીને) પછી આત્મતત્ત્વમાં ઉતારશે. '**એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી...**' એમાં વસ્તુપણું હો અને વસ્તુપણું પ્રાપ્ત થાય એવી '**બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.**' સમજાણું કાંઈ ? એમાં જે વિરૂદ્ધ શક્તિ વસ્તુને વસ્તુપણાને નિપજાવનારી. વસ્તુપણું જેવું છે એવું સિદ્ધ કરનારી એવી અંતરમાં વિરૂદ્ધ શક્તિઓને પ્રકાશવું એનું નામ અનેકાંત છે.

'**માટે...**' ત્યાં સુધી આવ્યું હતું. '**પોતાની આત્મવસ્તુને...**' પહેલી સામાન્ય વાત હતી. સર્વ વસ્તુ. જુઓ ! સામાન્યમાં તો તત્ અતત્માં પરપણે નહિ એટલું કહ્યું હતું. હવે આ વસ્તુપણામાં આત્મવસ્તુમાં બીજી વાત કરી. '**માટે પોતાની આત્મવસ્તુને...**' આત્મા એક વસ્તુ છે. લ્યો ! કોઈ તો ઘણા વર્ષ પહેલા પ્રશ્ન કરતા હતા. (સંવત) ૧૯૮૯માં. વસ્તુ ? આત્મ વસ્તુ ? વસ્તુ શું ? વસ્તુ હોય તો નાશવાન હોય. વસ્તુ જો કહો તો નાશવાન (હોય). સર્વવ્યાપક હોય તો અવિનાશી (હોય). એમ છે નહિ. ક્ષેત્રથી વ્યાપક હોય તો જ અવિનાશી છે એવી કોઈ વસ્તુ નથી. પોતાનો આત્મા પોતાના ક્ષેત્રમાં રહે છે. વસ્તુ કહો, એને અહીંયાં વસ્તુ કહે છે.

'**જ્ઞાનમાત્રપણું હોવા છતાં,...**' એ જ્ઞાનમાત્ર કહેવાથી પણ '**તત્-અતત્પણું, એક-અનેકપણું,...**' કાલે આવી ગયું છે. '**સત્-અસત્પણું અને નિત્ય-અનિત્યપણું પ્રકાશે જ છે;...**' જ્ઞાન આત્મા એમ કહેવા છતાં આ ચૌદ બોલ જ્ઞાન છે એમ કહેવામાં ચૌદ બોલને પ્રકાશે છે, કોઈ બાકી રહેતા નથી. કેમ ? હવે એનો ઉત્તર આપે છે.

'**તે (જ્ઞાનમાત્ર આત્મવસ્તુને) અંતરંગમાં ચકચકાટ પ્રકાશતા...**' અંતરંગમાં ચકચકાટ પ્રકાશતા '**જ્ઞાનસ્વરૂપ વડે તત્પણું છે,...**' જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એનાથી તો પોતાપણું છે, તત્પણું છે, તેપણું છે. '**અને બહાર પ્રગટ થતા,...**' આત્માથી બહાર પ્રગટ થતા અનંત આત્માઓ અને અનંત જડ. '**અનંત જ્ઞેયપણાને પામેલા,...**' બધા પદાર્થ અનંત જ્ઞેયપણાને પ્રાપ્ત છે. પોતાના જ્ઞાનથી ભિન્ન અનંત જ્ઞેયત્વ-જ્ઞેયપણાને પ્રાપ્ત, જ્ઞાનમાં આવવા લાયક એવા

જ્ઞેયત્વને પ્રાપ્ત '**સ્વરૂપથી...**' એ પામેલા પણ '**સ્વરૂપથી ભિન્ન...**' પોતાના સ્વરૂપથી એ ભિન્ન છે, સર્વ આત્મા અને સર્વ પરમાણુઓ, અનંત દ્રવ્ય (ભિન્ન છે). '**એવા પર રૂપ વડે (-જ્ઞાનસ્વરૂપથી ભિન્ન એવા પરદ્રવ્યના રૂપ વડે) અતત્પણું છે...**' સમજાણું કાંઈ ? અહીંયા પણ સામાન્ય વાત કરી છે. પછી આગળ લેશે. પછી અતત્ એટલે જ્ઞેયથી અતત્ એમ લેશે. હા. જ્ઞેય એટલે જ્ઞાનમાં જણાય એટલાથી તત્પણું. એનું વિશેષ સ્પષ્ટ પછી કરશે. અહીં એટલું અનંત જ્ઞેયતત્ત્વને પ્રાપ્ત. પર જે જ્ઞેય છે એનાથી જ્ઞાન નથી. જ્ઞાન છે એ જ્ઞાનથી છે અને જ્ઞેયથી જ્ઞાન નથી. એના ચૌદ બોલ વિસ્તારથી લેશે.

'**અતત્પણું છે (અર્થાત્ તે-રૂપે જ્ઞાન નથી);...**' જ્ઞાન જ્ઞેયરૂપ નથી. સમજાણું કાંઈ ? આ શાસ્ત્ર શાસ્ત્રરૂપ જ્ઞેયરૂપ છે, જ્ઞાન જ્ઞાનરૂપ છે, પણ શાસ્ત્ર-જ્ઞેયરૂપથી જ્ઞાન નથી. શાસ્ત્રથી જ્ઞાન નથી, વાણીથી જ્ઞાન નથી. જ્ઞાન જ્ઞાનપણાથી છે, જ્ઞાન જ્ઞેયપણાથી નથી. ભગવાન પણ જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયા. ભગવાન પણ જ્ઞેય થઈ ગયા. જ્ઞેયપણે ભગવાન છે એ જ્ઞેયપણે આત્મા નથી. પોતાનું જ્ઞાન જ્ઞાનપણે છે અને જ્ઞેયપણે નથી. લોકાલોક જ્ઞેયપણે છે એ જ્ઞેયપણે કેવળજ્ઞાન નથી. આ જાણવાનો (ભાવ એટલો છે કે) સ્વયંસિદ્ધ આત્મા પોતાથી છે અને પરજ્ઞેયથી નથી, એવી બુદ્ધિ થાય એને સમ્યગ્જ્ઞાન, સત્જ્ઞાન, શાંતિનું જ્ઞાન કહે છે. એ અનેકાંતમાં અમૃત પડ્યું છે. ઓહો..! હું આત્મા પોતાથી છું અને જ્ઞેયથી નથી. તો પરથી હટીને પોતાના જ્ઞાયકસ્વભાવમાં દૃષ્ટિ થઈ તો અનેકાંતપણું પ્રગટ થતાં પરપણે નથી અને સ્વપણે છે, એવી બુદ્ધિ પ્રગટ થતાં પોતાનો અમૃત આનંદનો અનુભવ-વેદન થાય એ એનું ફળ છે. સમજાણું કાંઈ ? અનેકાંત એ ધર્મ છે.

**શ્રોતા :-** કહે છે ને આ પુણ્યથી ધર્મ થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુણ્યથી ધર્મ ત્રણ કાળમાં નથી. પુણ્યથી પુણ્ય (બંધાય). એ જ્ઞેય છે. જ્ઞેયપણે જ્ઞાન નથી. જ્ઞાન જ્ઞેયપણે નથી. જ્ઞાન જ્ઞેયપણે નથી એવો નિશ્ચય થતાં પોતાના આત્મામાં શ્રદ્ધા-દર્શન-જ્ઞાન-ચારિત્ર સમ્યક્પણે પરિણમતા અંદર આનંદ આવે છે, એનું નામ અહીંયાં અનેકાંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ... વાત પછી આવશે વિશેષ.

'**સહભૂત (-સાથે) પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોના સમુદાયરૂપ અવિભાગ દ્રવ્ય વડે એકપણું છે,...**' એકપણું લેવું છે ને ? આત્મામાં એકપણું (છે). એકપણું કેવી રીતે છે ? કે ભગવાન આત્મા '**સહભૂત પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતે અનંત ચૈતન્ય-અંશોના...**' સહભૂત પ્રવર્તમાન અનંત ચૈતન્ય અંશો એવું. કોણ શાથી પ્રવર્તમાન ? આત્મદ્રવ્યમાં એક જ્ઞાન છે ત્યાં દર્શન, ત્યાં ચારિત્ર છે, ત્યાં આનંદ છે. સહવર્ત, સહપ્રવર્ત. એક ગુણની સાથે અનંત ગુણ સહપ્રવર્ત. એક ગુણની સાથે અનંત ગુણનું સહપ્રવર્તમાન છે. પ્રવર્તમાન નામ હયાતી છે એમ. પ્રવર્તમાન નામ પરિણમનની અત્યારે વાત નથી.

'(-સાથે) **પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોના...**' એ ગુણ અને ક્રમશઃ પ્રવર્તમાન અનંત ચૈતન્ય અંશો એ પર્યાય. સમજાણું કાંઈ ? જુઓ ! અહીં ક્રમશઃ આવ્યું. અનંત અનંત ગુણમાં ક્રમશઃ ક્રમશઃ પરિણમન. એક સમય પછી બીજો, બીજા પછી ત્રીજો એમ ક્રમબદ્ધ જે ચાલે છે. ક્રમશઃ કહો, ક્રમબદ્ધ કહો, ક્રમવર્તી કહો, ક્રમસર કહો, ક્રમભાવી કહો, ક્રમપરિણામી કહો. સમજાણું કાંઈ ? ક્રમાનુપાતિ કહો. એ આવ્યું ને ક્રમાનુપાતિ ? સમજાણું કાંઈ ? '**ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોના સમુદાયરૂપ...**' એ અનંત સહવર્તી ગુણ અને અનંત ક્રમે પ્રવર્તનારી પર્યાય, એનો સમુદાય, એનું એકરૂપ દ્રવ્ય એને એક કહે છે. લ્યો, આ વાત તો જાણે લુખ્ખી લાગે ઓલા કરતાં. અને આમાં વાસ્તવિક તત્ત્વની બુદ્ધિ અને અસ્તિત્વ કેવું છે એમ સમજવામાં શાંતિ અને દૃષ્ટિ પ્રગટ થાય છે અને પરનું આધીનપણું અને પરનો આશ્રય એમાં છૂટી જાય છે. એકરૂપ હું, મારા ગુણ અને પર્યાય. ગુણ સાથે વર્તે છે. દ્રવ્યની સાથે એમ નહિ. સમજાણું કાંઈ ?

અહીં તો એમ કહેવું છે ને ? સહપ્રવર્તમાન ગુણ, ક્રમશઃ પ્રવર્તમાન પર્યાય એવો ચૈતન્ય અંશ. બેયને અંશ કહ્યા. ગુણોને પણ અંશ કહ્યું અને પર્યાયને પણ અંશ કહ્યું. એનો '**સમુદાયરૂપ અવિભાગ...**' જેના બે ભાગ થઈ શકે નહિ. એવા '**દ્રવ્ય વડે...**' એવું '**દ્રવ્ય વડે એકપણું છે,...**' એકરૂપ છે. એવી એકરૂપ દૃષ્ટિ કરવાથી એને અનેકપણાના આશ્રયનો વિકલ્પ છૂટી જાય છે. અનેકપણું રહે છે, પણ અનેકપણાનો વિકલ્પ છૂટીને એકપણાના બોધમાં સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે. અને અનેકપણું પણ એમાં અમૃત છે.

'**અવિભાગ એક દ્રવ્યથી વ્યાપ્ત,...**' સમજાણું કાંઈ ? ઓલામાં કહ્યું કે '**સહભૂત પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોના સમુદાયરૂપ અવિભાગ દ્રવ્ય વડે એકપણું છે,...**' સમુદાયરૂપ. અહીં અવિભાગ એક દ્રવ્ય. એક દ્રવ્ય આખું અવિભાગ-જેનો ભાગ પણ નથી, અસંખ્ય પ્રદેશ અખંડ. '**વ્યાપ્ત,...**' અવિભાગ-ભાગ ન પડે એવા દ્રવ્યમાં વ્યાપ્ત. '**સહભૂત પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોરૂપ (ચૈતન્યના અનંત અંશોરૂપ) પર્યાયો વડે...**' અનંત ગુણરૂપ અને પર્યાયરૂપ, બેય વાત લીધી. '**સહભૂત પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોરૂપ પર્યાયો વડે...**' એ બધા ભેદો. એ '**વડે અનેકપણું છે;...**' લ્યો, અહીં સહભુતને પણ પર્યાયભેદ કહ્યું ને ? સહભૂત પ્રવર્તમાન અને ક્રમશઃ પ્રવર્તમાન.

**શ્રોતા :-** પ્રવર્તમાન ગુણ કે પર્યાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય. બેય. ભેદ છે ને એ ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં લીધું એકરૂપ, આમાં અનેકરૂપ. બે વાત લીધી છે.

'**પર્યાયો વડે...**' અનંત '**સહભૂત પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોરૂપ...**'

બે અંશ થયા. એના '**પર્યાયો વડે અનેકપણું છે;...**' જે સમયે એક છે તે જ સમયે અનેક છે. એકત્વ છે એવું અનેકત્વનું જ્ઞાન પણ કરતાં અનેક અનેકપણે ગુણ અને પર્યાયથી છે. બસ, એટલું. હયાતી એટલી છે. એવું લક્ષ કરવાથી એકપણાનું લક્ષ પણ એમાં આવી જાય છે. હવે આ વાત આવી જરી ઝીણી. એ તો હજી તત્-અતત્, એક-અનેક વાત કરી. હવે આમાં આ સિદ્ધાંત મોટો છે.

ભગવાન આત્મા અને બધા આત્મા અને બધા દ્રવ્યો. '**પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણા વડે સત્પણું છે,...**' શું કીધું ? અહીં તો આત્મામાં ઉતાર્યા, પણ પહેલાં .. ચૌદ ? પ્રત્યેક આત્મા, પ્રત્યેક પરમાણુ, પ્રત્યેક કાળાણુ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ. '**પોતાના દ્રવ્ય...**' પોતાના દ્રવ્ય એટલે વસ્તુ '**ક્ષેત્ર...**' નામ પહોળાઈ. ચોડાઈ કહે છે ને તમારે ? અમારી ભાષામાં અવગાહન. એની સત્તા-ભૂમિ. વસ્તુની સત્તા ભૂમિ. '**કાળ...**' દરેક દ્રવ્ય પોતાના કાળ '**હોવાની શક્તિરૂપ જે સ્વભાવ...**' દરેક દ્રવ્ય અને દરેક ક્ષેત્રથી દરેક દ્રવ્ય પોતાના હોવાપણાની શક્તિરૂપ સ્વભાવ છે. દરેક ક્ષેત્ર દરેક દ્રવ્યનું પોતાની શક્તિરૂપ સ્વભાવ છે. એમ દરેક દ્રવ્યનો કાળ, વર્તમાન પર્યાય, વર્તમાન દશા, અનંત દ્રવ્યની વર્તમાન... વર્તમાન... ચાલ ગતિ દશા એ કાળ હોવાપણાની શક્તિરૂપ સ્વભાવ છે. સમજાણું કાંઈ ? પોતાની પર્યાયમાં અનંતા દ્રવ્યપણે પોતાની શક્તિથી ઉત્પન્ન થાય એવો એનો સ્વભાવ છે. 'પ્રાણભાઈ'! પરથી નહિ.

**શ્રોતા :–** પણ કોઈ ટેકો મળે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ ટેકો મળે તો પછી પોતાની શક્તિથી ઉત્પન્ન થવાનું રહ્યું ક્યાં ? દરેક પદાર્થ પોતાના કાળ-ભાવથી, એટલે કાળની શક્તિથી હોવાનો સ્વભાવ તે તે પર્યાયમાં દરેક દ્રવ્યમાં છે. એમાં પોતાની પર્યાય નિમિત્તથી થાય અને પરને આધારે થાય છે એમ રહેતું નથી. સમજાણું કાંઈ ? આ તો નિમિત્ત ઊડી જાય છે એમાં. આ નિમિત્ત સાબિત થાય છે એમાં.

દરેક પદાર્થ... સમજાણું કાંઈ ? જુઓ ! આ લાકડી છે એ પોતાને કારણે પરિણમન કરતી ઊંચી થાય છે. પોતાના કાળની શક્તિ. છે ને ? કાળ હોવાની શક્તિરૂપ. કાળ હોવાની. ભાવ પછી લેવો. કાળ નામ વર્તમાન પર્યાય હોવાપણાની શક્તિરૂપ જે સ્વભાવ. પોતાથી પર્યાય પરિણમે છે. પોતાની શક્તિથી એમાં પર્યાય થાય છે, આંગળીથી નહિ, હાથથી નહિ, ઇચ્છાથી નહિ, જ્ઞાનથી નહિ.

**શ્રોતા :–** દેખાય તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું દેખાય છે ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ એ તો હાથ એની પર્યાયમાં છે, આ એની પર્યાયમાં છે. સમજાણું કાંઈ ?

પ્રત્યેક પદાર્થ વર્તમાનકાળ, એનો કાર્ય કાળ, એની પર્યાયનો કાળ, એની અવસ્થાનો કાળ થવાની, પર્યાય થવાની શક્તિરૂપ સ્વભાવ એમાં છે. 'ધન્નાલાલજી'! લ્યો, આ તો તકરાર મોટી કરતાં હતા. આમ નહિ... આમ નહિ.. આમ નહિ... દુર્ઘટના થઈ, જો ન થઈ હોત તો જીવેત માણસ, લ્યો ! એવા તો લખાણ આવ્યા. ૯૪ માણસ મરી ગયા. દુર્ઘટના થઈને હમણા કાંઈક ? ન દુર્ઘટના થાત તો જીવેત; પણ એ સમયે એ પદાર્થ પોતાના કાળ નામ પર્યાયકાળની શક્તિનો સ્વભાવ એમાં છે. બીજાથી (થયું એમ) આવ્યું ક્યાંથી ? 'દેવીલાલજી'! એમ છે ?

ઓહો..હો...! ભગવાનની પ્રતિમા પોતાના સ્વકાળની પર્યાય શક્તિ હોવાથી એની પર્યાયથી તે મૂર્તિ ત્યાં સ્થપાય છે. 'સેઠી' ! સમજાણું કાંઈ ? સ્વકાળ-દરેક દ્રવ્ય પોતાનું ક્ષેત્ર અને પોતાનો કાળ દ્રવ્ય હોવાની શક્તિરૂપ સ્વભાવ, ક્ષેત્ર હોવાનો શક્તિરૂપ સ્વભાવ, કાળ હોવાની શક્તિરૂપ સ્વભાવ. બધા પદાર્થના એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વર્તમાનકાળરૂપ ચાલ, ચાલરૂપ પરિણમન, પોતાનું પરિણમન પોતામાં હોવાની શક્તિરૂપ એ દ્રવ્યનો સ્વભાવ સ્વતઃ છે. સમજાણું કાંઈ ? આમાં ક્યાં રહ્યું પરની દયા પાળી શકે કે મારી શકે કે બોલી શકે એ છે ક્યાં ?

પોતાનો જ્ઞાનગુણ છે એની પર્યાય વર્તમાનમાં અહીં વાંચે કે સાંભળે એનાથી પર્યાય ઉત્પન્ન થાય એવી શક્તિ એનામાં છે નહિ. એ પછી કહેશે. એનામાં જ્ઞાન પર્યાય થાય એવી શક્તિ છે નહિ. પોતાની પર્યાય શક્તિ થવાની એમાં સ્વભાવ શક્તિ પર્યાયમાં છે. પર્યાયમાં છે, હોં ! સમજાણું કાંઈ ? દેખાય છે ને ? ભાઈ ! આમ જુઓ ચાવી ફેરવે તો ત્યાં ઘડિયાળ ફરે છે. બરાબર છે કે નહિ ? નહિ ? 'હજારીમલજી' પણ આ પાઘડી. જુઓ ! હમણા બે દિવસથી નહોતા પહેરી શકતા. હવે પહેરે છે. તો પાઘડી પહેરવાની ઈચ્છા થઈ તો આવી કે નહિ ? જોયું હતું, ત્યાં ઈ પૂજા કરતાં હતા. ઠીક, આ પાઘડી પહેલાં નહોતી. ખબર છે ને અમને. અમને બધાની ખબર તો હોય ને. સમજાણું કાંઈ ? તો પહેલાં પાઘડી નહોતી અને પાઘડી પહેરવાની ઈચ્છા થઈ તો એ પાઘડી આવી, એમ નથી. એ પાઘડીના પ્રત્યેક પરમાણુમાં વર્તમાન પર્યાય થવાની શક્તિરૂપ પર્યાયમાં સ્વભાવ છે. આંગળીથી આવી અને 'હજારીમલજી'ને ઈચ્છા થઈ તો પાઘડી અહીંયાં આવી એમ છે નહિ. એમ કહે છે. આહા..હા...! ભારે વાત, ભાઈ ! વ્યવહાર તો ઉડાડી દે છે. પણ ઊડી જાય છે, એમાં છે શું ? અર્થ શું ? એ નિમિત્ત સાથે હોય એનું જ્ઞાન કરે, પણ એ પર્યાયનો કાળ ચૂકીને બીજી પર્યાયનો કાળ લાવે, નિમિત્ત આવીને બીજી પર્યાય કરે એવી ત્રણ કાળમાં પરમાં શક્તિ નથી અને સ્વમાં પરથી થાય એવી પોતામાં શક્તિ નથી. સમજાણું કાંઈ ? લ્યો, વળી પાછું કહે, વાત કરે. પાછા પ્રતિમા સ્થાપે, મોટા.. શું કહેવાય ? સમજ્યા ને ? વરઘોડા કાઢે. બધું પાછા કરે છે, પણ માને નહિ. બહારનું શોભતું પણ દેખાય. લાખો રૂપિયા ઉડાવે છે. મોટા-મોટા વરઘોડા, મોટા-મોટા મંદિરો, ૨૫-૨૫ મંદિરો, ચાર-ચાર લાખના મંદિર મુંબઈમાં. વળી આ નવું થાય છે. બનાવે છે ને ત્યાં 'મણિભાઈ' 'દાદર'માં. વળી આવા ખરચવા છે મારે, આમ છે. (પાછા) એમ કહે, કરી શકાય નહિ. ક્યાં ગયા 'ભીખાભાઈ'? લ્યો, 'ભીખાભાઈ'ના ગામમાં

મંદિર થાય છે. એના કાળની પર્યાયની શક્તિથી-સ્વભાવથી થાય છે, પરથી થતું નથી. આહા..હા...! એવો નિશ્ચય કર્યા વિના એની સમ્યક્તા પ્રાપ્ત થતી નથી અને સમ્યક્ નામ સત્ય અને સત્યની પ્રાપ્તિ વિના સુખ મળતું નથી. સમજાણું કાંઈ ?

ક્યાંથી અસત્યનો નાશ થાય ? સત્યની સત્યતા જાણ્યા વિના અસત્યનો નાશ ક્યાંથી થાય ? પોતાનો કાળ થવાની, પોતાની પર્યાય થવાની, દરેક દ્રવ્યમાં પોતાનું કાર્ય થવાની, પોતાનું કાર્ય થવાની શક્તિરૂપ જો સ્વભાવ. દેખો ! હવે કાળ આવ્યો. લ્યો, કાર્યના બે કારણ... કાર્યના બે કારણ... કાર્યના બે કારણ. અહીં તો કાર્યનું એક કારણ કહે છે. સમજાણું કાંઈ ? શું છે ? 'કપૂરચંદજી' ! અહીં કહે છે, કાર્ય પોતાથી થાય છે, પરથી નથી થતું. ભારે વાત, ભાઈ ! 'સેઠી' ! આહા..!

દરેક આત્મા, નિગોદનો આત્મા, પરમાણુ સ્કંધમાં પડ્યો એ પરમાણુ, છૂટો પરમાણુ, સિદ્ધ થયેલા સિદ્ધ, નિગોદમાં રહેલા જીવો. પોતાનો કાળ થવાની, પોતાનું કાર્ય થવાની, પોતાની દશા થવાની, તે સમયની થવાની, હોં ! આહા..હા...! તે તે સમયે તે સત્ પર્યાય થવાની શક્તિરૂપ જે સ્વભાવ છે, શક્તિરૂપ જે સ્વભાવ છે એ સ્વભાવવાનપણા વડે, સ્વભાવવાનપણા વડે, કાર્ય સ્વભાવવાનપણા વડે, પોતાનો કાર્ય-કાળ સ્વભાવપણા વડે સ્વથી છે, સત્ત્વ છે. સમજાણું કાંઈ ? કેટલું સ્પષ્ટ કર્યું છે ! તો પણ જ્યાં હોય ત્યાં અમે કર્યું... અમે કર્યું... અમે કર્યું. એ ન હોય તો ન બનત, ન હોય તો ન બનત.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ કીધું ને. કાલે નાખ્યું. છોકરાઓને પૂછ્યું હતું કાલે બધાને. એલા છોકરાઓ આ કહે છે બધા. શું છે આ ? આ દુર્ઘટના ન થઈ હોત તો માણસ ન મરે. કહે, નહિ. ત્યારે એ બનવાનો કાળ હતો માટે બન્યું છે. કાંઈ નહોતો કાળ ને બન્યું છે એમ છે નહિ. અહીંના છોકરાઓને પૂછેલું. આવે છે ને. સમજાય છે ?

આ એક સિદ્ધાંત અમૃત છે. પોતાનો આત્મા, પરનો આત્મા, પરના પરમાણુઓ કે સ્કંધમાં રહેલા પરમાણુ એ સ્કંધ પરિણમે છે તો પરમાણુ પરિણમે છે એમ પણ નથી. સમજાણું કાંઈ ? એક પરમાણુ કર્મરૂપ પર્યાયપણે થાય તો કહે છે કે એ પરમાણુમાં સ્વકાળથી પોતાની શક્તિથી પોતાના કાર્યકાળની શક્તિથી સ્વભાવરૂપ થવાનું સ્વભાવપણું એમાં છે. એ રાગ જીવે કર્યો તો કર્મ પરમાણુ પરિણમ્યા એમ નથી. આહા..! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** રાગ ન કરે તો પરમાણુ કર્મરૂપ નહીં પરિણમે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નથી પરિણમતા એમ કહે છે. રાગ પોતાના કાળે પોતાની શક્તિથી... રાગ જીવમાં પોતાના કાર્યકાળમાં પોતાની શક્તિથી સ્વભાવરૂપ થવાનો સ્વભાવ છે એ સત્ત્વ છે અને પરમાણુમાં કર્મરૂપ થવાની, એક એક પરમાણુમાં એ સમયમાં કર્મરૂપ એક એક પરમાણુમાં વિભાવરૂપ પરિણમનવાના કાળથી પોતાની શક્તિથી પરિણમે છે. સમજાણું કાંઈ ?

આ સ્કંધ છે, જુઓ ! એક પરમાણુ અહીં છૂટો છે ઇ અહીંયાં આવે તો સ્થૂળ થઈ જાય છે, સ્થૂળ થઈ જાય છે, સૂક્ષ્મ નથી રહેતો. સમજાણું કાંઈ ? એક પરમાણુ ઇન્દ્રિયગમ્ય નથી અને એ ઇન્દ્રિયગમ્ય થઈ જાય છે. જુઓ ! આ સ્થુળ થયો તો આટલું છે ને ? સ્થુળ. મૂળ પરમાણુ સૂક્ષ્મ. એમાં ચીકાશ, લુખાશ (થાય) એવી શક્તિ છે, પણ ભારે-હળવા એક પરમાણુમાં, ભારે, હળવા, કર્કશ અને સુંવાળપ નથી, પર્યાયમાં નથી. ગુણમાં સ્પર્શ પડ્યો છે. અહીં આવ્યો તો ફટ દઈને સ્થૂળ થઈ ગયો. તો કહે છે કે તે પરમાણુ, સ્વકાળની શક્તિ (તેમ) થવાની શક્તિરૂપનો સ્વભાવ (છે) એનાથી એ સ્થુળપર્યાયપણાને પ્રાપ્ત થયો છે. સ્કંધમાં આવ્યો તો પ્રાપ્ત થયો એમ છે નહિ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભળ્યો છે જ ક્યાં ? એ તો ભળવાનો તો વ્યવહારનો સંબંધ બતાવવો છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ યથાર્થમાં છે ક્યાં પરમાણુ-પરમાણુની વચ્ચે ? કોઈ પરમાણુ કોઈ પરમાણુને અડતા નથી, સ્પર્શતા નથી. સમજાણું કાંઈ ? ભારે કઠણ લાગે માણસને. કેટલાક વિદ્વાનો લાગે છે કે આ તો એકાંત છે. આહા..હા...!

કહે છે, પ્રભુ ! સાંભળ તો ખરો. ભગવાન શું કહે છે ? સર્વજ્ઞ પરમાત્મા સંતો અનેકાંત વસ્તુની શું સ્થિતિ છે ? કે પ્રત્યેક અનંત એક સમયમાં અનંત પદાર્થ છે. અનંત છે ને એક સમયમાં ? અને અનંતના અનંત ગુણનું પરિણમન, એક એક ગુણનું પરિણમન (થાય છે). તો કહે છે કે એના ગુણના સ્વકાળની શક્તિ હોવાની શક્તિરૂપ સ્વભાવ, પર્યાયરૂપ થવાપણાની શક્તિરૂપ સ્વભાવ, જ્ઞાન પર્યાય વર્તમાન ઉઘાડરૂપ શક્તિ હોવાપણાની શક્તિરૂપ સ્વભાવ (છે). નહિ કે કર્મનો ઉઘાડ થયો તો શક્તિરૂપ સ્વભાવ પરિણમ્યો એમ છે નહિ. સમજાણું કાંઈ ? તો કહે નહીં, જ્ઞાનાવરણી નથી કરતું એમ નથી. '...'! જ્ઞાનાવરણી કાંઈક કરે છે. અરે...! ભગવાન એનામાં કરે છે. જ્ઞાનાવરણીના ઉદયમાં અનંત પરમાણુ છે. અનંત પરમાણુ, ઉદયમાં અનંત પરમાણું અનંત સ્કંધ છે. અનંત સ્કંધમાં અનંત પરમાણુ છે. એ એક એક પરમાણુ પોતાના સ્વકાળથી, સ્વકાળમાં હોવાની શક્તિરૂપ, કાર્ય થવાની શક્તિરૂપ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ? અને પોતામાં જ્ઞાનગુણની વર્તમાન પર્યાયના કાર્યકાળમાં પોતાની હોવાપણાની શક્તિરૂપ સ્વભાવ છે. કર્મનો ક્ષયોપશમ થયો તો અહીં થયો એમ વાત છે નહિ. સમજાણું કાંઈ ? એ સમયે થાય એટલે ? જે સમયે એની પર્યાય છે તે સમયે થાય.

**શ્રોતા :–** બંને થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બન્ને નહિ, અનંત. અનંત પદાર્થની પર્યાય એકસાથે હો. કોઈ ભવિષ્યમાં હો અને કોઈ ભૂતમાં એમ હોય છે ? શું કીધું ?

ફરીને, એક સમયમાં અનંત પરમાણુ છે, અનંત જીવ છે, અસંખ્ય કાળાણુ છે, તો સર્વનું પરિણમન એક સમયમાં છે કે આગળ-પાછળ છે ? શું કીધું ? અનંત પરમાણુ, અનંત આત્મા,

અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. વર્તમાન લ્યો વર્તમાન. તો વર્તમાનમાં બધાનું પરિણામ સાથે છે કે આગળ-પાછળ છે ? આગળ-પાછળ થતું જ નથી. ભવિષ્યમાં કોઈનું પરિણામ હોય અનંત દ્રવ્યમાં અને કોઈને પહેલાં હોય એમ છે ? વર્તમાનમાં સર્વ દ્રવ્યની પોતાની પર્યાય કાળની શક્તિ થવાના સ્વભાવથી વર્તમાનમાં પોતાથી પરિણમે છે. પર પણ વર્તમાનમાં, પર પણ વર્તમાનમાં પોતાનો કાળ, શક્તિ થવના સ્વભાવરૂપ પરિણમી રહ્યા છે. વર્તમાનમાં ન પરિણમે તો શું ભૂત-ભવિષ્યમાં પરિણમે ? સમજાણું કાંઈ ? કોઈ વર્તમાન અને કોઈ ભવિષ્ય એમ હશે ? કોઈ દ્રવ્યમાં ? કોઈ કાળમાં ?

જ્યાં જ્યાં અનાદિથી એક સમયમાં જ સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત દ્રવ્ય, ક્ષેત્ર પોતાનું અને પોતાના કાર્યકાળે પોતાનું પરિણમન કરે છે. પરમાણુ પણ એ કાર્યકાળે પોતાની પર્યાયનો કર્તા (છે). અનંતનો એક જ સમય છે. અનંતનો એક (સમય) છે, પણ ભિન્ન-ભિન્ન છે. સમજાણું કાંઈ ? આ અનંત છે કે નહિ ? આમ ઊંચા થાય છે તો અનંતા થયા કે નહિ ? એક સમયમાં થયા કે નહિ ? પોતાથી થયો કે બીજા પરમાણુથી થયો ? સમજાણું કાંઈ ? આ આંગળી છે, જુઓ ! અનંત પરમાણુની છે. અનંત છે કે નહિ ? કેટલા અનંત પણ ? ઘણા અનંત. એ અનંત પરમાણુ આમ થયા, જુઓ ! તો એક સમયમાં થયા કે બીજા સમયે ? અનંત થયા કે એક ? અનંત એક એક સમયમાં પોતાના કાળચક્રની શક્તિના સ્વભાવથી થાય છે, પરમાણુથી નહિ, બીજાથી નહિ અને આત્માની ઇચ્છાથી તો છે જ નહિ. સમજાય છે કાંઈ ? આ જૈન સિદ્ધાંતની..

વસ્તુનું વસ્તપણાની નિપજાવનારી. .. શું કીધું ? એ એનો કાળ એની શક્તિરૂપ થવાનો સ્વભાવ (છે) એ વસ્તુપણાની નિપજાવનારી શક્તિ છે. આથી વિરૂદ્ધ કહો તો વસ્તુની શક્તિ નિપજાવનારીનો નાશ થાય છે. સમજાણું કાંઈ ? એક સમયમાં એ આત્મા અને અનંત પરમાણુઓ પોતાનો કાળ થવાની, કાર્ય થવાની, પર્યાય થવાની શક્તિરૂપ જે સ્વભાવ છે એ સ્વભાવવાનપણા વડે સત્ છે. જો એમ ન માનો તો વસ્તુપણાની પર્યાયની ઉપજાવનારી (શક્તિ) બીજા દ્રવ્યની માનો તો વસ્તુપણું રહેતું નથી. એક સમયમાં પોતાના કાળે કાર્ય થાય એ વસ્તુપણાની નિપજાવનારી ચીજ છે અને પોતાનો કાર્યકાળ બીજાથી થાય તો એ વસ્તુપણાનો નાશ કરવાનો કાળ છે. સમજાણું કાંઈ ? વાત ન માને તો શું કરે ? તકરાર-તકરાર કરે.

ભગવાન ! આ તકરારના કાળ નથી, આ તો તકરાર તોડવાનો કાળ છે. સમજાણું કાંઈ ? માંડ વખત મળ્યો. અનંત કાળમાં ક્યાંથી નીકળ્યો ? આહા..હા...! ક્યાં મનુષ્ય દેહ ને ક્યાં .. ક્યાં આત્મા ? ક્યાંય ગુલાંટ ખાઈને અનંત નિગોદ, બટાટા, શક્કરકંદમાં પડ્યો છે ને ? બટાટા સમજો છો ? આલુ-આલુ. એમાં તો એટલા જીવ છે કે અનંત સિદ્ધ કરતાં અનંતગુણા. સિદ્ધ કરતાં એક શરીરમાં અનંતગુણા. એક કટકી રાય જેટલી લ્યો, બટાટાની, કંદમૂળની એક રાય જેટલી કટકી. એમાં અસંખ્ય તો ઔદારિક શરીર અને એમાં અનંત તો તૈજસ અને કાર્મણ શરીર

અને એવી એક કટકીમાં અનંત આત્મા. હવે એ ક્યારે બે ઈન્દ્રિય થાય, ક્યારે ત્રણેન્દ્રિય થાય. આહા..હા...!

કહે છે કે અરે..! પ્રભુ! તને કાળ આવો મળ્યો. સબ અવસર આ ગયા, લખ્યું છે કે નહિ ? 'ટોડરમલે' લખ્યું છે. તારો અવસર આવી ગયો છે, નકાર ન કર. લક્ષ્મી ચાંદલો કરવા આવે તો મોઢું ધોવા જાય. કરવા દેને ચાંદલો. મોઢું ધોવા જઈશ તો વઈ જશે ઓલી. વખત ચાલ્યો જશે. આવી અમૂલ્ય ચીજ, ચક્રવર્તીના છ ખંડના રાજ્ય મળે, ઈન્દ્રના ઈન્દ્રપદ મળે, એ તો સમકિતી છે, પણ એનાથી પણ એક સમય અનંતગુણી કિંમતવાળો છે. સમજાય છે કાંઈ ?

એવો ભગવાન આત્મા અને પરમાણુ પણ જડ પ્રભુ છે. દરેક પરમાણુ પણ પ્રભુ છે, પ્રભુ છે. પ્રભુત્વગુણથી ભરેલા છે. ધર્માસ્તિ પણ પ્રભુત્વગુણથી ભરેલો છે. છએ દ્રવ્ય અનંત એક સમયમાં પોતાની પ્રભુત્વ શક્તિથી ભરેલા છે. એ પોતાના સ્વકાળને કારણે પોતાનું કાર્ય થવાની શક્તિરૂપ, કાળ કહો કે કાર્ય કહો, પ્રત્યેક પદાર્થના કાર્ય થવાની શક્તિરૂપ જે સ્વભાવ (છે તે પોતાથી છે). હવે ક્યાં આવ્યું આમાં નિમિત્ત હોય તો કાર્ય થાય નહિતર ન થાય ? આ એમ કહે છે કે એ (નિમિત્ત) એમાં છે નહિ માટે થાય છે. નિમિત્ત એમાં છે નહિ માટે થાય છે. નિમિત્ત છે માટે થાય છે એમ નહિ, નિમિત્ત એમાં નથી માટે થાય છે. સમજાણું કાંઈ ? એમ કહે, દેખાય છે ને. પ્રત્યક્ષ ભાસે છે ને. કોઈ એમ કહે. પ્રત્યક્ષ દેખાય છે નિમિત્તનો પ્રભાવ. આ લાકડી પડી છે ઈ એની મેળાએ ઊંચી નહિ થાય, આ પાનું એની મેળાએ નહિ ફરે, આમ ઊંચું નહિ થાય એમ કહે. આપણે પ્રત્યક્ષ (જોઈએ છીએ). અરે..! ભગવાન ! તું શું દેખે છો ? બે દ્રવ્ય વચ્ચે પૃથક્તા દૃષ્ટિમાં આવ્યા વિના બે દ્રવ્યની એકતાબુદ્ધિથી જોવે છે કે જુઓ, પ્રભાવ પડે છે. સમજાણું કાંઈ ? વસ્તુના સ્વરૂપમાં એમ છે નહિ. આ એક વાત પણ એના હૃદયમાં-જ્ઞાનમાં બેસી જાય તો પરથી તદ્દન નવરો-ફુરસદ મળી જાય એને. હું પરથી તો ભિન્ન છું. ત્રણે કાળ. કર્મથી પણ પોતાની પર્યાય ભિન્ન છે એમ કહે છે કે નહિ ? કર્મના ઉદયથી વિકાર થાય છે એ એમાં આવે છે ? 'ધન્નાલાલજી'! આ જુઓ ! પોતાનો કાળ નામ ઉદયરૂપી કાળ, ઉદયભાવરૂપી કાર્યકાળ, અનંત ગુણનો કાર્યકાળ છે ને ? અનંત ગુણનો કાર્યકાળ એ સમયનો છે કે નહિ ? તો અનંત ગુણમાં પણ વિકારી-અવિકારી પરિણમન જે થાય છે એ પોતાનો કાળ થવાની શક્તિરૂપ જે સ્વભાવ છે એનાથી એ પર્યાય છે એમ કહે છે. એનાથી એ પર્યાય છે એમ કહે છે. નિમિત્તથી એ પર્યાય છે એમ છે નહિ. કહો, સમજાય છે કાંઈ ?

એવું કોઈ કથન છે 'કુંદકુંદાચાર્ય' આદિ સંતોનું કે થોડામાં આખું પૂરું (ભરી દીધું છે). ગાગરમાં સાગર. એક સ્વચતુષ્ટય છે અને પરથી નથી. નિકાલ કરી નાખ્યો. અનંત દ્રવ્યના અને એક એક સમયના સ્વતંત્ર કાર્ય. પાછો એ વર્તમાન સ્વકાળે છે, એ પૂર્વના પછીના કાળથી નથી. પહેલાંના કાળથી નથી. સમજાણું કાંઈ ? નિમિત્તથી તો છે જ નહિ. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પદાર્થ.. અહીંયાં .. પોતાના કાર્ય નામ ચાલ. જુઓ ! ચાલ આવી હતી ને ભાઈ ઓલામાં ?

'બનારસીદાસ'માં. ખ્યાલમાં આવ્યું હતું કે ઓલો ... એટલે મારે. ચાલ. પ્રત્યેક પદાર્થની ચાલ. એમ 'બનારસીદાસે' લીધું છે. એ ચાલે છે પદાર્થ. પદાર્થ ચાલે છે. એ ક્રમસર ચાલે છે, પગથી ચાલે છે-પર્યાયરૂપી પગથી ચાલે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વસ્તુથી કૂટસ્થ છે, પર્યાયથી દ્રવ્ય ચાલે છે-પરિણમે છે, ચાલે છે... ચાલે છે.

કહે છે કે પ્રત્યેક વસ્તુનો વર્તમાન સમયનો પોતાના કાળથી પોતાના કાર્યથી એમ થવાની શક્તિરૂપ કાર્યથી થાય છે. એ કાર્ય કોઈ પરની અપેક્ષા રાખીને થાય છે એમ નહિ. તો કહે, નિરપેક્ષ થઈ જાય અને નિરપેક્ષ નય મિથ્યા છે. અરે..! સાંભળ તો ખરો. સમજાણું કાંઈ ? પરથી નથી એવું જ્ઞાન તો એમાં આવી જાય છે. પરથી નથી. કહો, સમજાણું કાંઈ ? 'માણેકલાલભાઈ'! શું છે હવે આ તમારે દવાનું ને આ ? ક્યાં ગયા ડૉક્ટર અમારા ? આ રહ્યા. 'દુર્ગાદાસભાઈ'! શું છે આ ? તમારી દવાથી શું થયું ? ઘટી ગયું દવાથી. જુઓ ! વાત એવી છે.

એક એક પરમાણુ જે પોતાની પર્યાયનો ચાલનો કાળ છે એ પાક્કો કાળ છે. એ પદનો, જો પર્યાયનો એ કાર્યકાળ છે તો પોતાની શક્તિથી થાય છે. ત્રણ કાળ, ત્રણ લોકમાં. એમાં એમ ન આવ્યું. સિદ્ધની પર્યાય પોતાના કાળની શક્તિ હોવાથી ત્યાં રહ્યા છે. ધર્માસ્તિકાય નથી માટે ત્યાં રહ્યા છે, એમ ક્યાંથી આવ્યું ? ત્યાં જ રહેવાની લાયકાત છે. પોતાની શક્તિ હોવાથી સ્વભાવ એવો છે. ભારે ભાઈ ! એ ધર્માસ્તિકાયનું તો જાણે એવું થઈ ગયું. પહેલાં આવ્યા હતા એ 'ઈન્દોર'વાળા પંડિત. સમજ્યા ? એ કહે, જુઓ ! ધર્માસ્તિકાયનો અભાવ છે માટે ઉપર નથી જતા. પહેલી ચર્ચા. (સંવત) ૨૦૦૧ સાલ. ૧૭ વર્ષ થયા. તોપણ હજી ૧૭ વર્ષમાં મટતું નથી. પણ સાંભળ તો ખરો. પોતાના પર્યાયની કાળથી ત્યાં સિદ્ધ રહ્યા છે કે ધર્માસ્તિ નથી માટે ત્યાં રહ્યો છે ? ત્યાં જ એનો રહેવાનો કાળ સાદિ-અનંત (છે). સમય સમયની ચાલ, પર્યાય ચાલ પર્યાય. એ ચાલનો કાળ ત્યાં છે. એ ચાલનો ઊંચે જવાનો કાળ છે જ નહિ. સમજાણું કાંઈ ?

તો કહે છે કે દરેક પદાર્થ પોતાના દ્રવ્ય-વસ્તુ ગુણ-પર્યાયનો પિંડ, ક્ષેત્ર-પોતાની પહોળાઈ- અવગાહન. જુઓ ! આત્મામાં પણ વ્યંજનપર્યાયની પહોળી-ટૂંકી સંકોચ થાય છે કે નહિ? સંકોચ-વિકાસ. ક્ષેત્રમાં સંકોચ-વિકાસ થાય છે ને. કીડીમાં કીડી જેટલો સંકોચ, હાથીમાં હાથી જેટલો વિકાસ એ ક્ષેત્રમાં પોતાના પ્રદેશગુણમાં પોતાના સ્વકાળની શક્તિ હોવાથી એ સ્વભાવ એટલો છે, કર્મને કારણે નહિ. દીવાનું કહે છે ને ? દીવો જ્યાં મૂકયો હોય ત્યાં નાનું વાસણ હોય તો એટલામાં પ્રકાશે. મોટું હોય તો એટલામાં પ્રકાશે. એમ વળી કહે છે. શરીર જુઓ તો નિગોદનું એટલું મળે તો એમાં સંકોચાઈને રહે છે. કેવળીસમુદ્‌ઘાત થાય તો લોક પ્રમાણે થઈ જાય છે. શું છે ? એક ક્ષેત્ર પોતાનું, એમાં પ્રદેશત્વગુણ, એની વર્તમાન કાળની ચાલનો કાર્ય કાળ પોતાના સ્વભાવથી ત્યાં રહે છે. કોઈ કર્મ ત્યાં હતું, કર્મ ખર્યા માટે કેવળીસમુદઘાતનો કાળ પર્યાય થયો એમ છે નહિ. સમજાણું કાંઈ ? તો કેવળીને અઘાતિકર્મ છે તો રોકાવું પડે એ વાત બરાબર છે કે નહિ ? ખોટી સાચી છે. ખોટી છે એ સાચી છે. ખોટી રીતે સાચી છે બરાબર.

**'પ્રત્યેક પદાર્થ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ...'** ભાવ એટલે શક્તિ, ત્રિકાળી શક્તિ. કાળ-વર્તમાન પર્યાય, ભાવ-ત્રિકાળ શક્તિ, ક્ષેત્ર-એની પહોળાઈ. પ્રત્યેક પદાર્થ પરમાણુ આદિ કે આત્મા પોતપોતાની વ્યંજનપર્યાયથી પોતાના કાળની ચાલથી શક્તિનો સ્વભાવ એનામાં છે. એ **'હોવાની શક્તિરૂપ જે સ્વભાવ...'** દેખો ! શક્તિરૂપ જે સ્વભાવ. **'જે સ્વભાવ તે સ્વભાવવાનપણા વડે...'** એ શક્તિરૂપ સ્વભાવ સ્વભાવવાનપણાને કારણે અસ્તિ છે. પોતાનો સ્વભાવ શક્તિરૂપ હોવાથી અસ્તિ છે, પરને કારણે નહિ. સમજાણું કાંઈ ? આ ક્યાં સિદ્ધાંતમાં હવે પરથી થાય એમ એમાં રહે છે ? એ તો એ સમયે બીજું નિમિત્ત શું હતું એનું જ્ઞાન કરાવવા એ વાત હતી. કહો, સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** સમુદ્‌ઘાત કરે છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, કરે છે ને. થાય છે. શું બને ? એ તો પર્યાય થવાની હતી. પોતાને કારણે ભાષા એમ આવે છે. કેવળી સમુદ્‌ઘાત કરે છે. શું કરે છે ? કરવાની ઇચ્છા છે ? થાય છે અને પરિણમન થયું એ કારણે કરે છે એમ કહેવામાં આવે છે. કરે કોને ?

**શ્રોતા :–** ઘટાડે છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્થિતિ-બિતિ ઘટે એ વ્યવહારથી કથન છે.

**શ્રોતા :–** ...બરાબર કરે છે માટે સમુદ્‌ઘાત કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કરવાની ત્યાં વેદનીમાં એટલી પર્યાય યોગ્યતા હતી, એને કારણે, આ કારણે નહિ. આ વાત જ બીજી છે. ત્યારે કહેતા હતા ને કે જુઓ ! અપકર્ષણ, ઉપકર્ષણ, સંક્રમણ, વિસંયોજન, નિદ્ધત, નિકાચીત... આટલા બધા ભેદ. આ તમે ક્રમબદ્ધ કહીને બધું ઉડાવી દો છો. અરે..! સાંભળ તો ખરો. એ પણ ક્રમબદ્ધમાં આવનારી પર્યાય છે. અપકર્ષણ થવાનો કાળ હતો પોતાની પર્યાયમાં એ સમયે એનાથી થયું છે, આત્માના કારણે નહિ. સમજાણું કાંઈ ?

કર્મના પ્રત્યેક પરમાણુ પોતાના કાળની ચાલથી કાર્ય કાળ હોવાની શક્તિનો સ્વભાવ એ સ્વભાવપણાથી અસ્તિ છે. પોતાનો સ્વભાવ હોવાની શક્તિરૂપ સ્વભાવ, એના સ્વભાવને કારણે થાય છે, પરને કારણે અસ્તિ નથી. કહો, સમજાણું કાંઈ ? કહ્યું ને ? 'સમંતભદ્રાચાર્ય.' કોણ ન ઇચ્છે ? કોણ એવો પ્રાણી છે કે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે અને પરથી નથી એમ કોણ ન માને ? કોણ ન માને ? લ્યો, ન માને એ મૂરખ છે. 'સંમતભદ્રાચાર્યે' લીધું છે. કોણ ન ઇચ્છે ? સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી, એમ કોણ ન માને ? એમ કહે છે. ત્યાં તો એમ કહે છે. સમજાણું કાંઈ ? આ કહે કે અમે બહુ માનીએ છીએ. તમે ના પાડો છો, અમે બહુ માનીએ છીએ. તમે તો 'કુંદકુંદાચાર્ય'ની વાત કરો છો, પણ આ 'સંમતભદ્રાચાર્ય' શું કહે છે ? એમ કે 'સંમતભદ્રાચાર્ય' તો બે નય માનનારા છે. વળી એક જણો એમ કહેતો હતો, 'કુંદકુંદાચાર્ય' તો એક નયની મુખ્યતાથી કથન કરે છે, 'સંમતભદ્રાચાર્ય' તો બે

નયની વાત કરે છે. સાંભળ તો ખરો. એ તો ભક્તિ કરવાનો વિકલ્પ છે તો સામે લક્ષ છે તો બેની વાત કરે છે, પણ ભક્તિના પરિણામ પોતાના કાળથી થયા છે ? કે ભગવાન સામે છે તેના કાળથી થયા છે ? અહીં શું કહે છે ? 'સંમતભદ્રાચાર્ય' 'સ્વયંભૂ સ્તોત્ર' બનાવ્યું અને ભગવાન પાસે મોટી સ્તુતિ (કરી). ઈન્દ્રો એકાવતારી પણ જાણે છે, પોતાની વર્તમાન પર્યાયનું કાર્ય પોતાથી પોતાનું અસ્તિત્વ રાખે છે. એ ભગવાન છે તો આ પર્યાયનું અસ્તિત્વ આવ્યું અને અસ્તિત્વ રાખે એમ છે નહિ. કહો, 'ધર્મચંદજી'! જૈન સિવાય ક્યાં આવું હશે ? જૈનમાં પણ ખબર નથી હજી ચીજ શું છે વસ્તુ. જૈનના ઓઢણા ઓઢીને (વિપરીત માને). ઓઢણા સમજ્યા ? પતિની ચુંદડી અને પતિની આજ્ઞા શું સમજાણી નહિ. એમ ભગવાનની આજ્ઞા, ભગવાન સત્ય છે... ઓહો..હો...! આપણા પરમાત્મા સર્વજ્ઞદેવ ન થયા અને ન થશે. આપણા દેવ ! પણ તારે શું છે ? તારો દિવ્ય સ્વભાવ અને અનંત પદાર્થનો દિવ્ય સ્વભાવ, પોતાનો વર્તમાન ભાવ એના વર્તમાન કાળથી પરિણમે છે, તેનાથી એ અસ્તિ ધરાવે છે. પરને કારણે પર્યાયનું અસ્તિત્વ છે એમ ત્રણ કાળમાં નથી. એ પરમાત્મા કહે છે એની તો તને પ્રતીત નથી. ક્યાંથી તને દેવની પ્રતીત આવી ?

ગુરુની પ્રતીત. અમારા 'કુંદકુંદાચાર્ય' ભારે ઓહો..હો...! 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ ગણી, મંગલં કુંદકુંદાર્યો.' પછી આવ્યા મંગલં કુંદકુંદાર્યો. જુઓ ! ત્રીજે નંબરે આવ્યા. પણ એ શું કહે છે એ સમજો છો ? ભગવાન જાણે, બાપા ! આપણા 'કુંદકુંદાચાર્ય' તો ભગવાન પાસે મહાવિદેહ ક્ષેત્રમાં ગયા હતા. સાક્ષાત્ આ દેહે ભગવાન પાસે ગયા હતા. પણ એ શું કહે છે એ સમજાય છે તને ? સમજાણું કાંઈ ? આ ત્યાં ગયા હતા અને એ જાણતા હતા અને વિશેષ સ્પષ્ટ કર્યું, કરીને આ કહે છે.

દરેક પદાર્થ નિજ દ્રવ્ય એટલે વસ્તુ, ક્ષેત્ર નામ પહોળાઈ, અવગાહન, કાળ નામ વર્તમાન પર્યાય, કાર્યકાળ, કાર્ય દશા અને ભાવ નામ ત્રિકાળ શક્તિરૂપ ગુણ, એ રૂપ થવાની શક્તિરૂપ જે સ્વભાવ છે, જે સ્વભાવ છે, પાછું એમ કરી '**તે સ્વભાવભાવપણા વડે સત્પણું છે;...**' નિમિત્ત દ્વારા સત્ છે એમ નહિ. જુઓ ! દ્વારા આવ્યું ને ભાઈ ! આમાં ? બધા કહે છે ને કે નિમિત્ત દ્વારા... નિમિત્ત દ્વારા... નિમિત્ત દ્વારા. અહીં તો કહે છે કે સ્વભાવપણા વડે સત્પણું છે. પ્રત્યેક દ્રવ્યની વર્તમાન પર્યાય સ્વભાવપણા વડે અસ્તિ છે. સમજાણું કાંઈ ? મૂળ એકડાની ખબર ન મળે અને પછી કહે મારે ભગવાનની આજ્ઞા, તમે .. હે ભગવાન આપ કહો છો... શું કહે છે એની ખબર વિના ભગવાન સાચા તને આવ્યું ક્યાંથી ?

બીજી વાત, '**અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નહિ હોવાની...**' જુઓ ! પ્રત્યેક પદાર્થ પરદ્રવ્યરૂપ '**નહિ હોવાની શક્તિરૂપ જે સ્વભાવ...**' પરક્ષેત્રરૂપ નહિ થવાની શક્તિરૂપ સ્વભાવ, પરકાર્ય-પરનો કાર્ય કાળ એમાં નહિ હોવાની શક્તિરૂપ જે સ્વભાવ. સમજાણું કાંઈ ? '**ભાવરૂપે નહિ હોવાની શક્તિરૂ જે સ્વભાવ...**' છે. સ્વભાવ છે. પરના કાર્યકાળ નહિ હોવાની

શક્તિરૂપ સ્વભાવ છે. સમજાણું કાંઈ ? આત્માની જ્ઞાનપર્યાયના કાળથી પરિણમે અને કર્મનો ઉદય કાર્યકાળ એનો છે તે પણે નહિ હોવાની શક્તિ છે. તે પણે ન હોવાની શક્તિરૂપ સ્વભાવપણાથી સ્વતત્ત્વ છે. સમજાણું કાંઈ ? ભારે કઠણ, ભાઈ ! આ બધા કાંઈ બાયડી, છોકરાને આવું સમજાતું હશે ? આ કોના માટે કરે છે ? આત્મા બાયડી-છોકરો કે દિ' છે ? આત્મા તો આત્મા અરૂપી ચિદ્દ્ઘન આનંદકંદ છે. સમજ્યા ? એની પર્યાયમાં ભૂલ હોય તોપણ એ આત્મા છે. એ કાંઈ ભૂલ પરને લઈને છે ? અને પરમાં પેસી ગયો માટે છે ? એમ છે ? ભૂલ પણ પોતાના અસ્તિત્વના કાળથી છે, પરના અસ્તિત્વથી ભૂલ નથી. કર્મના અસ્તિત્વથી ભૂલ નથી. કર્મના અસ્તિત્વથી જીવમાં સંસાર નથી. કર્મના અસ્તિત્વથી કર્મનો કાર્યકાળ અનુભાગનો આવ્યો, કર્મમાં અનુભાગ ફળદાન શક્તિનો કાર્યકાળ કર્મમાં આવ્યો. એ કાળ થવાની શક્તિરૂપ સ્વભાવ કર્મનો છે અને એ રૂપ ન હોવાની શક્તિરૂપ સ્વભાવ આત્માનો છે. આ તો કર્મનું ભારે જોર, ભાઈ ! આકરું કામ હોય તો આમ થાય, આકરા કામમાં આમ થાય. એ બહુ લખે છે.

અંતરંગ કારણ નડ્યા. ભગવાન પાસે ગયા હતા. ઉપાદાન ઉલટું કેમ રહ્યું ? ભગવાના પાસે ગયા અને આત્મા સમ્યગ્દર્શન પામ્યો નહિ એવું ઉપાદાનમાં ઉલ્ટાપણું કેમ રહ્યું ?-દર્શનમોહના ઉદયને કારણે ઉલ્ટાપણું રહ્યું, એવું કેટલાક પંડિત લોકો છાપામાં છપાવે છે. સમજાણું કાંઈ ? પોતાની પ્રસિદ્ધિ કરે છે કે અમે ક્યાં છીએ અને કેમ માનીએ છીએ. આ હમણા એ મૂક્યું છે. એક અકાળ, મૃત્યુ, એક ધર્માસ્તિનો અભાવ, એક સ્યાદ્વાદ-અનેકાંત. જુઓ ! અનેકાંતમાં બધા .. અગડમબગડમનું નામ અનેકાંત.

આ તો અનેકાંત કહે છે કે પોતાના કાળ, ભાવથી બધા દ્રવ્ય હોવાની શક્તિ છે અને '**પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નહિ હોવાની શક્તિરૂપ જે સ્વભાવ...**' છે, પરપણે ન હોવાની શક્તિરૂપ સ્વભાવ છે એ સ્વભાવપણા વડે, એ પોતાનો સ્વભાવ પરરૂપ નહિ હોવાની શક્તિરૂપ સ્વભાવ વડે અતત્ત્વ છે. પોતાનો સ્વભાવ પરરૂપે નહિ થવાના સ્વભાવપણાને કારણ અતત્ત્વ છે. સમજાણું કાંઈ ? બધા દ્રવ્યને લાગુ પડે કે એક આત્માને જ ? પણ આમાં જેવું મોઢું હોય એવો ફોટો પડે ત્યાં, લ્યો ! આ મોઢાના અસ્તિત્વથી કોઈ ફોટામાં અસ્તિત્વ આવે છે કે નહિ ? સમજાણું કાંઈ ? એમ જ પડે છે કે નહિ એમાં ? એ આવ્યા કે નહિ ? 'કાંતિભાઈ' આવ્યા હશે. હવે આવશે ? શું કહ્યું આ ? ... તો તો લાખ, કરોડ, પાંચ કરોડ, પચાસ કરોડ એમ ને એમ લગાવી દે ને તો ત્યાંથી પરમાણુ અહીં આવે તો ઓલો મરી જાય. જાડો માણસ પાતળા થવાનો એક ઉપાય કરવો જોઈએ. ત્યાંથી જો આવતું હોય. ત્યાંથી શું આવે ? એ સમયમાં ત્યાંના પરમાણુમાં, પર્યાયમાં એ કાર્ય થવાની શક્તિથી ત્યાં થાય છે, સામું શરીર છે તો થાય છે એમ છે નહિ.

જુઓ ! અહીં પણ શબ્દ પડે છે કે નહિ ? સમજાણું કાંઈ ? ત્યાં પણ એની પર્યાયનો સ્વકાળ પરમાણુથી છે અને આ શબ્દથી ત્યાં કાળ છે નહિ. શબ્દથી એમાં ઉતરતું નથી. ભારે

વાંધા ભાઈ ! બોલે તો પાછા શબ્દ એવા જ આવે. એ ક્યાં પણ હતા ? એ તો નવા શબ્દની પર્યાય થઈ હતી. એ સમયે પર્યાયપણે સ્કંધનું પરિણમન થયું એ સ્વયં પોતાથી થયું છે. પહેલાં પડ્યું હતું માટે થયું છે, શબ્દ નીકળ્યા અહીં માટે ત્યાં પડે છે અને નીકળશે એમ વસ્તુમાં છે નહિ. ભારે ભાઈ ! આ તો ગાંડા જેવું કહે હો માણસ, નહિ ? જ્ઞાન કરવાનું રહે છે. પછી આ મેં કર્યું... આ મેં કર્યું... એ રહેતું નથી. કહો, સમજાણું કાંઈ ?

જૈન પરમેશ્વરે વસ્તુનો સ્વભાવ કેવો જોયો અને કેવો છે એ સમજવાની પણ તકલીફ લેતા નથી. સમજવાની તકલીફ નહિ. ભગવાન કહે છે. પ્રત્યક્ષ દેખાય છે, જુઓ ! હમણા બંધ થશે તો ઘડિયાળ બંધ થશે વ્યાખ્યાન બંધ થઈ જાશે. ઘડિયાળ બંધ થશે એટલે વ્યાખ્યાન બંધ થઈ જશે. ટકોરા પડે એટલે વ્યાખ્યાન બંધ. ખબર નથી પડતી પ્રત્યક્ષ ? નિમિત્તથી કાર્ય થાય છે. અને ટકોરા વાગ્યા ત્યાં શરૂ થઈ ગયું. ખબર નથી ? ત્યાં પણ .. થયું હતું. .. જુઓ ! નિમિત્ત આવી પડ્યું. અરે..રે..! ઉપાદાન છે કે નહિ એ સમયે ? પોતાના પર્યાય કાળના ઉપાદાન કારણથી પરિણમે છે કે નિમિત્ત બે ડંકાથી પરિણમે છે ? 'ધરમચંદજી'!

'**પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે...**' ભગવાનના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પણ ભગવાન પાસે રહ્યા. એ સમયે નહિ હોવાની શક્તિરૂપ, પ્રતિમાના પર્યાયરૂપ નહિ હોવાની શક્તિરૂપ, ભગવાનની દિવ્યધ્વનિની પર્યાય ન હોવાની શક્તિરૂપ, ભગવાનના કેવળજ્ઞાનરૂપે આત્મા ન હોવાની શક્તિરૂપ, '**હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણા વડે....**' પોતામાં સ્વભાવ છે એ પોતાના સ્વભાવપણા વડે. એમ કહ્યું અહીં તો. પરપણે નહિ હોવાનો સ્વભાવ, એવી શક્તિ, એવા સ્વભાવપણા વડે '**અસત્‌પણું છે;...**' પ્રત્યેક પદાર્થ પરથી અસત્વ પરપણે હોવાનો સ્વભાવ એનામાં નથી. એવું સ્વભાવપણે વડે અસત્વ છે. સમજાણું ? પોતાના સ્વભાવપણા વડે અસત્વ છે. એમાં નહિ હોવાની શક્તિરૂપ સ્વભાવ તે સ્વભાવપણા વડે અસત્વ છે. આહા..! ભારે સ્પષ્ટ. કહો, આ ધર્મ કરવાની રીત છે. 'શાંતિભાઈ'! ધર્મ કરવાની આ રીત છે. કહો, વડીલોને બેસવું પડશે. બેસાડવું પડશે બધાને કે આ છોકરા જુવાન 'બાબુભાઈ', 'ચંદુભાઈ', 'બાબુભાઈ'ને આ માને છે. વડીલોનું અમારે જોવું છે. બધાને આ નક્કી કરવું પડશે. એ નક્કી કર્યા વિના એક ડગ ચાલશે નહિ. સમજ્યા કે નહિ ? આહા..હા...! કહ્યું ને ? કેટલા બોલ થયા ? બાર થયા બાર. બાર થયા ને ?

પહેલું આવ્યું ને તત્ ને અતત્, એક ને અનેક-એ ચાર થયા અને આ આઠ થયા. સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે અને પરદ્રવ્યથી નથી, આઠ થયા. આઠ ને ચાર બાર થયા. બે રહ્યા. શું કહ્યું ? નિત્ય આવ્યું હવે. '**અનાદિનિધન...**' દરેક પદાર્થ અને આત્મા અનાદિ-આદિ વિના, નિધન-અંત વિના. નિધન એટલે અંત. અ-નહિ આદિ, નહિ અંત. '**અવિભાગ...**' જેના બે ભાગ નથી એવી '**એક વૃત્તિરૂપે...**' એકરૂપ ટકવાથી. એકરૂપે ટકવાના '**પરિણતપણા વડે...**' એકરૂપ પરિણત દ્વારા, એ રૂપ થવારૂપ ભાવ દ્વારા દરેક પદાર્થને '**નિત્યપણું છે,...**' પોતાને કારણે

નિત્યપણું છે. કેમકે અનાદિ-અનંત ભાગ વિના એકપણું, વૃત્તિ એટલે એકપણે ટકવું, એકપણે ટકવાના પરિણતપણા વડે. પરિણતિનો અર્થ એ રૂપે થવા વડે નિત્યપણું છે. નિત્યપણું-કાયમ દરેક પદાર્થ છે.

**'અને ક્રમે...'** જુઓ ! **'પ્રવર્તતા,...'** **'ક્રમે પ્રવર્તતા,...'** એ પર્યાય ક્રમશઃ પ્ર-વિશેષે વર્તમાન, વર્તમાન. **'એક સમયની મર્યાદાવાળા...'** દેખો ! દરેક દ્રવ્યમાં અનિત્યની એક સમયની મર્યાદા છે. કોઈ કહે, નહિ. વ્યંજનપર્યાયની જાજો સમય છે. એ તકરાર (કરે). 'ધવલ'માં એમ આવે છે. મિથ્યાત્વને વ્યંજનપર્યાય કહીને.. સમુદાય કરીને સ્થુળ વ્યંજન પર્યાયની વાત કરી. સ્થુળ ઋજુસૂત્રનયની વાત કરી છે. સૂક્ષ્મ ઋજુસૂત્રનયનો એક જ સમય છે. હવે એ તકરાર કરે. પણ હવે ખળભળ્યા તો ખરા. તકરારમાં તો ખળભળ્યા. એમ ને એમ ચાલતું હતું પોલમ પોલા. નહિ, એમ નહિ. આમ છે. દેખો !

**'ક્રમે પ્રવર્તતા, એક સમયની મર્યાદાવાળા...'** દરેક દ્રવ્યની પર્યાયની મર્યાદા કેટલી ? એક સમય. ક બોલવામાં અસંખ્ય સમય જાય એમાં એક સમય. **'અનેક વૃત્તિ-અંશોરૂપે...'** અનેક વૃત્તિ એટલે અનેકપણાની પરિણતિનું હોવાપણું. **'અંશોરૂપે પરિણતપણા વડે અનિત્યપણું છે.'** લ્યો ! '**(આ રીતે જ્ઞાનમાત્ર આત્મવસ્તુને પણ, તત્-અતત્પણું વગેરે બબ્બે વિરૂદ્ધ શક્તિઓ સ્વયમેવ પ્રકાશતી હોવાથી, અનેકાંત સ્વયમેવ પ્રકાશે જ છે.)**' પદાર્થ જ પોકાર કરે છે, એમ કહે છે. પદાર્થ પોકાર કરે છે કે અમારું સ્વરૂપ સ્વથી છે અને પરથી નથી. બીજી રીતે માને એ સ્વતંત્ર છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

卐

**અહા! જેણે દ્રવ્યસ્વભાવનું અવલંબન લઈને અંતરમાં સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નથી તેને દેહના છૂટવા કાળે અરે! શરણ ક્યાં? અરે! દેહમાં રગેરગ તણાશે, સબાકા મારશે, રજકણે રજકણ પલટી જશે, તે વખતે જ્ઞાયક ભગવાન આત્મા જે શરણ છે તેની દૃષ્ટિ નહિ હોય તો એ જાશે ક્યાં? એ દુઃખમાં ભીંસાઈ જશે. ભાઈ! ત્યાં પોતાના આત્મા સિવાય બીજું કોઈ શરણ નથી.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૯૭૬)**

## શ્રી પરમાત્મપ્રકાશ, દ્વિતીય અધિકાર, ગાથા-૧૦૭
## પ્રવચન નં.૧૭૪, તા.૧-૧-૧૯૭૭
## (૨૨)

નપરમાત્મપ્રકાશ' ૧૦૬ ગાથા પૂરી થઈ. ૧૦૭. '**આગે ઐસા કહતે હૈં,...**'

**શ્રોતા :–** બે લીટી બાકી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ થઈ ગયું પૂરું. એ થઈ ગયું હતું. બધું આવી ગયું. ટંકોત્કીર્ણ આવી ગયું હતું.

**શ્રોતા :–** વાંચી લીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ તો એમાં આવી ગયું.

આ તો એ કહેવું છે કે જેટલા કર્મજનિત ભેદો છે એ જીવ સ્વરૂપ નથી. દરેક જીવનું સ્વરૂપ પૂર્ણ આનંદ અને દ્રવ્ય સ્વભાવે વીતરાગ સ્વરૂપે આત્મા પ્રત્યેક છે. પોતાને જ્યારે પરથી, ભેદથી, પરથી, રાગથી ભિન્ન જાણે છે, એ આત્મા જેવા જ આત્મા બધા છે એમ જાણતા ભેદ ઉપરના લક્ષે રાગ-દ્વેષ થાય એ એને ન થાય. શું કહ્યું ? કે આ આત્મા... સોળમી ગાથા છે. સોળ વલા સોનાના દાખલે પૂર્ણાનંદ પ્રભુ દરેક જીવ છે. એકેન્દ્રિય થી માંડીને પંચેન્દ્રિય, નારકીથી માંડીને દેવ બધા જીવ જે છે, જેને જીવ કહીએ એ તો અનાકુળ આનંદકંદ વીતરાગસમૂહનો પિંડ છે. એવા જ બધા જીવ છે. આહા..હા...! એમ જેને પોતાનો સ્વભાવ શુદ્ધ અખંડ અભેદ, એ આત્મા એમ જેણે જાણ્યો, એણે પોતામાં પણ જે પર્યાયભેદ છે એ જાણવા લાયક રહી, આદરવાલાયક ન રહી. એમ બીજા જીવને પણ એ રીતે પૂર્ણ શુદ્ધ છે એમ જાણતાં એને ભેદવાળી દશાથી એને આ ઠીક છે કે અઠીક છે જ્ઞેયભેદ, એને કારણે એને રાગ-દ્વેષ થતો નથી. નબળાઈને કારણે રાગ-દ્વેષ થાય એ જુદી વાત છે, પણ ભેદને (કારણે એટલે) આ સ્ત્રીનું શરીર ને આ પુરુષનું શરીર, આ માણસનું શરીર ને આ નારકીનું શરીર એવા ભેદથી અને પ્રેમથી જે રાગ-દ્વેષ થતો, એ રાગ-દ્વેષ જ્ઞાનીને, પોતાના પૂર્ણ સ્વભાવને જોતો અને બીજા બધા આત્મા પણ પૂર્ણ છે એમ જાણતો, એના ભેદના લક્ષે જે રાગ-દ્વેષ થતાં, એ એને રાગ-દ્વેષ થતાં નથી. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** આપ તો એમ કહો છો કે સ્વરૂપમાં લીન થાય તેને જ રાગ-દ્વેષ ન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ સ્વરૂપમાં લીન ન થાય તો એને પરને લઈને રાગ-દ્વેષ નથી. રાગ-દ્વેષ નબળાઈને લઈને થાય એ જુદી ચીજ છે અને પરની અનુકૂળતા અને પ્રતિકૂળતા, સુંદરતા અને અસુંદરતા, ઠીક ને અઠીક એમ જ્ઞેયને જાણીને રાગ-દ્વેષ થાય એ મિથ્યા રાગ-દ્વેષ છે.

સમજાણું કાંઈ ? આહા..હા..! સ્ત્રીના શરીર, પુરુષના શરીર, નારકીનું શરીર, દેવનું શરીર એ બધી ભિન્ન ભિન્ન ચીજ જડની છે, એ કાંઈ આત્મા નથી. આહા..હા...! જેને આત્મા આનંદસ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ હું છું એવા જ બધા ભગવાનસ્વરૂપે જીવ તે બિરાજે છે. આહા..હા...! એ મારા સાધર્મી છે. 'ડાહ્યાભાઈ'! આહા..હા...! ભેદ છે એ પોતાને જેમ જાણવા લાયક છે એમ બીજાના ભેદો પણ જાણવાલાયક છે, એમાં ઠીક-અઠીક કરવા લાયક નથી. આમ વાત છે. સમજાણું કાંઈ ? આહા..હા...! લ્યો ! ૧૦૭.

**'આગે ઐસા કહતે હૈં કિ તૂ શુદ્ધસંગ્રહનયકર જીવોંમેં ભેદ મત કર...'** અનંત આત્માના સંગ્રહને એકરૂપ દેખીને એમાં ભેદ ન માન. જીવમાં ભેદ ન માન. સમજાણું કાંઈ ? ભેદ છે એ બધા કર્મજનિતના સંયોગે ભેદ છે, એ તો અજીવનું સ્વરૂપ છે. આહા..હા..! એ અજીવને જાણવા લાયક છે, પણ અજીવમાં આદરવા લાયક આ ઠીક છે અને આ અઠીક છે એ એમાં રહેતું નથી. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! એ કહે છે, જુઓ ! ૧૦૭

**૨૩૪) एक्कु करे मण विण्णि करि मं करि वण्ण-विसेसु।**
**इक्कइँ देवइँ जेँ वसइ तिहयणु एहु असेसु।।१०७।।**

આહા..હા...! હે જીવ ! '**હે આત્મન્,...**' ગજબ વાત છે, ભાઈ ! આ 'પરમાત્મપ્રકાશ' છે. આહા..હા...! '**હે આત્મન્, તૂ જાતિકી અપેક્ષા સબ જીવોંકો એક જાન,...**' આહા..હા...! જેવો પોતાનો આત્મા જ્ઞાયકભાવથી પૂર્ણ સ્વરૂપ છે એ જીવ છે. એમ બધા ભગવાન આત્માઓ જ્ઞાયક અને આનંદના સ્વભાવથી પરિપૂર્ણ છે તે જીવ છે. એમ બધા જીવને વીતરાગભાવે જો અને વીતરાગસ્વરૂપ છે એમ જો, એમ કહે છે. શું કીધું ઈ ? કે આ આત્માને પણ વીતરાગભાવે વીતરાગસ્વરૂપ જો. પર્યાયની વીતરાગ પર્યાયે વીતરાગસ્વરૂપ જો. એ પૂર્ણસ્વરૂપ છે, એમ બધા ભગવાન આત્માને તારી વીતરાગ પર્યાયે એ પૂર્ણ વીતરાગસ્વરૂપ છે એમ જો. આહા..હા...! કેમકે જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે તો સ્વને આવો જેવો જાણે એવા પરને પણ પરપ્રકાશમાં એવા એ જાણે છે, એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

આમ શરીરની સુંદરતા ને ભેદ ને નાના ને રોગિષ્ટ ને એ બધા ભેદો કાંઈ જીવના નથી. એ તો આવી ગયું હતું ને ? કાલે આવી ગયું એ. કર્મના ભેદ છે એ અને કર્મ છે એ આત્માથી ભિન્ન ચીજ છે. આહા..હા...! તો એ કર્મને કારણે પડેલા ભેદો જીવથી ભિન્ન છે. એમ પોતાને જેમ કર્મને કારણે પડેલા ભેદો જીવથી ભિન્ન છે એમ બધા આત્માના સ્વભાવમાં સરખા હોવા છતાં કર્મથી ભિન્ન પડેલી ચીજ એ સ્ત્રી, પુરુષ ને નારકી ને એકેન્દ્રિય ને બેઈન્દ્રિય બધું, એને તું જીવ ન માન. આહા..હા...! એને જાણવાલાયક છે એમ જાણ. વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એમ કહ્યું છે ને ? આહા..હા...! છે ? એવી વાત છે, બાપા ! આ 'પરમાત્મપ્રકાશ' છે.

જે કાંઈ આત્મામાં પૂર્ણ સ્વરૂપ ભગવાન એ આત્મા એમ જેણે જાણ્યું, એણે જે કાંઈ બાકી પૂર્ણતાદિ, રાગાદિ રહ્યું એ જાણવાલાયક છે. અસ્તિ તરીકે જાણવાલાયક છે, આદરવાલાયક

નથી. આહા..હા...! એમ બધા આત્માને ભગવાનસ્વરૂપે જે જોવે છે એ પોતાને ભગવાન સ્વરૂપે જોયો એ રીતે બધાને જોવે છે. એટલે એમાંથી જે કર્મના કારણે ભેદ દેખાય એને જાણવાલાયક જાણે, આદરવાલાયક નહિ. આદરવાલાયક એનો ભગવાન આત્મા છે એ અહીં આત્મા આદરવાલાક એવો આત્મા પૂર્ણ શુદ્ધ એ આદરવાલાયક છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? વીતરાગમાર્ગની ગંભીરતા અલૌકિક છે.

એ કહે છે '**હે આત્મન્, તૂ જાતિકી અપેક્ષા સબ જીવોંકો એક જાન, ઈસલિયે રાગ ઔર દ્વેષ મત કર,...**' જોયું ! આહા..હા...! સર્વ જીવ જ્યાં પરમાત્મસ્વરૂપે જાણ્યા, એને પછી રાગ-દ્વેષ કરવાનું રહ્યું નહિ. આહા..હા...! પરચીજની અનેકતાના, ભિન્નતાના ભાવને ભાળીને આ ઠીક છે એમ રાગ કરવો રહ્યો નહિ અને આ અઠીક છે એમ દ્વેષ કરવો રહ્યો નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? ભગવાન આત્મા પોતે અલ્પજ્ઞ દશામાં પણ, અલ્પજ્ઞ દશામાં... આહા..હા...! પૂર્ણ સ્વરૂપ છું એમ જે જોવે છે, આહા..હા...! જુઓ તો ખરા. આહા..હા...! અલ્પજ્ઞ પર્યાયની દશામાં, અલ્પજ્ઞ પર્યાયમાં આ પૂર્ણ છે એમ જે જોવે છે એ વીતરાગી પર્યાયથી વીતરાગભાવને જોવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ જ રીતે બધા આત્માઓ ભગવાન પરમાનંદથી ભરેલા છે. એ કહેશે હમણાં.

'**ઈસલિયે રાગ ઔર દ્વેષ મત કર,...**' આહા..હા...! કેમકે એ જે ભેદ છે એ કર્મજિનત છે એ જ્ઞેય છે. વસ્તુ જે છે આત્મા અને એનો આત્મા એ આદરણીય છે. એ કહ્યું છે ને ? બધા આત્માઓ શુદ્ધ છે એ રીતે આદરણીય છે. એમાંથી પણ પંચપરમેષ્ઠી છે એ આદરણીય છે. એમાંથી પણ અરિહંત ને સિદ્ધ બે આદરણીય છે. એમાંથી પણ સિદ્ધ એક આદરણીય છે. એમાંથી પણ ભગવાન આત્મા એ આદરણીય છે. એક પોતાનો પાછો. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાતું છે આ. આ વીતરાગની વાતું જગતથી જુદી છે, ભાઈ ! આહા..હા...! તને તારો ભગવાન આત્મા જો પરિપૂર્ણ ભાસે તો તેવા જ બધા ભગવાન આત્મા પરિપૂર્ણ છે એ તને ભાસે તો રાગ-દ્વેષ કરવાનું રહેતું નથી કાંઈ. આહા..હા...! સમજાણું કાંઈ ? આ લક્ષ્મીવાળો છે અને આ ગરીબ છે, આ રૂપાળો છે અને આ કાળો (છે), એ બધુ રહેતું નથી. એ તો બધા કર્મના ભેદમાં જાય છે. એ આદરણીય રહેતું નથી. ઠીક-અઠીકમાં પણ રહેતું નથી એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા..! દિગંબર સંતોએ કામ...

આ સોળમી ગાથા ચાલે છે. સોળવલું સોનું જેમ પૂર્ણ છે. સોળવલું સોનું. એટલે તો સોળવલું કહે છે ને. સોલહ વાલ. એમ પૂર્ણ ભગવાન સોળ શકિતથી પૂર્ણ પરમાત્મા બધા (છે). અલ્પજ્ઞ હોવા છતાં અલ્પજ્ઞને ગૌણ કરીને, અભાવ કરીને પૂર્ણાનંદ છે તેને જોવે છે. આહા..હા...! જેની દૃષ્ટિમાં પરમાત્મા પૂર્ણ પોતે છે એમ ભાસે છે; છે પર્યાય અલ્પજ્ઞ, આહા...હા...! છતાં જેને સર્વજ્ઞસ્વરૂપી ભગવાન છું એમ ભાસે છે, એની દૃષ્ટિ વીતરાગ થઈ

ગઈ. આહા..હા...! સમ્યગ્દર્શન કહો કે વીતરાગ દૃષ્ટિ કહો. સમજાય છે ? એ બધા ભગવાન આત્મા, સુંદર અને અસુંદર શરીર, નારકી ને દેવના શરીર, કીડી ને કાગડાના શરીર, રોગી ને અરોગી શરીરની દશાઓ, એ બધી જ્ઞાનીને જાણવાલાયકમાં (રહે છે), રાગ-દ્વેષ કરવા લાયક નથી.

અજ્ઞાની પોતાનું પૂર્ણ સ્વરૂપ જાણતો નથી અને એવા જ બધા પૂર્ણ સ્વરૂપ છે તે જાણતો નથી, એને સામાની અલ્પજ્ઞતા દેખીને દીન થાય છે, એને દીન માને છે અને શરીર આદિની અનુકૂળતા દેખીને એને મહત્ માને છે, એ બધા મિથ્યાદૃષ્ટિ રાગ-દ્વેષના કરનારા છે, એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વીતરાગનો માર્ગ ભાઈ ! આહા..હા...! જુઓ ! આ વતીરાગતા ! જેનો સ્વભાવ જ પરિપૂર્ણ વીતરાગસ્વરૂપ છે એને વીતરાગ પર્યાયે જેણે માની જાણ્યું, એ જ વીતરાગ પર્યાયે બધા પૂર્ણ વીતરાગસ્વરૂપ છે એમ જેને જાણવામાં આવ્યું, એને નિમિત્તના કારણે ભેદ પડેલી ચીજને જાણવાલાયક માને પણ આ ઠીક છે કે આ અઠીક છે એ એમાં રહેતું નથી. આહા..હા...! 'ડાહ્યાભાઈ'! આવી વાતું છે.

જુવાન શરીર, સુંદર શરીર એ તો જડની દશા છે, એ આત્માની નહિ. પોતાની જેમ જડની દશા છે, તેમ બીજા બધાની કર્મના નિમિત્તે થયેલી દશાઓ (છે). આહા..હા...! અરે..! એમાં અલ્પજ્ઞપણું અને રાગ થયો એ પણ કર્મને કારણે છે. વસ્તુમાં પરિપૂર્ણતા છે. આહા..હા...! ઓહો..! 'પરમાત્મપ્રકાશ' છે. આ સોળમી ગાથા છે. આ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ.. બધું કરતાં કરતાં સોળમી ગાથાએ પૂર્ણ કરી દેશે. આહા...હા...!

પર્યાયમાં અલ્પજ્ઞતા છતી હોવા છતાં અને પર્યાયમાં રાગ-દ્વેષ અને સંયોગોમાં ભિન્ન-ભિન્નતા હોવા છતાં તે અસ્તિત્વની અસ્તિ સ્વીકાર ન કરતાં... આહા...હા...! પૂર્ણ અસ્તિત્વનો જે સ્વીકાર પૂર્ણાનંદનો નાથ ભગવાન, એનો જ્યાં સ્વીકાર આવે છે ત્યારે બધા પૂર્ણાનંદથી ભરેલા ભગવાન છે (એમ દૃષ્ટિ થાય છે). આહા..હા...! એની સાથે રમું કે એની સાથે વિષય લઉં, એ વાત રહેતી નથી. એ તો ભગવાન છે ને ! આહા..હા...! છે ? આહા..હા...! સ્ત્રી અને પુરુષાદિના ભેદો તો જડના અને કર્મના કારણે છે, એ કાંઈ આત્માની ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એથી ધર્મીને... આ બધું પંદર ગાથાથી ચાલે છે એનો આ સરવાળો કર્યો આ કે બધા સરખા છે... સરખા છે... શું ચાલે છે આ ? પહેલાં કહે કે એકેન્દ્રિય બે ઇન્દ્રિય નહિ, ત્રસ્ત સ્થાવર નહિ, સ્ત્રી-પુરુષ નહિ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય આદિ નહિ. શું કહે છે આ ? ભાઈ ! એ તો ભેદો બધા વીતરાગસ્વરૂપે બિરાજમાન આત્મામાં અલ્પજ્ઞમાં જે વીતરાગતા ભાસી એ અલ્પજ્ઞ પરના પ્રકાશે જાણવાનું રહે છે એને, બસ ! સમજાણું કાંઈ ? શું કહ્યું ઈ ?

આ આત્માનો જ્ઞાનપર્યાય સ્વપરપ્રકાશક સ્વરૂપ છે. એથી જેને પર્યાયમાં જ્ઞાયક જ ભાસે છે... એ તો આપણે સત્તર-અઢારમાં આવી ગયું. જ્ઞાનની પર્યાયનો સ્વભાવ... ભાઈ ! આ તો

ગંભીર વાત છે, પ્રભુ ! આહા..હા...! જેના વર્તમાન જ્ઞાનની એક સમયની પર્યાયમાં જ્ઞાયક જ જણાય છે. આહા..હા...! એટલે કે પરિપૂર્ણ વસ્તુ છે તે જણાય છે. આહા..હા..! પણ અજ્ઞાનીને દૃષ્ટિ ત્યાં નથી એથી એ પર્યાયમાં પરિપૂર્ણ જણાય છે એમ ન માનતા પર્યાય જણાય અને રાગ જણાય છે એમ માને છે. આહા..હા...! શું કહ્યું ઈ ?

જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ પ્રત્યેક આત્માનો છે. બરાબર છે ? હવે જ્યારે પર્યાયમાં સ્વપ્રકાશ આત્મા છે એમ ભાસ્યું. છે છતાં ભાસ્યું નથી... સમજાણું કાંઈ ? એ જ્ઞાનની પર્યાયમાં છતી ચીજ પ્રભુ સર્વજ્ઞ પૂર્ણાનંદ પ્રભુ, એ પર્યાયમાં સ્વપરપ્રકાશનો સ્વભાવ હોવાથી પર્યાયમાં સ્વપ્રકાશક આખો આત્મા આવે છે. આહા..હા...! પણ અજ્ઞાનીને તેના ઉપર દૃષ્ટિ નથી એટલે આ જણાય છે એ હું નહિ. જણાય છે તે રાગ અને પર્યાય જણાય, એમ માને છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ બધું સોળ ગાથાથી ચાલ્યું આવે છે. બધા સરખા... સરખા.. શું છે પણ આ ? આહા..હા...!

ભાઈ ! તારી પર્યાયમાં જ્ઞાયક જણાય છે એવું સ્વરૂપ જ છે. હવે એ જ્ઞાયક છે એવી દૃષ્ટિ થઈ અંદર... આહા..હા...! એની વર્તમાન પર્યાયમાં જ્ઞાયક આખો જ્યાં જણાણો, જણાતો તો હતો પણ દૃષ્ટિ નહોતી ત્યાં. સમજાણું કાંઈ ? આહા..હા...! પણ એ જ્ઞાનની પર્યાયમાં જણાણો, જાણનારો જણાય છે તે જણાણો. એ પરિપૂર્ણ વસ્તુ છે એમ પર્યાયમાં જણાણો. આહા..હા...! હવે એમાં પરપ્રકાશકભાવ રહી ગયો. આ સ્વપ્રકાશ તો આ આવ્યો. હવે પરપ્રકાશમાં પણ બધા આત્મા સરખા છે તેમ એ જાણે છે અને જે ભેદ છે તેને પણ પરપ્રકાશમાં જાણે છે, પણ એ જાણવા લાયક છે, આદરવાલાયક નહિ. ઓલો જે પરિપૂરર્ણ પર્યાયમાં પોતે જાણ્યો અને પર જાણ્યો, એ બધા તો આદરવાલાયક થયા. સમજાણું કાંઈ ? આહા..હા...! પંદર ગાથાથી ચાલે છે. આ સોળમી છે. અહીં પૂરું કરશે હવે. બધા સરખા... સરખા.. આહા..હા...!

'**ક્યોં...**' જુઓ છે ? '**वर्णविशेषम**' '**મનુષ્ય જાતિકી અપેક્ષા બ્રાહ્મણાદિ વર્ણ-ભેદકો...**' જે આપણે પહેલું આવી ગયું હતું એ વર્ણ, રાગાદિ એ વર્ણમાં રંગ-ગંધ-રસ હતો. રંગ-ગંધનો વર્ણ હતો કે આત્મામાં નથી. આ વર્ણ જાતિનો છે-બ્રાહ્મણ, ક્ષત્રિય એ. '**वर्णविशेषम**' આવ્યું હતું ને પહેલું આપણે, નહિ ? 'સમયસાર'માં. 'સમયસાર'માં. વર્ણ, રાગાદિ, ગુણસ્થાન આદિ ભેદ આત્મામાં (નથી). એ વર્ણમાં આ નહિ. ત્યાં વર્ણમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ હતું. કારણ કે ગાથા એ આવી છે ને ? અહીંયાં વર્ણમાં મનુષ્ય જાતિને આમાં '**બ્રાહ્મણાદિ વર્ણ-ભેદકો ભી મત કર,...**' આ બ્રાહ્મણ છે ને આ ક્ષત્રિય છે ને આ વાણિયો છે ને આ ચંડાળ છે. આહા..હા...! તને જો તારી વસ્તુની પૂર્ણતા ભાસે તો તને બધા જીવોની પૂર્ણતા ભાસે. અને તેનો ભેદ જે આ વર્ણાદિ છે એ કાંઈ આત્મા નથી. આહા..હા...! સમજાણું ? જે ચીજ-નોકર્મનો જીવમાં અભાવ છે, કર્મનો જીવ ભગવાનમાં અભાવ છે તો કર્મને કારણે થયેલા ભાવોનો પણ જીવમાં અભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી ઝીણી વ્યાખ્યા છે, લ્યો ! બાપુ ! મારગડા ઝીણા છે,

ભાઈ ! વીતરાગમાર્ગ... શું થાય ? જાણવામાં ન આવે અને એવું એને એકાંત લાગે, એકાંત લાગે. પ્રભુ ! એકાંત જ છે. સ્વપર્યાય જ્યાં એકાંતમાં આવી, એક જ ધર્મમાં પૂર્ણાનંદમાં આવી ત્યારે તેને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન થાય. ત્યારે તેને પર્યાયાદિના ભેદો અને બીજાના ભેદો જાણવાલાયક રહે. આહા..હા..! સમજાણું કાંઈ ?

'**વર્ણ વિશેષ મત કર.**' આહા..હા...! આ બ્રાહ્મણ છે અને આ ક્ષત્રિય છે. તીર્થંકરો હોય એ ક્ષત્રિય જ હોય. જેટલા તીર્થંકરો થાય એ ક્ષત્રિય હોય. કોઈ વાણિયો, બ્રાહ્મણ તીર્થંકર ન થાય. આહા..હા...! તો કહે છે કે એ ભેદ લક્ષમાં ન લે, કહે છે. ક્ષત્રિય અને બ્રાહ્મણને લક્ષમાં જ ન લે. આહા..હા...! ભગવાન ક્યાં બ્રાહ્મણ કે ક્ષત્રિય આત્મા છે ? એ તો કર્મજન્ય પ્રકારોના ભેદ છે. આહા..હા...! પરદ્રવ્ય જે એનું નથી, એવા દ્રવ્યના એ ભેદ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? તારી ચીજમાં તો એ ભેદ નથી અને તારી ચીજથી બીજી ચીજમાં-આત્મામાં પણ તું ભેદ ન જો. આહા..હા...! 'ડાહ્યાભાઈ'! આવી ચીજ છે. ઓલા લોકો ઈશ્વરકર્તા છે અને એક જ વ્યાપક છે (એમ કહે છે) એનો અહીં નિષેધ કરીને, એક એક ભગવાન પૂર્ણાનંદ છે તેની સિદ્ધિ કરીને બધા ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપે અનંત છે એમ જાણીને... આહા...હા...! જે એમાં નથી એવો જે કર્મ, એ કર્મને કારણે પડ્યા ભેદ એ સ્વરૂપમાં નથી, આહા..હા..! એ પર્યાયમાં જાણવાલાયક છે, બસ. આદરવાલાયક તો ત્રણલોકનો નાથ પરમાત્મા પોતાનો અને બીજાના આત્માઓ પણ એ રીતે આદરવાલાયક છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? કેમકે પરપ્રકાશમાં પણ બીજા પર પૂર્ણ છે એવું પરપ્રકાશમાં પણ આવી જાય છે અને બાકી જે રહ્યું એ પરપ્રકાશ જે અપૂર્ણતા અને કર્મના ભેદો, એ પણ જાણવામાં આવી જાય છે. આહા..હા...!

'**ક્યોંકિ (एकेन देवेन)...**' છે ? '**(एकेन देवेन ) અભેદનયસે શુદ્ધ આત્માકે સમાન...**' એક દેવ. આહા..હા...! દેવ શકિતવંત ભગવાન કેવળજ્ઞાનાદિ શકિતવાળા પરમાત્મા બધા. આહા..હા..! એક દેવ છે એ બધા જાતિની અપેક્ષાએ, હોં ! સંખ્યા અપેક્ષાએ એમ નહિ. '**અભેદનયસે શુદ્ધ આત્માકે સમાન...**' (**एकेन देवेन**) આહા..હા..! '**યે સબ તીનલોકમેં રહનેવાલી જીવ-રાશિ...**' (**त्रिभुवनं**) આહા..હા...! '**તીનલોકમેં રહનેવાલી જીવ-રાશિ (वसति) ઠહરી હુઈ હૈ,...**' આખા લોકમાં શિવસ્વરૂપ ભગવાન બિરાજે છે, કહે છે. આહા..હા..! કહો, અહીંયાં પણ અનંત ભગવાન છે. અહીંયાં ક્ષેત્ર. અનંત જીવ છે ને ? આહા..હા...! ભવસિંધુ. પાણીનો સિંધુ, એમ આ ભગવાનનો સિંધુ. આખો ભગવાનસિંધુથી ભરેલો લોક છે, કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! '**તીનલોકમેં રહનેવાલી જીવ-રાશિ ઠહરી હુઈ હૈ અર્થાત્ જીવપનેસે સબ એક હૈં.**' આહા..હા...!

'**ભાવાર્થ : સબ જીવોંકી એક જાતિ હૈં.**' આહા..હા..! દ્રવ્યસ્વભાવ સત્ ચૈતન્યસ્વભાવ, એ બધાની એક જાતિ છે. એકરૂપ છે, એક જાતિ છે. આહા..હા...! કહો, અક્ષરના અનંતમાં ભાગમાં વિકાસ નિગોદના જીવને (છે) એ ન જો, પર્યાયબુદ્ધિને ન જો, પર્યાયથી એ ન જો.

આહા..હા...! એ બધા શક્તિએ કેવળજ્ઞાનકંદ છે, ભગવત્‌સ્વરૂપ છે. આહા..હા...! અભવિનો જીવ પણ સ્વરૂપે ભગવત્‌સ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? 'શ્રીમદ્'માં નથી આવતું ? 'સર્વ જીવ છે સિદ્ધસમ.' એમાં ક્યા કાઢી નાખ્યા ? અભવિ કાઢી નાખ્યા ? પર્યાપ્ત-અપર્યાપ્ત બધા ! સર્વ જીવો ભગવાન સિદ્ધસ્વરૂપે બિરાજે છે. આહા...હા...! તારે કોને સ્ત્રી ને પુરુષ ને દેવ-નારકી એમ માનવા છે ? આહા..હા...! સમજાણું કાંઈ ?

**'સબ જીવોંકી એક જાતિ હૈ. જૈસે સેના ઔર વન એક હૈ,...'** સેના. લશ્કરની સેના સેના તરીકે એક કહેવાય. ભલે માણસ જુદા-જુદા છે, પણ સેના તો એક કહેવાય છે ને ? વન તરીકે એક કહેવાય, ભલે ઝાડ અનેક હોય ત્યાં. પણ વન, વન કહેતાં બધા ઝાડ એમાં એક એકરૂપે આવી ગયા. **'વૈસે જાતિકી અપેક્ષા સબ જીવ એક હૈં.'** આહા..હા...! સેનામાં કોઈ વૃદ્ધ હોય, જુવાન હોય બધા હોય ને. અરે..! ૧૮-૧૮ વર્ષના પણ સેનામાં હોય. લશ્કરી માણસમાં. લશ્કરમાં રાખે છે. આપણે અહીં નહોતો ? આ 'બાબુભાઈ'નો દીકરો લશ્કરીમાં જાતો હતો ને. અત્યારે પણ એમાં છે. 'બાબુભાઈ ત્રિભુવન' 'ભાવનગર'. એનો દિકરો છે ને ? બીજા નંબરનો. એ લશ્કરમાં છે. નાની ઉંમરનો હતો ત્યારે લશ્કરમાં ગયો હતો. અત્યારે તો ઘણા વર્ષ થઈ ગયા. એ અઢાર વર્ષનો (હતો) પણ લાંબુ શરીર અને જુવાન હોય તો લશ્કરમાં રાખે. પણ છતાં એ બધા નાના-મોટા માણસ તરીકે જેમ એક છે, એમ જાતિ તરીકે અંદરના ભગવાન આત્મા તો એક જ છે, કહે છે. વન કહેતાં નાના-મોટા ઝાડ, પીપલા, લીંબડા, બધા હોય એને વન કહેવાય. વનમાં ભિન્ન-ભિન્ન એને ન જો. એ તો વન છે આખું. એમ નાના-મોટા ઝાડ હોય છતાં એમાં એમ ન જો. વન. એમ સેનામાં નાના-મોટા શરીરવાળા જુવાન-વૃદ્ધ આદિ હોય એમ ન જો. વન-સેના, બસ. એમ જીવમાં એકેન્દ્રિય, બે ઈન્દ્રિય આદિના ભેદો હો. વસ્તુ તરીકે આત્મા ભગવાન તરીકે એક જ જાત છે બધી. આહા..હા...!

છતી પર્યાયને રાગને અછતો કરી નાખ અને અછતો જે પર્યાયમાં છે એને છતો કર. આહા..હા...! શું કહ્યું ઈ ? પર્યાયમાં અલ્પજ્ઞતાના ભેદો અને રાગના ભેદો હોવા છતાં એ છતી ચીજ છે એને અછતી કર, એ તારામાં નથી; અને તું જે અછતો પર્યાયમાં છો એને છતો કર હવે. આ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે. આહા..હા...! આવું સ્વરૂપ આકરું, ભાઈ ! એટલે લોકો કહે કે એ લોકો 'સોનગઢવાળા' તો દ્રવ્યાનુયોગ જ વાંચે છે. પણ દ્રવ્યાનુયોગ મુખ્ય વસ્તુ એ છે, મોક્ષનો માર્ગ એમાં છે. મુખ્ય એમાં છે. લખ્યું નથી ભાઈએ ? 'ટોડરમલે'. મોક્ષનો માર્ગ તો દ્રવ્યાનુયોગમાં છે અને સભામાં મુખ્ય ઉપદેશ તો એ થવો જોઈએ એમ લખ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. પણ એને એવું લાગે છે. પ્રભુ ! શું કરે છે તું ? ભાઈ ! અરે..! પ્રભુ ! એમ ન શોભે, ભાઈ ! આહા..હા..! એમ એવું શોભે નહિ, નાથ !

**શ્રોતા :–** બધા ભગવાન જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભગવાન છે નાથ ! પ્રભુ તું છો ને. આહા..હા...! વીતરાગતા

રેલમછેલ કરી છે. વીતરાગ ભગવાને (અને) મુનિઓએ પણ વીતરાગતાની રેલમછેલ કરે છે.

જ્યાં આગળ ભેદોથી ઉદાસ થયો છે અને જ્યાં આખી ચીજ છે તેનો આદર કર્યો છે. આહા..હા...! શું કીધું ઈ ? પર્યાયાદિ, રાગાદિ, જાતિ આદિના બાર વર્ણાદિના ભેદ છે તેને જતું કરી દઈને, જે વસ્તુ છે તેને દૃષ્ટિમાં છતી કરી છે. આહા..હા...! એ વીતરાગતા પ્રગટ થઈ છે. આ વીતરાગતાના બધા વલણ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! કેમકે ભગવાન પોતે જ જિનસ્વરૂપ છે. 'જિન સો હી આત્મા અન્ય સો હી હૈ કર્મ.' લ્યો ! ત્યાં એ આવ્યું ? 'એહી વચનસે સમજ લે જિનવચન કા મર્મ.' આહા..હા...! 'શ્રીમદ્' પણ ટૂંકા શબ્દમાં ઘણું કીધું. એ તો એકાવતારી થઈ ગયા. ઓહો..હો...! એક ભવે મોક્ષ જનારા છે ભલે ગૃહસ્થાશ્રમમાં હતા. 'શેષ કર્મનો ભોગ છે ભોગવવો અવશેષ રે.' કાંઈક બાકી રાગ લાગે છે. ખસતો નથી. 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' આહા..હા...!

એ પ્રશ્ન (સંવત) ૧૯૭૭માં લોકોએ કર્યો હતો. કે આવું હોય ? ગૃહસ્થાશ્રમમાં આટલું મોટું જોર આપે ? હવે સાંભળને. કીધું શ્રુતજ્ઞાનમાં તો અનંતુ બધું જણાય. શ્રુતજ્ઞાન શું ન જાણે ? શ્રુતજ્ઞાનમાં સર્વ જાણે છે તેમાં આ ન જણાય એને પોતાને ? કે હું એક ભવે મોક્ષ જનાર છું. સ્વરૂપમાં ઠરીને પૂર્ણાનંદની પ્રાપ્તિમાં મારે વચ્ચે એક ભવ છે મનુષ્યનો. મનુષ્યનો. દેવનો ગણાય નહિ એ તો. સમજાણું કાંઈ ? આહા..હા...! શ્રુતજ્ઞાનની એટલી તાકાત છે કે એ ક્યારે મોક્ષ જશે એનો પણ એને નિર્ણય આવી જાય છે. આહા..હા...!

અહીં કહે છે, **'નર-નારકાદિ ભેદ...'** મનુષ્ય ને નારકી ને દેવ ને તિર્યંચ ને એ બધા ભેદો **'ઔર બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શુદ્રાદિ વર્ણ-ભેદ સબ કર્મજનિત હૈં,....'** આહા..હા...! તારા દ્રવ્યથી ભિન્ન દ્રવ્યના બધા પ્રકાર છે એ તો. આહા..હા...! સમજાણું કાંઈ ? તારી જે ચીજ છે એનાથી કર્મ તો બીજી ચીજ છે. એના બધા ભેદ છે. આહા..હા...! આવો માર્ગ. અરે..! **'કર્મજનિત હૈં, અભેદનયસે સબ જીવોંકો એક જાનો.'** ઓ..હો..હો...! પાછી વાત પણ જે જૈન પરમેશ્વરે વ્યવહાર જોયો એ વાત કરીને એનો નિષેધ કરે છે. સૂક્ષ્મ, બાદર , પર્યાપ્ત, નરક, નારકી એવા વ્યવહારના ભેદો તો ભગવાને જોયા છે ને ! અન્યમતિમાં એવા ભેદ છે ક્યાં ? આહા..હા...! કર્મ અને કર્મના ભેદ અને ભગવાન અભેદ ને... આહા..હા..!

એમ કહીને... આહા..! **'અનંત જીવોંકર વહ લોક ભરા હુઆ હૈ.'** આહા..! કેમકે એ ચીજ જ પર છે. એના બધા પ્રકાર એમાં તારામાં ક્યાં આવ્યું એ ? અને એનામાં એ ક્યાં આવ્યું ઈ ? સમજાણું કાંઈ ? શું કહ્યું ઈ ? તારામાં દ્રવ્યકર્મ છે જ નહિ. એ દ્રવ્ય એટલે કર્મ એ ચીજ જ પરવસ્તુ છે. હવે પરવસ્તુથી થયેલા ભેદો પર છે. એટલે પરજીવમાં એ નથી અને આ જીવમાં એ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

**'અનંત જીવોંકર વહ લોક ભરા હુઆ હૈ.'** આહા..હા...! ચૌદ બ્રહ્માંડ, ચૌદ રાજૂ લોક અનંત પરમાત્મસ્વરૂપે ભગવાનથી બિરાજમાન છે બધું. આહા..હા...! **'ઉસ જીવ-રાશિમેં ભેદ ઐસે**

हैं' હવે જીવ રાશિના ભેદ બતાવે છે. '**जो पृथ्वीकाय सूक्ष्म,...**' સૂક્ષ્મ પૃથ્વીકાય છે ને ? અહીંયાં બધે આખા લોકમાં સૂક્ષ્મ પૃથ્વીકાય છે. એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં એક એક જીવ. આખા લોકમાં પૃથ્વીકાય સૂક્ષ્મ (છે). જુઓ ! આ ચીજ સર્વજ્ઞના જ્ઞાનમાં આવેલી પર્યાયનો વ્યવહાર, એનું વર્ણન કરીને એ આત્મામાં નથી એમ કહે છે. આહા..હા...! આવી વ્યવહારની વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય બીજે પૃથ્વીકાય અને પાણી એવું છે ? આહા..!

'**जलकायसूक्ष्म,...**' પાણીનો જીવ સૂક્ષ્મ છે. અહીં પૃથ્વી છે ત્યાં જ પાણી છે. સૂક્ષ્મ જળ. સૂક્ષ્મ જળના કાય. '**अग्निकायसूक्ष्म,...**' અગ્નિકાયનો સૂક્ષ્મ અગ્નિ છે. અહીં પણ એ જ ઠેકાણે. આખા લોકમાં. આહા..હા...! '**वायुकायसूक्ष्म,...**' સૂક્ષ્મ વાયુ. આ જે પવન છે એ બાદર વાયુ છે. અંદર સૂક્ષ્મ વાયુ છે. બધે આખા લોકમાં. '**नित्यनिगोदसूक्ष्म,...**' નિત્ય નિગોદ છે. ઓલા તો બધા પ્રત્યેક કહ્યા, પ્રત્યેક. આ નિત્યનિગોદસૂક્ષ્મ. કાયમ નિત્ય નિગોદવાળા, પર્યાયવાળા પણ એ સૂક્ષ્મ જીવ બધા આ લોકમાં છે. આહા..હા...! '**ईतरनिगोदसूक्ष्म...**' એ પણ લોક આખામાં છે. ઈતર એટલે નિત્યમાંથી નીકળીને પાછા આમ બીજામાં જાય એને ઈતરનિગોદ કહેવાય. '**ईन छह तरहके सूक्ष्म जीवोंकर तो यह लोक निरन्तर भरा हुआ है,...**' આહા..હા...! ઓલો એક આત્મા કહે છે ને વેદાંત સર્વવ્યાપક (કહે છે). અહીં તો એવા અનંતા આત્મા પૂર્ણાનંદથી ભરેલા આખા લોકમાં છે. આહા..હા...! કેટલાકને એ કહે છે ને કે આ 'સમયસાર' વેદાંતના ઢાળમાં ઢાળ્યું છે. પણ વેદાંતમાં એ કે દિ' વાત હતી ? આહા..હા...!

'**यह लोक निरन्तर भरा हुआ है, सब जगह ईस लोकमें सूक्ष्म जीव हैं.**' આખા લોકમાં. સિદ્ધ ભગવાન છે ત્યાં પાંચેય સૂક્ષ્મ જીવ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, નિત્ય નિગોદ... સિદ્ધ ભગવાન બિરાજે છે ને ત્યાં પણ આ છે. આહા..હા...! '**और पृथ्वीकायबादर,...**' આ તો આખા લોકમાં ભર્યા છે. હવે પૃથ્વીકાય બાદર એ આખા લોકમાં ન હોય. સમજાણું કાંઈ ? '**जलकायबादर,...**' પાણી બાદર. આ દરિયો ને જે આ દેખાય બાદર પાણી. '**अग्निकायबादर, वायुकायबादर, नित्यनिगोद्बादर,...**' પાછું જોયું ! આહા..હા...! એ અમુક સ્થાનમાં જ હોય આધાર હોય ત્યાં. ઓલા સૂક્ષ્મ છે એ આખા લોકમાં હોય. આહા..હા...!

'**ईतरनिगोद्बादर...**' એ પણ આધાર હોય ત્યાં હોય. '**और प्रत्येकवनस्पति**' લીમડા, પીપળા. '**ये जहां आधार है वहां हैं.**' ઓલા સૂક્ષ્મને કોઈ આધારની જરૂર નથી. એ તો આખા લોકમાં ખીચોખીચ ભર્યા છે. આ અંગૂલના અસંખ્યમા ભાગમાં અનંતા જીવ અહીંયાં ભગવાનસ્વરૂપે બિરાજે છે. આહા..હા...! કહો, આ અંગૂલનો અસંખ્યમો ભાગ, હોં ! જ્યાં અનંતા સૂક્ષ્મ જીવો બિરાજે છે. દરેક ભગવાનસ્વરૂપ છે. આહા..હા...! આ વિશાળ દૃષ્ટિ ! સમજાણું કાંઈ ? બધા ધર્મ સરખા છે તે વિશાળ દૃષ્ટિ એમ લોકો કહે છે. એ વિશાળ દૃષ્ટિ છે કે એકાંત દૃષ્ટિ છે ?

'શ્રીમદે' તો સમભાવની વ્યાખ્યા કરતાં એમ પણ કહ્યું. સમભાવ આવે છે ને ? શું શ્લોક ?

... સમદર્શિતા વિચરે ઉદય પ્રયોગ. 'શ્રીમદ્' સમદર્શિતાની વ્યાખ્યા કરી કે ભાઈ ! સમદર્શિતા એટલે બધાને સરખા માનવા ઈ ?–ના. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર તરીકે જણાવે. એ સમભાવમાં એ વિષમભાવ નથી. સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રને બરાબર જણાવે. આહા.. હા...! સમજાણું કાંઈ ? એ સમભાવ છે. બધા સરખા માનવા એ તો મુર્ખાઈ છે. સમજાણું કાંઈ ? આહા..!

**શ્રોતા :–** હમણાં આપે કીધું, બધા જીવ સરખા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કઈ રીતે ? એ તો સ્વભાવની અપેક્ષાએ, પણ ધર્મ બધા સરખા છે વેદાંત ને આ બધા, એમ ક્યાં છે ? સમજાણું કાંઈ ? એક ન્યાય ફરતાં આખો ન્યાય ફરી જાય છે. કહે છે, સમભાવમાં તો બધું કહે. દેવને દેવ સિદ્ધ કરે સત્દેવને, સત્શાસ્ત્રને સત્શાસ્ત્ર સિદ્ધ કરે, સદ્ગુરુને સદ્ગુરુથી ઓળખાવે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને ઉથાપે. એ સમભાવ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! છદ્મસ્થ છે એટલે જરી 'આ નહિ' એવું થતા એવો વિકલ્પ ઊઠે છે, પણ એ વિકલ્પ તો જાણવાલાયક કહ્યો છે. સમજાણું કાંઈ ? આ ખોટું છે, રાગી છે ને એટલે જરી આ (સત્ય) છે એ રાગનો અંશ છે. આ નથી, એ ખોટું છે. પણ છતાં સમભાવમાં રહીને એ વિકલ્પ ઊઠે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! અરે..! આવી વાતું છે.

જ્યાં આધાર હોય ત્યાં બાદર હોય એમ કહેવું છે. સૂક્ષ્મ છે એને આધારની જરૂર નથી. ચૌદ રાજૂ લોકમાં ઠાંસોઠાસ ભર્યા છે. આહા..હા..! હીરો હોય છે ને મજબુત ? તો એનામાં ત્યાં અંદર સૂક્ષ્મ જીવ છે. આ ભીંત છે ભીંત, આરસપહાણની ભીંત એની અંદરમાં અનંત સૂક્ષ્મ જીવ છે. આરસપહાણની જાત એ જુદી જાત છે. આહા..હા...! આખા લોકમાં છે ને. આહા..હા...! જુઓ, આ લાકડી છે તેની અંદરમાં પણ છે. આંગળી છે (એમાં) અંદરમાં અનંત છે.

**શ્રોતા :–** રોટલીના બટકામાં ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રોટલીના બટકામાં. બધે ક્ષેત્રમાં છે. રોટલીમાં નહિ, પણ રોટલી જ્યાં છે તેના સ્થાનમાં અનંતા જીવ છે. રોટલીમાં એમ નહિ, રોટલીના ક્ષેત્રમાં. આહા..હા...! આવો માર્ગ તો જુઓ ! વીતરાગ પરમેશ્વરે. લોકોને બિચારાને મળ્યો નથી. પછી આ એવું લાગે કે અરે...! એકાંત છે... એકાંત છે... આહા..હા...! 'શાહુજી'ને લખે છે. તમે અમને બધાને કહો પણ ત્યાં પણ સલાહ આપોને કે આવું ખોટું કરે છે એકાંત. બાપુ ! ક્યાં છે ? ભાઈ ! એકાંત કોને કહેવું ?

અહીંયાં તો ભગવાન એકાંતમાં તો પરમાત્મસ્વરૂપે જ જણાય છે કહે છે. એ નિશ્ચયનયના વિષયમાં તો આ એકાંત જ છે. આહા..હા...! વ્યવહારનયનો વિષય ભેળવે ત્યારે અનેકાંત થાય છે, પણ એ તો અનેકાંત બે ભળ્યા માટે એ અનેકાંત થયું. એથી કરીને અનેક પર્યાય દ્રવ્યમાં છે એમ અનેકાંત નથી થયું. પર્યાય પર્યાયમાં છે એમ જાણીને દ્રવ્યમાં નથી એમ અનેકાંત થયું છે. એમ વ્યવહાર વ્યવહારમાં છે એમ રાખીને નિશ્ચયમાં નથી એમ અનેકાંત થયું. પણ વ્યવહારથી

પણ નિશ્ચય થાય અને નિશ્ચયથી પણ થાય એ અનેકાંત એમ નથી. આહા..હા...! શું થાય ?

ઓલા કહેતા હતા. આવ્યા હતા ને 'જુગલકિશોર'. 'દિલ્હી'થી 'જુગલકિશોર મુખત્યાર'. આ 'જુગલકિશોર' 'કોટા'ના એ જુદા. ઓલા 'મુખત્યાર' જુદા. પાણી અગ્નિને લઈને ઊનું થયું એ દષ્ટ-ઈષ્ટ છે. પ્રત્યક્ષ દેખાય છે અને તમે એનો નિષેધ કરો. એમ કહે છે. દષ્ટ-ઈષ્ટ. ભગવાન ! એ પાણી ઊનું થયું છે એ તો પોતાની પર્યાયથી થયું છે, અગ્નિ તો એને અડી પણ નથી. આહા..હા...! એની પર્યાયમાં અગ્નિના પર્યાયનો અભાવ છે. એ અભાવ છે એને લઈને ઊનું પાણી થાય ? આહા..હા...! આવી વાતું ભારે પડે. આ તો અંદર સૂક્ષ્મપણે છે એનું સ્પષ્ટીકરણ છે. આ બધું લખીને વિશાળ ઝેરવાળું પુસ્તક કરી નાખ્યું એમ લખ્યું છે. બાપુ ! એમ નથી, ભાઈ ! તને ન બેસે એટલે એમ થઈ ગયું ? આહા..હા...!

અહીં '**સો કહીં પાયે જાતે હૈં, કહીં નહીં પાયે જાતે,...**' કોણ ? બાદર. સૂક્ષ્મ છે એ આખા લોકમાં છે અને બાદર ક્યાંક હોય અને ક્યાંક ન હોય. '**પરંતુ યહ ભી બહુત જગહ હૈં.**' બાદર ઘણી જગ્યાએ છે. પૂર્ણ બધામાં નહિ. સૂક્ષ્મ છે તે આખા લોકમાં છે. ઠાંસીને ભરેલા છે ભગવાન બધા. આહા..હા...! ઓલો કહે છે ઈશ્વર એક છે. બીજો ઈશ્વર થાય તો મતભેદ થાય. વરસાદ વરસાવવો છે કે નથી વરસાવવો ? લ્યો હવે એવી ચર્ચા. ઈશ્વર કહે કે વરસાદ વરસાવ. ઈશ્વર એક જ છે, બે નહિ. વરસાદ વરસાવે ? કોણ વરસાવે ? અનંતા ઈશ્વર છે. સ્વભાવે, શકિતએ, સામર્થ્યે. આહા..હા...!

'**ઈસપ્રકાર સ્થાવર તો તીનોં લોકોંમેં પાયેજાતે હૈં,...**' છે ને ? ભલે ઓલા પૂર્ણ રીતે પામે અને ઓલા બાદર કો'ક કો'ક હોય, પણ છે ત્રણે લોકમાં. બાદર પણ ત્રણે લોકમાં છે. ત્રણ લોકમાં પૂરા ક્ષેત્રમાં નહિ. સમજાણું કાંઈ ? અને સ્થાવર જે સૂક્ષ્મ છે એ ત્રણલોકમાં પૂરા આખા લોકમાં (છે). જુઓ ! અહીં પાછા ત્રણ ભેગા કર્યા. ભેગા કર્યા એટલે ત્રણ લોક ભેગા કર્યા. આખા લોકમાં બાદર છે એમ નહિ. ત્રણ લોકમાં છે. મધ્ય-તીરછામાં ક્યાંક ક્યાંક છે. મધ્યમાં છે, ઊર્ધ્વમાં છે અને અધોમાં પણ છે. આહા..હા...!

'**દોઈંદ્રી, તેઈંદ્રી, ચૌઈંદ્રી, પંચેન્દ્રી તિર્યંચ યે મધ્યલોકમેં હી પાયે જાતે હૈં,...**' ઓલા બાદર છે એ ત્રણે લોકમાં થોડા-થોડા હોય છે અને આ છે તે મધ્યલોકમાં હી પાયે જાતે હૈં. બસ ! વચલા લોકમાં. '**અધોલોક-ઊર્ધ્વલોકમેં નહીં.**' બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, પંચેન્દ્રિય અધોલોકમાં નથી, ઊર્ધ્વલોકમાં નથી. '**ઉસમેં સે દોઈંદ્રી, તેઈંદ્રી, ચૌઇન્દ્રિ જીવ કર્મભૂમિમેં હી પાયે જાતે હૈં,...**' કર્મભૂમિ છે ને આ એમાં હોય. 'ભોગભૂમિમેં નહીં.' જુગલિયામાં નહિ. ભોગભૂમિ જુગલિયા છે ને ? દેવકુરુ, ઉત્તરકુરુ, ત્યાં બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય નથી. આહા..હા...! '**ભોગભૂમિમેં ગર્ભજ પંચેન્દ્રી સૈની થલચર...**' ભોગભૂમિ. જુગલિયા. '**ગર્ભજ પંચેન્દ્રિ સૈની થલચર યા નભચર યે દોનોં જાતિ-તિર્યંચ હૈં.**' તિર્યંચ હોય છે ત્યાં. દેવકુરુ, ઉત્તરકુરુ, હરિવંશકુરુ, છે ને છ કુરુવંશ ? ત્યાં પંચેન્દ્રિય, જલચર, થલચર '**દોનોં જાતિ તિર્યંચ હૈં.**'

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે ને બસ એટલા છે.

**'મનુષ્ય મધ્યલોકમેં ઢાઈ દ્વીપ મેં પાયે જાતે હૈં, અન્ય જગહ નહીં,...'** લ્યો ! નભચર કીધું ને ? સ્થલચર અને નભચર બેય ભોગભૂમિમાં છે ત્યાં. **'દેવલોકમેં સ્વર્ગવાસી દેવ-દેવી પાયે જાતે હૈં,...'** દેવલોકમાં દેવ-દેવી છે. **'અન્ય પંચેન્દ્રિય નહીં,...'** મનુષ્ય અને તિર્યંચ ત્યાં નથી. **'પાતાલલોકમેં ઊપરકે ભાગમેં ભવનવાસીદેવ તથા વ્યંતરદેવ ઔર નીચેકે ભાગમેં સાત નરકોંકે નારકી પંચેન્દ્રિ હૈં, અન્ય કોઈ નહીં...'** ત્યાં કોઈ મનુષ્ય ને દેવ આદિ છે નહિ. **'ઔર મધ્યલોકમેં ભવનવાસી, વ્યંતરદેવ તથા જ્યોતિષીદેવ યે તીન જાતિકે દેવ ઔર તિર્યંચ પાયે જાતે હૈં. ઈસપ્રકાર ત્રસજીવ કિસી જગહ હૈં, કિસી જગહ નહીં હૈં.'** આહા..હા..!

**'ઈસ તરહ યહ લોક જીવોંસે ભરા હુઆ હૈ.'** આહા..હા...! **'સૂક્ષ્મસ્થાવર કે બિના તો લોકકા કોઈ ભાગ ખાલી નહીં હૈ, સબ જગહ સૂક્ષ્મસ્થાવર ભરે હુએ હૈં. યે સભીજીવ શુદ્ધ...'** એ બધા જીવો... આહા..હા...! **'શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર શક્તિકી અપેક્ષા કેવલજ્ઞાનાદિ ગુણરૂપ હૈં.'** બધા જીવો શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી... આ..હા...! શુદ્ધ પારિણામિક સહજભાવથી અનંત કેવળજ્ઞાનાદિક ગુણરૂપ બિરાજમાન છે. આહા..હા..! કેવળજ્ઞાન પર્યાય નહિ. કેવળજ્ઞાનાદિ ગુણરૂપે બધા બિરાજમાન (છે). પરમભાવગ્રાહક સ્વભાવ... આહા..હા...! એ રીતે બધા જીવને સમાન જાણ. આ રીતે શકિતના સ્વભાવની અપેક્ષાએ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

卐

**બાપુ! આત્મામાં આનંદ છે, બીજે ક્યાંય આનંદ છે નહીં. શુભભાવ કર્યા હોય તોપણ સ્વર્ગમાં આનંદ ક્યાંય છે નહીં. બહારની અગવડતા જરીક ઓછી થાય ત્યાં તો રાડે રાડ પાડે ને જરાક સગવડતા આવે ત્યાં તો ફુલી જાય પણ બાપુ! એમાં છે શું? સનેપાત થયો છે સનેપાત! ભાઈ સુખ તો આત્મામાં છે બાપુ! સમકિતીને શુભભાવના ફળમાં સ્વર્ગ મળે પણ તેમાં તે સુખ માનતો નથી. અજ્ઞાનીને તો હાય... હાય... શરીર સારાં હતા ત્યારે આ કર્યું નહીં ને તે કર્યું નહીં ને હવે... એમ ચિંતા ચિંતા કરીને મરીને હાલ્યો જાય નરકમાં ને નિગોદમાં.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૯૮૯)**

## શ્રી પરમાત્મપ્રકાશ, દ્વિતીય અધિકાર, ગાથા-૧૯૭
## પ્રવચન નં.૨૩૬, તા.૧૨-૫-૧૯૭૭
## (૨૩)

૧૯૭. ગાથા બહુ સરસ છે. '**આગે ઐસા કહતે હૈં, કિ કેવલજ્ઞાન હી આત્માકા નિજસ્વભાવ હૈ,...**' દરેક આત્માને કેવળજ્ઞાન જ સ્વભાવ છે, શાશ્વત સ્વભાવ છે. આહા..હા..! શરીર, વાણી, મન તો નહિ, કર્મ નહિ, રાગ નહિ, અલ્પજ્ઞપણું નહિ. આહા..હા...! દરેક.. છે ને ? '**કેવલજ્ઞાન હી આત્માકા નિજસ્વભાવ હૈ, ઔર કેવલીકો હી પરમાત્મા કહતે હૈં.**' શકિતરૂપે દરેક કેવળજ્ઞાનસ્વભાવી ભગવાન જ છે. ત્યાં એને દૃષ્ટિ દેવી પડશે. આખો બાર અંગ ને શાસ્ત્રનો સાર આ છે. કહ્યું કે ભૂતાર્થ ત્રિકાળ આત્મા શકિતરૂપે સ્વભાવરૂપે કેવળજ્ઞાનમય જ છે, પરમાત્મા જ છે. આહા..હા...! પ્રત્યેક આત્મા. આહા..હા...! એને પર્યાયબુદ્ધિ ઉડાવીને દ્રવ્યબુદ્ધિ કરાવે છે. આહા..હા...! કરાવે છે એનો અર્થ કે એવો એનો સ્વભાવ છે. આહા..હા...! કેવળજ્ઞાન, એનો નિજ સ્વભાવ છે.

**શ્રોતા :–** સ્વભાવ હોય તો ત્રણે કાળે રહેવો જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્રણે કાળે છે. ત્રણે કાળે જ છે. કેવળ એકલું જ્ઞાનસ્વરૂપ, એની સાથે આનંદ લેશે. બહુ ગાથા સારી છે. આહા..!

તું પરમાત્મા જ છો. આ પરમાત્મપ્રકાશ છે. એમ કહે છે. દરેક આત્મા અભવિ અને ભવિ, અનંતે કાળે સિદ્ધ નહિ થાય એવા જીવો પણ પરમાત્મસ્વરૂપ જ છે, એમ કહે છે. આહા..હા...! વસ્તુ એવી છે, વસ્તુ એવી છે. દ્રવ્યદૃષ્ટિનો અર્થ દ્રવ્ય એટલે વસ્તુ. સ્વભાવ જ એવો છે. આહા..હા...! એમાં અલ્પજ્ઞપણું જ્યાં નથી ત્યાં પછી રાગ, પુણ્ય ને વ્યવહાર ને નિમિત્ત તો ક્યાં રહ્યા ! આહા..હા...! એવી વાત છે.

'**કેવલજ્ઞાન હી...**' એમ શબ્દ છે ને ? કેવળજ્ઞાન જ '**આત્માકા નિજસ્વભાવ હૈ,...**' આત્માનો નિજ સ્વભાવ જ એવો છે. આહા..હા...! કેટલી દૃષ્ટિને ક્યાંય બધે બહારથી ખેંચીને અંદર લઈ જવી પડશે. આહા..હા...! આખી દુનિયા એને એક બાજુ રાખી, રાગ પણ એક બાજુ રાખી અને પ્રગટ વર્તમાન વ્યકત પર્યાય છે એને પણ એક બાજુ રાખ. આહા..હા...! એક સમયની અવસ્થા પ્રગટ છે, અસ્તિ છે, એની અસ્તિની રુચિ પણ છોડી દે. આહા..હા...! આવું સ્વરૂપ છે. લોકોને આ પરમાર્થ બેસવો કઠણ પડે. વ્યવહારના લખાણ શાસ્ત્રમાં બહુ આવે. આ વ્યવહાર લખ્યો. બધું લખ્યું, બાપા ! બધું કહ્યું છે. અલ્પજ્ઞ પણ કહ્યો છે, નિગોદના જીવને અક્ષરના અનંતમા ભાગે પણ ઉઘાડ કહ્યો છે. એ તો પર્યાયની વર્તમાન અવસ્થાની વાતું છે.

આહા..હા...! છે, ભલે હો. એને ઓળંગી જઈને. ત્રિકાળ જ્ઞાનસ્વભાવ, કેવળજ્ઞાન એકલો જ્ઞાનસ્વભાવ એટલે કે પરમાત્મસ્વભાવ જ આત્મા છે. આહા..હા...! અને **'કેવલીકો હી પરમાત્મા કહતે હૈં.'** વ્યકત છે. કેવળજ્ઞાની વ્યકત પર્યાયમાં છે. બીજા બધા આત્માઓ શકિતરૂપે સ્વભાવરૂપે પરમાત્મા છે. આહા..હા...!

**૩૨૮ ) जो जिणु केवल–णाणमउ परमाणंद–सहाउ।**
**सो परमप्पउ परम–परु सो जिय अप्प–सहाउ।।१९७।।**

એ જીવનો પોતાનો સ્વભાવ જ છે, છેલ્લા પદમાં એમ કહ્યું. આહા..હા...!

**અન્વયાર્થ : 'જો અનંત સંસારરૂપી વનકે ભ્રમણકે કારણ...'** 'યઃ જિનઃ' **'જો અનંત સંસારરૂપી વનકે ભ્રમણકે કારણ જ્ઞાનાવરણાદિ આઠ કર્મરૂપી વૈરી...'** એ નિમિત્તથી કથન છે. વેરી તો એનો પોતાનો અશુદ્ધ વિપરીત પરિણામ તે વેરી છે, પણ ટૂંકું કહેવામાં એનું નિમિત્ત છે તેને વેરી કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ? એ નિમિત્તને કાંઈ આત્માને ઊલટી દશા કરાવતું નથી. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ.. આહા..હા...! સમ્યગ્દર્શન, એનો વિષય જે ત્રિકાળ એ તો પરમાત્મસ્વરૂપ જ છે, એમ કહે છે. આહા..હા...! અને કેવળીએ કર્યું શું ? કહે છે. શકિતરૂપે તો એ ભગવાન પોતે હતા. હવે પર્યાયમાં કેમ આવ્યા ? પ્રાપ્તની પ્રાપ્તિ. જે ચીજ હતી એ દશામાં આવી. પરમાત્મરૂપ હતું એ શકિતરૂપે સ્વભાવરૂપે એના સત્ત્વરૂપે ધ્રુવ હતું.

જ્ઞાનાવરણાદિ ભવભ્રમણના કારણરૂપ તેને જીતનાર **'यः जिनः'** જિનની વ્યાખ્યા છે ને ? એમણે જીત્યા. કર્મને જીત્યા એ કહેવું તો તદ્દન અસદ્ભૂત વ્યવહાર છે, પણ અશુદ્ધતાને જીત્યા એ પણ એક અશુદ્ધનયનું વ્યવહારનયનું કથન છે. જિન શબ્દ છે એટલે એનો અર્થ જીતવું. આહા..હા...! બાકી તો પરમાત્મસ્વરૂપ છે તેમાં જ્યાં ઠરે છે, પરમાત્મ સ્વરૂપ પોતે છે, તેનું સમ્યગ્દર્શન કરી અને એમાં ઠરે છે ત્યારે વિકારની પર્યાય ઉત્પન્ન થતી નથી અને ઉત્પન્ન સર્વજ્ઞપણું થાય છે, એથી એણે અશુદ્ધતારૂપી ભાવકર્મને જીત્યા, ત્યારે જડ કર્મને જીત્યા એવો અસદ્ભૂત વ્યવહાર લાગુ પડ્યો. આહા..હા...! સમજાણું કાંઈ ? જિન શબ્દ છે ને જિન. જિન સો હી આત્મા, એમ અહીં સિદ્ધ કરવું છે. બધા ભગવાન જિનસ્વરૂપે છે. અને કેવળી થયા એ શી રીતે જિન થયા ? એમના કેવળજ્ઞાન સ્વભાવથી વિરૂદ્ધ ભાવ જે પર્યાયમાં હતો, અલ્પજ્ઞ માનતો હતો, રાગવાળો માનતો હતો, મલિન છું માનતો હતો, અપૂર્ણ છું એવી જે માન્યતા હતી, એને પૂર્ણ છું, અખંડ છું, અભેદ છું, એવો વિકલ્પ નહિ, પણ એ રીતે શ્રદ્ધા-જ્ઞાન કરી અને અંદર ઠર્યા, ત્યારે ભાવકર્મની અશુદ્ધતાનો જે ભાવ હતો એ ઉત્પન્ન થયો નહિ એટલે એનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. ત્યારે એનું નિમિત્ત જે કર્મ હતું એ તો નાશ એને થવાને કાળે એને કારણે થયું છે. સમજાણું કાંઈ ? કાંઈ પરદ્રવ્યનો આત્મા સ્વામી નથી કે એને બાંધે અને એને તોડે. સમજાણું કાંઈ ? આહા..હા...!

'**ઉનકા જિતનેવાલા વહ...**' '**केवलज्ञानमयः**' '**કેવલજ્ઞાનાદિ...**' પાઠમાં એકલું કેવળજ્ઞાનમય છે. '**કેવલજ્ઞાનાદિ અનંત ગુણમયી હૈ...**' જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંત શક્તિઓનો સમૂહ છે. ક્ષેત્ર ભલે થોડું હો, અસંખ્ય પ્રદેશી અને શરીર પ્રમાણે પણ એની અંદર શક્તિઓ જે છે-જ્ઞાન, દર્શન આદિ એ તો અનંત અને અપાર ને, અપરિમિત છે, સંખ્યાએ અને સ્વભાવે. સમજાણું કાંઈ ? સંખ્યાએ પણ અનંત છે અને એ શક્તિનો સ્વભાવ વર્તમાન પણ અનંત અને અપરિમિત છે. આહા..હા...! આવો ઉપદેશ એટલે માણસને (કઠણ લાગે). ઓલું વ્રત પાળવાનું કહે, દયાનું કહે, વ્યવહારમાં કર્મ નડે છે ને આ કર્મ નડે છે (તો સમજાય પણ ખરું). 'ગોમ્મટસાર'માં આવે ને કે જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને હણે. એવી વાતું લોકોને સારી લાગે. બાકી હણે કોને ?

અસ્તિ સ્વરૂપ મહાપ્રભુ અનંત બેહદ જ્ઞાન ને અનંત આનંદ, એમ ભેગો આનંદ લીધો છે. અહીંયા કેવળજ્ઞાનમય એમ લીધું છે. અને પરમાનંદ સ્વભાવ. આહા..હા...! આ બહારના ભભકા તો ભૂલી જા, પણ અંદરની અલ્પજ્ઞ પર્યાય જેટલો પણ ભૂલી જા. આહા..હા...! અને શુભ રત્નત્રયનો રાગ જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રત, બાર વ્રતાદિના વિકલ્પો કે શાસ્ત્રનું ભણતર એ બધું ભૂલી જા. આહા..હા...! ભગવાનને યાદ કરવા હોય તોપણ એ બધું ભૂલી જા. ચાર જ્ઞાનની દશા પ્રગટ થઈ હોય તોપણ તેને ભૂલી જા અને ત્રિકાળી છે ત્યાં દૃષ્ટિને રાખ. દૃષ્ટિ તો ત્યાં છે જ એની. આહા..હા..! આવો માર્ગ.

'**કેવલજ્ઞાનાદિ અનંત ગુણમયી હૈ...**' ગુણમય કીધો છે, ગુણવાળો પણ નહિ. ગુણમય. અભેદ છે. એમ કીધું છે ને ? છે ને ? '**કેવલજ્ઞાનાદિ અનંત ગુણમયી...**' અનંત ગુણવાળો એમ નહિ. અનંત ગુણવાળો તો ભેદ પડી જાય છે. અનંતગુણમય છે. આહા..હા...! આવો જે ભગવાન આત્મા,.. આહા..હા...! શરીરના સંસર્ગથી ઉત્પન્ન થતો વિકલ્પ એ પણ ભૂલી જા, ભાઈ ! સંસર્ગ તેં કર્યો જ નથી. એક દેહ બીજા દેહને સંસર્ગ અડતો પણ નથી. પણ અહીંયા તો ભગવાન જ્ઞાનમય કીધો. અનંતજ્ઞાનમય આદિ અનંત શક્તિઓ, એ રાગને અડતી નથી અને વર્તમાન એક સમયની પર્યાયને પણ એ ત્રિકાળી જ્ઞાનમય, જ્ઞાનમય છે એ એક સમયની પર્યાયને અડતો નથી. 'ચીમનભાઈ' ! આવું સ્વરૂપ છે. આહા..હા...! આવો વીતરાગમાર્ગ. અને તે પણ એમ કહ્યું કે અનંત જ્ઞાનમય અને પરમાનંદ સ્વભાવ. પ્રભુ ! તારો પરમ આનંદ સ્વભાવ છે. આહા..હા...! તારા આનંદની શું વાત કરવી ! કાલે આવ્યું હતું ઓલામાં. પણ કો'કનું લઈને ઉધારે. 'જૈનપ્રકાશ'માં. પેલો 'અમરચંદ' છે ને ? આત્મા તો અમૃતનો સાગર ઊછળે છે. પણ પ્રભુ ! ક્યાંથી તું લાવ્યો આ ?

**શ્રોતા :-** દિગંબરમાંથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં હતું ? બાપુ ! આહા..હા...! અને વળી પાછો ત્યાં ને ત્યાં એમ કહે કે ગૃહસ્થલિંગે પણ મોક્ષ થાય. વેષ ગૃહસ્થનો હોય તોપણ મોક્ષ થાય. વળી ન્યાં એમ કહે.

કાંઈ મેળ (ખરો) ?

**શ્રોતા :–** વસ્ત્રસહિત થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, લખ્યું છે. ભાઈએ વાંચ્યું. 'ચેતનજી'એ. મેં પહેલું વાંચ્યું. ગૃહસ્થલિંગે, અન્ય લિંગે મોક્ષ થાય. અરે..! પ્રભુ ! આહા..હા...!

**શ્રોતા :–** શ્વેતાંબરમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શ્વેતાંબરમાં પંદર ભેદેથી થાય છે. એ ખોટી વાત છે.

જેને પૂર્ણાનંદ નાથ જ્યાં અંદર દષ્ટિમાં આવ્યો અને જેમાં જેની રમણતાની જમવટ જામી,.. આહા..હા...! અનંતજ્ઞાન આદિ અનંત ગુણમય અને પરમાનંદ, પરમ અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન જ્યાં... આહા..હા...! એમાં જેની રમઝટ વાગી.. આહા..હા....! એને લિંગ તો નગ્ન જ હોય. એને બીજું લિંગ હોય નહિ. ભાઈ ! એ લિંગ કંઈ કેવળજ્ઞાન પમાડતું નથી, પણ નિમિત્ત તરીકે હોય તો ઈ. નિમિત્ત તરીકે હોય એનો અર્થ નિમિત્ત છે, પણ નિમિત્ત કરતું નથી ત્યારે એને નિમિત્ત કહેવાય છે. નગ્નપણું નિમિત્ત હો, પણ નિમિત્તની વ્યાખ્યા આ. પોતે હો, પણ પરને કાંઈ કરી શકે એ નિમિત્ત ન કહેવાય. સમજાણું કાંઈ ? આવો ધર્મ !

પરમાનંદ '**ઔર ઈન્દ્રિય વિષયસે રહિત...**' આહા..હા...! પાંચે ઈન્દ્રિયો. સ્પર્શ ઈન્દ્રિય, જિહ્વાઈન્દ્રિય, નાક, કાન, આંખ એ પાંચે સ્પર્શ આદિ ઈન્દ્રિયોના વિષયોથી રહિત. આહા..! વિષયોથી રહિત. આહા..હા...! જેના શરીરના સ્પર્શથી બીજાના સ્પર્શની સાથે અડી શકતો નથી, પણ એને એમ માને છે કે હું પર શરીર ને માંસને સ્પર્શું છું અને એને ભોગવું છું, એમ માને છે. એ માન્યતા જૂઠી છે અને એ જે ભાવ છે તે ઝેરનો પ્યાલો છે. આહા..હા...! આ કેમ બેસે ? આમ અનુકૂળ લાગે, વિષયો અનુકૂળ લાગે, માંસ, હાડકા, ચામડા સુંવાળા, રૂપાળા ( લાગે) અને જુવાની ફૂટડી ફાટેલી, પચીસ-ત્રીસ વર્ષની ઉંમર હોય.. 'ચીમનભાઈ'! એને એમ કહેવું, બાપુ ! એ તારા પાંચ ઈન્દ્રિયના વિષય તરફનો જે ભાવ છે એ ઝેર છે, એ દુઃખ છે, એ આનંદને ગાળી નાખીને શાંતિને દઝાડે છે. આહા..હા...! એ કેવળજ્ઞાનમય તો છે, પણ પરમ આનંદ સ્વભાવ છે જેનો. ભાષા જોઈ ? પરમ આનંદ એનો સ્વભાવ છે. જેમ કેવળજ્ઞાન સ્વભાવ છે, એમ પરમ આનંદ સ્વભાવ છે. બે વાત જ જ્યાં હોય ત્યાં લ્યે છે. જ્ઞાન ને આનંદ, જ્ઞાન ને આનંદ. બસ ! પછી બીજા બધા સાથે આવી જાય. અરે...! એને પલટો કેટલો મારવો પડે, ભાઈ ! પરમ કેવળજ્ઞાનમય ભગવાન અને પરમ આનંદ જેનો સ્વભાવ.

'**ઈન્દ્રિય વિષયસે રહિત આત્મીક રાગાદિ વિકલ્પોંસે રહિત...**' આહા..હા...! એમાં થતો વિકલ્પ જે રાગ, ચાહે તો શુભરાગ હો. આત્મીક કેમ કહ્યું ? કે એની પર્યાયમાં થાય છે ને. 'રાગાદિ વિકલ્પોંસે રહિત પરમાનંદ હી જિસકા સ્વભાવ હૈ,...' આહા..હા...! આ તો અરિહંતની વ્યાખ્યા કરે છે, પણ એ રીતે આત્માનો સ્વભાવ એવો છે. જેટલા વિશેષણો કેવળીને લાગુ પડે એટલા જ વિશેષણો આત્મસ્વભાવ ભગવાનને લાગુ પડે છે. આહા..હા...! કહે છે કે

પરના સંસર્ગમાં રહેવું એ તો તને શોભે નહિ, પણ રાગના સંસર્ગમાં રહેવું એ શોભે નહિ. એક પર્યાયના અંશના પ્રગટ પર્યાયના પ્રેમમાં રહેવું એ તને શોભે નહિ. આહા..હા...! બાપુ ! તારી શોભા પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદમય છે અરિહંત એવા છે. અહીં તો અત્યારે ચાલે છે. પછી કહેશે કે તું જ એવડો છે. આહા..હા...! એવું અરિહંતપદ કેવળજ્ઞાનમય અને પરમાનંદ સ્વભાવ પ્રગટ્યો ક્યાંથી પણ ? કાંઈ બહારથી આવે છે ? આહા..હા...!

પરમાનંદ સ્વભાવ '**આત્મીક રાગાદિ વિકલ્પોંસે રહિત પરમાનંદ હી જિસકા સ્વભવ હૈ, ઐસા જિનેશ્વર કેવલજ્ઞાનમયી અરહંતદેવ...**' એમ કહીને કહ્યું છે કે કોઈ જિનેશ્વર, જિન એવો કોઈ સંપ્રદાય નથી કંઈ. એ તો વસ્તુએ કેવળજ્ઞાન અને આનંદસ્વરૂપ છે. એમાં અંદર લીનતાની રમઝટ માંડી છે. આહા..હા...! એમાંથી એણે રાગ ને દ્વેષની ઉત્પત્તિ છોડી દીધી અને એને જીત્યા એમ કહીને એ જિનેશ્વર વસ્તુનું સ્વરૂપ છે. આ તો વસ્તુનો સ્વભાવ છે. જિનમાર્ગ કોઈ એક છે અને અનેરો ઈશ્વરનો કોઈ બીજો માર્ગ છે એમ નથી. સમજાણું કાંઈ ? આહા..!

'**ઐસા જિનેશ્વર...**' જિન ઈશ્વર. જિનના ઈશ્વરતા જેને પ્રગટી છે. '**કેવલજ્ઞાનમયી અરહંતદેવ વહી...**' પરમ પરમ આત્મા. પરમ.. પરમ. '**ઉત્કૃષ્ટ અનંત જ્ઞાનાદિ ગુણરૂપ લક્ષ્મીવાલા...**' પરમ આત્માની વ્યાખ્યા કરી. આ..હા...! અરિહંતદેવ જિનેશ્વરદેવ કેવા છે ? પરમાત્મા ણમો અરિહંતાણં. એ અરિહંતપદ કેવું છે એનું આ વર્ણન છે. જેને પરમ કેવળજ્ઞાન પ્રગટ્યું છે અને જેને પરમ અતીન્દ્રિય આનંદ (પ્રગટ થયો છે). આહા..હા...! તે કેવા (છે) ? '**ઉત્કૃષ્ટ અનંત જ્ઞાનાદિ ગુણરૂપ લક્ષ્મીવાલા...**' છે. એમાં પણ પાછા લક્ષ્મી છે. આ ધૂડની લક્ષ્મીવાળા જે શેઠિયાઓ કહેવાય છે, આ પાંચ-પચીસ લાખ ધૂડ હોય ને માટી પૈસા, એના શેઠિયા કહેવાય ઈ. માટીના, ધૂડના.. ધૂડના. ધૂડના ધણી ! આ કેવળજ્ઞાન લક્ષ્મીના ધણી આત્મા છે, એમ કહે છે. આહા..હા...! અરિહંત પરમેશ્વર ણમો લોએ સવ્વ અરિહંતાણં. ટૂંકું કર્યું છે, ણમો અરિહંતાણં. છે શબ્દ આ ણમો લોએ સવ્વ અરિહંતાણં. ણમો લોએ સવ્વ ત્રિકાળ અરિહંતાણં. આહા..હા...! એવા ભગવાનનું સ્વરૂપ એકલું જ્ઞાન અને અનંત આનંદ. આહા..! એવા કેવળજ્ઞાનરૂપી અરિહંતદેવ પરમાત્મા છે. એનું નામ પરમ આત્મા એટલે પરમાત્મા (છે). પરમાત્મા એટલે પરમ ઉત્કૃષ્ટ આત્મા છે. આહા..હા...! જેની દશામાં અનંતજ્ઞાન, કેવળજ્ઞાન, આનંદ આદિ પ્રગટ થયા એ પરમ ઉત્કૃષ્ટ આત્મા છે. આહા..હા..! એને અહીંયા અરિહંતપદમાં કહેવામાં આવ્યા છે. એને ણમો અરિહંતાણં કહે છે. આ તો ઓળખીને છે. સમજ્યા વિના એમને એમ કીધા કરે, ણમો અરિહંતાણં.. અનંત વાર.

એ તો જ્ઞાનાદિ અનંત ગુણરૂપ લક્ષ્મી.. ગુણ શબ્દે અહીં પર્યાય છે. જ્ઞાનાદિ અનંત ગુણરૂપ ઉત્કૃષ્ટ પરમ એટલે ઉત્કૃષ્ટ લક્ષ્મીવાળા આત્મા પરમાત્મા છે. '**ઉસીકો વીતરાગ સર્વજ્ઞ કહતે હૈં,...**' એને વીતારાગ સર્વજ્ઞ પરમેશ્વર કહે છે. જે ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન 'સીમંધર' ભગવાન આદિ તીર્થંકરો બિરાજે છે વર્તમાન મનુષ્યપણે. લાખો કેવળીઓ અત્યારે

મનુષ્યપણે બિરાજે છે. આહા..હા...! અરે..! જેના ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા. કોઈ કેવળી નહિ, કોઈ તીર્થંકર નહિ. કોઈને કેવળ ઉત્પન્ન થાય એવી લાયકાત નહિ. ત્યાં તો કેવળજ્ઞાન ઉત્પન્ન થાય એવા આત્માઓ સેંકડો છે. ઉત્પન્ન થાય એવા, હોં ! થયેલા તો લાખો છે. આહા..હા...! એ આત્માની શકિતની જે પ્રગટ દશા કરી એને અનંત લક્ષ્મી આવી. એને અંતરમાં લક્ષ્મી ભરી હતી એ પ્રગટ દશામાં અનંત લક્ષ્મી પ્રગટ કરી. એવા લક્ષ્મીવાળા આત્મા તે પરમાત્મા (છે). એને વીતરાગ સર્વજ્ઞ (કહે છે).

'**હે જીવ,...**' હવે કહે છે. '**વહી સંસારીયોંસે ઉત્કૃષ્ટ હૈં,...**' સંસારી પ્રાણીઓથી આ પરમાત્મા-પરમ આત્મા, પરમ નામ ઉત્કૃષ્ટ આત્મા અરિહંત છે. સંસારી પ્રાણીઓ અલ્પજ્ઞ અને વિપરીત જ્ઞાનવાળા કેટલાક (છે). કેટલાક ભલે અલ્પજ્ઞ અને ચાર જ્ઞાનવાળા હો, પણ એ સંસારીથી આ આત્માઓ પરમ આત્મા-ઉત્કૃષ્ટ આત્મા છે. આહા..હા...! '**ઐસા જો ભગવાન વહ તો વ્યક્તિરૂપ હૈ,...**' શું કહે છે ? એવા પરમાત્માઓ લાખો, અનંત સિદ્ધો વ્યકિત (રૂપ છે). અનંત સિદ્ધો ણમો સિદ્ધાણં અનંત સિદ્ધ છે. અરિહંત અનંત ન હોય. અરિહંત વીસ તીર્થંકર તરીકે (હોય), કેવળી તરીકે લાખો હોય. મહાવિદેહમાં. એ બધા વ્યકિતરૂપ પરમાત્મા છે, કહે છે. વ્યકિત એટલે પ્રગટરૂપ. આહા..હા...! હવે કહે છે, '**ઔર...**' '**स आत्मस्वभावः**' '**વહ આત્માકા હી સ્વભાવ હૈ.**' શકિતરૂપે બધા આત્મા ભગવાન જ છે, કહે છે. આહા..હા...! જો શકિતરૂપે ભગવાન પોતે ન હોય તો વ્યકિતરૂપે ભગવાનપણું આવે ક્યાંથી ? કાંઈ બહારથી આવે એવું છે ? આહા..હા...! પ્રાપ્તની પ્રાપ્તિ છે. જે હોય તે આવે. તો દરેક આત્માઓ પરમાત્મસ્વરૂપ જ છે. આહા..હા..! કેમ બેસે ? એક સારું શાક તેલમાં તળીને, ઘીમાં તળીને (કર્યું) હોય અને એમાં એની સાથે પુરણપોળી કે બરફી કે ચૂરમું હોય ને ખાતો હોય તો જાણે.. આહા..હા...! શું જાણે મજા આવતી હોય એમ લાગે ! ઝેર છે એકલું. રાગના ઝેરના પ્યાલા પીવે છે.

**શ્રોતા :-** એ તો પરપદાર્થ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના ઉપર રાગ થાય છે. એની સાથે ક્યાં છે ? એનો રાગ થાય એનો પ્યાલો ઈ પીવે છે. પરપદાર્થને તો અડે છે ક્યાં ? આહા..હા...! મેસૂબને કાંઈ અડે છે ? સ્ત્રીનું શરીર માંસ, હાડકા, ચામડા છે, એને અડે છે કોઈ જીવ ? આ તો માટી, જડ છે. ફકત એને અડતાં એ માને છે કે આ ઠીક છે, એવી માન્યતામાં જે રાગ ઉભો કરે છે એ રાગને અનુભવે છે, શરીરને નહિ. આ તો માટી છે, આ તો માંસના હાડકા, ચામડા છે. આહા..હા..! સ્ત્રીનું શરીર કંઈ આત્મા ભોગવી શકે ત્રણ કાળમાં ? ત્રણ કાળમાં નહિ. તેમ પુરુષના શરીરને ભોગવી શકે એ ત્રણકાળમાં નહિ. ફકત રાગ ઉત્પન્ન કરી 'આ ઠીક છે' એવી રાગની વૃત્તિઓ વિકારની ઉત્પન્ન કરી અને તેને ભોગવે એ ઝેરના અનુભવ છે. આહા..હા...! એ આત્માના સ્વભાવમાં નથી, કહે છે. તારા સ્વભાવમાં એ નથી, એમ કહે છે. ભગવાનને તો નથી (પણ તારા સ્વભાવમાં નથી). આહા..હા...! છેલ્લા ઈ શબ્દ છે '**स आत्मस्वभावः**' '**વહ આત્માકા હી સ્વભાવ હૈ.**' ઈ કહેવું છે,

હોં ! છેલ્લા પદમાં. જેવા સર્વજ્ઞ વીતરાગ વ્યકિતરૂપે પ્રગટરૂપે થયા, એવા બધા આત્માઓ શકિતરૂપે એવા જ છે. આહા..હા...!

પરમાનંદ અને પરમ કેવળજ્ઞાનમય પ્રભુ આત્મા (છે). અંતરમાં જેનો સ્વભાવ એકલો જ્ઞાન અને એકલો આનંદ, અતીન્દ્રિય, એવું જેનું દરેક આત્માનું વાસ્તવિક સ્વરૂપ અને સ્વભાવ જ આ છે. એને ન બેસે એટલે કંઈ વસ્તુ વઈ જાય છે ? આહા..હા...! ઉપરટપકે જોનારા એ રાગને અને પર્યાયને જોવે છે. આહા..હા...! પાણીમાં ઉપર તેલના ટપકા પડ્યા હોય, તેલના બિંદુ, એને જોનારા તેલને જોવે છે, પણ પાણીનું દળ છે એને જોતા નથી. એ પાણીના દળમાં તેલના ટીપાએ પ્રવેશ પણ કર્યો નથી. આહા..હા...! એમ ભગવાન આત્મા અંતર જ્ઞાન ને આનંદમય પાણી જેમ છે, એમ આનંદમય સ્વભાવ જેનો છે, એમાં શરીર, વાણી, મન તો ઉપર ઉપરટપકે (છે). ક્યાંય આ તો જડ, માટી ધૂડ છે; પણ એમાં દયા, દાન, વ્રત, ભકિત, પૂજા, કામ, ક્રોધ, વિષયભોગ વાસના, એ બધા વિકારો ઉપર ઉપર છે, અંદરમાં નથી, એના સ્વભાવમાં નથી. આહા..હા...! નીકળી જાય એ એનો સ્વભાવ નહિ, રહે એ એનો સ્વભાવ. શુભ અને અશુભભાવ તો નીકળી જાય છે. સિદ્ધ ભગવાન થાય એને એ હોતા નથી. એનો સ્વભાવ જે છે જ્ઞાન, આનંદ તે રહી જાય છે. આહા..હા...! આવો ધર્મનો ઉપદેશ ! આવી વાત છે. વીતરાગમાર્ગ, બાપુ ! વીતરાગ જિનેશ્વર એમ ફરમાવ છે, તું પણ જિન છો ને, નાથ ! આહા..હા...!

તારો સ્વભાવ.. કીધું ને, '**स आत्मस्वभावः**' તારું સ્વરૂપ જ ભગવાન, તું પરમાત્મસ્વરૂપ જ અંદર છો. અરે...! કેમ બેસે ? એમ ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ એની દિવ્યધ્વનિમાં અવાજ ઉપેદશમાં-વાણીમાં એ આવ્યું (કે) તું આત્મસ્વભાવ છો, પ્રભુ ! જેમ મને પ્રગટ પૂર્ણ દશા થયેલી છે, એવો જ તારો અંદર પૂર્ણ સ્વભાવ છે. મારા સ્વભાવમાં અને તારા સ્વભાવમાં જરીયે આંતરો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? છેલ્લા શબ્દમાં એમ કહે છે. વ્યકતરૂપે પ્રગટ દશા મને થઈ, અરિહંતપદ કેવળજ્ઞાન પરમઆનંદ, પણ પ્રભુ ! તું તે જ છો, તેવો જ છો, મારાથી કમી અને એછો નહિ. આહા..હા...! ભાઈ ! તારા સામર્થ્યની તને ખબર નથી. ભગવાન તને ભગવાન તરીકે બોલાવે છે. તારા અંતરના સ્વભાવનું સામર્થ્ય શું છે, એની તને ખબરું નથી અને ખબરું વિના ધર્મ ક્યાંય થઈ જાય, ત્રણ કાળમાં થાતો નથી. આહા..હા...! કહો, 'રાયચંદભાઈ' ! શું આ પૈસાની કિંમત છે કે શેની આ કિંતમ છે આ બધી ? આહા..હા...! કરોડો, અબજો રૂપિયા આપે ને દાનમાં, તો પણ કહે છે કે રાગ જો ઘટાડે કદાચિત્ તો પુણ્ય થાય, ધર્મ નહિ. આહા..હા...! કેમકે ધર્મ જ્ઞાન, આનંદ તો આત્માના સ્વભાવમાં પડેલો છે. એની દૃષ્ટિ ને રુચિ ને એને ઝીલે, વર્તમાન દશામાં પરમાત્માને ઝીલે, પરમાત્મસ્વરૂપ મારું એવી દૃષ્ટિ પોતે કબુલે... આહા...હા...! એ આ સમ્યગ્દૃષ્ટિ, સમકિત. સમ્યગ્દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ એટલે સત્ય દૃષ્ટિ. સત્ય દૃષ્ટિ એટલે જે પૂર્ણ જ્ઞાન ને આનંદમય પરમસત્ય, સત્યસ્વરૂપ છે, છતો પદાર્થ છે, ભૂતાર્થ વસ્તુ છે,

યથાર્થ ચીજ છે, એવો આત્મસ્વભાવ જેવો સર્વજ્ઞ પરમાત્માને પ્રગટ્યો, એવો જ તારામાં છે. આહા..હા...! એવા સત્યને સત્યદૃષ્ટિએ કબુલે, આહા..હા...! ત્યારે તો એને ધર્મની પહેલી એકડાની શરૂઆત થાય. આહા..હા...! હજી ચારિત્ર ને એ તો ક્યાંય રહી ગયા. સમજાણું કાંઈ ?

**ભાવાર્થ : 'સંસાર અવસ્થામેં નિશ્ચયનયકર...'** સંસારદશામાં નિશ્ચય નામ સત્ય, સાચી સત્ય દૃષ્ટિથી જોઈએ તો સંસારદશામાં પણ જીવો જે અનંત છે... આહા..હા...! લસણની એક કળીમાં અનંત જીવ, ડુંગળીની એક કળીમાં, એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ, એ બધા જીવ ભગવાનસ્વરૂપે છે. આહા..! કોણ માને ? એ અહીં કહે છે. શકિતરૂપે ભગવાનસ્વરૂપ જ છે. વ્યકતરૂપે એનલાર્જ નથી. એનલાર્જ સર્વજ્ઞ થાય એને થાય. આહા..હા...! આ નાનું ચિત્ર હોય છે ને ! પછી લોકો એનલાર્જ કરે છે ને, એમ આ ભગવાન આત્મા દરેક અનંત.. આહા..હા...! સંસારદશામાં નિશ્ચય એટલે સાચી દૃષ્ટિથી જોઈએ તો **'શક્તિરૂપ બિરાજમાન હૈ,...'** આહા..હા...! ગાથા બહુ સરસ છે. આહા..હા...!

તારે જ્યાં દૃષ્ટિ દેવી છે તે ભગવાન પૂર્ણાનંદ અંદર પડ્યો છે, કહે છે. આહા..હા...! તારે પરમ સત્ય વસ્તુ છે તેનો સ્વીકાર કરવો છે એ પરમ સત્ય અંદર બિરાજે છે. આહા..હા...! ક્યાં જાય ? કોને જોવે ? ક્યાં નવરાશ ન મળે. આહા..હા...! ભાઈ ! તારે સત્ય કબુલવું હોય, સમ્યગ્દર્શન સમ્યક્ એટલે સત્ય દૃષ્ટિ, સત્યદૃષ્ટિ, સત્ય સમ્યક્ દેખવું. એ સમ્યગ્દર્શન અને સમ્યક્ દેખવો હોય તો એ ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાનથી ભરેલો પદાર્થ છે ઈ સત્ય છે, એનો સ્વીકાર કર અને એની સન્મુખમાં જા. આહા..હા...! આવી વાત. ઓલા તો ઈચ્છામી પડિકમણા.. થઈ ગયું, જાઓ ! સામાયિક થઈ ગઈ, લ્યો. ભાઈ ! સામાયિકના મોઢા મોટા છે, બાપુ ! આહા..!

જે પરમાનંદના નાથને, કેવળજ્ઞાનમય પ્રભુને સત્યની દૃષ્ટિએ સત્યને સ્વીકાર અને પછી આનંદમાં લીન થાય, અતીન્દ્રિય આનંદ શકિતરૂપે છે તે વ્યકતરૂપે અતીન્દ્રિય આનંદ આવે ત્યારે એને સામાયિક કહેવામાં આવે છે. વીતરાગદેવ એને સામાયિક કહે છે. આ તો કાંઈ ઠેકાણા ન મળે ને ખબરું ન મળે. વેઠ કરી બે ઘડી બેસીને ચાલી નીકળ્યા, જાઓ ! દુકાને જાવું પહેલું. કહે છે, સંસારદશામાં દ્રવ્ય તો દ્રવ્ય છે. એની સંસાર અવસ્થમાં એમ કહે છે. આ જીવની સંસારપર્યાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષની આદિની દશાને કાળે પણ... આહા..હા...! નિશ્ચય એટલે સત્યદૃષ્ટિથી જોઈએ તો, જેવું એનું વાસ્તવિક સ્વરૂપ છે તે રીતે દૃષ્ટિથી જોઈએ તો શકિતરૂપે બિરાજમાન છે. શકિતરૂપે ભગવાન જિનસ્વરૂપે બિરાજમાન છે. આહા..હા...! 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ; યેહી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ' ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વર કેવળી તીર્થંકર, એની વાણીનો સાર જાણવો હોય તો આ છે, કહે છે. આહા..હા...! **'જિન સો હી હૈ આત્મા...'** જિન સો હી આત્મા, અન્ય કર્મ. પુણ્ય અને પાપ આદિ બધું બીજી ચીજ છે, આત્મા નહિ. આહા..હા..!

એ કહે છે, શક્તિરૂપે બિરાજમાન છે. **'ઇસલિયે સંસારીકો શક્તિરૂપ જિન કહતે હૈં,...'** દેખો ! સંસાર અવસ્થામાં પણ એની શકિત સામર્થ્ય છે. લીંડીપીપરની વર્તમાન અવસ્થામાં તીખાશ થોડી હોય અને રંગે કાળી હોય, પણ તે કાળે પણ એની શકિત છે એ ચોસઠ પહોરી તીખાશ અંદર ભરી છે. ચોસઠ પહોરી એટલે રૂપિયો. ચોસઠ પૈસા, સોળ આના, રૂપિયો. આટલી પીપરમાં સોળ આના, રૂપયો ચોસઠ પહોરી તીખાશ, તીખો રસ અને લીલો રંગ અંદર પડ્યો છે; એમ આ સંસાર વિકારી દશાના કાળમાં પણ ભગવાન આત્મામાં શકિતરૂપે પરમાત્મા બિરાજે છે, કહે છે. આહા..હા...! આવી વાત.

છતી વસ્તુ છે તેને એણે અછતી કરી છે અને એક સમયની પર્યાય અને રાગ એ અછતી નાશવાન છે, એને એણે છતી ને નિત્ય બનાવી છે. 'ચીમનભાઈ' ! આહા..હા...! ભગવાન ! માર્ગ આવો છે. તીર્થંકર અરિહંત પરેશ્વર સત્યને આ રીતે ફરમાવે છે. લોકોને બિચારાને મળતું નથી. કાને સાચી વાત પડતી નથી. એમ ને એમ જિંદગી ચાલી જાય છે. આહા..હા...!

અહીં કહે છે, શકિતરૂપે સર્વ **'સંસારીકો જિન કહતે હૈં,...'** એને જિન કહીએ. ચોસઠ પહોરી તીખા રસવાળી લીંડીપીપર, ભલે બહાર ચોસઠ પહોરી ન આવી હોય, પણ અંદરમાં ચોસઠ પહોરી શકિત તો છે. ચોસઠ એટલે રૂપિયો, સોળ આના. એમ આત્મામાં બહારમાં અજ્ઞાનીને રાગ, દ્વેષ અને મિથ્યા ભ્રાંતિ હો પણ અંદરમાં શકિતમાં તો પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનરૂપી શકિત પડી છે. આહા..હા...! દિશા પલટવાની વાતું છે આ તો, બાપુ ! જે દશા પર ઉપર વળેલી છે, રાગ ને દ્વેષ ને દયા ને દાન ને વ્રત ને ભકિત એ બધી બહારની વાતું. એ દશાને અંતરમાં વાળ, પ્રભુ બિરાજે છે અંદર. આહા..હા...! અરિહંતપદ તારામાં ભરેલું છે. સિદ્ધપદ તારામાં ભરેલું છે. પાંચે પદ તારા સ્વરૂપમાં છે. આહા..હા...!

**'સંસારીકો શક્તિરૂપ જિન કહતે હૈં ઔર કેવલીકો વ્યક્તિરૂપ કહતે હૈં.'** અરિહંત પરમાત્મા પ્રગટ થયા એ વ્યકિત એટલે પ્રગટ દશા થઈ અને બીજા બધા છે એ અંદર શકિતરૂપે ભગવાન છે. આહા..હા...! વાત તો બહુ મીઠી છે. અરે..! કોઈને સાંભળવા મળે નહિ આવી વાત. અરે..! એને જીવનમાં જાવું ક્યાં ? મનુષ્યપણા મળ્યા હોય, ભલે પાંચ-પચીસ લાખ રૂપિયા ધૂડ મળી હોય. આહા..હા...! એ સત્યને આ રીતે સમજ્યા વિના.. સાંભળવા મળે એ સમજે ક્યારે ? એ મરી ઢોરમાં પશુમાં જવાના. માણસપણું ગુમાવી ઢોરમાં જાશે. એમ પરમાત્માનું ફરમાન છે. જેવી સત્ય વસ્તુ છે એવી ન માનતા એણે આડોડાઈ બહુ કરી છે. એ રાગ છે ને પુણ્ય છે ને એ હું છું ને મને લાભ છે, અલ્પજ્ઞ છે અને એ જ મારું સ્વરૂપ છે. એ આડોડાઈમાં મરીને આડા તિર્યંચ થાશે. માણસ ઊભા છે, ગાય, ભેંસ, ખીસકોલી, નોળ, કોળ આમ આડા છે. વાણિયા માંસ, દારૂ ખાતા ન હોય એટલે નરકે તો ન જાય. આહા..! આવી વાતું છે.

અહીં પરમાત્મા એમ કહે છે કે પરમાત્મા હું છું, તેવો જ તારો સ્વભાવ અંદર પરમાત્મા છે. આહા..હા..! સર્વ જીવોને. લસણ, ડુંગળીના જીવો પણ પરમાત્મા શકિતએ છે. કેમ બેસે ? હજી

તો એને જીવ છે કે નહિ માનવું મુશ્કેલ પડે. એક ફેરી કહ્યું નહોતું ? કારણ કે એણે મનુષ્યપણું પામીને કે ઢોરપણું પામીને આત્માને આળ બહુ આપેલા. આળ આપેલા. એટલે ? ઈ મોટો... નહિ. હું તો પુણ્યવાળો છું ને પાપવાળો છું ને મૂર્ખ છું, પંડિત છું, તિર્યંચ છું ને માણસ છું ને.. એવી જે માન્યતા એની હતી.. આહા..હા...!... એ માન્યતાએ એને ત્યાં રોકી રાખ્યો. અંદર વસ્તુસ્વરૂપ છે ત્યાં જવા ન દીધો. આહા..હા...! ...અવતાર થાય. પશુ થાય બિચારા. આહા..હા..! આત્મા ક્યાં નાશ થાય એવો છે. અહીં મોટા કરોડોપતિ શેઠિયા દેખાતા હોય. દસ-દસ લાખની પેદાશ. અરે..! દેહ છૂટીને.. ભાઈ ! જેને આવો આત્મા શું છે એની ખબરું ન મળે, એની શકિતના સામર્થ્યની પ્રતિતી ન મળે અને અલ્પજ્ઞ ને રાગ ને એના ફળ તરીકે, પુણ્ય તરીકે ધૂળ મળે, આહા..હા...! પાંચ-પચીસ લાખ પુણ્યના ફળની એની કિંમત. કાંઈક હું વધ્યો છું. 'માંગીલાલજી' ! આ બધાને લાગુ પડતું હશે કે નહિ જુવાન, વૃદ્ધ બધાને ?

જેવા અમે એવો તું. આહા..હા..! કીધું ને ? '**સંસારીકો શક્તિરૂપ જિન કહતે હૈં,...**' છે ? '**કેવલીકો વ્યક્તિરૂપ કહતે હૈં. દ્રવ્યાર્થિકનયકર જૈસે ભગવાન હૈં,...**' દેખો ! શું કહે છે ! જુઓ હવે. દ્રવ્ય એટલે વસ્તુ, શકિત ત્રિકાળી. ત્રિકાળી શકિતની દષ્ટિથી જોઈએ તો, વર્તમાન અવસ્થા અને રાગની દષ્ટિથી ન જોઈએ તો, આહા..હા...! સમજાય એવું છે, હોં ! ન સમજાય એવું નથી. ભાષા તો બહુ સાદી છે, ભાવ ભલે ઊંચા હોય, પણ આ વસ્તુઓ તો આ છે. ભગવાન ત્રણલોકના નાથ કેવળી જિનેશ્વર એમ ફરમાવે છે, ભાઈ ! આહા..હા..! ઓલા લોકોને મળે નહિ. ઈરિયા.. તસ્સ મિચ્છામી દુક્કડમ્. જાઓ, થઈ ગયું. તસ્સૂતરી કરણેન.. થઈ ગઈ સામાયિક. અરે..! ભગવાન ! બાપુ ! એ કાંઈ ધર્મ પણ નથી અને એ સામાયિક પણ નથી. તને ખબર નથી, ભાઈ ! એ તો બધી રાગની ક્રિયાઓ છે. એમાં તું (ધર્મ) માને છો એ મિથ્યાભ્રાંતિ છે. આહા..હા...!

અહીં તો કહે છે, દ્રવ્યાર્થિકનય એટલે ? દ્રવ્ય એટલે વસ્તુ. એનો અર્થિ એટલે પ્રયોજન. જે જ્ઞાનનું પ્રયોજન ત્રિકાળી વસ્તુને જોવાનું છે, જે જ્ઞાનની દશાને ત્રિકાળી વસ્તુ જોવાની છે, તે નયથી જુઓ તો '**જૈસે ભગવાન હૈં, વૈસે સબ જીવ હૈં,...**' આહા..હા..! 'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય' આવે છે ને, 'શ્રીમદ્' માં આવે છે. 'આત્મસિદ્ધિ' સર્વ જીવ છે સિદ્ધસમ. પરમાત્મશકિતએ પડ્યો છે, બાપુ ! તને ખબર નથી. આહા..હા...! છે ?

દ્રવ્યાર્થિક એટલે દ્રવ્ય એટલે વસ્તુ. વસ્તુનો સ્વભાવ. અસલી કાયમી ચીજ. એ કાયમી ચીજને જોનારી દષ્ટિથી જો કહીએ તો જેવા ભગવાન કેવળી છે, '**વૈસે હી સબ જીવ હૈં,...**' આહા..હા..! એ તો પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં ફેર છે. વસ્તુ તો વસ્તુ છે. '**ઈસ તરહ નિશ્ચયનયકર જીવકો પરબ્રહ્મ કહો,...**' એ રીતે સાચી, નિશ્ચય એટલે સત્ય. સત્ય દષ્ટિથી જો જોઈએ તો જીવને પરમબ્રહ્મ કહો, એ પરમબ્રહ્મ આત્મા છે. પરમબ્રહ્મ કોઈ બીજો ઈશ્વર કર્તા છે, એ કોઈ નથી. '**પરમશિવ કહો, જિતને ભગવાન કે નામ હૈં, ઉતને હી નિશ્ચયનયકર વિચારો**

**તો...**' આહા..હા..! જેટલા પરમાત્માના અનંત નામ પડે છે. કેવળી તીર્થંકરને. 'આદિપુરાણ'માં હજાર (અને આઠ) નામ તો આપ્યા છે. ઈન્દ્ર જ્યારે સમવસરણમાં પરમાત્માની પ્રભુની સ્તુતિ કરે છે (ત્યારે) હજાર (અને આઠ) નામે બોલાવે છે, હજાર (અને આઠ) નામે. એક હજાર (આઠ) નામ છે. અરિહંત પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. ઈન્દ્રો ત્યાં જાય છે. 'સીમંધર' ભગવાન મનુષ્યપણે બિરાજે છે. હજાર (અને આઠ) નામ. પણ કહે છે કે અનંત નામ હોય, હજાર શું. જેટલા ભગવાનના તેટલા '**નિશ્ચયનયકર વિચારો તો સબ જીવોંકે હૈં,...**' આહા..હા...! '**સભી જીવ જિનસમાન હૈં,...**' ભારે ગાથા, ભાઈ ! '**ઔર જિનરાજ ભી જીવોંકે સમાન હૈં,..**' '**સભી જીવ જિનસમાન હૈં ઔર જિનરાજ ભી જીવોંકે સમાન હૈં,...**' પરસ્પર 'ઐસા જાનના.' વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

**અહા! આવું દુર્લભ મનુષ્યપણું મળ્યું, જૈનકુળમાં જન્મ થયો, વીતરાગની વાણી સાંભળવા મળી; પ્રભુ! હવે તો તારે આત્મા માટે કાંઈ કરવું તો પડશે ને? બાકી તો જન્મમરણના ફેરામાં, અનંતવાર એક શ્વાસમાં નિગોદના અઢાર ભવ કર્યાં. વિચાર કરે તો ખબર પડે. છ ઢાળામાં કહ્યું છે : 'એક શ્વાસમેં અઠદસ બાર,જન્મ્યો, મર્યો, ભર્યો દુઃખભાર;' પ્રભુ! એ બધું તું ભૂલી ગયો. ભૂલી ગયો માટે તે નથી-એમ કેમ કહેવાય? અરે! આ મનુષ્યભવમાં જન્મ્યા પછી પ્રથમના છ મહિનામાં તારી માએ તને ધવરાવ્યો, નવરાવ્યો-એ બધું તને યાદ છે? યાદ નથી માટે તે નહોતું-એમ કેમ કહેવાય? બાળપણમાં તે કેવી રીતે ખાધું-પીધું કેવી રીતે રોયો-એ બધું યાદ છે? યાદ નથી માટે તે નહોતું એમ કોણ કહે? એ પ્રમાણે પૂર્વભવનું યાદ નથી માટે પૂર્વમાં આવું દુઃખ સહન કર્યું તે ન હતું-એમ કેમ કહેવાય? સમજાય છે કાંઈ? આ બધું લોજિકથી સમજવું પડશે ભાઈ!**

**(દ્રવ્યદષ્ટિ જિનેશ્વર - પર્યાયદષ્ટિ વિનશ્વર, બોલ નં. ૯૯૮)**

## શ્રી સમયસાર, ગાથા-૩૬, શ્લોક-૩૦
## પ્રવચન નં.૧૦૪, તા.૧૦-૧૦-૧૯૭૮
## (૨૪)

ભાવાર્થ છે. જરી ઝીણી વાત છે થોડી. આહા..હા...! '**આ મોહકર્મ...**' એક જડ મોહકર્મ છે આત્માના ક્ષેત્રમાં, જ્યાં આત્મા છે ત્યાં એકક્ષેત્રાવગાહી મોહકર્મ જડ છે. '**તે જડ પુદ્‌ગલદ્રવ્ય છે;...**' તે મોહકર્મ આત્મા છે ત્યાં એકક્ષેત્રે રહેલું મોહકર્મ જડ છે. '**તેનો ઉદય કલુષ (મલિન) ભાવરૂપ છે;...**' એટલે કે મોહકર્મનો ઉદય છે એ તો જડની પર્યાય ભલે, પણ આત્મામાં એનો દેખાવ થાય છે ઉપયોગમાં, એ મલિન પરિણામ છે. આહા..હા...! ચાહે તો શુભ-અશુભભાવ હો, દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો ભાવ હો કે દયા-દાનનો ભાવ હો પણ એ ભાવ મોહકર્મના ફળરૂપ મલિનભાવ છે. આવી વાત છે. આહા..હા...! છે? તે મલિન ભાવ છે.

'**તે ભાવ પણ, મોહકર્મનો ભાવ હોવાથી,...**' જડકર્મના નિમિત્તના સંબંધે એ શુભ-અશુભભાવ જે મલિનભાવ (થાય છે) એ જડકર્મનો ભાવ હોવાથી તે જડનો છે, આત્માનો નહિ. આહા..હા...! આકરું કામ ઘણું. વિકાર તે '**ભાવકનો ભાવ છે...**' જડકર્મ છે એ ભાવક-ભાવ કરનાર (છે) અને શુભ-અશુભભાવ એ મલિન ભાવ એ ભાવકનો ભાવ છે. કર્મનો ભાવ છે, જડનો ભાવ છે, ચૈતન્યનો સ્વભાવ નહિ. આહા..હા...! આવું ઝીણું છે, બાપા! એ '**મોહકર્મનો ભાવ હોવાથી, પુદ્‌ગલનો જ વિકાર છે. આ ભાવકનો ભાવ છે તે જ્યારે આ ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે...**' ચૈતન્ય જે શક્તિ છે એ તો ધ્રુવ ત્રિકાળ, પણ એની વ્યક્તિ જે પ્રગટ જ્ઞાન, જેમ કર્મના નિમિત્તનું વ્યકતપણું મલિનતા છે, એમ ભગવાન ચૈતન્ય શક્તિનું પ્રગટપણું, જાણન-દેખન પર્યાય છે, ઝીણો વિષય છે, ભાઈ! જેમ એ જડ કર્મનું ફળ મલિન ભાવ છે એ જડનો વ્યકત ભાવ છે. એમ ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ, એની વ્યક્તિ જાણવા-દેખવાનો મતિ-શ્રુતનો પર્યાય વ્યકત પર્યાય છે.

'**ઉપયોગના અનુભવમાં આવે...**' '**જ્યારે આ ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે...**' આહા..હા...! એટલે? કે જાણક-દેખન જે શક્તિની વ્યક્તિ પ્રગટ દશા (છે) એના ઉપયોગમાં જ્યારે મલિન ભાવ આવે છે... આહા..હા...! આવું ઝીણું છે તત્ત્વ. સાધારણ માણસને તો ખબર પણ ન મળે તત્ત્વ. ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો થઈ જશે ધર્મ. ધૂળમાંય નથી ત્યાં. આહા..હા...! દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ કરો, બસ. એ રાગ છે. રાગ તો કર્મના નિમિત્તનો ભાવકનો ભાવ છે. એ તારો ભાવ નહિ. આહા..હા...!

**શ્રોતા :–** આમ તો જીવની પર્યાય કીધી અને વળી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પર્યાય છે પણ દ્રવ્યનો સ્વભાવ નથી. દ્રવ્યનો-ચૈતન્યનો એ સ્વભાવ નથી. ચૈતન્ય શક્તિનું વ્યકતપણું તો જાણન-દેખન એ એનું વ્યકતપણું છે, એનું વ્યકતપણું-રાગનું વ્યકતપણું થાય એવું એનું સ્વરૂપ નથી. આહા..હા...!

**શ્રોતા :-** સ્વરૂપ ન હોય તો થાય કેમ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધું ને, પર્યાયમાં થાય છે. પરના કારણે થાય છે. પરનું લક્ષ લે છે, જાણવાના ઉપયોગમાં વિકાર કર્મનો ભાવકનો ભાવ, પણ ઉપયોગ ત્યાં છે તેથી ત્યાં મલિન ઉપયોગ દેખાય છે.

**શ્રોતા :-** દેખાય છે કે થાય છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેખાય છે. ખરેખર વસ્તુ ક્યાં થાય છે ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પર્યાયમાં દેખાય છે; પણ પર્યાયમાં દેખાય છે એ જડનો ભાવ દેખાય છે, એ ચૈતન્ય સ્વભાવનો ભાવ નથી. ઝીણી વાત છે, બાપુ!

**શ્રોતા :-** .. એનો ભાવ નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, એનો નથી. ચૈતન્ય જાણકસ્વભાવ, દેખન સ્વભાવ એનું વ્યકતપણું તો જાણવા-દેખવાનું એનું વ્યકતપણું છે. એનું વ્યકતપણું વિકારનું વ્યકતપણું (નથી). ઝીણી વાત, ભાઈ! માર્ગ ઝીણો, બાપુ! આહા..હા...! વીતરાગ માર્ગ બહુ ઝીણી વાત છે. આહા..હા...!

અહીં બે પ્રકાર કહ્યા. કહે છે, જુઓ! '**ઉપયોગ પણ વિકારી થઈ રાગાદિરૂપ મલિન દેખાય છે.**' જોયું! ભગવાન આત્મા, ભાઈ ! આ તો જૈન ધર્મ એ વસ્તુનો સ્વભાવ (છે). આહા..હા...! એને સમજવા માટે તો અનંત પુરુષાર્થ જોઈએ. એ કાંઈ સાધારણ રીતે મળી જાય (એવું નથી). આહા..હા...! શું કહે છે ? '**ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે ત્યારે ઉપયોગ પણ વિકારી થઈ...**' જોયું ! પર્યાય વિકારી થઈ '**રાગાદિરૂપ મલિન દેખાય છે.**' આહા..હા...! પર્યાયમાં મલિનતા થઈને દેખાય છે. ખરેખર એ ચૈતન્યશક્તિની વ્યકતતાનો એ ભાવ નથી. એ કર્મના ઉદયની વ્યકતતાનો એ ભાવ મલિન છે. આહા..હા...! આવી વાત ક્યાં ? નવરાશ ક્યાં માણસને ? કોણ છે અને શું છે ? આહા..હા...!

એક બાજુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાન અને દર્શનના સ્વભાવથી ભરેલો ભંડાર, એની વ્યકતતા.. એ કહે છે, જુઓ ! '**કે ચૈતન્યની શક્તિની વ્યક્તિ તો...**' '**જ્યારે તેનું ભેદજ્ઞાન થાય...**' જોયું ! શું ભેદજ્ઞાન થાય એટલે ? ચૈતન્ય એ જ્ઞાન-દર્શન સ્વભાવવંત પરિપૂર્ણ પ્રભુ, એની વ્યકતતા તો જાણવું-દેખવું એવી એની વ્યકતતા પ્રગટતા હોય. ત્યારે તે પર્યાયમાં કર્મના નિમિત્તના સંગે જે મલિનતા થાય-ભાવક, એ ભાવકનો ભાવ છે, એ ચૈતન્યના સ્વભાવનો ભાવ નથી. આહા..હા...! હવે આવું ક્યાં સમજવું ? એવું છે પ્રભુ !

અપૂર્વ છે, ભાઈ ! આહા..હા...! એણે કોઈ દિ' કર્યું નથી. આહા..હા...! અનંત કાળ... અનંત કાળ વીતી ગયો, ભાઈ ! આહા..હા...! પણ એક કોર ભગવાન... કળશમાં કહેશે. '**શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.**' આત્મા તો શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસિંધુ દરિયો ભર્યો છે. આહા..હા...! એની વ્યકતતા.. એ કહે છે, જુઓ! '**ચૈતન્યની શક્તિની વ્યક્તિ...**' ચૈતન્ય જ્ઞાન, આનંદ, જ્ઞાન અને દર્શન જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવથી ભરેલો ભગવાન એ ચૈતન્યની શકિત, એની વ્યકિત, એની વિશેષ પ્રગટ દશા '**તો જ્ઞાનદર્શનોપયોગમાત્ર છે...**' ધીમેથી સમજવું, ભાઈ! આ તો અનંત કાળે નહિ કરેલી વાત છે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો માર્ગ બહુ સૂક્ષ્મ છે. આહા..હા...! ઘણા ધીરજથી એ સમજાય એવી ચીજ છે. આહા..હા...! શું કહ્યું ?

**શ્રોતા :–** સમજાય એવી છે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સમજાય જાય એવી જ છે બરાબર. આહા..હા...!

અહીંયાં બે પ્રકાર વર્ણવ્યા. એક કોર ભગવાન ચૈતન્ય સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ બિરાજમાન છે. ચૈતન્ય શકિત કહો, પરમાત્મ સ્વરૂપ કહો, જ્ઞાન અને દર્શનના સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા, એની વ્યકિત એટલે પ્રગટતા પર્યાયમાં, જાણવા-દેખવાની ઉપયોગની પર્યાય તે એની વ્યકતતા છે; અને કર્મ જે છે જડ ભાવક, એની વ્યકતતા એટલે કે પુણ્ય-પાપના મલિન ભાવ... આહા..હા...! ગજબ વાતું છે, ભાઈ ! એ કર્મના ભાવકનો ભાવ (છે). આ ચૈતન્યની શકિતનો જાણવું-દેખવું ઉપયોગ એ એનો ભાવ (છે). પણ અનાદિથી... આહા..હા...! એ જાણન-દેખન ઉપયોગમાં એ મલિનતા મનનો ભાવ અંદર જે ઉપયોગરૂપે દેખાય છે એ એનો નથી. આહા..હા...!

**શ્રોતા :–** થાય છે એની પર્યાયમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાયમાં થાય છતાં એના સ્વભાવમાંથી થયેલો નથી, એની શકિતના સત્ત્વમાંથી થયેલો નથી. આવું છે, ભગવાન ! ઝીણી વાતું, બાપા! બહુ માર્ગ ઝીણો. આહા..હા...! ગાથા એવી આવી ગઈ છે ને. આહા..હા...!

**શ્રોતા :–** ભાગ્યશાળીને બધું સાંભળવાનું મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મળે. વાત તો એવી છે, બાપા! આહા..હા...! શું કરીએ ?

ઓહો..હો...! ભગવાન આત્મા તો ચૈતન્યસ્વભાવી જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવી પ્રભુ, એની વ્યકતતા-પ્રગટતા તો જાણન-દેખન ઉપયોગ અને આનંદ પર્યાય એ એની પ્રગટતા હોય. આહા..હા...! એને બદલે કર્મ જે ભાવક જડકર્મ તેનું વ્યકતપણું જે પુણ્ય-પાપ અને મલિન ભાવકનો ભાવ, (એ) દ્રવ્ય સ્વભાવનો ભાવ નહિ. આહા..હા...! 'પાટણીજી' ! સમજાય એવું તો છે, બાપા ! પ્રભુ! તારા ઘરની વાત છે ને, નાથ ! આહા..હા...! એ જાણક સ્વભાવ ભગવાન, તેનું પ્રગટપણું જાણવા-દેખવાનો ઉપયોગ છે. એમાં એ કર્મના ભાવકનો ભાવ, ઉપયોગ ત્યાં જોડાવાથી મલિન દેખાય છે. આહા..હા...! આવો ઉપદેશ હવે આ તે. એમ

કહે કે ભગવાનની ભક્તિ કરો, ગુરુની ભક્તિ કરો તો તો સમજાય. હવે ભક્તિ-બક્તિ કરે એ બધો રાગ છે, સાંભળને!

**શ્રોતા :-** .. એ બધો રાગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રાગ છે. એ કર્મના ભાવકનો ભાવ છે, ભાઈ ! તને ખબર નથી. આહા..હા...! ભારે કામ આકરું, બાપુ ! બહુ ગાથા (ઊંચી આવી ગઈ) !

**'ચૈતન્યની શક્તિની વ્યક્તિ...'** ભગવાન સામર્થ્ય તો એનું ચૈતન્ય સામર્થ્ય, જ્ઞાન-દર્શન સામર્થ્ય છે આત્માનું. એની વ્યક્તિ પ્રગટતા **'જ્ઞાનદર્શનોપયોગમાત્ર છે...'** એની પ્રગટતા તો જાણવું, દેખવું, ઉપયોગ માત્ર એની પ્રગટતા છે. આહા..હા...! એના ઉપયોગની પ્રગટતામાં રાગ રૂપે ઉપયોગ થાય એવો એનો ઉપયોગ જ નથી. આહા..હા...! એ ચૈતન્ય સ્વરૂપ ભગવાન જ્ઞાનનો સાગર પ્રજ્ઞા બ્રહ્મ પ્રભુ, એની પ્રગટતા તો જાણવા-દેખવાના ઉપયોગની પ્રગટતા છે. એની પ્રગટતા શુભ-અશુભભાવ એ એની પ્રગટતા નથી. આહા..હા...! કારણ કે એની ખાણમાં એ વિકાર ભર્યો નથી કે જેનું વિકારપણું ભાવ થાય એ ભાવક જીવનો ભાવ થાય. આહા..હા...! આકરી વાત, બાપા ! અરે..! ધર્મ શું ચીજ છે ?

**'અને આ કલુષતા રાગ-દ્વેષ-મોહરૂપ છે...'** છે ? આહા..હા...! ભગવાન ચૈતન્યશક્તિ એટલે જાણવા-દેખવાના સામર્થ્યવાળું એ તત્ત્વ છે. ભગવાન આત્મા તો જાણવા દેખવાના સ્વભાવનું સામર્થ્યવાળું તત્ત્વ છે. એના સામર્થ્યમાંથી પ્રગટ થાય તો જાણવા-દેખવાની વ્યક્ત પર્યાય ઉપયોગ પ્રગટ થાય, એમાંથી મલિન પર્યાય પ્રગટ થાય ઉપયોગમાં એવું છે નહિ. આહા..હા...! પણ તે ઉપયોગમાં કર્મના નિમિત્તથી થયેલો ભાવકનો ભાવ, પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ આદિનો ભાવ... આહા..હા...! એ એના ઉપયોગમાં મલિનપણે દેખાય છે. એની વસ્તુ, પર્યાય અને ગુણ મલિન નથી. એને દેખાય છે પુણ્ય-પાપના મલિન ભાવ પર્યાયમાં... આહા..હા...! એ પરનો ભાવ છે. પરના સંગે થયેલો છે. પરની શક્તિની વ્યક્તતા પ્રગટ થતાં તે મલિન ભાવ થયો છે. ભગવાનની શક્તિથી પ્રગટ થતાં તે મલિન ભાવ થયો નથી. એની પ્રગટતામાં તો જાણવા-દેખવાનો પર્યાય તે તેની પ્રગટતા છે. આહા..હા...! એ જાણવા દેખવાના પ્રગટ પર્યાય ઉપયોગમાં કર્મના ભાવકનો ભાવ મલિનપણે દેખાય છે આહા..હા...! છે ?

**'તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્ગલદ્રવ્યની છે,...'** કલુષિતતા કીધીને ? તે જડ કર્મની પુદ્ગલદ્રવ્યની છે. આહા..હા...! આવું છે. કેમકે શુભ-અશુભભાવ જે છે એ અચેતન છે, જડ છે, એમાં ચૈતન્યના પ્રકાશની કોઈ પર્યાય નથી એમાં. આહા..હા...! આવી વાતું છે. સંપ્રદાયમાં પડેલાને આ આકરી વાત લાગે. આવો માર્ગ ઝીણો. બાપુ! માર્ગ તો આ છે, ભાઈ ! આહા..હા...! કહે છે કે આ કલુષતા તો રાગ-દ્વેષ-મોહ, પુણ્ય અને પાપ અને મિથ્યાત્વ રૂપી ભાવ **'તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્ગલદ્રવ્યની છે,...'** આહા..હા...! એટલો ધીરો થાય ત્યારે તેના

ઉપયોગમાં મલિનતા છે એમ દેખાય. આહા..હા...! એ મલિનતા મારી ચીજ નહિ. આહા..હા...! ભગવાનની ભક્તિ કરે, દેવ-ગુરુની ભક્તિ કરે એ બધો રાગભાવ (છે). આહા..હા...! ગજબ વાત છે. એ ભાવક કર્મનો ભાવ છે, જીવ શક્તિનો એ ભાવ નથી. એના સ્વભાવમાં એ ભર્યું નથી. સ્વભાવમાં તો જાણવું-દેખવું આનંદ ભર્યો છે. એની પ્રગટ દશા થાય તો જાણવું-દેખવું અને આનંદ દશા થાય. આહા..હા...! આવું છે.

વળી લોકો બિચારા કેટલાક જુઓને, આ ભવ્યસાગર છે. બહુ પસંદ કરે છે. આહા..હા...! 'બહેનશ્રી'ના વચનો અમને... દિગંબર સાધુ, ૨૦ વર્ષની દીક્ષા. આહા..હા...! અમે કોઈ દિ' આવી વાત સાંભળી નથી. અમને ખબર નથી. એમ લખ્યું. અમે મુનિ નથી. બાપા ! મુનિ કોને કહેવા ? આહા..હા...! કાલે બે કાગળ આવ્યા હતા, એ પહેલાં આવ્યા હતા. આહા..હા...! લોકો એમ કે માગણી બહુ કરે છે બહેનના પુસ્તકની. સ્થાનકવાસી લોકો આવે છે એ માગણી કરે છે. પણ એની મેળાએ પકડાવું કઠણ. આહા..હા...!

ભગવાન આત્મા એ તો ચૈતન્ય એટલે જાણવું-દેખવું જેનો ત્રિકાળી સ્વભાવ. એ એનું સામર્થ્ય છે, એમાં રાગ કરવો એવું સામર્થ્ય એનામાં નથી. એ પુણ્ય-પાપ, દયા-દાનના ભાવ કરવા એ કાંઈ જીવના સ્વભાવનું સામર્થ્ય નથી. આહા..હા...! એ તો જડ કર્મ ભાવક જે છે જડ, એ કર્મ સિદ્ધ કર્યું, એક કોર ભગવાન સિદ્ધ કર્યો. ભાવકનો ભાવ, એની પર્યાય મલિન છે એમ સિદ્ધ કર્યું. આ ભાવક જે જ્ઞાયકભાવ છે એનો ભાવ જાણવું-દેખવું ઉપયોગ એ સિદ્ધ કર્યું. આહા..હા...! હવે એ ઉપયોગમાં જે ઓલી મલિનતા દેખાય છે, કહે છે. આહા..હા...! એ પુદ્‌ગલદ્રવ્યની છે. આહા..હા...! આમાંથી કાઢે કે એ પર્યાય છે એ જડને લઈને થાય, આત્માની નથી. કઈ અપેક્ષાએ? અત્યારે દ્રવ્ય સ્વભાવની વાત ચાલે છે. દ્રવ્યસ્વભાવ જે છે વસ્તુનો, ભગવાન આત્માનો એ સ્વભાવમાંથી વ્યક્તતા કાંઈ રાગની થાય ? એના સ્વભાવના ભંડારમાં કોઈ વિકાર ભર્યો છે ? એના સ્વભાવમાં ભંડારમાં તો નિર્વિકારી શક્તિઓ ભરી છે. આહા..હા...! આવી વાત છે. કહો, શાંતિભાઈ ! આવું કલકત્તા-ફલકત્તામાં કાંઈ મળે એવું નથી ક્યાંય.

**શ્રોતા :-** કલકત્તામાં મળે એ અહીં મળતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કલકત્તામાં પૈસા મળે છે એમ કહે છે. એ અહીં મળે નહિ. ધૂળમાં શું? આ અમારે રહ્યા નહિ? અજીતભાઈ. ત્યાં પૈસા મળે છે બહુ. નાઈરોબીમાં. એ કહે છે કે પૈસા અહીંયાં મળે નહિ, ત્યાં પૈસા મળે. એમ કહે છે ભાઈ. આહા..હા...! પૈસા કોને મળે છે ? ક્યાં મળે છે ? કોને મળે ? પ્રભુ ! પૈસા તો પૈસામાં રહ્યા. કોને મળે ઈ ? આહા..હા...! આત્મા ભગવાન આત્મા છે ત્યાં પૈસા આવે છે ? અંદર ગરી જાય છે ? આહા..હા...! એ જડની દશા જડમાં રહે છે. ભગવાન આત્માની દશામાં પણ એ આવતા નથી તો એના દ્રવ્ય-ગુણમાં તો ક્યાંથી હોય ? આહા..હા..!

અહીંયાં તો પર્યાયમાં આવે છે એ ચીજ શું છે ? એ વસ્તુ તો આવતી પણ નથી. અહીં તો પર્યાયમાં શક્તિની વ્યક્તતા જે ઉપયોગ છે એના ઉપયોગમાં જડ કર્મના ભાવકનો ભાવ મલિનપણે દેખાય છે તેનું ભેદજ્ઞાન કરવું. આહા..હા...! ભાઈ ! ભગવાન સર્વજ્ઞ જિનેશ્વરદેવ પરમાત્મા, એનો માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ ! આહા..હા...!

**'આ કુલષતા રાગદ્વેષમોહરૂપ છે તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્ગલદ્રવ્યની છે,...'** અહીં દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ વાત ચાલે છે. દ્રવ્યનો સ્વભાવ છે એ તો જ્ઞાન-ચૈતન્ય શક્તિ, ચૈતન્ય શક્તિ જ્ઞાનસિંધુ. જ્ઞાન દર્શનનો સિંધું દરિયો સાગર ભગવાન છે. એમાંથી થોડો ઊછાળો આવે એ ઊછાળો આવે તો શું આવે એમાંથી ? જાણવા-દેખવાની પર્યાયનો ઊછાળો આવે. આહા..હા...! એના ઉપયોગમાં જે આ કર્મના ભાવકની, પુણ્ય-પાપના ભાવ મલિન જે છે પુદ્ગલનો ભાવ, એના સ્વભાવનો એ ભાવ છે. જીવના સ્વભાવનો એ ભાવ નથી. આહા..હા...!

**'ત્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ...'** ભાવક કર્મ, એનો ભાવ, શુભ-અશુભ રાગ **'જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી અવશ્ય ભેદજ્ઞાન થાય છે...'** કેમકે એ પરનો છે માટે ભેદભાવ થાય છે એમ કહે છે. એ સ્વનો નથી માટે ભેદભાવ થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવો માર્ગ અને આવો ઉપદેશ. શું કહે છે હજી ઈ પકડવું કઠણ પડે. આહા..હા...! અરે..! રખડતા અનંત કાળથી એને સત્ય મળ્યું નથી. સત્ય મળે ત્યારે એણે દરકાર કરી નથી. આહા..હા...!

**'ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી અવશ્ય ભેદજ્ઞાન થાય છે...'** કેમ ? કે એના સ્વભાવમાં અને સ્વભાવની વ્યક્તતામાં એ વિકાર નથી. આહા..હા...! ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવનો સાગર એનામાં વ્યક્તતા હોય તો તેના સ્વભાવની શક્તિની વ્યક્તતા હોય, પણ પુણ્ય અને પાપના મલિન ભાવની વ્યક્તતા એ શક્તિની વ્યક્તતા નથી. એ દ્રવ્યના સ્વભાવની વ્યક્તતા નથી. આહા..હા...! એ કર્મના ભાવકના ભાવનો ભાવ (છે) માટે... છે ? **'તેનાથી અવશ્ય ભેદજ્ઞાન થાય છે...'** આ કારણે એનાથી ભેદભાવ થાય છે એમ કહે છે. શું કહ્યું ઈ ? ભગવાન આત્મા ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... સિંધુ દરિયો. ખારો દરિયો હોય એની છોળું ખારી હોય, મીઠો દરિયો હોય એની છોળું મીઠી હોય. એમ ભગવાન આનંદ અને જ્ઞાનનો સાગર ભર્યો છે એની છોળું જો વ્યક્તતા હોય તો જ્ઞાન-દર્શનના ઉપયોગની એની વ્યક્તતા હોય. એ ઉપયોગમાં જે કર્મના ભાવકનો ભાવ દેખાય છે એ જડ કર્મનો ભાવ છે. માટે, તેનાથી જુદો થઈ શકે છે. આહા..હા...! આવી વાત છે. ઓહો..હો...! શું આચાર્યોએ કામ કર્યા છે ! દિગંબર સંતોએ.

**શ્રોતા :-** ... અહીં તો અત્યારે આપ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અમે તો એના દાસ છીએ ને. આહા..હા...!

**શ્રોતા :–** આપના દાસ અમે છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો કંઈ વાત કરે! શું કરે? પ્રભુ ! તું કોણ છો ? ક્યાં છો ? હું તો જ્ઞાનદર્શન સ્વભાવથી ભરેલો તત્ત્વ ત્યાં હું છું અને ત્યાં હું છું એમ જેણે માન્યું એની શક્તિમાંથી વ્યક્તતા તો જાણવા-દેખવાના આનંદની થાય. આહા..હા...! એવા જાણવા-દેખવાના ભાવમાં જે મલિનતા દેખાય છે એ જડ કર્મના ભાવકનો ભાવ છે, એ તારા સ્વભાવનો ભાવ નથી. આહા..હા...!

**શ્રોતા :–** જડ કર્મની દોસ્તીનો ભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દોસ્તી. પોતે તે તરફના વલણમાં, ઉપયોગમાં મલિનતા જાય છે. એ ચૈતન્યનો ઉપયોગ નથી. આહા..હા...! એ જડકર્મના ભાવનો ભાસ અંદરમાં થાય છે એ મલિન ભાવ છે અને જેથી તે જડકર્મના ભાવકનો ભાવ જણાય તે ચૈતન્યના સ્વભાવભાવમાંથી નથી આવ્યો. માટે ચૈતન્યના સ્વભાવની વ્યક્તતાને લક્ષમાં લેતા અથવા દ્રવ્યને કાયમ લક્ષમાં લેતા એ મલિન ભાવ જુદો પડી જાય છે. આહા..હા...! આવું છે. સંપ્રદાયમાં એ ચાલે કે આ સામાયિક કરો, પડિકમણા કરો, આ કરો ને આ કરો. ભક્તિવાળામાં એ આવે કે દેવ-ગુરુની ભક્તિ કરો. બાપુ! મારગડા જુદા, ભાઈ ! આહા..હા...!

**શ્રોતા :–** બધા પરસન્મુખતાના ભાવ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના ભાવ પરસન્મુખતાના છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગ પરસન્મુખ છે એ. એ ખરેખર ભાવકનો ભાવ છે, દ્રવ્યના સ્વભાવનો એ ભાવ નથી. આહા..હા...! ભગવાન સિંધુ ચૈતન્ય, ચૈતન્ય સિંધુ. એ આવશે આગળ. આહા..હા...! ચૈતન્યનો સિંધુ એની ભરતી પર્યાયમાં આવે તો તો જ્ઞાન-દર્શન અને આનંદની આવે, ભાઈ ! આહા..હા...! અને ભાવકર્મ છે તેનો ભાવ તો મલિન ભાવ તે તેની ભરતી છે. પણ અહીંયાં જ્ઞાનના ઉપયોગમાં જણાતા લક્ષ ત્યાં છે તેથી મલિનપણું દેખાય છે. આહા..હા...! પણ લક્ષને ફેરવી નાખ. ભગવાન જ્ઞાનસિંધુ છે તેના ઉપર લક્ષ કર તો એ રાગની ભિન્નતાનો તને અંદર ભાસ થશે. આહા..હા...! કહો, આવું છે. આવી વસ્તુ છે. આહા..હા...!

એને પહેલું સમજણમાં તો લે વાતને. જ્ઞાનમાં એનો નિર્ણય તો કરે કે મારો પ્રભુ શુદ્ધ ચૈતન્ય શક્તિના સ્વભાવથી ભરેલો ભગવાન (છે). એમાંથી મલિનતાના પરિણામ ક્યાંથી આવે ? આહા..હા...! સાકરના પરિણામ પાતળા પડે પણ કાંઈ રાગરૂપે થાય ? કાળી જીરી રૂપે થાય ? એ સાકરના પાણી પાતળા પડે તોપણ મીઠા રહે. આહા..હા...! એમ ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ જાણન, દેખન, આનંદ આદિના સામર્થ્યવાળો પ્રભુ, એની પર્યાયમાં છોળ આવે તો નિર્મળ જ્ઞાન-દર્શન-આનંદની આવે, ભાઈ ! આહા..હા...! એ દ્રવ્યનું જેને લક્ષ થાય તેને પર્યાયમાં આનંદ અને જ્ઞાનની પર્યાયની વ્યક્તતા-છોળ આવે. પણ એને દ્રવ્ય સ્વભાવનું લક્ષ નથી તેથી દ્રવ્યની વ્યક્તતા જે છે જ્ઞાન-દર્શન ઉપયોગની, તેને ખબર નથી. તેથી, તેના

જાણવા-દેખવાના ઉપયોગમાં ભાવકનો ભાવ ભાસે તે હું છું એમ માનીને ત્યાં અટકી ગયો છે. આહા..હા...!

બહેનની ચોપડીની માગણી બહુ આવે છે હવે. જગતના ભાગ્ય. આહા..હા...! ટાણે આવ્યું. આહા..હા...! ટાણે આવ્યું, બાપા ! ભાઈ ! પણ સમજવું એ બહુ મહાપુરુષાર્થ છે, ભાઈ ! આહા..! એ કોઈ ભગવાનની ભક્તિ કરી દે અને દેવ-ગુરુ-શાસ્ત્રને કલકલિયા આમ કર્યા માટે સમજાય જાય એવી એ ચીજ નથી. આહા..હા...! મોટા ગજરથ કાઢે, પાંચ-પાંચ લાખના ખર્ચ કરીને વરઘોડા કાઢે. ૨૫-૫૦-૫૦ ઘોડા અને ૨૧-૨૧ હાથી. અમારે થયું હતું ને જયપુર. વરઘોડો જ્યારે નીકળ્યો હતો ભગવાનનો. હું ત્યાં હતો ને. ભગવાનને ઓલે બેઠો હતો. ૨૧ હાથી. ચાલીસ હજાર માણસ સાથે. અને ૪૦ હજાર માણસો. ગામના માણસો લાખો તો ઉપર દેખે. શું છે આ તે કોઈ રાજા આવ્યા છે ? જયપુર. ૨૧-૨૧ હાથી મોઢાઆગળ શણગારેલા. અને હજાર-હજાર માણસ પછી એક-એક બેન્ડ વાજા. મોટું લશ્કર. જોવા નીકળ્યા લોકો ગામ. દિગંબર સાધુ જોવા નીકળ્યા. પણ આ શું છે, પ્રભુ ? એ તો બધી બહારની ચીજ છે. એ તો જડની ક્રિયા બહારની છે. અને એમાં ભાવ હોય તો કદાચિત્ રાગની મંદતાનો શુભ છે. એ શુભ પણ મલિન ભાવ છે. આહા..હા...! એ પણ ભાવકનો ભાવ છે, જ્ઞાયકનો ભાવ નહિ, જ્ઞાયકનો ભાવ નહિ, ભાવકનો ભાવ છે. આહા..હા...! '**ત્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી અવશ્ય ભેદજ્ઞાન થાય છે...**' કેમકે ભાવકનો ભાવ છે એ દ્રવ્ય સ્વભાવ જ્ઞાયકનો ભાવ નથી. આહા..હા...! શું શૈલી ! ગજબ છે શૈલી! આવી ટીકા અત્યારે ભરતક્ષેત્રમાં કયાંય નથી. દિગંબર ધર્મ સિવાય આવી વાત કયાંય નથી. આહા..હા...! અને એનો આત્મા જરી મધ્યસ્થ થઈ જાય તો એને કબુલાત આવે કે વાત તો આ છે.

'**ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી અવશ્ય ભેદજ્ઞાન થાય છે અને આત્મા અવશ્ય પોતાના ચૈતન્યના અનુભવરૂપ સ્થિત થાય છે.**' આહા..હા...! એ મલિન ભાવ એ ભાવકનો ભાવ જ્ઞાયકનો નહિ. એમ ભેદ કરતાં જ્ઞાયકભાવની પરિણતિ શુદ્ધ થઈ જાય છે. આહા..હા...! એ રાગથી ભિન્ન પડતાં દ્રવ્ય સ્વભાવની શક્તિ ઉપર દૃષ્ટિ પડતાં પર્યાયમાં જ્ઞાનીને જ્ઞાનનો અનુભવ થાય છે. આનું નામ ધર્મ છે. અરે..! આવી વ્યાખ્યા ! સમજાણું કાંઈ ? બાબુભાઈ ! બધું સાંભળ્યું નથી ત્યાં કયાંય માંગરોળ-ફાંગરોળમાં. એવી વાતું બાપા છે. આહા..હા...! મીઠી મધુરી વીણા વાગે છે. આહા..હા...!

જ્ઞાયકભાવ. આમાં પુનરુક્તિ લાગે એવું નથી. આહા..હા...! એ જ્ઞાયકભાવ ભગવાન એનો વ્યકત ભાવ-પ્રગટ ભાવ તો જ્ઞાયકની પરિણતિ રૂપ ભાવ હોય જાણવું, દેખવું, આનંદ આદિ અને આ ભાવકનો ભાવ વિકાર છે. એ પર્યાયમાં આમ દેખાય છે તે ભિન્ન છે. એમ જેણે ભેદજ્ઞાન કર્યું... આહા..હા...! એને જ્ઞાનના સ્વભાવની અનુભૂતિ રહી. જે રાગનો મલિનતાનો અનુભવ હતો એનાથી ભેદ કર્યો એટલે અરાગનો અનુભવ થયો. અનુભૂતિ શુદ્ધ ચૈતન્યની થઈ.

આહા..હા...! અરે..! લોકો બિચારા વિરોધ કરે. બાપુ ! માફ કરજો. ભાઈ ! મારગ તો આ છે. તમને દુઃખ લાગે તો શું કરીએ ? ભાઈ ! આહા..હા...! વસ્તુ તો આ છે. ત્રણ કાળ, ત્રણ લોકમાં આ જ વસ્તુની સ્થિતિ છે. એને દૃષ્ટિમાં ન લેતાં મલિન પરિણામ જે ભાવકનો ભાવ તેને દૃષ્ટિમાં લેવો એ તો મિથ્યાત્વભાવ સંસારભાવ છે. આહા..હા...! પણ એનાથી ભિન્ન પડી. કેમકે પરનો ભાવ છે માટે સ્વનો ભાવ નથી માટે ભિન્ન થઈ શકે છે, એમ કહે છે. આહા..હા...! એ ઝલક દેખાય છે ઉપયોગમાં એ તો શુદ્ધ ઉપયોગની ચીજ એવી છે. દેખાય. દેખાય, પણ છે એ પરભાવ. એને ભિન્ન પાડીને પ્રભુ ચૈતન્યના સ્વભાવ સન્મુખ થવું તેને અનુભૂતિ જ્ઞાનની અને શાંતિની થાય તેને અહીંયાં પરમાત્મા ધર્મ કહે છે. આવી ધર્મની શરતું છે, બાપા ! આહા..હા...! એ ભાવાર્થ થયો. કળશ-૩૦.

**सर्वतः स्वरसनिर्भरभावं**
**चेतये स्वयमहं स्वमिहैकम्।**
**नास्ति नास्ति मम कश्चन मोहः**
**शुद्धचिद्घनमहोनिधिरस्मि।।३०।।**

એનું હિન્દી બનાવ્યું છે ને ભાઈએ? 'બનારસીદાસે' આ કળશનું. (પદ-૩૩).

**કહૈ વિચ્છન પુરુષ સદા મૈં એક હૌં,**
**કહૈ વિચ્છન પુરુષ સદા મૈં એક હૌં,**
**અપને રસસૌં ભર્યૌ આપની ટેક હૌં.**
**મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ,**

એ મલિનતા પરિણામ તો ભ્રમણાનો કૂવો છે. આહા..હા...! ત્યારે હું (કેવો છું)?

**'શુદ્ધ ચેતના સિધું હમારૌ રૂપ હૈ.**
**શુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ.'**

ભાષા કેવી કરી છે ? 'મોહ કર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ.' એ ભ્રમણા પણ મર્યાદિત કૂવા જેવી છે. આહા..હા...! પણ 'સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ.' આહા..હા...! એ છે. દેખો, **'આ લોકમાં હું...'** આ શ્લોકનું હિરગીત (-પદ) બનાવ્યું છે ભાઈએ. હરિગીત શું કહે એને ? 'બનારસીદાસે'. આ જગતની અંદર એટલે એક જગત સિદ્ધ કર્યું. **'હું...'** **'स्वयं'** **'પોતાથી જ...'** એટલે કોઈ ઉપદેશ મળ્યો માટે થાઉં છું એમ નહિ. આહા..હા...! ભગવાન અને ગુરુનો ઉપદેશ મળ્યો માટે હું સ્વયં અનુભવ રૂપે થાઉં છું એમ નહિ. આમ છે. દેશનાલબ્ધિ મળી માટે હું આમ થાઉં છું - ના. **'પોતાથી જ...'** **'स्वयं'** હું તો મારા સ્વરૂપથી જ પ્રકાશું છું. **'एकं स्वं'**

**શ્રોતા :-** પોતાથી તો બરાબર પણ 'જ' ક્યાંથી કાઢ્યું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ 'જ' સ્વયં કાઢ્યું. પોતાથી 'જ', પરથી નહિ એમ સિદ્ધ કરવા

કાઢ્યું. '**स्वयं एकं स्वं**' એમ આવ્યું ને ? જુઓને ! '**एकं स्वं**' '**પોતાના એક સ્વરૂપને...**' ભિન્ન રાગાદિને નહિ, ભિન્ન ભાવને નહિ. આહા..હા...! મારો પ્રભુ એક આત્મસ્વરૂપ પ્રભુ છે. આહા..હા..! ચૈતન્યબિંબ પરમાત્મ સ્વરૂપ હું આત્માસ્વરૂપ એકરૂપ છું. ભિન્ન-ભિન્ન પ્રકાર જે છે એ રૂપે હું નહિ. આહા..હા...! આવું આકરું. અરે..! સાંભળવા મળે નહિ. એ બિચારા કે દિ' વિચારે અને ક્યાં જાય ? અરે..! એની રખડપટ્ટી કેમ મટે ? આહા..હા...!

'**આ લોકમાં હું...**' એટલે શું ? જગતનું અસ્તિત્વ છે. એમાં મારું અસ્તિત્વ (કેવું છે) ? '**પોતાથી જ પોતાના એક આત્મસ્વરૂપને અનુભવું છું...**' આહાહા..! હું મારો આનંદનો સાગર નાથ, ચૈતન્ય સ્વભાવી ભગવાન એને પરના આલંબન અને અપેક્ષા વિના મારા સ્વભાવને એકરૂપે હું અનુભવું છું. હું આનંદ છું, જ્ઞાન છું, શાંતિ છું, સ્વચ્છ છું, પ્રભુ છું. આહા..હા...! આ જીવ અધિકાર છે ને. એટલે જીવનું સ્વરૂપ જુદું પાડીને જીવપણું આ છે એમ બતાવ્યું છે. આહા..હા...! તેથી રાગને અજીવ કહ્યો, જડ કહ્યો. ચૈતન્ય સ્વરૂપ નહિ માટે જડ. આહા..હા...! કેમકે રાગ છે, ચાહે તો ભગવાનની ભક્તિ, ગુરુની ભક્તિ હો, પણ રાગ છે તે અચેતન છે. રાગમાં પોતાને જાણવાની તાકાત નથી. રાગને પોતાને જાણવાની તાકાત નથી. રાગ પર દ્વારા, આત્મા દ્વારા જણાય માટે તે રાગ અચેતન અને જડ છે. આહા..હા...! કહો, ઈશ્વરલાલજી! આવી ઈશ્વરતા છે. અરે..! લોકો બિચારા શું કરે ? વિરોધ કરે. ભગવાન ! તત્ત્વનો વિરોધ કરે. પ્રભુ ! તારું તત્ત્વ જ એવું છે, ભાઈ ! તને એકાંત લાગે કે આ તો વ્રત ને નિયમ ને તપ ને ભક્તિના ભાવને રાગ કહીને ઉડાવી દ્યે છે. આહા..હા...! ભાઈ ! તને ખબર નથી. તારો ચૈતન્ય ભગવાન એકલા જ્ઞાન-દર્શન-આનંદના સ્વભાવથી ભરેલો પ્રભુ, એના ઉપયોગમાં રાગ ક્યાંથી આવે ? ત્રિકાળી ઉપયોગસ્વરૂપ,... 'ઉપયોગમાં ઉપયોગ છે' સંવરમાં આવ્યું ને ? ભાઈ ! આહા..હા...! એટલે ? નિર્મળ ઉપયોગ પરિણતિમાં આત્મા છે, રાગમાં આત્મા નથી. આહા..હા...! ગજબ શૈલી ! દિગંબર સંતોની વાતું પરમાત્માને જાહેર-પ્રસિદ્ધ કરીને પોકાર મારે છે. દાંડી પીટીને પોકારે છે. દુનિયા માનો, ન માનો. સમાજમાં સમતોલ રહો, ન રહો. એ નાગા બાદશાહથી આઘા. આહા..હા...! દિગંબર સંતો પોકાર કરે છે આમ. આહા..હા...!

'**પોતાથી જ...**' '**एकं स्वं**' એક એકરૂપ ને. ભેદ પણ નહિ. રાગ તો નહિ પણ પર્યાયનો ભેદ પણ નહિ. એવું '**एकं स्वं**' '**एकं स्वं**' '**एकं स्वं**' એક હું, એક પોતે, એક પોતે. છે ને ? પોતાનો '**एकं**' અને '**स्वं**'નો અર્થ આત્મસ્વરૂપ. '**एकं स्वं**' '**एकं**' એટલે પોતાનો એક. '**स्वं**' એટલે પોતાનું સ્વરૂપ. આત્મસ્વરૂપ. આહા..હા...! ભાગ્યશાળીને કાને પડે એવી વાતું છે, બાપા ! રામજીભાઈ કહે ને. આવી વાત છે, ભાઈ !

**શ્રોતા :-** ભાગ્ય તો લઈને આવ્યા છે, હવે એનું કરવાનું શું એ બતાવોને !

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે એને કરવાનું છે ને.

**શ્રોતા :-** બતાવવાનું તો ગુરુએ હોય ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો કહ્યું અહીં '**स्वयं एकं स्वं**' કરે છે. બતાવ્યું માટે કરે છે એમ છે નહિ. આહા..હા...!

**શ્રોતા :–** ગુરુ તો બતાવીને અળગા રહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બીજું શું કરે ? વસ્તુ આ છે એમ કહે છે. ગતિ તો એને કરવી છે ને. ચાલવું તો એને છે ને. માર્ગ બીજો બતાવે કે જો આ માર્ગ છે, અહીંથી જા. એ બે વાડ વચ્ચે. હવે ચાલવું તો એને છે કે નહિ ? ઓલો સાથે આવે ? અને સાથે આવે તોપણ ચાલવું તો પોતાને છે કે નહિ ? આહા..હા...!

હું, 'કહૈ વિચચ્છન પુરુષ' વિચિક્ષણ એટલે જ્ઞાની તેને વિચિક્ષણ કહીએ. જગતના ડાહ્યા બધા પાગલ જેવા છે. જગતના બધા વકીલો ને... આ મોટા વકીલ હતા. ૩૦ વર્ષ પહેલાં ૨૦૦ રૂપિયા લેતા હતા. પાગલ મોટા. એલ.એલ.બી.વાળા મોટા પૂંછડા વળગાડ્યા હોય વકિલાતના. હજાર-હજારનું દનિયું લેતા હોય. મોટા પાગલ છે. આહા..હા...! અહીંયાં તો વિચિક્ષણ એને કહીએ કે જેને રાગથી ભિન્ન પડી મારું ચૈતન્યસ્વરૂપ શુદ્ધ છે એવો અનુભવ થયો. એને વિચિક્ષણ અને ડાહ્યો કહીએ. બાકી બધા પાગલ છે. આહા..હા...! જેના ફળમાં ચાર ગતિ મળે રખડવું એ શું ચીજ છે? બાપુ ! આહા..હા...! અરે..રે..! ભવભ્રમણ કરતાં ક્યાં ભવ જાય ? અરે..! સવારમાં દિશાએ જઈએ છીએ ને, ત્યાં મૂકે છે આ. શું કહેવાય એ પ્રકાશ, બેટરી મૂકે ત્યાં એકદમ ફુદા એવા આવે ફુદા જંગલમાં. બિચારા ચૌ ઈન્દ્રિય લાગે છે. શરીર નાનું. આમથી આમ, આમથી આમ (થાય). આહા..હા...!

**શ્રોતા :–** પણ મરવા જાય છે એને ખબર નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને કાંઈ ખબર નથી, ક્યાં શું કરીએ છીએ ? કોણ છે આ ? અરે..! માણસ કે દિ' થાય ? એને આવું સાંભળવું કે દિ' મળે ? સાંભળ્યા પછી પણ ભેદ કરે ક્યારે ? આહા..હા...! બહુ દુર્લભ વસ્તુ, ભાઈ ! આહા..હા...!

'**આ લોકમાં હું...**' સમ્યગ્દૃષ્ટિ જીવ-ધર્મી જીવ એમ પોતાને માને છે કે '**હું પોતાથી જ...**' '**एकं स्वं**' '**એક આત્મસ્વરૂપને અનુભવું છું...**' પરને લઈને નહિ, ઉપદેશને લઈને નહિ, રાગને લઈને નહિ એમ કહે છે. મારો નાથ ભગવાન ચૈતન્યસ્વરૂપી, એને હું એકરૂપ છું તેને હું અનુભવું છું. આહા..હા...! આનું નામ વિચિક્ષણ અને સમ્યગ્દૃષ્ટિ. આહા..હા...! '**सर्वतः स्व-रस-निर्भर-भावं**' '**કે જે સ્વરૂપ સર્વતઃ...**' ચારે બાજુથી '**પોતાના નિજરસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલા...**' આહા..હા...! મારો પ્રભુ તો શુદ્ધ ચૈતન્યસિંધુ દરિયો-મોટો સાગર. આહા..હા..! જ્ઞાન આદિ ગુણોનું તો ગોદામ. મારો નાથ તો જ્ઞાન આદિ ગુણનું ગોદામ, શક્તિનો સંગ્રહાલય અને સ્વભાવનો સાગર. આહા..હા...! એવો જે '**સ્વરૂપ સર્વતઃ પોતાના નિજરસરૂપ ચૈતન્યના પરિણમનથી...**' એટલે સ્વભાવથી અહીં વાત છે. સ્વભાવ.

**'પૂર્ણ ભરેલા ભાવવાળું છે;...'** પરિણમન શબ્દે એના પારિણામિક સ્વભાવથી ભરેલો પરિપૂર્ણ છે.

**શ્રોતા :-** પરમપારિણામિક ભાવ લેવો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ. પરિણમન એટલે પર્યાય ન લેવી. આહા..હા...! સમજાણું કાંઈ?

અરે..! સમય ચાલ્યા જાય છે. વીજળીના ઝબકારે આયુષ્ય પૂરું થઈ જશે, ભાઈ ! એ ઝબકારો ચાલ્યો જશે. આહા..હા...! એમાં આ પોરવી લે મોતી. આહા..હા...! 'વીજળીના ઝબકારે મોતી પરોવી લો,' આહા..હા...!

મારો નાથ ચૈતન્યસ્વરૂપ એક સ્વરૂપે બિરાજે છે. **'નિજરસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલા ભાવવાળું છે;...'** જ્ઞાન-દર્શન-આનંદના ભાવથી પૂર્ણ ભરેલો છું. વિકાર તો નહિ પણ અલ્પજ્ઞપણું નહિ. આહા..હા...! **'માટે આ મોહ મારો...'** **'कश्चन नास्ति नास्ति'** **'કાંઈ પણ લાગતોવળગતો નથી...'** આહા..હા...! એ શુભ-અશુભ રાગાદિ ભાવ એ મોહભાવ છે. એમ કે પર તરફના સાવધાનીવાળો ભાવ (છે). મારા સ્વરૂપના સાવધાનીના ભાવથી તે ભિન્ન છે. મારે ને એને કાંઈ લાગેવળગે નહિ. આહા..હા...! ચૈતન્યના સ્વભાવથી ભરેલો હું, એને આ રાગ જે પર તરફનો મોહભાવ એ મારે કાંઈ **'नास्ति नास्ति'** **'कश्चन'** એટલે **'કાંઈપણ લાગતોવળગતો નથી અર્થાત્ એને અને મારે કાંઈ પણ નાતો નથી.'** **'नास्ति नास्ति'** બે વાર છે ને ? કાંઈ નથી.. કાંઈ નથી.. મારે ને એને. આહા..હા...!

ત્યારે અસ્તિ શું છે હવે ? મારું હોવાપણું, મારો પ્રભુ, એનું હોવાપણું શું છે ? આની તો મારામાં નાસ્તિ છે. ત્યારે અસ્તિપણે મારી મોજૂદગી ચીજ પ્રભુ છે એ શું છે ? **'शुद्ध-चिद्-घन-महः-निधिः अस्मि'** આહા..હા...! **'હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ...'** છે ? **'शुद्ध-चिद्-घन-महः-निधिः'** **'સમૂહરૂપ તેજઃપુંજનો નિધિ...'** **'महः'** એટલે તેજ. આહા..હા..! **'હું તો શુદ્ધ ચિદ્ઘન ચૈતન્યનો સમૂહરૂપ...'** ચૈતન્યનો સમૂહ ભગવાન તો છું હું. આહા..હા...! એક વાત. **'તેજઃપુંજનો નિધિ...'** **'महः-निधिः'** **'महः'** નામ તેજ. **'निधिः'** નામ દરિયો. **'अस्मि'** નામ હું છું. આહા..હા...! આવી વાત છે. **'(ભાવકભાવના ભેદ વડે આવું અનુભવન કરે.)'** ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહેવામાં આવે છે, બાપા ! આહા..હા...! સમજાણું કાંઈ ? વિશેષ કહેવાશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી બહેનશ્રીનાં વચનામૃત, બોલ-૫૯ થી ૬૧**
**પ્રવચન નં.૧૮, તા.૨૩-૬-૧૯૭૮**
**(૨૫)**

'વચનામૃત' ૫૯. ૫૯ છે ને ? ૫૮ થઈ ગયો. **'જે જીવને પોતાના સ્થૂળ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે...'** શું કહે છે ? જે શુભ ને અશુભ પરિણામ છે એ સ્થૂળ છે. એને જે હજી પકડવામાં ન આવે, એને ખ્યાલમાં ન આવે એ સૂક્ષ્મ પરિણામને તો કેમ પકડે ? ધીરાની વાતું છે આ. **'જે જીવને પોતાના સ્થૂળ પરિણામ...'** પરની તો વાત જ છોડી દીધી. નહિતર શરીરના પર્યાય ક્ષણે ક્ષણે થાય છે એ જડના પરિણામ છે, એને પણ પોતાના માને અને ભિન્ન કરતાં ન આવડે એ તો બહુ સ્થૂળ બુદ્ધિ (છે). આ..હા..હા...! પોતામાં જે કંઈ શુભ-અશુભભાવ થાય એ સ્થૂળ છે. એને **'સ્થૂળ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે ?'** સૂક્ષ્મ એટલે જ્ઞાનના પરિણામ. શુભાશુભભાવ એ સ્થૂળ પરિણામ (છે), એને પણ હજી પકડતાં ન આવડે એને જ્ઞાનની વર્તમાન પર્યાય સૂક્ષ્મ છે, એને એ પકડી નહિ શકે. આ..હા..હા...! સાર છે. બહુ આ તો ધીમેથી ધીરજથી પકડે-સમજે એની વાત છે, ભાઈ ! આ..હા...! **'સ્થૂળ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન..'** પોતાનું જ્ઞાન કામ ન કરે એ સૂક્ષ્મ પરિણામ પકડે નહિ. એ **'સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે ?'** આ..હા..હા...! એટલે કે જ્ઞાનના પરિણામ જે પર્યાય સૂક્ષ્મ છે, એને ક્યાંથી પકડે ? આ..હા..હા...! વર્તમાન જે પરિણામ આત્માના ગુણનું જે પરિણામ, સ્થૂળ પરિણામ તો શુભ-અશુભમાં ગયા, હવે જે અનંત ગુણના પરિણમન સૂક્ષ્મ પર્યાય (છે), એને પકડે નહિ એ (સૂક્ષ્મ) પરિણામ ક્યાંથી પકડે ?

**'અને સૂક્ષ્મ પરિણામ પકડે નહિ તો સ્વભાવ ક્યાંથી પકડાય ?'** આ..હા..હા...! ત્રણ વાત લીધી. એક શુભાશુભભાવ એ સ્થૂળ. આ દયા, દાન, વ્રત, ભકિત આદિના પરિણામ એ તો સ્થૂળ પરિણામ (છે). 'પુણ્ય-પાપ અધિકાર'માં છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય અશુભભાવ સ્થૂળ (છે). એ સ્થૂળને જાણતા ન આવડે, પકડતાં ન આવડે એ એની વર્તમાન પુણ્ય-પાપના રાગ વિનાની પર્યાય, એને કેમ પકડી શકે ? આ..હા..હા...! જેને એ સૂક્ષ્મ પરિણામ પકડતાં ન આવડે એને આખું તત્ત્વ સ્વભાવ શુદ્ધ છે (એ ક્યાંથી પકડાય ?) આ તો પ્રગટ છે. આ..હા..હા...! સૂક્ષ્મ પરિણામ તો પ્રગટ છે. એવા પરિણામને પણ અંદરમાં પકડતાં ન આવડે, તો એને સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી સૂક્ષ્મ, અખંડ સૂક્ષ્મમાં સૂક્ષ્મ... ઓ..હો..હો....! અને તે પણ અવ્યકત છે, પર્યાયમાં એ આવતો નથી. આ..હા..હા...! એવો જે સૂક્ષ્મ સ્વભાવ, પરિણામ સૂક્ષ્મને ન પકડે એ સૂક્ષ્મ ત્રિકાળી સ્વભાવને કેમ પકડી શકે ? બહુ મુદ્દાની વાત છે. આ..હા..હા...!

**'તો સ્વભાવ ક્યાંથી પકડાય ?'** ચૈતન્યનો સ્વભાવ અરૂપી (છે). એ સ્થૂળ શુભ-અશુભ પરિણામ (પણ) છે તો અરૂપી પણ સ્થૂળ છે અને એની (જ્ઞાનની) પર્યાયના પરિણામ એ સૂક્ષ્મ છે. એ પર્યાયનું પણ જ્ઞાન કરતાં ન આવડે, એ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ જે પર્યાયની સમીપમાં (છે એ) તત્ત્વ અનંત કાળમાં અજાણ્યું રહી ગયું, એને કેમ પકડે ? સમજાણું કાંઈ ? શરીરાદિ જડ છે એના તો જે પર્યાય થાય એ તો પરપરિણામ છે, એને પણ જે પોતાના પરિણામ માને એ તો બહુ સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે. આ..હા..હા...! હવે અહીંયાં શુભ-અશુભ સ્થૂળ પરિણામ છે એને પણ જાણતા ન આવડે અને જાણીને મારા માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે. હવે એક સમયના જે પરિણામ, જે રાગને જાણનારી વર્તમાન પ્રગટ પર્યાય, એને પકડતાં ન આવડે.. આ..હા..હા...! તો એની પર્યાયબુદ્ધિના પણ ઠેકાણા ન મળે. આ..હા..હા...! ભાષા સાદી છે, પણ ગંભીર છે. એ તો માંધાતા હોય ને આ વાંચે તો એમ થઈ જાય કે વાત કાંઈક બીજી છે. આ..હા...! કીધું ને પેલો (દેરાવાસી સાધુ), હાથમાં પુસ્તક આવ્યું ત્યાં (બોલ્યો), ઓ..હો...! આ શું ? ભાઈ ! મને આપોને. લઈ જાઓ, જાઓ, લઈ જાઓ. અમે બીજું લઈશું. લો, એ સાધુ હતો પાછો પરણ્યો, બાયડી કરી, ત્યાં ભાષણ કરે. ત્યાં સંસ્થામાં મોટો અધ્યક્ષ છે. દેરાવાસી સાધુ હતો. 'અમેરિકા'માં એ પરણેલો છે. અહીં વીસ-પચીસ ... એના ભકતો લઈને આવ્યો હતો. એણે આ જોયું ને જ્યાં આ વાંચ્યું, ઓ..હો...! બહુ ખુશી થયો.

અહીં તો ત્રણ સૂક્ષ્મ કહ્યું. છે તો શુભ-અશુભભાવ એ સૂક્ષ્મ. કેમકે અરૂપી છે, એમાં કંઈ રજકણ નથી. શું કહ્યું ? હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગ વાસના, એ પરિણામ કંઈ રૂપી નથી. એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી; પણ નિમિત્ત જે રૂપી છે તેના સંગે થયા તેથી એને રૂપી કહેવામાં આવે છે અને એને અજીવ કહેવામાં આવે છે. આ..હા..હા...! એ વ્રતના, તપના, ભકિતના ભાવ જે શુભ (છે) એ સ્થૂળ છે અને અજીવ છે. આ..હા..હા...! પોતાના પરિણામ જે છે, જેમાં ચૈતન્યસ્વરૂપી સ્વભાવ, ચૈતન્યસ્વભાવનો જેમાં અભાવ છે એને પણ પકડતાં ન આવડે. કારણ કે એ તો અનાદિનું કરેલું છે અને અનાદિનો અભ્યાસ છે. આ..હા..હા...! તો એના વર્તમાન જ્ઞાનની પર્યાયના પરિણામ પર્યાય એ કેમ પકડી શકે ? અને જ્યારે એ સૂક્ષ્મ પ્રગટ પરિણામને ન પકડી શકે તો જે અપ્રગટ આખું તત્ત્વ જ્ઞાયકસ્વરૂપ પરમાત્મ પોતે પ્રભુ છે, એને એ કેમ પકડી શકે ? 'દેવલાલીજી' ! માલ છે અહીં તો, ભાઈ ! આ..હા..હા...! આ કરવું ને આ કરવું ને...

એ વિકલ્પ શુભ હોય પણ એને કરું છું અને કરવા લાયક છે (એમ જે માને છે) ત્યાં તો આત્માનું મૃત્યુ છે. કેમ કે જ્ઞાનસ્વભાવ જે છે એનો જાણનારો, જાણવું સ્વરૂપ છે. એવા જાણવા સ્વભાવને રાગનું અને ક્ષણિકનું ને વિકૃતનું સ્થૂળ પરિણામનું કર્તૃત્વ સોંપવું, આ..હા..હા...! એ આત્માની હિંસા છે. આ..હા..હા...! કેમકે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એ તો જાણનાર-દેખનાર છે એવો એણે ન માન્યો અને એને આ રાગનું કર્તૃત્વ સ્વીકાર્યું, એ જ્ઞાતા-દૃષ્ટા એનો ત્રિકાળી

સ્વભાવ, એનો એણે નકાર કર્યો એણે પોતાની હિંસા કરી. આ વાત કેમ બેસે ? 'કનુભાઈ' ! આવી વાતું છે આ બધી. તમારા જજના નિયમ કરતાં આ બધા નિયમ જુદા (છે). આ..હા..હા...! જેને પોતાના પરિણામ, એમ કહેવું છે ને ? પરના તો એક કોર રાખ-શરીર, વાણી, કર્મ, જડ; પોતામાં થતાં શુભ-અશુભભાવને પણ જાણવામાં અને પકડવામાં જે જ્ઞાન કામ ન કરે એ જ્ઞાન જ્ઞાનના પરિણામને પકડવામાં કામ કેમ કરે ? આ..હા..હા...! અને જે જ્ઞાનના પરિણામ એના પોતાના પરિણામને પકડવાનું કામ ન કરી શકે, એ પોતાથી પર ભિન્ન મહા ભગવાન પૂર્ણ છે, એને કેમ પકડી શકે ? બરાબર છે 'ગોવિંદરામજી' ? આ..હા..હા...!

'**તો સ્વભાવ ક્યાંથી પકડાય** ?' એક તો મોટો ભણેલો અગિયાર અંગનો ભણેલો હોય તો પણ એકવાર ઘા ખાઈ જાય એવું છે કે, આ..હા...! શું પણ આ તે ? આ થોડા શબ્દોમાં શું કહે છે આ ? આ..હા..હા...! જેને પ્રગટ પર્યાય છે, જેમાં અનાદિથી રમ્યો છે, એમાં એનું તત્ત્વ આખું ટક્યું છે (એમ) માનીને (રમ્યો છે) એના પરિણામની પણ જેને ખબર નથી, જ્ઞાન એને પકડી શકતું નથી. એવા પરિણામને, પોતાના સૂક્ષ્મ પરિણામને જ્ઞાન પકડી શકતું નથી, તે જ્ઞાન ત્રિકાળી સ્વભાવને કેમ પકડી શકે ? આ..હા..હા...! આવી વાતું છે. માટે, '**જ્ઞાનને સૂક્ષ્મ-તીક્ષ્ણ કરીને...**' આ..હા..હા...! વર્તમાન જ્ઞાનની પર્યાયને.. આ..હા..હા...! સૂક્ષ્મ અને તીક્ષ્ણ ઝીણી.. આ..હા..હા...! કરીને '**સ્વભાવને પકડે...**' ત્રિકાળી પ્રભુ મોજૂદગી ચીજ પ્રભુ પોતે છે.. આ..હા...! એવો પ્રભુત્વ સ્વભાવને સૂક્ષ્મ, તીક્ષ્ણ જ્ઞાન વડે '**સ્વભાવને પકડે તો ભેદવિજ્ઞાન થાય.**' આ..હા..હા...! રાગથી તો ભેદજ્ઞાન થાય પણ પર્યાય સૂક્ષ્મ થઈને એને પકડે તો જ્ઞાનથી- પર્યાયથી પણ દ્રવ્યનું ભેદજ્ઞાન થાય. આ..હા..હા...! સમજાય છે આમાં કાંઈ ?

**શ્રોતા :-** જ્ઞાન કો સૂક્ષ્મ કૈસે કરના ? યહ પહલે બતાઈયે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંદર સૂક્ષ્મ (કરવું). અંદર અંદરમાં ઝીણવટ, અંદર જે સ્થૂળ છે તેને ઝીણું કરવું, ઘણો ઉપયોગ સૂક્ષ્મ કરવો. કરવો છે એની અહીં તો વાત છે ને. આ..હા...! પરના ઉપયોગમાં જે જોડાઈ ગયો છે એ તો સ્થૂળમાં જોડાઈ ગયો છે. અહીંયાં તો એનાથી મંદ કરી, ધીરું સૂક્ષ્મ જ્ઞાનને ઝીણું કરી, કરવું છે ઈ કેમ કરવું ઈ પ્રશ્ન (ક્યાં છે) ? કરવું છે. આ..હા..હા...! આવી વાત હવે. અંતરમાં ત્રિકાળી સ્વભાવ પકડાય તેવા પરિણામ કરવા. એમ કરવા, કેમ (કરવા) ? કે એમ કરવા. આ..હા..હા...! થોડા શબ્દોમાં ઘણું ગંભીર ભર્યું છે.

'**જ્ઞાનને સૂક્ષ્મ-તીક્ષ્ણ કરીને...**' પરિણામ, હોં ! જ્ઞાનના પર્યાયને જે સ્થૂળ (છે), એને સૂક્ષ્મ-ધીરું કરીને '**સ્વભાવને પકડે તો ભેદવિજ્ઞાન થાય.**' તો સમ્યગ્દર્શન થાય. આ સમ્યગ્દર્શનની રીત. આ..હા..હા...! મૂળ ચીજની આ રીત છે. હવે એની તો ખબરું ન મળે અને વ્રત લઈ લ્યો ને તપસ્યા કરો ને ભકિત કરો, થઈ ગયું કલ્યાણ ! આ..હા...! તું કહે છો એ બધા સ્થૂળ પરિણામ છે. એ પણ સ્થૂળ છે એમ પણ જે જ્ઞાનને જાણવાની તાકાત નથી. જ્ઞાન પર્યાય તો પોતાની છે. આ..હા..હા...! એ જ્ઞાનની પર્યાયને જ્ઞાન સૂક્ષ્મ કઈ રીતે જાણે ? એ જ્ઞાનના

પરિણામ-એ જ્ઞાનની પર્યાય, એ જ્ઞાનના સૂક્ષ્મ પરિણામને એ જ્ઞાન શી રીતે જાણે ? અને જ્ઞાનના સૂક્ષ્મ પરિણામને પણ જ્યારે ન જાણે-જે વ્યક્ત છે, તેમાં કાર્ય થઈ રહ્યું છે, પ્રગટ છે એવા સૂક્ષ્મ પરિણામને પણ પકડવાની શકિત ન હોય, એ અંદર સૂક્ષ્મ ત્રિકાળી પ્રભુ.. આ..હા..હા...! ચૈતન્ય પરમાત્મસ્વરૂપ ભગવાન પોતે.. આ..હા..હા...! જે એક સમયની પર્યાયમાં પણ આવે નહિ (એને ક્યાંથી પકડે ?) જે એક સમયની પર્યાયમાં આવે નહિ, એક સમયની પર્યાયને જે અડે નહિ અને સ્વભાવનું ધ્રુવપણું કાયમ રાખે, એ સૂક્ષ્મ પરિણામ એવા કર... આ..હા..હા...! એટલે કે બહિર્મુખમાંથી ખસીને અંતર્મુખ જવાના જે પરિણામ તે સૂક્ષ્મ અને તીક્ષ્ણ કરીને પકડે તો ખરેખર તો રાગથી તો ભિન્ન થાય, પણ પર્યાય જેને જાણે છે એ પર્યાયથી પણ વસ્તુ ભિન્ન છે, એવું ભેદજ્ઞાન થાય. 'ગોવિંદરામજી' ! આમ રામ છે.

શું કરે ? અત્યારે પ્રભુના માર્ગનું બહુ ઓ'લું કરી નાખ્યું. બધાએ ભેગા થઈને વીંખી નાખ્યું. જેમ ઓ'લું ગોદડું હોય ને, ગોદડું ? તળાઈ... તળાઈ ! આ..હા..હા...! એ ગોળના રવા પાસે તળાઈ પડી હોય, ગોળના રવા, ગોળના રવા હોય ને ? મોટા-મોટા ચાર ચાર મણના (હોય), એમાંથી ઓગળે, ગોળ ઓગળે, તો તળાઈ ને ગોદડાં બધા ગળ્યા થઈ જાય. એને કૂતરા આવે તો સ્વાદ લેવા આખી તળાઈને વીંખી નાખે. આ..હા..હા...! એમ આ ભગવાન પૂર્ણાનંદનો નાથ અખંડ અભેદ એમાં સૂવા જેવું, એમાં રહેવા જેવી ચીજ છે. એને આ પર્યાયબુદ્ધિવાળાએ, રાગબુદ્ધિવાળાએ વીંખી નાખ્યું, એને પીંખી નાખ્યું. આ..હા...! આકરી વાત, બાપુ ! આ તો સત્યના ઉદ્‌ઘાટનને માટે છે, કોઈ વ્યકિતના અનાદર માટે એ નથી, પ્રભુ ! ઈ આત્મા ભગવાન છે, ભાઈ ! આ..હા...! કોઈ વ્યકિતનો અનાદર (કરવા માટે કે) એની નિંદા માટે આ વાત નથી, પ્રભુ ! આ તો સત્ય કેવું હોય અને સત્ય કેમ પકડાય ? એ તો સત્યના ઉદ્‌ઘાટનનો વખત છે. આ..હા..હા...! અરે...! મનુષ્યપણું અનંતકાળે મળ્યું એમાં આ રીતે સૂક્ષ્મ પરિણામથી ત્રિકાળી સૂક્ષ્મ (સ્વભાવ) અનુભવમાં ન આવે (તો) કરવાનું તો એ હતું. આ..હા..હા...!

**શ્રોતા :–** ત્રિકાળીને સૂક્ષ્મપણે પકડે કઈ રીતે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ જ્ઞાનના પરિણામ સૂક્ષ્મ (છે), આ રાગ જેવા એ પરિણામ નથી. રાગ જેવા એ જાણવાના પરિણામ નથી. એથી એને પરિણામમાં જરી લક્ષ જાય તો એની સૂક્ષ્મતા થાય. આ..હા..હા...! ઈ ત્યારે એને પકડે. આ પરિણામ છે એનો જાણનારો આ છે અથવા આનો જાણનાર આ પ્રમાણે છે. આ..હા..હા...! એવું અટપટું છે. એ ૫૯ (બોલ પૂરો) થયો. ૫૯ થયો ને ? હવે, ૬૦.

**'અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો...'** ગતિ ગતિની, જન્મ-મરણની ગતિમાં કતારમાં.. આહા.હા...! પરિભ્રમણ કરતો કરતો. એકેન્દ્રિયના, બે ઈન્દ્રિયના, ત્રણ ઈન્દ્રિયના, ચાર ઈન્દ્રિયના, પંચેન્દ્રિયના, મનુષ્યના, નારકીના, કીડાના, કાગડાના, ઢોરના એવા અવતાર અનાદિથી કર્યા. આ..હા...! **'ભમતો ભમતો, સુખની ઝંખનામાં...'** આત્મામાં સુખ

છે એની ખબર નથી. મારો પ્રભુ જ સુખરૂપ છે, મારા સુખ માટે કોઈ પરપદાર્થની અપેક્ષા છે નહિ એવી જેને ખબર નથી એ '**સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો,...**' આ..હા...! સુંદર રૂપ, પ્રશંસાની ભાષા.. આ..હા..હા...! પૈસા મેળવવામાં, બાયડી અનુકૂળ મેળવવામાં, છોકરા ઠીક જાગ્યા એમાં દોડતો-દોડતો પોતે, એમાંથી સુખ મળશે એમ વિષયની ઝંખનામાં અનાદિથી દોડતો ફરી રહ્યો છે. આનંદનો સાગર તું પોતે છે ત્યાં તો જોતો નથી, ત્યાં જોવા નવરાશ-ફૂરસદ લેતો નથી. આ..હા..હા...!

'**સુખની ઝંખના...**' સુખની ભાવના, ઈચ્છા. '**વિષયોની પાછળ...**' નિંદા-પ્રશંસાના શબ્દો, રૂપ કુરૂપ-સુરૂપ, એમ રસ અનુકૂળ-પ્રતિકૂળ, સ્પર્શ અનુકૂળ-પ્રતિકૂળ. આ..હા..હા...! એ વિષયોની પાછળ.. આ..હા...! '**દોડતો, દોડતો...**' ત્યાં ગતિ કરી રહ્યો છે, પણ જ્યાં ભગવાનઆત્મા આનંદસ્વરૂપ અંદર છે ત્યાં ગતિ કરવાની સૂઝ પડતી નથી. આ..હા..હા...! ભગવાન નજરે આખેં દેખવા, એ પણ વિષય છે, ઈન્દ્રિયનો વિષય છે. ભગવાનની વાણી એ પણ ઈન્દ્રિયનો વિષય છે, અને ઈન્દ્રિય છે. ભગવાન પોતે સાક્ષાત્ ત્રણ લોકના નાથ હો, એ પણ ઈન્દ્રિયનો વિષય અને ઈન્દ્રિય છે. આ..હા..હા...! એ પાંચ ઈન્દ્રિયના વિષયમાં સુખને માટે, ધર્મને માટે.. ધર્મને માટે એટલે સુખને માટે.. આ..હા..હા...! '**વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે.**' આહા..હા...! અનાદિકાળથી એની એક પળ પણ અનંતા દુઃખ વેઠ્યા વિનાની ગઈ નથી. આહા..હા...! અબજોપતિ હો કે જૈનનો પંચ મહાવ્રત પાળનારો સાધુ હો, આ..હા..હા...! એને ખરેખર પરની ઝંખના છે. આહા...હા...! એની પાછળ દોડતો-દોડતો. આ..હા..હા...! ભગવાન પાછળ દોડતો-દોડતો, એ પણ પાછળ દોડે તો એ તો રાગ છે. આ..હા..હા...! 'ગિરનાર' ને 'શેત્રુંજય' ને 'સમેદશીખર'.

**શ્રોતા :-** 'સોનગઢ' આવે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ અહીં ક્યાં એનું સુખ પડ્યું છે ? સુખને માટે ત્યાં શોધીને જાઉં તો ત્યાં સુખ મળશે, એમ છે ? આ..હા..હા...! ઓ'લા 'કેશુભાઈ'એ કહ્યું હતું ને, 'વઢવાણ'ના નહિ ? (એ) આવે છે ને ? એને કોઈએ પૂછ્યું કે એલા તમે નિમિત્તથી ન થાય એમ તો માનો છો છતાં તમે વારંવાર 'સોનગઢ' જાઓ છો (તો) એ નિમિત્ત છે. આ શું ? ત્યારે એણે જવાબ આપ્યો કે નિમિત્તથી થતું નથી અને નિમિત્ત કાંઈ કરતું નથી એવો નિર્ણય કરવા માટે ત્યાં જઈએ છીએ. આ..હા..હા...! 'કેશવલાલ' જરી ડાહ્યો માણસ છે. 'કેશુભાઈ' હતા ઈ ગુજરી ગયા, નહિ ? ઈ વીશા શ્રીમાળી (હતા), આ દશા શ્રીમાળી (છે). આ..હા..હા...!

એ '**અનંત દુઃખોને વેઠતો રહ્યો છે.**' 'સમયસાર'ની ૭૪ ગાથામાં તો એમ કહ્યું છે કે શુભભાવ જે છે એ વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે. એમ કહ્યું છે. આ..હા...! ગજબ વાતું છે, બાપા ! એટલે શું ? કે તું જે શુભભાવ કર, દયા, દાન, વ્રત, તપ આદિ શુભ (ભાવ કર) એનાથી પુણ્ય બંધાશે, પુણ્ય બંધાશે એનાથી સંયોગ મળશે, ચાહે તો

વીતરાગની વાણી મળે ને વીતરાગ મળે તો એ સંયોગ છે; અને તને શુભભાવ વર્તમાન દુઃખરૂપ છે અને એના ફળ તરીકે પણ દુઃખરૂપ (છે). કારણ કે તું સાંભળવા જઈશ ત્યાં રાગ થશે અને રાગ દુઃખરૂપ છે. આ..હા...! આવી વાત ! કઠણ વાત છે, પ્રભુ ! શું થાય ? આ..હા...!

**'અનંત દુઃખોને વેઠતો રહ્યો છે.'** આ..હા..હા...! **'કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા...'** સત્ય સુખ. સુખ તો આત્મામાં છે, ભાઈ ! પાંચ ઇન્દ્રિયના વિષયો એટલે, વિષયો એટલે આ ભોગ ને પૈસા ને એટલા એમ નહિ, આ..હા..હા...! જે કંઈ કાને અને આંખે દેખવામાં ચીજ આવે એ બધા વિષયો છે. આ..હા..હા...! એને પરને જોવા માટે અને પરને મેળવવા માટે તારી ઝંખના, એ બધું દુઃખ વેઠ્યું છે. આ..હા..હા...! આવી વાત સાંભળતા કઠણ પડે. અરે...! કોઈ દિ' એણે વીતરાગ પરમેશ્વર, એનો માર્ગ શું છે, એટલે કે તારો સ્વ-આશ્રય માર્ગ શું છે (એ સમજવાની દરકાર કરી નથી). આ..હા..હા...! (સ્વ-આશ્રયે માર્ગ છે) એમ ન માનતા પર-આશ્રયમાં દોડતો, પર-આશ્રયમાં જ્યાં હોય ત્યાં ભટકતો, ભટકતો (રખડે છે). આ..હા..હા...! 'શેત્રુંજય' જાઈએ તો ધર્મ થાય, 'ગિરનાર' જાઈએ તો થાય, 'સમેદશીખર'(થી) તો બહુ ભગવાન મોક્ષ પધાર્યા, ત્યાં જાઈએ તો થાય. ત્યાં જાય તો ત્યાં ક્યાં ધર્મ છે ? ત્યાં ક્યાં સુખ છે ? ધર્મ અને સુખ તો અહીં અંદર છે. આ..હા..હા...!

**'કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો,...'** (કોઈ એમ કહે કે) આવી વાત શું કરે છો ? આવું ઝીણું ? લ્યો, સુખ મારા આત્મામાં છે તો અમે તો અનાદિથી છીએ. કેમ અમને સુખ નથી આવતું ? સુખ આત્મામાં છે ? તો અમે તો અનાદિના છીએ અને અમને સુખ તો કાંઈ મળ્યું નથી. એમ બતાવનારા મળે તો પણ આમ શંકા કરે, પણ એ સુખ જ્યાં છે ત્યાં તું ગયો નથી, તેને આદર્યો નથી તો કેવી રીતે મળે ? આ..હા..હા...! **'મળ્યા તો શંકા રાખીને અટક્યો,...'** એક વાત. અટકવાની વાત છે.

**'કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરી...'** એ તો બધી ઝીણી વાતું કર્યા કરે, એમ કરીને છોડી દીધી. ક્યાં આત્મા ને અંદરમાં સુખ છે, અંદરમાં જા તો તને આનંદ મળે એ બધી વાતું (કરે છે), કાંઈ કરવાનું કહેતા નથી અને આ જુઓ (એમ કહ્યા કરે છે). કરવાનું કહેતા નથી, કરવાનું કહે તો કરી પણ શકીએ. આ તો કહે, કાંઈ કરવા જઈશ તો તને દુઃખ, મિથ્યાત્વ થશે. આ..હા..હા...! આવો વીતરાગનો માર્ગ હશે ? આ..હા...! **'સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો,...'** એવો માર્ગ, આવો ન હોય. આવું કાંઈ હજી પકડાય નહિ, સમજાય નહિ, એવો માર્ગ ? આ..હા..હા...! બાપુ ! એ માર્ગ એવો છે. આ..હા..હા...! બે વાત થઈ.

**'કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો,...'** અંતરમાં જવાનો જે પુરુષાર્થ છે એ ન કર્યો અને બહારના આ પુણ્ય ને દયા, દાન, વ્રત, ભકિત, એ પુરુષાર્થ કરીને ત્યાં અટકી ગયો. એમાં આત્મા ન પામ્યો. **'કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા**

**પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો.**' શુભમાં અટક્યો, એ તો પાછો પડ્યો. અંદર જવું છે એ પુરુષાર્થ ન કર્યો. આ..હા..હા...! શુભભાવનો પુરુષાર્થ કર્યો, વાંચનનો, મનનનો એ પુરુષાર્થ કર્યો, પણ અંદર જવાને માટે જે પુરુષાર્થ જોઈએ એ પુરુષાર્થ ન કર્યો. ઝીણી વાત બહુ. આ..હા..હા...!

'**પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે...**' અંતરમાં જવાનો જે કાંઈ પુરુષાર્થ જોઈએ એ ન કર્યો. ત્યાંથી અટક્યો અને પડ્યો. આ..હા..હા...! દ્રવ્યસંયમ પાળ્યા. 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક ઊપજ્યો, ફેર પીછે પટક્યો' સજ્ઝાયમાં આવે છે. પંચમહાવ્રત, હજારો રાણી છોડી, દયા, દાન, એને માટે કરેલો આહાર ન લે, નિર્દોષ આહાર (લે), અમને આ ખપે નહિ, અમને આમ ખપે નહિ, ચંડાળનો દીકરો બ્રાહ્મણને ઘરે ગયો તો (કહે) અમારે આ ખપે નહિ, અમારે આ ખપે નહિ એમ શુભભાવમાં આવ્યો એટલે આ અમારે ખપે નહિ, સુખ ખપે નહિ, બાયડી ખપે નહિ (એમ કહે); પણ શુભભાવ એ પોતે ચંડાળણીનો દીકરો છે. એમાં લખ્યું છે, 'કળશટીકા'માં. આ..હા..હા...! જેમ એ ચંડાળણીના ઘરે ઉત્પન્ન થયેલા બે દીકરાઓ. એક ત્યાં ઘરે રહ્યો, એક બ્રાહ્મણને ઘરે ગયો. ઈ કહે, અમારે આ ખપે નહિ, અમારે આ ખપે નહિ. છે તો બેય ચંડાળણીના દીકરા. એમ શુભભાવવાળો, ચંડાળણીના ઘરે રહ્યો એ તો અશુભભાવ(માં રહ્યો), દારૂ પીવે, દારૂમાં ન્હાય એમ કરે; અને આ કહે, અમારે ખપે નહિ. વિષયકષાય ખપે એમ માનનારા તો અશુભમાં જાય છે. આ વિષયકષાય ન ખપે, આ અમારે ન ખપે, પણ એ તો બધો શુભભાવ છે. આ..હા..હા...! આત્મા ખપે છે, એમાં આ ખપે નહિ એમ આવી ગયું; પણ આ આત્મા ખપે છે એ બાજુ ન આવ્યો. આ..હા..હા...! કેટલાકે તો આવું પહેલુંવહેલું સાંભળ્યું હોય. આવું શું હશે આ તે ? બાપુ ! માર્ગ તો એ છે, ભાઈ ! આ..હા..હા...!

'**આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો.**' આ..હા..હા...! કોઈ વાર એમ થયું કે હમણાં થોડો વખત છે, હજી તો જુવાની છે પછી કરીશ. આ..હા...! કાલે છાપામાં આવ્યું હતું, વાંચ્યું હતું, 'બિહાર'માં દેશ છે. કેવો ? 'સહેદગામ' ભાઈ કહેતા હતા. લગ્નનો દિવસ (હતો), મંડપ (બાંધેલો). લગ્નના દિવસે બેય આવ્યા. પતિ-પત્ની બેય બેઠા, મંત્ર જપે છે. તરત મંત્ર જપતાં-જપતાં ત્યાં હાર્ટ ફેઈલ, વરનું હાર્ટ ફેઈલ. કાલે આવ્યું છે. આ..હા..હા...! એવું તો અનંત વાર થઈ ગયું છે, એક વાર નથી થયું. ઈ કો'કને થાય એવું અનંત વાર થઈ ગયું છે. અનંત કાળમાં અનંત વાર તારે પણ થઈ ગયું છે. એનો દાખલો આપીને એને થયું છે એમ નહિ. આ..હા..હા...! એ જુવાન માણસ હશે. આ..હા..હા...!

એક તો પહેલાં સાંભળ્યું હતું કે લગ્ન વખતે પગ હેઠે હતા ને મંડપમાં સર્પ આવ્યો, કરડ્યો ને ત્યાં ધણી મરી ગયો. વર ત્યાં ને ત્યાં મરી ગયો. એવું તો સાંભળ્યું હતું, પણ આ તો એકદમ હાર્ટ બંધ થઈ ગયું. આ..હા..હા...! નાશવાન ચીજમાં શું ન થાય ? આ..હા..હા...! એને જરી પહેલાં દુઃખાવો તો ઉત્પન્ન થયો હશે, પણ પરણવાની હોંશમાં... આ..હા..હા...! એકદમ હૃદય

બંધ થઈ ગયું, હાર્ટ બંધ થઈ ગયું. આ..હા..હા...! લગ્નના મંડપ નીચે. ચીઠ્ઠી હતી, કો'ક લાવ્યું હતું. શેમાં હતી ઈ ? હિન્દી ? ગુજરાતી ? 'ગુજરાત સમાચાર', ઠીક ! આ..હા..હા...! કેવી સ્થિતિ ! આ..હા..હા...! આવા ભાવમાં મરીને બિચારા જાય ક્યાં ? તિર્યંચ થાય. કારણ કે બિચારા આર્ય માણસ હોય, માંસ તો ખાતા ન હોય, દારૂ, માંસ ખાતા ન હોય એટલે નરકમાં તો ન જાય પણ આ..હા...! અહીં વર પરણવાનો પ્રસંગ અને મરીને કુકડા ને બકરાના બચ્ચા (થાય). આ..હા..હા...! આવા અવતાર કર્યા, બાપુ ! એવા અનંતા અવતાર કર્યા, એમ કહે છે ને ? જુઓ ને !

આ જીવ, **'આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો.'** આ..હા..હા...! હમણાં જુવાની છે, કાંઈક વૃદ્ધાવસ્થા થાશે ત્યારે કરશું. આ..હા..હા...! એમાં આ વૃદ્ધાવસ્થા આવે, રોગ આવે. આ..હા..હા...! થઈ રહ્યું, હવે અમે શું કરીએ ? એમ કંઈ ને કંઈ પ્રસંગમાં સ્વરૂપમાં જવામાં અટક્યો છે, કહે છે. આહા.હા...! અટકવાના અનંત કારણો અને અંતર જવાનું એક જ કારણ. આ..હા..હા...! અંતર ભગવાન પૂર્ણાનંદનો આશ્રય લેવો એ એક જ કારણ અને અટકવાના તો અનંત કારણ. અમે આટલું તો કર્યું, બ્રહ્મચર્ય તો પાળીએ છીએ, જાવજીવનું બ્રહ્મચર્ય છે, અમે સ્ત્રીને કોઈ દિ' અડ્યા નથી, સ્ત્રી એમ કહે કે અમે પુરુષને અડ્યા નથી, આટલું તો કર્યું છે કે નહિ ? પણ શું કર્યું એમાં તેં ? એ તો કોઈ રાગની મંદતા રાખી હોય તો એને શુભભાવ કહેવાય. એ એમ માનીને અટક્યો, અંદર ન ગયો. આ..હા..હા...! અમને આટલું જાણપણું તો છે ને ! બસ ! જાણપણું છે તો હળવે હળવે કામ કરશે, એમ કરીને પણ અટક્યો.

**'આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો,...'** હવે આ દેહની વાત કરે છે. પૂર્વના પુણ્યને કારણે દેહ મળ્યો. **'આ દશા પામ્યો,...'** સાંભળવાની. **'આવા સત્પુરુષ મળ્યા;...'** ધર્માત્મા (મળ્યા). **'હવે જો પુરુષાર્થ નહિ કરે...'** આ..હા..હા...! ક્યારે કરીશ, પ્રભુ ? આ..હા..હા...! **'પુરુષાર્થ નહિ કરે તો ક્યા ભવે કરશે ?'** આ..હા..હા...! હમણાં નહિ, હમણાં નહિ, પછી કરશું. પછી કરશુંનું પછી રહેશે. અહીં તો શાસ્ત્રના શબ્દો એવા છે, આજ જ કર ! આ..હા..હા...! તને અમે દેહ અને આત્માને ભિન્ન કરીને બતાવ્યો, કોને એ ભિન્ન અનુભવ ન થાય ? આ..હા..હા...! વાણી તો જુઓ ! એક શ્લોક આવે છે ને ? દેહ, કાયા.. આ..હા..હા...! કાયામાં તો રાગાદિ આવી જાય. રાગ ને કાયા બે ભિન્ન પ્રભુ અંદર (છે). આ..હા..હા...! આવું જેણે બતાવ્યું અને જેણે સાંભળ્યું અને જેના લક્ષમાં આવ્યું.. આ..હા..હા...! એવો કોણ જીવ છે કે હવે ન પામે ? એમ કહે છે. આ..હા..હા...! દિગંબર સંતોની વાણી.. આ..હા..હા...! એની આગળ બીજા ભરે પાણી ! એવી વાણી છે. આ..હા..હા...!

**'હવે જો પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરશે ? હે જીવ ! પુરુષાર્થ કર;....'** આ..હા..હા..!

અંતર આનંદસ્વરૂપ ભગવાન છે, એના તરફનો પ્રયત્ન કર. શુભરાગ અને પર્યાયબુદ્ધિમાં અટક્યો છો, તો હવે એ બુદ્ધિને છોડ. આ..હા..હા...! મહાપ્રભુ અનંત ગુણનો રાશિ ! આ..હા..હા...! એવો ચૈતન્ય હીરો જેમાં અનંત ચૈતન્ય રત્નાકર દરિયો ! ચૈતન્યરત્નનો આખો દરિયો ભર્યો છે ! ઓ..હો...! એને (મેળવવા) હવે તો પુરુષાર્થ કર. આ..હા..હા...!

**'આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ...'** આ..હા..હા...! **'બતાવનારા સત્પુરુષ ફરી ફરી નહિ મળે.'** આ..હા..હા...! એવું સ્વરૂપ અને એવો જોગ અનંતે કાળે મળે એ વખતે નહિ કરે તો ક્યાં કરીશ ? કે દિ' (કરીશ) ? આ..હા..હા...! પણ કરવાનું શું ? રાગથી ભિન્ન પાડીને સ્વરૂપમાં દૃષ્ટિ કરવી એ કરવાનું છે. આ..હા..હા...! આકરી વાતું છે. શાસ્ત્રના જાણપણા લાખ, કરોડ કર્યા હોય તો પણ એને છોડીને અંતર વસ્તુમાં જવાનું એ કરવાનું (છે), એનું નામ સમ્યગ્દર્શન. આ..હા..હા...! અહીં તો દેવ, ગુરુ ને શાસ્ત્ર મળ્યા અને ભકિત થઈ એટલે સમકિત થઈ ગયું. અરે બાપુ ! એવું તો અનંત વાર માન્યું છે, તેં કર્યું છે. ત્યાં અટક્યો. અટકવાનું સાધન, પાછો ત્યાં અટક્યો. આ..હા..હા...! **'આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરી ફરી નહિ મળે.'** આ..હા..હા...! ૬૦ (બોલ પૂરો) થયો. ૬૧.

**'જેને ખરેખરો તાપ લાગ્યો હોય,...'** ભવભ્રમણનો તાપ-દુઃખ (લાગ્યું હોય). સવારમાં આવ્યું હતું ને, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ. આ..હા..હા...! જેને ભ્રમણ પ્રગટ થયું છે. રખડાવ જીવ, એને ભ્રમણ પ્રગટ થયું છે. આ..હા..હા...! સવારમાં આવ્યું હતું. બધા જીવોને એવી રીતે લીધા. સમસ્ત જીવો, કેટલાક તો હજી બધા સંયોગોને પામ્યા નથી એવા જીવ છે, બધા ક્ષેત્રે જન્મ્યા નથી એવાય જીવ છે, દરેક કાળમાં સમયે સમયે જન્મ્યા નથી એવાય જીવ છે, કોઈ અનંત ભવ બહારના કર્યા નથી એવાય જીવ છે. આ..હા..હા...! શુભાશુભભાવ કર્યા એવા જીવ છે. આ..હા..હા...! એ બધાએ આવા કર્યા, એમ કહે છે. આ..હા...!

**'ખરેખરો તાપ લાગ્યો હોય,...'** ભવનું દુઃખ લાગ્યું હોય. આ..હા..હા...! **'જે સંસારથી કંટાળેલ હોય,...'** સંસાર શબ્દે નરક ને તિર્યંચ ગતિ એમ નહિ, ચારે ગતિ. એ ચાર ગતિ સંસાર છે. સ્વર્ગ પણ સંસાર છે. આ..હા..હા...! 'પંચાસ્તિકાય'માં આવે છે ને. પેલી ગાથા નહિ ? ચાર ગતિ પરાલંબન. આ..હા..હા...! એને મૂકવાનો ઉપાય ભગવાન બતાવે છે. ચારે ગતિ. ઓ'લામાં આવે છે, દોહરામાં આવે છે, 'ભવભયથી ડરી ચિત્ત' ભવભયથી, હોં ! નરકના દુઃખ ને તિર્યંચના દુઃખથી એમ નહિ. આ..હા..હા...! ભવ કરવો એ ભય, 'ભવભયથી ડરી ચિત્ત' ચિત્તમાં ભવ (કરવાનો) ડર. આ..હા..હા...! એવું જેનું ચિત્ત ભવભયથી ડર્યું છે એ જીવોએ **'સંસારથી કંટાળેલ હોય,...'** એમ. **'તેની આ વાત છે.'** જેને સંસારમાં મજા લાગતી હોય.. આ..હા...! એની આ વાત નથી. પૈસા છે, શરીર ઠીક છે, નિરોગતા છે, છોકરાઓ સારા છે, એવું કંઈ પણ જેને ઠીક લાગે અને એનાથી તાપ લાગ્યો ન હોય કે આ બધું તાપ અને દુઃખ છે, એને માટે આ વાત નથી. એને એ વિચારવાનું ટાણુંય ક્યાં છે ? આ..હા..હા...! અને જગતના

પ્રાણીઓ જન્મ્યા પછી બાળક ને પછી પરણે ને પછી રળે એ જાતનો આખી દુનિયાનો અભ્યાસ. એની સામું જોતાં આ દુનિયા કરે એવું મારે કરવું છે (એમ થાય). બધા મોટા રાજા, મોટા પૈસાવાળા કરોડોપતિના છોકરાઓ દુકાનમાં બેસે છે, પછી પરણે છે, નોકરોને સાચવે છે, આખી દુનિયા કરે છે એ જાતનું મારે કરવું. આ..હા..હા...!

'**વિભાવથી કંટાળે અને સંસારનો ત્રાસ લાગે...**' જોયું ? પુણ્ય-પાપનો ભાવ છે એ વિભાવ છે, એનાથી વિભાવથી કંટાળેલો હોય. આ..હા..હા...! '**અને સંસારનો ત્રાસ લાગે તો માર્ગ મળ્યા વિના રહે જ નહિ.**' આ..હા..હા...! '**કારણ આપે તો કાર્ય પ્રગટ થાય જ.**' આ..હા..હા...! જેટલું સ્વરૂપની દૃષ્ટિનું, સ્થિરતાનું કારણ આપે એટલું કાર્ય થાય જ. કારણ ઓછું આપે કાર્ય વધારે આવે એમ હોઈ શકે નહિ. આ..હા..હા...! અંતરને માટે રાગથી ભિન્ન પડી અને ભેદજ્ઞાનનું કારણ આપે એને કાર્ય થયા વિના રહે નહિ. આ..હા...! એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા વિના રહે નહિ. આ..હા..હા...! કારણ આપે અને કાર્ય ન થાય એ વસ્તુ છે નહિ. કેટલાક એમ કહે છે કે અમે ઘણું વાંચીએ છીએ, નિવૃત્તિ પણ (છે), પણ થાતું નથી; પણ જેટલું કારણ દેવું જોઈએ તેટલું કારણ આપ્યું નથી માટે કાર્ય થાતું નથી. આ..હા..હા...! જેટલું કારણ અંદરમાં દેવું જોઈએ તેટલું કારણ આપ્યા વિના કાર્ય થવા માગે (તો એ) ભ્રમમાં પડ્યો છે. આ..હા..હા...! ભારે વાતું ! આવો ઉપદેશ !

'**જેને જેની રુચિ-રસ હોય ત્યાં સમય ચાલ્યો જાય છે;...**' જેમાં જેનો રસ પડે એને કાળ કેટલો ગયો એની ખબર ન પડે, એમ કહે છે. આ..હા..હા...! '**જેને જેની રુચિ-રસ હોય ત્યાં...**' કાળ ચાલ્યો જાય છે. ખબર ન પડે કેટલા દિવસ ગયા. આ..હા...! પોતાના સ્વરૂપના રસમાં આવે (તો) કેટલો કાળ ગયો એની ખબર ન પડે. આ..હા...! '**રુચિ-રસ હોય ત્યાં સમય ચાલ્યો જાય છે;...**' 'રુચિ અનુયાયી વીર્ય' જુઓ ! જેની રુચિ છે, જેની જરૂરિયાત જણાય ત્યાં પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. આ..હા..હા...! દુનિયાની એને જરૂરિયાત લાગી છે, બીજા જે રીતે કરે એ પ્રમાણે આપણે કરીએ. એવી રુચિ લાગે તો એ પુરુષાર્થ કર્યા કરે. આખો દિ' રળવું ને આ ને આ ને પાપ. આહાહા..! છોકરાને સાચવવા, બાયડીને સાચવવી.. આ..હા..હા...! જેમાં જેની જરૂરિયાત જણાય ત્યાં તે પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. આ..હા...! એમ આત્માની જરૂરિયાત જણાય ત્યાં અંતરમાં તે પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. આહા..હા....! છે ?

'**જ્ઞાયકના ઘૂંટણમાં નિરંતર રહે,...**' આ..હા..હા...! જ્ઞાયક સ્વભાવ.. જ્ઞાયક સ્વભાવ.. જ્ઞાયક ભાવ. '**દિવસ-રાત એની પાછળ પડે,...**' રાત અને દિ' એની પાછળ પડે, '**તો વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે જ નહિ.**' વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ